પ્રકાશન નં : ૧૮૮

ચિશ્તીયહ મશાઇખ

ભાગ:૨

ચિશ્તીયહ સાબરીયહ ઈમ્દાદીયહ
સિલસિલાના બુઝુર્ગોનું જીવન ચરિત્ર

લેખક

હઝરત અકદસ મુફ્તી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.

શૈખુલ હદીસ જામિઅહ ઈસ્લામીયહ ડાભેલ.

પ્રકાશક

જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર

મુ.પો. જંબુસર. જિ. ભરૂચ.

ગુજરાત. ઈન્ડીયા. ૩૯૨૧૫૦

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પ્રકાશન નં : ૧૮૮

ચિશ્તીયહ મશાઇખ

ભાગ : ૨

ચિશ્તીયહ સાબરીયહ ઈમ્દાદીયહ સિલસિલાના બુઝુર્ગોનું જીવન ચરિત્ર

લેખક

હઝરત અકદસ મુફ્તી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.

શૈખુલ હદીસ જામિઅહ ઈસ્લામીયહ ડાભેલ.

પ્રકાશક

જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર

મુ.પો. જંબુસર. જિ. ભરૂચ.

ગુજરાત. ઈન્ડીયા. ૩૯૨૧૫૦

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચિશ્તીયહ મશાઇખ. ભાગ : ૨

ચિશ્તીયહ સાબરીયહ ઇમ્દાદીયહ સિલસિલાના બુઝુર્ગોનું
જીવન ચરિત્ર

લેખક : હઝ. અકદસ મુફ્તી અહમદ ખાનપૂરી દા.બ.
શૈખુલ હદીસ જામિઅહ ડાભેલ.
ખલીફા હઝ. ફકીહુલ ઉમ્મત મુફ્તી મહમૂદ હસન ગંગોહી રહ.

આવૃત્તિ : પ્રથમ. મે. ૨૦૨૪

પ્રત : ૧૦૦૦

પ્રકાશક : હઝ. મવ. મુફ્તી અહમદ દેવલા સાહેબ દા.બ.
મોહતમિમ જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર

પ્રાપ્તિ સ્થાન

જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર
મુ.પો. જંબુસર. જિ. ભરૂચ.
ગુજરાત. ઇન્ડીયા. ૩૯૨૧૫૦
02644220786
jamiahjambusar@gmail.com

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અનુક્રમણિકા

પ્રકાશકીય	૪
ખ્વાજા અલાઉદ્દીન અલી અહમદ 'સાબિર' કલ્યરી રહ.	૬
હઝરત ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક પાનીપતી રહ.	૨૦
શેખ જલાલુદ્દીન કબીરુલ અવલિયા પાનીપતી રહ.	૨૯
હઝરત શેખ અહમદ અબ્દુલ હક રુદોલ્વી રહ.	૩૮
શેખ અહમદ આરિફ બિન શેખ અબ્દુલ હક રહ.	૫૨
શેખ મુહમ્મદ બિન અહમદ આરિફ રહ.	૫૬
શેખ અબ્દુલ કુદ્દુસ ગંગોહી રહ.	૬૨
શેખ જલાલુદ્દીન બિન મહમૂદ ફારૂકી થાનેશ્વરી (રહ.)	૮૭
શેખ નિઝામુદ્દીન થાનેશ્વરી રહ.	૯૭
હઝ. શાહ અબૂ સઈદ ગંગોહી રહ.	૧૦૬
હઝ. મવલાના શેખ મુહિબ્બુલ્લાહ ઈલાહાબાદી રહ.	૧૧૪
હઝ. શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.	૧૩૦
શાહ મુહમ્મદ બિન મુહમ્મદી ફય્યાઝ મક્કી રહ.	૧૪૧
શાહ અઝીદુદ્દીન અમ્રોહવી રહ.	૧૪૭
શેખ અબ્દુલ હાદી રહ.	૧૫૮
હઝરત શાહ અબ્દુલ બારી ચિશ્તી રહ.	૧૬૭
શાહ અબ્દુર્રહીમ વિલાયતી સાહેબ રહ.	૧૭૪
મીયાંજી નૂર મુહમ્મદ ઝિન્ઝાન્વી રહ.	૧૯૧
હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.	૨૧૩
હઝ. અકદસ મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.	૩૦૬
સંદર્ભ ગ્રંથો	૫૦૧

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પ્રકાશકીય

પાછલા ઝમાનામાં ગુઝરી ગયેલ રસૂલો, નબીઓ અને બુઝુર્ગોના કિસ્સાઓ માણસ માટે અનેક રીતે ઉપયોગી છે. અલ્લાહ તઆલાએ કુરઆનમાં પણ પાછલા રસૂલો, નબીઓ અને અલ્લાહના નેક બંદાઓના કિસ્સાઓ વર્ણવ્યા છે. કુરઆન શરીફ સમગ્ર સૃષ્ટિના સર્જનહાર અને પરવરદિગારની કિતાબ છે, એણે દર્શાવેલ હુકમો, નિયમો અને નસીહતની કિતાબ છે. આવી મહાન કિતાબમાં આવા મહાન ખુદાએ પણ લોકોને સમજાવવા ખાતર પાછલા લોકોના કિસ્સાઓ વર્ણવ્યા છે, બલકે અમુક સુરતોના નામો પણ પાછલા નબીઓ, બુઝુર્ગો, પાછલી કોમો વગેરેના નામથી રાખવામાં આવ્યા છે. એનાથી અંદાજો કરી શકાય છે કે આવા કિસ્સાઓ લોકોના દિલ ઉપર કેટલી બધી અસર કરતા હશે !

આવા કિસ્સાઓ માણસના દિલનો મેલ – કાટ દૂર કરીને દિલને સાફ કરે છે, પરિણામે સારી વાતો દિલમાં અસર કરે છે, નેક કામો કરવાની તોફીક અને હિમ્મત થાય છે. આવા કિસ્સાઓ માણસને દીન અને ઇસ્લામ ઉપર અડગ રાખવામાં મદદગાર બને છે. આજકાલ મુસીબતો – ગરીબી વગેરે કારણોસર જ લોકો દીન ઉપર અમલ નથી કરતા, જયારે કે આવા સંજોગોમાં જ દીન પર અડગ રહેવાની જરૂરત છે. હઝ. યૂસુફ અલૈ.એ લાંબો સમય સુધી ઘણા જ આકરા દિવસો જોવાના આવ્યા હતા, અને છેલ્લે અલ્લાહ તઆલાએ એમને બાદશાહ બનાવ્યા હતા. આ બધા કિસ્સાઓ એક સુરતમાં વર્ણવીને ખુદા તઆલા ફરમાવે છે : لَقَدْ كَانَ فِيْ قَصَصِهِمْ عِبْرَةٌ لِّأُوْلِى الْأَلْبَابِ

અર્થાત : આ બધા લોકોના અહેવાલને સામે રાખીને સમજદારોએ પોતાની હાલત સમજવાની છે.

આપણા હાથોમાં મોજૂદ આ કિતાબમાં પણ ચિશ્તી સિલસિલાના બુઝુર્ગોનું જીવનચરિત્ર આ આશયે જ લખવામાં આવ્યું છે કે વાંચનાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એમના જીવનથી પ્રેરણા – ઈબરત મેળવે અને દીન ઉપર અમલ કરવા, અડગ રહેવા અને દીનની ઈશાઅત – તબલીગ ખાતર પોતાને તૈયાર કરે. સારા – નરસા સંજોગોમાં દીન ઉપર અડગ રહે અને એક નમુનારૂપ જીવન પૂરું કરીને અલ્લાહના દરબારમાં પાછો જાય.

આ કિતાબનો પ્રથમ ભાગ અગાઉ ૨૦૧૮માં છપાય ચુકયો છે. અને આ બીજો ભાગ હવે પ્રકાશિત થઈ રહયો છે. પ્રથમ ભાગમાં ચિશતીયા ઈમ્દાદીયહ રશીદીયહ સિલસિલાના પ્રથમ અઢાર બુઝુર્ગો એટલે કે હઝ. અલી રદિ.થી લઈને ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર રહ. સુધીના બુઝુર્ગોનું જીવનચરિત્ર હતું, આ ભાગમાં ખ્વાજા ગંજશકર રહ.ના ખલીફા ખ્વાજા અલાઉદ્દીન સાબિર કલ્યરી રહ.થી લઈને હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. સુધીના બુઝુર્ગોનું જીવનચરિત્ર વર્ણવવામાં આવ્યું છે.

હઝ. મવ. મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ. આ કિતાબના લેખક – સંપાદક છે. જેઓ પોતે પણ ચિશતી સિલસિલાના મોટા સાહિબે નિસ્બત બુઝુર્ગ છે. અને દેશભરમાં બલકે વિશ્વભરમાં ખ્યાતિ ધરાવે છે. ઘણી જ મહેનત અને ચીવટ સાથે સંપાદન કરવામાં આવેલ આ કિતાબ થકી ગુજરાતી ઈસ્લામી સાહિત્યની મોટી ખોટ પૂરી થઈ રહી છે. હઝ. મુફતી સાહેબને આ બદલ મુબારકબાદી આપીને દુઆ કરું છું અલ્લાહ તઆલા એમની ઉમર, તંદુરસ્તી અને ફૈઝમાં ખૂબ બરકત અતા ફરમાવે.

જામિઅહ ઉલૂમુલ કુરઆનનો પ્રકાશન વિભાગ આ દમદાર અને દળદાર 'કિતાબ' પ્રકાશિત કરવાને પોતાની સઆદત સમજે છે. અલ્લાહ તઆલા જામિઅહના આ વિભાગની સેવાઓને પણ કુબૂલ ફરમાવે અને જામિઅહથી સંબંધ રાખનાર અને સેવા કરનાર દરેક હમદર્દની કુરબાની કુબૂલ ફરમાવીને આપણા સૌ માટે આ બધી સેવાઓને આખિરતનો સદકએ જારિયહ બનાવે.

લી. મુફતી અહમદ દેવલ્વી.
સ્થાપક, મોહતમિમ જામિઅહ જંબુસર.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૯.

ખ્વાજા અલાઉદ્દીન અલી અહમદ

“સાબિર” કલ્યરી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જન્મ :
અમાનતદારી :
બયઅત અને ખિલાફત :
નિકાહ :
ઇબાદત અને ઝુહદ :
વફાત :
મઝાર માટે શાહી ફરમાન :
શાયરી :
આપના જીવનનો બોધપાઠ
ખલીફાઓ :
સંદર્ભ ગ્રંથો :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખ્વાજા અલાઉદ્દીન અલી અહમદ સાબિર કલ્યરી રહ. હઝરત શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ના ખલીફાઓમાં ઉચ્ચ સ્થાન ધરાવતા છે. અમુકના કથન મુજબ ખ્વાજા ફરીદુદ્દીન રહ.ના સૌ પ્રથમ ખલીફા આપ જ હતા અને સુલતાનુલ અવલિયા હઝરત ખ્વાજા નિઝામુદ્દીન ઓલિયા રહ. કરતાં પણ ઘણા પહેલાં આપ રહ.ને ખિલાફત આપવામાં આવી હતી.

ખલીફા હોવા ઉપરાંત ખ્વાજા સાબિર આપ રહ.ના ભાણેજ પણ હતા.

જન્મ :

૧૯ રબીઉલ અવ્વલ, હિજરી સન ૫૯૨/ ૧૧૯૬ ઈ.માં મુલતાન પ્રદેશમાં કોતવાલ નામી મુકામે આપ રહ.નો જન્મ થયો.

આપના જન્મ સ્થળ વિશે અમુક કિતાબોમાં ઉપર મુજબ મોસાળમાં નાનાના ઘરે થયો હોવાનો ઉલ્લેખ છે. જયારે અમુક કિતાબોમાં હિરાતમાં પોતાના વાલિદના મુળ વતનમાં જન્મ થયો હોવાનું વર્ણન છે.

તઝકિરએ જલીલમાં છે કે, કોતવાલમાં જન્મ થયો હોય તો, જન્મ પછી ત્યાંથી હિરાત પાછા જવાનું વર્ણન કોઈ કિતાબમાં નથી. અને ૯ વરસની ઉમરે હઝરત ગંજશકર રહ.ની સેવામાં વાલિદહ સાથે હિરાતથી જ રવાના થવાનો અને ૧૧માં દિવસે અજોધન – પાકપટ્ટન આવવાનો ઉલ્લેખ કિતાબોમાં જોવા મળે છે. (પેજ : ૩૪)

પીરાને પીર હઝરત શેખ અબ્દુલકાદિર જીલાની રહ.ના પપોત્ર અને હસની સય્યિદ હતા. ૧૪મી પેઢીએ આપનો વંશવેલો હઝરત અલી રદિ. સુધી પહોંચે છે અને વાલિદહ રહ.નો વંશવેલો હઝર ઉમર ફારૂક રદિ.સુધી પહોંચે છે. વાલિદનું નામ શાહ અબ્દુર્રહીમ. દાદાનું નામ શાહ અબ્દુલવહાબ હતું.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અન્ય લેખકોથી વિપરીત હઝ. મવ. અલી મીયાં રહ. લખે કે, આપ રહ. ઈસરાઈલી વંશના હતા. 'નુઝહતુલ ખવાતિર'માં હઝરત મૂસા અલૈ.ની અવલાદમાથી હોવાની સ્પષ્ટતા પણ છે. પરંતુ આ બાબતે વધુ વિગત લખી નથી. (તારીખે દાવત વ અઝીમત : ૩ / ૪૮, નુ. ખવાતિર : ૩/૧૦૮)

પાંચ વરસના હતા ત્યારે વાલિદ શાહ અબ્દુર્રહીમ રહ.નો ઈન્તેકાલ થઈ ગયો. વાલિદ સાહેબ પાસે અત્યાર સુધીમાં થોડી ઘણી દીની તાલીમ આપ રહ. મેળવી ચૂકયા હતા. વાલિદના ઈન્તેકાલ પછી આપની વાલિદાએ આપની તાલીમની દેખરેખ રાખી. આઠ વરસની ઉમરે જરૂરી તાલીમ એમણે પ્રાપ્ત કરી લીધી હતી. એટલે પછી વાલિદહ એમને લઈને પોતાના ભાઈ હઝરત શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.ની સેવામાં પાકપટ્ટન આવ્યાં અને નાનકડા અલીઅહમદને ભાઈની સેવામાં મૂકી દીધો. ૯ વરસની ઉમરે હિજરી સન ૬૦૧ માં આપ રહ. અજોધન પહોંચ્યા હતા. વાલિદહ થોડા દિવસ અહીંયા રહયાં અને પરત ફર્યાં.

અહીંયા રહીને આપ રહ.એ પ્રથમ બે વરસ અરબી – ફારસીની તાલીમ પૂરી ફરમાવી. ત્યાર પછી શવ્વાલ ૬૦૩ હિ.માં એટલે કે હઝરત ગંજશકર રહ.ની સેવામાં આવ્યાના બે વરસ પછી, લગભગ ૧૧ વરસની ઉમરે આપને લંગરખાનાનો વહીવટ સોંપવામાં આવ્યો.

લંગરખાનાનો વહીવટ સોંપવા પાછળ એક મકસદ તો આ હતો કે, હઝરત અલી અહમદ સાબિર રહ.ને જરૂરત મુજબ ખાણું માંગ્યા વગર મળી જાય. કારણ કે એમની વાલિદહના જણાવ્યા મુજબ આપ રહ. ઘણા જ ઓછાબોલા, ઈબાદતના શોખીન અને ખાવા – પીવાથી બેપરવા હતા. આપની વાલિદહ રહ.એ જતી વેળા આ બાબતનો ઉલ્લેખ કરીને હઝરત ગંજશકર રહ.ને એમના ખોરાકનો ખ્યાલ રાખવાની તાકીદ કરી હતી. બીજો મકસદ એ હતો કે આવી રીતે લોકોની, દરવેશોની, અને અલ્લાહ વાળાઓની ખિદમત કરવાની તાલીમ એમને મળે અને આ ખિદમતની બરકતથી વિવિધ પ્રકારના અખ્લાકની અમલી તરબિયત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પણ થઈ જાય.

અમાનતદારી

ઘણા જ મુત્તકી અને અમાનતદાર હતા. ખ્વાજા ફરીદુદ્દીન રહ.ની ખાનકાહના લંગરનો વહીવટ આપના જિમ્મે હતો. ૧૨ વરસ આ જવાબદારી નિભાવી. અત્રે આવતા દરેક મહેમાન અને અમીર ગરીબને આપ રહ. ખાણું ખવડાવતા અને સેવા કરતા હતા. ઈશરાક પછી બહાર આવતા, ખાણું તકસીમ ફરમાવતા અને પાછા એકાંતમાં ચાલ્યા જતા, સાંજે આ જ પ્રમાણે મગરિબ પછી ખાણું તકસીમ ફરમાવતા અને પાછા એકાંતમાં ચાલ્યા જતા. આપને વહીવટ સોંપતી વેળા ખ્વાજા ફરીદુદ્દીન રહ. તરફથી સ્પષ્ટ શબ્દોમાં આ લંગરમાંથી ખાવા કે લાભ ઉઠાવવાની પરવાનગી હોવાનું કહેવામાં આવ્યું ન હતું અને અદબના વિરુદ્ધ હોવાથી આવી પરવાનગી માંગવી મુનાસિબ પણ ન હતી, એટલે હઝરત મખ્દૂમ સાબિર રહ. લંગરમાંથી એક દાણો પણ ખાતા ન હતા. રોઝો રાખીને પોતાની વ્યવસ્થા પોતે કરી લેતા હતા.

એકવાર એમનાં વાલિદહ એમને મળવા પહોંચ્યા, બેટાની હાલત અત્યંત નબળી અને અશક્ત જોયી. શરીર સુકાય ગયું હતું. એમણે ભાઈ શેખ ફરીદુદ્દીન સમક્ષ આ બાબતની શિકાયત કરી તો શેખ ફરીદુદ્દીન રહ.એ જણાવ્યું કે લંગરખાનાની જવાબદારી એમને સોંપવામાં આવી છે. એનાથી વધુ શું કરું ? જયારે હઝરત અલાઉદ્દીન અલી અહમદને આ બાબતે પૂછવામાં આવ્યું તો જણાવ્યું કે

> મુજ ગુલામમાં એટલી હિંમ્મત કયાંથી હોય શકે કે આપના હુકમ વગર આપના લંગરખાનાથી ફાયદો ઉઠાવું ?

પોતાના ભાણેજ અલાઉદ્દીનનો આ જવાબ સાંભળીને હઝરત શેખ ફરીદુદ્દીન રહ.એ આપને 'સાબિર'નો લકબ આપ્યો.

હઝ. મવ. મુહમ્મદ મીયાં રહ. લખે છે કે, આ પરહેઝગારી ઘણી મોટી બાબત છે, પણ એનાથી વધારે એહતિયાત અને તકવાની વાત આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છે કે ૧૨ વરસ સુધી કોઈને ખબર પણ ન પડવા દીધી કે અમારા ખાવા – પીવા અને મસ્તાના ફાકાની વ્યવસ્થા આ ખાનકાહના લંગરથી અલાયદી અને નોખી છે. જેનો ચૂલો અને હાંડી, બધું જ તવક્કુલના વર્તૂળમાં આવી જાય છે. (પાનીપત ઓર બુઝુરગાને પાનીપત : ૨૨૭)

ઉપરોક્ત કિસ્સો નકલ ફરમાવીને હઝરત અકદસ મવ. અશરફ અલી થાનવી રહ. ફરમાવે છે કે, ખ્વાજા અલાઉદ્દીન સાબિર રહ.એ શરીઅતના હુકમ ઉપર કેટલી ચીવટપૂર્વક અમલ કર્યો એ જોવા જેવું છે. લંગરખાનાની જવાબદારી હોવાથી એવું સમજી શકાય છે કે મહેમાનો અને જરૂરતમંદોને ખવડાવવું એમના જ હાથમાં છે એટલે જરૂરત મુજબ પોતે પણ ખાય શકે છે. પરંતુ સ્પષ્ટ શબ્દોમાં પરવાનગી ન હોવાથી આપ રહ. એનાથી પણ બચતા રહયા. (અસ્સુન્નતુલ જલીય્યહ ફીલ ચિશ્તીય્યતિલ અલીય્યહ : ૭૨)

હઝરત અકદસ થાનવી રહ.એ આ કિતાબમાં સૂફિયાએ કિરામ રહ. શરીઅતના આદેશો ઉપર કેટલા એહતેમામથી અમલ કરતા હતા, એ દર્શાવ્યું છે. અમુક લોકો હાલ, વજદ, વગેરેનું બહાનું કાઢીને શરીઅતના અહકામથી છુટવાનું બહાનું કાઢે છે, એનો દલીલ અને પુરાવા સાથે રદિયો આપ્યો છે. સૂફિયાએ કિરામના એવા કિસ્સાઓ જેમાં કોઈ વાત શરીઅતના હુકમ વિરુદ્ધ લાગતી હોય, એની સમજૂતી અને સ્પષ્ટીકરણ પણ આ કિતાબમાં આપવામાં આવ્યું છે. સૂફિયાએ કિરામના વિસ્તૃત હાલાતનું વાંચન કરતાં પહેલાં આ કિતાબ જરૂર પઢી લેવી જોઈએ.

બયઅત અને ખિલાફત :

હિજરી સન ૬૨૩ માં આપ રહ. હઝરત ગંજશકર રહ.ના હાથ ઉપર બયઅત થયા. તઝકિરતુલ જલીલમાં ૧૭ મુહર્રમની તારીખ દર્શાવવામાં આવી છે. બયઅત થયા પછી લગાતાર એકાંતમાં યાદે ઈલાહીમાં મશગૂલ રહયા. ફકત લંગરખાનામાં ખાવું તકસીમ કરવાના સમયે જ બહાર આવતા હતા. અને ૨૫ રમઝાનુલ મુબારક ૬૫૦ હિજરીમાં આપ રહ.ને ખિલાફતથી નવાઝયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જ્યારે આપ રહ.ને ખિલાફત આપવામાં આવી ત્યારે હઝરત ગંજશકર રહ.એ એક વિશેષ મજલિસ બોલાવી. આ મજલિસમાં અન્ય મુરીદો અને બુઝુર્ગો પણ હાજર હતા. હઝરત નિઝામુદ્દીન અવલિયા રહ. પણ હજુ હઝરત ગંજશકર રહ.ની તરબિયતમાં હતા અને ખિલાફતથી નવાઝવામાં આવ્યા ન હતા. મજલિસમાં હઝરત ગંજશકર રહ.એ લીલો અમામહ પોતાના હાથો વડે આપના માથા ઉપર બાંધ્યો અને ખિલાફતનામું અતા ફરમાવ્યું.

હઝરત સાબિર રહ. અને હઝરત ગંજશકર રહ.ના એક બીજા ખલીફા શેખ જમાલ હાંસવી રહ. વચ્ચે ખિલાફતનામહ ઉપર મુહર લગાવવા બાબતનો એક કિસ્સો સિયરુલ અકતાબ વગેરે કિતાબોમાં ઘણી જ વિગતવાર લખવામાં આવ્યો છે. જેનો ખુલાસો આ છે કે, શેખ જમાલ પાસે મુહર લગાવતી વેળા આપ રહ.ના જલાલના કારણે શેખ જમાલ રહ.એ ખિલાફતનામું ફાડી નાંખ્યું, જવાબમાં આપ રહ.એ એ જ ઘડીએ ફરમાવી દીધું કે મેં તારી નિસ્બત કાપી નાંખી. પછી આપ રહ. પાછા હઝરત ગંજશકર રહ.ની સેવામાં આવ્યા તો ગંજશકર રહ.એ બીજું ખિલાફતનામું લખીને આપને કલ્યર જવાનો હુકમ ફરમાવ્યો.

કેપ્ટન વાહિદ બખ્શ સયાલે 'મકામે ગંજશકર'માં અને 'ઈકતેબાસુલ અનવાર'ના અનુવાદમાં આ વિશે વિસ્તૃત ચર્ચા કરીને પૂરવાર કર્યું છે કે, આ આખો કિસ્સો મનઘડત છે. એને આધાર બનાવીને બન્ને બુઝુર્ગો વચ્ચે કે એમના સિલસિલાઓ વચ્ચે અણબનાવ હોવાની વાત કરવી ખોટું છે. પાનીપત ઓર બુઝુર્ગાને પાનીપત, પેજ : ૨૮૧ ઉપર પણ આ બાબતે ચર્ચા કરવામાં આવી છે. વહીદ અહમદ મસ્ઉદની કિતાબ હઝરત મખ્દૂમ અલાઉદ્દીન.. માં પણ આ બાબતે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે.

વહીદ અહમદ મસ્ઉદે એમની કિતાબમાં લખ્યું છે કે હિજરી સન ૬૪૨ માં આપ રહ.ને ખિલાફત આપવામાં આવી હતી. સાથે જ કલ્યર જવાનો હુકમ પણ ફરમાવ્યો હતો એટલે આપ રહ. તુરંત કલ્યર જવા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રવાના થઈ ગયા. કલ્યર એક જૂનું અને પ્રાચીન શહેર હતું, અને એક કથન મુજબ મુહમ્મદ ગોરીએ ૫૮૯ હિ. ના અંતમાં એના ચઢાઈ કરીને પોતાના તાબામાં કર્યું હતું. (૬૯/૭૦)

નિકાહ :

અમુક કિતાબોથી માલૂમ પડે છે કે આપ રહ. હઝરત શેખ ફરીદુદ્દીન રહ.ના જમાઈ પણ હતા. આપ રહ.નાં અહલિયહ સુલતાન ગિયાસુદ્દીનની પુત્રી થતાં હતાં, એમનાથી જન્મેલાં ખદીજાબેગમ નામની પુત્રી સાથે હઝરત મખ્દૂમ અલી અહમદ સાબિરના નિકાહ, બહેનના કહેવાથી બાબા ફરીદુદ્દીન રહ. એ કરાવી દીધા હતા. (અખ્બારુલ અખ્યાર)

આ નિકાહ વિશે કિતાબોમાં વિરોધાભાસી વર્ણન મળે છે. અમુક કિતાબોમાં છે કે શાદી પછી પહેલી જ રાત્રે કમરામાં બીવીને જોઈને આપ રહ.એ ફરમાવ્યું કે એક દિલમાં બે હસ્તીઓ કેવી રીતે સમાય શકે? આપ રહ.એ આમ કહયું એટલામાં જ આ નેક બીવી બળીને રાખ થઈ ગયાં. બીજી અમુક કિતાબોથી માલૂમ પડે છે કે આપ રહ. એ એમની સાથે જીવન માંડયું નહીં અને યાદે ઈલાહીમાં જ સતત પ્રવૃત રહયા અને આ બીવીને કાં તો તલાક આપી દીધી અથવા નિકાહ બાકી રાખવા છતાં બન્ને અલગ જ રહયાં. તઝકિરતુલ જલીલ વગેરે કિતાબોમાં આ બાબતે વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

ઇબાદત અને ઝુહદ

એકવાર એક ખાદિમે હઝરત શેખ ફરીદુદ્દીન રહ.ની સેવામાં હિંદુસ્તાન જવાની અને એમના ખલીફાઓથી મુલાકાત કરવાની ઈચ્છા જણાવી. પરવાનગી લઈને આ ખાદિમ સૌપ્રથમ હઝરત અલાઉદ્દીન અલી અહમદ સાબિર રહ. પાસે આવ્યા. આપ રહ. વધુ પડતો સમય ધ્યાન મગ્ન રહેતા હતા, પરિણામે દરેક આવનાર – જનારથી અજાણ થઈ જતા હતા. હઝરત સાબિર રહ.ની સેવામાં ખાદિમ તરીકે ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ. હાજર હતા, એમણે ઊંચા સાદે જાણ કરી કે હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પીર વ મુરશિદના ખાદિમ આવ્યા છે અને હઝરતના સલામ લાવ્યા છે. આપ રહ.એ સલામનો જવાબ આપીને હઝરત શેખ રહ.ની ખેરિયત પૂછી અને પછી ખ્વાજા શમ્સુદ્દીન રહ.ને તાકીદ ફરમાવી કે હઝરતના ખાદિમની આગતા – સ્વાગતા કરજો અને આજે ખાવા માટે ગુલ્લરમાં મીઠું (નમક) નાખજો. એટલે કે આવી રીતે એમની મહેમાનનવાઝી કરજો અને પાછા ધ્યાનમગ્ન થઈ ગયા.

હઝરત ગંજશકર રહ.ના ખાદિમ ત્યાર પછી એમના બીજા ખલીફા સુલતાનુલ અવલિયા હઝરત ખ્વાજા નિઝામુદ્દીન રહ.ની સેવામાં ગયા. અત્રે શાહી વહેવાર હતો. ખાદિમની ઘણી આગતા – સ્વાગતા અને સેવા ચાકરી કરવામાં આવી. અને ઘણી બધી ભેટ – સોગાદો આપીને રવાના કરવામાં આવ્યા.

ખાદિમે પરત આવીને હઝરત શેખ ફરીદુદ્દીન રહ.ની સેવામાં પહોંચ્યા. આપ રહ.એ બન્ને ખલીફાઓની ખેરિયત અને હાલત પૂછી. ખાદિમે હઝરત સુલતાનુલ અવલિયા રહ.ના તો ઘણા વખાણ કર્યા અને હઝરત મખ્દૂમ અલાઉદ્દીન સાબિર રહ. વિશે અરજ કરી કે તેઓ તો કોઈની સાથે વાત પણ નથી કરતા અને એમની પાસે તો કંઈ છે પણ નહીં. હઝરત ફરીદુદ્દીન રહ.એ પૂછયું કે અમારા વિશે કંઈ વાત કરી હતી ? ખાદિમ અરજ કરી કે, કંઈ પણ નહીં. હઝરતે ફરીવાર પૂછયું કે કંઈ તો કહયું કે પૂછયું હશે ? ખાદિમે અરજ કરી કે ફક્ત એટલું પૂછયું હતું કે અમારા શેખ કેમ છે ? આ જવાબ સાંભળીને હઝરત ફરીદુદ્દીન રહ.ની આંખોમાં પાણી આવી ગયું અને ફરમાવ્યું કે આજે તેઓ જે ઉચ્ચ સ્થાને છે, ત્યાં કોઈની મજાલ નથી. મારી સાથે એમની સાચી મહોબ્બતની આ જ નિશાની છે કે એમણે આવી સ્થિતિમાં પણ મારા વિશે પૂછપરછ કરી અને મને યાદ કર્યો.

લગાતાર રોઝા રાખવા અને ઈબાદત – રિયાઝતમાં લાગેલા રહેતા હતા. ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ. આપના વિશેષ ખાદિમ હતા, એમને પણ પાસે આવવાની કે વધારે વાતચીત કરવાની રજા ન હતી. બલકે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આદેશ હતો કે પાછળથી જ વાત કરવી કે કામ કરવું. વુઝૂનું પાણી અને ઈફતાર માટે ગુલ્લર પણ તેઓ પાછળથી જ લાવીને મૂકી દેતા હતા. રોઝાના ઈફતાર વેળા સામે ગુલ્લર મુકેલા જોતા તો ફરમાવતા : અલ્લાહ તઆલા તો ખાવા – પીવાથી પાક છે. પણ અલ્લાહ તો અલ્લાહ છે, અને આદમી એ આદમી છે.

આપના નજીક મુજાહદહનું કેટલું મહત્વ હતું એનો અંદાઝો નીચેના કિસ્સાથી પણ કરી શકાય છે :

આપબીતીમાં છે કે, હઝરત મવલાના શાહ અબ્દુલકાદિર રહ. એક વાર ચિલ્લાકશી માટે કલ્યર પહોંચ્યા. અહિંયા પહોંચીને જયારે પણ મુરાકબહ કરતા તો એક ગેબી અવાજ સંભળાતી કે 'અપના કરના અપના ભરના.' ત્રણ દિવસ પછી આમ વિચારીને પાછા આવી ગયા કે, આ જ નિયમ હોય તો પછી પોતાના જ દરવાજા વાસીને આ કામ વધારે સારી રીતે થઈ શકે છે.

વફાત

૧૩ રબીઉલ અવ્વલ ૬૯૦,હિજરી, એટલે કે ૧૨૯૧ ઈ. આપ રહ.ની વફાત થઈ. કલ્યરમાં આપને દફન કરવામાં આવ્યા.

મઝાર ઉપર આપ રહ.ની વફાત પછી પણ એક પ્રકારનું નૂર અથવા જવાળા સદાએ ચમકતી રહેતી હતી. ઘણા વરસો પછી હઝરત ખ્વાજા અબ્દુલ કુદુસ ગંગોહી રહ. મઝાર ઉપર આવ્યા તો એમના મુરાકબહ પછી આ જવાળા બંધ થઈ. કલ્યરમાં આપ રહ.નો મઝાર છે. જેના ઉપર પાછળથી નૂરુદ્દીન જહાંગીરે ગુંબદ તામીર કરાવ્યો છે. આજકાલ કલ્યર ઉત્તરાખંડ રાજયમાં શામેલ છે.

મશહૂર છે કે આપ રહ.ની વફાત પછી કલ્યરના લોકોએ આપ રહ.ના મઝારને નુકસાન કર્યું અને મુર્તિઓ મુકી દીધી. લોકોનો ઈરાદો કંઈ વધારે કરવાનો હતો, અલબત્ત જંગલમાંથી એક વાઘ આવ્યો અને મઝારની આસપાસ ફરવા લાગ્યો. પરિણામે મઝારને કોઈ નુકસાન કરી શકયું નહીં.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર રહ.નો જે ચિશ્તી સિલસિલો આપ રહ. વડે આગળ વધ્યો એને આપ રહ.ના લકબના આધારે જ ચિશ્તીયા સાબરીયા પણ કહેવામાં આવે છે.

હઝરત ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક પાનીપતી રહ. આપના મશહુર ખલીફા છે અને એમનાથી જ આપ રહ.નો સિલસિલો આગળ ચાલ્યો છે.

આપ રહ.ની કબર ઘણા સમય સુધી લોકોની આવન – જાવનથી ખાલી હતી. લોકો એના તરફ ધ્યાન આપતા ન હતા. સહુ પ્રથમ શેખ અહમદ અબ્દુલ હક રહ.એ જયારે રૂદોલીમાં ખાનકાહ શરૂ કરવાનો ઈરાદો ફરમાવ્યો તો સિલસિલાના સ્થાપકથી બરકત મેળવવાના ઈરાદે એમના મઝાર ઉપર જઈને, ઈસાલે સવાબ કરીને તવજ્જોહ પ્રાપ્ત ફરમાવી. આમ આપ રહ.નો મઝાર લોકોની જાણમાં આવ્યો પછી હઝરત શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.એ આપના મઝારની ઓર સેવા કરી.

મઝાર માટે શાહી ફરમાન

તઝકિરતુલ જલીલમાં સહારનપૂર જિલ્લા ગઝેટના હવાલાથી લખ્યું છે કે શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.ના કહેવાથી હિજરી સન ૯૪૪ (૧૫૩૮ ઈ.)માં હુમાયુંએ અહિંયા ગુંબદ અને મસ્જિદની તામીર કરી. (પેજ : ૧૨૫) અન્ય અમુક કિતાબોમાં છે કે મઝાર ઉપર ગુંબદ જહાંગીર બાદશાહે બનાવ્યો હતો અને મસ્જિદ તેમજ મઝારનો ચોક હુમાયું બાદશાહે બનાવ્યો હતો. ત્યાર પછી પણ રાજાઓ અને નવાબો દ્વારા દરગાહ અને મઝારમાં નવીનીકરણ કે સુધારા વધારા થતા રહયા છે. જેમ કે ૧૯૧૮ માં ભોપાલના નવાબ જહાં બેગમ દ્વારા મઝારને સંગે મરમરથી મઢવામાં આવી.

શાયરી :

યુવાનીના એકાંતના દિવસોમાં, બયઅત થવા પહેલાંના ઝમાનામાં આપ રહ.એ કુરઆન શરીફ હિફજ કર્યું અને આ જ દિવસોમાં આપ રહ.એ શેર કહેવાનું શરૂ ફરમાવ્યું. પહેલાં 'અહમદ' તખલ્લુસ લખતા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતા પછી ખ્વાજા સાહેબ રહ.એ સાબિરનો લકબ આપ્યો તો 'સાબિર' તખલ્લુસ અપનાવ્યો. સિયરુલ અકતાબમાં લખવા મુજબ ફારસીમાં 'અહમદ' અને હિન્દીમાં 'સાબિર' તખલ્લુસ અપનાવતા હતા.

એક ગઝલના અમુક શેર આ મુજબ છે :

امروز شاہِ شاہان مہمان شدست مارا -- جبریل با ملائك دربان شدست مارا
در جلوہ گاہِ وحدت کثرت کجا بگنجد -- ہزدہ ہزارعالم یکسان شدست مارا
احمد بہشت و دوزخ بر عاشقان حرام ست -- ایں جا رضائے جاناں رضوان شدست مارا

તરજુમહ : આજે બાદશાહોના બાદશાહ અમારા મહેમાન બન્યા છે. જિબ્રઈલ અન્ય ફરિશ્તાઓ સાથે આવીને અમારા ચોકીદાર બન્યા છે. વહદત એટલે કે તવહીદના મકામમાં અનેક એટલે અન્ય કોઈ કેવી રીતે અમારો મકસૂદ બની શકે ? અઢાર હઝાર આલમ બધા જ અમારા માટે સરખાં છે. હે અહમદ ! જન્નત અને દોઝખ અમારા આશિકો માટે હરામ છે. અમારી ખુશી તો અમારા માશૂક એટલે અલ્લાહ તઆલાની રઝામંદીમાં છે.

તઝકિરતુલ જલીલમાં અરમુગાને સાબિરમાંથી એક ગઝલ નકલ કરવામાં આવી છે. એક સંગ્રહ 'દીવાને સાબિર' નામી પણ જોવા મળે છે. આખા દીવાનમાં 'સાબિર' તખલ્લુસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વલ્લાહુ અઅલમ, આ અશ્આર આપના છે કે નહીં ?

આપના જીવનનો બોધપાઠ

હઝ. મવ. મુહમ્મદ મીયાં સા. રહ.એ આપના વિશે બે વાતો ઘણી જ કીમતી લખી છે :

> (૧) દઢતા, સહનશીલતા અને સબ્ર એક શકિતનું નામ છે, સાલિક અને સૂફીએ એના માટે પોતાને કેળવવા જરૂરી છે. કપરા સંજોગો અને મુસીબતમાં સબ્ર અને સહનશીલતા દરેક માણસ માટે જરૂરી છે. વિશેષ કરીને એવા માણસ માટે જેણે તકવા અને અમાનતદારીનો માર્ગ અપનાવ્યો હોય. જેમ કે ખ્વાજા સાબિર રહ.એ તકવા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને અમાનતદારીના આધારે લંગરનું ખાણું પોતાના માટે મુનાસિબ ન સમજ્યું તો ૧૨ વરસ સુધી એનાથી દૂર રહયા એટલું જ નહીં, કોઈને એની ખબર પણ ન પડવા દીધી.

(૨) આપણે આ બુઝુર્ગોના જીવનમાંથી ફક્ત 'સિમાઅ – રકસ' ઉર્સ અને કવ્વાલીઓને જ યાદ રાખી છે, બીજું બધું ભુલાવી દીધું છે. એમના જીવનમાંથી શીખવાની અસલ વાતો : તકવા, એહતિયાત અને પરહેઝગારી છે. મામાની સગાઈ, પુત્ર જેવી મુહબ્બત, લંગરની જવાબદારી, મુરીદ અને ખલીફા હોવું... વગેરે સંબંધોની અનેક દલીલો હોવા છતાં અમાનતદારીના જે ઉચ્ચ માપદંડ પ્રમાણે તેઓ આ રસ્તે ચાલતા હતા, એના આધારે આપના તકવાએ કંઈ પણ ખાવાની પરવાનગી આપી નહીં. બુઝુર્ગી – તકવાનું ઉચ્ચ સ્થાન આ જ છે અને એ જ બુઝુર્ગોના જીવનનો બોધપાઠ છે. (બુઝુર્ગાને પાનીપત : ૨૨૮–૨૨૯)

આપનું જીવન ચરિત્ર આલેખનારા દરેકે આપના હાલાત વિશે બહુ જાણકારી ન હોવાની વાત લખી છે. આ બાબતે મવલાના અલી મીયાં રહ. ફરમાવે છે કે આપના થકી ચાલેલ ચિશતીયા સાબરિયા સિલસિલો અને આપની સેવાઓ, વગેરે આપ રહ.ની મહાનતાનો મોટો પુરાવો છે. ઈતિહાસમાં અનેક હસ્તીઓ એવી છે, જેમનું અસ્તિત્વ પુરવાર હોવા છતાં એમના વિશે કિતાબોમાં ઘણી ઓછી જાણકારી મળે છે. (તારીખે દાવત વ અઝીમત : ૩ / ૪૯)

આપ રહ.ની એક મહાનતા આ પણ છે કે ભારતમાં પ્રચલિત ચિશ્તી સિલસિલાની બે મહત્વની શાખાઓમાંથી એક શાખ આપ રહ.થી આગળ વધી છે. એટલે કે હઝરત ગંજશકર રહ.ના બે મહાન ખલીફાઓથી ભારતમાં ચિશ્તી સિલસિલો આગળ વધ્યો અને ફેલાયો છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એક ખલીફા હઝરત ખ્વાજા નિઝામુદ્દીન સાહેબ રહ. હતા, એમનાથી ચાલેલા સિલસિલાને નિઝામી ચિશ્તી સિલસિલો કહેવામાં આવે છે. ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહ.નો મઝાર દિલ્હીમાં છે, અને લોકોની આસ્થાનું કેન્દ્ર છે. અને બીજા ખલીફા આપ રહ. હતા. એમનાથી આગળ વધેલા સિલસિલાને સાબરી સિલસિલો કહેવામાં આવે છે.

ખલીફાઓ :

આપ રહ.ના ફકત એક જ ખલીફા છે, : ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક પાનીપતી રહ. જેમનું વર્ણન હવે પછી આવી રહયું છે.

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત. તારીખે મશાઈખે ચિશ્ત.
ખઝીનતુલ અસ્ફિયા. સિયરુલ અકતાબ.
હકીકતે ગુલઝારે સાબિરી. તઝકિરતુલ જલીલ.
ઈકતેબાસુલ અનવાર. તારીખે દાવત વ અઝીમત.
નુઝહતુલ ખવાતિર. આપબીતી.
પાનીપત ઓર બુઝુર્ગાને પાનીપત.
સવાનેહ હઝરત મખ્દૂમ અલાઉદ્દીન અલી અહમદ સાબરી રહ.
અસ્સુન્નતુલ જલીય્યહ ફીલ ચિશ્તીય્યતિલ અલીય્યહ.
અખ્બારુલ અખ્યાર.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૦.

હઝરત ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક પાનીપતી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સાબરી સિલસિલાના આ મહાન જાનશીન હઝરત ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક પાનીપતી રહ., શેખ અહમદ યસવી રહ.ની અવલાદમાંથી હતા.(1) તુર્કિસ્તાનના રહેવાસી અને હઝરત અલી રદિ.ના એક ત્રીજા પુત્ર મુહમ્મદ ઈબ્ને હનફીયહ રહ.ના વંશજ અને હાશિમી ખાનદાનના નબીરા હતા. (મિરાતુલ અસરાર, ઉર્દૂ : ૯૩૬)

ઈલ્મે ઝાહેરી એટલે કે કુરઆન, હદીસ, ફિકહ વગેરે વિવિધ વિષયોનું ઈલ્મ પ્રાપ્ત કરીને ઈલ્મે બાતિન એટલે કે દિલ અને અંતરની સુધારણા હેતુ ઈલ્મે તસવ્વુફ મેળવવા અને પોતાના માટે યોગ્ય શેખે તરીકતની શોધમાં 'માવરાઉન્નહર' પ્રદશેમાં પહોંચ્યા.

વર્તમાન ઉઝબેકિસ્તાન અને તાઝકિસ્તાનના બુખારા અને સમરકન્દ નામના શહેરો ઉપર આધારિત પ્રદેશને માવરાઉન્નહર કહેવામાં આવે છે. આ વિસ્તારની મશહૂર અને મુખ્ય નદી જૈહૂન (વર્તમાન નામ : આમુ દરિયા)ના દક્ષિણે આ વિસ્તાર આવેલો છે, અરબી ભાષામાં નહેરના પેલે પારના વિસ્તારને ما وراء النهر કહેવામાં આવે છે.

અત્રે કોઈ સ્થળે એમને સંતોષ ન મળ્યો અને પોતાના માટે યોગ્ય હોય એવા શેખે કામિલની શોધમાં તેઓ હિંદુસ્તાન આવી પહોંચ્યા. અત્રે આવીને કલ્યરમાં હઝરત મખ્દૂમ અલી અહમદ સાબિર રહ.ના હાથો ઉપર બયઅત થઈને એમની સેવામાં રહી પડયા. અમુકના કથન મુજબ પ્રથમ તેઓ હઝરત ફરીદુદ્દીન ગંજશકર રહ.ની સેવામાં પહોંચ્યા હતા અને શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ.થી પણ એમને ખિલાફત આપવામાં આવી હતી પછી એમણે જ હઝરત મખ્દૂમ અલી અહમદ સાબિર કલ્યરી રહ.ની સેવામાં મોકલ્યા હતા.

ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ. જયારે હઝરત ગંજશકર રહ.ની સેવામાં આવ્યા તો એમને ચાર ખુણા વાળી એક ટોપી અર્પણ ફરમાવી અને એનો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મતલબ દર્શાવવામાં આવ્યો કે ચાર કામો છોડી દેવાના છે. ખાવું, સુવું, બેકાર વાતચીત, અને લોકો સાથેના સંબંધો. તસવ્વુફમાં એને ચહાર તર્ક (چہار ترک) 'ચાર પ્રકારના ત્યાગ' કહેવામાં આવે છે.(2)

લોકોના સ્વભાવ, શારીરિક શકિત અને સમયને અનુલક્ષીને વર્તમાનના આપણા બુઝુર્ગો આ જ બાબતોને છોડવાના બદલે ઓછી કરવાની તાકીદ કરે છે. ખાવા – પીવા, સુવા, વાતચીત કરવા અને લોકો સાથેના સંબંધોમાં ઓછામાં ઓછો સમય આપવો.

હઝરત મખ્દૂમ સાબિર કલ્યરી રહ. મુજાહદહ અને રિયાઝતમાં જલાલી હાલ ધરાવતા હતા. મુરીદો અને અકીદતમંદોને પસંદ કરતા ન હતા. ફક્ત ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ. એકલા જ એમના મુરીદ હતા અને તેઓ એક જ એમના ખલીફા છે. આવી એકલતા અને તંગીમાં પોતાના શેખના સ્વભાવને અનુરૂપ તેઓ એમની સેવામાં રહયા અને સેવા ચાકરી કરતા રહયા.

શેખ ફરીદુદ્દીન ગંજશકર રહ. પાસેથી ખિલાફત મળ્યા પછી પોતાને છુપાવવા લોકોની ભીડથી દૂર રહેવાની નિય્યતે સુલતાન ગિયાસુદ્દીન બલબન (રાજ્યકાળ : ૧૨૬૬ થી ૧૨૮૬)ના લશ્કરમાં શામેલ થઈ ગયા અને એક સામાન્ય સિપાહીની જેમ રહેવા લાગ્યા. એકવાર એવું બન્યું કે શિયાળામાં એક શહેર ફરતે ઘેરો નાખવામાં આવ્યો હતો અને કિલ્લો જીતાતો ન હતો. એક રાત્રે જોરથી આંધી અને તોફાન આવ્યું. લશ્કરના પડાવના સઘળા ચૂલા અને ચિરાગો બુઝાય ગયા. બાદશાહના સેવકો પણ પરેશાન થઈ ગયા. આગ પણ નહિં અને આગ માટે કયાંયે ચિંગારી પણ નહીં. ચકમકના પથ્થરો પણ એવા ઠંડા કે તણખાનું નામ નહીં. ઘણી બધી શોધના અંતે એક સિપાહીના તંબુમાં ચિરાગ દેખાયો. ત્યાં જઈને જોયું તો શમ્સુદ્દીન તુર્ક ચિરાગના અજવાળે કુરાન પઢતા હતા. સિપાહી પોતાનો ચિરાગ જલાવી જતો રહયો પણ બરાબર દેખરેખ રાખી કે આવી આંધીમાં ચિરાગ જલતો રાખનાર આ કોઈ કરામતી માણસ છે. વહેલી સવારે બાદશાહના સેવકે જોયું કે આપ રહ. તળાવના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કિનારે વુઝૂ માટે પહોંચ્યા. ટાઢમાં થીજેલા પાણીથી વુઝૂ કરતા જોયા તો એને ઓર અચરજ થયું, એમના ગયા પછી હાથ નાંખીને જોયું તો તળાવનું પાણી ગરમ હતું. બીજા દિવસે પણ એમ જ થયું તો એણે બાદશાહને બધી હકીકતની જાણ કરી દીધી.

બાદશાહ હકીકતથી વાકેફ થયો તો આપ રહ.નો અકીદતમંદ બની ગયો અને કિલ્લાની ફતેહ માટે દુઆ કરવાની દરખાસ્ત રજૂ કરી. આપ રહ. પોતાને છુપાવવા ખાતર બાદશાહની વાત ટાળતા રહયા, પણ બાદશાહ કેમેય માન્યો નહીં, છેવટે આપ રહ.એ દુઆ ફરમાવી અને બાદશાહને કહયું કે હવે ચઢાઈ કરો, કિલ્લો જીતાય જશે. બાદશાહે ચઢાઈ કરી અને ફતેહ મળી. હવે બાદશાહની અકીદત ઓર વધી ગઈ. પરંતુ વાસ્તવિકતા જાહેર થઈ જવાથી આપ રહ.એ લશ્કર છોડી દીધું. સઘળો સામાન ગરીબોમાં વહેંચી દીધો અને હઝરત મખ્દૂમ સાબિર રહ.ની સેવામાં આવી ગયા. અહિંયા તેઓ લગભગ ૩૨ વરસ રહયા અને છેલ્લે હઝરત સાબિર રહ.એ પણ એમને ખિલાફત આપી.

ફોજની નોકરી છોડીને પાછા આવીને તેઓ હઝરત સાબિર રહ.ની સેવામાં રહયા. અમુક તઝકેરાનવેસોના લખાણથી માલૂમ પડે છે કે સુલતાનની ફોજમાં શામેલ થતાં પહેલાં પીરો મુરશિદની સોહબત અને ખિલાફત મેળવી ચૂકયા હતા. અલબત્ત પીરો મુરશિદ તરફથી પાણીપતમાં સ્થાયી થવાનો હુકમ હતો અને તેઓ પોતાને રૂહાની રીતે આ વિલાયતને પાત્ર સમજતા ન હતા માટે વધુ મુજાહદહ માટે પીરો મુરશિદની ઈજાઝતથી ફોજમાં નોકરીએ રહી ગયા. (બઝમે સુફિયા : ૨૮૦) અમુક ઈતિહાસકારો સુલતાન ગયાસુદ્દીનના બદલે સુલતાન અલાઉદ્દીન ખિલજીના લશ્કરમાં શામેલ થવાનો ઉલ્લેખ કરીને ઉપરની ઘટનાને ચિત્તોડની લડાઈ વેળાની દર્શાવે છે પરંતુ તારીખો જોતાં માલૂમ પડે છે કે એ બરાબર નથી.

જયારે હઝરત મખ્દૂમ સાબિર રહ.ને લાગ્યું કે હવે વફાતનો સમય નજીક છે તો એમને બોલાવીને 'ખિલાફત' અતા ફરમાવીને ફરમાવ્યું કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મારા ઈન્તેકાલ પછી પાણીપત ચાલ્યા જશો. અહિંયા ત્રણ દિવસથી વધારે રોકાશો નહી. પાણીપતમાં આ દિવસોમાં શેખ શર્ફુદ્દીન રહ. મોટા બુઝુર્ગ રહેતા હતા. આપ રહ.એ અરજ કરી કે પાણીપતમાં તો શેખ શર્ફુદ્દીન રહે છે. હું કેવી રીતે ત્યાં રહી શકું ? આપ રહ.એ ફરમાવ્યું કે હવે એમનો સમય પૂરો થઈ ગયો છે. તમે ત્યાં ચાલ્યા જાઓ. આપ રહ. પાણીપત પહોંચ્યા તો શેખ શર્ફુદ્દીન રહ. પાણીપત છોડીને બહાર નીકળી ગયા અને થોડા દિવસ પછી શેખ શર્ફુદ્દીન રહ.નો ઈન્તેકાલ થઈ ગયો.

આપ રહ.ના પાણીપત પહોંચવાને અને શેખ શર્ફુદ્દીન રહ. એ પાણીપત છોડવાના કિસ્સામાં રંગ ભરીને અજીબો ગરીબ રીતે, બુઝુર્ગો અને એમન મરતબાને છાજે પણ નહીં એવી રીત વર્ણવવામાં આવે છે. જેમ કે શેખ શમ્સુદ્દીન તુર્ક રહ.ના આગમને એમને પાણીપત છોડવા ઉપર મજબૂર કર્યા. કોઈકે લખ્યું છે કે શેખ શર્ફુદ્દીન રહ. સિંહ બનીને બેસેલા હતા તો શેખ શમ્સુદ્દીન રહ.એ એમને કહયું કે જાનવરોનું રહેઠાણ તો જંગલ છે, આમ કહીને એમને જંગલમાં મોકલી દીધા... વગેરે...આ બધી વિગતો બકવાસ છે. મવ. મુહમ્મદ મીયાં સાહેબ રહ.એ આ બાબતે ઘણી જ સચોટ વાતો લખી છે, જેનો ખુલાસો આ છે કે, આ બુઝુર્ગોએ ઈસ્લાહ અને હિદાયતના જે કેન્દ્રો નક્કી ફરમાવ્યા હતા, એને તેઓ વિલાયત કહેતા હતા, આ બાબતે ખ્વાજા શર્ફુદ્દીન રહ. પણ ચિશતીય્યાહ સિલસિલાની વ્યવસ્થાને તાબે હતા. પાણીપતમાં આપનું રોકાણ હતું, પણ હવે તેઓની ઉમર વધી ગઈ હતી, વધુ પડતો સમય ઈસ્તિગ્રાક અને જઝબમાં રહેતા હતા, એટલે ખ્વાજા સાબિર રહ.એ એમના સ્થાને હઝ. શમ્સુદ્દીન તુર્ક રહ.ને નિયુકત ફરમાવ્યા. વધુ માટે જુઓ : 'બુઝુર્ગાને પાનીપત' :પેજ : ૨૦૦ થી ૨૦૯.

ત્યાર પછી આપ રહ. પાણીપતમાં જ રહયા અને હિજરી સન ૭૧૫, ૧૩૧૫ ઈ. માં આપનો ઈન્તેકાલ થયો. અમુક ઈતિહાસકારોએ વફાતનું વરસ હિજરી સન ૭૧૬ અથવા ૭૧૮ પણ બતાવ્યું છે. આ જ પ્રમાણે વફાતની તારીખ ૧૯ શાબાન, ૧૦ જમાદિલ ઉલા અથવા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જમાદિલ ઉખરા, ઇતિહાસકારોએ વર્ણવી છે.

———————————————

(1) શેખ અહમદ યસવી ૨હ. તુર્કીસ્તાન – ચીન, (વર્તમાન કઝાકિસ્તાન)ના મોટા બુઝુર્ગ હતા. આ પ્રદેશમાં આપ ૨હ.ની મહાન સેવાઓ છે. નફહાતુલ ઉન્સ(૨૪૬)માં છે કે શેખ યૂસુફ હમ્દાની ૨હ.ના ખલીફા હતા. એમના થકી આગળ વધેલા સિલસિલાને યસવીય્યહ સિલસિલા કહેવામાં આવે છે. શેખ યૂસુફ હમ્દાની ૨હ.ના એક બીજા ખલીફા શેખ અબ્દુલ ખાલિક ગઝદવાની ૨હ. હતા, અને એમનાથી આગળ ચાલેલ સિલસિલો ગઝદવાની અને પાછળથી નકશબંદીયા કહેવાય છે.

આજે પણ શેખ અહમદ યસવી ૨હ.નું નામ આ વિસ્તારની ઐતિહાસિક વ્યકિતઓમાં સૌથી પહેલાં લેવામાં આવે છે. ૨સ્તાઓ ઉપરાંત આધુનિક શિક્ષણની એક યુનિવર્સિટીનું નામ પણ આપના નામ સાથે રાખવામાં આવ્યું છે. અત્રેના એક પ્રદેશ સાયરામના એક ગામ 'યસી'માં આપનો જન્મ થયો હતો. (જન્મ : ૧૦૯૩, વફાત : ૧૧૬૬. ઇ./૫૬૨ હિ.) અમીર તૈમૂરે પાછળથી ૧૪૦૫ માં આપના મઝાર ઉપર હિંદુસ્તાનના દુર્લભ મરમરના પથ્થરોથી મકબરો બનાવ્યો છે. પુરાતનકાળનો હોવા ઉપરાંત એની ખુબસૂરતીના કારણે યુનેસ્કો દ્વારા એને વર્લ્ડ હેરીટેજમાં શામેલ કરાયો છે.

આપ ૨હ.ને સિલસિલએ ખ્વાજગાન એટલે કે નકશબંદી સિલસિલાના સ્થાપક ગણવામાં આવે છે. અુમક તઝકિરહનવેસોએ આપ ૨હ.નું નામ મુહમ્મદ પણ લખ્યું છે. (તસવ્વુફ ઓર સૂફિયા કી તારીખ : પેજ : ૪૯)

સફીનતુલ અવલિયા (દારાશિકોહ)માં છે કે, બાળપણમાં જ તુર્કીસ્તાનના એક બુઝુર્ગ બાબ અરસલાને ગેબી ઇશારો પામીને આપની તરબિયત શરૂ કરી દીધી હતી. અને પછી શેખ યૂસુફ હમ્દાનીએ એમની પૂરી તરબિયત ફરમાવી. બાબ અરસલાનના પુત્રો મન્સૂર અતા, સઈદ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અતા, સુલૈમાન અતા અને હકીમ અતા વગેરે આપના ખલીફા છે. હિજરી સન ૫૬૨ માં વફાત થઈ અને 'યસી' મુકામે આપનો મઝાર છે.

અલબત્ત ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ.થી લઈને ખ્વાજા અહમદ યસવી સુધીની વંશવાળી ઘણી બધી શોધ છતાં મળી નથી. ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ માહિતીમાં આ વિષયે ઘણી શોધખોળના અંતે એક લખાણથી માલૂમ પડયું કે ખ્વાજા અહમદ બિન ઈબ્રાહીમ યસવી રહ. પછી એમનું ખાનદાન આ વિસ્તારમાં વેરવિખેર થઈ ગયું હતું.

http://www.hsafarzadeh.blogfa.com/post-9.aspx

આવું જ કંઈ શેખ ફરીદુદ્દીન રહ.ના ખાનદાન સાથે પણ બન્યું હતું. કારણ કે આ જ દિવસોમાં ચંગેઝખાન અને મોગલોએ મુસ્લિમ પ્રદેશો ઉપર આક્રમણ કરીને આ પ્રદેશોમાં મોટી ઉથલ – પાથલ મચાવી હતી અને ચંગેઝખાને શેખ અહમદ યસવી રહ.ના વતન સાયરામ (Sayram – اسفيجاب)માં પણ ઘણી તબાહી મચાવી હતી. આ આધારે કહી શકાય કે પોતાનું ખાનદાન વેરવિખેર થતાં ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ. હિંદુસ્તાન ચાલ્યા આવ્યા હશે. બઝમે સુફિયા : ૨૮૦ ના લખાણથી પણ ઉપરોકત બાબતને સમર્થન મળે છે.

ખઝીનતુલ અસ્ફિયામાં તો એમ પણ છે કે આપની વફાતના ઘણા વરસો પછી શાહજહાં બાદશાહના ઝમાનામાં એક સફદર નામના સુબેદારને હોદ્દા પરથી હટાવવામાં આવ્યો તો એને પોતાના વતન પરત જતાં રસ્તામાં આપના મઝારે રોકાવાનું થયું. મઝારના મુજાવરોથી વિગત માલૂમ કરી તો એને ખબર પડી કે આ બુઝુર્ગ જ મારા વડવા છે. તેણે બતાવ્યું કે ત્યાંથી હિંદુસ્તાન આવતાં પહેલાં એમણે શાદી કરી હતી. અને એક પુત્ર હતો. આ પુત્રથી આપનું બહોળુ ખાનદાન ત્યાં વસતું હતું અને આ યુવાન એ જ ખાનદાનનો નબીરો હતો. અને લોકોથી સાંભળેલા સમાચાર મુજબ હિંદુસ્તાન પોતાના ખાનદાનના વડીલને શોધવા જ આવ્યો હતો. (ખઝીનતુલ અસ્ફિયા : ૨/૧૬૮)

૧૦૫૦ હિ. એટલે કે સાડા ત્રણસો વરસ પછી લોકોને ખબર પડી કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જે બુઝુર્ગના ખાનદાની સિલસિલાને લોકો ખતમ સમજતા હતા, તેઓ એક મોટા ખાનદાનના વડવા છે. આ હકીકતની ખબર બાદશાહ શાહજહાંને પડી તો એ સુબેદારને એના હોદ્દા ઉપર ફરીથી નિયુકત કરી દીધો, અને બઢતી આપીને એને કાબૂલ – કંધારનો સુબેદાર બનાવી દીધો. (બુઝુર્ગાને પાનીપત : ૨૪૯)

(2) બુઝુર્ગો ચહારતર્ક (چہارترک)નો એક મતલબ આ પણ બતાવે છેઃ

ترك دنيا : દુનિયા છોડી દેવી. એટલે કે દુનિયાની મહોબ્બત છોડવી.

ترك عقبى : આખિરતની લાલચ છોડી દેવી. એટલે કે જન્નતની લાલચ કે જહન્નમનો ખોફ પણ છોડી દેવો. ફકત અલ્લાહની ખુશી માટે ઈબાદત કરવી.

ترك خودى : પોતાના વ્યકિતત્વ અને ઝાતને ભૂલીને સંપૂર્ણ પણે અલ્લાહના થઈ જવું.

ترك هوا : ઈચ્છાઓ અને મનેચ્છાઓ છોડી દેવી.

આ આધારે જ આપ રહ.ના નામમાં શામેલ શબ્દને ઘણા લોકો 'તુર્ક'ના બદલે 'તર્ક હોવાનું કહે છે.

મવ. મુહમ્મદ મીયાં સા. લખે કે, હિંદુસ્તાનમાં બધા જ મુસલમાનોને સામાન્ય પણે 'તુર્ક' પણ કહેવામાં આવતા હતા. હઝ. ખ્વાજા શમ્સુદ્દીન રહ. પણ તુર્કિસ્તાનથી જ આવ્યા હતા. પણ હઝ. મવ. લિકાઉલ્લાહ પાનીપતી રહ.નું સંશોધન આ છે કે ખ્વાજા શમ્સુદ્દીન રહ.નો ખિતાબ તુર્ક નથી બલકે તર્ક છે. 'તર્ક' અરબી શબ્દ છે. જેનો અર્થ 'ત્યાગ' થાય છે. ખ્વાજા શમ્સુદ્દીન રહ.દીન ખાતર વતન, અવલાદ, માલ અને સંપત્તિ બધું જ છોડીને આવ્યા હતા, એટલે 'તર્ક' એમનો લકબ બની ગયો. આમેય તેઓ હાશમી અલવી સય્યિદ હતા. તુર્કીસ્તાનના મુળ રહેવાસી ન હતા. (પાનીપત ઓર બુઝુર્ગાને પાનીપત : ૨૨૯)

———————————————————

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત : હઝ. શૈખુલ હદીસ મવ.ઝકરિય્યા રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તારીખે મશાઈખે ચિશ્ત : પ્રો. ખલીક અહમદ સાહબ નિઝામી.
ઈક્તિબાસુલ અનવાર : શેખ મુહમ્મદ અકરમ કુદુસી,
અનુવાદ : કેપ્ટન વાહિદ બખ્શ સયાલ
મશાઈખે ચિશ્તીયા સાબરિય્યહ : ડો. રઝી અહમદ કમાલ
અવલિયાએ પાક વ હિન્દ : હઝ. મવ. મુફ્તી વલી હસન ટોંકી રહ.
બઝમે સૂફિયા : સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન
મિરાતુલ અસરાર : શેખ અબ્દુર્રહમાન ચિશ્તી.
ખઝીનતુલ અસ્ફિયા : મુફ્તી ગુલામ સરવર લાહોરી
નફહાતુલ ઉન્સ : મવલાના જામી રહ.
પાનીપત ઓર બુઝુર્ગાને પાનીપત : મવ. મુહમ્મદ મીયાં રહ.
તસવ્વુફ ઓર સુફિયા કી તારીખ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૧.

શેખ જલાલુદ્દીન કબીરુલ અવલિયા પાનીપતી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. ચિશ્તીયા સાબરિય્યહ સિલસિલામાં હઝરત ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ.ના ખલીફા અને સિલસિલાના જાનશીન ગણાય છે. મોટા સાહિબે કરામત હતા. સખાવત અને મહેમાન નવાઝીમાં પણ મશહૂર હતા.

હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિ.ના નવ પુત્રોમાંથી અમ્ર બિન ઉસ્માનના વંશજ હતા. મદીના શરીફથી આપના ખાનદાનના એક બુઝુર્ગ અબ્દુર્રહમાન અકબર બીજી સદી હિજરીમાં હિજરત કરીને 'કાઝરૂન' અથવા 'ગાઝરૂન' (ઈરાન) આવી ગયા અને પછી આ જ ખાનદાનના એક બીજા બુઝુર્ગ અબ્દુર્રહમાન અસ્ગર કાઝરૂનીએ કાઝરૂન છોડી દીધું અને સુલતાન મહમૂદ ગઝનવી (૯૭૧ – ૧૦૩૦ ઈ./૩૬૦ – ૪૨૧ હિ.)ના લશ્કરમાં શામેલ થઈને હિંદુસ્તાન આવ્યા અને પછી અત્રે જ વસી ગયા.(1) ભારત – પાકમાં મોજૂદ સઘળા ઉસ્માની ખાનદાનોના વડવા આપ રહ. જ છે.

શેખ જલાલુદ્દીન રહ. આ ખાનદાનમાં લગભગ ૧૨૯૫ ઈ./ ૬૯૫ હિ. માં પેદા થયા. અમુક લેખકોએ ૬૩૫ હિ. જન્મનું વર્ષ લખ્યું છે. અસલ નામ મુહમ્મદ અથવા મહમૂદ હતું, પરંતુ ખ્વાજા શમ્સુદ્દીન રહ.એ આપને 'જલાલુદ્દીન'નો ઈલ્કાબ આપ્યો હતો અને એનાથી જ મશહૂર થયા.

તાલીમ, બયઅત અને ખિલાફત

અમીર ખાનદાનના સપૂત હતા. ઘોડેસ્વારી અને શિકારના શોખીન હતા. બાળપણમાં જ વાલિદનો ઈન્તેકાલ થવાથી કાકાની તરબિયતમાં હતા. અલબત્ત તાલીમ અને કેળવણી ઓછી અને લાડ – મહોબ્બત વધારે હોવાથી આરંભે આપ રહ. ખાનપાનમાં મસ્ત અને શિકારમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વ્યસ્ત રહેતા હતા. આ દિવસોમાં શેખ શર્ફૂદ્દીન બૂ અલી કલન્દર રહ. પાનીપતમાં હતા (2). એક દિવસ સુંદર પોષાકમાં સજ્જ, ઘોડેસ્વાર આ 'ઉસ્માની' યુવાન એમની સામેથી પસાર થયો તો ફિરાસતે ઈમાનીથી ભવિષ્યની એની મહાનતાને ભાળી ગયા અને બોલ્યા કે ' زہے اسپ وزہے سوار સરસ ઘોડો અને સુંદર અસ્વાર !' કલન્દર રહ.ના આ શબ્દોએ યુવાનની કાયા પલટી નાંખી અને એમનાથી જ બયઅત થવાની અરજ કરી. એમણે જવાબ આપ્યો કે તમારી તરબિયત અને ઈસ્લાહ કોઈ બીજા બુઝુર્ગના હવાલે છે, માટે એમની રાહ જુઓ.

પછી જયારે ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ. પાનીપત પધાર્યા અને શેખ બૂ અલી કલન્દર રહ.એ પાનીપત છોડવાનો નિર્ણય કર્યો તો મુહમ્મદ જલાલુદ્દીનને એમની ઓળખ બતાવીને પાનીપત છોડી દીધું.

શેખ જલાલુદ્દીન રહ.નું જીવનચરિત્ર આલેખનારા લેખકોએ લખ્યું છે કે શેખ શર્ફૂદ્દીન કલન્દર રહ. બાળપણથી જ આપ રહ. સાથે ઘણી મહોબ્બત રાખતા હતા. વારંવાર મુહમ્મદ (જલાલુદ્દીન)ને મળવા પણ જતા હતા. આપની રૂહાનિયત અને બુઝુર્ગીમાં હઝ. કલન્દર રહ.ની તવજ્જોહ અને દુઆઓનો પણ મોટો ફાળો છે.

હઝ. કલન્દર રહ. અને ઘોડેસ્વાર મુહમ્મદ જલાલુદ્દીન વાળી ઘટના અમુક લેખકોએ હઝરત ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ. સાથે ઘટી હોવાનું વર્ણન કર્યું છે. જયારે બીજા અમુક લેખકોનું માનવું છે કે હઝ. કલન્દર રહ.એ ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ.ના આગમન પછી એમની ઓળખ બતાવીને એમની સેવામાં જવાનું માર્ગદર્શન આપ્યું.

હઝ. ખ્વાજા શમ્સુદ્દીન તુર્ક રહ.ની સોહબત અને તરબિયત મેળવીને આપ રહ.એ પાનીપતમાં જ શેખના જાનશીન તરીકે શરીઅત અને તરીકતની ગાદી સંભાળી.

મહેમાનનવાઝી.

સિલસિલએ ચિશ્તીયહમાં આપ રહ.ની સખાવત અને મહેમાનગતિ મશહૂર છે. આપની ખાનકાહ અને લંગરખાનાની વિશાળતાનો ઉલ્લેખ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લગભગ દરેક લેખકે કર્યો છે. આપના લંગરખાનામાં દરરોજ એક હઝાર માણસો ખાતા હતા. કદી મહેમાનો ઓછા હોય તો એટલા જ બીજા માણસો બજારમાંથી બોલાવીને હઝાર માણસોને જરૂર ખવડાવવામાં આવતું હતું. શિકારે જતા તો ત્યાં પણ વિશાળ દસ્તરખાનથી અનેક લોકોની મહેમાન નવાઝી કરતા હતા.

તારીખે મશાઈખે ચિશ્ત (ખલીક અહમદ)માં મઆરિજુલ વિલાયતના હવાલાથી લખ્યું છે કે, લોકો ચારે તરફથી હવાની જેમ આપની સેવામાં આવતા હતા અને બેશુમાર નઝરાના અને હદિયાઓ આપની સેવામાં ભેટ આપતા હતા. (પેજ : ૨૧૬)

કરામતો અને કિસ્સાઓ

આપનું જીવન વૃતાંત આલેખનારા લેખકોએ આપ રહ.ની કરામાતના અનેક કિસ્સાઓ લખ્યા છે.

હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ. લખે છે કે એકવાર એક જંગલમાંથી પસાર થઈ રહયા હતા. કોઈ નદી કિનારે એક જોગી ધ્યાનમાં મગ્ન જોવા મળ્યો. આપ રહ. એની સમીપે પહોંચ્યા તો એણે માથું ઊંચું કર્યું અને બોલ્યો, કે સારું થયું તમે આવી ગયા. તમે નસીબદાર છો. મારી પાસે પારસમણી છે. મેં ઈરાદો કર્યો હતો કે આંખો ખોલીશ ત્યારે જે કોઈ સામે હશે એને આપી દઈશ. માટે તમને અર્પણ કરું છું. આપ રહ.એ પારસમણી લીધી અને નદીમાં ફેંકી દીધી.

જોગી મહારાજ બિચારા જોતા જ રહી ગયા. જરા કળ વળી એટલે આપ રહ. ઉપર ગુસ્સો કરવા લાગ્યો કે તમે આટલી કીમતી વસ્તુ બરબાદ કરી દીધી. આપ રહ.એ એને કહયું કે ભાઈ, તમે મને આપી દીધી હતી, હવે એ વસ્તુ મારી હતી, હું જે ચાહું તે કરું. પણ એ ચુપ ન થયા અને એલફેલ બોલીને પોતાની પારસમણી પાછી માંગવા માંડયા. આપ રહ.એ એને કહયું કે, જાઓ નદીમાં ઉતરો અને તમારી પારસમણી લઈ લ્યો. પણ યાદ રાખજો, ફક્ત તમારી વસ્તુ જ લેજો. મહારાજ નદીમાં ઉતર્યા તો એવી અનેક પારસમણીઓ ત્યાં હતી. પોતાની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પારસમણીની સાથે એક બીજી પણ સંતાડવા લાગ્યા. આપ રહ.એ એમને ચેતવ્યા કે, લાલચુ માણસ ! આ શું કરે છે ? બહાર આવીને એમણે બન્ને પથ્થરો ફેંકી દીધા અને આપ રહ.ના મુરીદ બની ગયા.

આ કિસ્સામાં અસલ મહત્વ આપની કરામત નથી, બલકે પારસમણીને ફેંકીને આપ રહ.એ જે ત્યાગ, ઈસ્તેગ્ના અને બેનિયાઝી વ્યકત કરી છે, એ અપનાવવાની વસ્તુ છે. આજ મોટી કરામત છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એકવાર હઝરત જિબ્રઈલ અલૈ.એ અરજ કરી કે ઈચ્છા હોય તો ઉહદ પહાડને સોનાનો બનાવી દેવામાં આવે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અરજ કરી કે, યા અલ્લાહ ! મને તો ફકીરી જ વધારે પસંદ છે. (પાનીપત ઓર...:૨૭૯)

એકવાર એક વૃદ્ધ ઓરતને માથે પાણીનો બેડો લઈને જતી જોયી. બિચારીના પગ પણ લથડાતા હતા. આપ રહ.એ એનો ઘડો લઈ લીધો. ઘરે પહોંચાડયા પછી એના નિરાધાર હોવાની વિગત જાણી તો દુઆ કરીને ફરમાવ્યું કે હવે આ ઘડામાંથી પાણી ખતમ નહી થાય અને તમારે બહાર જવાની જરૂરત નથી.

બે વાર આપ રહ. હજ કરવા તશરીફ લઈ ગયા હતા.

નુઝહતુલ ખવાતિરમાં સિયરુલ અકતાબના હવાલાથી 'ઝાદુલ અબરાર ફીલ હકાઈક વલ મઆરિફ'નામની એક કિતાબ પણ તસવ્વુફના વિષયે આપ રહ.એ લખી હોવાનું નોંધવામાં આવ્યું છે. (નુ. ખવાતિર : ૩/૨૦૨)

અલ્લાહ તઆલાની યાદમાં મશગૂલ રહેવું આપ રહ.નો વિશેષ મુજાહદહ હતો. જીવનના છેલ્લા દિવસોમાં તો સંપૂર્ણ સમય જ એમાં ડૂબેલા રહેતા હતા. અલબત્ત નમાઝના સમયે ખાદિમો આપ રહ.ને ખબર આપતા હતા, તો નમાઝ પઢીને પાછા ધ્યાનમગ્ન થઈ જતા હતા. ખઝીનતુલ અસફીયામાં લખ્યું છે કે ખાદિમો ત્રણવાર કાનમાં 'હક' કહેતા તો આપ રહ. મુરાકબહથી બહાર આવતા અને નમાઝ અદા ફરમાવતા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતા.

વફાત અને ઉમર

લગભગ હિજરી સન ૭૬૫ માં આપ રહ.ની વફાત થઈ. આપ રહ.ની ઉમ્ર અને વફાતના વરસ વિષે ઘણો વિરોધાભાસ મળે છે. જન્મ બાબત ૬૯૫ અને ૬૩૫ હિ. એમ બે કથનો છે. ઘણા લેખકોએ આપની ઉમ્ર લગભગ એકસો સિત્તેર વરસની અને વફાતનું વરસ ૮૦૦ હિ. પછી હોવાનું લખ્યું છે. (ઇકતેબાસુલ અનવાર : ૫૪૫) આ જ લેખકો એમ પણ લખે છે કે હઝરત મખ્દૂમ જહાંનીયાં જહાંગશ્ત રહ. આપની દુઆની બરકતે બીમારીથી તંદુરસ્ત થયા હતા, બલકે એમના લખવા મુજબ હઝ. જલાલુદ્દીન કબીરુલ અવલિયા રહ.એ એવી દુઆ કરી હતી કે મારા જીવનના દસ વરસ હઝ. જહાનીયાં જહાંગશ્ત રહ.ને મળે. અને એમની વફાત ૭૮૫ હિ.માં હોવાનું બધા જ લખે છે. જો આ કિસ્સો પણ સાચો હોય તો મખ્દૂમ રહ.ના દસ વરસ પહેલાં એટલે કે ૭૭૫ હિ.માં આપની વફાત થઈ હોય. પણ વફાતનું આ વરસ કોઈએ લખ્યું નથી.

મખ્દૂમ રહ.ની બીમારી અને શિફા બાબત ઉપરોકત કિસ્સો ઐતિહાસિક રીતે સહીહ નથી જણાતો. વધુ વિગત માટે જુઓ : પાનીપત ઓર બુઝુર્ગાને પાનીપત : ૨૭૩– ૨૭૪)

પાનીપતમાં જ આપ રહ.ને દફન કરવામાં આવ્યા. અત્રે આપના ખાનદાનના બીજા અનેક બુઝુર્ગોના મઝાર પણ આવેલા છે.

નિકાહ અને અવલાદ

યુવાનીમાં એકવાર આપ રહ. ખેતરે ગયા હતા. શેખ શર્ફુદ્દીન રહ. આપને મળવા ખેતરે પહોંચ્યા. શેખ મુહમ્મદ જલાલ રહ.એ દૂરથી જ આપને ઓળખી લીધા, એટલે જલદીથી ખેતરના પાકમાંથી થોડા ચણા કાઢયા અને સુંપડી કે ટોકરીમાં ભરીને શેખ શર્ફુદ્દીન કલન્દરની સેવામાં નઝરાનું ધર્યું. કલન્દર રહ.એ પૂછયું કે, બેટા શું લાવ્યા છો ?

મુહમ્મદ જલાલુદ્દીને અદબ સહિત કહયું કે તમારા ઘોડા માટે થોડા ચણા લાવ્યો છું. ચણા સામાન્ય પ્રકારનું અનાજ ગણાય છે, એટલે એને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સીધી રીતે કલન્દર રહ.ની નઝરમાં રજૂ કરવાને અદબ વિરુદ્ધ સમજીને આમ જવાબ આપ્યો. કલન્દર રહ.એ ફરમાવ્યું કે, ઘોડાને પૂછી લ્યો, તે ભૂખ્યો છે ? તેણે ખાવા હોય તો ખવડાવી દયો. ઘોડા સામે ચણા ધર્યા તો એણે ખાવાથી ઈન્કાર કરી દીધો. હવે જલાલુદ્દીન અવઢવમાં હતા કે શું કરવું ? આ નઝરાનું કલન્દર રહ. અને એમનો ઘોડો, બન્ને કુબૂલ નથી કરતા ! જલાલુદ્દીન રહ.ની આ પરેશાની જોઈને કલન્દર રહ.એ ફરમાવ્યું કે, પરેશાન ન થાઓ, તમારી નઝર અમને કુબૂલ છે. હવે આ અનાજ અમારા તરફથી તમને હદિયો છે. હું અલ્લાહ તઆલાથી દુઆ ફરમાવું છું કે, દરેક દાણાના બદલામાં તમને એક પુત્રથી નવાઝે. આ દુઆની બરકતથી આપની અવલાદમાં ઘણી બરકત થઈ, અને સય્યિદોના ખાનદાનમાં એટલી બધી વૃદ્ધિ થઈ કે આપને બીજા નૂહ અલૈ. કહી શકાય.

પરંતુ દિલચસ્પ વાત આ છે કે આ 'બીજા નૂહ' નિકાહ કરવા બિલ્કુલ તૈયાર ન હતા. અને પૂરી જિંદગી પોતાના પીર ખ્વાજા તુર્ક રહ.ની સેવામાં જ રહેવા માંગતા હતા. ખ્વાજા તુર્ક રહ.એ ઘણી જ સમજાવટ પછી આપને નિકાહ કરવા ઉપર રાજી ફરમાવ્યા અને કરનાલમાં એક ખાનદાનમાં આપ રહ. માટે માંગુ મોકલવામાં આવ્યું અને નિકાહ થયા.

આપ રહ.ના પાંચ પુત્રો હતા. (૧) ખ્વાજા અબ્દુલ કાદિર રહ. (૨) ખ્વાજા ઈબ્રાહીમ રહ. (૩) ખ્વાજા શિબ્લી રહ. (૪) ખ્વાજા કરીમુદ્દીન રહ. (૫) ખ્વાજા અબ્દુલ અહદ રહ. કે અબ્દુલ વાહિદ. (પાનીપત ઓર .... ૨૫૭)(3)

આપના ખલીફાઓ

આપ રહ.એ પોતાની રૂહાની અવલાદ સ્વરૂપે ચાલીસ મહાન ખલીફાઓ છોડયા હતા. જે દરેક શરીઅત અને તરીકતમાં ઉચ્ચ સ્થાને હતા. અમુક મશહૂર ખલીફાઓની વિગત નીચે મુજબ છે.

શેખ બેહરામ રહ.ને પ્રથમ આપ રહ.એ બરનાવા (મે૨૦)માં મોકલ્યા હતા. એ દરમિયાન જમના કાંઠે આવેલ બડોલી ગામ વિશે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જમનાના પૂરમાં ધોવાય જવાનો ખતરો ઉભો થયો. ગામવાસીઓ આપની પાસે આવ્યા. આપ રહ.એ શેખ બેહરામ રહ.ને બડોલી જવાનો આદેશ આપ્યો. શેખ બેહરામ બડોલી આવ્યા અને જમના કાંઠે લાકડી ઉભી કરીને બેસી ગયા. આપની બરકતથી જમનાનો પ્રવાહ દૂર ચાલ્યો ગયો અને ગામ સુરક્ષિત થઈ ગયું. ત્યાર પછી આપ રહ. બડોલીમાં જ વસી ગયા અને હિજરી સન ૮૫૪ માં આપની વફાત થઈ.

આપના ફરઝંદ ખ્વાજા અબ્દુલકાદિર રહ. પણ આપના ખલીફા હતા. પાનીપતમાં જ દાદા મહમૂદ રહ.ની બાજુમાં એમનો મઝાર છે. શેખ શિહાબુદ્દીન રહ. પણ આપના ખલીફા છે. ઝંઝાનામાં આપનો મઝાર છે. ઉપરાંત કાઝી શુએબ રહ. કાઝી અવલિયા રહ. વગેરે આપના ખલીફાઓ છે.

અલબત્ત આપ રહ. પછી સિલસિલાના ગાદીનશીન અને જાનશીન આપના મહાન ખલીફા હઝરત શેખ અહમદ અબ્દુલહક રૂદોલવી રહ. છે. એમનાથી જ ચિશ્તીયય્હ સાબરિય્હ સિલસિલો આગળ ચાલ્યો છે. આગળ એમનું જીવન ચરિત્ર વિગત વિસ્તારથી આવી રહયું છે.

———————————————

(1) હઝ. મવ. રહમતુલ્લાહ કીરાનવી રહ.નું નસબ પણ આગળ જઈને આ જ ખાનદાનમાં જઈ મળે છે. (બાઈબલ સે કુર્આન તક, ૧/૧૮૦)

(2) શેખ શર્ફુદ્દીન બૂ અલી કલન્દર રહ. ઈમામ અબૂહનીફહ રહ.ની અવલાદમાંથી હતા. ૬૦૬ હિ.માં આપનો જન્મ થયો. તાલીમ બાળપણમાં જ પૂરી કરી લીધી હતી. પછી ઈબાદત અને રિયાઝતમાં મગ્ન રહેતા હતા. તસવ્વુફમાં આપની બયઅત અને ખિલાફત બાબતે વિવિધ કથનો જોવા મળે છે. અમુકનું કહેવું છે કે હઝરત કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.ના મુરીદ અને ખલીફા હતા. અમુકનું કહેવું છે કે હઝ. ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહ.ના મુરીદ અને ખલીફા છે. અમુક એમને શેખ શિહાબુદ્દીન આશિકે ખુદા રહ.ના મુરીદ અને ખલીફા બતાવે છે, જે ખ્વાજા કુત્બુદ્દીન કાકી રહ.ના ખલીફા શેખ બદરુદ્દીન ગઝનવી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ના ખલીફા હતા. ઘણા લોકો આપ રહ.ને ઉવૈસીયહ સિલસિલામાં ગણાવે છે. જેમાં કોઈ અદશ્ય – ગેબી શકિત કે હસ્તી દ્વારા માણસની તરબિયત અને રહનુમાઈ કરવામાં આવે છે.

(૩) મશહૂર બુઝુર્ગ, વિદ્વાન આલિમ, મુફસ્સિર અને અનેક કિતાબોના લેખક કાઝી ષનાઉલ્લાહ પાનીપતી રહ. હઝરત જલાલુદ્દીન રહ.ના પુત્ર ઈબ્રાહીમની અવલાદમાંથી છે અને આપના પછી બારમી પેઢીએ એમનું નામ આવે છે. વધુ માટે જુઓ : 'તઝકિરહ કાઝી મુહમ્મદ ષનાઉલ્લાહ પાનીપતી'.પેજ ૪૧, લેખક : ડો. મહમૂદુલ હસન આરિફ સાહેબ.

આ જ કિતાબના પેજ : ૪૦ ઉપર લખ્યું છે કે, ભારત – પાકના સઘળા ઉસ્માની ખાનદાનના વડવા શેખ અબ્દુર્રહમાન કાઝરૂની રહ. છે. એમનાથી ચાલેલા વંશમાં જલાલુદ્દીન કબીરુલ અવલિયા રહ.ના વંશની ચાર પેઢીઓ ઉપરાંત દેવબંદ – યુ.પી.નું તે ખાનદાન પણ શામેલ છે જેમાં હઝરત શૈખુલ હિન્દ રહ., મવલાના શબ્બીર અહમદ ઉસ્માની રહ. મવલાના ઝફર અહમદ ઉસ્માની રહ. અને મુફતી મુહમ્મદ શફી રહ. જેવા અકાબિર પેદા થયા.

———————————————————

संदर्भ ग्रंथो :

તારીખે મશાઈખે ચિશ્ત
ઈકતેબાસુલ અનવાર.
મશાઈખે ચિશ્તીય્યહ સાબરિય્યહ.
સિયરુલ અકતાબ.
નુઝહતુલ ખવાતિર
તારીખે મશાઈખે ચિશ્ત
ખઝીનતુલ અસ્ફિયા.
મિરઆતુલ અસરાર.
બાઈબલ સે કુરઆન તક.
તઝકિરહ કાઝી મુહમ્મદ ષનાઉલ્લાહ પાનીપતીઃડો.મહમૂદુલ હસન સા.
પાનીપત ઓર બુઝુર્ગાને પાનીપત : મવ. સય્યિદ મુહમ્મદ મીયાં રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૨.

હઝરત શેખ અહમદ અબ્દુલ હક રુદોલ્વી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નામ અને લકબ
તાલીમ અને તરબિયત
શાદી
શેખ જલાલુદ્દીન રહ. તરફથી કસોટી
સફર અને દુનિયાની સેર
કબરમાં ઇબાદત
ખાનકાહની શરૂઆત
બયઅતની કસોટી
અવલાદ
અમુક કિસ્સાઓ અને કરામતો
વફાત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત શેખ અહમદ અબ્દુલ હક રહ.ને શેખ જલાલુદ્દીન કબીરુલ અવલિયા રહ. પછી ચિશ્તીયાહ સાબરિયાહ સિલસિલાના જાનશીન અને મુજદ્દિદ ગણવામાં આવે છે.

પ્રો. ખલીક અહમદ નિઝામી રહ. લખે છે કે શેખ અહમદ અબ્દુલ હક રહ.એ એવા ઝમાનામાં રૂદોલી (જિ. ફૈઝાબાદ)માં પોતાની ખાનકાહ કાયમ કરી હતી, જયારે ચિશ્તીયા સિલસિલો ખતમ થઈ ગયો હતો.... દિલ્હી અને આસપાસનો પ્રદેશ ચિશ્તીયા સિલસિલાના બુઝુર્ગોથી લગભગ ખાલી હતો.

અમીર તૈમૂરલંગના આક્રમણ અને કત્લે આમના કારણે દિલ્હી અને આસપાસનો પ્રદેશ વેરાન હતો. નિઝામીયહ સિલસિલાના બુઝુર્ગોએ ગુજરાત, દક્કન, માળવા, બંગાલ વગેરે પ્રદેશમાં ખાનકાહો સ્થાપી હતી.

આવી સ્થિતિમાં આ પ્રદેશમાં ચિશ્તીયા સિલસિલો, વિશેષ કરીને સાબરિયહ સિલસિલા દ્વારા મઅરિફત અને શરીઅતની શમા રોશન કરવાનો સઘળો શ્રેય આપ રહ.ના ફાળે છે.

નામ, લકબ અને વંશ

આપનું મુળ નામ 'અહમદ' હતું. અને અબ્દુલ હક લકબ છે. બુઝુર્ગો આપ રહ.ને 'શયખુલ આલમ'ના લકબથી યાદ કરે છે. હઝરત ઉમર ફારૂક રદિ.ના વંશમાંથી હતા. સહુપ્રથમ આપના દાદા શેખ દાવૂદ 'બલ્ખ'થી અલાઉદ્દીન ખિલજી સાથે હિંદુસ્તાન આવ્યા હતા. સુલતાને આપ રહ.ના હિંદુસ્તાનમાં રોકાણથી ખુશ થઈને 'અવધ' પ્રદેશમાં જાગીર અર્પણ ફરમાવી. હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી રહ.(૬૭૨ હિ.૧૨૭૪ ઈ.=૭૫૭ હિ. ૧૩૫૬ ઈ.)ના મુરીદ અને ખલીફા હતા. પૂર્વી ભાષાના સૌથી જૂના ગણાતા પૂસ્તક 'ચંદાયન'ના લેખક અમુક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સંશોધકોના મતે આપ રહ. (શેખ દાવૂદ) જ હતા. (હયાતે શૈખુલ આલમ : ૫૮)

શેખ દાવૂદના સાહબઝાદા ઉમરના બે દિકરા હતા. તકીયુદ્દીન અને અહમદ અબ્દુલ હક.

જન્મના વરસ વિશે વિવિધ કથનો છે. એક કથન મુજબ ૨૧ ઝીલકદ ૭૩૭ હિ.ના દિવસે જન્મ થયો. બઝમે સૂફિયામાં આપની ઉમર ૧૦૮ વરસ અને મિરાતુલ અસરારમાં ૧૨૦ વરસ ઉમર લખવામાં આવી છે.

આપની વફાત વિશે દરેક લેખકે ૮૩૭નું વરસ વર્ણન કર્યું છે. આપના શેખ અને પીર હઝ. જલાલુદ્દીન કબીરુલ અવલિયા રહ.ની વફાત ૭૬૫ હિ.માં થઈ હતી. એટલે એમના પછી લગભગ ૭૨ વરસ આપ રહ.એ તબ્લીગે દીન અને ઈરશાદે ઉમ્મતની ખિદમત કરી છે.

તાલીમ અને તરબિયત

બાળપણમાં જ વાલિદની વફાત થવાથી તાલીમ અને કેળવણીની જવાબદારી વાલિદહ અને મોટા ભાઈ તકીયુદ્દીનના માથે આવી હતી. બાર વરસની ઉમરે વધુ તાલીમ માટે ભાઈ તકીયુદ્દીન પાસે દિલ્હી ગયા. ભાઈ એમને વિવિધ ઈસ્લામી ઉલૂમની તાલીમ આપવા ઈચ્છતા હતા અને આપ રહ.ને 'રાહે હક'ની મઅરિફત જોઈતી હતી.

તારીખે મશાઈખે ચિશ્તમાં હઝ. મવ. શેખ ઝકરય્યિા રહ. એ હઝરત અકદસ થાનવી રહ.ના હવાલાથી આ દિવસોનો કિસ્સો વર્ણવ્યો છે કે, દિલ્હીના શાહઝાદાઓ અહમદ અબ્દુલ હકથી ઘણી મહોબ્બત રાખતા હતા. આપ રહ.ને ભાઈ તકીયુદ્દીને જયારે અરબીની તાલીમ આપવાની શરૂ કરી તો ضَرَبَ زيدٌ عمرواً નું ઉદાહરણ આવ્યું. (ઝેદે ઉમરને માર્યો. અરબી વ્યાકરણમાં કર્તા, કર્મ, ક્રિયાપદ વગેરેની સમજૂતી ખાતર આવા ઉદાહરણોનો ઉપયોગ સામાન્ય છે.) આપ રહ. બોલ્યા કે, કેમ માર્યો ? ભાઈએ કહયું કે આ તો કાલ્પનિક ઉદાહરણ છે, આવું કંઈ થયું નથી. અબ્દુલ હક રહ. બોલ્યા કે, જો વગર વાંકે માર્યો છે તો ઝુલમ છે અને આવું કંઈ થયું નથી છતાં આમ લખવામાં આવ્યું છે તો આ જૂઠ છે. મારે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવી કિતાબ નથી પઢવી, જેમાં શરૂથી જ ઝુલમ અને જૂઠની તાલીમ આપવામાં આવતી હોય.

ભાઈએ એમના દોસ્ત શાહઝાદાઓથી શિકાયત કરી તો એમણે કહયું કે એમને છોડી દયો, તેઓ 'સાહિબે હાલ' છે. તાલીમમાં મશગૂલ થશે નહીં. આ કિસ્સો અનેક લેખકોએ કંઈક ફેરફાર સાથે વર્ણવ્યો છે.

શાદી

આપ રહ. દિલ્હીમાં જ હતા. ભાઈ અને ભાભી આપની તાલીમ અને કેળવણી બાબતે ઘણી ફિકર કરતાં હતાં. પણ એમનું મન કયાંયે લાગતું ન હતું. એવામાં ભાઈએ એમના માટે કોઈ જગ્યાએ શાદીનો પયગામ આપ્યો અને સગાઈની વાતચીત શરૂ કરી. આપ રહ.ને જાણ થઈ તો તુરંત દિલ્હી છોડી દીધું. ૧૨ વરસની ઉમરે દિલ્હી આવ્યા હતા અને શાદી લાયક થયા પછી દિલ્હી છોડયું, એટલે કહી શકાય કે લગભગ ૨૦ – ૨૨ વરસની ઉમર તો હશે જ. અને આપ રહ.ના મલ્ફૂઝાત, તાલીમ અને કેળવણી વગેરેની જે વિગતો છે, એ જોતાં આ કહી શકાય કે આપ રહ.એ દિલ્હીના રોકાણ દરમિયાન ભાઈના પ્રયાસો થકી ઝાહેરી ઉલૂમની તાલીમ પણ મેળવી જ હશે, બલકે હઝ. મવ. અલી મીયાં રહ. લખે છે કે અમુક અહલે નઝર બુઝુર્ગોએ આપ રહ.ને નવમી સદીના મુજદ્દિદ કહયા છે.(તારીખે દાવત વ અઝીમત : ૩ / ૪૯)

શેખ જલાલુદ્દીન રહ. તરફથી કસોટી

દિલ્હીથી નીકળીને કોઈ યોગ્ય શેખે તરીકતની શોધમાં હતા. ઈલ્હામે ગેબીથી માર્ગદર્શન મળતાં પાનીપત આવી પહોંચ્યા. અત્રે શેખ જલાલુદ્દીન કબીરુલ અવલિયા રહ.ની તાલીમનો સૂરજ ઝગમગી રહયો હતો. આપ રહ. સીધા એમના દરબારમાં હાજર થઈ ગયા. શેખ જલાલુદ્દીન રહ.ને પણ આપના આગમનની ઈલ્હામથી ખબર થઈ ગઈ હતી, તેઓ એમના સન્માન સાથે અકીદતની કસોટી પણ સાથે જ કરી લેવા માંગતા હતા. વિવિધ પ્રકારના ખાણા અને ફળોનું દસ્તરખાન પાથરવામાં આવ્યું. સાથે જ અમુક હરામ વસ્તુઓ પણ દસ્તરખાન ઉપર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુકી દીધી. ખાનકાહના દરવાજે ઘોડાઓ શણગારીને ખડે પગે રાખવામાં આવ્યા. હઝ. અહમદ અબ્દુલ હક તશરીફ લાવ્યા તો દરવાજા ઉપર જ આટલી બધી દુન્યવી રોનક જોઈને થોડા અચકાયા. પછી અંદર પહોંચ્યા તો દસ્તરખાન જોઈને ઓર પરેશાન થયા. અને પછી હરામ વસ્તુઓ ઉપર નજર પડી તો તુરંત જ બહાર આવીને રવાના ગઈ ગયા.

વાસ્તવમાં આ એમની કસોટી હતી. આખો દિવસ ચાલીને સાંજે એક શહેરના કિનારે જઈને પૂછયું તો બતાવવામાં આવ્યું કે આ તો પાનીપત શહેર છે. ભારે આશ્ચર્ય થયું. બીજા દિવસે સફર આગળ વધારી, અને સાંજે એક ઠેકાણે જઈને પૂછયું તો જવાબ મળ્યો કે આ તો પાનીપત છે. ત્રીજા દિવસે પણ આમ જ થયું. હવે ઘણા પરેશાન થયા કે આ શું થઈ રહયું છે ?

એવામાં એક માણસ મળ્યો, એનાથી રસ્તો પૂછયો તો એણે જણાવ્યું કે સીધો રસ્તો તો તમે શેખ જલાલુદ્દીન પાસે છોડીને આવ્યા છે. મારી વાત ખોટી હોય તો પેલા બે માણસોને પૂછી જુઓ. હવે એમને થયું કે પાછા શેખ જલાલુદ્દીન પાસે જ જવું જોઈએ.

આ વેળા પહેલાં કરતાં વધારે અકીદત અને ઈખ્લાસ સાથે એમની સેવામાં પહોંચ્યા. શેખ જલાલુદ્દીન કબીરુલ અવલિયા રહ.ના હાથમાં હાથ આપીને બયઅત થયા અને રાહે સુલૂકમાં ઈસ્લાહે નફસની સફર શરૂ ફરમાવી. આપ રહ. તો બાળપણથી જ આ રાહના મુસાફિર હતા અને મઅરિફતે હક સિવાય બીજી કોઈ તાલીમ આપને પસંદ પણ ન હતી. અહિંયા થોડાક જ દિવસોમાં ખિલાફતથી નવાઝવામાં આવ્યા.

શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.એ 'અનવારુલ ઉયૂન ફી અસરારિલ મકનૂન' નામી કિતાબમાં આપ (અબ્દુલ હક) રહ.ના મલ્ફૂઝાત ભેગા કર્યા છે. આરંભે આપ રહ.નું જીવન ચરિત્ર પણ વર્ણવ્યું છે. એમાં એક કિસ્સો આ મુજબ પણ છે કે એકવાર હઝ. જલાલુદ્દીન રહ.ના કોઈ મુરીદના ઘરે દાવત હતી. જયાં દસ્તરખાન ઉપર ઉમદા ખાણાઓ આપને ગમ્યાં નહીં અને પાછા આવીને શેખ જલાલુદ્દીન રહ.ને એમની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ટોપી પાછી આપીને જંગલમાં નીકળી ગયા. (અનવારુલ ઉયૂન ફી અસરારિલ મકનૂનઃ ૨૧, ઉર્દૂ)

સફર અને દુનિયાની સેર

તરબિયત અને ઈસ્લાહની સફર પૂર્ણ થઈ તો હઝરત શેખ જલાલુદ્દીન રહ.થી પરવાનગી લઈને પાછા વતન રૂદોલી આવ્યા. અહિંયા રહીને થોડા થોડા સમયે વિવિધ પ્રદેશોની સફરે નીકળી પડતા. અને બુઝુર્ગો અને ઉલમાની મુલાકાત ફરમાવતા.

આ દિવસોમાં મુગલોના દિલ્હી ઉપર આક્રમણના સમાચાર પહોંચ્યા. તો આપ રહ. દૂરદેશાવરની સફરે નીકળી પડયા. રૂદોલી – પાનીપતથી પંજાબ પહોંચ્યા અને 'ભક્કર'ની એક મસ્જિદમાં રોકાયને ઈબાદત – રિયાઝતમાં મશગૂલ થઈ ગયા. (ભક્કર, વર્તમાન પાકિસ્તાનના પંજાબ રાજયના એક જિલ્લાનું વડું મથક છે.)

પંજાબ ઉપરાંત આપ રહ. બંગાળની સફરે પણ ગયા હતા. બંગાળમાં પંડવહ મુકામે પડાવ કર્યો(1). આ સફર વિશે શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ. અખ્બારુલ અખ્યારમાં લખે છે કે,

આપ 'તલાશે હક'માં શેખ નૂર કુત્બે આલમ રહ.ની સેવામાં પહોંચ્યા. બુઝુર્ગોની સેવામાં કંઈ તોહફો લઈને જવાના અદબનો વિચાર આવ્યો. આપની પાસે કંઈ હતું નહી, થોડું લીલું ઘાસ લઈને એમની સેવામાં હાજર થયા અને ઘાસ એમની સેવામાં રજૂ કરીને ફરમાવ્યું કે : ما با صفا است એમણે જવાબમાં ફરમાવ્યું કે ما با عزت است . થોડી વાર બન્ને ખામોશ બેસી રહયા, પછી શેખ અબ્દુલહક રહ. ઉઠીને ચાલ્યા આવ્યા.

હઝ. દહેલ્વી રહ. આ કિસ્સાનો મતલબ સમજાવતાં શેખ અબ્દુલ કુદ્દુસ રહ.ની કિતાબ અનવારુલ ઉયૂનના હવાલાથી લખે છે કે 'ઈઝઝત'નું સ્થાન 'સફા' કરતાં નીચું હોય છે. એટલે શેખ અબ્દુલ હક રહ.ને અહિંયા રહેવાથી કોઈ લાભ ન હતો. (અખ્બારુલ અખ્યાર, ઉર્દૂ : ૩૯૬)

ત્યાંથી પરત આવીને અવધ (અયોધ્યા)માં શેખ ફત્હુલ્લાહ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પાસે આવ્યા. હઝ. દહેલ્વી રહ.ના લખવા મુજબ અહિંયા પણ ઘણા વરસો રહયા અને યા હાદી, યા હાદીનો નારો લગાવતા રહેતા અને ફરતા રહેતા હતા.

મુળ વાત આ હતી કે હઝરત અહમદ અબ્દુલ હક રહ. સદાએ પોતાને રાહે હકના મુસાફિર સમજતા હતા. શેખ જલાલુદ્દીન રહ.થી ખિલાફત મળવા છતાં પોતાને કામિલ સમજતા ન હતા. અનવારુલ ઉયૂનમાં છે કે,

વહદત કે હોઝ સે હકીકત કા સાફ પાની બરાબર નોશ ફરમાતે થે લેકિન પ્યાસ બુઝતી ન થી ઓર સેરાબ ન હોતે થે. ઓર હર ચંદ કે બુલંદ મકામોં મે તરક્કી કરતે થે સબ સે ઝયાદા આગે બઢ્હે હૂએ રહેતે થે, લેકિત અપને ફાયદે કે મેદાન મેં જિસ કે હાસિલ કરને મેં સરગર્મ થે, કમાલ શોકે તલબ સે યે ઈમ્તીયાઝ ન હોતા કે ફલાં દરજે કે ફાયદે કી મંઝિલ તક પહોંચે, લિહાઝા ફરમાતે કે એ અહમદ ! પચાસ બરસ ગુઝર ગએ કે તૂ આલમ કે ગિર્દ ફિરતા હે ઓર ઝાતે હકીકી કી તલાશ કર રહા હે, લેકિન દિલ કે મકસદ તક ન પહોંચા.

કબરમાં ઇબાદત

છેવટે પોતાને કહેવા લાગ્યા અહમદ ! તેં કંઈ મેળવ્યું નથી. બુઝુર્ગોની સોહબત અપનાવવાની હજુ જરૂરત છે. જીવતા લોકોની સોહબત બહુ થઈ, હવે મુરદા લોકોની સોહબત અપનાવી જો. પછી એક દિવસ પોતે જ પોતાની કબર ખોદી અને છ મહીના સુધી એમાં બેસીને અલ્લાહની યાદમાં મશગૂલ રહયા.(અખબારુલ અખ્યાર : ૩૯૭)

કબરમાં ઈબાદત કરવાના ઉપરોકત કિસ્સાને લોકોએ વિવિધ રીતે વર્ણવ્યો છે. ઘણા લેખકોના લખવા મુજબ કબરમાં બિલ્કુલ બંધ થઈ ગયા હતા, અને કંઈ પણ ખાધા – પીધા વગર છ મહીના યાદે હકમાં ધ્યાનમગ્ન રહયા. અને આ બાબતને આપ રહ.ની કરામત કહે છે.

હયાતે શયખુલ આલમના લેખકના લખવા મુજબ અયોધ્યામાં આ સ્થળ આજે પણ મહફૂજ છે. શ્વાસ રોકી રાખવો, ખાધા – પીધા વગર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લાંબો સમય જીવંત રહેવું, વગેરે ચમત્કારો હિંદુ જોગીઓમાં પણ તે સમયે સામાન્ય હતા. એટલે આપ રહ.એ એમને જવાબ આપવા હેતુ મુજાહદહ કરીને આ 'કમાલ' પણ પ્રાપ્ત કર્યો હોય એ શકય છે.

ખાનકાહની શરૂઆત

અવધ (અયોધ્યા) ખાતે આપનું આગમન અને રોકાણ આપના જીવનમાં માઈલ સ્ટોન ગણી શકાય. અત્રે આપની ઈબાદત – રિયાઝત પછી આપ રહ. રૂદોલી પાછા ફર્યા અને અત્રે ખાનકાહ શરૂ ફરમાવી. પ્રો. ખલીક અહમદ નિઝામી રહ. લખે છે કે ચિશ્તીયા સિલસિલાનું પ્રથમ મરકઝ, ઐતિહાસિક દષ્ટિએ રૂદોલી છે. જયાં હઝરત શેખ અહમદ અબ્દુલ હક રહ.એ એવા ઝમાનામાં ખાનકાહ શરૂ ફરમાવી હતી, જયારે ચિશ્તીયા સિલસિલાનો મરકઝી નિઝામ ખતમ થઈ ગયો હતો. દિલ્હી અને આપસપાસનો વિસ્તાર ચિશ્તીયા સિલસિલાના બુઝુર્ગોથી લગભગ ખાલી થઈ ગયો હતો.

લગભગ ૧૪૧૦ ઈ.ની આસપાસ આપ રહ. રૂદોલીમાં ખાનકાહ શરૂ ફરમાવી હશે, એમ કહી શકાય.

ખાનકાહી નિઝામ શરૂ થયા પછી અત્રે મુરીદોની તરબિયત, ઈસ્લાહ સાથે તબ્લીગે દીનનું કામ પણ આપ રહ.એ સિલસિલાના બુઝુર્ગોની પરંપરા પ્રમાણે શરૂ કરી દીધું. ખાનકાહ અને બુઝુર્ગોથી આ પ્રદેશ બિલ્કુલ ખાલી હતો, એટલે આપની ખાનકાહ ખુબ પ્રસિદ્ધ થઈ અને રાહે હકના તલબગારોની મંજિલ બની ગઈ.

રૂદોલીના આ રોકાણ દરમિયાન પણ સફરનો સિલસિલો આપ રહ.એ જારી રાખ્યો. એકવાર જોનપૂરના હાકેમ સુલતાન ઈબ્રાહીમને મળવા અને દીનની વાત કહેવા કાઝી શિહાબુદ્દીન લહરયાવી રહ. સાથે જોનપૂર ગયા.

ઉપરાંત બીજી સફરોનું વર્ણન પણ કિતાબોમાં આવે છે.

બયઅતની કસોટી

● કોઈ અકીદતમંદ બયઅત થવાની દરખાસ્ત કરતો તો પ્રથમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એની કસોટી કરતા હતા. કયાંક એનામાં જરૂરતથી વધારે આપખુદી, અભિમાન, સુસ્તી અને મહેનત કરવામાં શરમ કે લાંછન અનુભવવાનો સ્વભાવ તો નથી ? આ માટે પ્રથમ આઠ દિવસ ખાનકાહનું પાણી ભરવા, લાકડીઓ ઉંચકવા અને ઝાડું – સફાઈ વગેરે કામો કરાવતા. મુરીદ કર્યા પછી પણ એની કસોટી કરતા રહેતા હતા કે કયાંક ભૂલ તો નથી થતી. (આપબીતી હઝરત શેખ રહ. ૨/૧૨૯૨, હયાતે શયખુલ આલમ.)

● અમીર ફઝલ ગોરી, આપની સેવામાં મુરીદ થવા માટે આવ્યો. આપ રહ.એ એને ફરમાવ્યું કે તારી ગરદન પહોળી છે, અને મારી દોરી સાંકળી, આ દોરીથી તારી ગરદન પકડાશે નહીં, એણે ફરીવાર બયઅતની દરખાસ્ત કરી તો ફરમાવ્યું કે, લ્યો, આ ઘડો, તળાવેથી પાણી ભરી લાવો. એણે ઘડો લીધો, બહાર જઈને સેવક પાસે ભરી મંગાવ્યો અને પછી પોતાના માથે લઈને હાજર થયો, આપ રહ.એ ફરમાવ્યું ક, મેં પહેલાં જ કહયું હતું કે તારી ગરદન મારી સાંકળી દોરીમાં આવવાની નથી.

● કોઈ માણસ મુરીદ થઈને ખાનકાહમાં ઈબાદત, ઈસ્લાહ માટે રોકાવાની પરવાનગી માંગતો તો પૂછપરછ કરતા કે એના ઉપર કોઈ શરઈ જવાબદારી બાકી છે કે નહીં ? બખ્તીયાર જોનપૂરી રહ. આપના મુરીદ હતા અને શરૂમાં એક સોદાગરના ગુલામ હતા. એમણે જયારે બયઅતની દરખાસ્ત કરી તો ફરમાવ્યું કે તમારા આકાની પરવાનગી મેળવીને આવો.

● મુખ્લિસ શાહ નામના એક મુરીદને ફરમાવ્યું કે છોકરા – છોકરીઓની શાદી કરાવો, પછી આવો. નહીંતર તમારી અહિંયા કોઈ જરૂરત નથી.

● કોઈ મુરીદમાં મશીખત અને મોટાઈ આવી જતી તો એની બયઅત તોડીને મુરીદીમાંથી બાકાત કરી દેતા હતા. એક મુરીદ શેખ બોધીને ખિલાફત અર્પણ ફરમાવી, પછી એમની કોઈ હરકતથી નારાજ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

થઈને એમની ખિલાફત પાછી લઈ લીધી. *(અનવારુલ ઉયૂન, બઝમે સૂફિયા)*

અવલાદ

શાદીથી બચવા જ આપ રહ. દિલ્હીથી નીકળી ગયા હતા, એ વાત ઉપર આવી ગઈ છે. અલબત્ત પાછલી ઉમરમાં આપ રહ.એ શાદી કરી લીધી હતી, પરંતુ અવલાદ લાંબો સમય જીવતી ન હતી. એક છોકરો પેદા થયો તો એનું નામ અઝીઝ રાખ્યું. પેદાઈશથી જ હક, હક, નો ઝિક્ર કરતો હતો. થોડા દિવસોમાં એનો ઈન્તેકાલ થઈ ગયો. એમની અહલિયહને ઘણો અફસોસ થયો. તો ફરમાવ્યું કે, હવે પછી છોકરો પેદા થશે અને જીંદગી પામશે અને એમ જ થયું. નામ એમનું આરિફ અહમદ હતું. અને એમના થકી જ આપનો અને ચિશતીયહ સાબરિયહ બુઝુર્ગોનો સિલસિલો આગળ ચાલ્યો.

બે બેટીઓ પણ આપની હતી. એકના શોહરનું નામ મીયાં ફરીદ અને બીજા દામાદનું નામ જહાંશાહ હતું. *(હયાતે શયખુલ આલમ : ૧૮૫)*

અમુક કિસ્સાઓ અને કરામતો

● આપ રહ.ના એક મુરીદ શેખ ફરીદ કપડાંની તિજારત કરતા હતા. એક દિવસ આપ રહ. પાસેથી પસાર થયા તો એમને બોલાવ્યા અને કપડાં જોયા પછી પૂછયું કે થાનની શું કીમત છે ? એમણે જવાબ આપ્યો કે એક થાન દસ ટકાનું છે અને ચુંગી અલગ. આપ રહ.એ ફરમાવ્યું કે, તો પછી તમે આ કાપડ સંતાડીને લાવતા હશો ? એમણે અરજ કરી કે, હા. આપ રહ.એ આ સાંભળીને ટકોર ફરમાવી કે હવે પછી ચુંગીની બીકે કંઈ સંતાડશો નહીં. એમણે હા ભરી લીધી. પછી ઘણો બધો સામાન લઈને કનોજ તરફ વેપાર માટે ગયા પણ રસ્તામાં કોઈએ પૂછયું પણ નહીં કે આ શું છે ? અને ઘણો જ નફો રળીને પરત આવ્યા.

● એકવાર સફર દરમિયાન એક વૃદ્ધાના ઘરે આપ રહ. રહેતા હતા. આપ રહ. ફરમાવે છે મેં ઘણી કોશિશ કરી પણ હું એનાથી આગળ નીકળી શકયો નહીં. શરદીમાં મોડી રાત્રે હું નમાઝ માટે ચુપચાપ વહેલો ઉઠતો અને વુઝૂ માટે બહાર નીકળતો તો એ વૃદ્ધા ઈબાદતમાં મશગૂલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હોતી, અને ફરમાવતી કે અહમદ, ગરમ પાણી તૈયાર છે.

● એકવાર એક દેગમાં ખાણું પકાવ્યું, અને રસ્તા ઉપર એમ કહીને મુકી દીધું કે જેમણે ખાવું હોય તે ખાય, કદી પુરું થશે નહીં. ત્રણ દિવસ સુધી લોકો એમાંથી ખાતા રહયા. પછી આપ રહ.ને વિચાર આવ્યો કે આનાથી તો પ્રસિદ્ધિ થશે, જે નુકસાનકારક છે. અલ્લાહ તઆલા એની મખ્લૂકને રોઝી આપનાર છે, તે જાણે અને એની મખ્લૂક. આમ વિચારીને દેગ જમીન ઉપર ફેંકી દીધી.

● એકવાર આપનો એક મુરીદ શરાબમાં મસ્ત થઈને ખાનકાહમાં આવ્યો અને 'હક, પીરે મન પાક, હક પીરે મન પાક'ની સદા લગાવવા માંડયો. લોકોએ એને ઘણો રોકયો પણ હરકતથી અટકયો નહીં. આપ રહ. નીચે ઉતરીને એની પાસે આવ્યા અને ફરમાવ્યું કે, તારો પીર કેવી રીતે પાક હોય શકે ? એ તો બંદો છે. અને બંદો માથાથી પગ સુધી પલીદ (નાપાક) છે. પાકી તો ફકત અલ્લાહ તઆલા માટે છે. આમ છતાં પેલો સદા લગાવતો રહયો તો આપ રહ.એ લાઠી જમીન ઉપર મારી. લાઠીના બે ટુકડા થઈ ગયા. આ તરફ પેલાનો શરાબનો નશો ઉતરવા માંડયો અને મોતની હાલત સવાર થવા માંડી. ત્રણ દિવસ પછી એનો ઈન્તેકાલ થઈ ગયો.(અનવારૂલ ઉયૂન, ઉર્દૂ–ફારસી : ૬૩)

● આપ રહ. સદા યાદે ઈલાહી અને ઝિક્રે ઈલાહીમાં મશગૂલ રહેતા હતા. જેના લઈ સદાએ આપ રહ.ની ઝબાન ઉપર હક, હક, નો ઝિક્ર જારી રહેતો હતો. અખ્બારુલ અખ્યારમાં હઝ. મુહદ્દિષ દહેલ્વી રહ. લખે છે કે, નમાઝના સમયે જલદીથી મસ્જિદમાં જવાનો આપનો મામૂલ હતો. અને પોતે જ મસ્જિદમાં સફાઈ કરતા હતા. ચાલીસ વરસ સુધી આપનો આ મામૂલ રહયો. આમ છતાં મસ્જિદનો રસ્તો જાણતા ન હતા. મસ્જિદ જતી વેળા મુરીદો હક, હકનો ઝિક્ર કરતાં સાથે ચાલતા હતા, આપ રહ. પણ એમની સાથે ચાલતા ચાલતા મસ્જિદમાં પહોંચી જતા હતા. કારણ કે ઈશ્કે ખુદાની મસ્તીમાં આપ રહ. આંખો સદાએ બંધ રાખતા હતા. આપના સિલસિલામાં જોડાયેલ મુરીદો દરેક વસ્તુમાં હક,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હક,નો ઝિક્ર કરતા હતા. સલામના સ્થાને અને છીંકના જવાબમાં હક હક કહેતા હતા. પત્રવ્યવહારમાં પણ શરૂમાં ત્રણ વાર હક, શબ્દ લખતા હતા. અન્ય કામોના આરંભે અને નમાઝ વગેરે ઈબાદતોથી ફારિગ થઈને પણ ત્રણવાર હક કહેતા હતા. પછી આ બધું સુન્નતના વિરુદ્ધ હોવાના કારણે છોડાવી દીધું.(પેજ : ૩૯૭ – ૩૯૮)

● મિયાં સાલાર નામના એક પ્રતિષ્ઠિત, માલદાર વ્યકિત ઉમદા લિબાસ અને સોનેરી તાર વાળા મોજા પહેરીને સેવામાં હાજર થયા. બયઅતની દરખાસ્ત કરી તો એ વેળા મુરીદો માટીની ગાર બનાવી રહયા હતા. આપને પણ હુકમ કર્યો કે આ લોકો સાથે મળીને ગાર બનાવવા માંડો. મિયાં સાલાર એ જ લિબાસમાં ગાર બનાવવામાં મશગૂલ થઈ ગયા. આપ રહ.એ આ જોયું તો એમની દરખાસ્ત મંજૂર કરી લીધી.

● એકવાર એમના મુરીદ શેખ બખ્તીયારને ફરમાવ્યું કે, બખ્તીયાર ! મારી ઈચ્છા છે કે ખાનકાહના આગણામાં એક કૂવો ખોદવામાં આવે. શેખ બખ્તીયારે તુરંત કૂવો ખોદવાનો શરૂ કરી દીધો, ખોદયો અને પાણી લાવીને હઝરતની ખિદમતમાં પેશ કર્યું. પૂછયું તો ફરમાવ્યું કે કૂવાનું પાણી છે. હઝરત રહ.એ ફમાવ્યું કે, હવે હું ચાહું છું કે બહારથી બીજી માટી લાવીને આ કૂવો ભરી દઈએ અને આ કૂવાની માટીથી ચબૂતરો બનાવીએ. શેખ બખ્તીયારે કંઈ પણ પૂછયા વગર આ બન્ને કામ પણ કરી દીધાં.

● એકવાર ફરમાવ્યું કે, 'મન્સૂર' (હલ્લાજ) બાળક હતા. પોતાના ઉપર કાબૂ ન રાખી શકયા અને અલ્લાહ તઆલાના ભેદને ખોલી નાંખ્યો. અમુક લોકો એવા હોય છે કે દરિયો ગટગટાવી જાય, છતાં અવાજ પણ ન કરે.

● એકવાર ફરમાવ્યું કે નિઝામી પાકો માણસ ન હતો. કારણ કે શેરમાં કહયું છે કે,

صحبتِ نیکاں ز جہاں گم گشت--خوان عسل خانۂ زنبور گشت

(નેક લોકોની સોહબત દુનિયામાંથી ખતમ થઈ ગઈ. મધપૂડો હવે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભમરીનું ઘર બની ગયું છે.) જેમ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોહબત સહાબાને પ્રાપ્ત હતી, આજે પણ નેક લોકોની એ મુજબની સોહબત મળી રહે છે.

વફાત

જોનપૂરના સુલતાન ઈબ્રાહીમ મશિરકીના ઝમાનામાં ૧૫ જમાદિલ આખર, ૮૩૭ અથવા ૮૩૬ હિ.માં આપ રહ.ની વફાત થઈ.

આપ રહ.ની ખાનકાહની વિશાળતા, લાંબો સમય આપ રહ.ની સેવા અને મુરીદોની ભીડ જોતાં કહી શકાય કે આપના ખલીફાઓની સંખ્યા ઘણી વધારે હશે. અલબત્ત આપના પુત્ર શેખ આરિફ આપના મશહૂર ખલીફા છે.

———————————————

(1) પંડવહ નામના બે સ્થળ બંગાળના ઈતિહાસમાં મશહૂર છે. એક PANDUA, dist : malda, જિ. માલદામાં, જેને હવે અદીના કહેવાય છે. આ શહેર ૧૩૩૯ ઈ.માં અલાઉદ્દીન અલી શાહે વસાવ્યું હોવાનું કહેવાય છે. બીજું PANDUA Hooghly district (also spelt Pandooah) શહેર હૂગલી જિલ્લામાં છે. ઐતિહાસિક રીતે એ જૂનું અને ધાર્મિક ગતિવિધિઓનું શહેર છે. અત્રે આ જ શહેર મુરાદ છે.

———————————————

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત : હઝ. મવ. ઝકરિય્યા રહ.
તારીખે મશાઈખે ચિશ્ત : પ્રોફેસર ખલીક અહમદ
અખ્બારુલ અખ્યાર : શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ.
નુઝહતુલ ખવાતિર : અલ્લામહ અ. હય્ય લખનવી રહ.
તારીખે દાવત વ અઝીમત : હઝ. મવ. અલી મીયાં નદવી રહ.
હયાતે શયખુલ આલમ : શાહ મુબીન અહમદ ફારૂકી.
અનવારુલ ઉયૂન ફી અસરારિલ મકનૂનઃ શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.
બઝમે સૂફિયા : સય્યદ સબાહુદ્દીન.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૩.

શેખ અહમદ આરિફ બિન શેખ અહમદ અબ્દુલ હક રૂદોલ્વી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. હઝરત શેખ અહમદ અબ્દુલ હક રહ.ના એક માત્ર પુત્ર હતા. આપના પૂર્વે શેખ અબ્દુલ હક રહ.ના પુત્રો પેદા થઈને વફાત પામી જતા હતા. એવામાં આ એક પુત્રને ઉમરની બરકત નસીબ થવાની ખુશખબરી મળી. હિજરી સન ૮૧૫માં આપનો જન્મ થયો.

પુત્રના લક્ષણ પારણામાંથી, આપ રહ. બાળપણથી જ નેક, સાલેહ હતા. અનવારુલ ઉયૂનમાં લખવા મુજબ આરિફે રબ્બાની, કામિલ, અકમલ અને અલ્લાહના મુકદ્દસ વલી હતા.

થોડા મોટા થયા અને ઉસ્તાદ સામે તાલીમ માટે બેસાડવામાં આવ્યા તો શેખ અબ્દુલ હક રહ.એ ફરમાવ્યું કે, તમે એને આદાબ શીખવાડો. ઈલ્મની તાલીમ હું આપીશ. કારણ કે علم حجاب اکبرست .(1)

આપ રહ.ની વિશેષ તરબિયત અને કેળવણીની બરકતથી શેખ આરિફ રહ.એ યુવાન વયે જ ઉચ્ચ મરતબો પ્રાપ્ત કરી લીધો અને આપની વફાત પછી આપની રૂહાની વરાસતના વારસદાર થયા.

અનવારુલ ઉયૂનમાં છે કે,

શેખ આરિફ રહ. ચાલીસ વરસ હયાત રહયા. જે કોઈ એમનાથી મળતું એનાથી ઘણી જ મહોબ્બત અને શફકતથી મળતા. અને એ માણસ એમ જ સમજતો કે શેખ આરિફ મારી સાથે સૌથી વધારે મહોબ્બત ફરમાવે છે. આ ફકીરે કોઈના મોઢે એવું નથી સાંભળ્યું કે, અમને શેખ આરિફથી મહોબ્બત નથી અથવા એમને અમારા પ્રત્યે શફકત નથી. આ બધું એમની વિલાયતનો કમાલ હતો. (પેજ : ૭૦)

શેખ અહમદ અબ્દુલ હક રહ.એ એમના સંબંધી શેખ નૂરુદ્દીન રહ.ને ફરમાવ્યું કે, શેખ નૂરુદ્દીન ! તમારી બેટીના નિકાહ અમારા બેટા સાથે કરવા રાજી છો ? એમના માટે ઈન્કારનો કોઈ પ્રશ્ન ન હતો. તુરંત રાજી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

થઈ ગયા. શેખ અબ્દુલ હક રહ. તુરંત મુરીદોની જમાઅત લઈને એમના ઘરે પહોંચી ગયા કે આજે જ નિકાહથી ફારિગ થઈ જઈએ. શેખ નૂરુદ્દીન રહ.એ પોતાના દરવાજે શેખ અબ્દુલ હક રહ.ને આવેલા જોયા તો તુરંત ઘરમાં ગયા, બધાને ભેગા કરીને વિગતે વાત કરી તો ઘરવાળા પણ બધા રાજી થઈ ગયા. પછી બધાએ અમુક નાની છોકરીઓને મોકલીને કહેવડાવ્યું કે, અમારી બેટી શેખ આરિફના નિકાહમાં આપી દીધી, અને કોઈ પણ આગ્રહ કે આનાકાની વગર શાદીની તય્યારી માટે થોડી મોહલત આપો. શેખ અબ્દુલ હક રહ. એ ખુશ થઈને છ મહીનાનો સમય આપી દીધો.

હિજરી સન ૮૫૫ માં આપ રહ.ની વફાત થઈ. અખ્બારુલ અખ્યાર વગેરે કિતાબોમાં આપ રહ.ની વફાતની તારીખ આ પ્રમાણે જ છે. અલબત્ત બહરે ઝખ્ખારના હવાલાથી હયાતે શયખુલ આલમ અને અન્ય કિતાબોમાં છે કે, આપ રહ. પચાસ વરસ સજ્જાદહ નશીન રહયા અને ૮૮૭ હિ.માં વફાત પામ્યા. (હયાતે શયખુલ આલમ : ૨૬૪)

શેયખુલ હદીસ મવ. ઝકરિય્યા રહ. એ ૮૮૨ હિ. વફાતની તારીખ દર્શાવીને લખ્યું છે કે વફાતની તારીખ પણ મહફૂજ નથી. અલબત્ત સાંભળ્યું છે કે રૂદોલી શરીફમાં ૧૭ સફરના દિવસે આપનો ઉર્સ થાય છે, એટલે એ જ વફાતની તારીખ હશે. અને અમુક શજરાતમાં પણ આ જ તારીખ દર્શાવી છે. *(તારીખે મશાઈખે ચિશ્ત : ૧૯૧)*

રૂદોલીમાં જ શેખ અબ્દુલ હક રહ.ની બાજુમાં આપ રહ.ની કબર છે.

શેખ આરિફ રહ.ના એક દિકરા મુહમ્મદ હતા, જે એમના ખલીફા હતા, અને એમના પછી સિલસિલાના જાનશીન બન્યા. ઉપરાંત બે દીકરીઓ હતી. એકના નિકાહ એક સય્યિદ સાથે થયા હતા અને બીજી દિકરીના નિકાહ શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ. સાથે કરવામાં આવ્યા. (મિરાતુલ અસરાર, બઝમે સૂફિયા)

શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. મોટા બુઝુર્ગ, વલી અને શેખ હતા. અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શેખ મુહમ્મદ રહ. પછી આ સિલસિલાના જાનશીન ઠેરવવામાં આવ્યા.

---

(1) ઈલ્મ હિજાબે અકબર હોવાના વિવિધ મતલબ બુઝુર્ગો દર્શાવે છે. એક મતલબ આ છે કે, ઘણીવાર ઈલ્મ મેળવીને ઉલમા એના ઉપર ફખ્ર કરે છે, કોઈ આલિમ અભિમાન કરે છે, અને આ બાબતો 'રાહે સુલૂક'માં રુકાવટ બને છે.

ઈલ્મની જરૂરત, મહાનતા અને શ્રેષ્ઠતા જોતાં એને છોડીને જાહિલ રહેવું બુરું છે અને લોકો ઈલ્મને સારી વસ્તુ સમજે છે, માટે 'રાહે હક'માં ઈલ્મને 'હિજાબે અકબર' (મોટો અવરોધ) કહેવાય છે. એના મુકાબલામાં ગુનાહોને 'હિજાબે અસ્ગર' (નાનો અવરોધ) કહેવામાં આવે છે. કારણ કે ગુનાહોને લોકો બુરા સમજે છે, વિશેષ કરીને 'રાહે હક'નો મુસાફિર અને સાલિક તો ગુનાહોની પાસે પણ ન જાય. આમ આ અવરોધ પાર કરવો સરળ છે, માટે એને 'હિજાબે અસ્ગર' કહેવામાં આવે છે. (ઈકતેબાસુલ અનવાર)

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત : હઝ. મવ. ઝકરિય્યા રહ.
અખ્બારુલ અખ્યાર : શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ.
હયાતે શયખુલ આલમ : શાહ મુબીન અહમદ ફારૂકી.
અનવારુલ ઉયૂન ફી અસરારિલ મકનૂનઃશેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.
ઈકતેબાસુલ અનવાર : શેખ અકરમ કુદુસી, તરજુમહ : કેપ્ટન વાહિદ બખ્શ સયાલ.
બઝમે સૂફિયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૪.

શેખ મુહમ્મદ બિન આરિફ બિન શેખ અહમદ અબ્દુલ હક રૂદોલ્વી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. હઝરત શેખ અહમદ આરિફ બિન અબ્દુલ હક રુદોલ્વી રહ.ના પુત્ર હતા. પોતાના વાલિદ શેખ અહમદ રહ.ની સેવા અને ફરમાંબરદારીની બરકતથી એમને પણ અલ્લાહ તઆલાએ વિલાયતથી નવાઝયા હતા. શેખ અબ્દુલ હક રહ. પછી એમના સાહબઝાદહ શેખ આરિફ રહ. અને એમના પછી શેખ મુહમ્મદ રહ... એમ લગાતાર ત્રણ પેઢીઓ સુધી આપ રહ.ના ખાનદાનમાં સાબરિય્યહ સિલસિલાની જાનશીની અને વિલાયત ચાલતી રહી.

સિલસિલએ ચિશતીયા સાબરિય્યહના મહાન બુઝુર્ગ હઝરત શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ. આપના જ મુરીદ અને ખલીફા છે.

'હયાતે શયખુલ આલમ'માં બહરે ઝખ્ખારના હવાલાથી વર્ણન છે કે, શેખ મુહમ્મદ રહ.એ એમના વાલિદની ખિદમત અને બરકતથી ઉચ્ચ મરતબો પ્રાપ્ત કર્યો હતો અને તસવ્વુફના ઉચ્ચ મકામાત, મુરાકબાત, અને હાલાતમાં એમના વાલિદ સરીખા હતા. ૮૮૭ હિ.માં એમની વિલાયતનો ડંકો વાગતો હતો. સુલતાન બેહલોલ લોધી એ સમયે દિલ્હીની ગાદીએ રાજ કરતો હતો.

બહરે ઝખ્ખારમાં આપ રહ.ના એક મુબારક પત્રનું પણ વર્ણન છે, જેમાં ઈલ્મ અને મઅરિફતની ઘણી ઊંડી અને કીંમતી વાતો વર્ણવવામાં આવી છે :

એ અઝીઝ ! ઈરાદો (નિય્યત) સાલિકની સવારી છે. શક્ય હોય એટલી શકિત અને દઢતા સાથે તરીકતની રાહ અને શરીઅતના રસ્તે ચાલવામાં આવે અને અસલી મંઝિલે પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવે. સાલિક (મુરીદ) માટે જરૂરી છે કે પોતાની શકિત અને લગની મુજબ મહેનત કરે અને સ્વંયને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુરશિદે કામિલના હવાલે કરી દે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દર્શાવેલા આદેશો, આદર્શો, (આદાબ) અને નબવી જીવનની અન્ય બાબતોથી પોતાને વાકેફ રાખે અને એ મુજબ જ પોતાના ઝાહિર અને બાતિનમાં અમલ કરે.

પોતાના ઝાહિર અને બાતિનને પીરથી છુપાવે નહીં.

વાતો ઓછી કરે. ભુખ ઉપર સબ્ર કરે.

દિલની સોહબત અને બાતિનનું એકાંત રહે એવી સ્થિતિ અપનાવે, જેથી અલ્લાહ તઆલાના ફઝલ અને કરમ વડે નેક અને મહાન લોકોના મરતબા સુધી પહોંચવાની સફળતા મળે. (બહરે ઝખ્ખાર ફારસી પેજ : ૬૧૧ – ૬૧૨, હયાતે શયખુલ આલમ : ૨૬૬)

જુમ્અહની નમાઝ માટે સવારથી જ જામેઅ મસ્જિદમાં પહોંચી જતા અને આખો દિવસ મસ્જિદમાં રહીને ઇબાદતમાં મશગૂલ રહેતા. સવારથી જુમ્અહ સુધી, જુમ્અહ પછી અસર સુધી, અસર પછી મગરિબ સુધી અને મગરિબની નમાઝ અદા કરીને ઘરે પાછા આવતા હતા.(1)

જીવનની છેલ્લી ઘડીઓમાં એમણે પોતાના પુત્ર શેખ અવલિયા રહ.ને યાદ ફરમાવ્યા. તેઓ એ વેળા શાહઆબાદ શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ. પાસે તાલીમ અને કેળવણી પ્રાપ્ત કરી રહયા હતા. આપ રહ.એ પોતાની કરામતથી એમને શેખ અવલિયા રહ. સાથે રુદોલી આવવાનો આદેશ આપ્યો. (2)

બન્ને જયારે રુદોલી પહોંચ્યા તો શેખ મુહમ્મદ રહ. સકરાતની સ્થિતિમાં હતા. વારંવાર એક અલ્લાહ તઆલાની ઝાતમાં ખોવાય જતા અને હોશમાં આવતા તો ફરમાવતા કે ' સુબ્હાનલ્લાહ, સમજાય ગયું, સમજાય ગયું'.

શેખ અબ્દુલ કુદુસ રહ.એ પૂછયું કે, હઝરત ! શું સમજાય ગયું ? તો ફરમાવ્યું કે, તવહીદે મુત્લક એટલે શું, એ સમજાય ગયું.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રૂહ નીકળવાનો સમય આવ્યો તો ઓર વધારે તલ્લીન અને મગ્ન થઈ ગયા. શેખ અબ્દુલ કુદ્દુસ રહ.એ ફરમાવ્યું કે, અહલે હક માટે આ સમય હોશિયારી જાળવવાનો છે. તો ફરમાવ્યું કે, મારા વિશે બે ફિકર રહો. અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજી વસ્તુ મારા દિલમાં નહીં આવે. પછી ખુશ થઈને બેસી ગયા અને ખિલાફતનો ખિરકહ, તેમજ સિલસિલાના મશાઈખની અમાનતો શેખ અબ્દુલ કુદ્દુસ રહ.ને અતા ફરમાવી.

શેખ અબ્દુલ કુદ્દુસ રહ.એ અરજ કરી કે આપ રહ.ની વફાત પછી હું એકલો રહી જઈશ. મારામાં આપ રહ.ની જુદાઈ સહેવાની શકિત નથી. તો શેખ મુહમ્મદ રહ.એ ફરમાવ્યું કે, તમને શી ફિકર ? તમે વલી છો.

એમણે આ જગ્યા છોડીને અન્ય સ્થળે જવાની પરવાનગી માંગી તો ફરમાવ્યું કે, મારા બેટા શેખ અવલિયાની તરબિયત તમારી જવાબદારી છે, એમની તરબિયત ફરમાવી એમને અહિંયા મારી જગ્યાએ છોડીને પછી જશો.

શેખ અબ્દુલ કુદ્દુસ રહ.એ શેખ મુહમ્મદ રહ.ની વસીય્યત મુજબ વફાત પછી શેખ અવલિયા રહ.ની તરબિયત ફરમાવી, એમને મશાઈખની અમાનતો સોંપીને શેખ મુહમ્મદ રહ.ના સજ્જાદહ ઉપર જાનશીન બનાવીને પછી ત્યાંથી પોતાના વતન આવી ગયા.

ઈકતેબાસુલ અનવારમાં લતાઈફે કુદ્દુસીની એક હસ્તપ્રતના આધારે લખવામાં આવ્યું છે કે શેખ મુહમ્મદ રહ.એ સિલસિલામાં પોતાના સ્થાને શેખ અબ્દુલ કુદ્દુસ રહ.ને જાનશીન બનાવ્યા હતા અને પછી એમણે શેખ અવલિયા (શેખ બુધ રહ.)ને ખિલાફત આપીને શેખ મુહમ્મદ રહ.ના સ્થાને બેસાડયા હતા. પણ અન્ય કિતાબો જેમ કે, મિરાતુલ અસરાર, બહરે ઝખ્ખાર (પેજ : ૬૧૨) વગેરે અને છપાયેલ લતાઈફે કુદ્દુસિય્યહની પ્રતોમાં છે કે શેખ મુહમ્મદ રહ.એ સીધી રીતે પોતાના પુત્ર શેખ અવલિયા રહ.ને ખિલાફતથી નવાઝીને પોતાના જાનશીન બનાવ્યા હતા. (લતાઈફે કુદ્દુસિય્યહ : ૨૪૦)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કિતાબોમાં આપ રહ.નું વર્ણન ઘણું ઓછું મળે છે. બહરે ઝખ્ખાર, મિરાતુલ અસરાર વગેરેમાં ઘણી થોડી જાણકારી છે. શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ. આપના ખલીફા હતા, અલબત્ત એમણે પણ 'અનવારુલ ઉયૂન'માં શયખુલ આલમ હઝ. અબ્દુલ હક રહ.ના હાલાત અને કરામાત વર્ણવ્યા છે. શેખ મુહમ્મદ રહ. વિશે એમાં જાણકારી ઉપલબ્ધ નથી. શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.ના પુત્ર અને ખલીફા શેખ રુકનુદ્દીન રહ.એ 'લતાઈફે કુદુસીયહ'માં શેખ અ.કુદુસ રહ.ના મલ્ફૂઝાત, કરામાત, ખિદમાત વગેરે માહિતી ભેગી કરી છે. એમાં શેખ મુહમ્મદ રહ. વિશે થોડું ઘણું વર્ણન છે. કારણ કે શેખ અબ્દુલ કુદ્દસ રહ.ની શાદી શેખ મુહમ્મદ રહ.ની બહેન, શેખ આરિફ બિન અહમદ રહ.ની સાહબઝાદી સાથે થઈ હતી. એ આધારે શેખ રુકનુદ્દીને પોતાના વાલિદના પીર – શેખ અને પોતાના મામાનું વર્ણન ફરમાવ્યું છે. એના જ હવાલાથી ઈકતેબાસુલ અનવારમાં (પેજ : ૫૯૫) ઉપર વર્ણન છે કે લતાઈફે કુદુસિય્યહની એક મોતબર હસ્તપ્રત (કલમી નુસ્ખા)માં શેખ અબ્દુલ કુદુસ રહ.ને જ સિલસિલાના જાનશીન બનાવવાનું લખવામાં આવ્યું છે, પણ છપાયેલી બીજી પ્રતોમાં શેખ અવલિયા રહ.ને જાનશીન બનાવવાનો ઉલ્લેખ છે. વલ્લાહુ અઅલમ.

આપ રહ.ની વફાત વિશે પણ ચોક્કસ વરસ અને તારીખ ઉપલબ્ધ નથી. હઝરત શેખુલ હદીસ મવલાના મુહમ્મદ ઝકરિય્યા રહ. લખે છે કે શજરાતમાં ૮૯૮ હિ. વફાતનું વરસ લખવામાં આવ્યું છે અને તારીખ પણ ૧૭ સફર લખવામાં આવી છે.

હઝરત શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ. સિવાય આપના બીજા કોઈ ખલીફા વિશે જાણકારી મળતી નથી. અલબત્ત હઝરત શેખ અબ્દુલ કુદુસ રહ. સિલસિલાના મહાન બુઝુર્ગોમાંથી ગણાય છે.

———————————————

(1) http://auliakaram.net16.net/_ur/hazrat-muhammad-arif.htm

(2) બહરે ઝખ્ખાર અને મિરાતુલ અસરાર અને લતાઈફે કુદ્દસિય્યહમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છે કે શેખ અહમદ અબ્દુલ હક રહ.ની રૂહાનિયતે એમને આદેશ આપ્યો કે શેખ અવલિયાને લઈને શેખ મુહમ્મદ રહ.ની સેવામાં પહોંચે. (બહરે ઝખ્ખાર ૬૧૨, મિરાતુલ અસરાર ૧૧૬૨, લતાઈફે કુદુસિય્યહ : ૨૩૯)

———————————————

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત : હઝ. મવ. ઝકરિય્યા રહ.
હયાતે શયખુલ આલમ : શાહ મુબીન અહમદ ફારૂકી.
ઈકતેબાસુલ અનવાર : શેખ અકરમ કુદુસી, તરજુમહ : કેપ્ટન વાહિદ બખ્શ સયાલ.
બહરે ઝખ્ખાર (ફારસી) : વજીહુદ્દીન અશ્રફ.
લતાઈફે કુદુસિય્યહ : શેખ રુકનુદ્દીન રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૫.

શેખ અબ્દુલ કુદ્દુસ ગંગોહી ૨હ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખાનદાન
જન્મ :
બયઅત અને ખિલાફત :
શાદી અને અવલાદ :
મુજાહદહ :
શરીઅતની પાબંદી :
રુદોલીથી શાહઆબાદ :
શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ની કાર્ય પદ્ધતિ :
લેખન કાર્ય – કિતાબો :
સિલસિલામાં આપ રહ.નું સ્થાન :
વિવિધ સિલસિલાઓમાં ઈજાઝત
વફાત :
અવલાદ :
શેખ અબ્દુન્નબી ગંગોહી રહ.
ખલીફાઓ :
કરામાત અને કિસ્સાઓ :
સંદર્ભ ગ્રંથો :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ. ચિશ્તીયહ સાબરિયહ સિલસિલાના મહાન બુઝુર્ગ છે. એમના રૂહાની ફૈઝ અને તાલીમી, તબ્લીગી સેવાઓના આપ રહ.ના સમકાલીન અને બાદના વિદ્વાનોએ ભરપૂર વખાણ કર્યા છે. પ્રોફેસર ખલીક અહમદના લખવા મુજબ ઉત્તર ભારતમાં આપના થકી સિલસિલાની ઘણી પ્રગતિ થઈ અને દૂર સુધી એની રોશની પહોંચી. એમ કહી શકાય કે એમના જેવી ખ્યાતિ સાબરી સિલસિલામાં એમના પૂર્વે કોઈને મળી ન હતી.

ખાનદાન :

આપ રહ. હઝરત ઈમામ આઝમ અબૂહનીફહ રહ.ની અવલાદમાંથી છે. ઈમામ સાહેબ રહ.ની છવ્વીસમી પેઢીએ આપ રહ.નું સ્થાન છે અને આ આધારે જ શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. પોતાને હનફી લખતા હતા.

એમના પૂર્વજોમાં શેખ નિઝામુદ્દીન રહ. સાતમી સદી હિજરીમાં પોતાના એક પુત્ર શેખ નસીરુદ્દીન સાથે ગઝનીથી અલાઉદ્દીન ખિલજીના સમયકાળમાં દિલ્હી આવ્યા. આ જ દિવસોમાં એમના એક સંબંધી કાઝી શિહાબુદ્દીન પણ ગઝનીથી દિલ્હી થઈને જોનપૂર પહોંચ્યા અને સુલતાન ઈબ્રાહીમ મશિરકીના દરબારમાં 'સદરુલ ઉલમા'ના હોદ્દા પર બિરાજમાન થયા તો કાઝી શિહાબુદ્દીન સાથે સંબંધના કારણે શેખ નિઝામુદ્દીન પણ જોનપૂર આવી ગયા. અહિંયા કાઝી શિહાબુદ્દીનની દીકરીના નિકાહ શેખ નિઝામુદ્દીનના દીકરા શેખ નસીર સાથે થયા. આ નિકાહ પછી શેખ નસીરને ત્રણ પુત્રો થયા. સફીયુદ્દીન, ફખ્રુદ્દીન, રઝીયુદ્દીન.

શેખ નસીરુદ્દીન થોડા સમય પછી ઘરબાર સાથે રુદોલીમાં આવીને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વસી ગયા. એમના ત્રણે પુત્રો (સફીયુદ્દીન, ફખ્રુદ્દીન, રઝીયુદ્દીન) કાબેલ આલિમ અને વિદ્વાન હતા. વિશેષ કરીને શેખ સફીયુદ્દીન રહ. ઘણા જ હોશિયાર, વિદ્વાન અને મુત્તકી, પરહેઝગાર હતા.

એમણે પોતાના નાના કાજી શિહાબુદ્દીન રહ. પાસેથી ઈલ્મ મેળવ્યું અને શેખ અશરફ જહાંગીર સમનાની રહ.ની સોહબતમાં રહીને રાહે તરીકતમાં મુરીદી અને ખિલાફતની સઆદત પ્રાપ્ત કરી હતી. નુઝહતુલ ખવાતિરમાં છે કે શેખ સમ્નાની રહ. એમના વિશે ફરમાવે છે કે, જ્ઞાન અને વિદ્યાઓમાં અજીબો ગરીબ કાબેલિયત વાળો 'સફી' જેવો બીજો કોઈ માણસ હિંદુસ્તાનમાં મેં નથી જોયો. (ભાગ ૩, પેજ : ૨૫૬) મિરાતુલ અસરારમાં શેખ અબ્દુર્રહમાન ચિશ્તી રહ. લખે છે કે, એમ તો તેઓ ઈમામ અબૂહનીફહ રહ.ની અવલાદમાંથી છે, પણ ઈલ્મ, હિકમત, તકવા અને કમાલાતમાં તેઓ બીજા ઈમામ અબૂહનીફહ છે. (પેજ : ૧૧૮૪, ઉર્દૂ અનુવાદ)

શેખ સફીયુદ્દીન રહ.ની શાદી રુદોલીમાં એક પ્રતિષ્ઠિત ખાનદાનમાં શેખ સફીય્યહ બીબી સાથે થઈ. અને તા. ૧૨ રબીઉલ અવ્વલ, ૭૮૯ હિ. ના દિવસે એમના ઘરે એક પુત્ર ઈસ્માઈલનો જન્મ થયો. આ શેખ ઈસ્માઈલ રહ. શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ના વાલિદ છે.

નુઝહતુલ ખવાતિરમાં છે કે શેખ ઈસ્માઈલ રહ.એ વાલિદ શેખ સફીયુદ્દીન રહ. પાસે રહીને તાલીમ અને કેળવણી પ્રાપ્ત કરી. શેખ ઈસ્માઈલ રહ.ની તાલીમના હેતુથી જ શેખ સફીયુદ્દીન રહ.એ એક કિતાબ 'દસ્તુરુલ મુબ્તદી' લખી. કાફિયહની શર્હ 'ગાયતુત્તહકીક' પણ શેખ સફીયુદ્દીન રહ.એ શેખ ઈસ્માઈલની તાલીમ વેળા જ લખી હતી. શેખ સફીયુદ્દીન એમને રાત્રે મુતાલઆ અને વાંચનની તાકીદ ફરમાવતા અને કહેતા કે રાત્રે વાંચન કરવું યાદશકિત વધારે છે અને નસીહત ફરમાવતા કે 'ઉલમાએ સૂઅ' (અમલ વગરના બુરા આલિમ) ન બનો. અમલ વગરનો આલિમ દોરી વગરની કમાન જેવો અને ચમક વગરના આયના જેવો છે. ૧૬ વરસની ઉમરે એમણે તાલીમ પૂરી કરી લીધી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતી. (૩ – પેજ ૨૩૭)

તાલીમ પછી કાઝી ઈસ્માઈલની શાદી રુદોલીના દીનદાર ખાનદાનમાં કાઝી દાનિયાલની બહેન મરયમ સાથે થયા. ચાર દીકરાઓ એમના ઘરે પેદા થયા. અબ્દુસ્સમદ, અઝીઝુલ્લાહ, અબ્દુલકુદ્દૂસ, હબીબુલ્લાહ.

૧૩ ઝીલ્કદ, ૮૧૯ હિ.માં કાઝી સફીયુદ્દીન રહ.ની વફાત થઈ તો એમના સ્થાને શેખ ઈસ્માઈલ જાનશીન થયા. અને હિજરી સન ૮૬૦માં કાઝી ઈસ્માઈલ રહ.ની વફાત થઈ. બન્નેની કબર રુદોલીમાં જ છે.

જન્મ :

શેખ ઈસ્માઈલ રહ.ના ઘરે હિજરી સન ૮૫૨ (૧૪૫૦ઈ.)માં દીકરા અબ્દુલ કુદ્દૂસનો જન્મ થયો. કંઈક તાલીમ આપના વાલિદ પાસેથી મેળવી. ખતનવેસી અને ખુશનવેસી (પત્ર લેખન અને સુલેખન)ની તાલીમ વાલિદ પાસેથી મેળવી હતી. આ જ કારણ છે કે આપ રહ.ના મકતૂબાત દિલને પ્રભાવિત કરે છે અને અસર કરે છે. (મશાઈખે ચિશ્તીયા સાબરિય્યહ : ૯૮)

નુઝહતુલ ખવાતિરમાં છે કે, અરબી વગેરેની તાલીમ મુલ્લા ફત્હુલ્લાહ ઉર્ફે 'મિંયા ચિકના દાનિશમંદ' પાસે પ્રાપ્ત કરી રહયા હતા. તાલીમ દરમિયાન ઈબાદત, રિયાઝત અને ઈશ્કે ઈલાહીનો પ્રભાવ છવાય ગયો તો તાલીમ છોડી દીધી અને શેખ અહમદ અબ્દુલ હક રુદોલ્વી રહ.ના મઝાર – ખાનકાહમાં આવીને ઈબાદત અને યાદે ઈલાહીમાં મશગૂલ ગઈ ગયા. થોડી મુદ્દત પછી આપને એહસાસ થયો કે ઈલ્મ વગરનું તસવ્વુફ તો 'લૂણ વગરનું જમણ' છે, એટલે કિતાબોનું વાંચન અને મુતાલઅહ શરૂ કર્યો અને એટલી મહેનત કરી કે અલ્લાહ તઆલાએ ઈલ્મના દરવાઝા એમના માટે ખોલી દીધા. (૪–૩૭૧, ૩૭૨) આપના પુત્ર શેખ રુકનુદ્દીન રહ. ફરમાવે છે કે મારા વાલિદ રહ.એ ઉસૂલે ફિકહની તાલીમ પ્રાપ્ત કરી ન હતી, છતાં મને આ વિષયની શાશી, હુસ્સામી, વગેરે કિતાબો પઢાવતા હતા. (મશાઈખે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચિશ્તીયા સાબરિય્યહ : ૯૯)

ગુલઝારે અબરારમાં છે કે, મદરસાની બહુ તાલીમ મેળવી ન હતી. ઈલ્મે લદુન્નીના દરવાઝા આપ ઉપર ખુલેલા હતા. સૂફીઓની કિતાબો જેમ કે, ફુસૂસુલ હિકમ, અવારિફ, ઈસ્તેલાહાતે કાશી, વગેરેને મુતાલઅહ (વાંચન) વડે હલ કરીને દરેક કિતાબની બેહતરીન શર્હ લખી છે. (૨૩૯)

બયઅત અને ખિલાફત :

શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. શેખ મુહમ્મદ બિન શેખ આરિફ બિન શેખ અહમદ અબ્દુલહક રહ.ના હાથ ઉપર બયઅત થયા હતા અને એમનાથી જ ખિલાફત પ્રાપ્ત ફરમાવી હતી.

આપ રહ.એ શેખ અહમદ અબ્દુલ હક રહ.ના જીવનચરિત્ર અને કરામતોના વર્ણનમાં એક કિતાબ 'અનવારુલ ઉયૂન' નામે સંપાદન ફરમાવી હતી. એમાં આપ રહ. લખ્યું છે કે, પ્રથમ મુજ ફકીરને 'આલમે મુઆમલહ'માં શયખુલ આલમ રહ.થી ઈજાઝત મળી ગઈ હતી. પછી શયખુલ આલમ રહ.ના પોત્ર શેખ મુહમ્મદ રહ.થી બયઅત થયા અને ઈજાઝતની સઆદત પ્રાપ્ત કરી.

શેખ મુહમ્મદ રહ.થી બયઅત અને ખિલાફત મળ્યા પછી આપ રહ. ઘણી મુદ્દત સુધી રુદોલીમાં શેખ અહમદ અબ્દુલ હક રહ.ની ખાનકાહમાં જ રહયા. અત્રે મુજાહદહ, ઈબાદત, ખાનકાહની સફાઈ, મહેમાનોની સેવા કરવી, ખાવું પકાવવું, જંગલમાંથી લાકડાં લાવવા વગેરે કામો અંજામ આપતા હતા.

શાદી અને અવલાદ :

મિરાતુલ અસરારમાં છે કે, આપના પીરો મુરશિદ શેખ મુહમ્મદ રહ.એ પોતાના ભાઈ શેખ અહમદ આરિફ રહ.ની પુત્રી સાથે આપના નિકાહ ફરમાવ્યા. પોતાના બન્ને પીરો શેખ અહમદ અબ્દુલ હક રહ. અને શેખ મુહમ્મદ રહ.ના ખાનદાનના જમાઈ બન્યા પછી પણ પીરો મુરશિદના ઘરનું કામકાજ પહેલાંની જેમ જ અંજામ આપતા રહયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપના સાત, દસ કે ચાર પુત્રો હતા. બધા જ આલિમ અને સાહિબે કમાલ હતા. તેઓ દિલ્હીમાં તાલીમ પ્રાપ્ત કરતા હતા. વાલિદ સાહેબને મળવા આવવાની ઇચ્છા થાય અને હાજર થવાની પરવાનગી માંગતા તો તાલીમનું નુકસાન ન થાય એ હેતું તેઓ પોતે જ દિલ્હી તશરીફ લઈ જતા હતા.

અવલાદ વિશે વિગતવાર વર્ણન આગળ આવી રહયું છે.

મુજાહદહ :

આપના પુત્ર રુકનુદ્દીન રહ. ફરમાવે છે કે, લગાતાર મુજાહદહ અને ખાનકાહના કામોના કારણે તબિયત ઉપર પણ ઘણો અસર પડયો હતો. આ દિવસોમાં ફકત એક ગોદડી જ ઓઢતા હતા. એમાં પણ અનેક જગ્યાએ ઠીંગડા લાગેલા હતા. અને મારા જન્મ સુધી આ એક ગોડદી સિવાય બીજો કોઈ લિબાસ આપ રહ. પહેરતા ન હતા.

શેખ ખ્વાજગી સિધોરવી રહ. પ્રતિ આપ રહ.ને ખાસ અકીદત હતી. એક દિવસ તેઓ મળવા આવ્યા અને જોયું કે બદન ઉપર હજુ એ જ ગોદડી છે તો ફરમાવ્યું કે, અમુક સૂફીઓના ગોદડી પહેરવામાં નફસનો હિસ્સો હોય છે અને એની દલીલ આ છે કે, એમને આમ કરવાથી રોકવામાં આવે છે તો એમને ગુસ્સો આવે છે. આ સાંભળીને આપ રહ.એ કપડાં પહેરવાનો ઈરાદો ફરમાવ્યો. ખાદિમો નવા કપડાં સીવડાવીને લાવ્યા, એ પહેર્યાં પરંતુ એ કપડાં જૂના થયા તો પાછી ગોદડી જ પહેરી લીધી.

વધુ પડતો સમય ઈબાદત કરતા રહેતા હતા. નમાઝ સાથે ઘણો જ લગાવ હતો. શરદીની મોસમમાં પણ આખી રાત નફલો પઢતા રહેતા હતા. રમઝાનુલ મુબારકમાં ત્રણ કુરઆન ખતમ ફરમાવતા હતા. દિવસમાં ૪૦૦ રકાત અને રાત્રે ૪૦૦ રકાત નફલ પઢતા હતા.

લતાઈફે કુદ્દૂસિય્યહમાં આપ રહ.નું કથન છે કે, મારી ઉમરના કેટલાયે વરસ એવા વીત્યા છે કે, હું ઈશા પછીથી સવાર સુધી ઝિક્ર બિલજહ્ર કરતો રહેતો. આપના સાહબઝાદા રુકનુદ્દીન ફરમાવે છે કે, મેં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચાલીસ વરસ સુધી જોયું કે આપ રહ. રોઝાની મનાઈના પાંચ દિવસ છોડીને આખું વરસ રોઝો રાખતા હતા.

હલાલ રોઝીનો જ એહતેમામ ફરમાવતા હતા. ખઝીનતુલ અસ્ફિયામાં છે કે, હલાલ રોઝી માટે ખેતી કરતા હતા અને ખેતી તૈયાર થાય ત્યારે પહેલાં દુરવેશોનો હિસ્સો કાઢતા હતા પછી જરૂરત મુજબ ઘરમાં રાખતા હતા.

આપબીતીમાં હઝરત અકદસ મવલાના ઝકરય્યિા રહ. લખે છે કે, હઝરત શાહ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ. વિશે તઝકિરતુર રશીદમાં છે કે, આખી જિંદગી ફાકા અને ગરીબીમાં પસાર ફરમાવી. આપના સાહબઝાદાઓ ભૂખના કારણે જોરથી રડતા કકળતા અને તડપતા હતા. એમની વાલિદહ છોકરાઓને ફોસલાવવા માટે ચૂલા ઉપર હાંડી મૂકી દેતાં અને છોકરાંઓને તસલ્લી આપતાં કે જૂઓ ચૂલા ઉપર શું છે ? ગભરાઓ નહીં. તમારા વાલિદ આવશે ત્યારે બધા સાથે ખાઈશું. બાળકો રડતાં રડતાં આપની પાસે પહોંચતા અને જીદ કરતા કે જલદી ઘરે ચાલો, અમારે ખાવા ખાવું છે. આપ રહ. સાહબઝાદાઓ સાથે ઘરે આવતા અને બેસીને પોતે પણ આસું સારતા હતા અને ફરમાવતા કે, અફસોસ ! મારા ગુનાહોના કારણે આ માસૂમ બાળકો ઉપર મુસીબત આવી રહી છે. (૮૭૦)

શરીઅતની પાબંદી :

શરીઅતના હુકમોના ઘણા જ પાબંદ હતા. 'રુશ્દ નામહ' (અલખવાણી) આપની શાયરીનો સંગ્રહ છે. એની એક હસ્તપ્રતના હાશિયહમાંથી પ્રો.ખલીક અહમદ લખે છે કે, શરીઅતે મુહમ્મદી અને અહલે સુન્નત વલ જમાઅતના અકીદાથી જરા પણ આગળ વધતા ન હતા. એમના મકતૂબાતના લખાણોમાં પણ આ બાબત સ્પષ્ટ રૂપે નજર આવે છે. અમીરો અને હાકેમોને પણ આ બાબતની તાકીદ કરતા પત્રો લખતા હતા.

દરેક વસ્તુમાં હલાલ અને પાકીનો એહતેમામ ફરમાવતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગામના કસાઈઓનો ગોશ્ત પણ ખાતા ન હતા અને ગામના કુવાઓના પાણીથી વુઝૂ – ગુસલ પણ કરતા ન હતા. દૂર જંગલના પાણીથી તહારતની વ્યવસ્થા ફરમાવતા હતા.

એકવાર ખ્વાબમાં જોયું કે હઝરત જિબ્રઈલ અલૈ. આપની પાસે કોઈ કિતાબ લઈને આવ્યા. આપ રહ.એ ખ્વાબમાં જ વિચાર્યું કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી હઝરત જિબ્રઈલનું નાઝિલ થવું કેવી રીતે શકય છે ? કયાંક આ શયતાનનો ધોકો ન હોય ? એટલામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તશરીફ લાવ્યા અને હઝરત જિબ્રઈલ અલૈ.થી વાતચીત કરવા લાગ્યા. થોડીવાર પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને હઝરત જિબ્રઈલ અલૈ. પરત જવા લાગ્યા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં અરજ કરી કે, જિબ્રઈલ અલૈ.એ મને કિતાબ આપી છે, એનું શું કરું ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, એ કિતાબ મારી સુન્નત છે. એને કાયમ કરો.

આ ખ્વાબ અને હુકમની અસર એટલી બધી આપ રહ. ઉપર સવાર હતી કે શરીઅતના અહકામ ઉપર ખૂબ જ પાબંદીથી અમલ ફરમાવતા હતા. અને જે કોઈ માણસ શરીઅત વિરુદ્ધ કામ કરતો આપ રહ. એને પોતાની પાસે પણ આવવા દેતા ન હતા.

રુદોલીથી શાહઆબાદ :

રુદોલીમાં જયારે મુસલમાનોની સ્થિતિ કમઝોર થઈ ગઈ અને ગેરમુસ્લિમોનો પ્રભાવ વધી ગયો તો આપ રહ. દિલ્હીથી શાહઆબાદ તશરીફ લઈ ગયા. દિલ્હીમાં ત્યારે સિકંદર લોધીની હુકૂમત હતી અને સિકંદર લોધીનો એક અમીર ઉમરખાન કાશી આપનો અકીદતમંદ હતો. આપ રહ. એના આગ્રહને વશ થઈને ઘરબાર અને અવલાદ સાથે શાહઆબાદ ચાલ્યા ગયા. આ ઘટના હિજરી સન ૮૯૬ – ૧૪૯૧ ઈ.ની છે. અહિંયા લગભગ ૩૮ વરસ આપ રહ.એ રોકાણ કર્યું. શેખ હમીદ સિવાય બાકી બધી અવલાદનો જન્મ અહિંયા જ થયો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પછી હિજરી સન ૯૩૨/૧૫૨૫ ઈ.માં બાબરે હિંદુસ્તાન ઉપર આક્રમણ કર્યું અને પાનીપતના મેદાનમાં સિકંદર લોધીની હાર થઈ તો લશ્કરના રોકાણ અને લડાઈઓના કારણે શાહઆબાદ બરબાદ થઈ ગયું. બાબરના મુકાબલા માટે સિકંદર લોધીના લશ્કરે યમુના નદીના પશ્ચિમ કિનારે પડાવ નાખ્યો હતો. આપ રહ. પણ ઘરબાર સાથે પાસે જ એક ગામમાં રોકાયેલા હતા. અનેક સિપાહીઓ અને સરદારો આપના મુરીદ હતા. એ બધાને આપની સેવામાં આવતા જોઈને સુલતાન ઈબ્રાહીમ લોધી પણ આપની સેવામાં આવ્યો. આપ રહ.એ એને જણાવ્યું કે, મને મારા ઘોડાની ચાલથી એવું લાગી રહયું છે કે, આ વખતે ખેરિયત નથી અને મને દેખાતું નથી કે તમે પાનીપતથી આગળ વધી શકો. આપ રહ. તો લશ્કરની સાથે થઈ ગયા અને ઘરબાર અને બાળકોને ગંગોહ મોકલી દીધા. અમુક લખાણોથી માલૂમ પડે છે કે, લોધીના લશ્કર સાથે આપને પણ કેદ કરવામાં આવ્યા હતા અલબત્ત પાછળથી આપ છુટી ગયા અને ગંગોહ આવી ગયા.(1)

શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ની કાર્ય પદ્ધતિ :

પ્રો. ખલીક અહમદ લખે છે કે, અરાજકતા અને અફરાતફરીનો જે માહોલ તે વખતે દિલ્હી અને મુસ્લિમ સલતનતમાં વ્યાપેલો હતો, એમાં સિલસિલાના પ્રચાર અને એના થકી ઈસ્લામની ખિદમતનું કામ કરવું શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ. માટે નાઝુક બાબત હતી. મજબૂત કેન્દ્રીય વ્યવસ્થા ન હતી. સલતનતના છેલ્લા શ્વાસ ચાલી રહયા હતા. રાજકીય અને સામાજિક માળખું ધ્વસ્ત થઈ રહયું હતું. સૂબાઓમાં સ્વતંત્ર હુકૂમતો બની ગઈ હતી અને પોતાની સત્તા સ્થાપવા માટે દરેક શકિત દિલ્હીની આસપાસ ભેગી થઈને ફિત્નો ફેલાવી રહી હતી. રાજપૂતો ઘણા જ સંગઠિત અને રાજકીય કુનેહ સાથે આગળ વધી રહયા હતા. જો બાબરે હિંદુસ્તાન ઉપર આક્રમણ ન કર્યું હોત તો હિંદુસ્તાન ઉપર રાજપૂતોની સત્તા સ્થાપાય ચૂકી હોત. ચંદેરી, નાગોર, અજમેર, રુદોલી વગેરે સ્થળોએ એટલા સંગીન હાલાત હતા કે મુસલમાનોએ આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પ્રદેશો છોડીને અન્ય સ્થળોએ હિજરત કરવાનું શુરુ કરી દીધું હતું.

આવા સંજોગોમાં મુસલમાનોમાં કામ કરતા બુઝુર્ગ માટે રાજકીય પ્રવૃતિઓ અને રાજકરણથી અલગ રહેવું લગભગ અશક્ય હતું.

શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. આરંભે તો ચિશતીય્યહ બુઝુર્ગોની પરંપરા મુજબ સિયાસત અને સુલતાનથી અલગ જ રહયા. જેમ કે રુદોલીના ઝમાનાનો એક કિસ્સો લતાઈફે કુદ્દૂસીમાં છે કે, રુદોલીનો દારોગા કાઝી મહમૂદ જયારે પણ આપની મુલાકાત માટે આવતો તો આપ રહ. જંગલોમાં ચાલ્યા જતા હતા. અને ફરમાવતા કે આ દુનિયાદારોથી મને દુર્ગંધ આવે છે.

પરંતુ પાછળથી આપ રહ. રાજકાજની બાબતોમાં કંઈક શરીક થતા હતા અને સુલતાનો સાથે સંબંધ પણ કેળવવો પડયો.

આપ રહ.એ સિકંદર લોધીને પત્ર દ્વારા સામાન્ય પ્રજા અને ઉલમાની ખેરખ્વાહી તરફ વિશેષ ધ્યાન અપાવતા પત્રો લખ્યા. પછી બાબરના ઝમાનામાં બાબરને પણ પત્રો લખીને એને લોકોની ભલાઈ તરફ ધ્યાન અપાવ્યું.

પ્રો. રઝી અહમદ કમાલ લખે છે કે,

શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.એ લોધીઓ અને મુગલોના પાંચ બાદશાહોનો ઝમાનો જોયો હતો. બહલોલ લોધી, સિકંદર લોધી, ઈબ્રાહીમ લોધી, બાબર અને હુમાયુ. શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.એ આ પાંચેવ બાદશાહો અને એમના અમીરો – વઝીરોને પત્રો કે ચિઠ્ઠીઓ લખીને હક વાત કહેવાની ફરજ પૂરી કરી. એમને ન્યાય કરવા અને લોકોના હકો પૂરા કરવાની નસીહત કરી. ઈસ્લામ તેમજ ઉલમાની કદર અને ખિદમત કરવાની તાકીદ ફરમાવી. મકતૂબાતે કુદ્દૂસિય્યહમાં આ બધા પત્રો મોજૂદ છે.

બાબરના નામે એક પત્રમાં આપ રહ.એ લખ્યું હતું કે,

જો ગરીબો, કમઝોરો, નેક લોકો, ઉલમા, મશાઈખ અને મોહતાજ લોકોની મદદ અને ગમખ્વારીમાં ગફલત અને સુસ્તી કરશે તો આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બાબત તબાહીનો સબબ બનશે. આ બધી બાબતો બાદશાહ માટે જરૂરી છે. બાદશાહ માટે આવશ્યક છે કે અલ્લાહ તઆલાની નેઅમતોના શુક્ર સ્વરૂપે ન્યાય અને ઈન્સાફને એવી રીતે સ્થાપિત કરે કે, કોઈ એક માણસ પણ બીજા માણસ ઉપર ઝુલમ ન કરી શકે અને સઘળી મખ્લૂક અને સૈન્ય પણ શરીઅત મુજબ અમલ કરે. નમાઝ જમાઅત સાથે પઢે. ઈલ્મ અને ઉલમાની કદર કરે. દરેક શહેર અને બજારમાં ચોકીદાર નિયુકત કરવામાં આવે, જેઓ શહેર અને બજારને શરીઅતના ન્યાય મુજબ સુધારે અને રોશન કરે.

મુગલ બાદશાહ હુમાયુને આપ રહ.એ બે પત્રો લખ્યા હતા. એક પત્રમાં આપ રહ. લખ્યું છે કે, દુરવેશોની મુહબ્બત عروة الوثقى એટલે કે મજબૂત સહારો' છે. અને ઉલમા અને બુઝુર્ગો ઉપર એહસાન કરવું આ મજબૂત સહારાને પકડી લેવાનો ફાયદો આપે છે. દરેક દર્દની દવા અને દરેક મુશ્કિલમાં નજાતનો સબબ છે..... એમને જે કંઈ મદદ કે તોહફા આપવામાં આવે એ દફતરી પકડ અને નિગરાનીથી સ્વતંત્ર હોવા જોઈએ. જેથી એને બહાનું બનાવીને નાલાયક લોકો બુઝુર્ગોની ખિદમત અને ઈબાદતમાં ખલેલ ન પહોંચાડે.

હુમાયુના ઝમાનામાં આપ રહ. સાત વરસ જીવંત રહયા. બાદશાહને આપ રહ. સાથે ઘણી જ અકીદત હતી. બાદશાહ પોતે આપની નસીહત અને મઅરિફતની વાતો સાંભળવા આપની સેવામાં આવતો હતો.

મિરાતુલ અસરારમાં છે કે, બાદશાહ નસીરુદ્દીન હુમાયુ મઅરિફત અને હકીકત ભરી વાતો તેમજ નસીહતો સાંભળવા આપની સેવામાં પધારતો હતો.

લેખન કાર્ય – કિતાબો :

આપ રહ.એ અનેક કિતાબો સંપાદન ફરમાવી છે.

(૧) અન્વારુલ ઉયૂન. એમાં આરંભે શેખ અહમદ અબ્દુલ હક રહ.ના હાલાત છે.

(૨) રુશ્દનામહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ની શાયરીનો આ સંગ્રહ મુળ સ્વરૂપે ફારસી ભાષામાં લખાયેલ છે. મુળ વિષય વહદતુલ વુજૂદ છે, અલબત્ત એમાં અનેક હિન્દી અને જૂની હિન્દવી ભાષાની રચનાઓ પણ મોજૂદ છે.

ચિશતીય્યહ બુઝુર્ગોની ખાનકાહોમાં જોગીઓ અને સાધુઓ, વિશેષ કરીને નાગપંથી સાધુઓની આવન જાવન અને ચર્ચાઓ થતી રહેતી હતી. વિચારો – અકીદાઓની આપ લે, તાલીમ, નસીહત ઉપરાંત એકબીજાથી આગળ અને અળગા હોવાના પુરાવા સ્વરૂપે કરામતો પણ દેખાડવામાં આવતી હતી. ચર્ચાઓમાં દલીલો પણ આપવામાં આવતી હતી. એટલે એમની ભાષા અને પરિભાષા, વિશેષ શબ્દો અને માન્યતાઓ વગેરે મશાઈખની તાલીમમાં આવતી રહેતી હતી. આ બધાનો સમન્વય પણ આ સંગ્રહમાં મળે છે.

ફારસી શાયરીમાં કુદ્દૂસી અને અહમદી તખલ્લુસ અપનાવતા હતા અને હિન્દી કે હિન્દવી શાયરીમાં 'અલખદાસ' તખલ્લુસ અપનાવતા હતા.

રુશ્દનામહની ફારસી અને હિન્દવી શાયરીનો હિન્દી અનુવાદ અને સાર 'અલખબાની' નામે અલીગઢથી પ્રકાશિત કરવામાં આવ્યો છે. એમાં લખવા મુજબ આપ રુદોલીમાં રહેતા હતા એ દિવસોમાં મુલ્લા દાઉદની 'ચંદાયન'નો ફારસી અનુવાદ પણ આપ રહ.એ શરૂ કરી દીધો હતો. ચંદાયનના અનુવાદ દરમિયાન આપ રહ.એ અનુભવ્યું કે, એમાં હમ્દ અને નઅત તો આવી ગઈ છે, પણ મેઅરાજનો કોઈ ઉલ્લેખ નથી. એટલે આપ રહ.એ મેઅરાજ વિશે લખવાની ઈચ્છા થઈ. આપ રહ.એ પ્રથમ પંકિત લખી :

ليلة اسراء كه ز معراج اوست

પછી બીજી પંકિત વિચારી રહયા હતા, એવામાં ગેબથી અવાજ આવ્યો કે લખી દયો :

نور خداوند جهاں تاج اوست

(૩) મકતૂબાતે કુદસિય્યહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપના પત્રોનો આ સંગ્રહ આપના એક મુરીદ બુદ્ધન બિન રુકનુદ્દીન સિદ્દીકી જોનપૂરી ઉર્ફે મિયાં ખાન ઈબ્ને કિવામુલ મુલ્ક રહ.એ સંપાદન ફરમાવ્યો છે.

આ સંગ્રહમાં ૧૯૩ પત્રો છે. બધા પત્રો વિવિધ સમયે લખવામાં આવ્યા છે. આપ રહ.ની ઉમર લગભગ ૮૪ વરસની હતી. એટલે કોઈ પત્ર ૮૦ વરસની ઉમરે તો કઈ ૭૦ અને કોઈ પત્ર ૫૦ વરસની ઉમરે લખવામાં આવ્યો છે. આ પત્રોમાં તસવ્વુફને લગતા બધા જ પ્રશ્નોનો ઉત્તર મળી આવે છે. તારીખે મશાઈખે ચિશ્તમાં હઝરત શૈખુલ હદીસ રહ. ફરમાવે છે કે, હઝરત ગંગોહી રહ. ફરમાવતા હતા કે, મને સુલૂક (તસવ્વુફ)માં જે પણ પ્રશ્ન ઉદભવતો હતો, એ આપના મકતૂબાત જોઈને હલ થઈ જતો હતો.

પત્ર નંબર ૬૫ શેખ અબ્દુર્રહમાનના નામે છે. એમાં આપ રહ. ફરમાવે છે :

અઝીઝે મન ! અલ્લાહના બંદાઓ જે કંઈ કરે છે એ અલ્લાહ ખાતર જ કરે છે અને જે કદમ ઉઠાવે છે એ અલ્લાહ ખાતર જ ઉઠાવે છે.

મારા પ્યારા ! અલ્લાહની મખ્લૂકના ત્રણ સમુહો છે. એક સમુહ પોતાના સ્વાર્થ ખાતર અલ્લાહ તઆલાથી લડાઈ કરે છે. આ લોકો વાસના અને ઈચ્છાઓના શિકાર છે. આ લોકો દુનિયાની મુહબ્બતના કારણે બેઈમાન મરે છે. લોકોની બીજી જમાત અલ્લાહના દીન ખાતર અન્ય લોકો અને પ્રાણીઓ સાથે લડાઈ કરે છે. આ સુલતાન, અમીર, વઝીર, કાઝી વગેરે છે. આ લોકો શરીઅત ઉપર કાયમ રહે તો ઈમાન સલામત લઈને જન્નતમાં જાય છે. ત્રીજી શ્રેણી એવા લોકોની છે, જેઓ અલ્લાહ તઆલા ખાતર પોતાના નફસથી જિહાદ કરે છે અને અલ્લાહ તઆલા સાથે સંબંધ બનાવે છે. એમના વિશે કહેવામાં આવ્યું છે :

الزاهدون فى الدنيا والراغبون فى الاخرة ، أبدانهم فى الدينا قلوبهم فى الاخرة

આ લોકો દુનિયાનો ત્યાગ કરનાર, આખિરતના શોખીન હોય છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એમના શરીરો તો દુનિયામાં હોય છે, પણ દિલો આખિરતના ફિકરમાં મગ્ન હોય છે. (આ હઝરત અલી રદિ.નું કથન છે.)

એમને જ અહલે તસવ્વુફ અને અહલે દિલ પણ કહેવામાં આવે છે. આ લોકો અલ્લાહના ખાસ મુકર્રબ બંદાઓ છે અને સૃષ્ટિના સર્જનનો ઉદ્દેશ્ય પણ આ જ લોકો છે. ફરિશ્તાઓ એમની ધુળને પણ નથી પહોંચી શકતા.

چنگ در حضرت خدا زدۂ -- هر چه آن نیست پشت زدۂ

અર્થાત : તેં અલ્લાહ તઆલાના દામનમાં હાથ નાંખી રાખ્યો છે અને અલ્લાહ સિવાયની દરેક વસ્તુને લાત મારી દીધી છે.

અલ્લામહ ઈકબાલ રહ.એ ખુત્બાતે ઈકબાલના પાંચમા ખુત્બહના આરંભે હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ.ના મકતૂબાતમાંથી એક કથન વર્ણવ્યું છે, અને પછી એની સમજણ આપતાં લખે છે :

> ''હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આસમાને તશરીફ લઈ ગયા, અને પછી પરત પણ આવ્યા. ખુદાની કસમ ! હું હોત તો પાછો ન આવત.''
>
> મહાન મુસલમાન સૂફી અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ.નું આ કથન છે. પયગંબરી જવાબદારીઓ અને ફિકરના મુકાબલામાં સૂફીઓ અને વલીઓની જવાબદારીઓ અને ફિકર વચ્ચે કેટલું અંતર છે, એને સમજાવવામાં આટલું સુંદર અને સર્વગ્રાહી વાકય બીજું કોઈ ન હશે.

(ઈકબાલ કે મહબૂબ સૂફિયા : ૩૬૪/ તજદીદ ફિકરીયાતે ઈસ્લામ : ૧૫૩)

અલ્લામહ ઈકબાલ રહ.એ પછી એનો મતલબ પણ સમજાવ્યો છે કે પયગંબરને તો ઉમ્મતમાં કામ કરવાની જવાબદારીની ફિકર હોય છે, એટલે એ અલ્લાહની નઝદીકી જેવી નેઅમત છોડીને પણ પાછા આવે છે, જયારે કે સૂફી અને વલીને તો અલ્લાહની નઝદીકીમાં મજા આવે છે,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એ શા માટે ત્યાંથી પાછો આવે ?

આ મકતૂબાત ફારસીમાં મકતબા મુજતબાઈ દિલ્હીથી છપાયા હતા અને કેપ્ટન વાહિદ બખ્શ સયાલનો ઉર્દૂ અનુવાદ લાહોરથી (જૂલાઈ ૨૦૧૦) છપાયેલો છે.

(૪) અવારિફુલ મઆરિફની શર્હ.

(૫) ફુસૂસુલ હિકમનો હાશિયહ

(૬) ગરાઈબુલ ફરાઈદ

(૭) મઝહરે અજાઈબ.

(૮) રિસાલા કુદ્દૂસિય્યહ.

(૯) બહરુલ ઈન્શિઆબ.

(૧૦) નુરુલ મઆની.

(૧૧) રિસાલા નૂરુલ હુદા

(૧૨) અસરારુલ અજાઈબ

(૧૩) શર્હે મિસ્બાહ ... વગેરે....

સિલસિલામાં આપ રહ.નું સ્થાન :

પ્રો. ખલીક અહમદ લખે છે કે,

'જે ખ્યાતિ અને મહાનતા શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ને મળી, તે એમના પૂર્વેના સાબિરીય્યહ સિલસિલાના કોઈ બુઝુર્ગને પ્રાપ્ત નથી થઈ.'

'ચિશ્તીય્યહ સાબરિય્યહ સિલસિલાની પુનઃ સ્થાપના શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.નું જ કામ હતું. મુરીદોની ઈસ્લાહ અને તરબિયત પ્રતિ ઘણું જ ધ્યાન આપતા હતા. મુરીદોને એમણે લખેલા પત્રોથી સ્પષ્ટ જણાય છે કે આપ રહ. મુરીદોની રૂહાની તરબિયતને ઘણું મહત્વ આપતા હતા અને એમના તરફથી કોઈ પણ ગફલત દાખવવામાં ન આવે એનું પુરતું ધ્યાન રાખતા હતા.

પોતાના ખલીફા અને મુરીદ શેખ જલાલુદ્દીન રહ.ને એક પત્રમાં લખ્યું કે,

بسیار صبح شد کہ نسیمت نمی رسد--اے گل مگر تو پائے صبا را شکستہ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગફલત હરગિઝ ન કરો. હદીસ શરીફમાં છે :

إنه ليغان على قلبى فاستغفر الله في كل يوم و ليلة سبعين مرة

આ હદીસે અલ્લાહ વાળાઓની કમર તોડી નાંખી છે. આ ગફલત એક હિજાબ છે અને અંધારો હિજાબ છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ નબી છે છતાં દિલનું ખૂન જલાવે છે અને બારી તઆલાના જલાલના ખોફથી પરેશાન છે.

પ્રો.રઝી અહમદ કમાલ લખે છે કે,

શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. એમના રૂહાની, તાલીમી, ઈસ્લાહી અને સામાજિક સેવાકાર્યોના આધારે ચિશતીય્યહ સાબિરીય્યહ સિલસિલાના મુજદ્દિદ છે. એમના વડે સિલસિલાને નવી જિંદગી અને નવો જ રંગ મળ્યો. આપ રહ.એ પોતે એક પત્રમાં લખ્યું છે કે, મેં આ સિલસિલાને એક નવો જ રંગ આપ્યો છે.

વિવિધ સિલસિલાઓમાં ઇજાઝત

ચિશતીય્યહ ઉપરાંત અન્ય વિવિધ સિલસિલાઓની ઉચ્ચ નિસ્બતની સઆદત પણ આપ રહ.ને પ્રાપ્ત હતી.

ચિશતીયહ નિઝામીયહ, આલિયહ કાદરીયહ, નકશબંદીયહ, અને સુહરવર્દીયહ વગેરે સિલસિલાઓમાં શેખ દુરવેશ બિન મુહમ્મદ કાસિમ અવધી રહ.થી આપ રહ.ને ખિલાફત મળી હતી.

આપની મહાનતાનું આ પણ મોટું કારણ છે. અને આ જ સબબથી આપના પછી આવનારા ચિશતી સાબિરી મશાઈખમાં આ બધી નિસ્બતો મોજૂદ છે. (મકતૂબાતે કુદ્દૂસિય્યહ/કુલ્લિયાતે ઈમ્દાદિય્યહ–ઝિયાઉલ કુલૂબ પેજ : ૭૬)

વફાત :

વફાતના ત્રણ વરસ પહેલાંથી આપ રહ.એ સંપૂર્ણ એકાંતની જિંદગી અપનાવી લીધી હતી. વધુ પડતો સમય મગ્ન અને તલ્લીન રહેતા હતા. અલબત્ત નમાઝના સમયે ખાદિમો આપ રહ.ને જાણ કરતા તો તુરંત હોશમાં આવી જતા અને નમાઝ પઢીને પાછા મગ્ન અને મસ્ત થઈ જતા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતા.

૧૧, જમાદિયુલ ઉખ્રા, ૯૪૪ હિ. ૧૫૩૦ ઈ. સોમવારના દિવસે આપ રહ. બીમાર પડયા અને નવમા દિવસે મંગળવારે ૧૯ જમાદિલ આખરના દિવસે આપની વફાત થઈ. કુલ ૮૪ વરસ આપની ઉમર હતી. ૩૫ વરસ રુદોલીમાં, ૩૫ વરસ શાહઆબાદમાં અને ચૌદ વરસ ગંગોહમાં રહયા.

તારીખે મશાઈખે ચિશતમાં હઝ. અકદસ શૈખુલ હદીસ રહ. લખે છે કે, ગંગોહ આજકાલ બે ભાગોમાં છે. એક શહેર કહેવાય છે અને પશ્ચિમ તરફનો ભાગ સરાય કહેવાય છે. જયારે આપ રહ.એ ગંગોહમાં મુકામ કર્યો ત્યારે આ ભાગ જંગલ હતો અને આપ રહ.ના આગમન પછીથી જ અહિંયા આબાદી શરૂ થઈ. આ ભાગમાં જ આપણા સિલસિલાના ત્રણ સ્થંભો (હઝરત કુત્બે આલમ શેખ અબ્દુલ કુદ્દૂસ રહ., હઝરત શાહ અબૂ સઈદ ગંગોહી રહ. અને હઝરત ઈમામે રબ્બાની મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.) આરામ ફરમાવી રહયા છે.

અવલાદ :

હઝરત શેખ અબ્દુલ કુદ્દુસ રહ.ના સાત પુત્રો હતા. અને બધા જ જાહેરી – બાતેની ઉલૂમમાં કાબેલ હતા. (મુકદ્દમહ મકતૂબાતે કુદ્દસિય્યહ)

તઝકિરહ અકાબિરે ગંગોહમાં સીરતે કુદ્દસિય્યહના હવાલાથી આપ રહ.ના દસ પુત્રો હોવાનું વર્ણન છે.

(૧) શેખ હમીદુદ્દીન (અ. મજીદ) રહ. (૨) શેખ અહમદ રહ.
(૩) શેખ અલી રહ. (૪) શેખ મુહમ્મદ મુહદ્દિષ રહ.
(૫) શેખ અબ્દુસ્સલામ રહ. (૬) શેખ નિઝામુદ્દીન રહ.
(૭) શેખ કુત્બુદ્દીન રહ. (૮) શેખ મુહયુદ્દીન રહ.
(૯) શેખ નુરુદ્દીન રહ. (૧૦) શેખ રુકનુદ્દીન રહ.

પ્રથમ પાંચ અને છેલ્લા એક સાહબઝાદાઓ લાંબુ જીવન જીવ્યા. વચ્ચેના ચાર પુત્રો બાળપણમાં જ ઈન્તેકાલ ફરમાવી ગયા. આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પુત્રોમાંથી શેખ રુકનુદ્દીન રહ. અને શેખ અહમદ રહ.ને ખિલાફત મળી હોવાનું વર્ણન કિતાબોમાં છે. (તઝકિરહ અકાબિરે ગંગોહ : ૧૮૨)

તારીખે મશાઈખે ચિશ્ત (ખલીક અહમદ)માં આપ રહ.ના ત્રણ પુત્રો હોવાનું વર્ણન છે : (૧) શેખ હમીદુદ્દીન રહ. (૨) શેખ હમીદુદ્દીન (અબ્દુલ મજીદ) રહ. (૩) શેખ રુકનુદ્દીન રહ.

લતાઈફે કુદુસિય્યહમાં આપ રહ.ના શેખ રુકનુદ્દીન રહ.એ ચાર ભાઈઓના નામ લખ્યા છે.

શેખ રુકનુદ્દીન રહ.ના એક પુત્ર અહમદ હતા અને એમના એક પુત્ર શેખ અબ્દુન્નબી રહ. હતા. એટલે કે શેખ અહમદ આપ રહ.ના પોત્ર અને અબ્દુન્નબી પપોત્ર છે.

શેખ અહમદ રહ.ને મવલાના અબ્દુલ હય્ય લખનવી રહ. અને અન્ય તઝકિરહ નવેસોએ શેખ અબ્દુલ કુદુસ રહ.ના પુત્ર ગણાવ્યા છે.

હઝરત શૈખુલ હદીસ રહ.એ શેખ અબ્દુલ કબીર ઉર્ફે બાલાપીર રહ. નામના એક પુત્રનું પણ વર્ણન કર્યું છે, જેમને ખિલાફત પણ મળી હતી.

તઝકિરતુર્રશીદમાં છે કે, હઝરત મવ. રશીદ અહમદ ગંગોહી રહ.ના દાદાની વાલિદહ હઝરત શેખ અબ્દુલ કુદૂસ ગંગોહી રહ.ના ખાનદાનમાંથી હતાં અને વંશાવળીમાં છેલ્લે શેખ અબ્દુલ કુદૂસ રહ.ના સાહબઝાદાનું નામ અબ્દુલ હમીદ લખવામાં આવ્યું છે. અન્ય કિતાબોમાં આ નામ હમીદુદ્દીન છે.

ઘણી બધી કિતાબોમાં એક સાહબઝાદહ શેખ અહમદનું નામ પણ છે. અમુક લેખકોએ શેખ અહમદને પોત્ર બતાવ્યા છે.

તારીખે મશાઈખે ચિશ્તમાં હઝરત શેખ રહ. લખે છે કે, શેખ અબૂસઈદ ગંગોહી રહ. આપના પોત્ર હતા અને આપના વાલિદનું નામ શેખ નૂર હતું.

શેખ અબ્દુન્નબી ગંગોહી રહ.

શેખ અબ્દુન્નબી રહ. શેખ અબ્દુલ કુદૂસ રહ.ના પોત્ર અથવા પપોત્ર હતા. વતનમાં ઈસ્લામી તાલીમ મેળવીને પછી ઝિયારતે હરમૈન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

માટે ગયા. મક્કાના ઉલમાથી ફિકહ અને હદીસનું ઈલ્મ મેળવીને પરત ફર્યા. ત્યાગ અને તકવામાં મશહૂર હતા. પછી વાલિદ અને કાકાઓ સાથે 'સિમાઅ' બાબતે વિવાદ થયો. શેખ અબ્દુન્નબી સિમાઅ નાજાઈઝ કહેતા હતા. ઘરના જ બુઝુર્ગો સાથે વિવાદ થયો એટલે આપ રહ. દિલ્હી આવી ગયા. અહિંયા આપ રહ.ને ઘણી ખ્યાતિ મળી. અકબર બાદશાહ આપ રહ.થી ઘણો પ્રભાવિત થયો. પોતે આપ રહ.ના ઘરે હદીસો શીખવા અને સાંભળવા આવતો હતો. અંતે આપ રહ.ને 'વઝીરે આઝમ'નો હોદ્દો પણ આપવામાં આવ્યો.

બાદશાહના દરબારમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા એ દિવસોમાં આપ રહ.એ રય્યત અને પ્રજાની ઘણી સેવા કરી. મસ્જિદો, ખાનકાહો અને મદરસાઓ માટે એટલી બધી જમીનો વકફ કરાવી કે બીજા લોકોએ એનો એક ટકો પણ કામ નથી કર્યું. હાલમાં જયાં જમીઅતે ઉલમાએ હિંદની ઓફિસ છે, એ 'મસ્જિદે અબ્દુન્નબી' આપ રહ.એ વિશેષ ધ્યાન આપીને તામીર કરાવી હતી. ૯૮૩ હિ.માં મસ્જિદ તૈયાર થઈ ગઈ તો અબૂલ ફઝલ ફૈઝીએ એની 'તારીખ' દર્શાવવા પાંચ શે'ર લખીને એક પથ્થર ઉપર કોતરાવીને લગાવ્યા. આજકાલ આ પથ્થર લાલ કિલ્લાના મ્યુઝિયમમાં છે.

બાદશાહના દરબારમાં આપ રહ.ના ઉચ્ચ સ્થાનથી હસદ કરીને લોકોએ બાદશાહને આપ રહ. વિરુદ્ધ ઉશ્કેરવાનું શરૂ કર્યું. આ જ દિવસોમાં મથુરામાં એક બ્રાહ્મણે પુજારીએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શાનમાં ગુસ્તાખી કરી. જેના વિશે આપ રહ.એ ફાંસીનો ફતવો આપ્યો. અકબર એનાથી નારાજ થઈ ગયો. એના હરમમાં મોજૂદ હિંદુ દાસીઓને પણ આપ રહ. વિરુદ્ધ રાજાની ઉશ્કેરણી કરવા માટે કામે લગાડવામાં આવી અને રાજા ટોડરમલને કેસ સોંપ્યો. એણે દુશ્મનીમાં એમની હત્યા કરી દીધી. (નુઝહતુલ ખવાતિર, ૫/૩૮૦/ અઅલામ ઝરકલી, તઝકિરહ અકાબિરે ગંગોહ : ૨૩૦–૨૪૨)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દરબારી ઉલમા વચ્ચે ખેંચતાણ અને શેખ અબ્દુન્નબી રહ.ના આવા ઝઘડાનું કંઈક વર્ણન મુન્તખબુત્તવારીખ ઉર્દૂ : ૪૬૫ ઉપર જોઈ શકાય છે. મુલ્લા બદાયુનીએ એ જ અનુસંધાનમાં અકબરના વિચારોમાં આવેલ આઝાદ ખ્યાલીની ચર્ચા પણ કરી છે.

અખ્બારુલ અખ્યારમાં શાહ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ.એ શેખ અબ્દુન્નબી રહ.ને શેખ અબ્દુલ કુદ્દુસ રહ.ના સાહબઝાદા દર્શાવ્યા છે. પણ હકીકતમાં આપ રહ. શેખ અબ્દુલ કુદ્દુસ રહ.ના પોત્ર અથવા પપોત્ર છે. (૪૫૧)

ખલીફાઓ :

તારીખે મશાઈખે ચિશ્ત (હઝરત શૈખુલ હદીસ રહ.)માં છે : આપ રહ.ના બે પુત્રો શેખ રુકનુદ્દીન રહ. અને શેખ અબ્દુલ કબીર ઉર્ફે બાલાપીર રહ. શેખ આપના ખલીફા છે.

પ્રો.ખલીક અહમદ લખે છે : આપના અમુક ખલીફાઓ ઉચ્ચ મરતબો અને બુલંદ ઈરાદો ધરાવનારા હતા. એમણે સિલસિલાના પ્રચાર અને તબ્લીગ તરફ ખાસ ધ્યાન આપ્યું. જેમ કે શેખ જલાલુદ્દીન થાનેશ્વરી રહ., શેખ અબ્દુલ ગફૂર આઝમપૂરી રહ., શેખ અબ્દુલ અઝીઝ કીરાનવી રહ., શેખ અબ્દુસ્સત્તાર સહારનપૂરી રહ., હઝરત મુજદ્દિદ અલ્ફે ષાની રહ.ના વાલિદ શેખ અબ્દુલ અહદ રહ. વગેરે. (પેજ : ૨૨૩)

અલબત્ત હઝરત મુજદ્દિદ રહ.નો શજરહ જોતાં માલૂમ પડે છે કે, શેખ અબ્દુલ અહદ રહ. શેખ રુકનુદ્દીન રહ.ના ખલીફા હતા.

ઉપરાંત શેખ ભૂરા રહ., મકતૂબાતે કુદ્દૂસિય્યહના સંપાદક શેખ બુદ્ધન જોનપૂરી રહ., શેખ અબ્દુર્રહમાન શાહઆબાદી રહ., શેખ અઝીઝુલ્લાહ દાનિશમંદ રહ., વગેરે આપના ખલીફાઓ છે.

કરામાત અને કિસ્સાઓ :

હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ. તારીખે મશાઈખે ચિશ્તમાં લખે છે : આપ રહ.ના વિસ્તૃત હાલાત લતાઈફે કુદ્દૂસીમાં આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ના સાહબઝાદા અને ખલીફા શેખ રુકનુદ્દીન રહ.એ સવિસ્તાર વર્ણવ્યા છે. (શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ની હયાતીમાં, આપ રહ.ની ઈજાઝતથી આ કિતાબનું સંપાદન એમણે શરૂ કરી દીધું હતું, અને વફાતના બે માસ પછી એને પૂર્ણ ફરમાવી હતી.) ઉપરાંત મિરાતુલ અસરાર, ઈકતેબાસુલ અનવાર, અનવારુલ આરિફીનમાં પણ લખવામાં આવ્યા છે. અહિંયા નમુના સ્વરૂપે એક બે કિસ્સાઓ નકલ કરવામાં આવે છે.

હઝરત શેખ રહ.ના એક મુરીદ હતા. એકવાર એમને થયું કે, અહિંયાની તાલીમ તો આપણે જોઈ લીધી, અન્ય બુઝુર્ગો પાસે જઈને પણ અલ્લાહનું નામ લેવાની વાત અને એમની રીત – ભાત જોવી જોઈએ. અલબત્ત આ બાબતની પરવાનગી શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.થી મેળવવામાં એમને સંકોચ હતો. આપ રહ.ને ગમે તેમ આ બાબતની ખબર પડી ગઈ તો પોતે જ એમને ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા ફરમાવે છે કે, જમીનમાં હરો ફરો, તમે પણ ફરી આવો અને કોઈ બુઝુર્ગ મળે તો એમની સોહબતની બરકત મેળવીને અલ્લાહનું નામ લેવાની રીત – ભાત પૂછી લેજો. તેઓ ખુશ થઈ ગયા અને નીકળી પડયા. પરંતુ જે બુઝુર્ગની સેવામાં પણ ગયા, દરેકે એ જ 'પાસે અન્ફાસ'નો વઝીફો આપ્યો. આ જોઈ તેઓ ઘણા ગભરાયા. આ તો દરેક બુઝુર્ગ નવેસરથી જ શરૂ કરાવે છે અને પાછલી બધી મહેનત બેકાર ? છેવટે પસ્તાયને પાછા હઝરત ગંગોહી રહ. પાસે આવ્યા અને તોબા – મઅઝિરત પેશ કરી. આપ રહ.એ ફરમાવ્યું કે, હવે તો તસલ્લી થઈને ! 'દૂર કે ઢોલ સુહાને' (ડુંગરા દૂરથી રળિયામણાં) હવે કોઈ ખુણામાં બેસો અને એકચિત્તે અલ્લાહનું નામ લ્યો.

એકવાર આપ રહ.ના એક અમીર ખાદિમે એના બેટાની વલીમાની દાવતમાં શહેરના અમીર અને ગરીબ બધાની દાવત કરી. આપ રહ. વેશ બદલીને, ખબર ન પડે એવી રીતે રાતના સમયે દાવતમાં પહોંચ્યા અને ફકીરો – ગરીબો સાથે બેસી ગયા. ખાદિમને જોયો કે જેવી આગતા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સ્વાગતા અને ચાકરી અમીરોની કરતો હતો, એવી જ ગરીબોની પણ કરતો હતો. અલબત્ત આપ રહ.એ વેશ બદલ્યો હતો, ખાદિમને આપના આવવા વિશે ગુમાન પણ ન હતું, એટલે આપને ઓળખ્યા નહીં. જયારે લોકો વિખેરાય ગયા તો આપ રહ. પણ પાછા આવી ગયા. બીજા દિવસે ખાદિમ સેવામાં પહોંચ્યો તો ઘણા જ નારાજ હતા. ખાદિમે નારાજગીનો સબબ પૂછયો તો કહેવા લાગ્યા કે તમે મને ઓળખ્યો કેમ નહીં ?

ખાદિમે જણાવ્યું કે, સઘળા સંજોગો ઓળખ ન થાય એવા હતા.

આપ રહ.એ જણાવ્યું કે, તમને અમારી ખુશ્બૂ કેમ ન આવી ? જો તમને અમારાથી મુહબ્બત હોત તો તમને અમારી ખુશ્બૂ આવત અને તમે મને સાદા લિબાસમાં પણ ઓળખી કાઢત.(તારીખે મશાઈખે ચિશ્ત)

એકવાર શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. દિલ્હી પધાર્યા. શેખ હાજી અબ્દુલ વહાબ બુખારી રહ.એ પોતાની તફસીર આપની સેવામાં મોકલાવી. આપ રહ.એ ખોલી તો અહલે બયતની ફઝીલતના બયાન ઉપર નજર પડી. એમાં હાજી અબ્દુલ વહાબે લખ્યું હતું કે, નબીની અવલાદને અંજામ અને મૃત્યુનો કોઈ ખોફ નથી અને એમના માટે 'ખાતિમહ બિલ ખૈર' યકીની વાત છે. આપ રહ.એ હાશિયહ ઉપર લખ્યું કે, આ મસ્અલો અહલે સુન્નત વલ જમાઅતના અકીદાથી વિરુદ્ધ છે અને કિતાબ પરત મોકલાવી દીધી. દિલ્હીમાં આ મસ્અલા ઉપર કેટલાયે દિવસ સુધી ચર્ચા થતી રહી અને છેલ્લે હઝરત ગંગોહી રહ. ફરમાવ્યું હતું એના ઉપર જ બધા સહમત થયા.(તારીખે મશાઈખે ચિશ્ત)

ઈકતેબાસુલ અનવારમાં એક દિલચસ્પ કરામતનો કિસ્સો આ મુજબ છે :

ગંગોહમાં જયાં આપ રહ.નો મઝાર છે, ત્યાં એક જોગી રહેતો હતો. આપ રહ. જયારે શાહઆબાદથી ગંગોહ તશરીફ લાવ્યા તો એક દિવસ એના પડાવે પહોંચ્યા. અહિંયા એના સાત સો ચેલા બેસેલા હતા. આપ રહ.એ પૂછયું કે, તમારા ગુરૂ કયાં છે ? એમણે જવાબ આપ્યો કે, એક વરસથી તેઓ અહિંયા જમીન નીચે એક ભોંયતળિયામાં દમ સાધીને તપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરી રહયા છે. દરવાજો ઈંટોથી ચણી દેવામાં આવ્યો છે. ફકત એક નાનકડું બાકોરું છે, જેના વડે અમે એમના દર્શન કરી શકીએ છીએ.

આપ રહ.એ જોયું તો જોગી એના તપમાં તલ્લીન હતો. આપ રહ.એ ઝાતે અહદીયતનો મુરાકબહ કર્યો અને પરિવર્તિત થઈને જોગીની કોઠડીમાં પહોંચી ગયા. જોગીએ પૂછયું કે, તમે કોણ છો ? અને અંદર કેવી રીતે આવ્યા ? આપ રહ.એ ફરમાવ્યું કે, અલ્લાહનો બંદો છું અને અલ્લાહની કુદરતથી અહિંયા આવ્યો છું. એ સમજી ગયો કે કોઈ સાહિબે કમાલ હસ્તી છે.

આપ રહ.એ એને પૂછયું કે, તમારી પહોંચ કયાં સુધી છે ? એણે જણાવ્યું કે, હું ચાહું તો પાણી બની શકું છું. આમ કહીને એ પાણી બની ગયો. આપ રહ. એ તુરંત એ પાણીમાં રૂમાલ ભીંજવી લીધો. પછી જોગી પાછો અસલ અવસ્થામાં આવી ગયો. આપ રહ.એ પૂછયું કે, હું પણ પાણી બની શકું છું. મેં તારા પાણીથી રૂમાલ ભીંજવી લીધો છે. તું પણ મારા પાણીથી રૂમાલ ભીંજવી લેજે. આપ રહ. પાણી બની ગયા તો જોગીએ પણ રૂમાલ ભીંજવી લીધો. પછી જયારે આપ રહ. અસલ અવસ્થામાં આવી ગયા તો જોગીને કહયું કે, હવે બન્ને રૂમાલ સૂંઘો. એણે રૂમાલ સુંઘ્યા તો પોતાના પાણી વાળા રૂમાલમાં ઘણી જ બદબૂ હતી અને આપ રહ.ના રૂમાલમાંથી ઘણી જ ખુશબૂની મહેક આવતી હતી.

જોગીએ પૂછયું કે, હું પણ મારી વિદ્યામાં પૂર્ણ છું અને તમે પણ પૂર્ણ છો. પછી આમ તફાવત શેનો છે ? આપ રહ.એ ઉત્તર આપ્યો કે, હું મુસલમાન છું અને તમે મુસલમાન નથી. એટલે કે તવહીદ અને શિર્કનો આ ફરક છે. જોગીએ આપ રહ. પાસેથી ઈસ્લામ વિશે જાણવાની ઈચ્છા વ્યકત કરી તો આપ રહ.એ એને ઈસ્લામથી વાકેફ કરીને મુસલમાન બનાવ્યો. પછી આપ રહ. એ જ બાકોરામાંથી એને પોતાની સાથે બહાર લાવ્યા તો એના સઘળા ચેલા પણ મુસલમાન બની ગયા અને આપ રહ.ના હાથ ઉપર બયઅત થયા.

———————————

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(1) દિલ્હીની સલતનત લોધી ખાનદાન પાસે ૧૪૫૧ ઈ. થી ૧૫૨૫ ઈ. સુધી રહી. પ્રથમ બહલોલ લોધી, ત્યાર બાદ ૧૪૮૯ થી ૧૫૧૭ હિ. સુધી સિકંદર લોધી અને પછી ઈબ્રાહીમ લોધીની સલતનત હતી.

———————————————

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત : હઝ. મવ. ઝકરિય્યા રહ.
બહરે ઝખ્ખાર (ફારસી) : વજીહુદ્દીન અશ્રફ.
મશાઈખે ચિશ્તીયા સાબરિય્યહ : ડો. રઝી અહમદ કમાલ
અખ્બારુલ અખ્યાર : શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ.
નુઝહતુલ ખવાતિર : અલ્લામહ અબ્દુલ હય્ય લખનવી રહ.
તારીખે મશાઈખે ચિશ્ત : પ્રોફેસર ખલીક અહમદ નિઝામી.
આપબીતી હઝરત શેખ મવ. ઝકરિય્યા રહ.
અનવારુલ ઉયૂન.
મિરાતુલ અસરાર.
લતાઈફે કુદ્દૂસિય્યહ.
અલખબાની.
તઝકિરતુર્રશીદ.
તઝકિરહ અકાબિરે ગંગોહ.
મુન્તખબુત્તવારીખ ઉર્દૂ.
ખઝીનતુલ અસ્ફિયા
બઝમે સૂફિયા
મકતૂબાતે કુદ્દૂસિય્યહ
ગુલઝારે અબરાર
અઅલામ (ઝરકલી)
ગંગોહ શરીફ.
ઈકતેબાસુલ અનવાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૬.

શેખ જલાલુદ્દીન બિન મહમૂદ ફારૂકી થાનેશ્વરી (રહ.)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપનું ખાનદાન મુળ બલ્ખનું રહેવાસી હતું અને વંશાવળી હઝરત ઉમર ફારૂક (રદિ.)થી જઈ મળે છે. આપના વાલિદ મહમૂદ (અમુકના કથન પ્રમાણે મુહંમદ) આલિમ હતા. એમના ઘરે લગભગ ૮૯૪ હિ.માં આપ રહ.નો જન્મ થયો. સાત વરસના હતા ત્યારે વાલિદ અને ખાનદાન બલ્ખથી થાનેશ્વર આવ્યું, જલાલુદ્દીન આ સમયે કુર્આન શરીફના હાફિજ હતા, ત્યાર પછી ૧૭ વરસની ઉમરે ઝાહેરી ઉલૂમ – વિદ્યાઓની તાલીમ પણ પૂર્ણ ફરમાવીને તદરીસ – ઈફતાની ખિદમત બજાવવા લાગ્યા હતા.

પ્રથમ ફકત ઝાહેરી ઉલૂમના આલિમ હતા અને વતન થાનેશ્વરમાં જ દર્સ આપતા હતા. હરસમયે તલબા અને ઉલમા આપની આસપાસ રહેતા હતા. તસવ્વુફથી લગાવ ન હોવાના કારણે તસવ્વુફના અમુક આ'માલ – વઝીફાઓ અને સૂફીઓ તથા પીરોની વિશેષ સ્થિતિ, પરિસ્થિતિઓથી વાકેફ ન હતા, બલકે અમુક કામોને શરીઅત વિરૂદ્ધ સમજતા હતા, પણ પાછળથી હઝરત શેખ અબ્દુલ કુદુસ ગંગોહી (રહ.)થી પરિચય થતાં હકીકતથી વાકેફ થયા અને એમનાથી બયઅત થયા અને પછી મઅરિફતની દોલત પ્રાપ્ત કરીને હઝરત શેખ અબ્દુલ કુદુસ રહ. દ્વારા ખિલાફતથી નવાઝવામાં આવ્યા.

બયઅત :

શેખ અબ્દુલ કુદુસ (રહ.)થી બયઅત થવા અને સિલસિલામાં જોડાવા વિવિધ પ્રકારના કથનો અને કિસ્સાઓ કિતાબોમાં વર્ણવવામાં આવ્યા છે.

તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે, હઝરત જલાલ રહ. મોટા આલિમ અને વિદ્વાન હતા. એક મદરસામાં તાલીમ આપતા હતા. તલબા અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉલમા આપની આસપાસ હરસમયે ઈલ્મ માટે મોજૂદ રહેતા હતા. અમુક તલબા એમાંથી હઝરત અબ્દુલ કુદ્દુસ ગંગોહી રહ.થી બયઅત હતા. એકવાર હઝરત ગંગોહી રહ. થાનેશ્વર તશરીફ લઈ ગયા. હઝરત જલાલ રહ.ને ખબર પડી તો તલબાને કહયું કે, સાંભળ્યું છે કે તમારા પીર આવ્યા છે અને તેઓ તો નાચે પણ છે. (અલ્લાહના ખોફ કે શોખમાં બુઝુર્ગો ઉપર જે વિષેશ હાલત છવાય છે એને તેઓ 'નાચ' કહેતા હતા.) એમને મારા સલામ કહેજો અને કહેજો કે કદી સમય મળશે તો એમની મુલાકાત કરીશ.

હઝરત ગંગોહી રહ.ના મુરીદોએ આવીને આ વાત અરજ કરી તો ફરમાવ્યું કે, તમે એમને જઈને કહેજો કે અમારા પીર તો નાચે પણ છે અને નચાવે પણ છે.

પછી એક દિવસ હઝરત ગંગોહી રહ.ને ઈલ્હામ કરવામાં આવ્યો કે, શેખ જલાલ તમને બખ્શવામાં આવ્યા છે. એમને તમારા મુરીદ બનાવી લ્યો.

એટલે શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ. થાનેશ્વર એમના મદરસામાં પહોંચ્યા. જયારે દર્સ પૂરો થયો અને બધા તલબા વિખેરાય ગયા તો શેખ જલાલ રહ.એ હઝરત ગંગોહી રહ.ને પૂછયું કે, તમે કોણ બુઝુર્ગ છો ?

હઝરત ગંગોહી રહ.એ ફરમાવ્યું કે, હું એ જ નાચનારો પીર છું. પછી હઝરત ગંગોહી રહ.એ શેખ જલાલ તરફ તવજ્જોહ નાંખી તો બધા ઉલૂમ એમના સીનામાંથી નષ્ટ થઈ ગયા. શેખ જલાલ આ સ્થિતિથી ગભરાય ગયા અને અરજ કરી કે, આ તો ઘણા કીમતી ઉલૂમ અને કામની વાતો હતી. એના માટે ઘણી મહેનત કરવામાં આવી હતી. મહેરબાની કરીને કરમ ફરમાવો.

ત્યાર પછી હઝરત ગંગોહી રહ.એ હકીકી ઉલૂમના નૂરથી એમને વાકેફ ફરમાવ્યા અને પછી એકાંતમાં રહીને મુજાહદહ કરવાની તલ્કીન ફરમાવી.

આ દરમિયાન શેખ જલાલ રહ. ઉપર વિવિધ કેફિયતો અને હાલાત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવતા રહયા અને આપ હઝરત ગંગોહી રહ.ને એની જાણ કરતા રહયા. હઝરત ગંગોહી રહ. જવાબમાં એમને માર્ગદર્શન આપતા રહયા.

ઈબાદત, નવાફિલની મશ્ગૂલી અને દુઆ – વઝાઈફ, તેમજ મામૂલાતની પાબંદીમાં આપ ઘણા જ ચોક્કસ અને અજોડ હતા, ઈત્તેબાએ સુન્નતનો વિશેષ એહતેમામ હતો, જેમ કે મશાઈખે ચિશ્તની વિશેષતા છે. અત્યંત બીમારીની સ્થિતિમાં ખાટલા ઉપર દવા પીવાને પણ એટલા માટે પસંદ ન કરતા હતા કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી ખાટલા કે ટેબલ ઉપર બેસીને ખાવું સાબિત નથી.

ઝુહદ – ત્યાગ અને લગાતાર ઈબાદતના કારણે ઘણા જ અશકત થઈ ગયા હતા, છતાં નમાઝની પાબંદી રહેતી હતી, મુરીદો અલ્લાહુ અકબર કહેતા તો હોશમાં આવી જતા અને નમાઝ અદા ફરમાવતા હતા.

૮૦ વરસ સુધી રોજ એક કુરઆન શરીફ ખતમ કરવાનો મામૂલ રહયો.

સિલસિલાના બુઝુર્ગો અને બુઝુર્ગોની અવલાદનો ખૂબ એહતેરામ ફરમાવતા હતા. એકવાર હઝરત ફરીદુદ્દીન ગંજશકર રહ.ના ખાનદાનમાંથી કોઈ માણસ અજોધનથી થાનેશ્વર તરફ આવી રહયો હતો. આપ રહ.ને ખબર પડી તો એને આવકારવા રસ્તા પર ગયા. આ માણસ હાથી ઉપર સવાર હતો અને નશામાં મસ્ત હતો. આપ રહ. એને મહેમાન બનાવીને ઘરે લાવ્યા અને ખૂબ તાઝીમ ફરમાવી.

શરીઅતના પાબંદ અને લોકોના રાહબર બુઝુર્ગ દ્વારા આવી રીતે કોઈ શરાબીનું સન્માન કરવું ખોટું કામ કહેવાય. એની સમજૂતી આપતાં હઝરત અકદસ થાનવી રહ. ફરમાવે છે કે, માણસ સાથે અનેક પ્રકારના સંબંધો અને લાગણીઓ જોડાયેલ હોય છે. કોઈ એક વિશેષ સંબંધ કે લાગણીના કારણે આમ થાય તો એ વાંધાજનક ન કહેવાય. કુરઆનમાં કાફિર માં – બાપનું સન્માન કરવાનો હુકમ છે અને કોઈ મુસાફિર કે અજાણ્યા વ્યકિતની આવી રીતે સેવા કરવામાં એ ગુનેગારના સુધરી જવાની આશા પણ રહેલી છે. (અસ્સુન્નતુલ જલિય્યહ : ૧૬૧)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અકબર બાદશાહના દિલમાં શેખ જલાલુદ્દીન વિશે ઘણી અકીદત હતી, ઘણા સીરતકારોએ અકબર બાદશાહ દ્વારા એમની સેવામાં હાજરી અને પ્રશ્નોત્તરી ઉપરાંત અકબરના ચેલાઓ અબૂલ ફઝલ, ફૈઝી અને બીરબલ સાથેની પ્રશ્નોત્તરી પણ વિસ્તારથી વર્ણવી છે. ઇકતેબાસુલ અનવાર, તઝકિરહ અવલિયાએ બર્રે સગીર વગેરે કિતાબોમાં એની વિગત લખવામાં આવી છે.

અકબર એના ભાઈ મીરઝા મુહમ્મદ હકીમની બગાવતને દબાવવા પંજાબ જઈ રહયો હતો ત્યારે વચ્ચે થાનેશ્વરમાં પડાવ કર્યો અને શેખ જલાલુદ્દીન રહ.ની ખાનકાહમાં આવ્યો. બાદશાહ સાથે એના દરબારીઓ અબૂલ ફઝલ વગેરે પણ હતા. મજલિસમાં મઅરિફત અને તવહીદના વિવિધ વિષયો ઉપર ચર્ચા થઈ. બાદશાહના કહેવાથી અબુલ ફઝલે પૂછયું કે,

ઇશ્કના દર્દની દવા શું છે ? અને મંઝિલે મકસૂદ ઉપર પહોંચવાનો ટુંકો રસ્તો શું છે ?

આપ રહ. સવાલ સાંભળીને રડવા માંડયા અને ચહેરા ઉપર આંસુ વડે સવાલનો જવાબ લખીને પછી ફરમાવ્યું :

آہ از استغنائے دلبر آہ آہ -- جز تعظیم نیست بر کونین راہ

આહ ! દોસ્તની બેપરવાહી, આહ. આહ. એની તાઝીમ અને ઇબાદત સિવાય બીજો કોઈ રસ્તો નથી.

એટલે કે અલ્લાહ તઆલા તો બધાથી બેનિયાઝ અને બેપરવા છે. એની તાઝીમ કરવા સિવાય બીજો કોઈ રસ્તો એના સુધી પહોંચવાનો નથી.

બાદશાહ આ સાંભળીને ઘણો જ પ્રભાવિત થયો અને અરજ કરી કે મને પણ ફકીર બનાવી લ્યો. મને આ બાદશાહીની કોઈ જરૂરત નથી. આપ રહ.એ ફરમાવ્યું કે, પહેલાં પોતાના જેવો જાનશીન અને ઉત્તરાધિકારી પેદા કરો પછી આ રસ્તામાં આવજો. તમારા ન્યાયની એક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઘડી હઝાર વરસની દુરવેશોની ફકીરી અને ઈબાદતથી બેહતર છે. અલ્લાહ તઆલાનો ઝિક્ર કરતા રહો. સલતનતની સાથે પણ ઝિક્ર કરી શકાય છે.

અકબર બાદશાહે એક વાર જમીનો વિશે કોઈ વિશેષ હુકમ બહાર પાડયો તો લોકોએ આગ્રહ કર્યો કે આપ રહ. આગ્રા જઈને બાદશાહ સમક્ષ રજૂઆત કરે. આ મકસદે અને થાનેશ્વરના ઈમામોની સિફારિશ કરવા બાદશાહ પાસે આગ્રા ગયા હતા. (મુન્તખબુત્તવારીખ,ઉર્દૂ)

પ્રોફેસર ખલીક અહમદ લખે છે કે બાદશાહની નજરમાં આપ ઘણું સન્માન ધરાવતા હતા. પરંતુ દર્સ – તદરીસ અને ઈરશાદ – ઈસ્લાહમાં લાગ્યા રહયા અને દરબારી જિંદગી અપનાવી નહીં. (તારીખે મશાઈખે ચિશ્ત : ૨૨૫)

કરામત :

હઝરત શેખુલ હદીસ મવ. ઝકરિયા (રહ.)એ 'તારીખે મશાઈખે ચિશ્ત'માં એક કિસ્સો વર્ણવ્યો છે કે,

થાનેશ્વરમાં એક મેળો ભરાતો હતો, લાખો હિંદુઓ એમાં આવતા હતા, હઝરત જલાલ (રહ.)એ એક દિવસ મુરીદોથી પુછયું, કે આ બધું શું છે ? મુરીદોએ જવાબ આપ્યો કે એમ તો આ એક ધાર્મિક મેળો છે, પણ એની એક વિશેષતા આ છે કે આ મેળામાં એક ચમત્કારી જોગી બાવા આવે છે, એનો ચમત્કાર આ છે કે, સૂકી જમીનમાં ડૂબકી મારે છે, એક જગ્યાએથી અંદર જાય છે અને બીજી જગ્યાએથી બહાર આવે છે, શેખ જલાલ (રહ.) પણ આ તમાશાને જોવા ગયા, જોગીએ આવીને જમીનમાં ડૂબકી મારી, તો જમીન ફાટી ગઈ અને જોગી ડૂબકી મારીને અંદર ચાલ્યો ગયો, શેખ જલાલે આ પળે તુરંત કદમ મુબારક એ જગ્યા ઉપર મૂકી દીધા. આમ કરવાથી જોગી અંદર જ રહી ગયો અને ગુંગળાઈને મરી ગયો, આમ હઝરત રહ. એક ફિત્નાથી લોકોને બચાવીને પરત આવી ગયા.

એકવાર એક મુરીદના દિલમાં ખ્યાલ આવ્યો કે, પહેલાં ઝમાનામાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એવા બુઝુર્ગો હતા કે જેના ઉપર નજર કરતા એ સાહિબે કમાલ થઈ જતો હતો. હઝરત શેખ રહ.ને આ ખ્યાલનો કશ્ફ થઈ ગયો. એને ફરમાવ્યું કે, આજે પણ આવા બુઝુર્ગો મોજૂદ છે. પછી એક તેજ નજરે એ મુરીદ તરફ જોયું તો ત્રણ દિવસ સુધી એ મુરીદ બેહોશ થઈ ગયો અને પછી અમુક દિવસોમાં જ એનો ઈન્તેકાલ થઈ ગયો. હઝરત ગંગોહી રહ.ને જયારે એની વફાતની ખબર પડી તો ફરમાવ્યું કે, દરેક માણસમાં આ દરજાને ઉઠાવવાની શકિત નથી હોતી. આ બિચારામાં પણ એની શકિત ન હતી.

કિતાબો :

આપ (રહ.)એ બાળપણ અને જુવાની ઈલ્મ પ્રાપ્તિ અને ઈલ્મની તાલીમ – તદરીસમાં વીતાવી હતી, એટલે લેખન – વાંચનમાં પૂર્ણતા ધરાવતા હતા, અનેક કિતાબો લોકોની સુધારણા અને લાભ માટે સંપાદિત ફરમાવી.

(૧) 'ઈરશાદુ ત્તાલિબીન' આપની પ્રખ્યાત કિતાબ છે, જેમાં ઘણી જ કીમતી વાતો લખી છે.

એક સ્થળે છે કે ખુદાના આશિકો કશ્ફ, કરામત પાછળ નથી પડતા, બલકે તેઓનું સંપૂર્ણ ધ્યાન અને સઘળા પ્રયત્નો ઈબાદત, તકવા, ઝુહદ (ત્યાગ– તપસ્યા) માટે હોય છે, આ બાબતોને તેઓ કદી છૂટવા નથી દેતા, આ બધામાં જ પોતાને ફના કરી દે છે અને મરવા પહેલાં જ મરી જાય છે (આ એક હદીસ શરીફ તરફ ઈશારો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે"موتوا قبل أن تموتوا" (તમે મોત આવે એ પહેલાં મરી જાઓ).

કિતાબમાં અન્ય એક સ્થળે લખ્યું છે કે જાહિલ સૂફીઓ અને પીરો સાચા રસ્તાથી હટીને લોકોને ગુમરાહ કરે છે, મશાઈખની વાતોથી પણ આ બાબતને સમર્થન મળે છે, મશાઈખ ફરમાવે છે કે જાહિલ સૂફીઓ અલ્લાહ સુધી પહોંચી શકતા નથી, કેમ કે તેઓ શરીઅતના ઉસૂલો વિરૂદ્ધ અમલ કરે છે, નિયમ આ છે કે, શરીઅતની પાબંદી કરવામાં આવે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નુઝહતુલ ખવાતિરમાં ઉપરોકત કિતાબનું નામ 'ઈરશાદુલ્લતાઈફ' દર્શાવવામાં આવ્યું છે. અલબત્ત વધુ પડતા લેખકોએ 'ઈરશાદુત્તાલિબીન' લખ્યું છે. પાકિસ્તાનથી અસલ ફારસી અને ઉર્દૂ અનુવાદ સાથે છાપવામાં આવ્યો છે.

(૨) એક કિતાબ 'તહકીક અરાજીયે હિન્દ' નામની છે, જેમાં અકબર બાદશાહ અને લોકો વચ્ચે જમીનની માલિકી બાબતે થયેલ વિવાદ ઉપર શરઈ હુકમ દર્શાવવામાં આવ્યો છે. પ્રોફેસર ખલીક સાહેબ લખે છે કે, એની હસ્તપ્રત અલીગઢ મુ.યુ.ની લાયબ્રેરીમાં મોજૂદ છે.

મવ. હિફઝુર્રહમાન સ્યોહારવી ૨હ.ની કિતાબ 'ઈસ્લામ કા ઈકતેસાદી નિઝામ'માં આ કિતાબના હવાલા છે. અને 'ઈસ્લામ કા નિઝામે અરાઝી' માં મુફતી મુહમ્મદ શફીઅ સા. ૨હ.એ આ રિસાલાનો ખુલાસો વિસ્તારથી વર્ણન ફરમાવ્યો છે. (પેજ ૯૦ થી ૧૦૦)

(૩)(૪)ઉપરાતં ગુલઝારે જલાલી અને મજમુઅએ મકતૂબાત નામની કિતાબો પણ એમણે સંપાદિત ફરમાવી છે.

ઉચ્ચ સ્થાન :

શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી (૨હ.) આપના વિશે લખે છે કે,

'શેખ જલાલુદ્દીન (૨હ.) એમના સમયના મહાન બુઝુર્ગ હતા. દઢ વ્યકિતત્વ ધરાવતા હતા. પુરું જીવન છેલ્લે સુધી ઈબાદત–ઈતાઅત, શિક્ષણ–તાલીમ, બોધ–નસીહત, સિમાઅ–ઝોકમાં પસાર ફરમાવ્યું. આદાબ–નવાફિલ અને દુઆ–વઝાઈફના છેલ્લી શ્વાસ સુધી પાબંદ રહયા. *(અખ્બારુલ અખ્યાર, ઉર્દૂ. : ૫૫૧)*

મુલ્લાં અબ્દુલ કાદિર બદાયુની મુન્તખબુત્તવારીખમાં લખે છે કે, આપ વધુ સમય તિલાવતે કુર્આન, નવાફિલ, દુરૂદ અને દુઆમાં જ પસાર કરતા હતા. મેં એમને જોયા છે, નૂરની મૂરત માલૂમ પડતા હતા. બે વાર એમની મુલાકાતની સઆદત મને મળી છે. (ઉર્દૂ : ૫૬૪)

સિયરુલ અકતાબ વગેરેમાં છે કે, શેખ અબ્દુલ કુદ્દૂસ ૨હ. ફરમાવતા હતા કે, જો અલ્લાહ તઆલા કયામતના દિવસે મને પૂછશે કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દુનિયામાંથી મારી બારગાહમાં શું લાવ્યા છો ? તો જવાબમાં હું એક હાથથી શેખ જલાલને અને બીજા હાથથી શેખ રુકનુદ્દીનને પેશ કરીશ.

પીરો મુરશિદ સાથે પત્રાચાર :

પોતાના શેખ અબ્દુલ કુદુસ ગંગોહી (રહ.) સાથે અહવાલની જાણકારી આપવા હેતુ પત્ર વ્યવહારનો એહતેમામ ફરમાવતા હતા. જવાબમાં શેખ અબ્દુલ કુદ્દૂસ (રહ.) દ્વારા એમના નામે લખવામાં આવેલ જવાબોમાં ઘણી કીમતી વાતો છે. મકતૂબાતે કુદુસિય્યહમાં આ પત્રાચાર મોજૂદ છે.

ખિલાફત :

આપના પીરો મુરશિદ હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ને ચિશ્તીય્યહ સાબરિય્યહ ઉપરાંત ચિશ્તીય્યહ નિઝામીય્યહ, આલિયહ કાદરીય્યહ, નકશબંદીય્યહ, સુહરવર્દીય્યહ વગેરે બીજા અનેક સિલસિલાઓમાં ખિલાફત પ્રાપ્ત હતી.

એટલે આપ રહ.ને પણ અનેક સિલસિલાઓમાં ખિલાફત પ્રાપ્ત હતી, એમ કિતાબોથી માલૂમ પડે છે. વધુ પડતી કિતાબોમાં આપને ચિશ્તીય્યહ સાબરિય્યહ સિલસિલાના શેખ દર્શાવવામાં આવ્યા છે. અને ગુલઝારે અબરારમાં શેખ બહાઉદ્દીન મુલતાની રહ.ના વાસ્તાથી સુહરવર્દી સિલસિલાના બુઝુર્ગ ગણવામાં આવ્યા છે.

અવલાદ :

શેખ અબૂ સઈદ ગંગોહી રહ.ના હાલાતમાં ઈકતેબાસુલ અનવાર વગેરે કિતાબોમાં છે કે, શેખ અબૂસઈદ રહ.ની વાલિદહ શેખ જલાલુદ્દીન રહ.નાં દુખ્તર હતાં.

ગુલઝારે અબરારમાં લખવા મુજબ આપના એક સાહબઝાદા શેખ અબ્દુલ બસીર રહ. પણ છે, જેઓ આપના સજ્જાદહ નશીન છે.

ખલીફાઓ :

આપના ભત્રીજા શેખ નિઝામુદ્દીન બલ્ખી થાનેશ્વરી રહ. આપના સહુથી મોટા ખલીફા ગણાય છે. તેઓ આપના ભત્રીજા પણ હતા અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દામાદ પણ હતા. શેખ નિઝામુદ્દીન રહ.ના વાલિદ (આપના મોટા ભાઈ) શેખ અબ્દુશશકૂર રહ. પણ આપના ખલીફા છે. ઉપરાંત કાઝી સાલિમ કીરાનવી રહ., શેખ મૂસા રહ. શેખ ઈસા રહ., મીર સય્યિદ ફાઝિલ રહ. વગેરે આપના ખલીફા છે.

વફાત

૧૪ / અથવા ૨૨ અથવા ૨૫ ઝિલ્હજ, હિજરી સને ૯૮૮ અથવા ૯૮૯, શુક્રવારના દિવસે, ૧૫૮૧ ઈ.સ., ૯૫ વરસની ઉમરે આપની વફાત થઈ. થાનેશ્વરમાં જ આપને દફન કરવામાં આવ્યા અને ત્યાં જ આપનો મઝાર છે. થાનેશ્વર આજકાલ દિલ્હી નજીક હરિયાણામાં છે. કુરુક્ષેત્ર શહેરને અડીને આવેલ છે.

શૈખુલ હદીસ હઝરત અકદસ મવ. ઝકરિય્યા (રહ.)એ 'આપબીતી' ભાગ – ૨ માં એમના મઝાર ઉપર જઈ દુઆ કરવાનો ઉલ્લેખ કર્યો છે.

———————————

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત. હઝ. શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ.
તારીખે મશાઈખે ચિશ્ત. પ્રોફેસર ખલીક અહમદ.
ઈસ્લામ કા નિઝામે અરાઝી. (મુફ્તી મુહમ્મદ શફીઅ સા. રહ.)
હાલાત વ ખિદમાત મશાઈખે ચિશ્તીય્યહ સાબરિય્યહ.
તઝકિરહ અવલિયાએ બર્રે સગીર.

ઈસ્લામ કા ઈકતેસાદી નિઝામ'	નુઝહતુલ ખવાતિર.
ખઝીનતુલ અસ્ફિયા.	મિરાતુલ અસરાર.
ઈકતેબાસુલ અનવાર.	સિયરુલ અકતાબ.
ગુલઝારે અબરાર.	અસ્સુન્નતુલ જલિય્યહ.
મકતૂબાતે કુદ્દૂસિય્યહ.	રૂદ્દે કવષર
ઈરશાદુ ત્તાલિબીન	મુન્તખબુત્તવારીખ (ઉર્દૂ)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૭.

શેખ નિઝામુદ્દીન થાનેશ્વરી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. શેખ જલાલુદ્દીન ફારૂકી રહ.ના ભત્રીજા હતા. જમાઈ પણ હતા અને ખલીફા તેમજ જાનશીન પણ હતા. આપના વાલિદ એટલે કે શેખ જલાલ રહ.ના ભાઈ શેખ અબ્દુશશકૂર રહ. પણ શેખ જલાલ રહ.ના ખલીફા હતા. કાકા શેખ જલાલ રહ. અને વાલિદ પણ મોટા બુઝુર્ગ હોવાથી આપ રહ.ની તબિયતમાં પણ પહેલેથી જ ઈબાદત અને મુજાહદહનો શોખ હતો. એટલે શેખ જલાલુદ્દીન રહ.ના હાથો ઉપર બયઅત થઈ ગયા.

અલબત્ત ઝાહેરી ઉલૂમ અને વિદ્યાઓની તાલીમ કયાં અને કોની પાસે મેળવી એની વિગત કિતાબોમાં મળતી નથી. શકય છે કે શેખ જલાલુદ્દીન રહ. પાસેથી આપ રહ.એ ઝાહેરી ઉલૂમની તાલીમ પણ મેળવી હોય. વધુ પડતા ઈતિહાસકારો આપના વિશે લખે છે કે, આપ રહ.ને ઈલ્મે લદુન્ની પ્રાપ્ત હતું. ઈલ્મ અને મઅરિફતની ઘણી ઊંચી વાતો આપ રહ. ઈરશાદ ફરમાવતા હતા.

સાહિબે કશ્ફ હતા. આપની કરામતો પણ અજીબો ગરીબ છે. જે કોઈ માણસને ખાસ નજરથી જોઈ લેતા તો એ અલ્લાહનો વલી બની જતો હતો. એટલે અમુક લોકો આપને 'વલી તરાશ' (વલી ઘડનાર) કહેતા હતા.

શેખ જલાલુદ્દીન રહ.ની સોહબતમાં રહીને આપ રહ. ઘણો જ મુજાહદહ કરતા હતા. ઈકતેબાસુલ અનવાર અને તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે, એકવાર આપ રહ.એ શેખ જલાલ રહ.ની સેવામાં અરજ કરી કે, જો ઈજાઝત મળે તો શેખ અહમદ અબ્દુલ હક રહ.ની જેમ હુજરાનો દરવાજો ચણાવીને છ માસનો એકાંત અપનાવું અને કાં તો મકસદ હાસિલ થાય અથવા હું એની કોશિશમાં જ મરી પરવારું. શેખ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જલાલુદ્દીન આ સાંભળીને ઘણા ખુશ થયા અને શાબાશી આપીને ફરમાવ્યું કે, તાલિબ અને સાલિક આવો હિમ્મત વાળો હોવો જોઈએ. અને પછી એક શ્વાસમાં ૨૦૦ વાર 'અલ્લાહ'નો ઝિક્ર કરવાનો આદેશ આપ્યો. આપ રહ. ધીરેધીરે એમાં આગળ વધતા રહયા અને એક શ્વાસમાં ૩૦૦ કે ૪૦૦ વાર અલ્લાહનું નામ લેતા હતા. એક જ મહીનો થયો હતો કે તજલ્લી ઝાહેર થવા માંડી અને હવે વધારે એકાંતની જરૂરત ન હોવાથી શેખ જલાલુદ્દીન રહ.એ તખ્લિયહથી રોકી દીધા.

આ વેળા શેખ નિઝામુદ્દીન રહ.એ અરજ કરી કે એકાંતમાં મારી નમાઝ બા જમાઅત છૂટી જશે એનું શું ? તો આપ રહ.એ ફરમાવ્યું કે, ફરજ નમાઝના સમયે તકબીર કહીને નમાઝ શરૂ કરી દેજો, જમાઅત મળી જશે. એટલે પછી જયારે પણ આપ રહ. નમાઝની તકબીર કહેતા તો ફરિશ્તાઓ માણસની શકલમાં જમાતમાં શરીક થઈ જતા અને નમાઝ પૂરી થાય ત્યારે અદશ્ય થઈ જતા હતા. (તારીખે મશાઈખે ચિશ્ત, ઈકતેબાસુલ અનવાર)

શેખ જલાલુદ્દીન રહ.એ આપને ખિલાફત આપવા ઉપરાંત પોતની હયાતીમાં જ જાનશીન બનાવી દીધા હતા અને હયાતીમાં જ પોતાના મુરીદો એમને હવાલે કરી દીધા હતા અને મુરીદો પોતાના હાલાત શેખ નિઝામુદ્દીન રહ.ને જ પેશ કરતા હતા.

બાદશાહ જહાંગીર આપનો ઘણો અકીદતમંદ હતો. અલબત્ત આપ રહ.ની નામના, બુઝુર્ગી અને બાદશાહની આપ રહ. પ્રત્યે અકીદતના કારણે ઘણા લોકો આપ રહ.થી હસદ પણ કરતા હતા. પરિણામે બાદશાહને આપ રહ. વિરુદ્ધ શિકાયતો કરવામાં આવી એટલે જહાંગીરે આપ રહ.ને હજના બહાને અરબસ્તાન મોકલી દીધા.

આપને કોણે દેશનિકાલ કર્યા હતા અને કેટલી વાર આ ઘટના ઘટી એ વિશેના લખાણોથી થોડી અસમંજસ ઉદભવે છે. અલબત્ત કિતાબોમાં લખેલ સાલવારી મુજબ ઘટનાક્રમ નીચે પ્રમાણે હોય શકે છે.

ગુલઝારે અબરાર અને નુઝહતુલ ખવાતિરમાં લખવા મુજબ ૧૦૦૭

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હિ. (૧૫૯૮ ઈ.)માં આપ રહ. હજમાં ગયા હતા. આ દિવસોમાં અકબરનું રાજ હતું. એટલે તઝકિરહ ઉલમાએ હિન્દ અને તારીખે મશાઈખે ચિશ્ત (હઝ. શેખ રહ.)માં લખવા મુજબ અકબર બાદશાહે આપને હિજાઝ રવાના કરી દીધા એમ કહી શકાય. આમ થવાનું કારણ તઝકિરહ ઉલમાએ હિન્દમાં લખવા મુજબ આ હતું કે, આપ રહ. અજીબો ગરીબ વિદ્યાઓ અને કળાઓ જાણતા હતા. લોખંડને સોનું અને ચાંદી બનાવવાની વિદ્યાઓ (રસાયણશાસ્ત્ર) પણ જાણતા હતા. કરામતો પણ ઘણી અજીબો ગરીબ આપ રહ. દેખાડતા હતા. આપના ખર્ચાઓ ઝાહેરી રીતે આપની આવકના સ્ત્રોત કરતાં કંઈ ગણા વધારે હતા. એટલે અદેખા લોકોની ચઢામણીથી બાદશાહે આપને દેશનિકાલ કર્યો.

આપ રહ.નો ઈરાદો પણ હજ કરવા જવાનો જ હતો. આપ રહ. હજમાં ગયા અને ઘણા વરસો સુધી ત્યાં રહયા. અહિંયા આપ રહ.એ શેખ ફખ્રુદ્દીન ઈબ્રાહીમ હમ્દાની ઈરાકી રહ.ની કિતાબ લમ્આતની બે શરહ લખી. મક્કા શરીફમાં જે શરહ લખી એનું નામ શર્હે લમ્આત મક્કી અને મદીના શરીફમાં જે શરહ લખી એનું નામ શર્હે લમ્આત મદની રાખ્યું.

ઘણા વરસો મક્કા મદીનામાં રહીને આપ રહ. હિંદુસ્તાન પરત આવ્યા. પરત આવવાનું વરસ બધા જ લેખકોએ ૧૦૨૦ હિ. (૧૬૧૧ ઈ.) દર્શાવ્યું છે. આ ઝમાનો જહાંગીરનો હતો.

નુઝહતુલ ખવાતિરમાં છે કે બીજાપૂર પહોંચ્યા તો હાકેમ ઈબ્રાહીમ બીજાપૂરીએ આપનું સ્વાગત કર્યું. (પેજ : ૬૫૫). તઝકિરહ ઉલમાએ હિંદમાં છે કે હજથી પરત ફરતી વેળા બુરહાનપૂર પહોંચ્યા તો શેખ ઈસા સિંધી ખુલ્લા પગે પોતાના સાથીઓ સહિત આપના સ્વાગત માટે હાજર થયા અને આપ રહ.થી ફૈઝ હાસિલ કર્યો. (૪૪૫)

બીજીવાર આપને કોણે દેશનિકાલ કર્યા અને શા માટે ? એ જોઈએ તો ખઝીનતુલ અસ્ફિયા, નુઝહતુલ ખવાતિર અને ઈકતેબાસુલ અનવાર વગેરે કિતાબોમાં છે કે, જહાંગીર ગાદીએ બેસ્યો એના પહેલા જ વરસે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એના બેટા ખુસરો મીરઝાએ બગાવત કરી તો રસ્તામાં થાનેશ્વર મુકામે આપ રહ.ની સેવામાં આવ્યો અને દુઆની દરખાસ્ત કરી. આપ રહ.એ એને નસીહત કરી અને બાપ વિરુદ્ધ બગાવત કરવાની મનાઈ કરી પણ એ સમજયો નહીં અને આગળ વધી ગયો. આપ રહ.ના વિરોધીઓ અને ઈર્ષાળુ લોકોને ફરી મોકો મળી ગયો અને જહાંગીરના કાન ભર્યા કે શેખ નિઝામુદ્દીન ખુસરોની સલતનત માટે દુઆ કરી રહયા છે અને એને સલતનતની ખુશખબરી પણ આપી છે. જહાંગીર આ સાંભળીને આપના વિરુદ્ધ થઈ ગયો અને આપ રહ.ને દેશ છોડી જવાનો હુકમ કર્યો.

જહાંગીરના ગાદીએ બેસવા અને ખુસરો મીરઝાની બગાવતનું વરસ ૧૦૧૪ હિ. (૧૬૦૫ કે ૧૬૦૬ ઈ.) છે. આ આધારે કહેવું પડે કે પ્રથમ વારના હજ ૧૦૦૭ પછી ૧૦૧૪ પહેલાં આપ રહ. હિંદુસ્તાન આવી ગયા હતા અને જહાંગીરના આદેશના કારણે દેશ છોડીને હરમૈન તશરીફ લઈ ગયા. ત્યાંથી ૧૦૨૦માં પરત આવ્યા, પણ અહિંયા રહેવાનું મુનાસિબ ન માન્યું અને બલ્ખ તશરીફ લઈ ગયા.

બલ્ખ હિજરત :

ઈકતેબાસુલ અનવારમાં છે કે, આપ રહ.ને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બલ્ખ જવાનો ગેબી ઈશારો ફરમાવ્યો હતો.

જયારે આપ રહ. બલ્ખ પહોંચ્યા તે વેળા બલ્ખમાં નઝર મુહમ્મદ ખાન હાકેમ હતો. નુઝહતુલ ખવાતિર વગેરેમાં ઈમામ કુલી ખાન ઉઝબેકનું નામ લખવામાં આવ્યું છે, પણ ઐતિહાસિક રીતે સહીહ નથી. આપ રહ.ના ઈલ્મ અને કમાલથી પ્રભાવિત થઈને તે પણ આપ રહ.નો અકીદતમંદ બની ગયો. આપ રહ. બલ્ખમાં દાખલ થાય એ પહેલાં આપના કાફલાની ખિદમત માટે ખાદિમો અને ચાકરો આપની પાસે મોકલાવી દીધા હતા.

અઠવાડિયામાં એકવાર આપની સેવામાં હાજરી આપતો હતો. અહીંયા પણ હાકેમની અકીદતના કારણે સ્થાનિક ઉલમા અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દરબારીઓ આપ રહ. પ્રત્યે હસદ અને અદેખાઈ કરવા લાગ્યા અને લોકોમાં આપ રહ.ને બદનામ કરવા અને હાકેમની નજરમાં આપને ઉતારી પાડવા પેંતરા કરવા લાગ્યા. ઈકતેબાસુલ અનવારમાં છે કે, અમુક લોકોના કહેવાથી શહેરના રંગલા – મસ્ખરાઓએ આપની મઝાક કરવાનો મન્સૂબો ઘડયો અને પોતાના સરદારને જનાઝહમાં સુવડાવીને જનાઝો લઈને આપની સેવામાં આવ્યા.

અરજ કરી કે, અમારા મશ્કરીના ધંધાના કારણે કોઈ અમારા સરદારની જનાઝહની નમાઝ પઢાવવા રાજી નથી. આપ રહ. નમાઝ પઢાવો તો અમારા સરદારનું ભલું થાય. મન્સૂબો એવો હતો કે આપ રહ. નમાઝ પઢાવાનું શરૂ કરે પછી એકદમ સરદાર જનાઝહમાંથી ઉભો થઈને શોર મચાવે. જેથી લોકોને મજા પડે અને લોકો વચ્ચે આપ રહ.નું વ્યકિતત્વ હાંસીને પાત્ર બની જાય. આ લોકો જનાઝહ લઈને આપની પાસે આવ્યા તો આપ રહ.ને ખબર પડી ગઈ કે શું મન્સૂબો છે. આપ રહ.એ ફરમાવ્યું કે, હું તમારા સરદારની મય્યિતની નમાઝ પઢાવીશ અને પછી આપ રહ. નમાઝ પઢાવવા બહાર આવ્યા અને નમાઝ શરૂ ફરમાવી. અલ્લાહુ અકબર કહીને તકબીર કહી કે તુરંત એ સરદાર જનાઝહમાં જ મરી ગયો. બીજા રંગલાઓ રંગ પડવાની રાહ જોતા રહયા. નમાઝ પૂરી થયા પછી એમણે ચાદર હટાવી તો સરદાર સાચે જ મરી ગયો હતો. હવે બધા ઘણા પસ્તાયા અને માફી માંગવા લાગ્યા. આપ રહ.એ ફરમાવ્યું કે, તીર નિશાના ઉપર લાગી ગયું છે, હવે કંઈ ન વળે. એને દફનાવી દયો.

બલ્ખના હાકેમને આપ રહ. વિરુદ્ધ ઉભારવાના બીજા પણ અનેક કિસ્સાઓ કિતાબોમાં લખવામાં આવ્યા છે. તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે, બલ્ખના હાકેમે પણ આપ રહ.ને દેશનિકાલ કરવાનો ઈરાદો ફરમાવ્યો પણ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ખ્વાબમાં એને આવી હરકતથી મનાઈ ફરમાવી. આ ખ્વાબ જોવાથી તેની અકીદત ઓર વધી ગઈ અને આપનો મુરીદ બની ગયો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. જીવનની છેલ્લી ઘડી સુધી બલ્ખમાં જ રહયા અને અહીંયા જ ૮ રજબ, હિજરી સન ૧૦૩૫ અથવા ૧૦૩૬માં આપની વફાત થઈ અને બલ્ખમાં જ આપને દફનાવવામાં આવ્યા. તઝકિરહ ઉલમાએ હિન્દમાં વફાતનું વરસ ૧૦૨૪ હિ. લખવામાં આવ્યું છે.

મઝાર આજે પણ જર્જરિત અવસ્થામાં મોજૂદ છે. અબૂલ અસ્ફાર અલી મુહમ્મદે 'મઝારાતે શહર બલ્ખ' નામી કિતાબમાં આપના મઝારનો ઉલ્લેખ કર્યો છે.

અવલાદ :

આપ રહ.ની અવલાદ પણ ઘણી હતી. અને બધા જ બેટાઓ સાહિબે કમાલ હતા. આપની વફાત પછી આપના બે સાહબઝાદા શેખ મુહમ્મદ સઈદ અને શેખ અબ્દુલ હક કોઈ પ્રસંગે હિંદુસ્તાન આવ્યા અને પછી હિંદુસ્તાનમાં જ રહી ગયા. શેખ મુહમ્મદ સઈદ થાનેશ્વરમાં જ રોકાયા અને અહીંયા જ એમનો મઝાર પણ છે. શેખ અબ્દુલ હક કરનાલમાં ઠરીઠામ થયા અને કરનાલમાં એમનો મઝાર છે. બીજી બધી અવલાદ બલ્ખમાં જ રહી.

કિતાબો – લેખનકાર્ય :

જેમ કે અગાઉ વર્ણવવામાં આવ્યું, આપ રહ.ના ઈલ્મ મેળવવા વિશે કોઈ સ્પષ્ટ જાણકારીનો કિતાબોમાં ઉલ્લેખ નથી. લગભગ બધા જ તઝકેરાનવેસો લખે છે કે આપ રહ.ને ઈલ્મે લદુન્ની અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવ્યું હતું. એટલે આપની કિતાબોમાં અજીબો ગરીબ વાતો જોવા મળે છે. ઈતિહાસકારોએ જે કિતાબોનો ઉલ્લેખ કર્યો છે તે આ મુજબ છે.

(૧) શર્હે લમ્આત મક્કી અને શર્હે લમ્આત મદની.

અમુક લખાણોથી માલૂમ પડે છે કે આ એક જ કિતાબ છે. એનો અમુક ભાગ મક્કામાં અને અમુક ભાગ મદીનામાં લખવામાં આવ્યો છે. આ કિતાબ તજલ્લીયાતે જમાલ અને મઅદિનુલ અસરારના નામે હસ્તપ્રત સ્વરૂપે અમુક કુતુબખાનાઓમાં મોજૂદ છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૨) બહરે તસવ્વુફ. ઈમાન ગિઝાલી રહ.ની કિતાબ 'સવાનિહુલ ઉશ્શાક'ની શરહ.

(૩) રિયાઝુલ કુદસ અથવા તફસીરે નિઝામી. આ કિતાબમાં સૂરએ ફાતેહા, સાતમો પારો, અને ૨૯ અને ૩૦મા પારાની તફસીર છે. કરીમુલ મતાબેઅ બીજનોરથી ૧૩૦૫ હિ.માં છપાય ચુકી છે.

તફસીરમાં તસવ્વુફની વાતો વધારે છે. ઘણી આયતોની તફસીર સૂફી સિદ્ધાંતો અનુસાર કરવામાં આવી છે, તસવ્વુફના આમાલ અને વિચારોને પુરવાર કરવાની કોશિશ પણ છે. ઘણી જગ્યાએ ઉમ્દા અરબી – ફારસી શેર પણ ટાંકવામાં આવ્યા છે. સુફી બુઝુર્ગોના કિસ્સા પણ શામેલ કર્યા છે. એટલે જ એને 'સૂફીયાના તફસીર' કહેવામાં આવે છે.

ત્રિમાસિક મેગેઝિન 'ફિક્રો નજર' ઈસ્લામાબાદમાં એક સંશોધન કર્તાએ લખ્યું છે કે વિવિધ હસ્પપ્રતોમાં ઉપરોકત પારાઓ અલગ અલગ મળી આવે છે, એનાથી સંશોધકોનું અનુમાન છે કે આ પૂરી તફસીર હશે, પણ એના બીજા ભાગો સમયના કાળચક્રમાં નષ્ટ થઈ ગયા હશે. (તફસીરે નિઝામી : બર્રે સગીર કી કદીમ સૂફીયાના તફસીર, ફિક્રો નજર ત્રિમાસિક, ઈસ્લામાબાદ, ૨૦૦૫, અંક : ૨)

(૪) રિસાલા હકીકત.حقیقت حقیه در تحقیق سخن بعض صوفیه

(૫) રિસાલા બલ્ખીયહ.

(૬) રિસાલા મઝાહિર.

(૭) શર્હે મિશ્કાત શરીફ.

નોટ : મકતૂબાતે ઈમામે રબ્બાનીમાં મુજદ્દિદ અલ્ફે ષાની શેખ અહમદ સરહિન્દી રહ.ના બે પત્રો નંબર ૨૯ અને ૩૦ આપ રહ.ના નામે છે. એનાથી માલૂમ પડે છે કે હઝરત મુજદ્દિદ રહ. સાથે આપનો પત્રાચાર હતો. અલબત્ત એની વધુ વિગત અન્ય કોઈ સ્થળે જોવા નથી મળી.

ખલીફાઓ :

ઈકતેબાસુલ અનવારમાં છે કે, બલ્ખમાં આપ રહ.ના સાત સો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુરીદો આપની તરબિયત વડે દરજએ કમાલ સુધી પહોંચ્યા. ખઝીનતુલ અસ્ફિયામાં છે કે આપ રહ.ના ખલીફાઓની સંખ્યા બેશુમાર છે.

શેખ અબૂ સઈદ ગંગોહી રહ. ગંગોહમાં આપ રહ.ના જાનશીન બન્યા અને શેખ અબ્દુલ કરીમ રહ. અને સય્યિદ અલી ખવાસ રહ. બલ્ખમાં આપના સ્થાને બિરાજમાન થયા.

એક ખલીફા શેખ ઝાકિર સોદાઈ રહ. હતા. જેમનો ઉલ્લેખ શેખ અબ્દુલ હાદી રહ.ના વર્ણનમાં આવશે.

બીજા અમુક મશહૂર ખલીફા નીચે મુજબ છે :

શેખ વલી મુહમ્મદ નારનોલી રહ.,શેખ અબ્દુલ કરીમ લાહોરી રહ.,શેખ પાયીન્દહ બીનોરી રહ.,સય્યિદ ઈલાહ બખ્શ લાહોરી રહ.,શેખ મુસ્તફા રહ., શેખ અબ્દુલ ફત્તાહ રહ., શેખ અબ્દુર્રહમાન કશ્મીરી રહ., શેખ અલ્લાહદાદ અબ્દુલ હય્ય બિન કાઝી સાલિમ કીરાનવી રહ., શેખ મુહમ્મદ સાદિક રહ., શેખ ફત્હી રહ., સય્યિદ કાસિમ બુરહાનપૂરી રહ.

———————————————

સંદર્ભ ગ્રંથો :

ખઝીનતુલ અસ્ફિયા — ઈકતેબાસુલ અનવાર

મિરાતુલ અસરાર — તઝકિરહ ઉલમાએ હિન્દ.

ગુલઝારે અબરાર — નુઝહતુલ ખવાતિર

મકતૂબાતે ઈમામ રબ્બાની — તારીખે મશાઈખે ચિશ્ત.

તફસીરે નિઝામી : બર્રે સગીર કી કદીમ સૂફીયાના તફસીર,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૮.

હઝ. શાહ અબૂ સઈદ ગંગોહી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ.ના પોત્ર હતા. એટલે કે આપ રહ. પણ ઈમામ અબૂ હનીફહ રહ.ના ખાનદાનના નબીરા હતા. આપના વાલિદનું નામ શેખ નૂર રહ. હતું. આપની વાલિદહ હઝરત શેખ જલાલુદ્દીન રહ.ની પુત્રી હતાં. એટલે કે આપ રહ. શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ના પોત્ર અને શેખ જલાલ રહ.ના નવાસા હતા. આરંભે થોડા દિવસ લશ્કરમાં ભરતી થયા, પરંતુ ખાનદાની રંગ આખરે જાહેર થયો અને ઈશ્કે ઈલાહીમાં મસ્ત થઈને શેખ જલાલુદ્દીન રહ.ની સેવામાં હાજર થયા.

શેખ જલાલુદ્દીન આ દિવસોમાં પોતાના મુરીદોને શેખ નિઝામુદ્દીન રહ.ને હવાલે કરી દેતા હતા, એટલે આપ રહ.ને પણ એમના હવાલે કરી દીધા. આપ રહ.એ એમને ઝિક્ર વગેરેના વઝીફાઓ આપીને પાબંદીનો આદેશ ફરમાવ્યો.

આ દરમિયાન હઝરત શેખ નિઝામુદ્દીન રહ.એ હિજાઝ અને પછી બલ્ખ જતા રહેવાનું થયું એટલે પીરો મુરશિદની સોહબત અને માર્ગદર્શનથી આપ રહ. મહરૂમ રહી ગયા અને જુદાઈના ગમમાં ગમગીન રહેતા હતા. બલકે લાંબો સમય પોતાના મુરશિદથી દૂર રહેવાના કારણે વઝાઈફ અને મામૂલાત પણ છૂટી ગયા હતા. ઈકતેબાસુલ અનવારમાં છે કે, આ જુદાઈના ગમમાં અને ઝિક્ર અને અવરાદ છૂટી જવાથી નૂર અને ઝુલ્મતથી બેખબર જંગલોમાં ભટકવાનું શરૂ કરી દીધું હતું.

એકવાર આવી જ રીતે ગમગીન અવસ્થામાં શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ના મઝાર ઉપર બેસેલા હતા, એવામાં એમને ગેબથી કહેવામાં આવ્યું કે, તમે બલ્ખ તશરીફ લઈ જાઓ. ત્રણ દિવસ સુધી આમ જ તેઓ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સાંભળતા રહયા. છેવટે તેઓ પગપાળા બલ્ખ જવા રવાના થયા.

બલ્ખમાં હઝરત શેખ નિઝામુદ્દીન રહ.ને આપના આગમનની જાણ થઈ ગઈ હતી. બલકે શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. તરફથી આપને અમુક સુચનાઓ પણ આ બાબતે કશ્ફ રૂપે આપવામાં આવી હતી. એટલે તેઓ આપના સ્વાગત માટે શહેરની બહાર સુધી આવ્યા. શેખ નિઝામુદ્દીન રહ.ની સાથે બલ્ખના હાકેમ ઉપરાંત શેખ નિઝામુદ્દીન રહ.ના મુરીદ સેંકડો અમીરો – ઉલમા પણ પધાર્યા હતા.

શેખ નિઝામુદ્દીન રહ.એ આપની ઘણી જ આગતા સ્વાગતા અને ચાકરી કરી અને મહેમાનીનો હક અદા કરી દીધો. ખાવા – પીવા અને રહેવા સહેવાની ઉમદા વ્યવસ્થા ફરમાવી. પછી આપને બતાવ્યું કે, તમને અહિંયા આવવનું માર્ગદર્શન આપનાર અને રસ્તામાં તમારી મદદ એ બધું તમારા દાદા શેખ અબ્દુલ કુદ્દૂસ રહ. તરફથી હતું.

તારીખે મશાઈખે ચિશ્ત અને આપબીતી વગેરેમાં છે કે, જયારે ઘણા દિવસો આમ જ એશ આરામમાં પસાર થઈ ગયા તો શાહ અબૂ સઈદ રહ.એ અરજ કરી કે,

હઝરત ! હું ગંગોહથી બલ્ખ સુધી પગપાળા દઅવતો ખાવા માટે નથી આવ્યો.

આપ રહ.એ ફરમાવ્યું કે, તો પછી જે મકસદે આવ્યા છો એ વર્ણવો.

એમણે અરજ કરી કે, જે દોલત તમે અમારા ખાનદાન પાસેથી લઈને અહીંયા આવ્યા છો, હું એ દોલત તમારી પાસેથી પ્રાપ્ત કરવા આવ્યો છું.

આ સાંભળીને શેખ નિઝામુદ્દીન રહ.નો રંગ બદલાય ગયો અને ફરમાવ્યું :

સાહબઝાદહ ! એ દોલત લેવા આવ્યા છો તો પછી આ શાન – શોકત અને દબદબો છોડો અને જાઓ આજથી અમારા હમામ ખાના (ગુસલખાના) ની સેવા તમને સોપું છું, ત્યાં જઈને આગ સળગાવો. જયાં સુધી હું હુકમ ન કરું ત્યાં સુધી મારી સામે આવવું નહીં. અને લંગર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખાનાના જિમ્મેદારને કહી દીધું કે સવાર સાંજ લંગરની રોટી એમને આપી દેવી. ઝિક્ર, વઝીફો કે કોઈ અવરાદ બતાવ્યા નહીં. બસ હમામ ખાનાની આગ સળગાવવાનો હુકમ હતો. આપ રહ. પણ આદેશાનુસાર કામમાં મશ્ગૂલ થઈ ગયા. આમને આમ એક ઝમાનો વીતી ગયો.

આપબીતીમાં છે કે, હમામની આગ સળગાવવા ઉપરાંત શિકારી કુતરાઓની દેખભાળ, નવડાવવા અને ખવડાવવા વગેરેનો આદેશ આપ્યો. કદી પોતે શિકારે જતા તો એમને શિકારી કુતરાઓની સાંકળ પકડાવીને પગપાળા ચલાવતા.

ત્યાર પછી એક દિવસ શેખ નિઝામુદ્દીન રહ.એ મેલું ઉઠાવનારને કહ્યું કે, આજે કચરો અબૂ સઈદના માથા ઉપર નાંખી દેજે. એણે આવું કર્યું તો શાહ અબૂ સઈદે ગુસ્સાથી ફરમાવ્યું કે, જો ગંગોહ હોત તો તને ખબર પડી જાત. ભંગીએ આવીને આપ રહ.ને હકીકત બતાવી દીધી. આપ રહ.એ ફરમાવ્યું કે, હજુ દિમાગમાં ખન્નાસ ભરેલો છે. ગંગોહની શાહઝાદગી હજુ નીકળી નથી. અને એ જ આગ સળગાવવાના કામમાં રહેવા દીધા. એક ઝમાના પછી ફરી મેલુ ઉઠાવનારને કહ્યું કે કચરો એમના ઉપર નાંખી દેજે. એણે એ જ પ્રમાણે કર્યું. આ વેળા આંખો કાઢીને એના તરફ જોયું પણ શાહ અબૂ સઈદે કંઈ કહ્યું નહીં. શેખ નિઝામુદ્દીન રહ.એ આ સ્થિતિ જાણીને કહ્યું કે, હજુ કચાસ છે. અને એ જ કામમાં લગાવેલા રાખ્યા. પછી એકવાર એ જ પ્રમાણે કચરો નંખાવ્યો તો આ વેળા કંઈ કહ્યું નહીં, બલકે ગભરાય ગયા કે કયાંક મારી ઠોકર ખાયને એ પડી ગઈ હશે. જલદી જલદી ઉભા થયા અને ગંદકી ટોપલામાં ભરવા લાગ્યા. કામવાળી બાઈએ હઝરતને હકીકત સંભળાવી તો આપ રહ.એ ફરમાવ્યું કે, અલહમ્દુલિલ્લાહ, પહેલો મરહલો હવે પૂરો થયો.

આ મહેનત પછી શાહ અબૂ સઈદ રહ.ને એટલી પરવાનગી મળી કે મજલિસમાં શરીક થઈ શકે અને શેખની વાતો સાંભળી શકે. પછી થોડા સમય પછી ઝિક્ર આપવામાં આવ્યો. ઝિક્ર શરૂ કર્યા પછી કંઈક તરક્કી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

થઈ તો શેખ નિઝામુદ્દીન રહ.ને ખબર પડી કે અબૂસઈદ પોતાને કંઈ સમજવા માંડયા છે તો ઝિક્ર બંધ કરાવીને શિકારી કુતરાઓની ચાકરીમાં લગાવી દીધા.

એક દિવસ શાહ અબૂ સઈદ રહ. શિકારી કુતરાઓને લઈને જંગલમાં ગયા. રસ્તામાં કોઈ શિકાર દેખાયો તો કુતરાઓ એની પાછળ દોડવા લાગ્યા. શાહ અબૂ સઈદ થોડી વાર સુધી તો કુતરાઓ સાથે દોડતા રહયા પણ કુતરા એમના કાબૂમાં આવતા ન હતા. હવે એમને બીક લાગવા માંડી કે કયાંક આ કુતરાઓ છૂટીને નાસી જશે તો શેખ નારાજ થઈ જશે. એટલે સાંકળ પોતાની કમરે બાંધી લીધી અને સાથે દોડવા લાગ્યા. આમ થોડી વાર દોડયા, પણ કુતરાઓ સાથે કયાં સુધી દોડાય ? હવે સ્થિતિ એ થઈ ગઈ કે શાહ અબૂસઈદ કુતરાઓ પાછળ ઢસડાય રહયા છે. કયાંક કાંટાઓમાં શરીર ઝખ્મી થયું. કયાં પથ્થર સાથે અથડાયને માથું ફૂટી ગયું .... આ જ સ્થિતિમાં એમના ઉપર અલ્લાહ તઆલાની એક વિશેષ તજલ્લી નાઝિલ થઈ, જેની લિઝઝતથી બધી તકલીફ ખતમ થઈ ગઈ. શેખ નિઝામુદ્દીન રહ.ને ખબર પડી ગઈ કે શાહ અબૂ સઈદ રહ. ઉપર અલ્લાહ તઆલા મહેરબાન છે અને એક વિશેષ તજલ્લીથી એમને નવાઝયા છે. એટલે ખાદિમોને આદેશ આપ્યો કે, જાઓ, એમને જંગલેથી લઈ આવો.

આ દરમિયાન શાહ અબ્દુલ કુદ્દૂસ રહ.એ કશ્ફમાં શેખ નિઝામુદ્દીન રહ.ને જણાવ્યું કે, તમને આના કરતાં વધારે મુજાહદહ કરાવવાનો હક છે. પણ અમે તો તમારી પાસે આવો મુજાહદહ કરાવ્યો ન હતો. આ મુહબ્બત ભરી ટકોરની શેખ નિઝામુદ્દીન રહ.ના દિલ ઉપર ઘણી અસર થઈ અને હવે જયારે શાહ અબ્દુલ કુદ્દૂસ રહ. સામે આવ્યા તો એમને મુહબ્બતથી છાતીએ લગાડયા અને ઝિક્ર વગેરેમાં લગાવી દીધા.

શાહ અબૂ સઈદ રહ.ને હવે અલ્લાહ તઆલાની તજલ્લી ફરી વાર પ્રાપ્ત કરવાનો શોખ પેદા થયો અને એની રાહ જોવા લાગ્યા. ઘણા દિવસ વીતી ગયા છતાં એ તજલ્લી ફરીવાર પ્રાપ્ત ન થઈ તો ઘણા જ બેચેન થઈ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગયા અને 'હબ્સે દમ' કરીને બેસી ગયા અને પાકો ઈરાદો કરી લીધો કે જયારે તજલ્લી પ્રાપ્ત થશે ત્યારે જ શ્વાસ છોડીશ. ચાહે એમાં જ જીવ જતો રહે. આવી જિંદગીથી તો મરવું જ સારું. કેટલાયે કલાક સુધી આમ બેસી રહયા. છેવટે એ તજલ્લી ફરી દેખાયી અને એની ખુશીમાં શ્વાસ એટલા જોરથી નીકળ્યો કે પાસંળી તૂટી ગઈ.

પરંતુ એ જ ઘડીએ એક ગેબી હાથે એમને એક દવા પીવડાવી, જેનાથી તૂટેલી પાંસળી જોડાય ગઈ અને એમને કહેવામાં આવ્યું કે, અમુક દિવસ સુધી મરઘીના બચ્ચાંઓનો સૂપ પીવામાં આવે. આપ રહ.એ આ હાલત દૂર થયા પછી શેખ નિઝામુદ્દીન રહ.ને હકીકતથી વાકેફ કર્યા.

ઈકતેબાસુલ અનવારમાં ઉપરોકત વિગત થોડી અલગ સ્વરૂપે લખવામાં આવી છે. એમાં લખવા મુજબ આપ રહ. લગાતાર ૧૨ વરસ સુધી ઝિક્ર અને મુરાકબહ વગેરેમાં મશગૂલ રહયા. આ મુજાહદહમાં આપ રહ.એ ઘણી તરક્કી કરી, પરંતુ આપ રહ.ને સંતોષ ન હતો અને સમજતા હતા કે અલ્લાહ તઆલાની ઝાતની સાચી મઅરિફત મારા બસની વાત નથી એટલે શેખ નિઝામુદ્દીન રહ.ની સેવામાં જઈને અરજ કરી કે, આપની તાલીમ અને તરબિયત મુજબ મેં પૂરો અમલ કરવાની કોશિશ કરી છે પણ લાગે છે કે, અલ્લાહ તઆલા સુધી પહોંચવું મારા નસીબમાં નથી, માટે હવે આપનો જે હુકમ હોય તેના ઉપર અમલ કરું. આ તબક્કે શેખ નિઝામુદ્દીન રહ.એ એમને ફરમાવ્યું કે, હવે તમારે તમારા નફસને ઝલીલ કરવાની જરૂરત છે અને પછી શિકારી કુતરાઓની દેખભાળ ઉપર લગાવી દીધા.

ત્યાર પછી ઉપર મુજબની વિગત થોડા ફેરફાર સાથે ઈકતેબાસુલ અનવારમાં લખવામાં આવી છે.

અહિંયા જ્યારે આપ રહ.ની તરબિયત પૂરી થઈ ગઈ તો શેખ નિઝામુદ્દીન રહ.એ એમને ગંગોહ પાછા રવાના કરી દીધા અને વિદાય કરતી વેળા ફરમાવ્યું : ચિશ્તી સિલસિલાનો જે ફૈઝ હિંદુસ્તાનથી હું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અહિંયા લાવ્યો હતો, હવે તમે એ ફૈઝ – બરકતને પાછા ભારત લઈ જઈ રહયા છો. તમને મુબારકબાદ. હવે વતન તશરીફ લઈ જાઓ.

મિરાતુલ અસરારમાં છે કે, ગંગોહ આવીને શકય એટલા પોતાને છુપાવવાની કોશિશ કરતા હતા. લોકોથી દૂર રહેતા હતા અને પોતાને છુપાવવા સારા કપડાં પહેરતા હતા. પરંતુ શેખ સાદિક રહ. આપ રહ.થી બયઅત થયા પછી લોકોમાં આપ રહ.ની ખ્યાતિ વધી ગઈ, લોકો આપની સેવામાં આવવા લાગ્યા અને પછી લોકોથી દૂર રહેવું આપના માટે શકય ન રહયું.

મિરાતુલ અસરારના લેખક શેખ અ.રહમાન ચિશ્તી (૧૦૦૫ – ૧૦૯૪ હિ.) લખે છે કે, આપ રહ.ની સોહબતની બરકતથી અનેક લોકો પરિપૂર્ણ થઈને મુરીદોની તરબિયતમાં મશગૂલ થયા. મારા અને એમના વચ્ચે ઘણી જ મહોબ્બતનો સંબંધ હતો. ગંગોહ આવવાના અમુક સમય પછી એમને શેખ હમીદ રહ.એ પણ ખિલાફત આપી હતી. ઈકતેબાસુલ અનવારમાં લખવા મુજબ શેખ હમીદ રહ. શેખ અહમદ અબ્દુલ હક રુદોલી રહ.ની સાતમી પેઢીમાં હતા.

૨, રબીઉલ અવ્વલ અથવા રબીઉલ આખર, ૧૦૪૦ અથવા ૧૦૪૯ હિ.માં આપની વફાત થઈ અને ગંગોહમાં જ મઝાર છે.

ખલીફાઓ :

(૧) શેખ મુહમ્મદ સાદિક બિન શેખ ફત્હુલ્લાહ ગંગોહી રહ.

ઈકતેબાસુલ અનવારમાં આપ રહ.ને શાહ અબૂ સઈદ રહ.ના ભત્રીજા અને મિરાતુલ અસરારમાં પિત્રાઈ ભાઈ હોવાનું વર્ણન છે. પણ આપ શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ના પપોત્ર શેખ ફત્હુલ્લાહના પુત્ર હતા.

(૨) શેખ મુહિબ્બુલ્લાહ સિદ્દીકી સદરપૂરી રહ.

આપણા સિલસિલામાં હવે પછી એમનું જ નામ આવે છે. ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ. તરફથી આપને શાહ અબૂ સઈદ રહ.ની ખિદમતમાં બયઅત થવાનો ઈશારો કરવામાં આવ્યો હતો.

(૩) શેખ ઈબ્રાહીમ રામપૂરી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૪) શેખ ખ્વાજા પાનીપતી રહ.

(૫) શેખ ઈબ્રાહીમ સહારનપૂરી રહ.

———————————————————

સંદર્ભ ગ્રંથો :

તઝકિરહ અવલિયાએ હિન્દ.

તારીખે મશાઈખે ચિશ્ત : હઝ. અકદસ શૈખુલ હદીસ રહ.

ખઝીનતુલ અસ્ફિયા

ઈકતેબાસુલ અનવાર

અનવારુલ આરિફીન

બહરે ઝખ્ખાર.

મિરાતુલ અસરાર

તઝકિરહ અકાબિરે ગંગોહ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૨૯.

હઝરત મવલાના શેખ

મુહિબ્બુલ્લાહ ઇલાહાબાદી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જન્મ અને વંશવાળી :
તાલીમ :
શાહજહાંના દરબારમાં :
શેખ અબૂ સઈદ રહ.ની સેવામાં :
ખિલાફત :
લેખનકાર્ય – કિતાબો :
આપ રહ.એ લખેલ કિતાબો :
ઈરશાદાત :
વફાત :
અવલાદ :
ખલીફાઓ :
સંદર્ભ ગ્રંથો :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શેખ મુહિબ્બુલ્લાહ ઈલાહાબાદી રહ. ઈલ્મે ઝાહિર અને બાતિનમાં કામિલ, કાબેલ અને ઊંડી સમજ ધરાવવાના કારણે સિલસિલામાં અને આપણા શજરહમાં પણ વિશેષ સ્થાન ધરાવે છે. શેખે અજમ અને શેખે કબીર આપનો લકબ હતો. શેખે અકબર મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ. સાથે ઝાહેરી અને બાતેની એતેબારથી વિશેષ સંબંધ ધરાવતા હતા એટલે આપ રહ.ને 'મુહયુદ્દીન ષાની' પણ કહેવામાં આવે છે.

જન્મ અને વંશવાળી

૨, સફર ૯૯૬ (૧૫૮૭ ઈ.)ના દિવસે ખૈરાબાદ પાસે સદરપૂર મુકામે આપનો જન્મ થયો. આપ રહ. વાલિદનું નામ શેખ મુબારિઝ બિન શેખ પીર સદરપૂરી છે.

બાવીસમી પેઢીએ આપની વંશવાળી બાબા ફરીદુદ્દીન ગંજશકર રહ. સુધી પહોંચે છે. અને પછી એ જ સિલસિલો હઝરત ઉમર ફારૂક રદિ. સુધી પહોંચે છે. એ આધારે આપ રહ.ને ફારૂકી પણ કહેવામાં આવે છે. ઈકતેબાસુલ અનવાર વગેરેમાં આપ રહ.ને સિદ્દીકી લખવામાં આવ્યા છે, જે બરાબર નથી. નુઝહતુલ ખવાતિરમાં હઝરત ગંજશકર રહ. સુધીનું નસબનામું પૂરું લખવામાં આવ્યું છે.

તાલીમ.

નાનપણમાં પોતાના વાલિદ શેખ મુબારિઝ પાસે અને સદરપૂરના અન્ય ઉલમાએ કિરામ પાસે તાલીમ મેળવી. પછી વધુ ઈલ્મ માટે લાહોર તશરીફ લઈ ગયા. આ દિવસોમાં જહાંગીરનું રાજ હતું અને એણે લાહોરને પોતાનું પાટનગર બનાવ્યું હતું એટલે લાહોરમાં પણ બુખારા, બગદાદ અને દિલ્હી જેવા ઉલમા અને મદરસાઓ ઈલ્મી પ્રવૃતિઓમાં મશગૂલ હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લાહોરમાં મુફ્તી અબ્દુસ્સલામ લાહોરીના શાગિર્દ બન્યા. આ દિવસોમાં એમની સાથે મીયાં મીર લાહોરી અને નવાબ સઅદુલ્લાહ પણ તાલીમમાં શરીક હતા અને ત્રણેવ વચ્ચે સારી દોસ્તી અને મુહબ્બતનો સંબંધ હતો.

તાલીમ પૂરી કરીને લાહોરથી સદરપૂર આવ્યા અને થોડા સમય પછી રોઝીની તલાશમાં અહમદાબાદ આવ્યા, અલબત્ત અહિંયા વધારે સમય રોકાયા નહીં અને પાછા સદરપૂર આવીને દર્સ – તદરીસમાં પ્રવૃત થઈ ગયા.

શાહજહાંના દરબારમાં.

થોડા સમય પછી અકાબિરના મઝારોની ઝિયારતના શોખમાં વિવિધ સ્થળોએ ફરતા ફરતા દિલ્હી પહોંચ્યા. તાલીમના દિવસોના સાથી નવાબ સઅદુલ્લાહ આ દિવસોમાં શાહજહાં પાસે 'વઝીરે આઝમ' બની ગયા હતા. એક દિવસ એમની સવારી જતી હતી અને રસ્તામાં સામે કોઈ ગોદડી પહેરેલ ફકીર સાથે આંખો મળી ગઈ, બન્નેવ એકબીજાને ઓળખી ગયા. ફકીર તો દોડીને દુકાનમાં સતાંય ગયા. પણ વઝીર સઅદુલ્લાહે એમને બરાબર ઓળખી લીધા હતા. એક ચાકરને હુકમ કર્યો કે, ખુશીથી ન આવે તો જબરદસ્તી એ ફકીરને લઈ આવો, પણ બેઅદબી ન કરજો. આ ફકીર એ જ મુહિબ્બુલ્લાહ સદરપૂરી હતા. નવાબ સઅદુલ્લાહે ગોડદી ઉતારાવીને શાહી લિબાસ પહેરાવ્યો અને પછી બાદશાહની સેવામાં જઈને અરજ કરી કે, મારા ભાઈ મુહિબ્બુલ્લાહ પધાર્યા છે. એમને જ વઝીર બનાવી દેવામાં આવે અને હું એમના તાબામાં કામ કરું એ મુનાસિબ છે. શાહજહાં સમજી ગયો કે સઅદુલ્લાહ જેમના આટલા વખાણ કરતો હોય એ આ ઝમાનાના અરસ્તુ કે અફલાતૂન હશે. બાદશાહ તો આવા માણસોની શોધમાં જ હોય. એ જ ઘડીએ શાહી સવારી મોકલીને એમને બોલાવ્યા અને મુનાસિબ હોદ્દો અને જાગીર અર્પણ કરી. (મશાઈખે ચિશ્તીયહ સાબરિયહ પ્રો. રઝી અહમદ કમાલ : ૧૨૯)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શાહજહાંના દરબારમાં પહોંચવાનો કિસ્સો 'અકવાલે સલફ'માં થોડા ફેરફાર સાથે આ મુજબ છે કે, તાલીમના દિવસોમાં શેખ મુહિબ્બુલ્લાહ, સઅદુલ્લાહ અને શાહ મીર લાહોરી દોસ્ત અને સાથી હતા. ત્રણેવે એ વેળા પરસ્પર કરાર કર્યા હતા કે તાલીમ પછી જે કોઈને મોટો હોદ્દો મળે તો એણે બીજા સાથીને પણ આગળ લાવવા માટે મદદ કરવી. નવાબ સઅદુલ્લાહ શાહજહાંના દરબારમાં પહોંચ્યા તો એમણે કરાર મુજબ બંને દોસ્તોને કહેવડાવ્યું કે તમે બંને દોસ્તો મારી પાસે દિલ્લી આવી જાઓ. (અકવાલે સલફ : ૧૭૬)

શાહી પરંપરા એ હતી કે જે કોઈને શાહી હોદ્દો કે ઇનામ આપવામાં આવતું એ સલામ અને ફાતિહા માટે ખ્વાજા બખ્તીયાર કાકી રહ.ના મઝારે હાજરી આપતો. આપ રહ. પણ શાહી ઠાઠમાઠ સાથે ત્યાં જવા નીકળ્યા. પરંતુ મઝાર આવતાં પહેલાં ચાકરો અને શાહી સવારીને છોડી દીધી અને એકલા મઝારે ગયા. અહિંયા મુરાકબહ કર્યો તો એ દરમિયાન એમને શાહ અબૂ સઈદ ગંગોહી રહ.ની સેવામાં પહોંચવાનો ઇશારો કરવામાં આવ્યો. એટલે દરબારી હોદ્દો અને શાહી જાગીર વગેરે બધાને લાત મારીને શેખ અબૂ સઈદ ગંગોહી રહ.ની સેવામાં રવાના થઈ ગયા.

શેખ અબૂ સઈદ રહ.ની સેવામાં.

બહરે ઝખ્ખારમાં છે કે, શેખ અબૂ સઈદ રહ.ને આપના આગમનની જાણ થઈ ગઈ હતી, રાત્રે ખાદિમને હુકમ કર્યો કે સવારે ગરમ પાણીના બે લોટા ભરીને મૂકજો અને હલ્વો પણ બનાવજો. છેલ્લી રાતે તેઓ ગંગોહ પહોંચ્યા અને શાહ અબૂ સઈદ રહ.નો દરવાજો ખખડાવ્યો. શાહ સાહબ તૈયાર જ હતા, એમને આવકાર્યા અને ફજરની નમાઝ અને સુન્નતો વચ્ચે બયઅત કર્યા, હાજરજનોને હલ્વો વહેંચ્યો અને ચિલ્લામાં બેસાડી દીધા.

પ્રો.રઝી અહમદ તઝકિરતુલ આબિદીનના હવાલાથી લખે છે કે, શેખ અબૂ સઈદ ગંગોહી રહ.ની સેવામાં આવ્યા અને વહદતુલ વુજૂદનો મસ્અલો રજૂ કર્યો. આપ રહ.એ ફરમાવ્યું કે, ભાઈ ! તમે મોલ્વી છો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મારા સમજાવવાથી તમને સંતોષ નહીં થાય. થોડા દિવસ મસ્જિદના હુજરામાં એકાંતમાં રહો, બધું આપમેળે સમજમાં આવી જશે.

ખિલાફત.

બહરે ઝખ્ખાર (૬૪૬)માં છે કે, હજુ ચાલીસ દિવસ પૂરા પણ થયા ન હતા, અને એક દિવસ શાહ અબૂ સઈદ રહ. આવ્યા અને ફરમાવ્યું કે,

اے محبّ اللہ! بیا تر ابخدا رسانیدم وولایتِ پورب بتو ارزانی داشتم

મુહિબ્બુલ્લાહ, હુજરામાંથી બહાર આવી જાઓ. તમારું કામ થઈ ગયું. ચિલ્લું પુરું કરવાની જરૂરત નથી. આમ કહીને ખિલાફત અતા ફરમાવી અને નસીહત, તાકીદ અને વસીય્યતોનો તોહફો આપીને સદરપૂર રવાના ફરમાવી દીધા.

ઈકતેબાસુલ અનવારમાં છે કે, શેખ મુહિબ્બુલ્લા રહ.ને આ વેળા ખ્યાલ આવ્યો કે, પીરો મુરશિદે મારામાં એવું શું જોયું કે, મને ખિલાફત આપી રહયા છે ? શાહ અબૂ સઈદ રહ. આ સ્થિતિ સમજી ગયા, પરંતુ ખિલાફત આપીને દુઆ કરવાની શરૂ ફરમાવી તો એવી રૂહાની કેફિયત શેખ મુહિબ્બુલ્લાહ રહ. ઉપર છવાયી કે તેઓ પોતે જ બોલી ઉઠયા કે હઝરત બસ, બસ.. વધારે સહન કરવાની મુજમાં શકિત નથી.

તારીખે મશાઈખે ચિશતમાં હઝરત શૈખુલ હદીસ રહ. ફરમાવે છે કે, આપ રહ.ને આટલી જલદી ખિલાફત આપવામાં આવી તો પહેલેથી મોજૂદ ઘણા મુરીદો અને ખાદિમોએ અરજ કરી કે, હઝરત ! આ બધા ખાદિમો આટલા સમયથી અહિંયા આવીને પડયા છે, એમના તરફ એટલી તવજ્જોહ ન આપી જેટલી આ નવઆગંતુકને આપવામાં આવી. શાહ અબૂ સઈદ રહ.એ ઉત્તર આપ્યો કે, ذلك فضل الله يؤتيه من يشاء આ તો અલ્લાહ તઆલાની મહેરબાની છે. અલ્લાહ તઆલા જેને ચાહે છે, અતા ફરમાવે છે. પછી ખાદિમોને નસીહત ફરમાવી કે દરેક માણસની સ્થિતિ સરખી નથી હોતી. અમુક લોકોએ વધારે મુજાહદહ કરવા પડે છે અને અમુક લોકો થોડી મહેનત પછી કાબેલ બની જાય છે.

ખિલાફત મેળવીને આપ રહ. સદરપૂર આવ્યા, થોડા સમય પછી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રુદોલી શેખ અહમદ અબ્દુલ હક રહ.ની ખાનકાહમાં રહેવા લાગ્યા.

મિરાતુલ અસરારના લેખક શેખ અબ્દુર્રહમાન ચિશ્તી લખે છે કે, આ દિવસોમાં મારો કિયામ પણ રુદોલી ખાનકાહમાં જ હતો. જૂની દોસ્તીના કારણે મારી સાથે જ રહેવા લાગ્યા. એમની સાથે ઉપયોગી અને પાકીઝા મજલિસ થવા માંડી જેનાથી અમને બંનેને ફાયદો થતો હતો. થોડા સમય પછી બશારત અને ઈજાઝત મેળવીને અમે બંને રવાના થયા. રસ્તામાં થોડા દિવસ તેઓ મારા ગરીબખાનામાં રોકાયા, અને તેઓ ઈલાહાબાદ રવાના થયા.

ઈલાહાબાદમાં શરૂમાં આપ રહ.ને થોડી તકલીફ પડી, પછી અલ્લાહ તઆલાએ આસાની કરી દીધી અને આપ રહ.ની એટલી બધી ખ્યાતિ મળી કે તે સમયના મહાન ઉલમાએ કિરામમાં આપની ગણના થવા લાગી.

શાહજહાં આપ રહ. પ્રત્યે ઘણી જ અકીદત ધરાવતો હતો. તારીખે મશાઈખે ચિશ્તમાં પ્રો. ખલીક અહમદ લખે છે : શાહજહાંએ એકવાર આપ રહ.ને પત્ર દ્વારા મુલાકાતનો શોખ દર્શાવ્યો અને લખ્યું કે,

عرفان آگاہ، معارف جلوہ گاہ، شیخ محب اللہ سلمہ ، فرمان أطیعوا اللہ و أطیعوا الرسول و أولی الأمر منکم ، نیك تصور نمودہ بیایند کہ شوق فوق الحد ست . والدعا فوق المدعا .

અલ્લાહ તઆલાની મઅરિફત ધરાવનાર શેખ મુહિબ્બુલ્લાહ... અલ્લાહ તઆલા આપને સલામત રાખે. અલ્લાહ તઆલાનું ફરમાન છે : અલ્લાહ તઆલાની, રસૂલની અને તમારા માંહે જે અમીર હોય એની ફરમાંબરદારી કરો. આ ફરમાન ઉપર અમલ કરીને આપ તશરીફ લાવો. આપને મળવાનો શોખ હદથી વધારે છે. અને આપની દુઆ એના કરતાં પણ વધારે ઉપયોગી છે.

આપ રહ.એ જવાબ આપ્યો કે,

امر اولی الأمر رسید ، اثر محبت مفہوم گردید ، لیکن شخصے کہ از مرتبہ اولی و ثانی بر نہ آمدہ باشد ، بمرتبہ ثالث چگونہ رسد.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અમીરનો હુકમ પહોંચ્યો. મુહબ્બતનો મતલબ પણ સમજયો. પણ જે માણસ હજુ પહેલા અને બીજા મરતબાથી આગળ ન વધ્યો હોય એ ત્રીજા મરતબા ઉપર કેવી રીતે પહોંચી શકે ? (તારીખે મશાઈખે ચિશ્ત : ૨૨૫) એટલે કે હું તો હજુ ખુદા અને રસૂલના હુકમો ઉપર અમલ કરવામાં મશગૂલ છું, એમાંથી સમય જ નથી મળતો તો પછી ત્રીજી હસ્તીના હુકમો માનવાની ફુરસદ કયાંથી હોય !

શાહઝાદા દારાશિકોહ પણ આપ રહ.નો ઘણો અકીદતમંદ હતો. ઈલાહાબાદનો ગર્વનર એને બનાવવામાં આવ્યો તો એને વધારે ખુશી આ બાબતની હતી કે શેખ મુહિબ્બુલ્લાહથી સંપર્ક અને સંબંધ બનાવવાનો મોકો મળશે.

એકવાર દારાશિકોહે એક લાંબા પત્રમાં આપ રહ.ને ૧૮ સવાલો પૂછયા હતા. બધા જ સવાલો તસવ્વુફના વિવિધ મસ્અલાઓ અને બારીક બાબતો વિશે છે. ઈકતેબાસુલ અનવારમાં છે કે, આપ રહ.ની એક કિતાબ 'અસ્વિલહ વ અજવિબહ' (اسئلہ و اجوبہ) છે. એમાં આ સવાલ – જવાબ મોજૂદ છે. ઈકતેબાસુલ અનવારમાં અને પ્રો.રઝી અહમદ સાહેબના પુસ્તક મશાઈખે ચિશતીયા સાબરીયામાં આ સવાલ જવાબનું વર્ણન છે. પણ બન્ને જવાબોમાં થોડા ઘણો તફાવત છે. શકય છે કે ફારસીના અનુવાદ કે ભાવાનુવાદના કારણે એમ થયું હોય.

લેખનકાર્ય – કિતાબો .

શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ.ની કિતાબો ઉપર આપને ઘણું પ્રભુત્વ હતું. બહરે ઝખ્ખારમાં છે કે, મુહયુદ્દીન ઈબ્ને અરબીને શેખે અકબર કહેવામાં આવે છે તો આપને શેખે કબીર કહેવા જોઈએ. પ્રો. રઝી અહમદ લખે છે કે, જે વિષયોમાં શેખ ઈબ્ને અરબી રહ.એ કિતાબો લખી છે, એ જ વિષયો ઉપર આપ રહ.એ પણ કિતાબો લખી છે. ફુસૂસુલ હિકમની જેમ અન્ફાસુલ ખવાસ અને ફુતૂહાતની જેમ ઈબાદતુલ ખવાસ નામી કિતાબો આપ રહ.એ સંપાદન ફરમાવી છે.

અમુક કિતાબોમાં આપ રહ.એ તસવ્વુફનો કોઈ મસ્અલો લખીને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પછી લખ્યું છે કે, આ લખાણ લખ્યા પછી ઇબ્ને અરબી રહ.ની ફુસૂસુલ હિકમ અને ફુતૂહાત જોયી તો એમાં પણ આવો જ મતલબ લખેલો જોયો.

આપ રહ. પોતે પોતાની કિતાબો વિશે લખે છે કે, તસવ્વુફના વિષય ઉપર આટલું બધું જે લખ્યું છે, એ મુતાલઅહ અને વાંચનથી નથી લખ્યું. પહેલા જ દિવસે જયારે મને પીરો મુરશિદે લાઇલાહ ઇલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહની જે તાલીમ આપી હતી, આ બધી એની જ બરકત છે. (બહરે ઝખ્ખાર)

આપ રહ.એ લખેલ કિતાબો

(૧) આપની એક મશહૂર કિતાબ રિસાલા તસ્વીયહ છે. આ વહદતુલ વુજૂદના વિષયમાં અરબીમાં અત્યંત નાનો એક રિસાલહ છે. વહદતુલ વુજૂદની માન્યતા ચિશ્તી બુઝુર્ગોની વિશેષતા ગણાય છે. સિલસિલાના લગભગ બધા જ બુઝુર્ગો આ માન્યતાને સમજવા, પામવા અને અનુસરવાને પોતાનું ભાગ્ય સમજતા હતા. હઝરત અકદસ થાનવી રહ. સુધી લગભગ વધુ પડતા બુઝુર્ગોએ આ વિષયે લખવાને પોતાની સઆદત સમજતા આવ્યા છે. અલબત્ત બીજા અમુક ઉલમા આ માન્યતાથી સહમત ન હતા અને એને ઇસ્લામ અને શરીઅત વિરુદ્ધ સમજતા હતા.

આપ રહ.ના આ રિસાલહ વિશે ઓરંગઝેબ રહ. પાસે શિકાયત કરવામાં આવી, એટલે તેઓ આપથી નાખુશ હતા. મઆષિરુલ કિરામ અને તસ્ફીયા શર્હે તસ્વીયામાં મિરાતુલ ખ્યાલના હવાલાથી લખવામાં આવ્યું છે કે, મઝકૂર રિસાલામાં હઝરત જિબ્રઇલ દ્વારા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર વહી લાવવા બાબતે આ મુજબનું લખાણ છે :

فجبريل كان فى محمد صلى الله عليه و سلم و كذا فى كل من الأنبياء ، لذا كلمه بلسانه

તે સમયના ઉલમાએ આલમગીર રહ. સામે આ લખાણ રજૂ કરીને કાર્યવાહી કરવાની માંગણી કરી. આલમગીરે આ લખાણને શરીઅત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વિરુદ્ધ સમજીને આદેશ આપ્યો કે, શેખ મુહિબ્બુલ્લાહ દરબારમાં હાજર થઈને આ લખાણ શરીઅત મુજબ છે એની સમજણ આપે. લોકોએ કહયું કે તેઓનો ઈન્તેકાલ થઈ ગયો છે, તો બીજો હુકમ ફરમાવ્યો કે, એમના મુરીદો અને ખલીફાઓને આદેશ આપવામાં આવે કે તેઓ દરબારમાં આવીને આ લખાણ વિશે શરીઅતના સિદ્ધાંતો મુજબ હોવાની સમજૂતી આપે, અથવા શેખની બયઅત તોડીને ઈસ્તિગ્ફાર કરે અને રિસાલાને સળગાવી દે.

આ વેળા શેખ મુહિબ્બુલ્લાહ રહ.ના બે ખલીફાઓ દિલ્હીમાં મોજૂદ હતા. શેખ મુહમ્મદ કબીર કનોજી રહ. અને શેખ મુહમ્મદી રહ.

શેખ મુહમ્મદ કનોજી રહ. તો દરબારી હોદ્દેદાર હતા, એમણે બયઅત ખતમ કરવાને સ્વીકાર કર્યું અને છૂટી ગયા. શેખ મુહમ્મદી રહ.એ જવાબ લખ્યો કે, ન તો ઈસ્તિગ્ફારની જરૂરત છે અને ન બયઅત તોડવાની. જે ઉચ્ચ સ્થાને પહોંચીને શેખ રહ.એ આ વાત લખી છે, ત્યાં સુધી હજુ હું પહોંચ્યો નથી. જયારે હું એ ઉચ્ચ સ્થાને પહોંચી જઈશ ત્યારે એનો મતલબ લખી મોકલાવીશ અને બાદશાહ આ રિસાલાને સળગાવવા ચાહતા હોય તો શાહી બાવરચી ખાનામાં ફકીરોના ઘરો કરતાં વધારે આગ હશે. જેટલા નુસ્ખા મળે, એ સળગાવી દેવામાં આવે. બાદશાહ આ જવાબ સાંભળીને ચૂપ થઈ ગયા. (મઆષિરુલ કિરામઃ૧૬/તસ્ફિયાઃ૪/ તઝકિરહ મિરાતુલ ખ્યાલઃ૨૧૪)

તઝકિરતુલ કિરામના હાશિયહમાં છે કે ઓરંગઝેબ સામે 'તસ્વીયા'ના લખાણ બાબતે હઝરત શેખ મુહમ્મદ અફઝલ અબ્બાસી ઈલાહાબાદી અને એમના પીર ભાઈ હાજી વલીનું નામ પણ રજૂ કરવામાં આવ્યું. બાદશાહે હઝરત શેખ મુહમ્મદ અફઝલના નામ સામે વર્તૂળ કરી દીધું અને હાજી વલી મુહમ્મદના નામ સામે લખ્યું કે, આ શેખ મુહમ્મદ અફઝલના બિરાદરે તરીકત છે, આ તકવાવાળા લોકોનું ખાનદાન (જમાત) છે. વસવસાના કારણે એમના અકીદામાં ખરાબી આવી ગઈ હશે. (૧૦૬)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હસનાતુલ હરમૈનમાં છે કે, શેખ મુહિબ્બુલ્લાહ રહ.ની જીંદગીમાં પણ એમના વિચારો બાબતે લોકોમાં મોટો ફિત્નો ઉભો થયો હતો અને એક વાર વાત એટલી વધી ગઈ કે લોકો આપ રહ.ને કતલ કરવાને તૈયાર થઈ ગયા. પરંતુ શેખ મુહમ્મદ રશીદ જોનપૂરી રહ.ને ખબર પડી તો તેઓ ઉતાવળે જોનપૂરથી ઈલાહાબાદ દોડી આવ્યા અને શેખ મુહિબ્બુલ્લાહની વાતોનો મતલબ સમજાવીને લોકોને શાંત કર્યા. (હસનાતુલ હરમૈન, ઉર્દૂ : ૮૧)

શેખ કલીમુલ્લાહ જહાંબાદી રહ.એ પણ એની એક શરહ લખી છે. (હસનાત : ૮૨) એક શરહ આ રિસાલાની મવ. અબ્દુલ હલીમ ફિરંગી મહલ્લીની લખેલી હસ્તપ્રત સ્વરૂપે ખાનકાહની લાયબ્રેરીમાં છે. તસ્ફીયા શરહે તસ્વીયા નામી એક શરહ મવલાના અલી અનવર કલંદર રહ.એ લખેલી ફારસી–ઉર્દૂ, અસહહુલ મતાબેઅ લખનઉથી પ્રકાશિત થઈ છે. ઉપરાંત શેખ મુહમ્મદ ફય્યાઝ રહ., શેખ અબ્દુલ્લાહ નકશબંદી દહેલ્વી રહ., શેખ મુહમ્મદ અફઝલ રહ., સય્યિદ અલી અકબર હુસૈની દહેલ્વી રહ. એ પણ આ રિસાલહની શરહ લખી છે. અને એનાથી પુરવાર થાય છે કે આપ રહ.નો આ રિસાલહ આ વિષયે ઘણો મહત્વનો ગણાતો હતો અને ઉલમાએ કિરામ દરમિયાન આ વિષયનો જ્ઞાન સ્ત્રોત ગણાતો હતો.

શેખ મુહિબ્બુલ્લાહ રહ. પોતાના ખલીફાઓને મકતૂબાતમાં આ રિસાલહને ફેલાવવાની મનાઈ કરતા હતા પરંતુ એ ઝમાનામાં સ્થિતિ જ એવી હતી કે આવી કિતાબોની માંગ વધારે હતી એટલે મુરીદો આ પાબંદી ઉપર અમલ ન કરી શકયા. (હસનાત : ૮૨)

હઝરત ખ્વાજા બાકી બિલ્લાહના સાહબઝાદા ખ્વાજા ખિરદ રહ.એ આ રિસાલાના રદ – ખંડન કરતી એક શરહ આલમગીર રહ.ના ઝમાનામાં લખી હતી.

અન્ય કિતાબો નીચે મુજબ છે :

(૨) શરહે ફુસૂસુલ હિકમ, અરબી. (૩) શરહે ફુસૂસુલ હિકમ, ફારસી, ૧૦૪૧ હિ.માં આ શરહ લખવામાં આવી. (૪) મગાલિતે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આમ્મા (૫) સિર્રુલ ખવાસ (૬) ઈબાદતુલ ખવાસ. ૧૦૫૩ હિ. (૭) તુરુકુલ ખવાસ (૮) ઈબાદત અખસ્સુલ ખવાસ (૯) મનાઝિર અખસ્સુલ ખવાસ. ૧૦૫૦ હિ. (૧૦) રિસાલા વુજૂદે મુત્લક (૧૧) રિસાલહ સેહ રુકની (૧૨) રિસાલા હફ્ત અહકામ (૧૩) ગાયતુલ ગાયાત. (૧૪) મજમુઅહ મકતૂબાત (૧૫) અકાઈદુલ ખવાસ (૧૬) રિસાલહ સયરે ઈલહી (૧૭) કિતાબુલ મુબીન (૧૮) હાશિયહ તરમજતુલ કુરઆન (૧૯) તરજમતુલ કિતાબ (૨૦) મરાતિબે વુજૂદ (૨૧) મૂનિસુલ આરિફીન (૨૨) રિસાલહ ઈઆનતુલ ઈખ્વાન. (૨૩) ઈમાલતુલ કુલૂબ (૨૪) ઈફાદાતે શેખ મુહયુદ્દીન રહ. મુળ રીતે આ કિતાબ શેખ રહ.એ લખેલ નથી. બલકે ફુસૂસુલ હિકમ ફારસીનો ઉર્દૂ અનુવાદ છે,

ઉપરોકત કિતાબોમાંથી વધુ પડતી કિતાબો આજે એમની ખાનકાહની લાયબ્રેરીમાં હસ્તપ્રત અથવા છપાયેલ મોજૂદ છે.

શાહઝાદા દારાશિકોહના નામે લખેલા આપના પત્રો આઝાદ લાયબ્રેરી અલીગઢ, સુબ્હાનલ્લાહ કલેકશનમાં હસ્તપત સ્વરૂપે સંગ્રહિત પત્રસંગ્રહમાં પેજ ૧૯૩ થી ૨૧૬ સુધી મોજૂદ છે. (મુકદ્દમહ મકાસિદુલ આરિફીન : ૨૪)

પ્રો. રઝી અહમદ લખે છે કે, ઈતિહાસકારોના લખવા મુજબ આપની સંપાદિત કિતાબોની સંખ્યા ૨૪ છે.

ઈલાહાબાદમાં આપની ખાનકાહની લાયબ્રેરીમાં આપની ઘણી કિતાબોની હસ્તપ્રતો આજે પણ મોજૂદ છે.

ઇરશાદાત :

શેખ મુહિબ્બુલ્લાહ રહ.ની કિતાબ 'રિસાલહ હફ્ત અહકામ' અને તુરુકુલ ખવાસમાંથી આપ રહ.ના ઇરશાદાત અને નસીહતો ઘણા વિસ્તારથી હઝરત મવલાના કમરુઝઝમા સાહેબ દા.બ.એ અકવાલે સલફમાં વર્ણવ્યા છે. અત્રે એમાંથી અમુક વાતો વર્ણન કરીએ છીએ :

• બીમારીઓ ત્રણ પ્રકારની હોય છે.

૧) શરીરની બીમારી. જે બધાને જ ખબર છે. તબીબી વિદ્યા થકી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એનો ઈલાજ કરવામાં આવે છે.

૨) દિમાગ અને વિચારોની બીમારી. જેના થકી ખોટા અકીદાઓ ઉદભવે છે. એનો ઈલાજ આ છે કે ઝિક્ર – ફિક્ર સાથે એકાંત અપનાવીને અકાઈદ વિશે વિચારવાનું બંધ કરી દેવામાં આવે.

૩) દિલ અને નફ્સની બીમારી.

આ બીમારી ત્રણ પ્રકારે હોય શકે છે : કથની, કરણી અને રહન – સહન. (اقوال، افعال اور احوال) અને ત્રણેવના ઈલાજ અલગ અલગ છે. અલબત્ત શેખે કામિલની સોહબત દિમાગ અને દિલની બધી જ બીમારીઓનો યોગ્ય ઈલાજ છે.

• ઈખ્લાસ પોતાને કોઈ બીજા માટે ખાલી અને ખાલિસ કરી લેવાનું નામ છે. આ લગભગ મુશ્કેલ બાબત છે. હા, અલ્લાહ તઆલાના અમુક વિશેષ બંદાઓ હોય છે. જે વિષેશ શાન ધરાવે છે.

• પોતાની પાસે જે માલ હોય એના ઉપર સંતોષ કરવાને જ કનાઅત કહે છે. વિશેષ કરીને જો એટલો માલ હોય કે શરઈ જરૂરત પૂરી કરવાને કાફી હોય. કમાઈની આવશ્યકતા હોય તો કમાણી કરવી પણ જરૂરી છે. અમુક સ્થિતિઓમાં સવાલ કરવાની પણ ઈજાઝત છે, જેની વિગત હદીસ શરીફમાં વર્ણવવામાં આવી છે. અને સાચી વાત આ છે કે યોગ્ય અને શરઈ રીતે જે માલ પણ કમાવામાં આવે, એ કનાઅતમાં જ શામેલ ગણાશે, નહીંતર હઝરત ઉસ્માન રદિ. અને બીજા એવા અન્ય નેક અને મુત્તકી લોકો વેપાર વગેરે માધ્યમોથી માલ કમાતા હતા, તેઓ કનાઅત કરનાર ગણાશે નહીં. હઝરત સુલૈમાન અલૈ.એ દુઆ ફરમાવી હતી કે,

رب هب لى ملكا لاينبغى لأحد من بعدى

હે મારા રબ ! મને એવી બાદશાહત અતા ફરમાવો જે મારા પછી કોઈને આપવામાં ન આવી હોય. અને આ બાદશાહત એમને આપવામાં આવી. આમ છતાં તેઓ કનાઅતથી બહાર નીકળેલા ન કહેવાશે.

વફાત :

વીસ વરસ આપ રહ.એ ઈલાહાબાદમાં ઈસ્લાહ અને તરબિયતની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સેવા આપી. અને તા. ૯ રજબ, ૧૦૫૮ હિ. (૧૬૪૮ ઈ.)ના દિવસે ગુરૂબે આફતાબના સમયે ઈલ્મ અને અમલનો આ સુર્ય પણ આથમી ગયો. ઈલાહાબાદમાં બહાદુરગંજ મુહલ્લામાં આપ રહ.નો મઝાર આજે પણ આબાદ છે.

જયારે આપ રહ.ની વફાતની ખબર દારાશિકોહ અને વઝીરે આઝમ નવાબ સઅદુલ્લાહને પહોંચી તો એમને ઘણો અફસોસ થયો. એમને થયું કે મુહિબ્બુલ્લાહ તો ફકીર માણસ હતા. અલ્લાહના ભરોસે જીવતા હતા. હવે એમના ખાનદાનના રહેવાની વ્યવસ્થા કરવી જોઈએ અને શેખ રહ.ની કબર ઉપર મોટો મકબરહ બનાવવો જોઈએ. ખાનદાનના રહેવા – સેહવાની વ્યવસ્થા માટે તો શેખ મુહિબ્બુલ્લાહ રહ.ના સાહબઝાદા શેખ તાજુદ્દીન રહ.ના નામે એક શાહી ફરમાન લખીને ઈલાહાબાદના હાકેમને મોકલી દેવામાં આવ્યું. ઉપરાંત એક મોટો મકબરહ બનાવવાનો હુકમ પણ કરવામાં આવ્યો.

મકબરહ બનાવતાં પહેલાં શેખ મુહિબ્બુલ્લાહ રહ.ના એક ખલીફા શાહ મુહમ્મદ દિલરુબાને હુકમ કરવામાં આવ્યો કે તેઓ મકબરહ બનાવતાં પહેલાં મુકાશફહ વડે શેખ મુહિબ્બુલ્લાહ રહ. પાસે એની પરવાનગી માંગી લે અને જેમ હુકમ હોય એ મુજબ અમલ કરે. મુકાશફહમાં શેખ મુહિબ્બુલ્લાહ રહ.એ જવાબ આપ્યો કે મુજ ફકીરને મોટા મકબરહ અને જાહોજલાલની જરૂરત નથી. એના બદલે કયાંક કોઈ મસ્જિદ બનાવી દેવામાં આવે તો બનાવનાર અને એમાં નમાઝ પઢનારને સવાબ મળશે. અને પછી એમના જ ઈશારાથી એક સુંદર અને આલીશાન શાહી મસ્જિદ તામીર કરવામાં આવી. વર્તમાનમાં આ મસ્જિદ દાયરા શાહ મુહિબ્બુલ્લાહ, મહોલ્લા બહાદુરગંજમાં આવેલ છે. અને આજ સુધી શેખ મુહિબ્બુલ્લાહ રહ.ના ખાનદાનના લોકો ત્યાં ઈમામત કરાવે છે.

અવલાદ :

અનવારુલ આરિફીનમાં છે કે વફાત વેળા તાજુદ્દીન નામના એક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નાના સાહબઝાદહ આપની અવલાદમાં હતા. અલબત્ત મને આજે ખબર નથી કે શેખ તાજુદ્દીનથી એમની અવલાદનો સિલસિલો અને ખાનદાન છે કે નહીં ? (અનવારુલ આરિફીન : ૪૩૯)

આજની તારીખે ખાનદાનની વિગત આ છે કે આપ રહ.નું ખાનદાન આજે પણ ઈલાહાબાદમાં હયાત છે, મવલાના કમરુઝમાં સાહેબ દા.બ. અકવાલે સલફમાં લખે છે કે, આપ રહ.ના ખાનદાનમાં સજ્જાદહનશીનીનો સિલસિલો પણ જારી છે. શાહ સયફુલ્લાહ ઉર્ફ સઅદ મિયાંએ અઝીઝમ મોલ્વી મુકર્રિબુલ્લાહ સલ્લમહુ કાસમીને સજ્જાદહ નશીન બનાવ્યા છે. જેમણે અમારા મદરસા દારુલ મઆરિફ કરેલી, અને બયતુલ મઆરિફ બખ્શી બાઝાર ઈલાહાબાદમાં દરસે નિઝામીની તાલીમ પૂરી કરીને આ વરસે ૧૪૩૫ હિ.માં અઝહરે હિન્દ દારૂલ ઉલૂમ દેવબંદમાં દવરએ હદીસની તાલીમ પ્રાપ્ત કરીને ફરાગત મેળવી છે. (અકવાલે સલફ : ૫– ૨૦૩)

ખલીફાઓ :

શેખ મુહિબ્બુલ્લાહ રહ.થી સહુ પ્રથમ કાઝી ઘાસી રહ. બયઅત થયા અને આપ રહ.ની સોહબતની બરકતથી ઘણા જ જલ્દી ખિલાફત પ્રાપ્ત કરીને સિલસિલાના મશહૂર ખલીફા બન્યા. રૂદે કવષરમાં શેખ મુહમ્મદ ઈકરામ સાહેબ લખે છે કે, ઉલમાએ ફિરંગી મહલના વડવા (મૂરિષે આલા) મુલ્લા કુત્બુદ્દીન શહીદ સહાલવી રહ.એ કાઝી ઘાસી રહ. પાસે તાલીમ મેળવી હતી, અને પછી એમના થકી હિંદુસ્તાનમાં આ તાલીમ પ્રચલિત થઈ. (રૂદે કવષર : ૪૪૧)

બીજા એક ખલીફા મુહમ્મદ કબીર કનોજી રહ. છે. શાહજહાં જયારે દિલ્હીમાં કેદ હતો ત્યારે આલમગીર રહ.એ એની હુંફ અને સોહબત માટે આપ રહ.ને નિયુકત કર્યા હતા.

ત્રીજા મશહૂર ખલીફા શેખ મુહમ્મદી ફય્યાઝ રહ. છે. ચિશ્તીયા સાબરીયા સિલસિલો આપના થકી જ ફેલાયો અને આપણા શજરહમાં હવે પછી એમનું જ સ્થાન આવે છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપરાંત આપ રહ.ના પુત્ર શેખ તાજુદ્દીન રહ., કાઝી યૂસુફ રહ. કાઝી અબ્દુર્રશીદ રહ. શેખ મુહસિન ફાની રહ. શેખ અહમદ રહ. અને શાહ મુહમ્મદ દિલરુબા રહ. પણ આપના ખલીફા છે.

———————————————————

સંદર્ભ ગ્રંથો :

http://en.wikipedia.org/wiki/Muhibullah_Allahabadi

મશાઈખે ચિશતીય્યહ સાબરિય્યહ
બહરે ઝખ્ખાર
તઝકિરહ ઉલમાએ હિન્દ
તારીખે મશાઈખે ચિશત (ખલીક અહમદ)
હસનાતુલ હરમૈન, (મુકદ્દમહ)
મઆષિરુલ કિરામ, (મુકદ્દમહ)
અનવારુલ આરિફીન
મુકદ્દમહ મકાસિદુલ આરિફીન
અકવાલે સલફ. મવ. કમરુઝઝમાન.
ઉલમાએ હિન્દ કા શાનદાર માઝી
નુઝહતુલ ખવાતિર
મિરાતુલ અસરાર
તારીખે મશાઈખે ચિશત
ઈકતેબાસુલ અનવાર
તસ્ફીયા શર્હે તસ્વીયહ.
રવઝતુલ કય્યૂમિય્યહ.
મિરાતે ખ્યાલ.
રૂદે કવષર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૩૦.

હઝ. શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શાહ મુહમ્મદી, ફય્યાઝે દહર રહ. ૧૪ શવ્વાલ, ૧૦૨૧ હિ. ૭ ડિસેમ્બર ૧૬૧૨ ઈ. ગુરુવારે ખૈરાબાદ શહેર સાથે જોડાયેલ એક કસ્બામાં પેદા થયા. ૨૨ મી પેઢીએ આપની વંશવાળી હઝરત જઅફર બિન અબી તાલિબ રદિ.ને જઈ મળે છે, એટલે આપના ખાનદાનને જઅફરી કહેવામાં આવે છે.

તારીખે સાદાતે અમરોહા ૪૬૦ માં છે કે, હઝરત જઅફર રદિ.ની અવલાદના અમુક ખાનદાનો અમરોહામાં છે. એમાં સહુથી મશહૂર ખાનદાન હઝરત શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.નું છે. તેઓ પોતાના સમયના મશહૂર સૂફી બુઝુર્ગ હતા.

મકાસિદુલ આરિફીનમાં છે કે, આપના વાલિદ શેખ ઈસા મુહમ્મદ રહ.ને કોઈ અવલાદ ન હતી. આપના વતન કુરચા (ખેરાબાદ, અવધ)માં એક બુઝુર્ગ શાહ કાલૂ રહ. હતા. એમણે એક વાર ખુશખબરી આપી કે અલ્લાહ તઆલા તમને ચાર બેટા આપશે. આ આગાહી મુજબ જ જહાંગીરી જુલૂસના સાતમાં વરસે ૧૪ શવ્વાલ, ૧૦૨૧ હિ. ૭ ડિસેમ્બર ૧૬૧૨ ઈ. ગુરુવારે આપનો જન્મ થયો. આપનું નામ મુહમ્મદી રાખવામાં આવ્યું અને પાછળથી આપ રહ. મુહમ્મદી ફય્યાઝે દહર રહ.ના નામે મશૂહર થયા. (મકાસિદુલ આરિફીન, પેજ :૧)

આપ રહ. બાળપણમાં પઢવા – લખવામાં ધ્યાન આપતા ન હતા. સ્વતંત્ર સ્વભાવ અને હળવા – ફરવાના શોખીન હતા. પરંતુ આપના વાલિદ શેખ મુહમ્મદ ઈસા હરગામી રહ. વારંવાર આપને તાકીદ કરતા રહેતા હતા. એકવારની સખત ટકોર કંઈક એવી અસર કરી ગઈ કે બધું છોડી પરવારીને ઈલ્મમાં પરોવાય ગયા. ઉલૂમે ઝાહિરીની તાલીમ પૂરી કરીને ઉલૂમે બાતિની પ્રાપ્ત કરવા તરફ ધ્યાન આપ્યું. આ માટે શેખ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુહિબ્બુલ્લાહ ઈલાહાબાદી રહ.ની સેવામાં પહોંચ્યા. લગાતાર ૧૪ વરસ શેખ મુહિબ્બુલ્લાહ રહ.ની સેવામાં રહયા. આટલા વરસોમાં ફકત એકવાર વાલિદને મળવા હરગામ ગયા. આપના વાલિદ રહ.એ અકીદતમંદોના આગ્રહથી હરગામને વતન બનાવી લીધું હતું. અત્રે અમુક દિવસ રોકાયને શેખ મુહિબ્બુલ્લાહ રહ.ની સેવામાં પાછા આવી ગયા. રુહાની કમાલાતમાં આપ રહ.એ એટલું ઉચ્ચ સ્થાન મેળવી લીધું હતું કે, એકવાર શેખ મુહિબ્બુલ્લાહ રહ.એ આપને ફરમાવ્યું કે, મુહિબ્બુલ્લાહે પોતાના પીરને જોયા ન હોત અને શેખ મુહમ્મદી સાથે ઝાહેરી – બાતેની કમાલાતની આ સ્થિતિમાં મુલાકાત થાત તો એમનો મુરીદ બની જાત.

જયારે વાલિદ સાહેબને મળીને પાછા શેખ રહ.પાસે આવ્યા તો એના થોડાક જ દિવસો પછી ૩ સફર ૧૦૫૩ હિ.ના દિવસે આપના વાલિદ સાહેબનો ઈન્તેકાલ થઈ ગયો. વફાતની ખબર મળ્યે ફરી પાછા હરગામ ગયા અને થોડા દિવસ પછી ઈલાહાબાદ પરત આવી ગયા. અને આ જ વરસે આપ રહ.ને ખિલાફત પણ આપવામાં આવી. (તઝકિરતુલ કિરામ : ૨–૧૦૨)

પોતાના પીરની વફાત પછી આપ રહ. અકબરાબાદ (આગરા)માં રહેવા લાગ્યા. ત્યાંથી ૧૦૬૦ હિ. ૧૬૫૦ ઈ.માં આગરા પધાર્યા. શાહજહાંની સલતનતના આ છેલ્લા દિવસો હતા. આગરા આવતા પહેલાંથી જ આપની બુઝુર્ગી અને ઈલ્મની ખ્યાતિ આગરા પહોંચી ચુકી હતી. શાહઝાદહ દારાશિકોહ અહલે તસવ્વુફ સાથે અને એમાંયે વહદતુલ વુજૂદને માનનાર સૂફીઓનો ઘણો જ અકીદતમંદ હતો. આગરામાં આપ રહ. ઠરીઠામ થયા તો દારાશિકોહ ખાનકાહમાં આવવા જવા લાગ્યો.

દારાશિકોહ અને આપ રહ.ના આ સંબંધો અમુક લોકોને ગમ્યા નહીં. આ દરમિયાન ૧૦૬૮ હિ. ૧૬૫૮ ઈ.માં બાદશાહ મુહયુદ્દીન ઓરંગઝેબ રહ. ગાદીએ બેસ્યા. એટલે વહદતુલ વુજૂદની વિચારધારાનું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બહાનું બનાવીને ઓરંગઝેબ રહ.ની સેવામાં આપના વિશે ખોટી શિકાયતો કરવામાં આવી. આ સ્થિતિથી તંગ આવીને આપ રહ. ૧૦૭૦માં એક લાંબી સફરે નીકળી ગયા. દિલ્હી, પાનીપત, કરનાલ, ગંગોહ થઈને મુહમ્મદ કાસિમ ખાનના સમયકાળમાં મુરાદાબાદ પધાર્યા. મુરાદાબાદ આ દિવસોમાં હજુ નવું જ વસાવવામાં આવ્યું હતું.

અહિંયા પાસે જ અમરોહામાં શાહ અબ્દુલ મજીદ ચિશતી રહ.ના ખલીફા મીર અબ્દુલ હકીમ મશહૂર બુઝુર્ગ રહેતા હતા, એમને મળવા પણ ગયા. અમુક દિવસ એમની ખાનકાહમાં રોકાયને પાછા અકબરાબાદ આવી ગયા. ત્યાર પછી પણ બે વાર અમરોહા પધાર્યા અને છેલ્લી વાર શાહ અબ્દુલ મજીદ રહ.ના ઈન્તેકાલ પછી આવ્યા તો અહિંયા જ રહી ગયા. અહિંયા મોટી સંખ્યામાં લોકો આપના હાથ ઉપર બયઅત થયા. નિખાલસ અકીદત અને મુહબ્બત ધરાવતા હતા. છેલ્લી વાર અત્રે પધાર્યા તો લોકોએ અમરોહાને વતન બનાવીને ઠરીઠામ થવાનો આગ્રહ કર્યો અને આ મકસદથી જ લોકોએ અમરોહાના એક ઉચ્ચ ખાનદાનમાં આપના નિકાહની વ્યવસ્થા કરી દીધી.

અનવારુલ આરિફીનમાં શાહ અઝ્હુદ્દીન રહ.ની કિતાબ મકાસિદુલ આરિફીનના હવાલાથી વર્ણન છે કે શેખ અબ્દુલ મજીદ રહ. મુહમ્મદ બિન હનફીય્યહ રહ.ના ખાનદાનના વંશજ હતા. શેખ અબ્દુલ મજીદ રહ.ના ભાઈ શેખ ફૈઝુલ્લાહની બે દીકરીઓ હતી. એક સાહબઝાદી 'સાહિબ દોલત' સાથે અહિંયા જ હિજરી સન ૧૦૭૩, ૧૬૬૩ ઈ.માં આપના નિકાહ થયા. એના અમુક દિવસ પછી આ લખનારના વાલિદ શેખ હામિદ એટલે કે શેખ મુહમ્મદી રહ.ના ભાઈ અમરોહા આવ્યા તો બીજી સાહબઝાદીના નિકાહ એમની સાથે થયા. (અનવારુલ આરિફીન : ૪૪૧/ તઝકિરતુલ કિરામ, તારીખે અમરોહા : ૧૦૩)

હવે આપ રહ.એ અમરોહાને જ કાયમી રહેઠાણ બનાવી લીધું હતું અને આગરા કે અકબરાબાદ છોડી દીધું હતું. અમરોહામાં કામયી રહેઠાણ માટે પાકા મકાનો અને ખાનકાહ, સરાય પણ આપ રહ.એ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બનાવી લીધી હતી. જેમાં આપના પુત્રોએ આપ રહ. પછી ખાનકાહી સિલસિલા જાળવી રાખ્યો હતો.

અલબત્ત શાહ મુહિબ્બુલ્લાહ રહ. સાથે આપનો સંબંધ અને દારાશિકોહની આપ પ્રત્યેની અકીદતના બહાને આપના વિરોધીઓએ ઓરંગઝેબ રહ.ને આપના વિશે બદગુમાન કરી દીધા.(1) શેખ મુહિબ્બુલ્લાહ રહ.ના હાલાતમાં મિરાતુલ ખ્યાલ પેજ : ૨૧૪ વગેરેના હવાલાથી એમની કિતાબ 'તસ્વીયહ' વિશેનો વિવાદ અને ઓરંગઝેબ રહ.ની સેવામાં આપ રહ.એ લખેલ જવાબનો વિગતવાર કિસ્સો આવી ગયો છે.

ઓરંગઝૈબ રહ.એ ૧૦૯૦ હિ. ૧૬૭૯ ઈ.માં આપને હુકમ ફરમાવ્યો કે આપ હરમૈન શરીફૈન ચાલ્યા જાય.

પાંચ વરસ અથવા બે વરસ અત્રે રહયા. અહિંયાના રોકાણ દરમિયાન બે પુત્રો પેદા થયા. સઅદ મુહમ્મદ મક્કામાં પેદા થયા અને રોશન મુહમ્મદ મદીનામાં પેદા થયા, એ આધારે જ સઅદ મુહમ્મદને 'મક્કી' અને રોશન મુહમ્મદને 'મદની' કહેવામાં આવે છે.

વફાત, તદફીન અને મઝાર

૧૦૯૫ હિ. ૧૬૮૫ ઈ.માં આપ રહ. ઝિયારતે હરમૈનથી પરત આવ્યા તો વિરોધીઓએ ફરી પાછા બાદશાહને શિકાયત કરીને આપને કેદ કરાવી દીધા. પ્રથમ શાહજહાંબાદમાં કેદ કરવામાં આવ્યા અને પછી ઓરંગાબાદમાં કેદ રાખવામાં આવ્યા. ઓરંગાબાદ કિલ્લામાં નજરકેદ દિવસોમાં ૧૯ દિવસ બીમાર રહયા પછી તા. ૩ રજબ ૧૧૦૭ હિ./ ૭ ફેબ્રુઆરી ૧૬૯૬ ઈ.માં લગભગ ૮૫ વરસ, ૮ માસ, ૧૯ દિવસની ઉમરે ૧૦ વાગ્યે આપ રહ.ની વફાત થઈ.

આપ રહ.ની વસીય્યત મુજબ આપની મય્યિતને તાબૂતમાં મૂકીને આગરા લાવવામાં આવી અને ૧૪ શવ્વાલ, ૧૧૦૭ હિ./૧૬ મે, ૧૬૯૬ ઈ.ના દિવસે આગરા ખાતે એ હુજરામાં જ દફન કરવામાં આવ્યા જયાં આપ રહેતા હતા. (તઝકિરતુલ કિરામ : ૧૦૮)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખાનકાહ

આગરા છોડીને આપ રહ. અમરોહામાં શાદી કરીને ઠરીઠામ થઈ ગયા હતા, અત્રે પાકા મકાનો અને ખાનકાહ પણ બનાવી લીધી હતી. તારીખે અમરોહામાં આ ખાનકાહનું વર્ણન કરતાં મહમૂદ અબ્બાસી સાહેબ લખે છે :

હઝરત શાહ મુહમ્મદી ફય્યાઝ અગિયારમી સદી હિજરીના મોટા શેખ હતા. આપના બુઝુર્ગો હરગામ (અવધ)ના રહેવાસી હતા. આપ રહ.એ અમરોહાને વતન બનાવ્યું હતું. સરાએ મુહમ્મદીનું નામ આપ રહ.ના નામ ઉપરથી જ પાડવામાં આવ્યું છે. લકડહ મહોલ્લાથી અડીને ઉત્તરે જમીનના જે ટુકડાઓમાં આજકાલ ખેતી થાય છે અહિંયા આપના મકાનો, ખાનકાહ અને મસ્જિદ હતી. વીસ હઝાર પાંચસો પંદર ગઝનો આ વિસ્તાર હતો. હવેલીઓ ઉપરાંત ખાનકાહની ઈમારતનું વર્ણન જૂના દસ્તાવેજોમાં આ મુજબ છે કે, એક હવેલી અને ખાનકાહના બે હુજરા, ઈંટોની મજબૂત ઈમારતના, લાકડાંની છત વાળા, અને છાપરાંવાળા કાચા મકાનો સરાય માટે, અત્રે આબાદ છે. (તારીખે અમરોહા કી પહેલી જિલ્દ : ૧૨૭)

મઝાર

મોતી ગઢ, હીંગ કી મંડી, આર્યમંદિરથી લગોલગ આપ રહ.નો મઝાર છે. અહિંયા પહેલાં આલીશાન ઈમારત અને ખાનકાહ હતી. સમય અને સંજોગો બદલાતા બધી ઈમારતો પડી ભાંગી અને મઝાર પણ એક મકાનમાં શામેલ કરી લેવામાં આવ્યો, પછી શાહ મુહમ્મદ અફઝલ બુખારી સાહેબ રહ. (૧૩૫૧/૧૯૩૨, ખલીફા હઝ. હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રહ.) એ આ મકાન ખરીદીને એની આગળ કંપાઉન્ડ વગેરે બનાવી દીધું છે.(તઝકિરતુલ કિરામઃ૧૦૯ /તાલીમુદ્દીન : ૧૮૫)

મકાસિદુલ આરિફીનમાં છે કે, આ ૧૯૩૨ ની સ્થિતિ હતી. આજે (૧૯૮૪) માં આ મઝાર મોતી કટરહ, સય્યિદવાલી ગલીમાં આર્ય સમાજ મંદિર પાસે છે. અને મઝાર ફરી પાછો એક મકાનના અંદરના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભાગમાં આવી ગયો છે. કોઈ પરિચિત માણસ વગર આ મઝાર સુધી પહોંચવું અઘરું છે. (મુકદ્દમહ, મકાસિદુલ આરિફીન, પેજ : ૧૨)

કમાલાત

મશાઈખે ચિશ્તીયા સાબરીય્યહમાં છે કે, શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.એ પીરો મુરશિદ શાહ મુહિબ્બુલ્લાહ રહ.ની સેવામાં રહીને એમની ઈલ્મી – રૂહાની તરબિયત વડે જે કમાલાત પ્રાપ્ત કર્યા હતા એના પ્રતાપે 'વહદતુલ વુજૂદ' બાબતે ઊંડું જ્ઞાન અને સમજ ધરાવતા હતા. પોતે પણ આ જ વિચારધારાને અનુસરતા હતા. કેદની સખત સજા પણ આ વિચારધારાના કારણે જ ભોગવવી પડી હતી. (પેજ : ૧૪૫)

તઝકિરતુલ કિરામમાં છે :

> આપની મજલિસમાં કુરઆનની આયતો, હદીસ શરીફ અને બુઝુર્ગોના કથનો જ વર્ણવવામાં આવતા હતા. હમેંશા અદબથી જ બેસતા હતા. કિબ્લાનો એહતેરામ કરતા હતા. મજલિસમાં અહલે ઈલ્મનું સન્માન કરતા હતા. દરેક નમાઝ માટે ફરીથી વુઝૂ કરતા હતા. અડધી રાતે ઉઠીને ઇબાદત કરવાનો મામૂલ હતો. નમાઝ જમાઅત સાથે પઢવાની પાબંદી કરતા હતા અને વધુ પડતા પોતે જ ઇમામત ફરમાવતા હતા. દિવસ રાતમાં ફકત એક જ સમયનું ખાવા ખાતા હતા. સામાન્ય લોકો સામે શરીઅતના મસાઈલ હિન્દવી ભાષામાં વર્ણવતા હતા. સાંભળનાર અરબ હોય કે ઈરાની, વાતચીત એવી આકર્ષક રીતે કરતા હતા કે હિન્દવી ભાષાથી પરિચિત ન હોય એવો માણસ પણ એમની વાત સરળતાથી સમજી લેતો હતો. લોકોએ આપને કહયું કે, અરબી કે ફારસીમાં કેમ વાત નથી કરતા ? તો આપ રહ.એ જવાબ આપ્યો કે, હું હિન્દુસ્તાનમાં પેદા થયો છું. મારી માતૃભાષા હિન્દવી છે, બીજી ભાષાઓ બીજા નંબરે છે. અસલ ભાષાને શા માટે છોડવામાં આવે ? (તઝકિરતુલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કિરામ : ૧૦૭)

મુરીદો અને ખલીફાઓ

મોટા મોટા અમીરો આપના મુરીદ હતા. વિશેષ કરીને અમીરુલ ઉમરા રુહુલ્લાહ ખાન આપના ખાસ મુરીદ હતા. અને કેદના દિવસોમાં આપને છોડાવવા માટે ઘણા પ્રયાસો પણ એમણે કર્યા હતા.

(૧) આપના એક ભાઈ હઝરત શાહ અબ્દુલ જલીલ રહ. પ્રથમ શેખ મુહિબ્બુલ્લાહ રહ.ના મુરીદ હતા, પછી આપના હાથે બયઅત થયા અને ખિલાફત મેળવી.

(૨) આપના બીજા ભાઈ શાહ મુહમ્મદ હામિદ રહ. પણ આપના ખલીફા છે.

(૩) આપના બન્ને પુત્રો પુત્ર સઅદ મુહમ્મદ મક્કી રહ. અને રોશન મુહમ્મદ મદની રહ. આપ રહ.ના ખલીફા હતા. તારીખે મશાઈખે ચિશ્ત/તઅલીમુદ્દીન)

(૪) આપના ભત્રીજા શાહ અઝુદ્દુદ્દીન બિન શાહ મુહમ્મદ હામિદ રહ. આપના મહાન ખલીફા અને જાનશીન છે.

શાહ અઝુદ્દુદ્દીન રહ. (આપના ભાઈ શાહ હામિદ રહ.ના પુત્ર) પોતે લખે છે કે એમને શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.થી ખિલાફત પ્રાપ્ત છે.

આ આધારે હવે સિલસિલામાં એમનું જ નામ આવવું જોઈએ. પણ અમુક શજરહમાં શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. અને શાહ અઝુદ્દુદ્દીન રહ. વચ્ચે શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.ના પુત્ર અને ખલીફા શાહ સઅદ મુહમ્મદ મક્કી રહ.નું નામ પણ આવે છે. એટલે આ સ્થળે શજરહમાં શાહ સઅદ મુહમ્મદ મક્કી રહ.ના નામ હોવા કે ન હોવા વિશે થોડો વિરોધાભાસ જોવા મળે છે. બલકે અમુક શજરહમાં વચ્ચે શાહ હામિદ રહ.નું નામ પણ આવે છે. જેની વિગત આગળ શાહ મુહમ્મદ સઅદ મક્કી રહ.ના વર્ણનમાં આવી રહી છે.

———————————

(1) અસલ વાત આ હતી કે ચિશ્તી બુઝુર્ગો અને સૂફીઓ 'વહદતુલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વુજૂદ'ના દષ્ટિકોણને ભારતની સ્થિતિ મુજબ લાભદાયી સમજીને થોડા ઘણા અંશે હિન્દુ ધર્મના પંડિતો કે જોગીઓ સાથે વિચારોની આપ લે કરતા હતા.

ભારતના લગભગ બધા જ ચિશ્તી બુઝુર્ગો આ બાબતે સ્પષ્ટ વિચારો ધરાવતા હતા. એમના મતે વહદતુલ વુજૂદનો મતલબ એ હતો કે સૃષ્ટિની દરેક વસ્તુ, દરેક પરિવર્તન, દરેક ઘટના અને સારા નરસા દરેક કામોને અલ્લાહ તરફથી જ સમજે, અને અલ્લાહ તઆલા જે કંઈ કરે એ બાબતે માણસ ખુશ રહે. વાસ્તવમાં પણ આમ જ હોય છે. અલબત્ત ઘણી વાર આ બાબતોને શબ્દોમાં રજૂ કરવી શકય નથી હોતી, અથવા ઊંડું જ્ઞાન ન ધરાવતા હોય એવા લોકો આવી વાતો સમજી શકતા નથી. માટે આ બાબતે ઉલમાની એક જમાત પહેલેથી જ વહદતુલ વુજૂદના દષ્ટિકોણની વિરોધી રહી છે.

શેખ મુહિબ્બુલ્લાહ રહ. અને શેખ મુહમ્મદી રહ.ના ઝમાનામાં શાહઝાદા દારાશિકોહ પણ વહદતુલ વુજૂદનો સમર્થક હતો અને આ દષ્ટિકોણ ધરાવતા બુઝુર્ગો સાથે અકીદત વ્યકત કરતો હતો. એટલે શેખ મુહિબ્બુલ્લાહ અને શેખ મુહમ્મદી રહ. સાથે એના અકીદતના સંબંધો હોવા સ્પષ્ટ છે.

અલબત્ત દારાશિકોહ આ અકીદામાં ઘણો આગળ વધી ગયો હતો. બલકે તે 'વહદતુલ અદયાન' એટલે કે બધા જ ધર્મો સરખા અને એક જ હોવાની માન્યતા સુધી પહોંચી ગયો હતો. અનેક જોગીઓને અલ્લાહના વલી માનવા ઉપરાંત એમને પોતાના પીર પણ માનતો હતો. બલકે પોતાને રામચંદ્રનો ભકત કહેતો હતો. એનાથી પહેલાં અકબર અને એના ચેલાઓ દ્વારા આ દષ્ટિકોણના આધારે જ 'દીને ઈલાહી'ની સ્થાપના કરવામાં આવી હતી.

બીજી તરફ શાહજહાંની ગાદીના વારસા બાબતે ઓરંગઝેબ અને દારાશિકોહ વચ્ચે ખેંચતાણ હતી. ઓરંગઝેબના ગાદીએ બેસવા પછી પણ દારાની બગાવત ચાલુ હતી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઓરંગઝેબ રહ. ઈસ્લામી આદેશો બાબતે કડક સ્વભાવ ધરાવતા હતા. વહદતુલ વુજૂદનો દષ્ટિકોણ મુળભુત રીતે સહીહ હોવા છતાં એના ખોટો ઉપયોગ સ્પષ્ટ હતો, એટલે તેઓ આ બાબતે આકરું વલણ અપનાવે એ પણ સ્પષ્ટ હતું.

આમ ઓરંગઝેબના સમયકાળમાં આ દષ્ટિકોણ અને એનો વિરોધ વૈચારિક રીતે અને રાજકીય રીતે બે ગ્રુપોની ઓળખ બની ગઈ હતી. એટલે 'વહદતુલ વુજૂદ'ના દષ્ટિકોણ અપનાવનાર કોઈ પણ બુઝુર્ગને એમના વિરોધીઓ ચાહે તેઓ વિરોધમાં નિખાલસ હોય અથવા હસદ પ્રેરિત વિરોધ હોય, રાજસત્તાનો સહારો લઈને હેરાન કરતા હતા. શાહ મુહિબ્બુલ્લાહ રહ. અને શેખ મુહમ્મદી રહ. પણ આ જ ખેંચતાણનો ભોગ બન્યા હતા.

તઝકિરતુલ કિરામમાં છે કે, એ ઝમાનામાં આ ફિત્નાની આગ એવી ભડકી હતી કે મોટા મોટા મશાઈખ આ વિષયે ચર્ચા કરવા અને શેખે કબીર ઈબ્ને અરબી રહ.ની કિતાબો પોતાની પાસે રાખવાથી ગભરાતા હતા. આવા ખતરનાક સમયમાં પણ શેખ મુહમ્મદી ફય્યાઝ રહ.ની અડગતા કાબિલે દાદ છે કે હક વાત કહેવામાં સુલતાની ખોફથી જરા પણ પ્રભાવિત થયા નહીં. (તઝકિરતુલ કિરામ :૧૦૫) અને ઓરંગઝેબને સ્પષ્ટ કહી દીધું કે મારે અમારા પીરો મુરશિદ શેખ મુહિબ્બુલ્લાહની બયઅત તોડવાની કોઈ જરૂર નથી. અને એમની વાતો બાબતે ઈસ્તેગ્ફાર કરવાની પણ કોઈ જરૂરત નથી.

જેમ ઓરંગઝેબ રહ. અને દારાશિકોહ વચ્ચેની રાજકીય શત્રુતા ઘણી આગળ વધી ગઈ હતી, એ જ પ્રમાણે વહદતુલ વુજૂદના સમર્થક અને વિરોધી ઉલમા વચ્ચેની ખેંચતાણ પણ હક – બાતિલની લડાઈ બની ગઈ હતી. રવઝતુલ કય્યૂમિય્યહ ૩ – ૧૪૨, ૧૪૩ વગેરે વાંચતા લાગે છે કે નકશબંદી ઉલમાએ કિરામ આ બાબતે ઘણા જ ચિંતિત હતા અને તેઓ શેખ મુહિબ્બુલ્લાહ રહ. વિશે એમ માનતા હતા કે તેઓ 'વહદતુલ વુજૂદ'થી આગળ વધીને વહદતુલ અદયાન સુધી પહોંચી ગયા છે, અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ સ્થિતિને ભારતમાં મુસલમાનોના આગવા અસ્તિત્વ માટે જોખમ રૂપ હતી.

એનાથી વિપરીત શેખ મુહિબ્બુલ્લાહ રહ. અને શેખ મુહમ્મદી રહ. વગેરે સૂફી બુઝુર્ગોના અહેવાલ લખનાર વધુ પડતા લેખકો આ વિરોધને કાંતો રાજકીય ગણે છે અથવા હસદ આધારિત ગણે છે. જુઓ : અનવારુલ આરિફીન (૪૪૧), રવઝતુલ કય્યૂમિય્યહ (૩–૧૪૧, ૧૪૩), તઝકિરતુલ કિરામ યાની તારીખે અમરોહા કી જિલ્દ ષાની (૧૦૦–૧૦૭), તારીખે મશાઈખે ચિશ્ત : હઝરત શેખ રહ. (૨૨૨–૨૨૩). વગેરે...

———————————

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત : હઝરત શેખ રહ.

તઝકિરતુલ કિરામ યાની તારીખે અમરોહા કી જિલ્દે ષાની.

મશાઈખે ચિશ્તીયા સાબરિય્યહ.

રવઝતુલ કય્યૂમિય્યહ, ઉર્દૂ, જદીદ.

મુકદ્દમહ મકાસિદુલ આરિફીન

તારીખે અમરોહા – જિલ્દ ૧.

તારીખે સાદાતે અમરોહા.

અનવારુલ આરિફીન.

મિરાતુલ ખ્યાલ.

નોટ : મહમૂદ અહમદ અબ્બાસી હાશમી સાહેબ અમરોહાની તારીખ અનેક ભાગો આધારિત સંપાદિત ફરમાવી છે. બીજા ભાગમાં અમરોહાના બુઝુર્ગોનું વર્ણન છે એટલે એનું અલગ નામ તઝકિરતુલ કિરામ રાખ્યું છે.

http://en.wikipedia.org/wiki/Mohammadi_Fayyaz

————————————————————

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૩૧.

શાહ મુહમ્મદ બિન મુહમ્મદી ફય્યાઝ મક્કી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.ના પુત્ર હતા.

અગાઉ આવી ગયું છે કે આપના વાલિદ હઝરત મુહમ્મદી રહ. ફય્યાઝ વિરુદ્ધ અમુક લોકોએ બાદશાહ ઓરંગઝેબ રહ.ને શિકાયતો કરી, તો એની અસરથી ઓરંગઝેબ રહ.એ આપને હરમૈનની ઝિયારતે મોકલી દીધા. મોગલ બાદશાહોમાં રિવાજ હતો કે કોઈ મોટા માણસ મોટા વઝીર કે વફાદાર ખાદિમથી કદી કોઈ કારણસર નારાજ થતા તો એને હરમૈન શરીફૈન મોકલી દેતા હતા. આ એક પ્રકારની સજા પણ હતી અને એના મરતબા, વફાદારી – બુઝુર્ગીની કદરદાની પણ ગણાતી હતી. ઓરંગઝેબ રહ.ની નારાજગીના કારણોની વિગત આગળ શેખ મુહિબ્બુલ્લાહ રહ. અને શેખ મુહમ્મદી રહ.ના હાલાતમાં આવી ગઈ છે.

જે દિવસોમાં શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. મક્કામાં હતા એ દિવસોમાં આપ રહ.નો જન્મ થયો. અમુક કિતાબોમાં આપનું નામ સઅદ મુહમ્મદ લખવામાં આવ્યું છે. અલબત્ત મક્કામાં જન્મ થયો એટલે આપનો લકબ મક્કી રાખવામાં આવ્યો. આપના બીજા ભાઈ મુહમ્મદ રોશન મદીનામાં પેદા થયા એટલે એમને મદની કહેવામાં આવે છે. બન્ને ભાઈઓએ પોતાના વાલિદ પાસેથી તાલીમ મેળવી હતી.

વાલિદ રહ.ની વફાત પછી અથવા વાલિદ રહ.ને ઓરંગઝેબ દ્વારા નજરકેદ કરવામાં આવ્યા પછી આપ રહ.ની ખાનકાહના ગાદીનશીન આપ રહ. હતા.

તારીખે અમરોહા ભાગ – ૧ માં છે : શાહ મુહમ્મદી રહ.ના બાકમાલ ફરઝંદો : સઅદ મુહમ્મદ મક્કી અને રોશન મુહમ્મદ મદની રહ. સુધી આ ખાનકાહ ખૂબ આબાદ રહી. પરંતુ હવે તો ખાનકાહ, હવેલીઓ અને સરાય, કંઈ પણ આબાદ નથી. રહે નામ અલ્લાહ કા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(પેજ : ૧૨૭)

આપ રહ.ના જીવન ચરિત્ર વિશે વધુ વિગત જોવા મળી નથી. શૈખુલ હદીસ હઝરત મવલાના ઝકરિય્યા રહ. લખે છે કે, આપના હાલાત અને વફાતના વરસ વગેરેની વિગત ઈતિહાસના પુસ્તકોમાં મળતી નથી. અલબત્ત અમુક શજરાતમાં ૧૧ રજબ વફાતની તારીખ લખવામાં આવી છે અને વફાતનું સ્થળ પણ અમરોહા લખવામાં આવ્યું છે.

હઝરત મવલાના અશરફ અલી થાનવી રહ. તઅલીમુદ્દીનમાં લખે છે કે, એમનું વતન અને દફનનું સ્થળ લગભગ અમરોહા જ છે. એક જગ્યાએ કોઈ હવાલા વગર લખેલું વાંચવામાં આવ્યું હતું. આપના એક પુત્ર હકીમ જલાલુદ્દીન હતા. જેઓ કરાબાદીને જલાલીના લેખક અને હકીમ અલવી ખાન દહેલ્વીના શાગિર્દ હતા અને તવહીદે વુજૂદીનું ઉચ્ચ જ્ઞાન ધરાવતા હતા.(નુઝહતુલ ખવાતિર ૬ – ૭૦૮)

આપના બીજા ભાઈ રોશન મુહમ્મદ મદની રહ.ના બે પુત્રો મોલ્વી નિઝામુદ્દીન અને મોલ્વી હુસ્સામુદ્દીન હતા. અલબત્ત પછી આ ખાનદાન ખતમ થઈ ગયું. (તઅલીમુદ્દીન : ૧૮૬)

સિલસિલામાં આપનું સ્થાન

ચિશતીય્યહ સાબરિય્યહ ઈમ્દાદિય્યહ સિલસિલામાં શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. અને શાહ અઝીઝુદ્દીન રહ. વચ્ચે આપનું નામ છે કે નહીં, એ બાબતે કંઈક થોડી અસમંજસ છે. અમુક શજરાતમાં સઅદ મુહમ્મદ મક્કીનું નામ છે અને અમુકમાં નથી. હઝરત મવલાના અશરફ અલી થાનવી રહ. આ બાબતે લખે છે કે,

અમુક શજરહમાં આ સ્થળે શાહ મુહમ્મદી ફય્યાઝ અને શાહ અઝીઝુદ્દીન વચ્ચે શાહ હામિદનું નામ જોવા મળે છે અને અમુકમાં વચ્ચે શાહ (સઅદ) મુહમ્મદ મક્કીનું. અને કિતાબોમાં લખવા મુજબ તારીખી રીતે આ વાત પાકી છે કે શાહ અઝીઝુદ્દીન રહ. સીધી રીતે શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.થી બયઅત હતા અને ખિલાફત મેળવી હતી. એટલે વચ્ચે કોઈ નામ ન હોવું જોઈએ. એટલે કે આ સ્થળે શજરહ ત્રણ પ્રકારનો થઈ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગયો.

(૧) શાહ મુમ્મદી ફય્યાઝ પછી સીધા શાહ અઝીઝુદ્દીન રહ. જેમ કે ઇતિહાસથી પુરવાર છે.

(૨) બન્ને વચ્ચે શાહ હામિદનું નામ આવે છે.

શાહ હામિદ રહ. શેખ અઝીઝુદ્દીન રહ.ના વાલિદ છે અને તેઓ પોતાના ભાઈ શાહ મુહમ્મદી ફય્યાઝના ખલીફા હતા. શકય છે કે શાહ અઝીઝુદ્દીન રહ.એ એમના વાલિદ સાહેબ પાસેથી ઉલૂમની તાલીમ મેળવી હતી, અને ઘણી બધી તરબિયત વાલિદ સાહેબે કરી હતી, અને આ જ આધારે એમણે ખિલાફત આપી હોય એ શકય છે.

(૩) વચ્ચે શાહ સઅદ મુહમ્મદ મક્કી રહ.નું નામ આવે છે. જેઓ શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.ના પુત્ર એટલે કે શાહ અઝીઝુદ્દીન રહ.ના પિત્રાઈ ભાઈ છે. શાહ સઅદ મુહમ્મદ મક્કી રહ.ને એમના વાલિદ સાહેબથી ખિલાફત હતી, અને શકય છે કે શાહ અઝીઝુદ્દીન રહ.એ પોતાના પિત્રાઈ ભાઈથી પણ ફૈઝ હાસિલ કર્યો હોય, અને એ આધારે અમુક શજરહમાં એમનું નામ લખવામાં આવ્યું હોય. આ વિગત મુજબ શજરાત અને રિવાયાતનો વિરોધાભાસ ખતમ થઈ જાય છે. (તાલીમુદ્દીન : ૧૮૫)

શાહ મુમ્મદી ફય્યાઝથી ખિલાફત મળવાની વાત શાહ અઝીઝુદ્દીન રહ.એ પોતાની કિતાબ મકાસિદુલ આરિફીન(1)માં સ્પષ્ટ લખી છે. મકાસિદુલ આરિફીનમાં એક સ્થળે શાહ અઝીઝુદ્દીન રહ.એ શજરહના મશાઈખનું ક્રમવાર વર્ણન ફરમાવ્યું છે. એમાં છેલ્લું નામ શેખ મુહમ્મદી રહ.નું છે.

قطب فیاض صاحبنا قبلہ گاہی ارشاد پناہی خواجہ شیخ محمدی اکبرابادی بن شیخ عیسی ہرگامی

(મકાસિદુલ આરિફીન : ૩૮૯ / મશાઈખે ચિશ્તીય્ય સાબરિય્યહ : ૧૬૮ / અનવારુલ આરિફીન :)

શજરહના વર્ણન પછી આગળ એક પ્રકરણનું મથાળું આ મુજબ છે :

ذکر فضائل و احوال صاحب و قبله حقیقی

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એમાં શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.ના હાલાત લખ્યા છે. પછી આગળ એક મથાળું છે : ذكر بعض احوال اقوال شيخ એમાં શાહ મુહમ્મદી ફય્યાઝે દહર રહ.ના હાલાત અને કિસ્સા લખ્યા છે.

સય્યદ નફીસ હુસૈની સાહેબની કિતાબ હાજી ઈમ્દાદુલ્લાહ રહ. ઓર સય્યદ અહમદ શહીદ કે રૂહાની રિશ્તે પેજ ૧૦૩ ઉપર દર્શાવેલ શજરહમાં શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. અને શાહ અઝ્હુદ્દીન રહ. વચ્ચે શાહ હામિદ રહ.નું નામ છે.

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ની કિતાબ ઝિયાઉલ કુલૂબ અને ઈરશાદે મુરશિદમાં શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. અને શાહ અઝ્હુદ્દીન રહ. વચ્ચે હઝરત (સઅદ) મુહમ્મદ મક્કી રહ.નું નામ છે. (ઝિયાઉલ કુલૂબ : ૭૩)

શાહ હામિદ રહ.

શાહ હામિદ રહ. આપના ભાઈ હતા. ૯ રબીઉલ આખર ૧૦૨૯ હિ., હરગામ (જિલ્લા સીતાપૂર)માં પેદા થયા. મવલાના સય્યિદ અઝમતુલ્લાહ બિન મવલાના ફઝલુલ્લાહ રહ. (શાહ અબ્દુલહકના શાગિર્દ)થી તાલીમ મેળવી. બાતિની ઉલૂમ હઝરત શેખ મુહિબ્બુલ્લાહ રહ.ની સોહબતમાં રહીને પ્રાપ્ત ફરમાવ્યા. એક રિસાલો પણ તસ્સવુફની ખૂબીઓ વિશે એમણે લખ્યો છે. પોતાના મોટા ભાઈ શાહ અબ્દુલ જલીલ અને શાહ અબ્દુલ ખાલિક રહ.ને મળવા દર વરસે અમરોહાથી હરગામ જતા હતા. ૧૧૧૮ હિ.માં ત્યાં ગયા હતા, અને ઈન્તેકાલ થયો. (તઝકિરતુલ કિરામ : ૧૨૧)

તઝકિરતુલ કિરામ : ૧૦૭ ઉપર છે કે ઉલૂમની તાલીમ એમણે પોતાના બીજા ભાઈ શાહ અબ્દુલ જલીલ રહ. પાસેથી મેળવી હતી.

જયારે શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. અમરોહામાં શાદી કરીને રહેવા લાગ્યા તો આપ રહ. પણ અમરોહા આવ્યા અને ભાઈ પાસે રહીને ખિલાફત મેળવી. અગાઉ શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.ના હાલાતમાં અમે લખી ચૂકયા છે કે, અનવારુલ આરિફીનમાં શાહ અઝ્હુદ્દીન રહ.ની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કિતાબ મકાસિદુલ આરિફીનના હવાલાથી વર્ણન છે કે શેખ અબ્દુલ મજીદ રહ. મુહમ્મદ બિન હનફીય્યહ રહ.ના ખાનદાનના વંશજ હતા. શેખ અબ્દુલ મજીદ રહ.ના ભાઈ શેખ ફૈઝુલ્લાહની બે દીકરીઓ હતી. એક સાહબઝાદી સાથે અહિંયા જ હિજરી સન ૧૦૭૩, ૧૬૬૩ ઈ.માં આપના નિકાહ થયા. એના અમુક દિવસ પછી આ લખનાર(શાહ અઝુદ્દીન)ના વાલિદ શેખ હામિદ એટલે કે શેખ મુહમ્મદી રહ.ના ભાઈ અમરોહા આવ્યા તો બીજી સાહબઝાદીના નિકાહ એમની સાથે થયા. (અનવારુલ આરિફીન : ૪૪૧/ તઝકિરતુલ કિરામ, તારીખે અમરોહા : ૧૦૩)

———————————————

(1)મકાસિદુલ આરિફીન શેખ અઝુદ્દીન રહ.ની લખેલ કિતાબ છે. એમનું વર્ણન હવે પછી આવી રહયું છે. આ કિતાબ Maulana Abul Kalam Azad Arabic Persian Research Institute, Tonk, Rajasthan થી પ્રો. નિસાર અહમદ ફારૂકીના સંશોધન સાથે પ્રકાશિત કરવામાં આવી છે.

———————————————

संदर्भ ग्रंथो :

તારીખે મશાઈખે ચિશ્ત. — તઅલીમુદ્દીન
અનવારુલ આરિફીન — નુઝહતુલ ખવાતિર
ઝિયાઉલ કુલૂબ. — ઈરશાદે મુરશિદ
મશાઈખે ચિશ્તીય્ય સાબરિય્યહ — તારીખે અમરોહા – ૧
મકાસિદુલ આરિફીન. — તઝકિરતુલ કિરામ
હાજી ઈમ્દાદુલ્લાહ રહ. ઓર સય્યદ અહમદ શહીદ કે રૂહાની રિશ્તે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૩૨.

હઝ. શાહ અઝુદ્દીન અમ્રોહવી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. શાહ મુહમ્મદી ફય્યાઝના ભત્રીજા એટલે કે એમના નાના ભાઈ શાહ હામિદ બિન ઈસા હરગામી રહ.ના પુત્ર હતા. શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. અમરોહા આવીને વસ્યા પછી શાહ હામિદ રહ. પણ અમરોહા આવી ગયા અને શેખ ફૈઝુલ્લાહ અલવી રહ.ની નાની સાહબઝાદી સાથે નિકાહ કરીને અહીંયા જ ઠરીઠામ થઈ ગયા હતા. અમરોહા ખાતે જ આપના ઘરે તા. ૨૪ રજબ ૧૦૭૭ હિ./૧૯ જાન્યુઆરી ૧૬૬૭ ઈ.ના દિવસે શાહ અઝુદ્દીન રહ. પેદા થયા. પ્રાથમિક તાલીમ અમરોહા ખાતે ઘરે જ મેળવી અને અમરોહામાં મોજૂદ અન્ય ઉલમા પાસેથી ઈલ્મ પ્રાપ્ત કર્યું. દીની – દુન્યવી ઉલૂમની તાલીમ શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. અને અન્ય વિદ્વાનો પાસેથી મેળવી. તાલીમ સાથે જ શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.ની દેખરેખ હેઠળ સુલૂક અને તસવ્વુફની તરબિયત પણ ચાલતી રહી.

જાહેરી અને બાતેની ઉલૂમની તાલીમ પૂર્ણ કરીને વહદતુલ વુજૂદ પ્રતિ ધ્યાન કેન્દ્રિત ફરમાવ્યું. ઉપરાંત ફલસફા અને તર્કશાસ્ત્ર (મન્તિક) વગેરે વિદ્યાઓ પણ પ્રાપ્ત કરતા રહયા.

હિન્દુ ફિલોસોફી અને વેદાંતની વિદ્યા મેળવવા સંસ્કૃત ભાષા પણ શીખી. આ દિવસોમાં એક મુસલમાન માટે બાહ્મણોની ભાષા શીખવી મુશ્કેલ હતું. અયોધ્યા, બનારસ વગેરે સ્થળોના પંડિતો પાસે જઈને, તકલીફો વેઠીને પણ આ ભાષા શીખી લીધી અને એના થકી હિન્દુ વિચારધારાની સમજણ એના મુળ સ્ત્રોતથી મેળવવામાં સફળ થયા.

રૂહાની તરબિયત અને સુલૂકની નિસ્બત પોતાના કાકા શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. પાસેથી હાસિલ કરી રહયા હતા. એમની જ તરબિયતથી આ રસ્તાની મંઝિલો પણ પૂર્ણ ફરમાવી અને ખિલાફત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મેળવી. અને શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.ની વફાત પછી એમના જાનશીન પણ બન્યા.

તઅલીમ અને લેખનકાર્ય

(૧) તઝકિરતુલ કિરામમાં છે કે આખું જીવન તઅલીમ – તદરીસમાં મશગૂલ રહયા. અનેક લોકોની ઈલ્મની પ્યાસ બુઝાવી. અને ઈલ્મે તસવ્વુફમાં એક કીમતી કિતાબ 'મકાસિદુલ આરિફીન' સંપાદન ફરમાવી. વાલિદ સાહેબના કહેવાથી આ કિતાબ હિજરી સન ૧૧૧૫માં શરૂ કરી હતી અને મંગળવાર ૧, મુહર્રમ, ૧૧૨૪ માં એ પૂરી થઈ. કિતાબના વાંચનથી જ અંદાઝો કરી શકાય છે કે તસવ્વુફના મસાઈલમાં આપ રહ. કેટલા બધા જાણકાર અને વિદ્વાન હતા. અને આ કિતાબના સંપાદનમાં આપ રહ.એ કેટલી મહેનત ફરમાવી હશે ! આ જ કિતાબ વિશે તેઓ ફરમાવે છે :

ہزار بار فرو رفتہ ام بقعر محیط--رسیدہ تا بکف ایں چند گوہراں بسیط

(મકાસિદુલ આરિફીન : ૪૧૯/ તઝકિરતુલ કિરામ : ૧૨૨)

મકાસિદુલ આરિફીનના વિષય અને મહત્વ બાબતે વિગત વાર ચર્ચા કરતાં ડો. રઝી અહમદ કમાલ લખે છે :

શાહજહાંના ઝમાનામાં સૂફી વિચાર ધારા સ્પષ્ટ રૂપે બે વિભાગોમાં વહેંચાય ગઈ હતી. એક (નકશબંદી મુજદ્દિદી) જમાઅત શેખ અહમદ સરહિન્દી રહ.થી પ્રભાવિત હતી અને એમના રસ્તે ચાલીને 'વહદતુશ્શુહૂદ'ને માનતા હતા. બીજી જમાતમાં શેખ મુહમ્મદ ગોષ ગ્વાલિયરી અને એમના ખલીફાઓ હતા, જેઓ વહદતુલ વુજૂદની માન્યતાને અનુસરતા હતા. વૈચારિક રીતે વહદતુલ વુજૂદ અને વહદતુશ્શુહૂદની આ ચર્ચાના કારણે સૂફી બુઝુર્ગો પણ બે વિભાગોમાં વહેંચાય ગયા હતા. શાહજહાંના છેલ્લા દિવસોમાં વહદતુલ વુજૂદની હિમાયત અને સમર્થનમાં શેખ મુહિબ્બુલ્લાહ રહ. સહુથી આગળ હતા. આ વિષયે એમણે અનેક કિતાબો લખવા ઉપરાંત શેખે અકબર શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ.ની કિતાબો ઉપર હાશિયહ – શરહ વગેરે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પણ લખીને એનું સમર્થન ફરમાવ્યું. અલબત્ત શેખ મુહિબ્બુલ્લાહ રહ.ના ખલીફાઓએ આ માન્યતાના સમર્થક અને હિમાયતી હોવા છતાં આ વિષયે કંઈ લખ્યું નહીં. એનું ખાસ કારણ શેખ મુહિબ્બુલ્લાહ રહ.ના રિસાલા 'તસ્વીયા' બાબત ઉભો થયેલ વિવાદ હતો. ઓરંગઝેબ ઈસ્લામી તસવ્વુફને ચોખ્ખા ઈસ્લામી દષ્ટિબિંદુ આધારિત જ જોવા માંગતા હતા અને ઈસ્લામી તસવ્વુફમાં બીજા ધર્મો સાથે મેળ ખાતી હોય એવી પરંપરાને સ્થાન કે અવકાશ આપે એવા કોઈ દષ્ટિબિંદુ કે વિચારને ઈસ્લામી તસવ્વુફમાં સ્વીકારવા તૈયાર ન હતા. આ કારણે ઓરંગઝેબના સમયકાળમાં આ વિષયે લાંબા સમય સુધી ખામોશી રહી. અલબત્ત ઓરંગઝેબના છેલ્લા દિવસોમાં શાહ અઝુદુદ્દીન રહ.એ મકાસિદુલ આરિફીન લખીને આ વિષય ફરીથી જીવતં કરી દીધો. આ કિતાબમાં વહદતુલ વુજૂદની શરહ – વિવરણ અને શેખ મુહિબ્બુલ્લાહ રહ. કથનોની સમજણ આપવામાં આવી છે. શાહ અઝુદુદ્દીન રહ.એ જે પ્રમાણે વિદ્વતાપૂર્ણ રીતે આ બાબતે ચર્ચા કરીને વિવિધ વિષયો ઉપર પ્રકાશ નાંખ્યો છે, એ એમના વિદ્વાન હોવાનો પુરાવો છે. (મશાઈખે ચિશતીયા સાબરિયહ : ૧૬૬)(1)

મકાસિદુ આરિફીનના હવાલાથી અનવારુલ આરિફીનમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખ્વાબમાં ઝિયારતનો એક કિસ્સો પણ વર્ણવવામાં આવ્યો છે કે એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખ્વાબમાં જોયા. આપ રહ. એક બાગમાં મોજૂદ હતા. ખબર પડી કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ છ મહીનાથી આ બાગમાં તશરીફ લાવેલ છે. હું આ બાબતથી ઘણો જ પસ્તાયો કે આટલી મુદ્દત થઈ ગઈ, છતાં હું ફૈઝ અને સોહબતથી મહરૂમ રહયો, હું માથું ઝુકાવીને બેસી ગયો. થોડી વાર પછી નૂરાની ચહરો મારા તરફ કરીને ફરમાવ્યું કે,

ملا شدی، از یں سبب بقدم بوس مانیامدی؟

મોલ્વી બની ગયો એટલે હવે અમારી ખિદમત માટે આવ્યો નહીં?

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હું આ નારાજગી અને ઇતાબથી ઘણો જ પરેશાન થઈ ગયો. અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના દરબારમાં માફીની દરખાસ્ત કરી.

સવારે જયારે ઉઠયો હું કોઈ બીજા જ હાલમાં હતો. દિલમાં તઅલીમ પ્રત્યે અણગમો ભરાય ગયો હતો. તલબાના આગ્રહથી કોઈ કિતાબનો મુતાલઅહ કરતો તો એક શબ્દ પણ સમજમાં આવતો ન હતો. હવે મને સમજમાં આવ્યું કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જાહેરી ઉલૂમમાં મશ્ગૂલી બાબતે મનાઈ ફરમાવી છે. જયારે આ તરફ મારું દિલ લાગ્યું જ નહીં તો પછી આ કામ મેં છોડી દીધું. લોકોએ મને ઘણો આગ્રહ કર્યો, પ્રોત્સાહન આપ્યું પણ મારા દિલમાં કોઈ અસર થઈ નહીં. અલબત્ત મેં કોઈની સામે એનું કારણ પણ જાહેર કર્યું નહીં અને એને છુપાવી રાખ્યું. આ દરમિયાન બે પ્રકારના ઈલ્મ મારા ઉપર પ્રગટ થયા. પણ એને જાહેર કરવા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નારાજગીનું કારણ બનશે. કારણ કે જયારે પણ આવી કોઈ ભેદની વાત ભૂલથી પણ મારી ઝબાનથી બોલાય જતી તો નારાજગીનું તીર સીધું મારા દિલના નિશાને લાગતું હતું. આવી ભેદની વાતો છુપાવવામાં દિલમાં ઘણી મજા અને મીઠાશ પણ અનુભવતો હતો. પરંતુ જયારે વાલિદ સાહેબે મને ઘણી તાકીદ કરી તો લાચાર થઈને હિજરી સન ૧૧૧૫ માં લખવાનું શરૂ કર્યું અને અને 'મકાસિુલ આરિફીન' એનું નામ રાખ્યું. (મકાસિદુલ આરિફીન : ૫૦–૫૧/અનવારુલ આરિફીન : ૪૪૨ – ૪૪૩)

આ કિતાબ ઘણા સમય સુધી હસ્તપ્રત સ્વરૂપે જ હતી. હઝરત શૈખુલ હદીસ રહ.એ પણ તારીખે મશાઈખે ચિશ્તમાં હજુ એ કિતાબ છપાયી નથી એમ લખ્યું છે. (૨૨૭) અલબત્ત હવે 'મોલાના આઝાદ અરેબિક પરશિયન રીચર્સ ઈન્સ્ટીટયુટ, ટોંક, રાજસ્થાન'થી પ્રો. નિસાર અહમદ ફારૂકી સાહેબના સંશોધન સહિત છપાય ચૂકી છે.

કિતાબના આરંભે પ્રોફેસર સાહેબે ટુંકો મુકદ્દમહ (પ્રસ્તાવના) લખ્યો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છે. પહેલો જ ફકરો આ મુજબ છે : આ કિતાબ (મકાસિદુલ આરિફીન) ઈસ્લામી તસવ્વુફના વિષય ઉપર હિંદુસ્તાનમાં લખાયેલ પાયાની અમુક કિતાબોમાં સ્થાન ધરાવે છે. અમુક અહલે નજરે આ કિતાબને શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી (૫૬૦–૬૩૮/૧૧૬૫–૧૨૪૦)ની કિતાબોના સમકક્ષ ગણાવી છે. જેમ કે શાહ વારિષ હસન લખનવી રહ.નું મંતવ્ય આગળ અમે રજૂ કરીશું. (મુકદ્દમહ મકાસિદુલ આરિફીન, પેજ : ૧)

(૨) બીજી એક કિતાબ 'સત્ય સરોવર' (بحر الحق) ફારસી લિપી અને સંસ્કૃત ભાષામાં વહદતુલ વુજૂદના વિષય ઉપર છે. અલબત્ત આજે આ પુસ્તક અપ્રાપ્ય છે. (શોઅરાએ અમરોહા : ૪૨) મુકદ્દમહ મકાસિદુલ આરિફીનમાં પ્રોફેસર નિસાર અહમદ લખે છે કે, લેખકના પોત્ર હઝરત શાહ બદરુદ્દીન રહ.ના હાથે લખાયેલ એક હસ્તપ્રત મીયાં અ.રઝાક મરહૂમ, કુરેશી મહોલ્લા, અમરોહાની કિતાબોમાં મેં પોતે જોયી હતી. (પેજ : ૨૭)

(૩) કુવ્વતુલ કલામ નામની એક કિતાબ અરબી, ફારસી, હિન્દી તુર્કી લુગતના વિષય ઉપર છે. એની એક પ્રત રઝા લાઈબ્રેરી રામપૂરમાં હતી. જેને આ લખનારે (મિસ્બાહ અહમદ સિદ્દીકી) એક પ્રોજેકટના અનુસંધાનમાં સંપાદન કરી હતી. (શોઅરાએ અમરોહા : ૪૨)

(૪) આપ રહ. શાયરીનો શોખ પણ રાખતા હતા. ફારસી અને હિન્દીમાં આપ રહ.નું કલામ જોવા મળે છે. મકાસિદુલ આરિફીનમાં આપ રહ.એ પોતાના અમુક અશઆર પણ વર્ણવ્યા છે. (મશાઈખે ચિશ્તીયા સાબરિયહ : ૧૬૭) તઝકિરતુલ કિરામમાં છે કે, 'અઝુદી' તખલ્લુસ અપનાવ્યો હતો અને આપના અશઆરનો સંગ્રહ 'દીવાને અઝૂદી'માં હકાઈક, મઆરિફ, તસવ્વુફની વાતોનું વર્ણન છે. ગઝલો, રૂબાઈ વગેરે દરેક પ્રકારના અશઆર છે. હમ્દ અને નઅતમાં લાંબા કસીદા – કાવ્યો પણ છે.

બેનિયાઝી અને કનાઅત

તવક્કુલ, સબ્ર અને કનાઅત જેવી ખૂબીઓમાં આપ રહ. ઉચ્ચ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સ્થાને હતા. અનવારુલ આરિફીનમાં તઝકિરતુલ મશાઈખના હવાલાથી છે કે, બાળકો અને બીવીના સંસાર અને ખર્ચા છતાં તકવા, તવક્કુલ, ત્યાગ અને કનાઅતને વળગી રહયા. એક કદમ પણ તવક્કુલના વર્તુળથી બહાર નથી મૂકયો. હાકેમોએ આપના માટે કોઈ વઝીફો – સાલિયાણું નક્કી કરવાની ઘણી ઈચ્છા વ્યકત કરી પણ આપ રહ.એ કદી ઈજાઝત આપી નહીં. આખું જીવન ફકીરી અને ફાકામાં વીતાવી દીધું.

તઝકિરતુલ કિરામમાં છે કે એકવાર એક કીમયાગર જોગી આપને મળવા આવ્યો. કીમીયાગર હતો અને લોઢાને સોનું બનાવવાની કળા જાણતો હતો. આપની સેવામાં હાજર થયો અને આપ રહ.ના કમાલાત જોઈને ઘણો પ્રભાવિત થયો. એક દિવસ એણે સોનું બનાવવાની 'અકસીર' આપી. આપ રહ.એ સ્વીકારવાની ઘણી અનિચ્છા દર્શાવી પણ જોગીના આગ્રહને વશ થઈને સ્વીકારી લીધી અને ખાનકાહના એક ગોખલામાં મૂકી દીધી. અમુક વરસો પછી એ જોગી ફરી પાછો આપની સેવામાં હાજર થયો તો આ અકસીર એમને એમ જ ગોખલામાં મુકેલી હતી અને ઉપર ધુળ જામી ગયેલી જોયી. આપ રહ.ને પૂછયું કે આ અકસીરનો ઉપયોગ કેમ ન કર્યો ? આપ રહ.એ જવાબ આપ્યો કે મારે એની જરૂરત જ ન પડી. આગ સળગાવવા અને તાંબુ ઓગાળવાની ફુરસદ જ કયાં છે ? મોત માથા ઉપર સવાર છે. અને હા, સાંભળો, મારી પાસે તમારી અકસીર કરતાં વધારે કીમતી વસ્તુ મોજૂદ છે. જોગીએ પૂછયું કે કઈ વસ્તુ છે ? તો ફરમાવ્યું : કનાઅત.

પહેલાં આપ રહ. પોતાના મુરિશદ અને કાકા શાહ મુહમ્મદ ફય્યાઝી રહ.ની સરાયે મુહમ્મદીમાં રહેતા હતા. આપના પિત્રાઈ ભાઈઓ પાસે વિપુલ સંપત્તિ અને દોલત હતી. પરંતુ એકવાર ઘરની ઓરતોના ઝઘડાઓની આપની તબિયત ઉપર ઘણી અસર થઈ અને આપ રહ. અહલિયહ અને બાળક 'મીયાં મોજ' સાથે સરાયે મુહમ્મદી છોડીને આજે જયાં મઝાર છે, એ સ્થળે આવી ગયા. અને તળાવના કિનારે માટી વડે એક નાનકડી ઝુંપડી બનાવીને રહેવા લાગ્યા. વરસાદની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મોસમમાં તળાવ ભરાયું તો આ ઝુંપડીની દીવાર એમાં તણાય ગઈ, આપ રહ.એ ફરમાવ્યું કે, આજે પાનબારી તળાવનું કરજ પણ ઉતરી ગયું. એના થોડા દિવસ પછી કાચું મકાન તામીર ફરમાવ્યું. (તઝકિરતુલ કિરામ : ૧૨૫)

કશ્ફ – કરામત અને ખ્વાબની તાબીર

અનવારુલ આરિફીનમાં તઝકિરતુલ મશાઈખના લેખક હાજી રફીઉદ્દીનના હવાલાથી લખવામાં આવ્યું છે કે, હું હિજરી સન ૧૧૬૯ માં અમરોહા ગયો તો શાહ અઝુદ્દીન રહ.ની સેવામાં હાજર થયો. આ દિવસોમાં અફગાન (રોહિલા) લોકો રોહિલખંડના વિસ્તાર ઉપર કબજો કરી ચુકયા હતા અને એમના ઝુલમ – અત્યાચારથી લોકો દરેક જગ્યાએ પરેશાન હતા. શાહ સાહેબ રહ.ની મજલિસમાં પણ લોકોની પરેશાનીની વાત આવી, આ ટાણે એમણે મને (હાજી રફીઉદ્દીનને) સંબોધીને ફરમાવ્યું કે, અફગાનો (રોહિલા સેના) ઉપર ફાગણના મહીનામાં આફત આવશે. મેં પૂછયું કે કયા ફાગણમાં ? આ વરસે કે આવતા વરસે ? એમણે ફરમાવ્યું કે આ વરસે કે પછીના કોઈ વરસે, પણ ફાગણનો મહીનો નક્કી. મેં બીજો સવાલ કર્યો કે કોના હાથો મારફત તેઓ મુસીબતમાં પડશે ? ફરમાવ્યું કે, મરાઠાઓના હાથે. મેં પછી પૂછયું કે, અમે કાફિરોના અત્યાચારથી કેવી રીતે બચી શકીશું ? તો ફરમાવ્યું કે, મરાઠાઓ આ વિસ્તારમાં આવશે એ નક્કી છે, અલબત્ત અલ્લાહ તઆલા મુસલમાનોને મહફૂઝ રાખશે.

હાજી સાહેબ લખે છે કે શાહ અઝુદ્દીન રહ.ની વફાત પછી ૧૧૮૫ હિ.માં સિંધીયા અને અન્ય મરાઠા સરદારોએ શાહઆલમ બાદશાહ સાથે ભેગા મળીને ઝાબેતા ખાન સાથે લડાઈ કરી અને ફાગણના થોડાક જ દિવસો વીત્યા હતા કે ઝાબેતા ખાન હારી ગયો અને આ પ્રદેશ રોહિલાઓના કબજામાંથી નીકળી ગયો. (અનવારુલ આરિફીન :૪૪૭ /તઝકિરતુલ કિરામ : ૧૨૪)

ખ્વાબની તાબીર અને કશ્ફ કરામાતમાં પણ આપ રહ. મશહૂર હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જાહેરી – બાતેની, દીની – દુન્યવી, અરબી – અજમી, દરેક પ્રકારની વિદ્યાઓ આપ રહ.એ પ્રાપ્ત કરવાના પૂરતા પ્રયત્નો કર્યા હતા, અને ઘણી બધી વિદ્યાઓમાં આપ રહ. કાબેલ હતા, એટલે ખ્વાબની તાબીર ઘણી જ સચોટ બતાવતા હતા. ખ્વાબની તાબીર માટે સર્વગ્રાહી અને વિશાળ જ્ઞાન હોવું જરૂરી છે.

અનવારુલ આફિરીનમાં હાજી રફીઉદ્દીન રહ.ના હવાલાથી છે કે, એકવાર એમણે ખ્વાબની તાબીરની વિદ્યા શીખવાની ઈચ્છા વ્યકત કરી તો ફરમાવ્યું કે, આ વિદ્યા તાલીમ આધારિત નથી. કારણ કે એમાં અસંખ્ય પ્રકારો અને ભાગો છે, જે સઘળા તાલીમ દ્વારા શીખવા શકય નથી. આ વિદ્યા આલમે મિષાલના કશ્ફ ઉપર મોકૂફ છે. જેના ઉપર આલમે મિષાલના અહેવાલ કશ્ફ દ્વારા જાહેર થતા હોય એની તાબીર સાચી પડે છે. (અનવારુલ આરિફીન : ૪૪૮)

વફાત

૨૭ રજબ, ૧૧૭૨ હિ./૨૭ માર્ચ ૧૭૫૯ ઈ.ના રોજ લગભગ ૯૭ વરસની ઉમરે અમરોહામાં આપનો ઈન્તેકાલ થયો. અમરોહામાં જ આપને દફન કરવામાં આવ્યા. પશ્ચિમે નવગઝહ મહોલ્લા પાસે આપનો મઝાર છે. આ દરગાહ આપના ફરઝંદ અને જાનશીન મુઈઝ્ઝુદ્દીન ઉર્ફે મીયાં મોજ રહ.ના નામે મશહૂર છે. (તારીખે અમરોહા ભાગ ૧ : ૧૨૪)

અવલાદ અને ખલીફાઓ

આપના બે પુત્રો હતા. એક મુઈઝ્ઝુદ્દીન, જે મીયાં મોજ રહ.થી મશહૂર થયા અને એમનાથી જ આપનો વંશ આગળ ચાલ્યો છે. બીજા શાહ મોતી. એમનો વંશ આગળ ચાલ્યો નથી.

શાહ અબ્દુલ હાદી આપ રહ.ના મશહૂર ખલીફા છે. અને શજરહમાં આપ રહ. પછી એમનું જ નામ આવે છે. એક ખલીફા નઝર મુહમ્મદ રહ.નામે હતા. એમનો મઝાર લાલબાગ મુરાદાબાદમાં આવેલો છે. (તઝકિરતુલ કિરામ : ૧૨૬) આપના પુત્ર મીયાં મોજ રહ.ને પણ આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.એ ખિલાફત આપી હતી. (મ.આરિફીન : ૨૯)

નોટ : પહેલાં લોકોમાં આપ રહ.નું નામ ઈઝઝુદ્દીન (عــزالــديــن) મશહૂર હતું. પાછળથી અમુક લોકોએ તપાસ કરીને બતાવ્યું કે અઝુદ્દુદ્દીન (عضد الدين) છે. (તારીખે મશાઈખે ચિશ્ત : ૨૨૬)

ઝિયાઉલ કુલૂબના હાશિયહમાં હઝરત હાજી સાહેબ રહ. લખે છે કે, પહેલાં આપનું નામ ઈઝઝુદ્દીન (عــزالــديــن) મશહૂર હતું, અલબત્ત પાછળથી શેખ અબ્દુલ હાદીની અવલાદમાંથી એક બુઝુર્ગ શાહ રહમાન બખ્શ રહ.(શાહ અબ્દુલ બારી રહ.ના પુત્ર) એ તપાસ કરી તો ખબર પડી કે અઝુદ્દુદ્દીન છે. શાહ રહમાન બખ્શ સિલસિલાથી જોડાયેલ માણસ છે, હમવતન પણ છે, એટલે શજરહમાં હવે અઝુદ્દુદ્દીન લખવામાં આવ્યું છે. (૧૦૨)

———————————————

(1) મઆરિફ મેગેઝિન, મુહર્રમ ૧૪૧૦ હિ. મુતાબિક ઓગસ્ટ : ૧૯૮૯ ઈ.માં એક લેખ વહદતુલ વુજૂદ અને વહદતુશ્શુહૂદ વિશે જનાબ મવલાના ગુલામ મુહમ્મદ સાહેબ કરાચીએ લખ્યો છે. એનો ખુલાસો હઝ. મવલાના કમરુઝ્ઝમા સાહેબ દા.બ.એ અકવાલે સલફમાં લખ્યો છે કે, વહદતુલ વુજૂદ અને વહદતુશ્શુહૂદ અલગ અલગ દષ્ટિકોણ છે. બન્ને દષ્ટિકોણને સમાન બતાવવાનો પ્રયત્ન ચાહે નિખાલસતા અને નેકનિય્યતે હોય, મુશ્કેલ બાબત છે. અલબત્ત બે માંથી જે દષ્ટિકોણ પણ માણસ અપનાવે, એના માટે જરૂરી છે કે બીજો દષ્ટિકોણ ધરાવતા બુઝુર્ગોનું સન્માન જાળવે. આ કરવું કંઈ મુશ્કેલ પણ નથી. જેમ કે ઈમામ બુખારી રહ.એ ઈમામ અબૂ હનીફહ રહ.ની ભારે ટીકા કરી છે. છતાં આપણે બન્ને ઈમામોની ઈઝઝત અને અઝમત પૂરી રીતે જાળવીએ છીએ. તો પછી આવા અલ્લાહના નેક બુઝુર્ગ બંદાઓનો વિરોધાભાસ, બન્નેવના એહતેરામમાં કેમ કરીને આડે આવી જાય છે ? ـ دع نـفسك و تـعـال અકવાલે સલફ : ૫– ૨૦૨.

હઝરત મવલાના કમરુઝ્ઝમાન સાહેબ દા.બ.એ શાહ મુહિબ્બુલ્લાહ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ના હાલાતના અનુસંધાનમાં વહદતુલ વુજૂદ, ઓરંગઝેબ આલમગીર રહ. તેમજ દારાશિકોહ ઉપરાંત તે સમયના બુઝુર્ગોના દષ્ટિકોણ પણ અંગે ટૂંકી અને લાભદાયી ચર્ચા ફરમાવી છે. જુઓ : અકવાલે સલફ ૫–૧૯૮ થી ૨૦૩.

———————————————————

સંદર્ભ ગ્રંથો :

અનવારુલ આરિફીન.
તઝકિરતુલ કિરામ.
ઝિયાઉલ કુલૂબ.
શોઅરાએ અમરોહા.
તારીખે મશાઈખે ચિશ્ત.
મશાઈખે ચિશ્તીયા સાબરિયહ.
અકવાલે સલફ.
મકાસિદુલ આરિફીન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

33.

શેખ અબ્દુલ હાદી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શેખ અબ્દુલ હાદી રહ.અમરોહાના પ્રસિદ્ધ સીદ્દીકી કાજી ખાનદાનના સપૂત હતા. સુલતાન શમ્સુદ્દીન અલતમશના ઝમાનામાં આપના ખાનદાનના એક બુઝુર્ગ શેખ જલાલુદ્દીન બુખારાથી હિંદુસ્તાન આવ્યા હતા અને પછી ખાનદાનના વડવા શેખ કાઝી નિઝામુદ્દીન રહ.ને ગિયાષુદ્દીન બલબનના છેલ્લા દિવસોમાં અથવા ફીરોજશાહ ખિલજીના સલતનતકાળમાં અમરોહાના કાઝી નિયુકત કરવામાં આવ્યા હતા.

ત્યારથી આ સિદ્દીકી કાઝી ખાનદાન અમરોહમાં આબાદ હતું. આ જ ખાનદાનમાં ૧૪ રજબ ૧૦૮૪ હિ.માં બુધવારે આપ રહ.નો જન્મ થયો. આપના વાલિદનું નામ શેખ મુહમ્મદ હાફિજ રહ. હતું. *(તઝકિરતુલ કિરામ ૨૩૪/ તારીખે અમરોહા –૧ : ૧૯૨.)*

શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. સાથે આપ રહ.ના સિદ્દીકી ખાનદાનના સંબંધો ઘણા જ સારા હતા. શાહ ફય્યાઝ રહ. અવારનવાર આપ રહ.ના ઘરે આવતા રહેતા હતા. એકવાર કોઈ અવસરે શાહ મુહમ્મદી ફય્યાઝ રહ. આપના ઘરે પધારેલ હતા. એ દરમિયાન ત્યાં નમાઝ પઢવા લાગ્યા. પરંતુ આંખોની કમઝોરીના કારણે તેઓ બરાબર કિબ્લાની દિશા તરફ મોંઢું કરી શકયા નહીં. ચાર વરસના અબ્દુલ હાદીએ આ જોયું તો શાહ મુહમ્મદી રહ.ને કિબ્લાની દિશા તરફ ફેરવી દીધા. નમાઝથી ફારિગ થઈને આપના વાલિદને ખુશખબરી આપી કે આ છોકરો લોકોનો ઈમામ અને સરદાર બનશે. મોટી સંખ્યામાં લોકો એના હાથે રહનુમાઈ પામશે. શાહ મુહમ્મદી ફય્યાઝ રહ.ના આ શબ્દો એમના માટે સંપૂર્ણ રીતે કુબૂલ થયા અને પાછળથી એવું જ થયું.

પછીના દિવસોમાં મકતબની તાલીમ શરૂ કરવામાં આવી. પ્રાથમિક ફારસી, મુફર્રિહુલ કુલૂબ અને બોસ્તાને સઅદીના બે પ્રકરણ જેટલી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફારસીની તાલીમ થઈ હતી. એક દિવસ મકતબના ઉસ્તાદ હાજર ન હતા, એવામાં એક ફકીર ત્યાં આવી ચડયા. બધા બાળકો એમની લઘર – વઘર સ્થિતિથી ડરી ગયા. ફકીરે કોઈ વસ્તુ મોંઢામાં ચાવીને અબ્દુલ હાદીને આપી. બીકના માર્યા ના કહેવાની હિમ્મત થઈ નહીં અને આપ રહ.એ ખાય લીધી. આ વસ્તુ જેવી ગળાથી નીચે ઉતરી, આપ રહ.ની હાલત બિલ્કુલ બદલાય ગઈ. માણસોથી નફરત અને આબાદીથી ઘૃણા દિલમાં પેસી ગઈ અને આપ રહ. બધું છોડીને જંગલમાં નીકળી ગયા. (અનવારુલ આરિફીન : ૪૪૮)

ઘણી શોધ પછી ત્રણ દિવસે પતો લાગ્યો. અને તે પણ એવી હાલતમાં કે લિબાસ ફાટેલો અને હોશ સલામત નહીં. આ હાલતમાં ઘરે લાવ્યા. અલબત્ત ત્યાર પછી આ રોજની હાલત થઈ ગઈ કે આખો દિવસ જંગલમાં ફરતા રહેતા અને રાત્રે ગમે ત્યારે ઘરે આવી જતા. આપના વાલિદે સ્થિતિમાં સુધારની આશાએ અનાજના વેપાર માટે અમુક ચાકરો સાથે મોકલ્યા. દુકાળના દિવસો હતા, આપ રહ.એ ખેડૂતોને બધું અનાજ મફતમાં વહેંચી દીધું. આ બેપરવાહીના ઈલાજ માટે આપની શાદી કરવાનું નક્કી કરવામાં આવી. અને પાસેના એક કસ્બાના સિદ્દીકી ખાનદાનમાં ૨૦ વરસની ઉમરે શાદી કરાવી દેવામાં આવી. ઘરબારની ફિકરે આપ કંઈ કામ કરશે અને હાલત સુધરશે એવું વિચારીને ખેતીવાડીનો સામાન આપ રહ.ના હવાલે કરવામાં આવ્યો. થોડો સમય આપની હાલત બરાબર રહી પણ એ જ વરસે ૧૧૦૪ હિ.માં આપ રહ.ના વાલિદનો ઈન્તેકાલ થઈ ગયો. આપ રહ.ના વાલિદ અનેક જગ્યાઓની ખેતી કરતા હતા, ખાનદાનના લોકોએ આપને એમના બદલે જવાબદારી સોંપવાની વાત કરી, પણ આપ રહ. ઉપર તો દુનિયા છોડીને અલ્લાહની મઅરિફત પામવાનું ભુત સવાર હતું. બધું છોડીને જંગલમાં નીકળી ગયા અને દસ વરસ જગંલમાં જ પસાર કર્યા.

આ દિવસોમાં એકવાર શાહ યતીમ સહરાઈ રહ.થી મુલાકાત થઈ, શાહ યતીમ કામિલ દુરવેશ હતા અને શાહ નિઝામુદ્દીન થાનેસરી બલ્ખી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ના એક ખલીફા શેખ ઝાકિર સોદાઈ રહ.ના સિલસિલામાં આપને ખિલાફત પ્રાપ્ત હતી. જેની વિગત આ મુજબ છે.

શેખ ઝાકિર રહ.ના એક ખલીફા શાહ મજનૂન સહરાઈ રહ. હતા. એમના એક ખલીફા શાહ ગરીબ રહ. હતા. એમના ખલીફા શાહ મિસ્કીન રહ. હતા. શાહ યતીમ આ શાહ મિસ્કીન રહ.ના ખલીફા હતા.

શાહ યતીમ રહ.થી મુલાકાત થઈ તો તુરંત આપ રહ.એ એમનાથી બયઅતથી દરખાસ્ત કરી. તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે, શાહ યતીમ રહ.એ ફરમાવ્યું કે મને આદેશ આપવામાં આવ્યો છે કે તમને મારી સાથે રાખું. ત્યાર પછી એક લાંબો સમય શાહ યતીમ રહ.ની સેવામાં રહયા. પછી જયારે શાહ યતીમ રહ.ની વફાતનો સમય નજીક આવ્યો તો એમણે શેખ અબ્દુલ હાદી રહ.ને પાસે બોલાવીને શાહ અઝુદ્દુદીન રહ. પાસે મોકલ્યા અને પોતાના પીરથી લઈને શેખ નિઝામુદ્દીન બલ્ખી રહ. સુધીનો શજરહ યાદ કરાવીને કહયું કે આ શજરહ સંભળાવજો, તેઓ તમને તરબિયતમાં કુબૂલ કરી લેશે. (મશાઈખે ચિશ્તીયા સાબરિયહ : ૧૭૦) આમ તેઓ શેખ અઝુદ્દુદીન રહ.ના મુરીદ થયા.

હવે આપ રહ.ની તબિયતમાં કંઈક સ્થિરતા આવી હતી અને એક લગનથી પોતાના પીરની ખિદમતમાં મશગૂલ રહેતા હતા. એકવાર મોડી રાત્રે શેખના પગ દબાવી રહયા હતા ત્યારે અરજ કરી કે હઝરત દુઆ આપો કે અલ્લાહ તઆલાની રહમતથી હું 'ખૂદી' (પોતાનું અસ્તિત્વ કંઈક છે) એવા એહસાસથી નજાત મેળવી લઉ. શેખ અઝુદ્દુદીન રહ.એ ફરમાવ્યું કે, પોતાની સાથે દુનિયાના રિશ્તા જોડી રાખ્યા છે, અને અમારા જેવા બનવાની લાલચ છે ! એમણે અરજ કરી કે હઝરત ફકત આટલી ઈચ્છા છે કે તમારી ગલીના કુતરા જેવો જ બની જાઉ. આ શબ્દો હઝરત રહ.ને પસંદ આવી ગયા અને એના અમુક દિવસો પછી આપ રહ.ને ખિલાફતથી નવાઝયા.

ખિલાફત મળ્યા પછી જંગલમાં નીકળી ગયા અને અલ્લાહની ઈબાદતમાં મશગૂલ રહેવા લાગ્યા. તઝકિરતુલ કિરામમાં છે કે એક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નદીના કિનારે ગુફામાં ઈબાદતમાં મશગૂલ રહેતા હતા. ફકત જરૂરત પૂરી કરવા અને વુઝૂ વગેરે માટે બહાર આવતા હતા. ઝાડના પાંદડા અને જંગલી ફળો જ આ દિવસોમાં આપનો ખોરાક હતો. લાંબા સમય સુધી આ પ્રમાણે મુજાહદહ કરતા રહયા. આ દરમિયાન હઝરત ખિઝર અલૈ.થી પણ આપની મુલાકાત થઈ.

એક દિવસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખ્વાબમાં ઝિયારત થઈ અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લોકોની ઈસ્લાહ અને ઈસ્લામની તબ્લીગ માટે આબાદીમાં જવા અને લોકો વચ્ચે રહેવાની તાકીદ ફરમાવી તો ત્યાર પછી બરાહી (જિ. મુરાદાબાદ) ખાતે તશરીફ લાવ્યા અને લોકોની ભલાઈ ખાતર ઈસ્લાહે નફસ અને તબ્લીગની ખિદમત શરૂ ફરમાવી.

હવે આપની આસપાસ લોકોની ભીડ રહેવા લાગી. અસંખ્ય લોકો આપના હાથ ઉપર બયઅત થયા. મુરીદોની સંખ્યા ઘણી જ વધારે હતી. મુરીદોની દાવત ઉપર બરાહીથી આસપાસના સ્થળોએ પણ દીનનો ફાયદો વિચારીને તશરીફ લઈ જતા, આમ અમરોહામાં આપનું રહેવાનું બિલ્કુલ ઓછું થઈ ગયું.

સંભલમાં એક બુઝુર્ગ શેખ મુહમ્મદ માસૂમ રહ. રહેતા હતા, આપ રહ. કદી કદી એમને મળવા સંભલ તશરીફ લઈ જતા હતા. એકવાર દિલ્હીથી મિરઝા મઝહર જાનેજાનાં રહ. સંભલ પધાર્યા હતા, ત્યારે આપ રહ. પણ ત્યાં પહોંચ્યા અને બન્ને બુઝુર્ગો વચ્ચે વાત ચીત થઈ. મિરઝા મઝહર રહ. મોટા આલિમ અને વિદ્વાન પણ હતા, આમ છતાં આપ રહ.ની વાતોથી ઘણા પ્રભાવિત થયા અને આપની સાથે બરાહી પધાર્યા અને કેટલાયે દિવસ સુધી બરાહીમાં રોકાણ ફરમાવ્યું. (તઝકિરતુલ કિરામ : ૧૩૦)

શાહઆલમ બીજાની અકીદત

નવાબ અમીનુદ્દોલા સંભલી અને મિરઝા અકબર અલી ખાન આપ રહ. પ્રત્યે ભારે અકીદત ધરાવતા હતા. એમણે દિલ્હીના સુલતાન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શાહઆલમ માટે વિશેષ તવજ્જુહ અને દુઆની દરખાસ્ત પેશ કરી. આ દિવસોમાં સલતનતમાં અનેક સ્થળોએ અસલામતિનો માહોલ હતો. ચારે તરફથી બગાવતના સમાચારો આવી રહયા હતા. આપ રહ.એ ફરમાવ્યું કે, બાદશાહ મારી નસીહત ઉપર અમલ કરશે તો અજબ નથી કે અલ્લાહની મહેરબાનીથી બધું સુધરી જાય અને સલતનત મજબૂત બની જાય. નહીંતર શકય છે કે સ્થિતિ ઓર વધારે ખરાબ થઈ જાય. પછી આપ રહ.એ એક પત્રમાં નસીહત લખીને મિરઝા અલી અકબરને આપ્યો. આ પત્ર ઘણા જ સન્માનથી બાદશાહની સેવામાં રજૂ કરવામાં આવ્યો. એના જવાબમાં બાદશાહે આપને લખ્યું કે, આપનો મુબારક પત્ર મિરઝા અલી અકબર મારફતે મળ્યો. એમાં ન્યાય, ઈન્સાફ, લોકસેવા વગેરેની જે તાકીદ કરવામાં આવી છે એના કરતાં વધારે અમલ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

સાથે જ અઝીમાબાદ કિલ્લામાં પધારવાની દાવત આપી. (તઝકિરતુલ કિરામ : ૧૩૨)

તઝકિરતુલ કિરામમાં બાદશાહના ત્રણ જવાબી પત્રોનું વર્ણન છે. આ પત્રોના લખાણથી સ્પષ્ટ થાય છે કે બાદશાહ આપનો ઘણો જ અકીદતમંદ હતો, અને આપની દુઆઓ – તવજ્જોહ બાબતે ઘણું યકીન રાખતો હતો. મશાઈખે ચિશ્તીયા સાબરીયહમાં છે કે આપના મુરીદ શાહ નિષાર અલી બરેલ્વી રહ.એ એમની કિતાબ મિફતાહુલ ખઝાઈનમાં શાહઆલમ અને આપ રહ. વચ્ચેનો પત્રવ્યવહાર વર્ણવ્યો છે. (૧૭૧)

લખનઉના એક નવાબ શાહ અમીનુદ્દોલાને આપ રહ. સાથે ઘણી અકીદત હતી. એમણે લખનઉ પધારવાનો આગ્રહ કર્યો તો આપ રહ. લખનઉ તશરીફ લઈ ગયા. આપનો એક ખાદિમ રહમતુલ્લાહ પણ આ સફરમાં આપની સાથે હતો. લખનઉના સફર દરમિયાન નવાબ અમીનુદ્દોલાએ મોટી રકમ આપની સેવામાં નઝરાના સ્વરૂપે પેશ ફરમાવી. પરંતુ આપ રહ.એ બેનિયાઝી અપનાવીને એ રકમ સ્વીકારી નહીં. જે કોઈ અકીદતમંદ હદીયો વગેરે આપતો, એ આપ રહ. પાછો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપી દેતા હતા. અલબત્ત રહમતુલ્લાહ ખાદિમ ચુપચાપ હદિયા કુબૂલ કરીને પોતાના ઘરે મોકલાવી દેતો હતો. લખનઉથી પરત ફર્યા તો રહમતુલ્લાહની વાલિદાએ આવીને બધા હદિયા આપ રહ.ની સેવામાં મૂકી દીધા. હકીકત ખબર પડી તો આપ રહ.એ એને ખિદમતમાંથી હાંકી કાઢયો. એનાથી નારાજ થઈને રહમતુલ્લાહ લોકો સામે આપની બુરાઈ કરવા લાગ્યો કે, દરવેશીથી આપનો કોઈ સંબંધ નથી, ગોદડીનો વાઘ છે, વગેરે. અંતે આ ગુસ્તાખીની સજા એને એવી મળી કે જંગલી વાઘે એને ફાડી ખાધો.

આપની દુઆથી અનેક લોકોના સાજા થવાના અને લોકોની મોટી મુસીબતો દૂર થવાના કિસ્સા પણ તઝકિરતુલ કિરામમાં વર્ણવવામાં આવ્યા છે.

ખાઈ ખેરા (બરેલી)માં રોકાણ

હઝરત શાહ અઝીઝુદ્દીન રહ.ના એક મુરીદ શેખ મુહમ્મદ અલી, બરેલીના રઈસ મોલ્વી મુહમ્મદ અહસન અબ્બાસીના મુલાઝિમ હતા. શેખ મુહમ્મદના મોંઢે આપના વખાણ સાંભળીને આપના અકીદતમંદ બની ગયા હતા અને ઝિયારતની ઈચ્છા ધરાવતા હતા. એકવાર બરાહી પધાર્યા, બયઅત થયા અને બરેલી તશરીફ લાવવાની દાવત આપી. સમય મળ્યે આપ રહ. બરેલી તશરીફ લઈ ગયા અને રઈસ મવલાના મુહમ્મદ અહસનના બાગમાં રોકાયા. શહેરના લોકોને ખબર પડી તો મોટી સંખ્યામાં લોકો આવીને આપ રહ.થી ફૈઝ હાસિલ કરવા લાગ્યા. ઘણા લોકોએ આપના હાથ ઉપર ઈસ્લામ સ્વીકાર કર્યો.

થોડા દિવસ બરેલીમાં રહયા અને પછી બરાહી પાછા આવી ગયા. અલબત્ત મુરીદોના આગ્રહ મુજબ વરસે બે વરસે બરેલી જતા હતા.

બરેલીના એક વિદ્વાન આલિમ મોલાના શૈખુલ ઈસ્લામે ખાઈ ખેરામાં કાયમી ધોરણે રહેવાનો આગ્રહ અને દરખાસ્ત રજૂ ફરમાવી તો આપ રહ.એ અહિંયાની આબોહવા વગેરે સામે રાખીને અત્રે રોકાણ કરવાનો ઈરાદો કરી લીધો. આખો દિવસ જંગલમાં જઈને મુજાહદહ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને ઇબાદત કરતા અને રાત્રે ઘરે આવી જતા. બરેલીના અનેક ઉલમા અને બુઝુર્ગો આપ રહ.ની કરામતો અને બુઝુર્ગી જોઈને આપના અકીદતમંદ થઈ ગયા હતા.

જીવનની છેલ્લી ઘડીઓ સુધી ખાઈ ખેરામાં જ રહયા અને અહિંયા જ આપ રહ.ની વફાત થઈ.

૪ રમઝાનુલ મુબારક, ૧૧૯૦ હિ.જુમ્અહના દિવસે આપની વફાત થઈ. અને ખાઈ ખેરામાં આપને દફન કરવામાં આવ્યા. અલબત્ત ત્યાર પછી ૧, શવ્વાલ ૧૧૯૦ હિ.ના દિવસે આપની મય્યિતના તાબૂતને બધા રિશ્તેદારો અને મુરીદો અમરોહા લઈ આવ્યા અને આપના સાહબઝાદહ શેખ ઝહૂરુલ્લાહ સિદ્દીકીના બાગમાં આપને દફન કરવામાં આવ્યા.

તારીખે અમરોહા ભાગ ૧ માં છે કે શહેરથી બહાર ઉત્તરે અડધા માઈલના અંતરે આપનો મઝાર છે. શાહ અબ્દુલ બારી, શાહ રહમાન બખ્શ અને શાહ ગુલામ મુસ્તફાના મઝાર અને ખાનદાની કબ્રસ્તાન પણ અહીંયા જ છે. (૧૨૪)

ખલીફાઓ

આપ રહ.ના સાહબઝાદહ શેખ ઝહૂરુલ્લાહ સિદ્દીકી રહ.ના બે પુત્રો હતા. શેખ દોસ્ત મુહમ્મદ અને શેખ અબ્દુલ બારી. બન્ને પોત્રોની તરબિયત ફરમાવીને આપ રહ.એ ખિલાફતથી નવાઝયા હતા. અલબત્ત દાદાની જાનશીની અને સિલસિલાની બરકત શેખ અબ્દુલ બારી રહ.ને નસીબ થઈ અને એમના થકી સિલસિલો આગળ ચાલ્યો. આપણા શજરહમાં હવે પછી એમનું જ નામ આવે છે.

તઝકિરતુલ કિરામમાં આપના બીજા ઘણા ખલીફાઓનું વર્ણન છે :

(૨) શાહ કાઈમ રહ. આપના મઝાર ઉપર ૨૫ વરસ સુધી મુજાવર રહયા અને બરાહીમાં વફાત થઈ.

(૩) શાહ મુકમ્મલ મુરાદાબાદી રહ. ૧૨૩૦ હિ.માં વફાત થઈ.

(૪) હાજી મુહમ્મદ અકબર રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૫) શાહ નુઝહતઅલી રહ.

(૬) મોલ્વી શાહ ઝહૂરુલ્લાહ મુરાદાબાદી રહ.

(૭) શેખ નૂર લાહોરી રહ.

(૮) શાહ હુસૈન વિલાયતી રહ.

(૯) શેખ બશારત અલી રહ.

(૧૦) મવલાના મુહમ્મદ અહસન અબ્બાસી રહ.

(૧૧) મવલાના શૈખુલ ઈસ્લામ રહ.

(૧૨) જુમ્મન શાહ રહ.

(૧૩) શાહ ઈનાયત રહ.

(૧૪) મવલાના હાજી મુહમ્મદ રફીઉદ્દીન ખાન રહ.

(૧૫) શેખ નિષાર અલી બરેલ્વી.

મશાઈખે ચિશ્તીયા સાબરીયહ'માં લખવા મુજબ આપ રહ.ના ખલીફા શેખ નિષાર અલી બરેલ્વી રહ.એ એક કિતાબ મિફતાહુલ ખઝાઈન (مفتاح الخزائن موسوم بہ برکات عبیدیہ فی خوارق ہادویہ)માં આપ રહ.ની કરામતો અને કિસ્સાઓ ભેગા ફરમાવ્યા છે.

संदर्भ ग्रंथो :

તારીખે મશાઈખે ચિશ્ત.

મશાઈખે ચિશ્તીયા સાબરીયહ.

અનવારુલ આરિફીન .

તઝકિરતુલ કિરામ.

તારીખે અમરોહા–૧.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૩૪.

હઝરત શાહ અબ્દુલ બારી ચિશ્તી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. શાહ અબ્દુલ હાદી રહ.ના પોત્ર હતા.

૮ રજબ ૧૧૬૦ હિજરી, સોમવાર, ૧૬ જુલાઈ ૧૭૪૭ ના દિવસે સુબ્હે સાદિક ટાણે આપનો જન્મ થયો. અબ્દુલ બારી આપનું નામ રાખવામાં આવ્યું. કુન્નિયત અબૂ અબ્દુર્રહમાન નક્કી કરવામાં આવી.

સીરત અને સૂરત, બન્ને રીતે આપ સુંદર અને વિશેષ હતા.

તઝકિરતુલ કિરામમાં છે કે,

૧૧ વરસની ઉમર થઈ ત્યાં સુધી કોઈ પણ પ્રકારની રમત – ગમત કે ખેલ કુદ માટે બહાર નીકળ્યા ન હતા. બલકે હઝરત શાહ અઝુદ્દીન રહ.ના દરબારમાં જવા સિવાય ઘરની બહાર નીકળ્યા જ ન હતા. શાહ અઝુદ્દીન રહ.ની હયાતી સુધી આપ રહ. કયાં અને કેટલી તાલીમ મેળવી એની કોઈ વિગત નથી. બાલિગ થયા તો શાદી કરાવી દેવામાં આવી. આપના અહલિયહનું નામ 'સિરાજન' હતું અને બિરાદરીમાં 'રાજા બી'ના હુલામણા નામથી બોલાવવામાં આવતાં હતાં.

૨૨ વરસની ઉમર થઈ ત્યારે શાહ અબ્દુલ હાદી રહ.એ પોતાના બન્ને પોત્રો શાહ દોસ્ત મુહમ્મદ અને શાહ અબ્દુલ બારી રહ.ને પોતાની પાસે હાઝિકપૂર બોલાવી લીધા. અહીંયા બન્ને ભાઈઓને બાતિનની સફાઈ અને તઝકિયહમાં પ્રવૃત કરી દીધા. થોડો સમય બન્ને પાસે મુજાહદહ કરાવ્યો અને બન્નેને સિલસિલાના બુઝુર્ગોની અમાનત ઈનાયત ફરમાવી.

પછી શાહ અબ્દુલ હાદી રહ.એ એમણે પહેરેલા બે કુરતા ઉતાર્યા, એકને સાબૂથી ધોયને સાફ કર્યો અને બીજાને રંગમાં રંગીને સુકવ્યો. પછી સફેદ કમીસ શાહ અબ્દુલ બારી રહ.ને અને રંગીન કમીસ શાહ દોસ્ત મુહમ્મદ રહ.ને અર્પણ ફરમાવ્યું. અને ઈરશાદ ફરમાવ્યો કે ધોબીના બે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચેલા, એક ઉજળો એક મેલો.

અનવારુલ આરિફીનમાં છે કે શાહ દોસ્ત મુહમ્મદ શારીરિક રીતે મજબૂત હતા અને શાહ અબ્દુલ બારી અશકત. એટલે શાહ અબ્દુલ હાદી રહ. કમઝોર અબ્દુલ બારી પાસે આસાન મુજાહદહ કરાવતા હતા. ખિલાફત મેળવ્યા પછી બન્ને ભાઈ પાછા અમરોહા આવ્યા.

અમરોહા પરત આવ્યા પછી શાહ મોજ રહ.એ પણ આપને ખિલાફતથી નવાઝયા. (તઝકિરતુલ કિરામ,મકાસિદુલ આરિફીન : ૩૦)

તઝકિરતુલ કિરામમાં છે કે, જે પ્રમાણે આપ રહ. બહારથી સુંદર અને રૂપવાન હતા એ જ પ્રમાણે અંતર અને દિલના પણ ઘણા જ સાફ, પવિત્ર અને નેક – મુત્તકી હતા. તકવા, ઝુહદ, સિદક, સફા, સબ્ર, શુક અને તવક્કુલ તેમજ રઝાએ ઈલાહી જેવા બાતિની ગુણોમાં પરિપૂર્ણ હતા. એમની આ ખૂબીઓ અને કમાલાતના કારણે જ એમના ઝમાનાના બુઝુર્ગો અને ઉલમા આપ રહ.ની ઘણી જ ઈઝઝત કરતા હતા. રામપૂરના મશાઈખ અને ઉલમા જેમ કે હઝરત શાહ હાફિજ જમાલુલ્લાહ રહ. એમના મુરીદો, મવલાના શાહ મુહમ્મદ મુરશિદે મુજદ્દિદી, એમના પુત્ર શાહ સિરાજ અહમદ મુહદ્દિષ રહ. અને બરેલી, મુરાદાબાદ તેમજ અમરોહાના મશાઈખ રહ. આપની સેવામાં પધારતા હતા અને લાંબા સમય સુધી રોકાતા હતા. અમરોહાના સાદાત બુઝુર્ગો વિશેષ કરીને સય્યિદ અમાન અલી ખાન ઘડીયાળા વાલા આપ રહ.ના અકીદતમંદ હતા.

હિજરી સન ૧૧૮૪ કે ૮૫ માં હઝરત મિરઝા મઝહર જાને જાનાં રહ. દિલ્હીથી અમરોહા પધાર્યા અને સય્યિદ અસદુલ્લાહ ખાન ઉર્ફે મીર કલ્લુના મદરસામાં રોકાણ કર્યું. હઝરત શાહ અબ્દુલબારી રહ. સેવામાં હાજર થયા. આ વેળા મિરઝા સાહેબ મુરીદો ઉપર તવજ્જોહ ફરમાવી રહયા હતા. આપ રહ. પણ ચુપચાપ હાજર લોકોમાં શામેલ થઈ ગયા. થોડી વાર પછી હઝરત મિરઝા સાહેબ રહ.એ માથું ઊંચું કરીને ફરમાવ્યું કે આ મજલિસમાં ચિશ્તી બુઝુર્ગ કોણ છે ? હાજરજનોમાંથી કોઈકે કહયું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કે શાહ અબ્દુલ હાદી રહ.ના પોત્ર શાહ અબ્દુલ બારી સલામ માટે હાજર થયા છે. સલામ મુસાફહા પછી એમની સાથે લાંબો સમય વાતો કરી, છેલ્લે ફરમાવ્યું કે તમારા દાદા મોહતરમના મારા ઉપર ઘણા એહસાનો છે અને મારી ફરજ છે કે એનો બદલો તમને આપું. પછી આપ રહ.ઉપર વિશેષ તવજ્જોહ ફરમાવી અને છેલ્લે ફરમાવ્યું કે, શેખ અબ્દુલ બારી દરેક મુકામે એક કદમ આગળ છે.

પછી શાહ અબ્દુલ બારી રહ.ની દરખાસ્ત કુબૂલ ફરમાવીને મિરઝા સાહેબ રહ. શાહ અબ્દુલ હાદી રહ.ની ખાનકાહમાં તશરીફ લાવ્યા અને લાંબો સમય અત્રે રોકાયા. હઝરત મિરઝા સાહેબ રહ.નો સ્વભાવ ઘણો જ નાઝુક હતો. શાહ અબ્દુલ બારી રહ.એ એક નવો ખાટલો બનાવડાવ્યો હતો. અને સહુપ્રથમ હઝરત મિરઝા સાહેબ રહ. એના ઉપર આરામ ફરમાવે એ નિય્યતે એમનો બિસ્તર એના ઉપર લગાવવામાં આવ્યો. સવારે હઝરત મિરઝા સાહેબ રહ.એ આખી રાત ઊંઘ ન આવવાની શિકાયત કરી અને ફરમાવ્યું કે એના ખુણા બરાબર નથી. લોકોએ માપ લીધું તો ખબર પડી કે ખાટલો થોડો ત્રાંસો હતો.

તઝકિરતુલ કિરામમાં છે કે આ લખાય છે ત્યાં (૧૯૩૨) સુધી આ પવિત્ર ચારપાઈ ખાનદાનમાં તબર્રુક સ્વરૂપે મોજૂદ છે અને ત્રાંસી છે એ પણ જોઈ શકાય છે. અહીંયાના રોકાણ દરમિયાન હઝરત મિરઝા સાહેબ રહ.એ શાહ અબ્દુલ બારી રહ. ઉપર વિશેષ તવજ્જોહ ફરમાવી અને નકશબંદી સિલસિલામાં ખિલાફત પણ અતા ફરમાવી.

આમ આપ રહ.ને બન્ને સિલસિલાઓમાં ઈજાઝત હતી. અને મુરીદોને બન્ને તરીકા મુજબ તરબિયત ફરમાવતા હતા. છતાં આપ રહ.ઉપર ચિશ્તીયા સાબરીયા સિલસિલાનો પ્રભાવ વધારે રહેતો હતો. (નુઝહતુલ ખવાતિર : ૯૯૮/મશાઈખે ચિશ્તીયા સાબરીયહ : ૧૭૩)

દિલ્હી અને અજમેરની સફર

હઝરત મિરઝા મઝહર જાનેજાનાં રહ.ની વફાત પછી આપ રહ. દિલ્હી અને અજમેરની સફરે નીકળ્યા. જે લગભગ ૧૧૯૫ હિ./૧૭૮૧

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈ. પછીની વાત છે. સફર દરમિયાન અમુક દિવસ ખાનકાહે મઝહરીયહ દિલ્હીમાં પણ રોકાયા. અહીંયા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી રહ., હઝરત શાહ ગુલામ અલી મુજદ્દિદી રહ. અને બીજા મશાઈખ તેમજ ઉલમા સાથે મુલાકાતો થઈ. હઝરત નિઝામુદ્દીન અવલિયા રહ. ઉપરાંત બીજા બુઝુર્ગોના મઝારો ઉપર હાજરી આપીને ત્યાંથી પણ રૂહાની બરકતો પ્રાપ્ત ફરમાવી. પછી અજમેર પહોંચ્યા અને સુલતાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ રહ.ના દરબારમાં હાજર થયા અને એક મુદ્દત સુધી અહીંયા રોકાયેલા રહયા.

અમરોહામાં આપ રહ.ની ખાનકાહ છેલ્લે સુધી મશાઈખ, ઉલમા અને સામાન્ય લોકોનું કેન્દ્ર હતી. શાહ અબ્દુર્રહીમ લખનવી રહ.(શાહ ફઝલુર્રહમાન સિદ્દીકી ગંજમુરાદાબાદી રહ.ના વાલિદના શેખ) પણ ૧૨૧૯ હિ./૧૮૦૫ ઈ.માં અમરોહા તશરીફ લાવ્યા તો છ માસ લગાતાર ખાનકાહમાં રોકાયા અને આપ રહ.ની સોહબતથી ખૂબ લાભ ઉઠાવ્યો.

આપની વિશેશતાઓ અને મુબારક આદતો

આપની ઈચ્છા રહેતી કે કોઈ કરામત જાહેર ન થાય. બલકે એની દુઆ કરતા રહેતા હતા. આપ ફરમાવતા હતા કે હઝરત ફરીદુદ્દીન ગંજશકર રહ.નું ફરમાન છે : અલ્લાહ તઆલાએ અવલિયાએ કિરામ ઉપર કરામતો છુપાવવાનું ફરજ ઠેરવ્યું છે અને અંબિયાએ કિરામ ઉપર મોઅજિઝહ જાહેર કરવાનું ફરજ ઠેરવ્યું છે.

શમાઈમે ઈમ્દાદીયહમાં હઝરત હાજી સાહેબ રહ.નો મલ્ફૂઝ છે કે, અમરોહામાં એક હિંદુ આપ રહ. પ્રત્યે ઘણી જ અકીદત ધરાવતો હતો. એકવાર એણે અરજ કરી કે મને કોઈ અવલાદ નથી થતી. કોઈ તાવીઝ આપો. આપ રહ.એ તાવીજ આપીને ફરમાવ્યું કે, હમણા આ તાવીઝ તમારી બીવીના બાવડા પર બાંધજે અને છોકરાના જન્મ પછી એના હાથે બાંધી દેજે. તાવીઝની બરકતથી એને ત્યાં છોકરાનો જન્મ થયો. છોકરો મોટો થયો તો અમુક હિંદુ લોકોના કહેવાથી એણે તાવીઝ ખોલી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નાંખ્યું. એમાં જોયું તો લખ્યું હતું : "ઉડ રે ભંભીરી સાવન આયા." અંદર આ લખાય વાંચ્યું તો એણે તાવીઝ ફેંકી દીધું. તાવીઝ ફેંકીને તે નહાવા ગયો તો દરિયામાં ડૂબીને મરી ગયો. (૧૬૯)

તિલાવતે કુરઆન આપ રહ.નો વિશેષ અમલ અને વઝીફો હતો.

નમાઝ ઘણા જ ધ્યાન પૂર્વક એકાગ્રતાથી પઢતા હતા.

રાત દિવસમાં નફલો પણ ઘણી જ પઢતા હતા.

તાલિબ (મુરીદ) માટે ઝિક્રે જહરીને ઉપયોગી–લાભદાયી સમજતા હતા.

દિલની બુરાઈઓ, જેમ કે, હસદ, કિન્નાખોરી, ગીબત, જૂઠ, લાલચ વગેરેની ઘણી જ બુરાઈ કરતા અને આ રૂબાઈ પઢતા હતા :

خواہی کہ شود دلِ تو چوں آئینہ --- دہ چیز بیروں کن از درونِ سینہ

حرص وامل وغضب، دروغ وغیبت --- بخل وحسد ورِیا وکبر وکینہ

જો તું તારા દિલને આઈના જેવું સાફ કરવા માંગતો હોય તો દિલમાંથી દસ વસ્તુઓ એટલે કે દસ ખરાબીઓ કાઢી નાંખ. લાલચ, લાંબી આશાઓ, ગુસ્સો, જૂઠ, ગીબત, કંજૂસાઈ, હસદ, રિયાકારી, તકબ્બુર, અને કીનાખોરી.

નમાઝની ઈમામત પોતે કરતા હતા. માથા ઉપર પાઘડી બાંધતા હતા. કુરતો નીચો અને પાજામો ઊંચો પહેરતા હતા. હાથમાં અસા – લાકડી રાખતા હતા. સાથે એક રૂમાલ પણ રાખતા હતા, જેમાં તસ્બીહ અને મિસ્વાક મૂકતા હતા. અત્તરનો ઉપયોગ ઘણો જ કરતા હતા. ૫૦ વરસ પછી દાઢીએ મહેંદી લગાવતા હતા.

સવાર સાંજ શાહ અઝુહુદીન રહ. અને પોતાના દાદાના મઝારે હાજરી આપતા હતા અને મરતાં સુધી આ ક્રમ જારી રહયો.

વફાત

માહે રજબના આરંભે હિજરી સન ૧૨૨૬ તાવની બીમારીમાં સપડાયા. લગભગ એક માસ અને અમુક દિવસ આ બીમારીમાં બિસ્તર ઉપર રહયા અને જુમ્અહના દિવસે, ૧૧ શાબાન ૧૨૨૬ હિ./૩૧

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઓગસ્ટ ૧૮૧૧ ઈ. સવારે પાંચ વાગ્યે આપનો ઈન્તેકાલ થયો. જુમ્અહની નમાઝ પછી દાદા શાહ અબ્દુલહાદી રહ.ના મઝારના પૂર્વે પોતાના વાલિદ સાહેબની કબર પાસે આપને દફન કરવામાં આવ્યા.

અવલાદ અને ખલીફાઓ

આપના એક સાહબઝાદા શાહ રહમાન બખ્શ નામે હતા.

અને ખલીફાઓ નીચે મુજબ છે.

(૧) મીરાં સય્યિદ હાતિમ અલી રહ.

(૨) હાજી અબ્દુર્રહીમ વિલાયતી રહ. આપણા સિલસિલામાં હવે પછી એમનું નામ આવે છે.

(૩) હાફિજ ખૈરુદ્દીન રહ. આપ રહ. સફરમાં હઝરત શેખ રહ.ની સંગાથે રહેતા હતા. ત્રણ દિવસમાં એક કુરઆન ખતમ કરતા હતા. આખૂનજીના નામથી મશહૂર હતા.

(૪) હાજી હાફિજ કલ્લન શાહ.

(૫) મોલ્વી અહમદ અલી સિદ્દીકી બરેલ્વી રહ. મોટા આલિમ ફાજિલ અને શાહી જાગીરદાર હતા.

(૬) શેખ મુહમ્મદ મુનીર રહ.

(૭) શેખ અમીનુલ્લાહ રહ.

(૮) હાફિજ અબ્દુલ કરીમ રહ.

———————————————

સંદર્ભ ગ્રંથો :

તઝકિરતુલ કિરામ — મકાસિદુલ આરિફીન

નુઝહતુલ ખવાતિર — અનવારુલ આરિફીન

શમાઈમે ઈમ્દાદીયહ. — મશાઈખે ચિશ્તીય્યહ સાબરીય્યહ

તારીખે મશાઈખે ચિશ્ત : હઝરત શૈખુલ હદીસ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૩૫.

શાહ અબ્દુર્રહીમ વિલાયતી સાહેબ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુળ વતન અને ખાનદાન :
આપ રહ.નું ઉચ્ચ સ્થાન
સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથ ઉપર બયઅતે જિહાદ
બયઅતની વિગત અને સમય
શહાદત :
ખલીફાઓ
સંદર્ભ ગ્રંથો :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. હુસૈની સય્યિદ અને મુળ અફગાનિસ્તાનના 'રોહ' પ્રદેશના રહેવાસી હતા. 'રોહ' અફગાનિસ્તાનના એક પ્રદેશનું નામ હતું. ઈતિહાસકારોના મત મુજબ વર્તમાન પેશાવરના આસપાસના પ્રદેશો 'રોહ' કહેવાતા હતા અને ત્યાંના રહેવાસીઓ રોહિલા કહેવામાં આવતા હતા. મુગલ સેનામાં શામેલ આ કબીલાના સરદારોએ આગ્રા અને અવધના વિસ્તારો ઉપર કબજો કરીને પોતાની આગોવી સલતનત સ્થાપી, જે રોહીલખંડના નામે મશહૂર થઈ.

કુદરતે આપ રહ.ની તબિયતમાં મઅરિફતે ઈલાહીની એવી તલબ ભરી દીધી હતી કે આપ રહ.ને એના વગર ચેન પડતું ન હતું. આ તલબમાં જ ફરતા ફરતાં તેઓ હિંદુસ્તાન આવી પહોંચ્યા.

હઝ. હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ફરમાવે છે કે, મારા દાદા પીર હઝરત શાહ અબ્દુર્રહીમ અને શેખ જાન મુહમ્મદ સાહેબ વિલાયતથી ખુદાની તલબમાં હિંદુસ્તાન પધાર્યા અને પંજલાસા (જિ. અંબાલા)માં હઝરત રહમ અલી શાહ રહ.ના હાથ ઉપર કાદરીયહ સિલસિલામાં બયઅત થયા હતા. શાહ રહમ અલી પાસેથી એમણે નિસ્બતે કાદરીયહ અને બાતિની કમાલાત પ્રાપ્ત કર્યા ઉપરાંત કાદરિયહ સિલસિલામાં ખિલાફત પણ પ્રાપ્ત ફરમાવી. (શમાઈમે ઈમ્દાદીયહ : ૧૬૨/તઝકિરતુલ કિરામ : ૧૬૮)

અલબત્ત એમના ઈન્તેકાલ પછી ફરી પાછી ખુદાની તલબનો તકાઝો થયો, અને પંજલાસાથી સહારનપૂર, મુઝફ્ફરનગર વગેરે શહેરોના રસ્તે ફરતાં ફરતાં બન્ને બુઝુર્ગો અમરોહા પહોંચ્યા. અમરોહામાં શાહ અબ્દુલબારી ચિશ્તી રહ. મોટા બુઝુર્ગ અને વલી મશહૂર હતા. બન્ને જણા એમની ખિદમતમાં જઈ પહોંચ્યા. થોડા દિવસ મષનવીના વાંચન પછી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એમના ઉપર વિષેશ કેફિયત છવાયેલી હતી, એ સ્થિતિમાં એમણે ખાદિમોને ફરમાવ્યું કે, મુહમ્મદ જાનને કહી દો કે તમારો હિસ્સો શાહ ગુલામ અલી દહેલ્વી રહ. (મૃ : ૧૨૪૦ હિ./૧૮૨૪ ઈ.) પાસે છે અને શાહ અબ્દુર્રહીમને મારી પાસે બોલાવી લાવો. શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે આ મુલાકાતમાં જ શાહ અબ્દુર્રહીમ રહ.ને એમનો મકસદ પ્રાપ્ત થઈ ગયો. હઝરત હાજી સાહેબ રહ. આગળ લખે છે કે લગભગ ૧૨૬૧ હિ.માં હજની સફર વેળા શેખ જાન મુહમ્મદ રહ.ના મુખે આ વિગત સાંભળી હતી. તેઓ એ વેળા ત્યાં જબલે અબૂકુબૈસ ઉપર રહેતા હતા. (શમાઈમે ઈમ્દાદીયહ : ૧૬૨)

આપ રહ.નું ઉચ્ચ સ્થાન

શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે, મોમિનખાન સાહેબ દહેલ્વી ફરમાવતા હતા કે એકવાર શાહ અબ્દુલ અઝીઝ રહ. પાસે હદીસ શરીફ પઢી રહયા હતા એ દરમિયાન શાહ અબ્દુલ અઝીઝ સાહેબ રહ.એ અકાબિર બુઝુર્ગોનું વર્ણન ફરમાવ્યું. અમે પૂછયું કે, આજે પણ આવા બુઝુર્ગો મોજૂદ છે ? શાહ સાહેબ રહ.એ ફરમાવ્યું કે, પરમદિવસે અમારી પાસે એક માણસ આ પ્રકારનો મસ્અલો પૂછવા આવશે. એ મોટો બુઝુર્ગ અને કામિલ વલી છે. શાહ સાહેબ રહ.એ સમય અને દિશા પણ બતાવી દીધી કે આ સમયે ફલાણા રસ્તેથી એ આવશે. અમે લોકો નક્કી સમયે જમનાના કિનારે ઝીનતુલ મસાજિદમાં એમની રાહ જોતા બેસી ગયા. નક્કી સમયે દરિયાના કિનારે એ જ શકલ સૂરતના એક બુઝુર્ગ આવતા દેખાયા. અમે બધાએ દોડીને એમની ઝિયારત કરી. આ બુઝુર્ગ શાહ અબ્દુર્રહીમ વિલાયતી હતા.

શેખ મુહમ્મદ થાનવી રહ. 'નૂરે મુહમ્મદી'માં લખે છે કે, એકવાર શાહ મુહમ્મદ ઈસ્હાક દહેલ્વી રહ.એ હઝરત શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ. ઉપર તવજ્જોહ નાંખી. થોડી વાર પછી આંખો ખોલીને ફરમાવ્યું કે, અલ્લાહુ અકબર ! તમારી નિસ્બત ઘણી વિશાળ – મજબૂત છે. તમારે હવે કંઈ મેળવવાનું બાકી નથી. (મશાઈખે ચિશ્તીયા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સાબરીયહ : ૧૭૬)

અમરોહા છોડયા પછી સહારનપૂરની અબૂનબી મસ્જિદમાં આપ રહ. રહેતા હતા. હઝારો લોકો આપ રહ.ના મુરીદ અને અકીદતમંદ હતા. મુરીદોમાં ઘણા અમીર, રઈસ અને જાગીરદાર લોકો પણ હતા. લોકોમાં અને મુરીદોમાં આપ રહ.ની રૂહાનિયતનો અજબ પ્રભાવ અને દબદબો હતો.

લુહારીના રઈસ હમ્ઝહ અલી ખાન આપ રહ.ના મુરીદ હતા. એમના ઉપર આપ રહ.ની મુહબ્બતની ઘણી જ અસર રહેતી હતી. આપ રહ.થી એટલા બધા પ્રભાવિત હતા કે આંખ ઉઠાવીને પોતાના શેખને જોવાની પણ હિમ્મત ન હતી. એક નજર પડતી કે તુરંત દિલ ઉપર બેહોશી જેવી હાલત છવાય જતી હતી, બલકે આપ રહ.ના ઘોડાની ટાપ સાંભળીને ઘરની અંદર પણ તેઓ બેહોશ થઈ જતા હતા. શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે આ મુહબ્બતની અસર હતી. (૧૬૪)

શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે મુફ્તી ઈલાહી બખ્શ રહ. (ખલીફા હઝ. શાહ અબ્દુલ અઝીઝ રહ.) હદીસનો સબક પઢાવી રહયા હતા. મુફ્તી સાહેબ રહ. તખ્ત અથવા પલંગ ઉપર બિરાજમાન હતા અને તલબા આસપાસ બેસેલા હતા. આ દરમિયાન દાદાપીર સાહેબ રહ. સબક સાંભળવા માટે એ મજલિસમાં પધાર્યા. મુફ્તી સાહેબ રહ.ને મજલિસમાં આપની હાજરીની ખબર ન હતી, છતાં એકદમ ઉભા થઈને આમતેમ જોવા લાગ્યા. જયારે આપ રહ. ઉપર નજર પડી તો ફરમાવ્યું કે, શાહ સાહેબ તશરીફ લાવ્યા છે, એટલે જ મજલિસમાં આટલી બધી નૂરાનિયત અને બરકતો દેખાય રહી છે. (૧૬૪)

સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથ ઉપર બયઅતે જિહાદ

તહરીકે જિહાદના અમીર અને મશહૂર બુઝુર્ગ સય્યિદ અહમદ શહીદ રહ.એ ૧૨૩૪ હિ.માં દિલ્હીથી નીકળીને 'દોઆબહ' (ગાઝીયાબાદ, મેરઠ, સહારનપૂર, મુઝફ્ફરનગર વગેરે)ની તબ્લીગી ઈસ્લાહી સફર કરી હતી. હઝ. સય્યિદ અહમદ શહીદ રહ.ના જીવનચરિત્ર ઉપર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લખવામાં આવેલ કિતાબોમાં આ સફરની વિગતો જોઈ શકાય છે.

આ સફર દરમિયાન સહારનપૂરના રોકાણ દરમિયાન એકવાર સય્યિદ અહમદ શહીદ રહ. મસ્જિદે બૂનબીમાં રોકાયા. હઝરત શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ. પણ આ મસ્જિદમાં જ રહેતા હતા. આ મુબારક અવસરે આપ રહ.એ હઝરત સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથ ઉપર બયઅતે જિહાદ ફરમાવી. બયઅત વેળા આપ રહ.એ ફરમાવ્યું કે, એમ તો મારે હવે કોઈના હાથ ઉપર બયઅત થવાની જરૂરત નથી, પણ મને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખુશી સય્યિદ સાહેબના હાથ ઉપર બયઅત થવામાં જ દેખાય રહી છે, એટલે બયઅત થઈ રહયો છું. પછી બન્ને એકબીજાની રૂહાનિયતથી ફાયદો ઉઠાવવા એક હુજરાના એકાંતમાં ચાલ્યા ગયા. જયારે એમાંથી નીકળ્યા તો સય્યિદ અહમદ શહીદ રહ. ઉપર ચિશતી નિસ્બતની અસર હતી અને તેઓ હસી રહયા હતા અને હઝરત શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ. ઉપર નકશબંદી નિસ્બતની અસર હતી અને તેઓ હાલમાં મસ્ત હતા. (અરવાહે ષલાષહ : ૧૩૨, તઅલીમુદ્દીન ૧૮૬)

હસવા અને રડવાની આવી ઘટના શમાઈમે ઈમ્દાદીયહમાં શાહ અબ્દુલ બારી રહ. સાથે પ્રથમ મુલાકાત વેળા ઘટી હોવાનું પણ વર્ણન છે. (૧૬૨)

બયઅતની આ ઘટનાનું વર્ણન કરતાં સીરતે સય્યિદ અહમદ શહીદમાં હઝરત મવલાના સય્યિદ અબૂલ હસન અલી નદવી રહ. ફરમાવે છે કે, આપ રહ. (સય્યિદ અહમદ શહીદ રહ.એ) મગરિબની નમાઝ મસ્જિદે અબૂ નબીમાં પઢી. એના એક હુજરામાં હાજી અબ્દુર્રહીમ વિલાયતી રહેતા હતા અને મોટા મશાઈખમાં એમની ગણના થતી હતી. સેંકડો લોકો એમના મુરીદ હતા. તેઓ એમના બધા જ મુરીદો સાથે બયઅત થઈ ગયા અને પોતાના બધા જ મુરીદોને બોલાવીને કહી દીધું કે આપના હાથ ઉપર બયઅત થઈ જાય. આવા મુરશિદ મળવા મુશ્કેલ છે. મોડી રાત સુધી બયઅતનો સિલસિલો ચાલતો રહયો અને બે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દિવસ સુધી એમના ઘરે જ દાવત રહી. (સીરતે સય્યિદ અહમદ શહીદ :૧૬૭)

મીયાંજી નૂર મુહમ્મદ રહ.ના ખલીફા શેખ મુહમ્મદ મુહદ્દિષ થાનવી રહ. 'અનવારે મુહમ્મદી' પેજ : ૩૫ માં લખે છે કે શાહ અબ્દુર્રહીમ રહ.એ આ અવસરે પોતાના મુખ્લિસ મુરીદ મીયાંજી નૂર મુહમ્મદ ઝિન્ઝાન્વી રહ.ને પણ લૂહારીથી સહારનપૂર બોલાવ્યા અને પોતાની સામે હઝરત સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથ ઉપર બયઅત કરાવ્યા અને ઈજાઝત તેમજ શજરાત પણ આપ્યા. (અનવારે મુહમ્મદી : ૩૫/સય્યિદ અહમદ શહીદ રહ.સે હાજી ઈમ્દાદુલ્લાહ રહ.કે રૂહાની રિશ્તે :૫૫)

'દો આબહ' વિસ્તારમાં સય્યિદ અહમદ શહીદ રહ.ની સફર વેળા સહારનપૂર ખાતે હાજી અબ્દુર્રહીમ સાહેબ રહ. અને એમના ખલીફા મીયાંજી નૂર મુહમ્મદ સાહેબ રહ. સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથે બયઅત થયા હતા. એમ આપણા સિલસિલાના બે બુઝુર્ગો એક સાથે એમના હાથે બયઅત થયા. આ જ સફર વેળા નાનોતા અથવા થાનાભુવન મુકામે બે ત્રણ વરસના એક નાનકડા બાળકને પણ સય્યિદ અહમદ શહીદ રહ.ના ખોળામાં મૂકીને તબર્રુક સ્વરૂપે બયઅત કરવામાં આવ્યું હતું. આ બાળક હાજી ઈમ્દાદુલ્લાહ રહ. હતા. આમ સિલસિલાના ત્રણ બુઝુર્ગોને સય્યિદ અહમદ શહીદ રહ.થી બયઅતની સઆદત હતી એમ કહી શકાય.(ઈમ્દાદુલ મુશ્તાક : ૬૨, મલ્ફૂઝ : ૭૩) મીયાંજી નૂર મુહમ્મદ રહ. પણ ત્યાર પછી આ કાફલા સાથે થઈ ગયા હતા. પાછળથી આપના બન્ને મુરબ્બીઓએ આપને પાછા મોકલી દીધા. (કારવાને ઈમાન વ અઝીમત : ૧૨૬)

સફર પૂરી કરીને સય્યિદ અહમદ શહીદ રહ. રાયબરેલી તશરીફ લઈ ગયા અને થોડી મુદ્દત માટે અત્રે રોકાણ ફરમાવ્યું, આ દિવસોમાં આપ રહ.ની જમાઅતમાં અનેક બુઝુર્ગો શામેલ હતા. મવલાના મુહમ્મદ ઈસ્માઈલ શહીદ રહ., મવલાના અબ્દુલ હય્ય સાહેબ રહ. મવલાના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુહમ્મદ યૂસુફ ફુલતી સાહેબ રહ.(શાહ વલીયુલ્લાહ રહ.ના ભાઈ શાહ અહલુલ્લાહ રહ.ના નવાસા) હાજી અબ્દુર્રહીમ વિલાયતી રહ. હઝરત શાહ અબૂ સઈદ રહ. વગેરે બુઝુર્ગો આ જમાઅતમાં શામેલ હતા.

રાયબરેલીના રોકાણ દરમિયાન હઝરત સય્યિદ અહમદ શહીદ રહ. જિહાદની તૈયારી અને ફિકરમાં મગ્ન રહેવા લાગ્યા. રાત દિવસ એના ખાતર બેચેન રહેવા લાગ્યા અને જિહાદની તૈયારી તેમજ શારિરીક કસરતોમાં જ વધારે સમય પસાર કરવા લાગ્યા. પરિણામે તસવ્વુફના અમુક આમાલ અને વઝાઈફમાં કમી આવવા માંડી. બધા સાથીઓએ આ બાબતે મશ્વેરો કરીને મવલાના મુહમ્મદ યૂસુફ ફૂલતી રહ.ને હઝરત સય્યિદ સાહેબ રહ. સાથે વાતચીત કરવા માટે મોકલ્યા. મવલાના ફૂલતી રહ.એ સય્યિદ સાહેબ રહ.ની સેવામાં બધા સાથીઓના વિચારો અને ચિંતા રજૂ કરી તો સય્યિદ સાહેબ રહ.એ ફરમાવ્યું કે, આજકાલ આમાલ અને અઝકાર કરતાં વધારે મહત્વનું કામ અમારી સામે છે. અલ્લાહના રસ્તામાં જિહાદની તૈયારી ચાલી રહી છે. એની સામે આ બધા આમાલની કોઈ વિસાત નથી. સુલૂકના આમાલ જિહાદના તાબે છે. સુલૂક અને તસવ્વુફ વગેરે કામો જિહાદથી ફારિગ હોવાના સમયે કરવાના છે. તમે અમારા ભાઈઓને સમજાવો કે જિહાદની તૈયારીમાં જ દિલ લગાવો. છેલ્લા દસ પંદર દિવસથી નમાઝ અને મુરાકબહમાં જે તરક્કી દેખાય રહી છે, તે આ તૈયારીની જ બરકત છે. તમે ચાહો તો હાજી અબ્દુર્રહીમ સાહેબ રહ. સાથે મશ્વેરો કરીને જવાબ આપો.

હાજી અબ્દુર્રહીમ સાહેબ રહ.એ લોકોને જણાવ્યું કે, હઝરત સય્યિદ સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત થવા પહેલાં હું મારા મશાઈખની પરંપરા મુજબ મુજાહદહ કરતો હતો. જવની રોટી ખાયને ચિલ્લાકશી કરતો હતો. સેંકડો મુરીદ હતા. એક કોસના અંતરે પણ કોઈના ઉપર તવજ્જુહ કરતો તો એની અસર થતી હતી. અનેક બાબતે હું એમના કરતાં ચડિયાતો હતો. મારા અમુક મુરીદો પણ સોહબતની અસર ધરાવતા હતા. આ બધાં છતાં જયારે અલ્લાહ તઆલાની મહેરબાનીથી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મને સય્યિદ સાહેબની મુલાકાતની તવફીક મળી તો હવે હું વિચારું છું કે, તે હાલતમાં મારી મોત આવત તો એ બુરી મોત હોત. તમે બધા પણ જો ભલાઈ ચાહતો હોવ તો એમના હાથ ઉપર બયઅત કરો અથવા એ જ અકીદા મુજબ મારા હાથ ઉપર બયઅત કરો. મેં તમને જાણ કરી દીધી છે. હવે કયામતના દિવસે કોઈ મારી પકડ ન કરે. આ સાંભળીને બધાએ ફરીવાર બયઅત કરી અને બધા જ લોકો જિહાદની તૈયારીમાં લાગી ગયા. (સીરતે સય્યિદ અહમદ શહીદ : ૨૩૧, ૨૩૨)

આ કિસ્સાથી પૂરવાર થાય છે કે હઝરત શાહ અબ્દુર્રહીમ રહ.નું સ્થાન સય્યિદ અહમદ સાહેબ રહ.ની નજરમાં ઘણું ઉચું હતું. અને સય્યિદ સાહેબ રહ. શાહ અ. રહીમ સાહેબ રહ.ને એક મોટા શેખે તરીકત સમજતા હતા. બલકે પોતાના અમુક મુરીદોને પણ તરબિયત માટે આપ રહ.ના હવાલે કરતા હતા.

કલકત્તાના એક પીરના ફરઝંદ પણ મોટા ગજાના માણસ હતા. હજની સફર વેળા આપ રહ. કલકત્તા રોકાયા તો તેઓ આપનાથી પ્રભાવિત થઈને બયઅત થઈ ગયા અને તોબા કરી. આપ રહ.એ એમને પાઘડી અને કુરતો આપ્યો, મવલાના અબ્દુલ હય્ય રહ.ના હાથથી ખિલાફતનામું લખીને આપ્યું અને પછી એ પીરઝાદાને હાજી અબ્દુર્રહીમ સાહેબ રહ.ને સોંપી દીધા. (સીરતે સય્યિદ અહમદ શહીદ : ૩૩૩)

બયઅત અને ખિલાફતની વિગત અને સમય

● હઝરત સય્યિદ અહમદ શહીદ રહ.ના જીવન ચરિત્ર અને જિહાદ તેમજ ઈસ્લાહની ચળવળ વિશે લખવામાં આવેલ કિતાબોમાં જયાં શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ.ની બયઅતનું વર્ણન છે, એનાથી એમ માલૂમ પડે છે કે આપ રહ., શાહ રહમ અલી રહ. અને શાહ અબ્દુલ બારી રહ. પછી સય્યિદ સાહેબ રહ.ના હાથ ઉપર ત્રીજીવાર સુલૂક માટે બયઅત થયા હતા. આ બયઅત ફકત 'બયઅતે જિહાદ' ન હતી. અરવાહે ષલાષહ અને બીજી કિતાબોના લખાણોથી પણ આવું જ માલૂમ પડે છે. અલબત્ત હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિય્યા રહ. તારીખે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મશાઈખે ચિશ્તમાં લખે છે કે, આપ રહ.એ સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથ ઉપર 'બયઅતે જિહાદ' કરી હતી. (પેજ : ૨૩૧) આ જ પ્રમાણે અનવારુલ આરિફીનમાં પણ આ બયઅત જિહાદની હોવાનું વર્ણન છે. (૪૫૨)

અરવાહે ષલાષહમાં અને બીજી અમુક કિતાબોના કિસ્સાઓમાં એમ પણ છે કે શાહ અબ્દુલબારી રહ. પાસે આપની તરબિયત અધૂરી હતી, ખિલાફત હજુ મળી ન હતી અને એમનો ઈન્તેકાલ થઈ ગયો, એટલે સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથે બયઅત થયા. અલબત્ત બીજી બધી વિગતો અને આપ રહ.નું જીવનચરિત્ર જોતાં આ બાબત ભૂલભરેલી છે. શાહ અબ્દુલબારી રહ. દ્વારા આપને ખિલાફત પ્રાપ્ત હતી અને આ વાત સર્વ સ્વીકૃત છે કે બયઅતે જિહાદ કરી ત્યારે આપ રહ. મોટા પીર અને બુઝુર્ગ સમજવામાં આવતા હતા.

● ઉપરોકત બધી જ કિતાબોમાં સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથ ઉપર બયઅત થવાના સ્થળ અને સમય વિશે સહારનપૂરના ઈસ્લાહી તબ્લીગી દવરહનો ઉલ્લેખ છે. પરંતુ તઝકિરતુલ કિરામનું લખાણ થોડું અલગ છે.

તઝકિરતુલ કિરામમાં મહમૂદ અહમદ અબ્બાસી સાહેબ શાહ અબ્દુલ બારી રહ.ના ખલીફાઓમાં આપનું વર્ણન કરતાં લખે છે :

> હાજી અબ્દુર્રહીમ વિલાયતી હુસૈની સય્યિદ હતા અને આપનું મુળ વતન અફગાનિસ્તાન હતું. પ્રથમ શાહ રહમ અલી કાદરી રહ.થી બયઅત થયા અને એમની વફાત પછી અલ્લાહ તઆલાની વધારે તલબ આપને અમરોહા ખેંચી લાવી. હઝરત શાહ અબ્દુલ બારી રહ.ની સેવામાં એક લાંબી મુદ્દત રહીને રિયાઝત અને મુજાહદહમાં મશગૂલ રહયા.
>
> મજબૂત શરીર અને યુદ્ધના નિષ્ણાંત હતા. દિવસભર રોઝા રાખતા અને રાતભર ઈબાદતમાં પ્રવૃત રહેતા હતા. આખી જિંદગી એકલા જ રહયા. સહારનપૂર, મેરઠ,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુઝફ્ફરનગર વગેરે જિલ્લાઓમાં મોટી સંખ્યામાં આપના મુરીદો હતા. ૧૨૪૪ માં શાહ અબ્દુલ બારી રહ.ની ખાનકાહના જાનશીન મીરાં શાહ હાતિમ અલી રહ.ના આદેશ મુજબ, પોતાના પીર શાહ અબ્દુલ બારી રહ.ના સાહબઝાદહના નાયબ તરીકે ખાનકાહ તરફથી આપને સય્યિદ અહમદ શહીદ રહ. સાથે જિહાદ માટે નક્કી કરવામાં આવ્યા.

હાશિયહમાં લેખક લખે છે કે,

મવલાના આશિક ઈલાહી રહ.એ સય્યિદ સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત થવાના જે કિસ્સાઓ તઝકિરતુર્રશીદમાં વર્ણવ્યા છે, એ બધા વાસ્તવિકતાથી વિરુદ્ધ છે અને મોતબર નથી. ૧૪૪૨ હિ. સુધી કાયમી ધોરણે આપ રહ. અમરોહામાં જ રહેતા હતા. કાદરીયા સિલસિલાની ખિલાફત શાહ રહમ અલી રહ. પાસેથી, અને ચિશ્તીયા સિલસિલાની ખિલાફત શાહ અબ્દુલ બારી રહ.થી આપ રહ.ને પ્રાપ્ત હતી. અને હઝરત સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથ ઉપર ફકત બયઅતે જિહાદ કરી હતી અને શહીદ થયા. (તઝકિરતુલ કિરામ :૧૬૮)

આ કથન મુજબ હાજી અબ્દુર્રહીમ રહ. અમરોહામાં પોતાના પીરની ખાનકાહમાં જ રહયા હોય અને ત્યાંથી જ સીધા જિહાદમાં રવાના થયા હોય તો પછી એમના હઝારો મુરીદો હોય અને એમણે ઘણા બધાને ખિલાફત આપી હોય એ પણ થોડું મુશ્કેલ છે. માટે સહારનપૂરમાં એમના રોકાણની રિવાયત વધારે સહી લાગે છે. (મશાઈખે ચિશ્તીયા સાબરીયહ : ૧૭૬)

સય્યિદ નફીસ હુસૈની રહ. એમની કિતાબ 'સય્યિદ અહમદ શહીદ રહ. ઓર હાજી ઈમ્દાદુલ્લાહ રહ. કે રૂહાની રિશ્તે'માં લખે છે કે હઝરત હાજી અબ્દુર્રહીમ સાહેબ રહ.ના મુરિશદે ષાની શાહ અબ્દુલ બારી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ના જાનશીન હઝરત શાહ રહમાનબખ્શ પણ સય્યિદ સાહેબના લશ્કરને સહાય મોલકતા હતા. (૭૩) આનાથી એટલું જરૂર પૂરવાર થાય છે કે પોતાના પીરની ખાનકાહ અને ત્યાંના જાનશીન સાથે આપનો મજબૂત સંબંધ હતો અને તેઓ બધા જ સય્યિદ અહમદ શહીદ રહ.ની ચળવળના હિમાયતી હતા.

ખુલાસો આ કે હાજી અબ્દુર્રહીમ સાહેબ રહ.એ સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથ ઉપર કાં તો ફકત બયઅતે જિહાદ કરી હતી, અથવા તબર્રુક સ્વરૂપે બયઅતે ઈરાદત પણ કરી હતી અને એ આધારે આપ રહ.ને સય્યિદ અહમદ શહીદ રહ. તરફથી ખિલાફત પણ આપવામાં આવી હતી.

અમુક લેખકોનું માનવું છે કે, સય્યિદ અહમદ શહીદ રહ.ના ચાહકો અને એમનું જીવન ચરિત્ર લખનારા તેમજ હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના દેવબંદી ખલીફાઓ (મવલાના રશીદ ગંગોહી રહ., મવલાના અશરફ અલી થાનવી રહ. વગેરે) હાજી અબ્દુર્રહીમ વિલાયતી રહ.ને ફકત સય્યિદ અહમદ શહીદ રહ.ના ખલીફા માને છે, અને ચિશતીયા સિલસિલામાં શાહ અબ્દુલબારી રહ. દ્વારા એમને ખિલાફત મળવાનું સ્વીકારતા નથી. વહીદ અહમદ મસ્ઉદ સાહેબે એમની કિતાબ 'મખ્દૂમ અલાઉદ્દીન અલી અહમદ સાબિર કલ્યરી'માં આ બાબત ઘણી આક્રમકતા સાથે લખીને હાજી સાહેબ રહ.ના દેવબંદી ખલીફાઓની ટીકા કરી છે. (૧૫૮–૧૫૯)

વાસ્તવમાં આ એમની સમજફેર છે. દેવબંદી બુઝુર્ગો અને સય્યિદ અહમદ શહીદ રહ.ની સવાનેહ લખનાર કોઈ પણ લેખકે હાજી સાહેબ રહ.ને શાહ અબ્દુલબારી રહ.થી ખિલાફત મળી હોવાના ઈન્કાર નથી કર્યો. અમુક કિસ્સાઓમાં આ બાબત સમજફેરથી આવી ગઈ છે, અને જયાં આ બાબતનો ઉલ્લેખ છે, (જેમ કે અરવાહે ષલાષહ) ત્યાં હાજી અ. રહીમ સાહેબ રહ. મોટા પીર હતા એવું વર્ણન પણ છે, અને હઝારો મુરીદો સાથે સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથે બયઅત થયા હોવાનો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉલ્લેખ પણ છે. બલકે અરવાહે ષલાષહમાં તો બન્ને બુઝુર્ગોના એકાંતમાં મજલિસ કરવાનો અને નિસ્બતની અસર એકબીજા ઉપર થયી હોવાનો કિસ્સો પણ છે. તકરીર કે મલ્ફૂઝાતમાં આવતા કિસ્સાઓને કલમબંદ કરવામાં અમુક બાબતો રહી જાય એ શકય છે.

શહાદત :

સય્યિદ અહમદ શહીદ રહ.ની ચળવળમાં આપ રહ.નું સ્થાન ઘણું ઉચું હતું. જિહાદ દરમિયાન પણ વિવિધ સમયે મહત્વની જવાબદારીઓ આપને સોંપવામાં આવતી હતી. આપ રહ. પણ સય્યિદ અહમદ શહીદ રહ. પ્રત્યે સંપૂર્ણપણે વફાદાર અને કુરબાન થઈ ગયા હતા.

આ ચળવળના ઈતિહાસના વિષયે લખવામાં આવેલ પુસ્તકોમાં વિવિધ જવાબદારીઓ બાબતે આપનું નામ આવે છે. જે સંબંધિત પુસ્તકોમાં જોઈ શકાય છે. ચળવળ જયારે એના છેલ્લા તબક્કામાં પહોંચી અને મુજાહિદીન સરહદ પ્રાંતમાં અનેક સ્થળે હાર – જીતની મંઝિલો સર કરી રહયા હતા, એ દરમિયાન 'માયાર' (مایار معیار) મુકામે સય્યિદ અહમદ શહીદ રહ.અને દુર્રાનીઓ વચ્ચે એક મોટી લડાઈ થઈ. દુર્રાનીઓનું લશ્કર ઘણું મોટું હતું. લડાઈના એક તબક્કે સય્યિદ અહમદ શહીદ રહ.ની આસપાસ ઘણા ઓછા લોકો હતા અને દુર્રાનીઓનું મોટું ટોળું એમને ઘેરી વળ્યું હતું. આપ રહ. આ વેળા બીજા સ્થળે નિયુકત હતા. આ દશ્ય જોઈને જોરથી બુમ પાડી કે, સય્યિદ સાહેબના પ્રાણ ખતરામાં છે, જો તેઓ જ નહીં રહે તો આપણી જિંદગી શા કામની ? અને પછી આપ રહ. અને અન્ય અમુક સાથીઓ દુર્રાનીઓ ઉપર એકસામટા તુટી પડયા. અલબત્ત દુશ્મનોની મોટી સંખ્યા સામે તેઓ બધા જ શહીદ થઈ ગયા.

આ લડાઈમાં અંતે જીત તો સય્યિદ સાહેબ રહ.ની થઈ. પણ લડાઈના અંતે જે લોકો શહીદ થયા હતા, એમને ભેગા કરવામાં આવ્યા તો એમાં હાજી અબ્દુર્રહીમ સાહેબ રહ.ની શહાદતનું મોટું નુકસાન મુજાહિદીનના પક્ષે સામે આવ્યું. કુલ ૪૦ મુજાહિદીન શહીદ થયા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ બધા મુજાહિદીન માટે તોરો પાસે એક મોટી કબર તૈયાર કરવામાં આવી અને કબરમાં સહુપ્રથમ હાજી અબ્દુર્રહીમ સાહેબ રહ.ને મુકવામાં આવ્યા.

સીરતે સય્યિદ અહમદ શહીદ રહ.માં મવલાના અલી મીયાં સાહેબ રહ. લખે છે કે, લગભગ આ હાજી અબ્દુર્રહીમ, એ હાજી અબ્દુર્રહીમ વિલાયતી રહ. જ છે. જેઓ મીયાંજી નૂર મુહંમદ રહ.ના શેખ અને સિલસિલા ઈમ્દાદીયહ સાબરીયહ ચિશ્તીયહના મોટા સ્થંભ છે. (૨–૨૮૯)

માયારની આ લડાઈની સ્પષ્ટ તારીખ વિશે કોઈ કિતાબમાં સ્પષ્ટતા નથી, અલબત્ત સય્યિદ નફીસ હુસૈની રહ. એમની કિતાબ 'સય્યિદ અહમદ શહીદ રહ. ઓર હાજી ઈમ્દાદુલ્લાહ રહ. કે રૂહાની રિશ્તે'માં લખે છે કે સય્યિદ અહમદ શહીદ રહ.ના ભાણેજ સય્યિદ અહમદ અલી રહ.ના પુત્ર સય્યિદ મૂસા બિન સય્યિદ અહમદ અલી આ લડાઈમાં જખ્મી થયા હતા અને એમને પંજતાર મોકલી દેવામાં આવ્યા હતા. અને 'મંઝૂરતુસ્સુઅદા'માં છે કે લગભગ ૨જબ ૧૨૪૬ હિ.માં સય્યિદ મૂસા રહ.ના ઈન્તેકાલના સમાચાર બુઝઢેરીમાં પહોંચ્યા હતા. એટલે કહી શકાય કે માયારની લડાઈ ૨જબ ૧૨૪૬ પહેલાં થઈ હશે. (પેજ : ૭૩) જમાઅતે મુજાહિદીનમાં લખવા મુજબ સય્યિદ મૂસા રહ.ની વફાતનો સમય ૨જબની ૧૫ થી ૨૦ તારીખ વચ્ચેનો માલુમ થાય છે. (૧૮૦) ત્યાર પછી ૨૪ ઝીલ્કદ ૧૨૪૬ હિ.ના દિવસે બાલાકોટ મુકામે સય્યિદ અહમદ રહ. શહીદ થયા.

ઉપરોકત લખાણનો ખુલાસો આ કે હાજી અબ્દુર્રહીમ વિલાયતી રહ. સય્યિદ અહમદ શહીદ રહ.ની હયાતીમાં જ માયારની લડાઈ વેળા શહીદ થઈ થયા હતા.

પરંતુ ગુલામ રસૂલ મહર સાહેબની કિતાબ 'સરગુઝિશ્તે મુજાહિદીન' પેજ ૨૬૪ – ૨૬૫ ઉપર સય્યિદ અહમદ શહીદ રહ.ની વફાત પછી તહરીકના બીજા દોર વિશે છે કે, મોલ્વી સય્યિદ નસીરુદ્દીન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ની વફાત પછી હાજી અબ્દુર્રહીમ જમાઅતે મુજાહિદીનના અમીર બન્યા. આ જમાઅત એ વેળા 'સથાના'માં હતી. પછી સિંધુ નદીમાં પૂર આવ્યું, તો એમાં સથાના બરબાદ થઈ ગયું અને આ જમાઅત વિખેરાય ગઈ. અફસોસ કે સય્યિદ અબ્દુર્રહીમ વિશે વિગતવાર જાણકારી મળી નહીં. મોલાના મુશ્તાક અંબેઠવીએ એક સય્યિદ અબ્દુર્રહીમનું વર્ણન કરતાં લખ્યું છે કે એમનું અસલ વતન અફગાનિસ્તાન હતું, અને પ્રથમ શાહ રહમ અલી રહ.થી બયઅત હતા..... શકય છે કે મોલ્વી નસીરુદ્દીન રહ.ની વફાત પછી અમીર બનનાર સય્યિદ અબ્દુરહીમ, આ સય્યિદ અબ્દુર્રહીમ વિલાયતી જ હોય. હાશિયહમાં તેઓ એમ પણ લખે છે કે અમુક લોકો એમને બાલાકોટમાં શહીદ થયા હોવાનું વર્ણન કરે છે, જે મારા મતે સહીહ નથી. (સરગુઝિશ્તે મુજાહિદીન, પેજ ૨૬૪– ૨૬૫)

મવલાના સય્યિદ નસીરુદ્દીન દહેલ્વી રહ. શાહ રફીઉદ્દીન રહ.ના નવાસા હતા. અને હિજરી સન ૧૨૫૦ માં દિલ્હીથી સરહદ વિસ્તારમાં બાકી રહેલા મુજાહિદીનને ભેગા કરીને ફરીવાર તહરીકે જિહાદને જીવંત કરવા મોકલવામાં આવ્યા હતા. ૧૮ શાબાન ૧૨૫૬ હિ. ૧૮૪૦ ઈ.માં સથાના મુકામે વફાત પામ્યા હતા.

આ હિસાબે જોવામાં આવે તો હાજી અબ્દુર્રહીમ વિલાયતી રહ.ની વફાત સય્યદ સાહેબ રહ.ની શહાદત પછી કોઈ ઝમાનામાં કહી શકાય.

'તઆરુફ જમાઅતે મુજાહિદીન'નામી કિતાબમાં હાજી અબ્દુર્રહીમ વિલાયતી રહ.ના અમીર હોવાનો સમયકાળ સય્યિદ નસીરુદ્દીન રહ. પછી સપ્ટેમ્બર ૧૮૪૦ થી જૂન ૧૮૪૧ ઈ. (૧૨૫૬ – ૧૨૫૭ હિ.) દર્શાવવામાં આવ્યો છે. (પેજ : ૫૩)

તારીખે મશાઈખે ચિશ્ત હઝરત શૈખુલ હદીસ રહ. અને તઅલીમુદ્દીનમાં હઝરત અકદસ થાનવી રહ.એ અને તઝકિરતુલ કિરામમાં મહમૂદ અહમદ અબ્બાસીએ લગભગ અનવારુલ આરિફીનના હવાલાથી ૨૭ ઝીલકદ, ૧૨૪૬ હિ.ના દિવસે શીખો સાથેની લડાઈમાં શહીદ થયા હોવાનું લખ્યું છે, જે કદાચ બરાબર નથી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખલીફાઓ

આપના ખલીફાઓમાં ફકત મીયાંજી નૂર મુહમ્મદ ઝિન્ઝાન્વી રહ.નું નામ કિતાબોમાં જોવા મળે છે.

સંદર્ભ ગ્રંથો :

(૧) સીરતે સય્યિદ અહમદ શહીદ,

=હઝ. મવ. સય્યિદ અબૂલ હસન અલી નદવી. ૨૦૧૧

(૨) સય્યિદ અહમદ શહીદ રહ. બે ભાગ.

(૩) જમાઅતે મુજાહીદીન. એક ભાગ.

(૪) સરગુઝિશ્તે મુજાહિદીન. એક ભાગ.

=ગુલામ રસૂલ મહર સાહેબ. ગુલામ રસૂલ સાહેબની આ ત્રણેવ કિતાબો એક સાથે 'તહરીકે સય્યિદ અહમદ શહીદ'ના નામથી પ્રકાશિત થઈ છે. અને ઉપર મુજબ એને ચાર ભાગમાં વહેંચવામાં આવી છે.

(૫)તારીખે મશાઈખે ચિશ્ત.

= હઝરત શૈખુલ હદીસ મવલાના મુહમ્મદ ઝકરિયા રહ.

(૬) ઉલમાએ હિન્દ કા શાનદાર માજી

= મવલાના મુહમ્મદ મીયાં રહ.

(૭) તઝકિરતુલ કિરામ

= મહમૂદ અહમદ અબ્બાસી

(૮) શમાઈમે ઈમ્દાદીયહ

= હાજી મુહમ્મદ મુરતઝા ખાન સાહેબ.

(૯) સય્યિદ અહમદ શહીદ ઓર હાજી ઈમ્દાદુલ્લાહ કે રૂહાની રિશ્તે

= સય્યિદ નફીસ હુસૈની રહ.

(૧૦) તઅલીમુદ્દીન

= હઝરત અકદસ મવલાના અશરફ અલી થાનવી રહ.

(૧૧) અરવાહે ષલાષહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

= હઝરત અકદસ મવલાના અશરફ અલી થાનવી રહ.

(૧૨) તઆરુફ જમાઅતે મુજાહિદીન.

=પ્રોફેસર ચોધરી અબ્દુલ હમીદ

(૧૩) અનવારુલ આરિફીન.

=હાફિજ મુહમ્મદ હુસૈન મુરાદાબાદી

(૧૪) મશાઈખે ચિશ્તીયા સાબરીયહ

= ડો. રઝી અહમદ કમાલ.

(૧૫) મખ્દૂમ અલાઉદ્દીન અલી અહમદ સાબિર કલ્યરી

=વહીદ અહમદ મસ્ઉદ કુત્બુ સાબરી.

(૧૬) અનવારે મુહમ્મદી

= શેખ મુહમ્મદ થાનવી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૩૬.

મીયાંજી નૂર મુહમ્મદ ઝિન્ઝાન્વી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જન્મ :
તાલીમ :
બયઅત :
ખિલાફત :
સાદગી અને ઇસ્તેકામત :
કરામતો :
તકવા અને બુઝુર્ગી :
મકામે મન્સૂરઃ
ખલીફાઓ :
જીવનના છેલ્લા દિવસો :
વફાત અને તદફીન :
અનવારાત – બરકાત :
સંદર્ભ ગ્રંથો :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. હઝરત શાહ અબ્દુર્રહીમ વિલાયતી ફાતિમી રહ.ના વિશેષ ખલીફા અને મહાન બુઝુર્ગ હતા. ઘણું જ સામાન્ય જીવન જીવતા હતા. કોઈને ખબર પણ ન પડતી કે બાળકોને કુરઆન પઢાવનાર આ મુલ્લા આટલા મહાન બુઝુર્ગ અને વલી હશે.

જન્મ :

ઝિન્ઝાનહ જિ. શામલી. ઉત્તરપ્રદેશના રહેવાસી હતા. અત્રે જ એક સય્યિદ અલવી કુટુંબમાં આપનો જન્મ થયો હતો. આપના વાલિદ સય્યિદ જમાલ મુહમ્મદ મીયાં અલવી રહ. આ પ્રદેશમાં વસતી અલવી બિરાદરીના પ્રતિષ્ઠિત વ્યકિત અને મધ્યમવર્ગના જમીનદાર હોવાની સાથે સાહિબે હાલ બુઝુર્ગ ગણાતા હતા. આપનાં વાલિદહ પણ અલવી સય્યિદ હતાં. એટલે કે બન્ને તરફથી આપ રહ. સય્યિદ હતા અને શરાફત, બુઝુર્ગી, અખ્લાક, ઈઝઝત તેમજ મહાનતા આપનો ખાનદાની વારસો હતો. (બીસ બડે મુસલમાન : ૮૮)

આપના એક ભાઈ ગુલામ ઝામિન પછી આપનો જન્મ થયો અને ઈલ્હામી ઈશારાથી આપ રહ.નું નામ નૂર મુહમ્મદ રાખવામાં આવ્યું. હિજરી સન ૧૨૦૧ માં આપ રહ.નો જન્મ થયો. બીજા ચાર ભાઈ અને બે બહેનો પણ હતી, જેમનો જન્મ આપ રહ. પછી થયો હતો.

તાલીમ :

હિફ્જે કુરઆન ગામમાં જ પુરું ફરમાવ્યું. ફારસી – અરબીની પ્રાથમિક તાલીમ પણ ગામના અથવા ખાનદાનના કોઈ આલિમ પાસે મેળવી હશે. તે ઝમાનામાં આજની જેમ મદરસા ન હતા અને ઈલ્મ પ્રાપ્તિની આવી જ પરંપરા હતી.

પછી આગળની તાલીમ માટે દિલ્હી ચાલ્યા ગયા. આ સમયે આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ની ઉમર કેટલી હતી એ બાબતે કોઈ જાણકારી મળતી નથી. અમુક લેખકો લખે છે કે લગભગ ૨૦ વરસની ઉમર હશે. એટલા માટે કે આપ રહ.ના જન્મનું વરસ અને સય્યિદ અહમદ શહીદ રહ.ના જન્મનું વરસ એક જ છે, ઉપરાંત દિલ્હીમાં તાલીમના દિવસોમાં બને બુઝુર્ગો સાથે હતા. સય્યિદ અહમદ શહીદ રહ. પણ લગભગ વીસ વરસની ઉમરે જ દિલ્હી હઝરત શાહ અબ્દુલ અઝીઝ રહ.ની સેવામાં ઈલ્મ હાસિલ કરવા આવ્યા હતા, એટલે કહી શકાય કે આપ રહ.ની ઉમર પણ લગભગ ૨૦ વરસ હશે.

દિલ્હીમાં આપ રહ. ઐતિહાસિક મસ્જિદ ઝીનતુલ મસાજિદની બાજુમાં પીપલ વાળી મસ્જિદમાં રહેતા હતા અને શાહ અબ્દુર્રહીમ રહ.ના મશહૂર મદરસા રહીમીય્યહમાં તાલીમ મેળવતા હતા. અત્રે આપ રહ.એ શાહ અબ્દુલ અઝીઝ રહ. અને શાહ અબ્દુલ કાદિર રહ. પાસેથી તાલીમ મેળવી.(મશાઈખે ચિશ્તીયા સાબરીય્યહ : ૧૮૦)

અમુક લેખકોના લખવા મુજબ ઉપરોકત બુઝુર્ગો શકયત આપના ઉસ્તાદો હશે, નક્કી આ જ ઉસ્તાદો પાસે એમણે તાલીમ મેળવી હોય એનો કોઈ પુરાવો નથી.

દિલ્હી ખાતે તાલીમ માટે કેટલો સમય રોકાયા એની પણ કોઈ જાણકારી ઉપલબ્ધ નથી. અલબત્ત એટલું નક્કી છે કે લાંબો સમય તાલીમ મેળવી નથી અને થોડા જ સમયમાં તાલીમ છોડીને વતન પાછા આવી ગયા. આટલા સમયમાં દીનની પાકી જાણકારી અને ફારસી ભાષા પૂરી શીખી લીધી હતી.

મશાઈખે ચિશ્તીયા સાબરીયહમાં છે કે ઝાહેરી ઉલૂમ સાથે જ બાતેની ઉલૂમ પ્રતિ આપનો શોખ વધી ગયો હતો અને આપ રહ. શાહ અબ્દુલ અઝીઝ રહ. અને શાહ અબ્દુલકાદિર રહ.ની સેવામાં રહીને જ બાતેની ઉલૂમની તાલીમ શરૂ કરી દીધી હતી. (૧૮૧)

આ દરમિયાન અચાનક આપ રહ.એ વતન પાછા ફરવું પડયું. અમુક લેખકોના લખવા મુજબ કદાચ આપના વાલિદની વફાત એનું મુળ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કારણ હોય શકે છે.

અત્રે આવીને અમુક દિવસો પછી થાનાભુવન પાસેના એક ગામ લુહારીમાં આપ રહ.એ છોકરાઓને કુરઆન અને ફારસીની તાલીમ આપવી શરૂ ફરમાવી. તે વેળા આપ રહ.નો બે રૂપિયા પગાર હતો અને એક માલદાર ખાતૂન ઈકબાલ બેગમના ઘરેથી આપનું ખાણું આવતું હતું. આપના ઘરવાળાઓ અન્ય સગાઓ સાથે ઝિન્ઝાનામાં જ રહેતા હતા. આપ રહ. ગુરૂવારે લૂહારીથી ઝિન્ઝાના જતા હતા અને શનિવારે પાછા આવી જતા હતા. આવવા જવા માટે આપની પાસે પોતાની માલિકીની એક ઘોડી હતી.

અહીંયાના મશહૂર આલિમ મવલાના સાદિક રહ.ની ઈચ્છાએ આપ રહ. લૂહારી ખાતે આવ્યા હતા. અને મવલાના સાદિક રહ.ની મસ્જિદના એક હુજરામાં આપ રહ. રહેતા હતા. ૩૬ વરસ આપ રહ. લૂહારીમાં લગાતાર આ સેવા આપતા રહયા, એટલે લગભગ ૨૩ વરસની ઉમરથી અત્રે ખિદમત આપવાની શરૂ કરી હશે.

બયઅત બાબતે વિવિધ કિતાબોમાં જે કંઈ લખવામાં આવ્યું છે એનો ખુલાસો અમે અત્રે લખીએ છીએ.

બયઅત :

મશાઈખે ચિશતીયા સાબરીય્યહમાં છે કે, લૂહારીમાં ખિદમત આપતા હતા એ દિવસોમાં શાહ અ. રહીમ વિલાયતી રહ. કદી કદી એમના જૂના સાથી અખૂંદ જાન મુહમ્મદને મળવા આવતા હતા. તેઓ લૂહારીમાં રહેતા હતા. આવી કોઈ સફર દરમિયાન જ મીયાંજી સાહેબ રહ.ની મુલાકાત શાહ અબ્દુર્રહીમ રહ. સાથે થઈ હતી. (મશાઈખે ચિશતીયા સાબરીય્યહ : ૧૮૨)

મઅરિફતે હક અને કોઈ મુરશિદે કામિલની તલાશમાં આપ રહ. બેચેન રહેતા હતા. શેખ અબ્દુર્રહીમ વિલાયતી રહ.ને મળીને આપને લાગ્યું કે અહીંયા જ મારી મુરાદ પૂરી થશે એટલે આપ રહ. સાબરી સિલસિલામાં હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત થઈ ગયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અમુક લેખકોના લખવા મુજબ લગભગ દિલ્હીના રોકાણના દિવસોમાં જ શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ.ના હાથ ઉપર બયઅત થઈ ગયા હશે. કારણ કે શાહ અબ્દુલ અઝીઝ રહ.ના ખાનદાન લોકો હાજી અ. રહીમ વિલાયતી રહ.ને મોટા બુઝુર્ગ માનતા હતા અને લોકો સમક્ષ એનો ઉલ્લેખ પણ કરતા હતા. એના એક બે કિસ્સા હાજી અ. રહીમ સા. રહ.ના હાલાતમાં અગાઉ આવી ગયા છે. એટલે એમની બુઝુર્ગીની પ્રભાવિત થઈને દિલ્હીના રોકાણ દરમિયાન જ બઅયત થયા હોય એ શકય છે.

શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ.ની બયઅત અને એમના થકી ખિલાફત બાબતે લભગભ બધા જ લેખકો એકમત છે. આ બાબત બધાએ જ લખી છે. અલબત્ત શાહ અબ્દુર્રહીમ રહ. પહેલાં આપ રહ. કોઈ બીજા બુઝુર્ગ પાસે બયઅત થયા હતા કે નહીં એ બાબતે અમુક કિતાબોમાં કંઈક વધારે માહિતી મળે છે.

'મશાઈખે ચિશ્તીયા સાબરીય્યહ'માં ડો. રઝી અહમદ કમાલ લખે છે કે જલાલાબાદ ખાતે શાહ ગુલામ અલી સાહેબ કાદરી રહ.ના હાથ ઉપર કાદરિય્યહ સિલસિલામાં બયઅત થયા હતા. અલબત્ત એનો કોઈ આધારભુત હવાલો એમણે દર્શાવ્યો નથી અને આ બાબત દુરુસ્ત પણ નથી લાગતી.

બીજી એક કિતાબમાં લખવા મુજબ મીયાંજી નૂર મુહમ્મદ રહ. પ્રથમ હઝરત શાહ એહસાન અલી રહ.ના હાથ ઉપર બયઅત થયા હતા. શાહ એહસાન અલી રહ. જલાલાબાદ આવતા રહેતા હતા.

'મીયાંજી નૂરમુહમ્મદ સાહબ' નામી કિતાબમાં આ બાબતે વિસ્તારથી જાણકારી આપવામાં આવી છે. જેનો ટુંકસાર આ છે કે લૂહારી ખાતે મવલાના સાદિક રહ.ના મદરસામાં આપ રહ.એ તાલીમ શરૂ ફરમાવી એ દિવસોમાં આ જ મદરસામાં શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ.ના દોસ્ત અને સાથી જાનમુહમ્મદ રહ.ના પુત્ર અબ્દુલઅલીમ સાહેબ મવલાના સાદિક રહ. પાસે આ મદરસામાં તાલીમ મેળવી રહયા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતા. મીયાંજી સાહેબ રહ. અને અબ્દુલ અલીમ વચ્ચે ગાઢ સંબંધ જોડાયો. આ બન્નેને સુલૂક અને તસવ્વુફની તલબ હતી. બુઝુર્ગો અને મશાઈખની મુલાકાતની ધુન સવાર હતી. આસપાસ કોઈ બુઝુર્ગના આવવાની ખબર મળે તે તુરંત એમની મજલિસમાં પહોંચી જતા. આ બન્નેને એકવાર ખબર મળી કે જલાલાબાદ ખાતે શાહ એહસાન અલી રહ. આવી રહયા છે. બન્ને ત્યાં ગયા અને પછી મીયાંજી નૂરમુહમ્મદ સાહેબ રહ. એમનાથી બયઅત થઈ ગયા. ત્યાર પછી અનેક વાર એમની સોહબતમાં જતા આવતા હતા. પણ સુલૂકની સફર પૂરી થાય અને ખિલાફત મળે એ પહેલાં જ શાહ એહસાન અલી રહ.નો અચાનક અંબાલાની સફર દરમિયાન ઈન્તેકાલ થઈ ગયો. એટલે શાહ એહસાન અલી રહ.ની વફાત પછી મીયાંજી નૂર મુહમ્મદ સાહેબ રહ. શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ.ના હાથ ઉપર બયઅત થયા.

શાહ એહસાન અલી રહ. બાબા ફરીદુદ્દીન ગંજશકર રહ.ની અવલાદમાંથી હતા અને પાકપટ્ટનના રહેવાસી હતા. તાલીમ પછી દિલ્હી આવ્યા અને અત્રે અમરોહા, જલાલાબાદ, સહારનપૂર વગેરે સ્થળોએ મુકામ કર્યો હતો. હઝ. શાહઆબાદાની રહ.થી બઅયત અને ખિલાફત હતી.

શાહ અબ્દુલ અલીમ રહ.ના ખલીફા શેખ નસ્રુલ્લાહ ખેશગીની કિતાબ બયાઝે દિલકુશાના હવાલાથી આ વિગત ઉપરોકત કિતાબમાં વર્ણવવામાં આવી છે. વધુ વિગત માટે જુઓ : 'મીયાંજી નૂર મુહમ્મદ સા.' સંપાદક : કારી અઝીઝુરહમાન, પેજ : ૩૭–૪૯.

ખિલાફત

શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ.થી બઅયત થયા પછી ઘણી જ જલદી આપ રહ.ને ખિલાફતથી નવાઝવામાં આવ્યા. મીયાંજી સાહેબ રહ.ના એક ખલીફા શેખ મુહમ્મદ થાનવી રહ. અનવારે મુહમ્મદીમાં લખે છે કે, દાદા પીર હાજી અબ્દુર્રહીમ વિલાયતી સાહેબ રહ.એ કિબ્લા મીયાંજી રહ.ને પોતાની સામે જ સય્યિદ અહમદ રહ.ના હાથ ઉપર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બયઅત કરાવ્યા અને એ વેળા પોતાના તરફથી ઈજાઝત અને ખિલાફત અતા ફરમાવી. હાજી અ. રહીમ રહ.ના વર્ણનમાં આવી ગયું છે કે હિજરી સન ૧૨૩૪ માં સય્યિદ અહમદ શહીદ રહ. સહારનપૂર ખાતે પધાર્યા હતા, અને આ વેળા જ મીયાંજી સાહેબ રહ.ને લૂહારીથી બોલાવીને ખિલાફત આપી હતી. અનવારે મુહમ્મદીમાં શેખ મુહમ્મદ થાનવી રહ.એ ખિલાફતનામહનું લખાણ પણ નકલ ફરમાવ્યું છે.

હઝરત મવલાના અલી મીયાં રહ.ના લખવા મુજબ અહીંયાથી હઝરત મીયાંજી નૂરમુહમ્મદ રહ. પોતાના બન્ને મુરબ્બીઓ સાથે સરહદ પ્રાંતમાં જિહાદ માટે પણ ગયા અને પછી સય્યિદ સાહેબ રહ.ના આદેશ મુજબ પાછા આવી ગયા. (કારવાને ઈમાન વ અઝીમત : ૧૨૬/ મશાઈખે ચિશ્તીયા સાબરીયહ : ૧૭૯)

સાદગી અને ઇસ્તેકામત

લૂહારીમાં દીની તાલીમ આપવાનું શરૂ કર્યા પછી છેવટ સુધી આપ રહ. લૂહારીમાં જ રહયા અને તાલીમમાં જ પ્રવૃત રહયા. પોતે ઘણાં જ પહોંચેલા બુઝુર્ગ અને વલી હોવા છતાં સાદગીભર્યું જીવન જ જીવતા હતા. બલકે કહી શકાય કે પોતાને સંતાડીને જ રાખતા હતા. સુન્નતે નબવી ઉપર અમલ કરવાનો ખાસ એહતેમામ ફરમાવતા હતા. ૩૦ વરસ સુધી તકબીરે ઉલાની પાબંદી સાથે નમાઝ પઢતા રહયા.

અગાઉ આવી ગયું કે લૂહારી ખાતે મદરસામાં અખુંદ જાન મુહમ્મદના સાહબઝાદા અબ્દુલ અલીમ પઢતા હતા. આપ રહ. મુદર્રિસ હતા અને તેઓ તાલિબે ઈલ્મ. છતાં બન્ને વચ્ચે દોસ્તી હતી અને કોઈ કામિલ બુઝુર્ગની તલાશ માટે વિવિધ બુઝુર્ગોની મજલિસમાં બન્ને સાથે જ સફર કરતા હતા.

એનાથી વધારે સાદગીની વાત આ છે કે મવલાના નસ્રુલ્લાહ ખેશગી રહ. નામના એક માણસ આપના દોસ્ત મવલાના અબ્દુલ અલીમ રહ.ના મુરીદ હતા. અને મવલાના અબ્દુલ અલીમ રહ.એ એમને મીયાંજી નૂર મુહમ્મદ રહ.ની નેકી અને તકવાથી લાભ ઉઠાવવાની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તાકીદ ફરમાવી હતી. તેઓ સાથે પણ પાછળથી એટલા બધા સહજ અને હળી મળી ગયા હતા કે દોસ્તોની જેમ એમની સાથે વર્તતા હતા. મવલાના નસ્રુલ્લાહ ખેશગી સાથે આપના પત્ર વ્યવહારને મવલાના ખેશગી રહ.એ બયાઝે દિલ કુશા નામી કિતાબમાં વર્ણવ્યો છે, એમાં ઘણી બધી એવી વિગતો વર્ણવવામાં આવી છે જેનાથી આપના મુરીદો પણ વાકેફ ન હતા. દોસ્તોની જેમ બધી વાતો એમને સહજતાથી લખતા હતા અને ઘણી બાબતોમાં એમની સાથે સલાહ મશ્વેરો પણ કરતા હતા.

હઝરત શૈખુલ હદીસ મવલાના મુહમ્મદ ઝકરિય્યા રહ. લખે છે કે, એકાંતમાં અને એકલા રહીને ઇબાદત અને ખિદમત કરવાને પસંદ કરતા હતા. સાદગી અને તવાઝુઅના કારણે આપ રહ. લોકોની સામે આવતા ન હતા. અલબત્ત હઝરત હાજી ઇમ્દાદુલ્લાહ રહ.ના એક ખ્વાબના કારણે આપ રહ.ની મહાન હસ્તી લોકો સામે આવી ગઈ.

કિસ્સો એવો બન્યો કે હઝરત હાજી ઇમ્દાદુલ્લાહ સાહેબ રહ. એકવાર ઘણા જ પરેશાન થઈ ગયા. મઅરિફતે હકની તલબ અને રાહે હકની તલાશમાં ઘણા જ બેચેન હતા. હઝરત હાજી સાહેબના અહેવાલમાં આ બાબત વિગતે આવશે. ઇન્શાઅલ્લાહ.

આ બેચેનીના દિવસોમાં એકવાર ખ્વાબમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઝિયારત થઈ. પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો એવો પ્રભાવ છવાય ગયો કે આગળ વધી શકાતું ન હતું. એટલામાં આપ રહ.ના દાદાએ આવીને હાથ પકડીને આપને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે કરી દીધા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આપ રહ.નો હાથ પકડીને હઝરત મીયાંજી નૂર મુહમ્મદ રહ.ના હાથમાં આપી દીધો.

હાજી ઇમ્દાદુલ્લાહ સાહેબ રહ. આજ સુધી હઝરત હાજી સાહેબ રહ.ને ઓળખતા ન હતા. એટલે ખ્વાબ જોયા પછી પણ પરેશાન રહેવા લાગ્યા કે આ કોણ બુઝુર્ગ હશે ? એમને કયાં શોધવા ?

આ જ સ્થિતિમાં અમુક વરસો પણ વીતી ગયા. આપ રહ.ના એક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉસ્તાદ હઝરત મવલાના કલન્દર સાહેબ હતા, એમણે આ બેચેની જોયી તો ફરમાવ્યું કે, તમે લૂહારી ગામે જાઓ અને મીયાંજી નૂર મુહમ્મદ રહ.ની સેવામાં હાજર થાઓ, કદાચ તમારી બેચેની ઓછી થાય. ઉસ્તાદની નસીહત સાંભળીને તેઓ તુરંત લૂહારી આવવા રવાના થયા. લૂહારી આવીને આપ રહ.ના દીદાર થયા તો ઓળખી ગયા કે ખ્વાબમાં આ જ નૂરાની ચહેરાની મુલાકાત કરાવવામાં આવી હતી. તુરંત આપના કદમોમાં પડી ગયા. હઝરત મીયાંજી રહ.એ એમને છાતીએ લગાવ્યા અને ફરમાવ્યું કે, તમને તો તમારા ખ્વાબ ઉપર પાકું યકીન છે એમ લાગે છે. હઝરત મીયાંજી રહ.ની આ કરામત જોઈને હાજી સાહેબ રહ.ની અકીદત ઓર વધી ગઈ.

આપ રહ.ના હાથે બયઅત થયા પછી પાછા આવીને હાજી સાહેબ રહ.એ બયઅત થવાનો કિસ્સો અને મીયાંજી સાહેબ રહ.ની વિગત હાફેજ ઝામીન શહીદ રહ.ને કહી સંભળાવી. શોખ અને ઈશ્કની દાસ્તાન સાંભળીને એમને પણ બયઅત થવાનું મન થઈ ગયું. એમણે હાજી સાહેબ રહ.ને ઠામ – ઠેકાણું પૂછયું તો બતાવ્યું કે, લૂહારીની જામેઅ મસ્જિદમાં છોકરાઓને કુરઆન પઢાવે છે. મુળ વતન ઝિન્ઝાના છે. અહીંયા પીરઝાદગાન મહોલ્લામાં ચિશ્તી સાહેબની મસ્જિદ પાસે રહે છે. મસ્જિદ પાસે ધોબીઓ રહે છે. એમને પૂછી લેજો. હાફેજ ઝામીન સાહેબ લૂહારી આવ્યા તો ખબર પડી કે આજે મીયાંજી સાહેબ ઝિન્ઝાના ગયા છે. એટલે તેઓ પણ ઝિન્ઝાના આવ્યા. ધોબીઓના મહોલ્લામાં પહોંચ્યા ત્યારે મીયાંજી સાહેબ રહ. ચિશ્તી મસ્જિદ સામે એક મઝાર પાસે બેસેલા હતા. હાફેજ ઝામીન રહ.એ એમને પૂછયું કે, હે ધોબી ! મીયાંજીનું ઘર કયાં છે ? મીયાંજી નૂર મુહમ્મદ રહ.એ ફરમાવ્યું કે, હું કપડાં ધોવા વાળો ધોબી નથી, હું તો દિલ ધોવા વાળો ધોબી છું. હાફિજ ઝામિન સાહેબ રહ. સમજી ગયા કે આ જ મીયાંજી નૂર મુહમ્મદ રહ. છે. ત્યાર પછી દર અઠવાડિયે બે ત્રણ દિવસ થાનાભૂવનમાં અને બાકીના દિવસો મીયાંજી રહ.ની ખિદમતમાં આવવા માંડયા અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લગભગ સાડા ત્રણ વરસ પછી મીયાંજી રહ.એ આપને મુરીદ ફરમાવ્યા. (બીસ બડે મુસલમાન : ૯૦)

કરામતો .

એમ તો આપનું વતન ઝિન્ઝાના હતું અને ઘરવાળાઓ પણ ત્યાં જ રહેતા હતા પણ આપ રહ. કાયમી ધોરણે લૂહારી ખાતે જ રહેતા હતા. વચ્ચે અમુક સમય લૂહારી છોડી દીધું હતું. જેનો કિસ્સો આ છે કે એકવાર કોઈ કારણે લૂહારીના પઠાણોથી આપ નારાજ થઈ ગયા અને લૂહારી છોડીને ઝિન્ઝાના આવી ગયા. આપ રહ.એ લૂહારી છોડયું પછી વારંવાર લૂહારીના અનેક મહોલ્લામાં આગ લાગી જતી હતી. પઠાણોને થયું કે આ મીયાંજી રહ.ની નારાજગીના કારણે જ થાય છે, એટલે તેઓ ઝિન્ઝાના આવ્યા અને આપ રહ.ને રાજી કરીને પાછા લૂહારી લઈ આવ્યા. હવે આગ લાગવાની ઘટના બંધ થઈ ગઈ. લોકોએ પૂછયું કે તમે લૂહારી છોડયું એ પછી વારંવાર લૂહારીના મહોલ્લાઓમાં આગ લાગતી હતી, અને હવે નથી લાગતી. એનું શું કારણ હોય શકે ? આપ રહ.એ ફરમાવ્યું કે આગની તો કંઈ ખબર નથી પણ કદી કદી લૂહારી પ્રત્યેની મુહબ્બતના કારણે એનો માહોલ અને મહોલ્લા યાદ આવી જતા હતા.

હઝરત અકદસ થાનવી રહ.ની સેવામાં એકવાર કોઈ માણસે અરજ કરી કે હઝરત મીયાંજી રહ.ની કરામતો ઘણી અજીબ છે. આપ રહ.એ ફરમાવ્યું કે, હા, ઘણી હેરતજનક કરામતો હતી. એકવાર કોઈના ખેતરમાં આગ લાગી ગઈ, એણે આવીને દુઆની દરખાસ્ત કરી તો આપ રહ.એ પોતાની ટોપી આપીને ફરમાવ્યું કે જલ્દી જઈને આગમાં નાખી દયો. એણે ટોપી આગમાં નાખી તો તુરંત આગ ઓલવાય ગઈ.

એકવાર વરસાદની સખત જરૂરત હતી. લોકો પરેશાન હતા. અમુક લોકો આપ રહ.ની સેવામાં દુઆની દરખાસ્ત કરવા માટે આવ્યા. આપ રહ. આ વેળા શેરડી ચુસી રહયા હતા. વરસાદ ન હોવાનું દુખ જણાવીને લોકોએ દુઆની દરખાસ્ત કરી તો આપ રહ. એ આવનાર લોકોમાં જેની સાથે વધારે ઓળખાણ અને નિખાલસતા હતી એને સંબોધીને ફરમાવ્યું કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તમે મારા ચુસેલા શેરડીના ડૂચા ફરી ચૂસી લ્યો તો ઈન્શાઅલ્લાહ વરસાદ પડશે. એ ભાઈ થોડીવાર અવઢવમાં રહયા, પણ લોકોએ આગ્રહ કર્યો તો એમણે એ ડૂચા ચુસવાનું શરૂ કર્યું અને થોડી જ વારમાં વાદળો ઘેરાયા અને મુશળધાર વરસાદ પડયો.

આપ રહ. કદી બજારમાં જતા તો દુકાનદારો આપ રહ.ના સન્માનમાં ઉભા થઈને સલામ કરતા હતા. એકવાર એક ગેરમુસ્લિમ વેપારીએ લોકોને રોકયા અને કહેવા લાગ્યો કે આમ એમના માટે ઉભા થવાની કોઈ જરૂરત નથી. ફરીવાર અચાનક મીયાંજી રહ. બજારમાં જઈ ચડયા. તે વેપારી પણ હાજર હતો અને બધાંથી પહેલાં એ જ મીયાંજી રહ.ના સન્માનમાં ઉભો થઈ ગયો. એની સાથે બીજા દુકાનદારો પણ ઉભા થઈ ગયા. પછી લોકોએ એને પૂછયું કે તેં વાંધો ઉઠાવ્યો હતો અને અમને ના કહેતો હતો. આજે તું જ ઉભો થઈ ગયો ? એણે જવાબ આપ્યો કે હું મજબૂર હતો. આપ રહ. પધાર્યા ત્યારે મને લાગ્યું કે કોઈ મારા કાન પકડીને મને ઉભો કરી રહયું છે.

એકવાર એક સાધુ આપ રહ.ની સેવામાં આવ્યો. થોડા દિવસ આપની પાસે મહેમાન રહયો. જયારે પાછો જવા લાગ્યો તો એણે કહયું કે મારા થેલામાં થોડી અકસીર છે, તે લઈ લે. તારી પાસે દોલતની તંગી છે. કામ આવશે. આપ રહ.એ કહયું કે મને એની જરૂરત નથી. તમારી પાસે રહેવા દયો. એણે બીજીવાર કહયું. આપ રહ. ફરીવાર ઈન્કાર કર્યો. એણે ત્રીજીવાર આગ્રહ કર્યો તો આપ રહ.એ માટીનું એક ઢેફું ઉઠાવીને સામેની દીવાર ઉપર મારીને સાધુને કહયું કે આ જુઓ. એણે જોયું તો આખી દીવાર સોનાની હતી. આ દશ્ય જોઈએ સાધુએ કહયું કે મીયાંજી ! સાચે જ તમને આ અકસીરની જરૂરત નથી.

એકવાર આપ રહ. મદરસામાં બાળકોને કુરઆન પઢાવતા હતા. એવામાં અમુક માણસો આપને મળવા આવ્યા. બાળકોને એમ કહીને કે તમે પઢતા રહો, આપ રહ. મહેમાનોને લઈને પોતાના હુજરામાં ચાલ્યા ગયા અને અંદરથી બંધ કરી લીધો. પછી આવનાર લોકો ઉપર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તવજ્જોહ નાંખવી શરૂ કરી. બાળકોમાં બધાથી મોટો જે છોકરો હતો એણે દરવાજાની તિરાડમાંથી જોયું તો હઝરત આંખો બંધ કરીને લોકો સામે મોંઢું કરીને બેસેલા છે. એણે આવીને બીજા છોકરાઓને કહયું કે મીયાંજી તો આવું કરી રહયા છે. પછી એ છોકરાએ પણ આવી જ મજલિસ લગાવી. પીર બન્યો અને બધાંને સામે બેસાડીને આંખો બંધ કરીને બેસી ગયો.

આપ રહ.ને આ વાતની ખબર પડી તો એ છોકરાને સામે બેસાડીને આંખ બંધ કરવાનો હુકમ ફરમાવ્યો. છોકરો આંખો બંધ કરીને બેસી ગયો પણ થોડી જ વારમાં ગભરાયને ઉભો થઈ ગયો અને ચાલ્યો ગયો.

મોટો થયા પછી એ લોકોને કહેતો હતો કે હું મીયાંજી રહ. સામે આંખો બંધ કરીને બેસ્યો તો મને એવું લાગ્યું કે મારા દિલ ઉપર આગની ચિન્ગારી મુકવામાં આવી છે, હું એની ગરમી બરદાશ્ત કરી શકયો નહીં. અને પછી તુરંત એ ચિન્ગારી હટાવી લેવામાં આવી. અલબત્ત આજ સુધી એની અસર છે કે અંધારી રાતમાં શરદીના દિવસોમાં ગોદડીમાં મોંઢું નાંખીને સૂઈ જાઉ છું, છતાં બહાર લીમડાના પાંદડાઓ હલવાનો અવાજ પણ મને સંભળાય છે.

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.એ જયારે પીર મુહમ્મદ વાલી મસ્જિદને પોતાની કયામગાહ બનાવી ત્યારે મસ્જિદના આગળનો કમાનો વાળો ભાગ ન હતો. અમુક કબરો અને ઝાડો હતાં. એક બુઝુર્ગ હસન અલી શાહ અહિંયા પહેલેથી રહેતા હતા. સિમાઅ સાંભળતા હતા પણ દુનિયાદાર ન હતા. જયારે હઝરત હાજી સાહેબ રહ. અહિંયા આવ્યા તો હાજી સાહેબ રહ. યુવાન અને હસન અલી શાહ રહ. વૃદ્ધ હતા છતાં એમણે ઘણો જ અદબ કર્યો અને પોતે આ જગ્યા છોડીને શાહ વિલાયતમાં ચાલ્યા ગયા.

હઝરત મીયાંજી રહ. કદી કદી હાજી સાહેબ રહ.ને મળવા આ મસ્જિદમાં આવતા રહેતા હતા. અહિંયા નજીકમાં રહેતા કોઈ ખાનદાનની જમીન સરકારી દફતરે ખાલસા કરી લેવામાં આવી હતી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને તેઓ એને છોડાવવાની કોશિશ કરી રહયા હતા. હઝરત મીયાંજી રહ. પાસે પણ તેઓ દુઆ માટે હાજર થયા. મીયાંજી રહ.એ ફરમાવ્યું કે મારા હાજીને બેસવાની તકલીફ છે. એમના માટે અહીંયા કમાનો વાળો ઓટલો (سہ دری) બનાવી દયો. હું તમારા માટે દુઆ કરીશ. એમણે વાયદો કરી દીધો. કેસની સુનાવણી આગળ ચાલી તો ઈલાહાબાદની અદાલતમાં આ કેસનો ચુકાદો એમના તરફે આવ્યો. એક પત્ર દ્વારા જમીનદારને એની જાણ કરવામાં આવી. એમણે હઝરત મીયાંજી સાહેબ રહ. સામે કેસના ચુકાદાની વાત કરી તો મીયાંજી સાહેબ રહ.એ ફરમાવ્યું કે પેલો વાયદો પણ યાદ છે ને ? એમણે કહયું કે હઝરત ! અડધો ભાગ બનાવી આપીશું. વધારે બનાવવાની શકિત નથી. આપ રહ.એ ફરમાવ્યું કે ઠીક છે. થોડા દિવસ પછી ઈલાહાબાદથી સહી સિક્કા સાથે સરકારી ઓર્ડર આવ્યો કે તમારા જીવતાં સુધી જ જમીન છુટી કરવામાં આવી છે. પછી ફરી ખાલસા કરી લેવામાં આવશે. તેઓ ફરી પાછા હઝરત મીયાંજી રહ.ની સેવામાં આવ્યા અને વિગત સંભળાવી. આપ રહ.એ ફરમાવ્યું કે તમે જ અડધું કરી દીધું તો હું શું કરું ?

તકવા અને બુઝુર્ગી

તકવા અને ઈત્તેબાએ સુન્નતમાં આપ રહ.નું ઉચ્ચ સ્થાન હતું. તકબીરે ઉલા સાથે નમાઝ પઢવાનો ખાસ એહતેમામ ફરમાવતા હતા.

હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. અથવા હઝરત અકદસ નાનોત્વી રહ. ફરમાવે છે કે એક માણસ ઘણો જ મીઠો અને સુંદર અવાજ ધરાવતા હતા. નઅત વગેરેની શાયરી ઘણા જ મધૂર અવાજે પઢતા હતા. કોઈએ આપ રહ.ને અરજ કરી કે આ માણસ ઘણા મીઠા અવાજે નઅત પઢે છે, આપ રહ. પણ સાંભળી લ્યો. આપ રહ.એ ફરમાવ્યું કે લોકો કદી કદી મને ઈમામ બનાવે છે અને સંગીત વગર પણ કોઈ ગીત –ગાન સાંભળવા બાબતે ઉલમાનો મતભેદ છે. એટલે આવી નાત સાંભળવી મારા માટે એહતિયાત વિરુદ્ધ છે. માટે મને માફ રાખશો. હઝ. થાનવી રહ. કિસ્સો લખીને ફરમાવે છે કે ઈમામતની ઝિમ્મેદારીનો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કેટલો એહસાસ કહેવાય કે આવી નાની વાતોથી પણ બચતા હતા.

મકામે મન્સૂર

હઝરત મવલાના શબ્બીર અહમદ ઉસ્માની રહ.એકવાર હઝરત મીયાંજી રહ.ના મઝાર ઉપર ફાતેહા પઢવા તશરીફ લાવ્યા. મવલાના રહ.એ ફાતેહા – દુઆ કરીને ફરમાવ્યું કે હઝરત મીયાંજી રહ.ના મરતબાનો અંદાઝો આ બાબતથી લગાવી શકાય છે કે મન્સૂર રહ. ઉપર જે કેફિયત થોડીવાર માટે આવી હતી અને તેઓ એને છુપાવી શકયા ન હતા, એ કેફિયત હઝરત મીયાંજી રહ. ઉપર લગાતાર ૩૦ વરસ સુધી છવાયેલ રહી. પણ આપ રહ. કોઈને ખબર પણ ન થવા દીધી. (બીસ બડે મુસલમાન : ૯૦) મવલાના નસીમ અહમદ અલવી રહ.ના હવાલાથી ઉપરોકત વિગત મીયાંજી નૂરમુહમ્મદ નામી કિતાબમાં પણ વર્ણવવામાં આવી છે. પેજ : ૭૦.

મશાઈખે ચિશ્તમાં છે કે, હઝરત શૈખુલ ઈસ્લામ મદની રહ. ફરમાવતા હતા કે મન્સૂર જેવી કફફિયત મીયાંજી રહ. ઉપર લગાતાર છ માસ સુધી રહી હતી પણ કોઈને ખબર ન થવા દીધી. (૨૩૯)

બીજી કિતાબોમાં હાજી સાહેબ રહ.નું કથન છે કે મારા ભાઈ ઝામિન શહીદ 'મકામે મન્સૂર'માં છ માસ સુધી રહયા પણ પીરો મુરશિદની તવજ્જોહના કારણે 'અનલ હક'નો નારો લગાવ્યો નહી. (ઈમ્દાદુલ મુશ્તાક, બહવાલા સવાનેહ ઉલમાએ દેવબંદ : ૩૨૬)

મવલાના નસ્રુલ્લાહ ખેશગી રહ. લખે છે કે શાહ અબ્દુલ અલીમ રહ.એ મને લખ્યું હતું કે આ ઝમાનામાં બે બુઝુર્ગો ઝિયારતના લાયક છે. એક મીયાંજી ગુલામ મુહમ્મદ સાહેબ જેઓ શાહ એહસાન અલીના મુરીદ છે. અને બીજા મીયાંજી નૂર મુહમ્મદ રહ.

મવલાના નસ્રુલ્લાહ ખેશગી પહેલેથી મીયાંજી ગુલામ મુહમ્મદ રહ.થી પરિચિત અને સોહબતમાં આવતા જતા હતા. અલબત્ત હજુ સુધી મીયાંજી નૂર મુહમ્મદ રહ.થી પરિચિત ન હતા. શાહ અબ્દુલ અલીમ રહ.એ નસીહત કરી એટલે મીયાંજી રહ.ની સેવામાં હાજર થયા અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ શેર પઢયો :

گل پھینکے ہیں اوروں کی طرف بلکہ ثمر بھی
اے خانہ برانداز چمن کچھ تو ادھر بھی

મીયાંજી નૂર મુહમ્મદ સાહેબ રહ. આ શેર સાંભળીને ઘણું હસ્યા અને ફરમાવ્યું કે, મારી મુરીદીમાં નિસ્બત ઈરાદી અને ઈખ્તેયારી નથી હોતી. વહબી હોય છે. થોડા દિવસ મારી પાસે રહો, તમારી કિસ્મતમાં કોઈ વસ્તુ લખી હશે તો તમને મળી જશે. મવલાના ખેશગી રહ.એ જવાબમાં કહયું કે મારી પાસે જો આવો રહેવાનો સમય હોય તો પછી હું મારા પોતાના પીરની સોહબતમાં જ રહેવાને વધારે પસંદ કરું. અહીંયા શા માટે આવું ? હઝરત મીયાંજી રહ. આ જવાબથી ઘણા જ ખુશ થયા અને ફરમાવ્યું કે હું પણ જયાં સુધી શાહ એહસાન અલી રહ.એ બતાવેલા મામૂલાત પૂરા નથી કરી લેતો, તબિયત ખુશ નથી થતી.

ખલીફાઓ

મવલાના નસ્રુલ્લાહ ખેશગી રહ. લખે છે કે, પોતાને છુપાવી રાખવાને ઘણું જ પસંદ કરતા હોવાથી ફકત અમુક જ માણસોને આપ રહ.એ ખિલાફત આપી હતી. ઉપર મવલાના ખેશગી રહ.ની જે મુલાકાતનું વર્ણન છે, એ જ મજલિસમાં એમણે અરજ કરી કે આપના ખલીફાઓમાં જેમણે સુલૂક પૂરો કરી લીધો હોય એમને તમારા જાનશીન નક્કી કરી દયો. હઝરત મીયાંજી રહ.એ ફરમાવ્યું કે, હાફેજ ઝામિન સાહેબ છે. એમણે સુલૂક પૂરો કરી લીધો છે. થાનાભુવનના રહેવાસી હાજી ઈમ્દાદુલ્લાહ અને મોલ્વી શેખ મુહમ્મદ પણ સલૂકમાં મશગૂલ છે.

મવલાના નસ્રુલ્લાહ સાહેબે અરજ કરી કે કોઈ એક દિવસ નક્કી કરીને ઉલમા અને દરવેશોને ભેગા કરીને આ બાબતનું એલાન કરવામાં આવે તો બેહતર છે. હું પણ આ મજસિલમાં હાજર રહીશ. આપ રહ.એ ફરમાવ્યું કે, હા, ઘણું સરસ. ઈન્શાઅલ્લાહ આવો પ્રોગ્રામ રાખીશું. અલબત્ત આ પ્રોગ્રામ થઈ શકયો નહીં, કારણ કે મોલાના ખેશગી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલીગઢ ચાલ્યા ગયા અને હઝરત મીયાંજી રહ.નો ઈન્તેકાલ થઈ ગયો. અને કોઈ એક ખલીફા આપ રહ.ના જાનશીન તરીકે નિયુકત કરવામાં આવ્યા નહીં.

જે બુઝુર્ગોને આપ રહ.એ ખિલાફત આપી હતી એમના નામો આ પ્રમાણે છે :

(૧) આલા હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રહ.

આપણા સિલસિલામાં હવે પછી એમનું જ નામ આવે છે અને એમના હાલાત આગળ વર્ણવામાં આવશે.

(૨) હઝરત હાફેજ ઝામિન શહીદ રહ.

ફારૂકી ખાનદાનના વંશજ હતા. આપનું અને હાજી ઈમ્દાદુલ્લાહ રહ.નું ખાનદાન એક જ હતું. ખાનદાનના એક વડવા શેખ મુહમ્મદ અબ્દુલ્લાહના બે પુત્રો હતા. શેખ બલાકી અને શેખ અબ્દુલ કરીમ ષાની રહ. હઝરત હાજી સાહેબ શેખ બલાકી રહ.ની અવલાદમાંથી હતા અને હાફેજ ઝામિન શહીદ રહ. શેખ અબ્દુલ કરીમ રહ.ની વંશજ હતા.

૧૮૫૭ના બળવા વેળા શામલી ખાતે હિજરી સન ૧૨૭૪, ૨૪ મુર્હરમના દિવસે અંગ્રેજો વિરુદ્ધ લડાઈમાં શહીદ થયા. હઝરત મીયાંજી નૂર મુહમ્મદ રહ.એ આપ રહ.ને છેલ્લી બીમારીમાં પોતાના જાનશીન કરવાનો ઈરાદો પણ કર્યો હતો.

નકશે હયાતમાં હઝરત મવલાના હુસૈન અહમદ મદની રહ. લખે છે કે, મીયાંજી નૂર મુહંમદ રહ.ની વફાત સુધી હજુ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ની તકમીલે સુલૂક વ તસવ્વુફ પૂરી થઈ ન હતી, એટલે મીયાંજી રહ.એ હાજી સાહેબ રહ.ને તકમીલ માટે હાફેજ ઝામિન રહ.ના હવાલે કર્યા હતા. (નકશે હયાત : ૪૫૧) આ બાબતે વધુ ચોખવટ આગળ હઝરત હાજી સાહેબ રહ.ના હાલાતમાં આવી રહી છે.

હાફેજ ઝામિન શહીદ રહ. પણ પોતાના મુરશિદ અને પીરની જેમ પોતાને જાહેર કરતા ન હતા. ગુમનામીમાં જ રહેવાને પસંદ કરતા હતા. ખુશમિજાઝ પણ હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મીયાંજી નુર મુહમ્મદ રહ.ના ખલીફા ત્રણેવ બુઝુર્ગો (હાફેજ ઝામિન શહીદ રહ. હાજી ઈમ્દાદુલ્લાહ રહ. અને શેખ મુહમ્મદ થાનવી રહ.) થાનાભુવનમાં એક સાથે પીર મુહમ્મદની મસ્જિદમાં રહેતા હતા. કોઈ માણસ મસ્જિદમાં એમની પાસે આવતો તો ફરમાવતા કે, ભાઈ બયઅત થવું હોય તો હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ અંદર છે, એમની પાસે ચાલ્યા જાઓ. મસ્અલો પૂછવો હોય તો શેખ મુહમ્મદ થાનવી પણ અંદર છે. અને હુક્કો પીવો હોય તો આ બંદા પાસે બેસી જાઓ.

(૩) હઝરત મવલાના શેખ મુહમ્મદ થાનવી ફારૂકી રહ.

(૪)હઝરત શેર મુહમ્મદ ખાન લુહારવી.

(૫)હઝરત સય્યિદ મુહમ્મદ અમીર ઝિન્ઝાન્વી રહ.

(૬)હઝરત બરકત અલી શાહ રહ.

(૭) શેખ ઈમામુદ્દીન થાનવી રહ.

(૮) હાફેજ મહમૂદ થાનવી રહ.

(તારીખે મશાઈખે ચિશ્ત/મશાઈખે ચિશ્તીયા સાબરીયહ)

જીવનના છેલ્લા દિવસો

શમાઈમે ઈમ્દાદીયહમાં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. છેલ્લા દિવસોની હાલત દર્શાવતાં લખે છે કે એકવાર જુમ્અહની નમાઝ પછી કંઈક વસીય્યત કરવા લાગ્યા, વસીય્યતો સાંભળીને લૂહારીના લોકોને ઘણો આઘાત લાગ્યો. કહેવા લાગ્યા કે અમે તો સમજતા હતા કે એક મહામૂલી દોલત ઘરમાં મૂકેલી છે. ઈચ્છા મુજબ એનાથી ફાયદો મેળવતા રહીશું. આજની તમારી વાતોથી અમારું દિલ ટુકડે ટુકડા થઈ રહયું છે. હઝરત મીયાંજી રહ.એ ફરમાવ્યું કે, ગભરાઓ નહીં, મારા ઘણા દોસ્તો તમારી પાસે મોજૂદ છે. એમના મારા સ્થાને સમજો. પછી હાફેઝ ઝામિન શહીદ રહ.ને વિશેષ કરીને બધાની સામે લોકોની મજસિલમાં જ સ્પષ્ટ રૂપે ખલીફા બનાવ્યા અને એમની સાથે અમને બધાને પણ ઈજાઝત આપી. અલબત્ત અમુક લોકોને સ્પષ્ટ રીતે પણ કહી રાખ્યું હતું કે અમે ફલાણા ફલાણાને ઈજાઝત આપી ચુકયા છે. (હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ. ની અલગથી ઈજાઝત આપવાનો કિસ્સો એમના હાલાતમાં આવશે. ઈન્શાઅલ્લાહ.) ત્યાર પછી હઝરત બીમાર પડયા. લોકોને કહયું કે મને ઝિન્ઝાના લઈ ચાલો. ઝિન્ઝાના જતાં રસ્તામાં થાનાભુવન પહોંચ્યા તો આપ રહ.ની ડોલી અહીંયા રોકવામાં આવી. હું ખિદમતમાં હાજર થયો. હઝરત રહ.એ ફરમાવ્યું કે, તમે એકલા (ગેરશાદીશુદા) હતા. હાફેજ ઝામિન અને મોલ્વી શેખ મુહમ્મદ બચળવાળ હતા. મારી ઈચ્છા હતી કે તમારી પાસે મુજાહદહ કરાવીશ. પણ અલ્લાહની ઈચ્છા સામે કોઈનું ચાલતું નથી. ઉમર પૂરી થઈ રહી છે. આપ રહ.ની આ વાતો સાંભળીને હું લાકડી પકડીને રડવા લાગ્યો. હઝરત રહ.એ તસલ્લી આપી અને ફરમાવ્યુ કે, ફકીર મરતો નથી, ફકત એક મકાનમાંથી બીજા મકાનમાં જાય છે. ફકીરની કબરથી પણ એવો જ ફાયદો થશે જે જિંદગીમાં થતો હતો. હાજી સાહેબ રહ. આગળ લખે છે કે મને હઝરતની કબરથી એવો જ ફાયદો પહોંચ્યો જેમ એમની હયાતમાં પહોંચતો હતો. (શમાઈમે ઈમ્દાદીયહ : ૧૬૧)

વફાત અને તદફીન

વફાતના બે ત્રણ દિવસ પહેલાં લૂહારીથી ઝિન્ઝાનહ આવી ગયા હતા, અને ઝિન્ઝાનહમાં જ વફાત થઈ.

વફાતનું વરસ તો બધાએ જ ૧૨૫૯ હિ. લખ્યું છે. અલબત્ત તારીખ બાબતે અલગ અલગ કથન છે. બયાઝે દિલકુશાના હવાલાથી ૪ શવ્વાલ, શનીવાર ૧૨૫૯ હિ. મુતાબિક ૨૯ ઓકટોબર ૧૮૪૩ ઈ. લખવામાં આવી છે. (મીયાંજી નૂર મુહમ્મદ : ૯૪) અનવારુલ આરિફીનમાં ૪ રમઝાન ૧૨૫૯ હિ.ની તારીખ લખવામાં આવી છે. (અનવારુલ આરિફીન : ૪૫૩/ તારીખે મશાઈખે ચિશ્ત/બીસ બડે મુસલમાન)

શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે જયાં મારા હઝરતનો મઝાર છે ત્યાં સય્યિદ ઈમામ મહમૂદ સાહેબ રહ.નો નામે એક મશહૂર કંપાઉન્ડ છે. આ સ્થળે કોઈ નવી કબર બનાવવાની મનાઈ હતી. જિંદગીમાં મીયાંજી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ સ્થળે ઘણીવાર જતા હતા અને લાંબો સમય મશ્ગૂલ રહેતા હતા. ઈન્તેકાલ વેળા વસીય્યત ફરમાવી કે મને તે સ્થળે દફન કરજો જયાં હું વધુ પડતો જતો હતો. મને ત્યાથી દોસ્તીની ગંધ આવી રહી છે. વફાત પછી લોકોએ મુજાવરોને કંઈ આપીને રાજી કરી લીધા અને ત્યાં જ દફન કરવામાં આવ્યા. અલબત્ત પાછળથી મુજાવરોમાં તકરાર થઈ કે આ નવી કબર કોણે બનાવી ? ભરબજારે આ ઝઘડો થયો. આ તકરારની સ્થિતિમાં જ એક માણસને ઊંઘ આવવા લાગી. એણે જોયું કે હઝરત મીયાંજી રહ. અને સય્યિદ ઈમામ મહમૂદ રહ. કંપાઉન્ડમાં ઉભા છે. અને હઝરત મીયાંજી રહ. પોતાનો હાથ સય્યિદ સાહેબ રહ.ના હાથમાંથી છોડાવી રહયા છે અને કહી રહયા છે કે તમારા અમુક મુજાવરો નારાજ છે. હવે અમે અહીંયા નહી રહીએ. પરંતુ સય્યિદ ઈમામ સાહેબ રહ. હાથ છોડતા નથી અને કહે છે કે અમને એક જ યારેગાર મળ્યો છે. કેવી રીતે છોડીએ ? પછી એ મુજાવરને ઘણો ધમકાવ્યો. મુજાવર ખ્વાબમાંથી બેદાર થયો તો તકરાર છોડી દીધી અને બધાને ખ્વાબનો કિસ્સો સંભળાવ્યો. આ વિગત જયારે બધાને ખબર પડી તો જે મુજાવરોએ પૈસા લીધા હતા એમણે પૈસા પણ પાછા આપી દીધા. (૧૬૮)

મઝાર ઉપર આલા હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.એ નીચે મુજબના અશઆરનો કતબહ લગાવ્યો હતો અને આજે પણ મોજૂદ છે.

شہر جھنجھانہ ہے اک جائے ہدی — مسکن و ماوی ہے جس جا آپ کا
مولد پاک آپ کا ہے اور مزار — اس جگہ تو جان لے اے ہوشیار
متصل اس شہر کے اے نیک نام — ہے عجیب دلچسپ درگاہ ِ امام
سید محمود ہے نام شریف — ہے مکان ِ بس عجیب و بس لطیف
پاس اس مرقد کے قبلہ رخ بنی — ہے زیارت گاہ میرے پیر کی
اس جگہ ہے مرقد پاکِ جناب — سر جھکاتے ہیں جہاں سب شیخ وشاب
جس کو ہوئے شوق دیدار خدا — ان کے مرقد کی زیارت کو وہ جا

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

یعنی پیرو مرشد و مولا مرے — حضرت نور محمدی نیک پے
اعتقادِ دل سے جو جائے وہاں — اس پہ سب اسرارِ باطن ہوں عیاں
دیکھتے ہی اس کے مجھ کو ہے یقین — اس کو ہو دیدار رب العالمین
کرتے ہی زیارت مزارِ پاک کی — ہو ویں ظاہر اس پہ اسرار خفی
بارہ سو انسٹھ میں کرکے انتقال — اس جہاں سے جا ملے با ذو الجلال

અનવારાત – બરકાત

એકવાર હઝરત શાહ અબ્દુલ કાદિર રાયપૂરી રહ.અને શૈખુલ હદીસ હઝ. મવલાના મુહમ્મદ ઝકરિય્યા રહ. મવલાના હુસૈન અહમદ મદની રહ. પાસે હાજર થયા. અહીંયા આવીને એમણે અરજ કરી કે રાયબરેલી ગયો હતો, ત્યાં જઈને એવો બીમાર થયો કે જીવવાની આશા પણ ન રહી. મને વિચાર આવ્યો કે અહીંયાની માટી મને ખેંચી લાવી છે. મારો ઈરાદો હતો કે હઝરત સય્યિદ અહમદ શહીદ રહ.ના હુજરામાં એક ચિલ્લો કરું. અહીયાં અનવાર અને બરકાત ઘણા છે. આ સાંભળીને હઝરત મદની રહ.એ ફરમાવ્યું કે હિંદુસ્તાનમાં બે જગ્યાઓ એવી છે જયાં સેંકડો વરસ વીત્યા પછી પણ એવું લાગે છે કે આ બુઝુર્ગો જાણે હમણા જ અહીંયાથી ઉઠીને ગયા છે અને અનવાર – બરકાતનો વરસાદ વરસી રહયો છે. એક જગ્યા હઝરત સય્યિદ અહમદ શહીદ રહ.નો હુજરો છે. અને બીજી જગ્યા હઝરત મીયાંજી નુરમુહમ્મદ રહ.નો હુજરો છે. મારું દિલ ચાહે છે કે બન્ને સ્થળોએ ચિલ્લો કરું પણ મશગૂલી ઘણી જ છે.(મીયાંજી નૂર મુહમ્મદ : ૯૨/હાજી ઈમ્દાદુલ્લાહ કે સય્યિદ અહમદ શહીદ સે રિશ્તે : ૯૪)

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. ફરમાવે છે કે એકવાર હું હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ.ના મઝાર ઉપર ત્રણ દિવસ સુધી મુરાકબહમાં રહયો. મેં જોયું કે હઝરત કુતુબ સાહેબ રહ.ના મઝાર ઉપરથી નૂરનું એક કિરણ ઉઠયું અને મારા પીરો મુરશિદ હઝરત મીયાંજી રહ.ની કયામગાહ લૂહારીમાં ઉતરી ગયું. અને કુતુબ સાહેબે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મને ફરમાવ્યું કે તમારો મકસદ તમને તમારા મુરશિદથી જ મળશે. (મીયાંજી નૂર મુહમ્મદ : ૭૬)

વફાતના ઘણા સમય પછી ઝિન્ઝાનહમાં એક સાહિબે કશ્ફ બુઝુર્ગ આવ્યા અને હઝરત મીયાંજી રહ.ના મઝાર ઉપર હાજર થયા. પછી એમણે લોકોને કહયું કે અફસોસ ! કોઈ ઝાલિમે એમને ઈમામ સય્યિદ મહમૂદ રહ. પાસે દફન કરી દીધા. તેમણે અદબના કારણે પોતાના અનવારાત રોકી લીધા છે. જો કોઈ અલગ મુકામે હોત તો દુનિયા એમના નૂરથી રોશન થઈ જાત. અને ફિત્નાનો ખોફ ન હોત તો હું પોતે એમના હાંડકા કાઢીને બીજા સ્થળે દફન કરી દેત પછી લોકોને એમના નૂરની ખબર પડત.(તારીખે મશાઈખે ચિશ્ત : ૨૩૫)

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત : હઝરત અકદસ શૈખુલ હદીસ રહ.

બીસ બડે મુસલમાન : અ. રશીદ અરશદ

મશાઈખે ચિશ્તીયા સાબરીય્યહ.

શમાઈમે ઈમ્દાદીયહ.

સવાનેહ ઉલમાએ હિન્દ : ડો.નવાઝ દેવબંદી

મીયાંજી નૂર મુહમ્મદ સાહેબ રહ. : કારી અઝીઝુરર્હમાન

અનવારે મુહમ્મદી : શેખ મુહમ્મદ થાનવી રહ.

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. ઓર સય્યિદ અહમદ શહીદ કે રૂહાની રિશ્તે.

કારવાને ઈમાન વ અઝીમત.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૩૭.

હઝરત હાજી ઇમ્દાદુલ્લાહ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખાનદાન અને જન્મ :
તાલીમ અને ઈલ્મી કાબેલિયત :
મીયાંજી નૂરમુહમ્મદ સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત :
ખિલાફત :
જંગલોમાં મુજાહદહ :
મક્કા – મદીનાનું રોકાણ :
હિંદુસ્તાન વાપસી :
અંગ્રેજો સામે જિહાદ :
થાનાભુવનમાં સ્વતંત્ર સરકાર :
અંગ્રેજ તોપખાના અને શામલી ઉપર ચડાઈ :
હાજી સાહેબ ભુગર્ભમાં :
અંગ્રેજ વિરુદ્ધ લડાઈ બાબતે એક વિરોધાભાસ :
મક્કા મુકર્રમહમાં :
નિકાહ :
વફાત :
હાજી ઈમ્દાદુલ્લાહ રહ. અને દારૂલ ઉલૂમ દેવબંદ :
હઝરત હાજી સાહેબ રહ.એ લખેલ કિતાબો :
મીલાદ વિશે હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.નો મસ્લક :
મલ્ફૂઝાત :
હાજી સાહેબ રહ.ની ઈલ્મદોસ્તી :
ભારતીય મુસલમાનોના ઈતિહાસમાં હાજી સાહેબ રહ.નું સ્થાન :
હાજી સાહેબ રહ.ના સિલસિલાની બરકતો :
હાજી સાહેબ રહ.ના ખલીફાઓ :
સંદર્ભ ગ્રંથો :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભારતીય ઉપખંડના મહાન બુઝુર્ગો અને વલીઓમાં આપ રહ.ની ગણના થાય છે. બલકે આપ રહ. પછીના વધુ પડતા બુઝુર્ગોના રૂહાની સિલસિલા આપ રહ. સુધી જ પહોંચે છે, એટલે આપ રહ.ને એ બધા બુઝુર્ગોના પેશવા અને રૂહાની કેળવણીકાર કહેવામાં આવે છે. અને એ આધારે જ 'સય્યિદુત્તાઈફહ' (બધા જ સિલસિલાઓના સરદાર) લકબ આપ રહ. માટે મશહૂર છે.

ખાનદાન અને જન્મ

થાનાભુવન જિલ્લા મુઝફ્ફરનગર, ઉત્તરપ્રદેશ આપ રહ.નું વતન છે. ૨૨ સફર, ૧૨૩૩ હિજરી. ૩૧ ડિસેમ્બર ૧૮૧૭ ઈસ્વી, બુધવારે 'નાનોતા', જિલ્લા સહારનપૂરમાં આપ રહ.નો જન્મ થયો. નાનોતા આપનું મોસાળ હતું. આપ હઝરત ઉમર બિન ખત્તાબ રદિ.ના વંજશ એટલે 'ફારૂકી' હતા. હઝરત અકદસ થાનવી રહ.એ શમાઈમે ઈમ્દાદીયહમાં હઝરત ઈબ્રાહીમ બિન અદહમ રહ. સુધીની વંશાવળી આપી છે, અને પછી લખ્યું છે કે હઝ. ઈબ્રાહીમ બિન અદહમ રહ. વિશે 'હુસૈની' અથવા 'ફારૂકી' હોવાના બે કથન છે. અને પછી એનું કારણ એ દર્શાવ્યું છે કે દાદા તરફથી આપ રહ. (હઝરત ઈબ્રાહીમ બિન અદહમ રહ.) હુસૈની હતા અને નાના તરફથી ફારૂકી હતા.

અલબત્ત ત્યાર પછી હઝરત થાનવી રહ.એ પોતાના રિસાલા 'અન્નુર'માં તરજીહુ ર્રાજિહના મથાળા હેઠળ આ બાબતની સ્પષ્ટતા કરી હતી કે આપના નસબમાં વચ્ચે સુલતાન ફર્રુખશાહ કાબૂલી આવે છે, એ આધારે આપ ફારૂકી જ છે. અલબત્ત ફર્રુખશાહ કાબૂલી પછી આગળ ઉમર ફારૂક રદિ. સુધી વચ્ચે હઝરત ઈબ્રાહીમ બિન અદહમ રહ. આવતા નથી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અગાઉ અમે હઝરત ઈબ્રાહીમ બિન અદહમ રહ.ના હાલાતમાં લખી ચુકયા છીએ કે હઝરત ઈબ્રાહીમ અદહમ રહ.નું ફારૂકી વંશના હોવું પુરવાર નથી.

વાલિદ સાહેબે આપનું નામ ઈમ્દાદ હુસૈન રાખ્યું હતું. અલબત્ત હઝરત શાહ મુહમ્મદ ઈસ્હાક સાહેબ રહ.એ 'ઈમ્દાદુલ્લાહ' કરી દીધું. આપના વાલિદ સાહેબનું નામ મુહમ્મદ અમીન હતું.

વાલિદ સાહેબના આપ ત્રીજા પુત્ર હતા. બે મોટા ભાઈ ઝુલ્ફિકાર અને ફિદા હુસૈન હતા. ત્રીજા આપ રહ. અને આપ રહ.થી નાના એક ભાઈ બહાદુર અલી શાહ પણ હતા. એક નાની બહેન વઝીરુન્નિસા પણ હતાં.

ત્રણ વરસની ઉમરે આપ રહ.ને બરકત સ્વરૂપે હઝરત સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથોમાં આપવામાં આવ્યા હતા અને હઝરત સય્યિદ સાહેબ રહ.એ બરકત સ્વરૂપે આપને બઅયત કર્યા હતા. હાજી સાહિબ (રહ.) મજકૂર બનાવને પોતાની મજલિસમાં બયાન ફરમાવ્યા કરતા હતા કે "હું ત્રણ વર્ષનો હતો ત્યારે સૈયદ સાહેબ (રહ.)ની ગોદમાં બેસાડવામાં આવ્યો હતો અને તેમણે મને બયઅતે તબર્રુકમાં કબૂલ ફરમાવ્યો હતો".

૧૨૪૦ હિ. ૧૮૨૪ ઈસ્વી, આપ રહ. સાત વરસના હતા ત્યારે આપની વાલિદહ બીબી હુસૈની બિન્ત હઝરત શેખ અલી મુહમ્મદ સિદ્દીકીનો ઈન્તેકાલ થઈ ગયો. આપની વાલિદહ રહ. આપ રહ. સાથે ઘણી જ મુહબ્બત કરતાં હતાં, એટલે મરતી વેળા વસીય્યત કરી કે મારા આ પુત્ર સાથે કોઈ પણ પ્રકારની કડકાઈ કરવી નહીં. કોઈ એને મારે પણ નહીં અને કોઈ ટીકા – ટકોર પણ ન કરે. એટલે ખાનદાનના લોકોએ આપ રહ.ની તાલીમ તરફ કોઈ વિશેષ ધ્યાન આપ્યું નહીં. અલબત્ત પોતાના શોખથી કુરઆન હિફ્જ કરવાનું શરૂ કરી દીધું હતું. અને ઘણી બધી રુકાવટો છતાં છેક ૧૨૫૮ હિ.માં પણ આખરે હિફ્જ પુરું ફરમાવ્યું. ઈમ્દાદુલ મુશ્તાક અને હયાતે ઈમ્દાદમાં ખત્મે કુરઆનનું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વરસ ૧૨૫૮ હિ. લખવામાં આવ્યું છે. ઈમ્દાદુલ મુશ્તાકમાં લખવા મુજબ મક્કા મુકર્રમહમાં હિફ્જની તકમીલ થઈ. જો તકમીલે હિફ્જ મક્કા મુકર્રમહમાં થઈ હોય તો ખતમનું વરસ ૧૨૬૦ કે ૧૨૬૧ કે ૧૨૬૨ હોવું જોઈએ. આપ રહ.ની હજના વરસ વિશે આગળ ચર્ચા આવી રહી છે, એનાથી આ બાબત સ્પષ્ટ સમજી શકાય છે.

ફારસી અને અરબીની અમુક કિતાબો પોતાના વતનમાં પઢવાની શરૂ કરી અલબત્ત તાલીમ અધુરી રહી ગઈ.

૧૨૪૯ હિ. ૧૮૩૩ ઈસ્વીની આસપાસ આપ રહ. હઝરત મવલાના મમ્લૂક અલી રહ. (મૃત્યુ : ૧૨૬૭–૧૮૫૧) સાથે દિલ્હી આવ્યા અને અત્રે અમુક ઉલમા પાસે દર્સે નિઝામીની અમુક કિતાબો પઢી. મોલાના મમ્લૂક અલી રહ.એ મોલાના અહમદ અલી મુહદ્દિષ સહારનપૂરીને ગુલિસ્તાં પઢાવવાની જવાબદારી આપી હતી.

મોલાના રહમત અલી થાનવી રહ. પાસે તકમીલુલ ઈમાન (શેખ અબ્દુલ હક મુહદ્દિષ રહ.) પઢી.

અમુક દિવસો સુધી મશહૂર ખત્તાત (કાતિબ) મીર મુહમ્મદ પંજાકશ દહેલ્વી રહ. પાસે કિતાબત (સુલેખન કળા) પણ શીખ્યા હતા.

હિસ્ને હસીન અને ફિકહે અકબર મવલાના અબ્દુર્રહીમ નાનોત્વી રહ. પાસે પઢયા.

મષ્નવી (મવલાના રૂમ રહ.) હઝરત શાહ અબ્દુર્રઝ્ઝાક સાહેબ રહ. ઝિન્ઝાન્વી રહ. (મૃ. ૧૨૯૨–૧૮૭૫) પાસે પઢયા હતા.

શમાઈમે ઈમ્દાદીયહ પેજ : ૧૦૦ પર છે, હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું કે મેં મષ્નવી શરીફ ત્રણવાર હઝરત મવલાના અબ્દુર્રઝાક ઝિન્ઝાન્વી રહ. પાસે પઢી છે અને અમુક બાબતોની સમજૂતી મોલ્વી અબૂલહસન કાંધલ્વી રહ. પાસેથી પણ મેળવી છે.

નોંધ : હઝ. શાહ અબ્દુર્રઝ્ઝાક સાહેબ રહ. નેક, ઈબાદતગુઝાર અને હમેંશા દુઆ – મુનાજાતમાં પ્રવૃત રહેનાર હસ્તી હતા. તબીબી વિદ્યામાં પણ કાબેલ હતા. છેલ્લી ઉમરમાં આંખોની રોશની ખતમ થઈ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગઈ હતી, કમઝોરી – માઝૂરી હતી છતાં કોઈની રાહબરી વગર એકલા મસ્જિદે જતા હતા અને આ દિવસોમાં પણ કદી તકબીરે ઉલા છુટવા ન દીધી. એમનો મઝ્નવીનો દર્સ પણ મશહૂર હતો. સાંઈઠ વરસ સુધી મઝ્નવીનો દર્સ આપતા રહયા. અને હઝરત થાનવી રહ.એ લખ્યા મુજબ લગભગ ૧૦૦થી વધારે વાર મઝ્નવી પઢાવી હશે. મઝ્નવી એમણે હઝરત મુફ્તી ઈલાહી બખ્શ રહ. અને હઝરત મવલાના અબ્દુલ હસન સાહેબ રહ. પાસે પઢી હતી. મવલાના અબુલ હસન સાહેબ રહ. હઝરત મુફ્તી ઈલાહી બખ્શ રહ.ના સાહબઝાદા હતા અને હઝરત મુફ્તી સાહેબ પાસે એમણે મઝ્નવી પઢી હતી. હઝરત મુફ્તી ઈલાહી બખ્શ સાહેબ રહ.એ ખ્વાબમાં મઝ્નવીની ઈજાઝત હઝરત મવલાના રૂમી રહ. પાસેથી મેળવી હતી બલકે મથનવીનો છઠ્ઠો ભાગ લખીને એને પૂર્ણ કરવાનો આદેશ પણ હઝરત રૂમી રહ. તરફથી આપને આપવામાં આવ્યો હતો. (શમાઈમે ઈમ્દાદીયહ,ઈમ્દાદુલ મુશ્તાક વગેરે)

શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે હું દિલ્હી આવ્યો અને લગભગ એક વરસ તાલિબે ઈલ્મ રહયો. ત્યાર પછી કદી કદી દિલ્હી જતો અને દસ પંદર દિવસ રોકાતો હતો. (૧૭૫)

આ દરમિયાન જ તાલીમમાંથી દિલ ઉઠી ગયું અને ઈબાદત, દુઆ અને મુજાહદહની તલબ તબિયત ઉપર સવાર થઈ એટલે હઝરત મવલાના નસીરુદ્દીન સાહેબ નકશબંદી રહ.ના હાથો ઉપર બયઅત થઈ ગયા. શેખ નસીરુદ્દીન રહ. હઝરત શાહ મુહમ્મદ આફાક રહ.ના ખલીફા અને શાહ મુહમ્મદ ઈસ્હાક રહ.ના શાગિર્દ અને દામાદ હતા. થોડાક જ દિવસોમાં આપ રહ.ને હઝરત શેખ નસીરુદ્દીન સાહેબ રહ. તરફથી ખિલાફતથી નવાઝવામાં આવ્યા. હઝરત હાજી સાહેબ રહ. ફરમાવે છે કે મને હઝરત મવલાના નસીરુદ્દીન સાહેબ રહ.ની સેવામાં રહેવાનો સમય ઘણો ઓછો મળ્યો. મારા વાલિદ સાહેબ બીમાર થઈ ગયા હતા. એમણે ખિદમત માટે બને બોલાવ્યો, હું હઝરતની સેવામાં રજા લેવા ગયો તો હઝરત રહ.એ મને છાતીએ વળગાડયો, ઘણી દુઆઓ આપી અને નકશબંદી સિલસિલાની ઈજાઝત – ખિલાફત આપીને મને રુખ્સત કર્યો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મારા વાલિદ ઘણા મહીનાઓ સુધી બીમાર રહયા. ઘણી સારવાર કરી પણ કંઈ ફાયદો ન થયો અને એમનો ઈન્તેકાલ થઈ ગયો. ઈન્નાલિલ્લાહ..ત્યાર પછી ફરીવાર હું પીરો મુરશિદની સેવામાં હાજર થઈ શકયો નહીં કારણ કે આ દરમિયાન હઝરત મવલાના નસીરુદીન રહ. અફગાનિસ્તાન જિહાદ માટે જતા રહયા હતા.

નોંધ : હઝરત મવલાના સય્યિદ નસીરુદ્દીન રહ. મોટા બુઝુર્ગ હતા. સય્યિદ નાસિરુદ્દીન સોનીપતી રહ.ના વંશજ હતા. હઝરત શાહ રફીઉદ્દીન મુહદ્દિષ દહેલ્વી રહ.ના નવાસા, શાહ અબ્દુલ અઝીઝ રહ.ના શાગિર્દ, શાહ મુહમ્મદ ઈસ્હાક રહ.ના દામાદ અને શાહ મુહમ્મદ આફાક રહ.ના ખલીફા હતા. હઝરત મવલાના ફઝલુર્રહમાન ગંજમુરાદાબાદી રહ. પણ શાહ આફાક રહ.ના ખલીફા હતા.

આપ રહ. સય્યિદ અહમદ શહીદ રહ.ની તહરીકે જિહાદના મોટા અમીર પણ હતા. હઝરત સય્યિદ અહમદ શહીદ રહ.ની શહાદત (ઝિલ્કદ ૧૨૪૬) પછી તહરીકે જિહાદ ઘણી કમઝોર થઈ ગઈ હતી. એટલે તહરીકે જિહાદના ઝિમ્મેદારો તરફથી આપ રહ.ને એક નવી જમાઅત લઈને અફગાનિસ્તાન મોકલવામાં આવ્યા. ૩ ઝિલ્હજ ૧૨૫૦ હિજરીના દિવસે આપ રહ. દિલ્હીથી જિહાદ માટે નીકળ્યા. આ સમયે હઝરત મવલાના મુહમ્મદ ઈસ્હાક મુહદ્દિષ દહેલ્વી રહ.(મૃ. ૧૨૬૨ હિ.) અને આપના પીરો મુરશિદ શાહ મુહમ્મદ આફાક રહ. (મૃ.૧૨૫૧ હિ.) દિલ્હીમાં જ હતા. એટલે આ બુઝુર્ગોના મશ્વેરા અને હુકમ મુજબ જ આ હિજરત હોવી સ્પષ્ટ છે.

આપ રહ.એ શીખો અને અંગ્રેજો સાથે અનેક લડાઈઓ લડી. શાબાન ૧૨૫૬ માં આપ રહ.નો ઈન્તેકાલ થયો. કહે છે કે ત્યાંના કોઈ હાકેમે આપ રહ.ને પોતાને ત્યાં મહેમાન બનાવીને ખાવામાં ઝેર આપી દીધું હતું, જેના કારણે આપ રહ. બીમાર પડયા અને પછી સથાનામાં આપ રહ.નો ઈન્તેકાલ થયો. વધુ વિગત ગુલામ રસૂલ મહર સાહેબની કિતાબ 'સરગુઝશ્તે મુજાહિદીન' (નવું નામ : 'તહરીકે સય્યિદ અહમદ શહીદ') ભાગ ૪–૧૭૫/અને 'હાજી ઈમ્દાદુલ્લાહ રહ. કે સય્યિદ અહમદ શહીદ સે રૂહાની રિશ્તે' નામી કિતાબમાં જોઈ શકાય છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ત્યાર પછી આપ રહ.ને હદીસ શરીફ પઢવાનો શોખ થયો. અને ૧૭ વરસની ઉમરે હદીસ શરીફ પઢવા મવલાના સય્યિદ મુહમ્મદ કલન્દર મુહદ્દિષ જલાલાબાદી રહ. (મૃ. ૧૨૬૦ હિ.) પાસે જવા લાગ્યા.

નોંધ : મવલાના સય્યિદ મુહમ્મદ કલંદર રહ. મોટા વિદ્વાન અને બુઝુર્ગ હતા. મુફતી ઈલાહી બખ્શ કાંધલવી રહ. પાસે તાલીમ – તરબિયત મેળવી હતી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પ્રત્યે બેપનાહ અકીદત – મુહબ્બત ધરાવતા હતા અને નિસ્બતે હુઝૂરી ધરાવતા હતા. ખ્વાબમાં અને બેદારીમાં પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઝિયારતની સઆદત આપ રહ.ને મળતી હતી.

મવલાના મમ્લૂક અલી રહ., મવલાના કારી અબ્દુર્રહમાન પાનીપતી રહ. શેખ મુહમ્મદ થાનવી રહ. અને મવલાના ગોષ અલી શાહ કલંદરી રહ.ના ઉસ્તાદ હતા.

હાજી સાહેબે એમની પાસે મિશ્કાત શરીફ શરૂ ફરમાવી અલબત્ત એક ચર્તુથાંશ ભાગ જ પઢી શકયા. એમની પાસે કાફિયહ પણ પઢી.

ફકત આટલી જ કિતાબો આપ રહ.એ પઢી હતી. આમ છતાં કુરઆન, હદીસ, વહદતુલ વુજૂદના મસાઈલ, તસવ્વુફને લગતી ઊંચી અને અઘરી વાતો અને મષ્નવીના અશઆરના અજીબ – હિકમતભર્યા અર્થ.. બધું એવી રીતે વર્ણવતા હતા કે મોટા મોટા આલિમો નવાઈ પામી જતા હતા. એકવાર હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. પાસે કોઈ એવું બોલી ગયો કે હાજી સાહેબ રહ. આલિમ ન હતા. આ સાંભળીને હઝરત નાનોત્વી રહ.ની આંખોમાં આંસુ આવી ગયા અને ફરમાવ્યું : આલિમ શું ? તેઓ તો આલિમોના ઘડવૈયા હતા.

ઉપરોકત લખાણથી સ્પષ્ટ થાય છે કે બહુ લાંબી તાલીમ આપ રહ.એ મેળવી ન હતી. આ તાલીમ કાફિયહ સુધી અને વધારે કહીએ તો મિશ્કાત શરીફ સુધી કહી શકાય. એમાં પણ અરબી કરતાં ફારસીની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તાલીમ વધારે છે. અલબત્ત અલ્લાહ તઆલાએ આપ રહ.ને ભરપૂર કાબેલિયતથી નવાઝયા હતા, જેના થકી કુરઆન – હદીસના અર્થ– ભાવાર્થ ઘણી જ સારી રીતે સમજી લેતા હતા. બોલવા – લખવામાં પણ આપ રહ. ઘણા જ કાબેલ હતા. તસવ્વુફની જેમ જ ઈલ્મી દુનિયામાં આપ રહ.નું સ્થાન ઘણું ઊંચું હતું. લોકો આપ રહ.ની ઊંચી અને ઊંડી વાતો સાંભળીને નવાઈ પામી જતા હતા.

હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. ફરમાવતા હતા કે હઝરત હાજી સાહેબ રહ.ના હાથ ઉપર કોઈ માણસ એમના તકવાના કારણે બયઅત થયો, કોઈ કરામતના કારણે, પણ હું તો એમના ઈલ્મના કારણે એમનાથી બયઅત થયો છું. હઝરત મોલાના અશરફ અલી થાનવી રહ. ફરમાવે છે કે લોકો મને પૂછે છે કે હાજી સાહેબ પાસે એવું શું છે જે ઉલમા પાસે નથી, જેના કારણે લોકો એમની પાસે જાય છે ? મેં કહયું કે અમારી પાસે ફકત શબ્દો છે, એમની પાસે અર્થ – ભાવાર્થ અને એનું નૂર છે.

હઝરત હાજી સાહેબ રહ.ની ઈલ્મી કાબેલિયતનો અંદાજો નીચેના કિસ્સાથી પણ કરી શકાય છે.

કરામાતે ઈમ્દાદીયહમાં છે કે એકવાર હાજી સાહેબ રહ.એ હજ્જામને કાંઘલા પોતાના મામા પાસે હદીસની કોઈ મોટી કિતાબ લેવા મોકલ્યો. એના જવાબમાં મામા સાહેબે કહેવડાવ્યું કે શું મીયાં ઈમ્દાદુલ્લાહ આ કિતાબના દર્શન કરવા ચાહે છે અથવા કોઈ બીજા પાસે પઢાવીને સાંભળશે ? હજ્જામે આવીને અરજ કરી કે હઝરત ! એમણે તો એવો જવાબ આપ્યો છે કે કહેવાની હિમ્મત પણ નથી થતી. આપ રહ.એ ઘણો આગ્રહ કરીને બેચાર વાર આ જવાબ સાંભળ્યો અને પછી ફરમાવ્યું કે, હમણાં જ કાંઘલા પાછા જાઓ. મારો પત્ર મામાજીની ખિદમતમાં રજૂ કરીને કહેજે કે જે કોઈ હદીસ અઘરી હોય તે આપ પોતે આવીને મને પૂછી લો, અલ્લાહના ફઝલથી હું જવાબ આપીશ. સાંભળ્યું કે પછી તે બુઝુર્ગ આવ્યા હતા, અઘરી હદીસોના સવાલ પણ કર્યા અને અલ્લાહના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હુકમથી સાચા જવાબો એમને મળ્યા. *(મશાઈખે ચિશ્તીયા સાબરીયહ : ૧૯૫)*

મીયાંજી નૂરમુહમ્મદ સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત

મષ્નવીનું વાંચન આપ રહ.નો રોજનો ક્રમ હતો. એના કારણે ઈશ્ક અને મુહબ્બતની કેફિયત વારંવાર આપ રહ. ઉપર છવાય જતી હતી. હઝરત મીયાંજી રહ.ના હાલાતમાં અગાઉ લખાય ચુકયું કે, મષ્નવીના વાંચનના દિવસોમાં જ એકવાર ઘણા જ પરેશાન અને બેચેન થઈ ગયા.

આ બેચેનીના દિવસોમાં એકવાર ખ્વાબમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઝિયારત થઈ. પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો એવો પ્રભાવ છવાય ગયો કે આગળ વધી શકાતું ન હતું. એટલામાં આપ રહ.ના દાદા હાફિજ બલાકી સાહેબે આવીને હાથ પકડીને આપને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે કરી દીધા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આપ રહ.નો હાથ પકડીને હઝરત મીયાંજી નૂર મુહમ્મદ રહ.ના હાથમાં આપી દીધો.

હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ. આજ સુધી હઝરત મીયાંજી સાહેબ રહ.ને ઓળખતા ન હતા. એટલે ખ્વાબ જોયા પછી પણ પરેશાન રહેવા લાગ્યા કે આ કોણ બુઝુર્ગ હશે ? એમને કયાં શોધવા ? આ જ સ્થિતિમાં અમુક વરસો પણ વીતી ગયા. આપ રહ.ના ઉસ્તાદ હઝરત મવલાના કલન્દર સાહેબ રહ.એ આ બેચેની જોયી તો ફરમાવ્યું કે, તમે લૂહારી ગામે જાઓ અને મીયાંજી નૂર મુહમ્મદ રહ.ની સેવામાં હાજર થાઓ, કદાચ તમારી બેચેની ઓછી થાય. ઉસ્તાદની નસીહત સાંભળીને તેઓ તુરંત લૂહારી આવવા રવાના થયા. લૂહારી આવીને આપ રહ.ના દીદાર થયા તો ઓળખી ગયા કે ખ્વાબમાં આ જ નૂરાની ચહેરાની મુલાકાત કરાવવામાં આવી હતી. તુરંત આપના કદમોમાં પડી ગયા. હઝરત મીયાંજી રહ.એ એમને છાતીએ લગાવ્યા અને ફરમાવ્યું કે, તમને તો તમારા ખ્વાબ ઉપર પાકું યકીન છે એમ લાગે છે. હઝરત મીયાંજી રહ.ની આ કરામત જોઈને હાજી સાહેબ રહ.ની અકીદત ઓર વધી ગઈ.

આપ રહ.ના હાથે બયઅત થયા પછી પાછા આવીને હાજી સાહેબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.એ બયઅત થવાનો કિસ્સો અને મીયાંજી સાહેબ રહ.ની વિગત હાફેજ ઝામીન શહીદ રહ.ને કહી સંભળાવી. શોખ અને ઈશ્કની દાસ્તાન સાંભળીને એમને પણ બયઅત થવાનું મન થઈ ગયું. એમણે હાજી સાહેબ રહ.ને ઠામ – ઠેકાણું પૂછયું તો બતાવ્યું કે, લૂહારીની જામેઅ મસ્જિદમાં છોકરાઓને કુરઆન પઢાવે છે. મુળ વતન ઝિન્ઝાના છે. અહીંયા પીરઝાદગાન મહોલ્લામાં ચિશ્તી સાહેબની મસ્જિદ પાસે રહે છે. મસ્જિદ પાસે ધોબીઓ રહે છે. એમને પૂછી લેજો. હાફેજ ઝામીન સાહેબ લૂહારી આવ્યા તો ખબર પડી કે આજે મીયાંજી સાહેબ ઝિન્ઝાના ગયા છે. એટલે તેઓ પણ ઝિન્ઝાના આવ્યા. ધોબીઓના મહોલ્લામાં પહોંચ્યા ત્યારે મીયાંજી સાહેબ રહ. ચિશ્તી મસ્જિદ સામે એક મઝાર પાસે બેસેલા હતા. હાફેજ ઝામીન રહ.એ એમને પૂછયું કે, હે ધોબી ! મીયાંજીનું ઘર કયાં છે ? મીયાંજી નૂર મુહમ્મદ રહ.એ ફરમાવ્યું કે, હું કપડાં ધોવા વાળો ધોબી નથી, હું તો દિલ ધોવા વાળો ધોબી છું. હાફિજ ઝામિન સાહેબ રહ. સમજી ગયા કે આ જ મીયાંજી નૂર મુહમ્મદ રહ. છે. ત્યાર પછી દર અઠવાડિયે બે ત્રણ દિવસ થાનાભૂવનમાં અને બાકીના દિવસો મીયાંજી રહ.ની ખિદમતમાં આવવા માંડયા અને લગભગ સાડા ત્રણ વરસ પછી મીયાંજી રહ.એ આપને મુરીદ ફરમાવ્યા. (બીસ બડે મુસલમાન : ૯૦)

હઝરત હાજી સાહેબ રહ.ના પ્રથમ શેખ હઝરત મવલાના નસીર અહમદ સાહેબ રહ. ૩ ઝિલ્હજ ૧૨૫૦ દિલ્હીથી જિહાદ માટે રવાના થયા. અને ૧૮ શાબાન ૧૨૫૬ હિ.ના દિવસે સથાનામાં થોડા દિવસ બીમાર રહીને વફાત પામ્યા. એટલે હાજી સાહેબ રહ. ઝિલ્હજ ૧૨૫૦ હિ. પહેલાં એમના હાથે બયઅત થયા હશે. એમની હયાત સુધી બીજા કોઈના હાથ ઉપર બયઅત કરવી પણ લગભગ શકય નથી. બલકે ઈમ્દાદુલ મુશ્તાકમાં છે કે મારો ઈરાદો પીરોમુરશિદની સેવામાં જિહાદ માટે જવાનો હતો, પણ એવામાં ગઝનીથી એમની શહાદતના સમાચાર આવ્યા. એટલે ૧૨૫૬ પછીના કોઈ વરસે હઝરત મીયાંજી રહ.ના હાથ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપર બયઅત થયા હશે.

ખુલાસો આ કે હાજી સાહેબ રહ.એ પોતાના પ્રથમ મુરશિદના ઈન્તેકાલ પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઈશારાથી હઝરત મીયાંજી નૂર મુહમ્મદ રહ.ના હાથ ઉપર બયઅત કરી. પીર અને મુરીદના આ મુબારક સંબંધ વિશે આટલું જ કાફી છે કે આલમે ખ્વાબમાં આ સંબંધ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે જ સ્થાપ્યો હતો. એની જ ખુલ્લી બરકતો અને રૂહાની અસર આજે આપણે જોઈ રહયા છીએ કે ચિશતીયા, સાબરીયહ, ઈમ્દાદીયહ સિલસિલાના ફૈઝના ઝરણાથી આજે આખી દુનિયા પોતાની પ્યાસ બુઝાવી રહી છે.

ખિલાફત :

શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે એક મુદ્દત સુધી હઝરત મીયાંજી રહ.ની ખિદમતમાં રહયા અને ચિશતીયા સિલસિલા ઉપરાંત ચારેવ સિલસિલામાં સુલૂકની તકમીલ ફરમાવીને ઈજાઝત તેમજ ખિલાફતથી નવાઝવામાં આવ્યા. ખિલાફત આપ્યા પછી હઝરત મીયાંજી રહ.એ પૂછયું કે, કયા ચાહતે હો ? તસ્બીર યા કીમીયા ? જિસ કી રગબત હો વો તુમકો બખ્શ દૂં. આપ યે સુન કર રોને લગે ઓર અરજ કીયા કે દુનિયા કે વાસ્તે આપ કા દામન નહીં પકડા હે. ખુદા કો ચાહતા હું, વહી મુજ કો બસ હે. હઝરત મીયાંજી સાહબ રહ. યે જવાબે નમકીન સુનકર બહોત મસ્રૂર વ ખુશમઝહ હુએ ઓર આપ કો બગલગીર ફરમા કર ઉલુવ્વે હિમ્મ પર આફરીન કી ઓર દુઆહાએ જઝીલહ વ જમીલહ દી. (શમાઈમે ઈમ્દાદીયહ : ૧૬/તારીખે મશાઈખે ચિશત : ૨૪૬)

ખિલાફત આપવા વિશે એક બીજો કિસ્સો અગાઉ અમે મીયાંજી નૂર મુહમ્મદ સાહેબ રહ.ના હાલાતમાં વર્ણન કરી ચુકયા છે કે, હઝરત મીયાંજી રહ. બીમાર પડયા તો લોકો ઘણા પરેશાન થયા અને કહેવા લાગ્યા કે અમે તો સમજતા હતા કે એક મહામૂલી દોલત ઘરમાં મૂકેલી છે. ઈચ્છા મુજબ એનાથી ફાયદો મેળવતા રહીશું. આજની તમારી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વાતોથી અમારું દિલ ટુકડે ટુકડા થઈ રહયું છે. હઝરત મીયાંજી રહ.એ ફરમાવ્યું કે, ગભરાઓ નહીં, મારા ઘણા દોસ્તો તમારી પાસે મોજૂદ છે. એમના મારા સ્થાને સમજો. પછી હાફેઝ ઝામિન શહીદ રહ.ને વિશેષ કરીને બધાની સામે લોકોની મજસિલમાં જ સ્પષ્ટ રૂપે ખલીફા બનાવ્યા અને એમની સાથે અમને બધાને પણ ઈજાઝત આપી. અલબત્ત અમુક લોકોને સ્પષ્ટ રીતે કહી રાખ્યું હતું કે અમે ફલાણા ફલાણાને ઈજાઝત આપી ચુકયા છે. ત્યાર પછી હઝરત બીમાર પડયા. લોકોને કહયું કે મને ઝિન્ઝાના લઈ ચાલો. ઝિન્ઝાના જતાં રસ્તામાં થાનાભુવન પહોંચ્યા તો આપ રહ.ની ડોલી અહીંયા રોકવામાં આવી. હું ખિદમતમાં હાજર થયો. હઝરત રહ.એ ફરમાવ્યું કે, તમે એકલા (ગેરશાદીશુદા) હતા. હાફેજ ઝામિન અને મોલ્વી શેખ મુહમ્મદ બચળવાળ હતા. મારી ઈચ્છા હતી કે તમારી પાસે મુજાહદહ કરાવીશ. પણ અલ્લાહની ઈચ્છા સામે કોઈનું ચાલતું નથી. ઉમર પૂરી થઈ રહી છે. આપ રહ.ની આ વાતો સાંભળીને હું લાકડી પકડીને રડવા લાગ્યો. હઝરત રહ.એ તસલ્લી આપી અને ફરમાવ્યુ કે, ફકીર મરતો નથી, ફકત એક મકાનમાંથી બીજા મકાનમાં જાય છે. ફકીરની કબરથી પણ એવો જ ફાયદો થશે જે જિંદગીમાં થતો હતો. હાજી સાહેબ રહ. આગળ લખે છે કે મને હઝરતની કબરથી એવો જ ફાયદો પહોંચ્યો જેમ એમની હયાતમાં પહોંચતો હતો. (શમાઈમે ઈમ્દાદીયહ : ૧૬૧)

વાસ્તવમાં આ મજલિસમાં હાફેજ ઝામીન શહીદ રહ.ને પોતાના જાનશીન બનાવવાનું વર્ણન છે. હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ. અથવા અન્ય ખલીફાઓને પહેલી જ વાર આ મજલિસમાં ખિલાફત આપી હોય એવું નથી.

નોટ : નકશે હયાતમાં શૈખુલ ઈસ્લામ હઝરત મવલાના હુસૈન અહમદ મદની રહ. લખે છે કે, મીયાંજી નૂર મુહંમદ રહ.ની વફાત સુધી હજુ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ની તકમીલે સુલૂક વ તસવવ્વુફ પૂરી થઈ ન હતી, એટલે મીયાંજી રહ.એ હાજી સાહેબ રહ.ને તકમીલ માટે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હાફેજ ઝામિન રહ.ના હવાલે કર્યા હતા. (નકશે હયાત : ૪૫૧)

આ કથન કંઈક અસમંજસ ઉભી કરે છે. કારણ કે બીજી કોઈ કિતાબમાં આ બાબતનું વર્ણન જોવામાં આવ્યું નથી.

હઝરત મીયાંજી રહ.ની વફાત ૧૨૫૯ હિ.માં થઈ છે, અને હાજી સાહેબ રહ. ખિલાફત મેળવીને અમુક માસ લોકોથી દૂર જંગલોમાં રહીને હજની સફરે ગયા હતા. જેમ કે આગળ આવી રહયું છે. મીયાંજી સાહેબ રહ.ની છેલ્લી બીમારી અને વફાત વેળા આપ રહ. હાજર હતા એ પણ ઉપરોકત કિસ્સાથી સ્પષ્ટ છે. એટલે કહી શકાય કે બીમારી અને વફાતના થોડા સમય પહેલાં જ આપ રહ.ને અલગથી ખિલાફત આપી દેવામાં આવી હતી, અને ઉપરના કિસ્સામાં ફકત હાફેજ ઝામિન રહ.ને જાનશીન બનાવવાનું વર્ણન છે એમ કહી શકાય. અમારા મતે બીમારીના દિવસોના આ કિસ્સાને જ આધાર બનાવીને હઝરત શૈખુલ ઈસ્લામ રહ.એ લખ્યું હશે કે મીયાંજી રહ.એ હાજી સાહેબ રહ.ને તકમીલ માટે હાફેજ ઝામિન રહ.ના હવાલે કર્યા હતા. વલ્લાહુ અઅલમ.

જંગલોમાં મુજાહદ્દહ

૧૨૫૯ હિ.માં હઝરત મીયાંજી રહ.નો ઈન્તેકાલ થયા પછી આપ રહ. ઉપર થોડા દિવસ સુધી આબાદી અને લોકોથી દૂર રહેવાની કેફિયત છવાય ગઈ. આપ રહ. જંગલોમાં ચાલ્યા ગયા. પંજાબના જંગલોમાં આપ ફરતા રહેતા હતા. વધુ પડતા ભુખ્યા રહેતા અને ઈબાદત કરતા રહેતા. આઠ દિવસ લગાતાર એવા જતા હતા કે એક દાણો પેટમાં જતો ન હતો. (શમાઈમ : ૧૬) આ દિવસોમાં મુજાહદ્દહની ઘણી બરકતો પણ આપ રહ.ને નસીબ થઈ. સિલસિલાના બુઝુર્ગોની બશારતો અને અસરાર – ભેદો પણ આપ રહ. સામે આવવા લાગ્યા. શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે એક દિવસ ભુખની ઘણી તકલીફના કારણે એક મુખ્લિસ દોસ્ત પાસે અમુક રૂપિયાનું કરજ માંગ્યું. એણે પૈસા હોવા છતાં સાફ ઈન્કાર કરી દીધો. એના આમ કરવાથી દિલમાં તકલીફ થઈ, પણ થોડી જ વારમાં અલ્લાહ તઆલાની તજલ્લીથી માર્ગદર્શન મળ્યું કે આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બધું કરનાર એક અલ્લાહ તઆલા જ છે. એના તરફથી જ છે. અને આ એહસાસ થતાં જ એ દોસ્ત પ્રત્યે નિખાલસતા ઓર વધી ગઈ અને દિલની નારાજગી જતી રહી. આ કિસ્સાને અમુક મહીના વીત્યા પછી એકવાર મુરાકબહમાં હઝરત જિબ્રઈલ અલૈ. અને હઝરત મીકાઈલ અલૈ.ને ઘણા સુંદર લિબાસમાં જોયા. હાજી સાહેબ રહ. ફરમાવે છે કે, હું એમને જોતો જ રહી ગયો. બન્ને ફરિશ્તાઓ મુસ્કુરાતા મુસ્કુરાતા, આંખોના ખુણાથી મારા તરફ જોતા જોતા એક તરફ જતા રહયા અને કંઈ કહયું નહીં.

આ ખ્વાબ લખ્યા પછી હઝરત થાનવી રહ. લખે છે કે મેં હઝરત હાજી સાહેબ રહ.થી પૂછયું કે આ ખ્વાબની તાબીર શું છે ? તો ફરમાવ્યું કે મને અલ્લાહ તઆલાની નઝદીકીનો મરતબો મળ્યો. હઝરત જિબ્રઈલ અલૈ. તાલીમ અને હિદાયતની જવાબદારી અલ્લાહ તઆલા તરફથી નિભાવવા નિયુકત છે અને હઝરત મીકાઈલ અલૈ. દુનિયાની જરૂરતો પૂરી કરવાની ખિદમત આપે છે. અલ્લાહ તઆલા તરફથી મારી આ બન્ને જરૂરતો પૂરી કરવાની બશારત આ ખ્વાબમાં હતી.(શમાઈમ :૧૭)

નોંધ : આપબીતી હઝરત શૈખુલ હદીસ રહ. લખે છે કે કર્જ લેવાનો કિસ્સો હઝરત અકદસ થાનવી રહ.ના લખાણ મુજબ હિંદુસ્તાનનો છે એમ સ્પષ્ટ થાય છે, અલબત્ત મેં બીજા અકાબિરથી સાંભળ્યું છે કે મક્કા મુકર્રમહનો છે. ત્યાર પછી બીજા પેજ ઉપર નકશે હયાતમાંથી હઝરત શૈખુલ ઈસ્લામ રહ.નું લખાણ પણ આપ્યું છે જેમાં શૈખુલ ઈસ્લામ મવલાના મદની રહ. ફરમાવે છે કે મેં આ કિસ્સો પોતે હઝરત હાજી સાહેબ રહ.ના મોઢે સાંભળ્યો છે. એમાં ખ્વાબમાં હઝરત ખ્વાજા અજમેરી દ્વારા એમના બાવરચી ખાનાના જિમ્મેદાર બનાવવાની બશારતનો ઉલ્લેખ છે. કિસ્સામાં છેલ્લે હાજી સાહેબ રહ.ની આ વાત પણ છે કે સવારે અંધારામાં કોઈએ દરવાજા ખખડાવ્યો, મેં દરવાજો ખોલ્યો તો એણે એક થેલી આપી જેમાં ૧૦૦ રિયાલ હતા. થેલી આપીને એ માણસ ચાલ્યો ગયો, અને ત્યાર પછી કદી તંગી થઈ નહીં.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(આપબીતી : ૮૬૮)

આ દિવસોનો એક બીજો કિસ્સો શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે,

આ જ દિવસોમાં એકવાર હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી ચિશ્તી રહ.ને મુરાકબહમાં જોયા. તેઓ ફરમાવતા હતા કે મેં તમારા હાથો ઉપર મોટી દોલત ખર્ચ કરી છે. આ સાંભળીને હું રડી પડયો. મેં અરજ કરી કે મેં આટલા માટે તમારા પગ નથી પકડયા. અને મારા અંદર આ ખિદમત કરવાની શકિત પણ નથી. હા, આપના દિલના દરિયામાંથી નૂરનું એક ટીપું ચાહું છું. મને મઅરિફતે હક સિવાય બીજું કંઈ જોઈતું નથી. હઝરત ખ્વાજા અજમેરી રહ.એ મને તસલ્લી આપી અને ફરમાવ્યું કે હવેથી તમારી કોઈ જરૂરત બંધ નહી રહે. જે જરૂરત હશે એ આસાનીથી પૂરી થઈ જશે.

આ જ દિવસે એક બુઝુર્ગ મવલાના સય્યિદ કુતુબઅલી જલાલાબાદી કાદરી પાસે એમની વાલિદહની ફાતિહામાં ગયો હતો. હઝરત સય્યિદ સાહેબ રહ.એ મારા પ્રત્યે ઘણી જ મહેરબાની અને નમ્રતા દાખવી અને ફરમાવ્યું કે હું પોતે તમારી પાસે આવવાનો ઈરાદો રાખતો હતો અને મેં જોયેલ એક ખ્વાબની ખુશખબર તમને આપવા માંગતો હતો. મેં અવલિયાએ કિરામ, વિશેષ કરીને ચિશ્તી અવલિયાએ કિરામને જોયા કે તમારા વિશે વાતચીત કરી રહયા હતા. કોઈએ કહયું કે એમના ખર્ચા ઘણા વધારે છે અને આવક ઓછી. તો જવાબમાં બુઝુર્ગોએ ફરમાવ્યું કે હા, એવું જ હતું. પણ હવે એમની જરૂરતો પૂરી કરવા માટે વઝીફો નક્કી કરી દેવામાં આવ્યો છે. હવે જેટલી જરૂરત હશે એ મળી જશે.

હઝરત અકદસ થાનવી રહ. શમાઈમે ઈમ્દાદીયહમાં આ દિવસોની આપ રહ.ની રૂહાની સ્થિતિનું વર્ણન કરતાં લખે છે કે, આપની પાસેથી પસાર થનાર દરેક માણસ આપ રહ.થી પ્રભાવિત થઈ જતો હતો અને દરેક પસાર થનાર ઉપર આપ રહ.ના જલાલની અસર પડતી હતી. આવી સ્થિતિમાં આપ રહ. કોઈના તરફ પોતે જ ધ્યાન અને તવજ્જોહ આપતા હોય તો પછી એના ઉપર આપ રહ.ની રૂહાનિયતનો કેટલો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પ્રભાવ પડતો હશે ? (૨૧)

આ દિવસોમાં એક દિવસ ખ્વાબમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઝિયારત થાય છે અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઇરશાદ ફરમાવે છે કે તમે અમારી પાસે આવો. આંખ ખુલી તો દિલ – દિમાગ ઉપર મદીના શરીફ છવાયેલું હતું. કંઈ તૈયારી કર્યા વગર જ મદીના શરીફ માટે રવાના થઈ ગયા. ઘરેથી નીકળ્યા પછી એક ગામમાં પહોંચ્યા ત્યારે આપના ભાઈઓએ કંઈક ભાથું અને સફરખર્ચ આપ્યો. આપ રહ.એ ખુશીથી કુબૂલ કર્યો અને આગળ વધતા ગયા. અને પાંચ ઝિલહજ ૧૨૬૧ હિજરીના દિવસે જિદ્દહ પાસે એક બંદરે ઉતર્યા અને ત્યાંથી સીધા અરફાત પહોંચ્યા.

હઝરત હાજી સાહેબ રહ.ના આ સફરની તારીખો વિશે ઘણી ગરબડ જોવા મળે છે. શમાઇમ અને ઇમ્દાદુલ મુશતાક વગેરેમાં સ્પષ્ટ રૂપે પાંચ ઝિલ્હજ ૧૨૬૧ હિ.ના દિવસે બંદરે ઉતરીને સીધા અરફાત જવાનું વર્ણન છે. પછી આગળ ૧૨૬૨માં હિંદુસ્તાન પરત આવવાનું વર્ણન છે.

આ જ સફરમાં ઝૈદ ઝૈનુદ્દિન રહ.થી મુલાકાત અને હિઝબુલ બહરની ઇજાઝત મળવાની તારીખ હઝરત હાજી સાહેબ રહ.એ પોતે ૧૭ રબીઉલ આખર, ૧૨૬૦ રવિવારની લખી છે.

હિજાઝ પહોંચવાનું વરસ ૧૨૬૧ હોય તો પછી ૧૨૬૦માં આ મુલાકાત અને ઇજાઝત કેવી રીતે ?

હિઝબુલ બહર ઉપર આ તારીખ હઝરત હાજી સાહેબ રહ.એ પોતે લખી છે, જો એને જ આધાર બનાવીએ તો ઘટનાક્રમ કંઈક આ રીતે શકય હોય શકે.

કાં તો આપ રહ. ઝિલ્હજ ૧૨૫૯ હિ.માં ત્યાં પહોંચ્યા હોય અને સીધા અરફાતમાં જઈને ૧૨૫૯ ની હજ કરી. પછી રબીઉલ આખર ૧૨૬૦ માં હિઝબુલ બહરની ઇજાઝત મળી. આ આધારે માનવું પડે કે હઝરત મીયાંજી રહ.ના અવસાન (રમઝાન કે શવ્વાલ ૧૨૫૯ હિ.) પહેલાં જ આપ રહ. જંગલોમાં જતા રહયા હતા અને છ માસ જેવો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સમય ત્યાં રહીને હઝરત મીયાંજી રહ.ના ઈન્તેકાલ પછી તુરંત સફરે નીકળી ગયા હોય.

અથવા રબીઉલ અવ્વલ ૧૨૬૦માં ત્યાં પહોંચ્યા અને રબીઉલ આખરમાં હિઝબુલ બહરની ઈજાઝત મળી અને આઠ માસ મક્કામાં રહયા પછી ૧૨૬૦ ની હજ અદા ફરમાવી. આમ માનીએ તો પ ઝિલ્હજના દિવસે ત્યાં ઉતરીને સીધા અરફાત પહોંચવાની વાત ખોટી ઠરે. હજ ૧૨૫૯ ની હજ હોય તો ૧૨૬૦ માં હિંદુસ્તાન પરત આવી ગયા હોય અને ૧૨૬૦ની હજ હોય તો ૧૨૬૧ માં પરત આવી ગયા હોય. હિંદુસ્તાન પરત આવવાની તારીખ ૧૨૬૨ હિ. લખવામાં ભુલચુક માની શકાય.

મક્કા – મદીનાનું રોકાણ

મક્કા શરીફમાં શાહ ઈસ્હાક મુહમ્મદ દહેલ્વી રહ. અને સય્યિદ કુદરતુલ્લાહ હનફી બનારસી રહ.ની મુલાકાત કરી. શાહ સાહેબ રહ.એ અમુક નસીહતો ફરમાવી. એક આ કે પોતાને બીજા દરેક કરતાં નાના સમજો. મોટાઈનો ખ્યાલ દિલમાં ન આવે. શકય હોય ત્યાં સુધી હરામ અને શંકાસ્પદ વસ્તુઓનો ઉપયોગ ન કરો. અને હર પળે આ વિચારતા રહો કે અલ્લાહ તઆલા તમને જોઈ રહયા છે, ألم يعلم بأن الله يرى નો મુરાકબહ તલ્કીન ફરમાવ્યો. પોતાના ખાનદાનના મામૂલાતની ઈજાઝત આપી અને ફરમાવ્યું કે હમણા તો મદીના શરીફની ઝિયારત કરીને પાછા હિંદુસ્તાન ચાલ્યા જાઓ. પછી ઈન્શાઅલ્લાહ બધા કામો પૂરા કરીને શાંતિથી અહીંયા આવજો.

આ દિવસોમાં મદીના શરીફ આવવા જવા માટે રસ્તો શાંતિપૂર્ણ હતો. અરબ બદૂઓ વગેરેની કોઈ ગરબડ ન હતી. આપ રહ. ઉપર મદીના શરીફ હાજરીનો શોખ પૂરો છવાયેલો હતો. આ સફરનો અસલી મકસદ પણ એ જ હતો. એટલે સય્યિદ કુદરતુલ્લાહ રહ. સમક્ષ આ મકસદ વર્ણવ્યો. સય્યિદ કુદરતુલ્લાહ મોટા સાહિબે કરામાત બુઝુર્ગ હતા. એમણે મદીનાની સફર માટે ધીરજ આપી અને પછી એમના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુરીદ અમુક બદ્દુઓને હુકમ ફરમાવ્યો કે આપ રહ.ને સલામતી પૂર્વક મદીના શરીફની ઝિયારત કરાવીને પાછા મક્કા લઈ આવે.

મદીના શરીફ પહોંચ્યા અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના રવઝહની ઝિયારતની સઆદત પ્રાપ્ત ફરમાવી. મસ્જિદે નબવીમાં એકવાર 'રવઝતુલ જન્નહ'માં આપ રહ.એ મુરાકબહ ફરમાવ્યો તો આપ રહ.એ જોયું કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હઝરત મીયાંજી નૂર મુહમ્મદ રહ.ની શકલમાં રવઝહ શરીફમાંથી બહાર આવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના હાથ મુબારકમાં વીંટાળેલો અમામહ હતો, જે આપ રહ.ના માથા ઉપર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુકી દીધો, કંઈ ફરમાવ્યું નહીં અને પાછા રવઝહ શરીફમાં ચાલ્યા ગયા.

મદીના શરીફમાં શાહ ગુલામ મુરતઝા સાહેબ ઝિન્ઝાન્વી મદની રહ.ની મુલકાત ફરમાવી અને એમની સામે મદીના શરીફમાં રહી જવાનો પોતાનો શોખ વ્યકત કર્યો તો એમણે પણ ફરમાવ્યું કે હજુ થોડો સબ્ર કરો. ઈન્શાઅલ્લાહ પાછા આવશો.

મદીના શરીફમાં મોલાના શાહ ગુલમુહમ્મદ ખાન સાહેબ રહ.ને પણ મળ્યા. આપ રહ. મુળ રામપૂરના રહેવાસી હતા. અને ત્રીસ વરસથી મદીના શરીફમાં રહેતા હતા. એમની ખિદમત અને સોહબતથી પણ લભા ઉઠાવ્યો.

મદીના શરીફ આવતી વેળા હઝરત હાજી સાહેબ રહ.ને ઈચ્છા થઈ હતી કે કોઈ બુઝુર્ગ મને મારા માંગ્યા વગર 'દુરૂદે તુનજ્જીના' પઢવાની ઈજાઝત આપે તો ઘણું સારું. ખાન સાહેબ રહ.ની સેવામાં આપ રહ.ની આ મુરાદ પૂરી થઈ અને ખાન સાહેબ રહ.એ દરૂદ શરીફ પઢવાની ઈજાઝત આપતાં ફરમાવ્યું કે શકય હોય તો રોજ એકહઝાર વાર, નહીં તો ૩૬૦ વાર, અને એ પણ શકય ન હોય તો ૪૧ વાર જરૂર પઢયા કરો અને કોઈ દિવસ છુટવા ન પામે. એના ઘણા જ ફાયદા છે.

આ સફરમાં હઝરત ખ્વાજા અબૂલ હસન શાઝલી રહ.ની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અવલાદમાંથી એક બુઝુર્ગ ઝૈદ ઝૈનુદ્દીન રહ.થી મુલાકાત થઈ અને એમની પાસેથી હિઝબુલ બહરની ઈજાઝત પણ મેળવી. આપ રહ.એ પોતે નકલ કરેલ નુસ્ખા ઉપર એની તારીખ ૧૭ રબીઉલ આખર ૧૨૬૦ હિ. રવિવાર નોંધી છે.

હિંદુસ્તાન વાપસી

હજથી પરત ફરીને આપ રહ.એ ખાનદાની જમીનનો પોતાનો ભાગ પોતાના ભાઈના નામે કરી દીધો અને પોતે અલ્લાહ તઆલા ઉપર તવક્કુલ કરીને થાનાભુવનમાં મસ્જિદ પીર મુહમ્મદવાલીના એક કમરામાં રહેવા લાગ્યા. શરૂમાં આપ રહ. એકલા જ રહેવા માંગતા હતા. કોઈને બયઅત પણ કરતા ન હતા. પીર બનીને લોકોની સામે આવવા અને પ્રસિદ્ધિથી દૂર રહેવાનો જ આપનો મકસદ હતો. અલબત્ત લોકોનો આગ્રહ વધતો ગયો એટલે પછી બયઅત કરવાનું શરૂ કર્યું. જે કોઈ મહેમાન આપની પાસે અલ્લાહનું નામ શીખવા આવતા એ બધાની મહેમાન નવાઝી આપ રહ. પોતે જ પોતાની રીતે કરતા હતા. આપ રહ. પાસે કોઈ જમીન જાગીર કે આવકનું સાધન હતું નહીં અને મહેમાનો લગાતાર આવતા જતા રહેતા હતા એટલે પરેશાની અને તંગી રહેતી હતી. થોડા દિવસ પછી આપના ભાઈ ફિદા હુસૈનના બીવીએ કહેવડાવ્યું કે તમે પોતે તો જમીન વગેરે ભાઈને આપીને તવક્કુલ ઉપર પોતાનું ગુજરાન ચલાવી રહયા છો, અને આટલા બધા મહેમાનોનો ખર્ચ ! તમને ભલે કંઈ ન એહસાસ ન હોય, પણ મને આ સારું નથી લાગતું કે હું આ ખિદમત અંજામ ન આપું. હવે જેટલા મહેમાન હોય, સવાર સાંજ કહેવડાવી દેજો, એ મુજબ ખાણું હું મોકલાવી દઈશ. આપ રહ.એ પણ આગ્રહથી કહયું કે આ બધા લોકો મારા મહેમાન છે, હું જ ખવડાવીશ, પણ આખરે માની ગયા અને ત્યાર પછી ભાઈના ઘરેથી મહેમાનોનું ખાણું આવવા લાગ્યું.

આ દિવસોમાં થાનાભુવનમાં એકરાત્રે આપ રહ.એ ખ્વાબ જોયું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ખુલફાએ રાશિદીન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પધાર્યા છે. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આપ રહ. ઉપર ઘણી જ શફકત અને તવજ્જો ફરમાવી રહયા છે. ખ્વાબમાં એમ પણ જોયું કે ભાઈના ઘરે એમના બીવી ખાણું પકાવી રહયાં છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમની પાસે જઈને ફરમાવ્યું કે તમે ઉઠી જાઓ, ઈમ્દાદુલ્લાહનું ખાણું હું પકાવીશ. એના મહેમાન ઉલમા છે, હું એમનું ખાણું પકાવીશ. આ ખ્વાબ પછી મોટા ઉલમાએ કિરામ આપ રહ.થી બયઅત થવા આવવા લાગ્યા. અત્યાર સુધી સામાન્ય માણસો બયઅત થયા હતા. આ ખ્વાબ પછી ઉલમાએ કિરામ એક પછી એક બયઅત થવા આવવા લાગ્યા. સૌપ્રથમ હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. આપની સેવામાં આવીને બયઅત થયા. (ઈમ્દાદુલ મુશ્તાક : ૨૧/શમાઈમે ઈમ્દાદીયહ : ૨૬)

તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે હઝરત ગંગોહી રહ.ના બયઅત થવાના અમુક દિવસ પછી હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. બયઅત થયા. અને નવાઈની વાત હઝરત નાનોત્વી રહ.ના હાજી સાહેબ રહ. સાથે સંબંધ હઝરત ગંગોહી રહ. કરતાં પણ જૂના હતા પણ બયઅત થવા અને ખિલાફત મળવાની સઆદત હઝરત ગંગોહી રહ. માટે પહેલી લખાયેલી હતી.

ત્યાર પછી આપ રહ.ને અલ્લાહ તઆલાએ એવું સ્થાન આપ્યું કે તે સમયના અનેક મોટા ઉલમાએ કિરામ આપ રહ.ની સેવામાં એકપછી એક આવીને બયઅત થવા લાગ્યા.

એમના પછી હઝરત મવલાના અબ્દુર્રહમાન કાંધલ્વી રહ. મોલ્વી મુહમ્મદ હસન સાહેબ પાનીપતી રહ. હઝરત મવલાના યાકૂબ નાનોત્વી રહ. હાફિજ મુહમ્મદ યૂસુફ સાહેબ બિન હાફિઝ મુહમ્મદ ઝામિન થાનવી રહ. મોલાના હકીમ ઝિયાઉદ્દીન સાહેબ રામપૂરી રહ. મવલાના ફૈઝલ હસન સાહેબ અદીબ સહારનપૂરી રહ. વગેરે.. શમાઈમે ઈમ્દાદીયહ બીજા અનેક ઉલમાએ કિરામના નામોનો ઉલ્લેખ છે. છેલ્લે અમે આપ રહ.ના ખલીફાઓની એક યાદી આપીશું એનાથી અંદાઝો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરી શકાશે કે કેવા મહાન ઉલમાએ કિરામની રૂહાની તરબિયત આપ રહ.ના હાથે લખાયેલી હતી, અને આપ રહ.નું હિંદુસ્તાનના ઉલમાએ કિરામ રહ. ઉપર કેટલું મહાન એહસાન છે.

કદી કદી થાનાભુવન છોડીને સફર પણ કરતા હતા, જેથી રોજની ભીડથી કંઈક છુટકારો અને એકાંત મળે. વધુ પડતા પીરાને કલ્યર, દિલ્હીમાં હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી રહ. અને અન્ય બુઝુર્ગોના મઝાર ઉપર જતા હતા. પાનીપત હઝરત શૈખ શમ્સુદ્દીન પાનીપતી રહ. અને હઝરત શેખ જલાલુદ્દીન પાનીપતી રહ.ના મઝાર ઉપર પણ જતા હતા. આ સિવાય બીજા કોઈ મકામે જવાનું ઘણું જ ઓછું થતું હતું.

પીરમુહમ્મદવાલી મસ્જિદમાં હઝરત હાજી સાહેબ ઉપરાંત હઝરત મીયાંજી રહ.ના બીજા બે ખલીફાઓ હઝરત હાફિજ ઝામીન શહીદ સાહેબ રહ. અને શેખ મુહમ્મદ થાનવી રહ. પણ રહેતા હતા. આ ત્રણેવ બુઝુર્ગોના કારણે આ મસ્જિદ 'દુકાને મઅરિફત' કહેવાતી હતી. ત્રણેવ બુઝુર્ગો આ મસ્જિદમાંથી ઈશ્કે ઈલાહી અને મઅરિફતે હકની એવી દોલત લુટાવીને ગયા છે કે આજ સુધી એનાથી અનેક પેઢીઓ ફૈઝ ઉઠાવી રહી છે. અત્રેથી ફૂટેલા એ પવિત્ર ઝરણાથી આજે પણ લોકો એમની ઈશ્કની તરસ અને મઅરિફતની ભુખ મિટાવી રહયા છે.

લોકોના દિલો સાફ કરીને પાક પવિત્ર કરવાની સાથે અંગ્રેજો સામે જિહાદ કરવાની તૈયારી પણ આ મસ્જિદ થકી જ આ બુઝુર્ગો અંજામ આપતા હતા. એટલે કે મુસલમાનોના દીન અને દુનિયા, બન્ને પ્રકારની મહેનતોનું કેન્દ્ર આ મસ્જિદ હતી.

અંગ્રેજો સામે જિહાદ

હઝરત હાજી સાહેબ રહ.ની જવાનીના દિવસો દિલ્હીમાં પસાર થયા હતા. આ દિવસોમાં અંગ્રેજ સરકાર વિરુદ્ધ લોકોની નારાજગી દિવસે દિવસે વધી રહી હતી. વિશેષ કરીને મુસલમાનોમાં અને એમાંયે ઉલમા પહેલેથી જ અંગ્રેજોના વિરોધી હતા અને અંગ્રેજને દેશમાંથી બહાર કાઢી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુકવાની તદબીરો કરતા હતા. સય્યિદ અહમદ શહીદ રહ.ની તહરીકે જિહાદ એનો જ એક ભાગ હતો. આ તહરીકે જિહાદનું મુખ્ય પીઠબળ દિલ્હીના ઉલમા જ હતા. હાજી સાહેબ રહ.એ દિલ્હીના રોકાણ અને તાલીમ દરમિયાન ઉલમાએ કિરામના હાથે આઝાદી અને જિહાદની આ શરાબ પણ પેટ ભરીને પીધી હતી. અગાઉ અમે જણાવ્યું એ મુજબ આપ રહ.ના પહેલા પીરો મુરશિદ શેખ નસીરુદ્દીન તો સીધી રીતે જ જિહાદી ચળવળ સાથે જોડાયેલા હતા અને જરૂર પડયે પોતે મેદાને જિહાદમાં જઈને અંગ્રેજો અને શીખો સામે સીધી રીતે લડયા હતા અને એમાં જ આપની વફાત થઈ હતી. ૧૨૫૬ હિજરી (૧૮૪૦ ઈ.)માં એમની વફાત પછી હઝરત મવલાના શાહ ઈસ્હાક રહ. હિજરત કરીને મક્કા ચાલ્યા ગયા. દિલ્હીમાં અત્યાર સુધી તહરીકે જિહાદના સરપરસ્ત તેઓ જ હતા. એમના ગયા પછી મવલાના ઉબૈદુલ્લાહ સિંધી રહ.ના કહેવા મુજબ મક્કા જ તહરીકે જિહાદનું કેન્દ્ર બની ગયું હતું. અલબત્ત દિલ્હી ખાતે હઝરત મવલાન મમ્લૂક અલી રહ.(૧૨૬૭–૧૮૫૦ દિલ્હી)ના પ્રમુખપદે મવલાના કુત્બુદ્દીન દહેલ્વી રહ.(૧૨૮૯–૧૮૭૨ મક્કા),મવલાના મુઝફ્ફર હુસૈન કાંધલવી રહ. (૧૨૮૩– ૧૮૬૬, મદીના) અને મવલાના શાહ અબ્દુલ ગની દહેલ્વી રહ.(૧૨૯૫ મદીના) ની એક કમીટી બનાવવામાં આવી હતી. અને ૧૨૬૧ માં જયારે હઝરત હાજી સાહેબ રહ. હજ માટે તશરીફ લઈ ગયા તો શાહ ઈસ્હાક સાહેબ રહ.એ હાજી સાહેબ રહ.ને પણ આ કામ માટે નિયુકત કર્યા હતા. (ઉલમાએ હિંદ કા શાનદાર માજી : ૮૩૩)

મે,૧૮૫૭ (૧૨૭૩ હિ.)માં જયારે અંગ્રેજો વિરુદ્ધ બગાવત અને લડાઈ (જિહાદ)નું એલાન થયું અને રમઝાન ૧૨૭૩ હિ. પછી જયારે એની જાણકારી હાજી સાહેબ રહ. અને એમના સાથીઓને પહોંચી તો મશ્વેરા માટે તાત્કાલિક એક મીટીંગ બોલાવવામાં આવી. હઝરત મોલાના કાસિમ રહ.ને નાનોતાથી, હઝરત મવલાના રશીદ અહમદ રહ.ને ગંગોહથી અને હઝરત મવલાના મુહમ્મદ યાકૂબ સાહેબ રહ.ને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સહારનપૂરથી બોલાવવામાં આવ્યા. આ જ અવસરે હઝરત મવલાના રહમતુલ્લાહ કીરાનવી રહ.ને સ્થિતિનો તાગ મેળવવા માટે દિલ્હી પણ મોકલવામાં આવ્યા હતા. એમણે બતાવેલ સ્થિતિ પ્રમાણે દિલ્હીમાં બાદશાહ બહાદુરશાહે આઝાદીની લડત અથવા બગાવતની આગેવાની તો લીધી હતી, અલબત્ત આ લડાઈનું કોઈ યોગ્ય આયોજન ન હતું. કોઈ કેન્દ્રીય નેતૃત્વ અને માર્ગદર્શન પણ ન હતું. આરંભે તો દિલ્હીમાં એક પ્રકારનો ફસાદ જ હતો. અલબત્ત પાછળથી જનરલ બખ્ત ખાન એક વ્યવસ્થિત ફોજ લઈને દિલ્હી પહોંચ્યા પછી કંઈક વ્યવસ્થા અને શિસ્ત દેખાયી. જનરલ બખ્ત ખાને દિલ્હીની જામેઅ મસ્જિદમાં ઉલમાએ કિરામની એક મીટીંગ પણ બોલાવી હતી જેથી આ લડાઈને ઈસ્લામી અને ન્યાયી સિદ્ધાંતોના આધારે યોગ્ય રીતે લડવા ખાતર જરૂરી સુધારા કરવામાં આવે.

દિલ્હીની બગાવત અને દેશભરમાં ફેલાય રહેલ અંગ્રેજ વિરોધી માહોલનો ફાયદો ઉઠાવવો એ સમયની માંગ હતી. અને આ જ ખાસ સમય હતો કે હવે અફગાનિસ્તાન અને સરહદપ્રાંતના બદલે તહરીકે જિહાદને દિલ્હીની આસપાસ પણ લડવામાં આવે. એટલે આ મશ્વેરામાં તુરંત હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ને અમીર નક્કી કરવામાં આવ્યા. અને હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.ને કાઝી, હઝરત મવલાના કાસિમ સાહેબ નાનોત્વી રહ. લશ્કરના અમીર અને હાફેજ ઝામીન શહીદ રહ. અને મોલાના મુનીર નાનોત્વી રહ.ને ફોજના અફસર નિયુકત કરવામાં આવ્યા.

૧૮૫૭ની બગાવતના આરંભે મોલાના રહમતુલ્લાહ સાહેબ રહ.ની રિપોર્ટ મુજબ દિલ્હીમાં બાદશાહની આસપાસ નેતૃત્વ અને માર્ગદર્શન માટે કોઈ યોગ્ય માણસો ન હતા, એટલે આ મશ્વેરા પછી તુરંત બાદશાહને યોગ્ય માર્ગદર્શન આપવા અને શિસ્ત – વ્યવસ્થાની સ્થાપનાની તાકીદ કરવા માટે અમુક માણસો મોકલવામાં આવ્યા. મોલાના મુહમ્મદ મીયાં સાહેબ રહ.ના લખવા મુજબ નવાબ શેર અલી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુરાદાબાદી બાદશાહના બોલકા દરબારી હતા. એમને બાદશાહ પાસે વિશેષ નસીહત માટે મોકલવામાં આવ્યા. (ઉલમાએ હિન્દ કા શાનદાર માઝી :૮૩૫)

મોલાના મનાઝિર અહસન ગીલાની રહ.એ સવાનેહ કાસમી (૧–૧૩૭) ઉપર એક રિવાયત આ લખી છે કે નવાબ શેર અલીને મોકલવાનો આશય બાદશાહને આઝાદીની લડતમાં શામેલ થવા રાજી કરવાનો હતો. આ જ પેજ ઉપર બીજી રિવાયત આ લખી છે કે નવાબ શેર અલીને મોકલવાનો આશય આ હતો કે બાદશાહ દિલ્હીથી શામલી તરફ આક્રમણ કરે અને આ જમાઅત આ બાજુથી.. આ કરવાથી આ આખો વિસ્તાર અંગ્રેજોના નાપાક અસ્તિત્વથી પાક થઈ જાય. આ બીજું કથન એટલા માટે વધારે યોગ્ય છે કે આઝાદીની લડત અથવા બગાવતનું એલાન બાદશાહ પહેલાં જ કરી ચુકયા હતા.

થાનાભુવનમાં સ્વતંત્ર સરકાર

આ દરમિયાન જૂન મહીનામાં થાનાભુવનના રઈસ કાઝી ઈનાયત અલીના ભાઈ કાઝી અબ્દુર્રહીમ સાહેબ હાથી ખરીદવા સહારનપૂર ગયા તો કોઈએ એમના વિશે અંગ્રેજ અફસરને બાતમી આપી કે આ માણસ પણ અંગ્રેજ સરકારનો બાગી છે અને દિલ્હી મદદ મોકલવા માટે જ હાથી ખરીદવા આવ્યો છે. અંગ્રેજ અફસરે તુરંત એમને પકડીને ફાંસી આપી દીધી. થાનાભુવન અને આસપાસના લોકો આ ઘટનાથી ઓર ભડકી ગયા અને હઝરત હાજી સાહેબ રહ. પાસે આવીને આ સ્થિતિમાં કોઈ અમારી સરપરસ્તી કરે એવું રહયું નથી, એટલે આપ રહ. અમીરુલ મુઅમિનીન બનીને અમારા મામલાઓની પતાવટ કરો. એટલે ફરીવાર એક મીટીંગ બોલાવવામાં આવી અને વિશેષ કરીને જિહાદ કરવો કે ન કરવો એના વિશે ચર્ચા કરવામાં આવી. આ વેળા દિલ્હીમાં જનરલ બખ્તખાન અને મોલાના સરફરાઝ અલી સાહેબ દ્વારા દિલ્હીની વ્યવસ્થા મજબૂત કરી લેવામાં આવી હતી અને ફોજને યોગ્ય નેતૃત્વ મળી રહયું હતું એટલે મજલિસમાં શરીફ લગભગ બધા જ ઉલમાએ કિરામે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દિલ્હીના જિહાદી ફતવા (અથવા બગાવતના એલાન)નું સમર્થન કરવાનું નક્કી કર્યું. અલબત્ત હઝરત મવલાના શેખ મુહમ્મદ થાનવી રહ. આ બાબતે સહમત ન હતા. હઝરત મવલાના કાસિમ સાહેબ નાનોત્વી રહ.એ મજલિસમાં એમના અમુક સવાલોના જવાબ આપીને એમને આ બાબતે રાજી કરવાના પ્રયાસો કર્યા. જિહાદ માટે કોઈ અમીર હોવા જોઈએ એના જવાબમાં મોલાના કાસિમ નાનોત્વી રહ.એ તુરંત કહયું કે અમીર નિયુકત કરવામાં વાર શેની ? મુરશિદે બરહક હઝરત હાજી સાહેબ મોજૂદ છે, એમના હાથો ઉપર બયઅતે જિહાદ કરી લઈએ. પછી બધાએ હઝરત હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત ફરમાવી.

મવલાના મુહમ્મદ મીયાં સાહેબ રહ.ના લખવા મુજબ પહેલી મીટીંગમાં એક પ્રકારે સરકાર રચના માટે બયઅત થઈ હતી અને આ મીટીંગમાં જાન – માલની કુરબાની માટે બયઅત કરવામાં આવી.

ત્યાર પછી અંગ્રેજો વિરુદ્ધ લડાઈ, હાફિજ ઝામિન રહ.નું શહીદ થવું, સમગ્ર આઝાદીની લડત એટલે કે બગાવત નિષ્ફળ જવી અને અંગ્રેજો દ્વારા બદલાની ક્રુર કાર્યવાહી વગેરે ઘટનાક્રમ ટુંકમાં નીચે મુજબ છે :

અંગ્રેજ તોપખાના અને શામલી ઉપર ચડાઈ

આ મજલિસ પછી હઝરત હાજી સાહેબ રહ.ની સરદારીમાં અંગ્રેજો વિરુદ્ધ જિહાદની તૈયારી શરૂ કરી દેવામાં આવી. આ બુઝુર્ગોના સેંકડો શાગિર્દો ઉપરાંત સામાન્ય લોકોમાં પણ એમના ઘણા મુરીદો અને અકીદતમંદો હતા એટલે હઝારો લોકો એમની આસપાસ ભેગા થઈ ગયા. હથિયારો ઉપર કોઈ સરકારી પાબંદી ન હતી, એટલે લોકો પાસે જે સામાન્ય હથિયારો બંદૂકો વગેરે હતી એ પણ ભેગા કરવામાં આવ્યા. થાનાભુવન અને આસપાસના વિસ્તારમાં એક હકૂમતનું એલાન કરીને અંગ્રેજના તાબાહેઠળના સિપાહીઓ અને અધિકારીઓને હાંકી મુકવામાં આવ્યા.

આ દરમિયાન ખબર મળી કે સહારનપૂરથી શામલી મુકામે તોપખાનું મોકલવામાં આવ્યું છે અને એક પલટન એને લઈને શામલી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જઈ રહી છે, જે રાત્રે અહીંયાથી પસાર થશે. લોકોને આ સમાચારથી પરેશાની થઈ, કારણ કે મુજાહિદીન પાસે જે હથિયારો હતા એ જૂના અને અપૂરતા હતા. તલવારો અને જૂના પ્રકારની કારતૂસ વગરની બંદૂકો હતી. એનાથી તોપનો મુકાબલો અઘરો હતો. હઝરત ગંગોહી રહ.એ ફરમાવ્યું કે ફિકર ન કરો, એની વ્યવસ્થા કરી લેવામાં આવશે. શામલીનો રસ્તો એક બાગના કિનારેથી જતો હતો. મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.ને ત્રીસ ચાલીસ મુજાહિદીનના અમીર બનાવવામાં આવ્યા હતા. આપ રહ. બધાને લઈને રાત્રે બાગમાં છુપાય ગયા. બધાને તૈયાર રહેવાનો આદેશ આપીને કહયું કે જયારે હું કહું તો એકદમ ફાયર કરવામાં આવે. તોપખાનું લઈને પલટન બાગ પાસે પહોંચી તો બધાએ એકદમ ફાયર કર્યો. પલટનના સિપાહીઓ ગભરાય ગયા. એમને થયું કે કોણ જાણે કેટલા માણસો આસપાસ સંતાયેલા હોય. તોપખાનું છોડીને બધા નાસી છુટયા. તોપખાનું કબજે લીધા પછી નક્કી કરવામાં આવ્યું કે શામલી ઉપર ચડાઈ કરવામાં આવે. શામલી એ વેળા તાલુકા મથક હતું અને અંગ્રેજ સૈન્યનું એક નાનું મથક ગણાતું હતું. અત્રેના એક જાટ સરદાર મહેરસિંઘ પણ બગાવત માટે તૈયાર હતા અને દિલ્હી બાદશાહ સાથે વાતચીત શરૂ કરી દીધી હતી. આમ શામલી ઉપર ચડાઈ કરીને એમની મદદ કરવાનો પણ આશય હતો.

શામલી ઉપર ચડાઈ કરવામાં આવી તો શામલીમાં મોજૂદ અંગ્રેજ સરકારના તાબાના સિપાહીઓ અને અફસરો કિલ્લાંબધ થઈ ગયા અને અંદરથી મુજાહિદો ઉપર ફાયરીંગ કરવા લાગ્યા. અંદર જવાનો કોઈ અવસર દેખાતો ન હતો. હઝરત હાજી સાહેબે રહ.એ તક જોઈએ અમુક ઝુપડીઓની લાકડીઓ ભેગી કરીને કોઠી (ગઢી)ના દરવાજા સામે મૂકીને આગ લગાવી દીધી. એનાથી કોઠીનો દરવાજો સળગી ગયો અને મુજાહિદીનને અંદર જવાનો મોકો મળી ગયો. અંગ્રેજના તાબાના બધા સિપાહીઓ અને અધિકારીઓ માર્યા ગયા અને રાતે બધા મુજાહિદીન પાછા થાનાભુવન આવી ગયા. હાફિઝ ઝામિન રહ. આ લડાઈમાં જ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શહીદ થયા. આ ઘટના ૨૪ મુહર્રમ ૧૨૭૪, ૧૩ સપ્ટેમ્બરની હતી.

એના પાંચ દિવસ પછી અંગ્રેજાએ બદલો લેવા થાનાભુવન ઉપર આક્રમણ કર્યું, મુજાહિદ લોકો તૈયાર જ હતા. શહેરમાં ઘુસ્યા પછી અંગ્રેજોને મોટું નુકસાન ઉઠાવીને નાસવું પડયું અને ઘણા સિપાહીઓ માર્યા ગયા. ત્યાર પછી વધારે તૈયારી કરીને સપ્ટેમ્બરના અંતે ફરીવાર થાનાભુવન ઉપર અંગ્રેજાએ ચડાઈ કરી. આ વેળા એમની તૈયારી વધારે હતી. તોપો વડે ગોળા ફેંકતા તેઓ અંદર આવી ગયા અને મકાનોને આગ લગાવી દીધી. અલબત્ત હઝરત હાજી સાહેબ રહ. કાઝી ઈનાયત અલી અને વધુ પડતા મુજાહિદીન અને એમના ઘરવાળાઓ સલામત બહાર નીકળી ગયા હતા. જે કોઈ શહેરમાં રહી ગયો એને ફાંસીએ ચડાવી દેવામાં આવ્યો અને આખા થાનાભુવનને બરબાદ કરી દેવામાં આવ્યું.

તારીખે જંગે આઝાદીએ હિંદમાં છે કે ત્રણ દિવસ ઘેરો ઘાલ્યા પછી તહસીલ (શામલી)નો દરવાજો તોડી પાડવામાં આવ્યો... જયારે તહસીલ લૂટાઈ જવાના સમાચાર સહારનપૂર પહોંચ્યા તો અંગ્રેજ લશ્કર મોકલવામાં આવ્યું. અને થાનાભુવન ઉપર તોપના ગોળા છોડવામાં આવ્યા. આ તોપખાનાનો અફસર હઝરત હાજી સાહેબ રહ.નો અકીદતમંદ હતો. એણે તોપના નાળચાં ઊંચા કરી દીધાં, એટલે બધા ગોળા ઉપરથી જ પસાર થઈ ગયા. સવારે અંગ્રેજ અધિકારીને આ બાબતની ખબર પડી તો આ અફસરને ગોળીએ દઈ દીધો અને થાનાભુવન ઉપર ગોળા વરસાવવા શરૂ કર્યા. પરંતુ કસ્બામાંથી ક્રાંતિકારીઓ બહાર આવી ગયા અંગ્રેજ લશ્કરને પાછળ ધકેલી દીધું. ડીસ્ટ્રીક ગઝેટમાં છે કે થાનાભુવન બગાવતનું કેન્દ્ર હતું.... અંગ્રેજોએ શીખો અને ગોરખાઓની મદદ વડે સાત કલાકની લડાઈ પછી ક્રાંતિકારીઓ (મુજાહિદીન)ને હાર આપી. (૪૦૨)

અલબત્ત હવે સ્થિતિ બધે જ બદલાય ગઈ હતી. પહેલાં રોજ કોઈને કોઈ સ્થળેથી અંગ્રેજોના હારવાના સમાચાર આવી રહયા હતા, હવે એના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બદલે દેશવાસીઓ અને આઝાદી માટે લડનાર લોકોના હારવાના સમાચાર આવવા લાગ્યા. દિલ્હી ઉપર અંગ્રેજોનો સંપૂર્ણ કબજો થઈ ગયો. આ સ્થિતિમાં દરેક પોતપોતાના વતને પરત ફરવા લાગ્યા અને અંગ્રેજોએ એમના બાતમીદારોની સહાયથી બગાવત કરનારાઓની ધરપકડ અને ફાંસીઓ શરૂ કરી. હઝરત શૈખુલ હિન્દ રહ. આ બધા ઘટનાક્રમને પોતાની મહેનત સાથે જોડીને જોતા હતા, એટલે જ ફરમાવતા હતા કે એમ લાગતું હતું કે આ બધો જોશ અને જુસ્સો અને જિહાદની ચળવળ ફકત હઝરત હાફેઝ ઝામિન સાહેબ રહ.ની શહાદત માટે જ ઉભી કરવામાં આવી હતી. *(ઉલમાએ હિન્દ કા શાનદાર માજી:૮૩૯)*

જેમ શામલીમાં હઝરત હાજી સાહેબ રહ.એ અંગ્રેજો વિરુદ્ધ બગાવતની કમાન સંભાળી હતી એવી જ રીતે 'કીરાના' અને એના આસપાસના વિસ્તારોમાં હઝરત મવલાના રહમતુલ્લાહ કીરાનવી રહ.એ બગાવતનું નેતૃત્વ કર્યું હતું. 'ઉલમાએ હિન્દ કા શાનદાર માજી' નામી કિતાબમાં છે કે એ દિવસોમાં કીરાનાની જુમ્અહ મસ્જિદની સીડીઓ ઉપર નગારું વગાડવામાં આવતું હતું, જેને સાંભળીને લોકો ભેગા થતા હતા અને પછી એલાન થતું હતું કે 'મુલ્ક ખુદા કા ઓર હુકમ મોલ્વી રહમતુલ્લાહ કા'. પછી લોકોને અંગ્રેજોનો મુકાબલો કરવાનું કહેવામાં આવતું હતું અને લડાઈની તૈયારી કરવામાં આવતી હતી. આ લડાઈ (બળવો) નિષ્ફળ ગયો તો મવલાના રહમતુલ્લાહ રહ. પણ મક્કા હિજરત કરી ગયા અને પછી ત્યાં 'મદરસા સવલતિયહ'ની સ્થાપના ફરમાવી, આજે આ મદરસો મક્કા મુકર્રમહની એક મોટી યુનિવર્સિટી ગણાય છે.

હાજી સાહેબ ભુગર્ભમાં.

અંગ્રેજો તરફથી ધરપકડ શરૂ થઈ તો હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ.નું નામ એમાં આગળ હોય એ સ્વભાવિક છે એટલે હાજી સાહેબ રહ. છુપાય ગયા અને એક સ્થળેથી બીજા સ્થળે ફરતા રહયા. લગભગ દોઢ વરસ અંબાલા, પંજલાસા, મુઝફ્ફરપૂર, સહારનપૂર વગેરે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જિલ્લાઓના ગામડાઓમાં પસાર કરીને ૧૨૭૬ માં હિજરત કરવાના ઇરાદે કરાચી પહોંચીને દરિયાઈ જહાઝ મારફતે મક્કા રવાના થયા.

આ દિવસોના અનેક અજીબ કિસ્સા કિતાબોમાં લખવામાં આવ્યા છે. કરામતો અને બરકતો જાહેર થવાની સાથે પરેશાનીઓ અને તકલીફો પણ આપ રહ.એ ઘણી ઉઠાવવી પડી. એક બે ઘટનાઓનો અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે.

પંજલાસામાં એક રઈસ રાવ અબ્દુલ્લાહ ખાન હતા. હાજી સાહેબના અકીદતમંદ પણ હતા અને પીરભાઈ પણ. સરકારી પહોંચ ધરવતા હતા અને સરકારના વફાદાર પણ ગણાતા હતા. હાજી સાહેબ રહ. એમના ત્યાં રોકાયેલા હતા. હાજી સાહેબ રહ.ના નામે ધરપકડનું વોરંટ હતું. ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. આવા એક મોટા સરકારી બગાવતીને પોતાને ત્યાં રાખવા કે સંતાડવા એક પ્રકારે પોતાની બરબાદીનો સબબ હતો. પણ રાવ સાહેબને આ બધા ખતરાઓની કોઈ પરવા ન હતી.

કુદરતનું કરવું કે આ જ દિવસોમાં રાવ સાહેબના ઈખ્લાસ અને હિમ્મતની કસોટી આવી પહોંચી. કોઈએ બાતમી આપી દીધી કે રાવ સાહેબના તબેલામાં હાજી ઈમ્દાદુલ્લાહ છુપાયેલા છે. સવારે સુરજ ઉગવાની સાથે જ કલેકટર સિપાહીઓની ટુકડી લઈને આવી પહોંચ્યો. કોઈએ પૂરી બાતમી આપી હતી અને તબેલાની કોટડીનું નિશાન સુદ્ધાં બતાવી દીધું હતું.

કલેકટરને જોઈને રાવ સાહેબ તુરંત સમજી ગયા કે કંઈક ગરબડ છે અને મામલો નાજુક છે. મારા ઘરમાંથી હાજી સાહેબની ધરપકડ થશે એ વિચારીને પણ એમનું કલેજું તાળવે આવી ગયું. ધબકારા વધી ગયા. પણ તુરંત સ્વસ્થ થયા અને એકદમ તપાકથી કલેકટરને આવકારીને બેસાડયો. પૂછયું કે કેમ આવવાની તકલીફ લીધી ? કલેકટરે બહાનું કાઢયું કે અમે સાંભળ્યું છે કે તમારે ત્યાં ઉમદા નસલના ઘોડા આવ્યા છે. અમે વિચાર્યું છે પોતે જઈને જોઈ આવીએ. આટલું કહીને અંગ્રેજ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કલેકટર સીધો તબેલા તરફ ચાલવા લાગ્યો.

તબેલામાં ફરતાં ફરતાં અંગ્રેજ વારંવાર રાવ સાહેબના ચહેરા પર નજર કરતો હતો. એ નવાઈમાં હતો કે રાવ સાહેબના ચહેરા ઉપર ડર કે ખોફનું કોઈ નિશાન નથી.

ઘાસ ભરવાની ઓરડીમાં હાજી સાહેબનો બિસ્તર હતો. ચાશ્તનો સમય હતો. કલેકટરે ત્યાં પહોંચીને એ ઓરડી પણ ખોલાવી દીધી. ઓરડીમાં મુસલ્લો પાથરેલો હતો. વુઝૂના પાણીથી પાસેની જમીન ભીની થયેલ સ્પષ્ટ દેખાતી હતી. બાજૂમાં લોટો પણ હતો. પણ કોઈ નમાઝ પઢનાર ન હતું. કલેકટરે કોઠડીના એક એક ખુણાને તપાસ્યો પણ કોઈ દેખાયું નહીં. એટલે રાવ સાહેબને પૂછયું કે આ મુસલ્લો વગેરે શું છે ? કોઈ માણસ તો અહીંયા છે નહીં. હાજી સાહેબના ગાયબ હોવાથી રાવ સાહેબને હવે વધારે હિમ્મત આવી ગઈ હતી. કહયું કે આ તો નમાઝ પઢવા માટે છે. કલેકટરે કહયું કે અહીંયા કેવી નમાઝ ? નમાઝ તો મસ્જિદમાં પઢવામાં આવે છે. રાવ સાહેબે જણાવ્યું કે મસ્જિદમાં તો ફરજ નમાઝ પઢીએ છીએ. નફલ વગેરે નમાઝો અને ઈબાદત તો આવા ખુણામાં પઢીએ એ જ વધારે બેહતર છે.

કલેકટર ખાલી હાથે પાછો ફર્યો અને બહાનું બતાવ્યું કે અફસોસ કોઈ ઘોડો અમને પસંદ ન પડયો. રાવ સાહેબ કલેકટરની બલા રવાના કરીને પાછા આવ્યા તો હાજી સાહેબ નમાઝમાં મશગૂલ હતા. (ઉલમાએ હિન્દ કા શાનદાર માજી : ૮૪૬)

એક ગામમાં કોઈના ઘરે આપ રહ. રોકાયા હતા. રાતના સમયે અચાનક પોલીસ ફોર્સ એ ઘરે આવી પહોંચી અને તલાશી શરૂ કરી દીધી. ઘર માલિકે આપ રહ.ને એક ખાટલા ઉપર સુવડાવીને રઝાઈ ઓઢાડી દીધી. તલાશી ઓરતોના કમરા તરફથી શરૂ થઈ તો ઘર માલિક ચોધરી સાહેબ પોલીસ ફોર્સ સાથે ચાલતા ચાલતા ઘરના નોકરોને બુમ પાડીને કહેવા લાગ્યા કે આ ઘરડા ડોસાને બહાર ખેતરમાં મુકી આવો. ખાંસી ખાયને આખું ઘર ગળફા વાળું કરી દીધું છે. પોલીસ પોતાની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તપાસમાં મસ્ત હતી, એને ચોધરી સાહેબની વાત બાબતે કોઈ શંકા પણ ન થઈ અને આપ રહ.ને ઘર બહાર દૂર પહોંચાડી દેવામાં આવ્યા. (ઉલમાએ હિંદ કા શાનદાર માજી : ૮૪૬)

'ઉલમાએ હિન્દ કા શાનદાર માજી'માં આવી જ બીજી અનેક ઘટનાઓ લખી છે કે આપ રહ. કોઈને ત્યાં રોકાયા હોય અને કોઈ બાતમીદારના કારણે એના ઘરે તપાસ આવી પહોંચે. એટલે પછી આપ રહ.એ મક્કહ મુકર્રમહ હિજરત કરી જવાનું નક્કી કર્યું. અંગ્રેજ સરકારના હાથમાં કેદ થવામાં કોઈ બહાદુરી ન હતી. ભવિષ્યને વધારે અંધારું કરવા સમાન બાબત હતી. સમજદારીની વાત આ જ હતી કે આજે કોઈ પણ રીતે અંગ્રેજ સામે પોતાના અને મુસલમાનોના અસ્તિત્વને બચાવી રાખવામાં આવે તો પછી ઈસ્લામ અને મુસલમાનોની ભલાઈ કરવાના અવસરો ઘણા મળી આવશે. ભવિષ્ય માટે પોતાની શકિતઓ સંઘરી રાખવાના આ દિવસો હતો.

આપ રહ. ફરતા ફરતા પંજાબ પહોંચ્યા. અહિંયાના રોકાણ દરમિયાનની એક ઘટના હઝરત ગંગોહી રહ.એ વર્ણવી છે કે, આ દિવસોમાં ફરતા ફરતા કેથલ નામી ગામમાં પણ રોકાયા હતા. હું પણ હઝરતની સેવામાં હાજર હતો. એક બુઝુર્ગ હઝરત હાજી સાહેબની મુલાકાત માટે વારંવાર આવતા હતા. શીખ લોકો આ બુઝુર્ગના ઘણા અકીદતમંદ હતા. એટલે એ બુઝુર્ગના કારણે શીખ લોકો હઝરત હાજી સાહેબ રહ.ની સેવામાં પણ આવવા જવા લાગ્યા અને એમના ગુરૂજીના અનુકરણમાં હાજી સાહેબ રહ.નો પણ અદબ કરવા લાગ્યા. (ઈરશાદાતે ગંગોહી : ૫૦)

ત્યાં પાક પટ્ટનમાં બાબા ફરીદુદ્દીન રહ.ની દરગાહ, હેદરાબાદ સિંધ વગેરે ઝિયારતગાહોની ઝિયારત કરીને કરાંચી સિંધ પહોંચ્યા. કરાંચી પહોંચ્યા તો એક જહાઝ તૈયાર હતું. એમાં સવાર થઈને મક્કા પહોંચ્યા. મક્કાની આ સફર ૧૨૭૬ હિ. ૧૮૫૯ હિ.માં એટલે કે વિપ્લવના બે વરસ પછી થઈ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અંગ્રેજો વિરુદ્ધના આ જિહાદ – લડાઈ બાબતે અમુક લોકોનું માનવું છે કે હાજી સાહેબ રહ. અને આપ રહ.ના અન્ય સાથીઓને અંગ્રેજો સામેની લડાઈ કે શામલીના બળવા સાથે કોઈ લેવા દેવા નથી, તેઓએ આ બધી પ્રવૃતિઓમાં કોઈ ભાગ નથી લીધો બલકે તેઓ આ બધી રાજકીય પ્રવૃત્તિઓથી દૂર હતા.

આ વિશે ચર્ચા કરતાં ડો. રઝી અહમદ કમાલ લખે છે :

પ્રોફેસર મુશીરુલ હક મરહૂમે એમના પુસ્તક 'મુસ્લિમ પોલીટીકસ ઈન મોર્ડન ઈન્ડીયા' (મીનાક્ષી પ્રકાશન, મે૨૬,૧૯૭૦)માં તઝકિરતુર્રશીદ વગેરે અમુક પુસ્તકોના હવાલાથી એવું પુરવાર કરવાની કોશિશ કરી છે કે હાજી સાહેબ રહ. તેમજ મવ. ગંગોહી રહ. વગેરેને શામલી, થાનાભુવન અથવા ૧૮૫૭ના જિહાદ સાથે કોઈ લેવા દેવા નથી. સવાનેહ ઉમરી મવ. કાસિમ રહ.નું લખાણ તેઓ વર્ણવે છે કે :

હાજી ઈમ્દાદુલ્લાહ, મવલાના કાસિમ, અને મવ. રશીદ અહમદ કોઈ પણ પ્રકારના હંગામાથી ઘણા દૂર રહેતા હતા. પરંતુ બગાવત ખતમ થયા પછી સરકાર લોકોની ધરપકડ કરી રહી હતી, ત્યારે કોઈએ એમના વિરુદ્ધ સરકારને જાણકારી આપી, જેના કારણે એમના વિરુદ્ધ ધરપકડનું વોરંટ જારી થયું.

ઉપરોકત સવાનેહ ઉમરીના હવાલાથી હઝ. મવ. કાસિમ રહ.નું આ કથન પણ એમણે વર્ણવ્યું છે કે મવ. કાસિમ રહ. અંગ્રેજો વિરુદ્ધ તોડફોડમાં શામેલ ન હતા.

સવાનેહ ઉમરીના હવાલાથી પ્રોફેસર સાહેબે એવા લખાણો પણ વર્ણવ્યા છે જેમાં હાજી સાહેબ રહ. અને એમના કોઈ સાથી દ્વારા લડાઈ કરવા કે બંદૂકો ચલાવવા અને ગોળીઓ વાગવાનો પણ ઉલ્લેખ છે, પણ આ બધી ઘટનાઓ જાણે કોઈ લફંગાઓ કે ડાકૂઓ સાથે થઈ હોય એ પ્રમાણેનું વર્ણન છે.

પ્રોફેસર મુશીરુલ હક સાહેબે વર્ણવેલા આવા અનેક લખાણોનો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉલ્લેખ કર્યા પછી ડો. રઝી અહમદ કમાલ સાહેબ એ બધાની સમીક્ષા કરતાં લખે છે કે, આવી કિતાબોના એક બે લખાણોને આધાર બનાવીને એવું પુરવાર કરવું કે આ લોકોને શામલી અને થાનાભુવનમાં થયેલી બગાવત – જિહાદ સાથે કોઈ લેવા દેવા નથી, ન્યાય સંગત વાત નથી.

કારણ કે તઝકિરતુર્રશીદ લખવામાં આવી ત્યારે અંગ્રેજોની સત્તા ચરમ ઉપર હતી. આવી સ્થિતિમાં અમુક વાતો સ્પષ્ટ લખી શકાય એમ ન હતી. એટલે મવલાના આશિક ઈલાહી મેરઠી રહ.એ અમુક વાતો ઇશારાઓમાં અને અસ્પષ્ટ રીતે લખી છે. મવલાના નુરુલ હસન સાહેબ દા.બ. ઉલમાએ દેવબંદ અને ઉલમાએ મઝાહિર વિશેના ઇતિહાસના વિદ્વાન છે, અનેક ઉલમાના જીવનચરિત્ર અને અન્ય વિષયો ઉપર સંશોધનપૂર્ણ કિતાબો તેઓ લખી ચુકયા છે, ઉપરોકત બાબતે તેઓ લખે છે કે,

તઝકિરતુર્રશીદમાં શામલી અને થાનાભુવનની ઘટનાઓનો ઉલ્લેખ અસ્પષ્ટ અને મોંઘમ છે. કદાચ આમ એટલા માટે હશે કે જયારે આ કિતાબ લખવામાં આવી (૧૯૦૮) ત્યારે ૧૮૫૭ ની બગાવતમાં શામેલ થઈને અંગ્રેજો વિરુદ્ધ લડનાર લોકોના વખાણ કરવા કે એમની લડાઈને દેશ – ધર્મની ખિદમત તરીકે લખવાથી કોઈ ખતરો કે નુકસાન થવાનો ભય હશે. માટે મવલાના આશિક ઈલાહી સાહેબે તઝકિરતુર્રશીદમાં એવા શબ્દોમાં ઘટનાઓ લખી છે કે 'બાગબાં ભી ખુશ રહે, રાજી રહે સય્યાદ ભી.' (બાકીયાત ફતાવા રશીદીયહ : ૯૩)

શામલી, થાનાભુવન વગેરેની ઘટનાઓ અને લડાઈમાં સીધી રીતે શામેલ હોવાના પુરાવા રૂપે હઝ. મવ. હુસૈન અહમદ મદની રહ.ની સવાનેહ – જીવનચરિત્ર 'નકશે હયાત' ને સામે રાખવી જોઈએ. મવલાના હુસૈન અહમદ રહ.ને હઝરત હાજી સાહેબ રહ. અને મવ. ગંગોહી રહ.ની સોહબતમાં રહેવાનું સદભાગ્ય મળ્યું છે. અને કહી શકાય કે તેઓ કંઈક અંશે બધી ઘટનાઓના સાક્ષી છે.

સ્વંય હઝ. હાજી સાહેબ રહ.ની કિતાબો નાના રિસાલાઓ સ્વરૂપે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છે. એમાં તસવ્વુફની વાતો અને નઅતિયા અને આરિફાના અશ્આર છે. આ કિતાબોમાં રાજકીય વિચારો અને પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કેવી રીતે હોય અને એની આવશ્યકતા પણ ન હતી. પરંતુ એમના પત્રોનું વાંચન કરવામાં આવે તો એમના રાજકીય વિચારોનો સ્પષ્ટ ચિતાર સામે આવી શકે છે. હિંદુસ્તાનથી હિજરત કર્યા પછી હાજી સાહેબ રહ.એ એમના સંબંધીઓ, અનુયાયીઓને જે પત્રો લખ્યા છે એમાં પોતાનું અસલી નામ નથી લખ્યું. કદી તારીખી નામ 'ઈમ્દાદ હુસૈન' લખ્યું તો કયાંક બીજું કોઈ નામ.

'ઉલમાએ હિંદ કા શાનદાર માજી'માં મવલાના મુહમ્મદ મીયાં સાહેબ રહ.એ પણ શામલી વગેરેના હાલાત અને હઝ. હાજી સાહેબ તેમજ આપ રહ.ના સાથીઓના વર્ણન કરતાં આ બાબતે ચર્ચા કરી છે, અને કિતાબના અંતે હવાલાઓમાં પણ આ વિશે લખ્યું છે. પેજ : ૧૦૦૨, હાશિયહ નં : ૨૮૪ માં લખે છે :

"મવલાના આશિક ઈલાહી રહ.એ કાઝી ઈનાયત અલી સાહેબને બગાવતના મુખ્ય નેતા ગણાવ્યા છે. અને હાજી સાહેબ રહ. તેમજ એમના સાથીઓએ કોઈ પ્રયાસ કર્યો હોય એવું સ્વીકાર્યું જ નથી. એનું કારણ અગાઉ વર્ણન થઈ ચુકયું છે. તે સમય અને સંજોગોનો તકાઝો આવો જ હતો અને સ્વંય મવલાના આશિક ઈલાહી સાહેબ સ્વભાવે તે સમયના અંગ્રેજોના સમર્થક હતા. મવલાના મુનાઝિર અહસન ગીલાની રહ. મોટા ગજાના લેખક અને સંશોધક હતા. ઉસ્માનિયા યુનિ. હેદરાબાદમાં દીનીયાત વિભાગના પ્રમુખ હતા. લેખન – વાંચન અને વઅઝ – તકરીરમાં એમની કદરપાત્ર સેવાઓ છે. પરંતુ સિયાસત અને રાજકરણથી દૂર અને રાજકીય ચળવળોથી અળગા રહયા. એટલે કદાચ એમને પણ આ બાબત સારી નહીં લાગી હોય કે આ પવિત્ર ઉલમાએ કિરામને ઈન્કિલાબના ઝંડાધારી ગણાવવામાં આવે. પરંતુ તથ્યો અને કથનો જે એમની સામે હતા એના આધારે વાસ્તવિકતાને નકારી શકાય એમ પણ ન હતી, એટલે એમણે એવો નિષ્કર્ષ કાઢયો કે આ બુઝુર્ગો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કાઝી ઈનાયત અલી ઉપર કરવામાં આવેલ ઝુલમના વિરોધમાં એમની મદદ માટે બગાવત અને લડાઈમાં શરીક થયા હતા.''

મક્કા મુકર્રમહમાં

હાજી સાહેબ રહ. મક્કા મુકર્રમહ પહોંચીને સહુપ્રથમ સફા પહાડી પાસે શેઠ ઈસ્માઈલની રબાત (મુસાફિરખાના)ના એક કમરામાં રોકાયા. પછી કંઈક અણગમતી બાબત પેશ આવી તો આ જગ્યા છોડી દીધી. આ જ દિવસોમાં અચાનક કોઈ પણ પ્રકારની કોશિશ વગર મક્કામાં મોજૂદ હૈદરાબાદ રિયાસતના કર્મચારીઓને હૈદરાબાદથી આદેશ પહોંચ્યો કે રિયાસતના બે મકાનોમાંથી હાજી સાહેબને જે મકાન પસંદ હોય એની ચાવી એમને આપી દેવામાં આવે. આમ એક મકાનની ચાવી હઝરત હાજી સાહેબને આપી દેવામાં આવી. ત્યાર પછી હાજી સાહેબ રહ.ના અકીદતમંદોએ હારતુલ બાબ મહોલ્લામાં એક મકાન ખરીદીને હાજી સાહેબ રહ.ને એમાં રહેવાનો આગ્રહ કર્યો. હાજી સાહેબ રહ. એમના આગ્રહને વશ થઈને આ મકાનમાં રહેવા આવી ગયા. હાજી રહ. ફરમાવતા હતા કે આ મકાન શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ.ની કયામગાહ હતી. (તઝકિરહ હાજી ઈમ્દાદુલ્લાહ : ૫૦) આ મકાન મદરસા સવલતિયહ પાસે જ હતું અને હાજી સાહેબ થોડો સમય મદરસાના દફતરમાં પણ પસાર કરતા હતા. મવલાના રહમતુલ્લાહ કીરાનવી સાહેબ આ મદરસાના સ્થાપક હતા અને હઝરત હાજી સાહેબ રહ.સાથે મદરસા બાબત સલાહ મશ્વેરો પણ કરતા હતા. બલકે મવલાના રહમતુલ્લાહ રહ.ની વફાત પછી હઝરત હાજી સાહેબ રહ.ને મદરસાના સરપરસ્ત બનાવવામાં આવ્યા હતા અને મદરસાની તરક્કી માટે આપ રહ.એ ખૂબ પ્રયત્નો કર્યા હતા. ભારતથી ત્યાં આવનાર દરેકને હાજી સાહેબ રહ. આ મદરસામાં દાખલ થવાની નસીહત ફરમાવતા હતા. (હઝ. હાજી ઈમ્દાદુલ્લાહ : ૩૯)

શમાઈમે ઈમ્દાદીયહમાં છે કે મક્કાના એક બુઝુર્ગ ઈબ્રાહીમ રશીદી સાહેબ રહ. અનેકવાર મને મળવા આગા અલ્માસની રબાત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(મુસાફરખાના)માં આવતા હતા. (૧૭૨) આ બાબતથી માલૂમ થાય છે કે આ મુસાફરખાનામાં પણ આપ રહ. થોડો સમય રોકાયા હશે.

મક્કા શરીફમાં આપ રહ. વધુ પડતા એકાંતમાં જ રહેતા હતા. કદી કદી હરમ શરીફમાં અમુક બુઝુર્ગો સાથે મજલિસમાં શરીક થતા હતા. અલબત્ત હિંદુસ્તાની લોકો સાથે અને હજ વગેરે અવસરોએ આવતા અકીદતમંદો માટે મજલિસ જરૂર કરતા હતા. મષ્નવી અને તસવ્વુફની બીજી કિતાબોનું વાંચન અત્રે પણ ચાલુ હતું. મષ્નવી શરીફનો દર્સ પણ આપતા હતા. (શમાઈમે ઈમ્દાદીયહ : ૩૩)

કમાલાતે ઈમ્દાદીયહમાં છે કે,

હઝરત હાજી સાહેબ રહ.ના ખાસ શાગિર્દ અને મુરીદ હાફિજ અબ્દુર્રહીમ થાનવી (દેવબંદી) ફરમાવતા હતા કે મક્કા શરીફમાં શરૂમાં આપ રહ. ઘણી તંગીમાં રહેતા હતા. ઘણીવાર ભુખ્યા રહેવાની નોબત આવતી. એકવાર લાંબા સમય સુધી આમ ભુખ્યા રહેવાની નોબત આવી. આપ રહ. હરમ શરીફમાં હતા, એવામાં કોઈ શેઠ સાહેબ આવ્યા અને આપ રહ.ના હાલ – ચાલ પૂછયા પછી અરજ કરી કે આપે પોતાની સામે જે લુંગી પાથરી છે એ મને આપી દયો, આપ રહ.એ તુરંત જ આપી દીધી. શેઠ સાહેબ લુંગી લઈને ચાલ્યા ગયા અને થોડીવારે એ જ લુંગી વાળી – વીંટાળીને લાવ્યા અને આપ રહ. સમક્ષ મુકીને ચાલ્યા ગયા. આપ રહ. પોતાના ઝિક્ર – અવરાદમાં મશગૂલ રહયા અને એના તરફ કંઈ ધ્યાન આપ્યું નહીં. જયારે જવા માટે ઉભા થયા અને લુંગી ઉઠાવી તો એમાં કંઈક ભાર લાગ્યો. ખોલીને જોયું તો એમાં ૨૦૦ રિયાલ હતા. આપ રહ. એમ સમજયા કે આ મારી પાસે એમની અમાનત છે, એટલે સાચવીને મુકી દીધી. પછી બીજા કોઈ સમયે એ માણસની મુલાકાત થઈ તો હાજી સાહેબ રહ.એ એને કહયું કે ભાઈ ! આવી રીતે કંઈ અમાનત મુકાતી હશે ? મને જાણ પણ ન કરી. મારી જાણ બહાર કંઈ થાત તો મારે નીચા જોવાનું થાત. એ માણસે અરજ કરી કે હઝરત ! એ તો આપની સેવામાં 'નઝર' છે. આપ એને વાપરી લેશો. આપ રહ.એ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તુરંત એ બધી રકમ વાપરી નાંખી.

નિકાહ

લગભગ ૪૮ વરસ સુધી આપ રહ. એકલા જ રહયા. કોઈ નિકાહ ફરમાવ્યા નહીં. અલબત્ત ત્યાર પછી આપ રહ.ને થયું કે નિકાહ પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની એક મોટી સુન્નત છે. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની કોઈ સુન્નતથી દૂર રહેવું એક પ્રકારે એ સુન્નતના નૂરથી દૂર રહેવા સમાન છે. અકીદતમંદોનો આ બાબતે ઘણો આગ્રહ હતો. એટલે આપ રહ.એ બીબી ખદીજા નામે એક ખાતૂનથી નિકાહ ફરમાવ્યાં. સય્યિદ હેદર અલી મરહૂમના અહલિયહ નૂરન બીબી મક્કામાં જ રહેતાં હતાં, આપ રહ.ના અકીદતમંદ પણ હતાં. એમની એક યતીમ નવાસી (હાજી શફાઅત રામપૂરી સાહેબની પુત્રી) બીબી ખદીજા એમની જ પરવરિશમાં હતી, એમણે ઘણા આગ્રહ સાથે આ નવાસીને આપના નિકાહમાં આપ્યાં. ૨૧ રમઝાન ૧૨૮૨ હિ.માં એમના નિકાહ થયા. ૬૦ રિયાલ (લગભગ ૧૨૫ હિંદુસ્તાની રૂપિયા) મહેર હતી.

આ અહલિયહના ઈન્તેકાલ પછી બીજા નિકાહ ફરમાવ્યા. આ બીજા નિકાહ શવ્વાલ ૧૩૦૮ હિજરીમાં થાનાભુવનની એક નેકખાતૂન બીબી ખૈરુન્નિસા સાથે થયા. એમની સાથે પહેલાં થાનાભુવનમાં જ નિકાહ નક્કી થયા હતા. અલબત્ત હાજી સાહેબ રહ.ની હિજરતના કારણે એમના નિકાહ બીજા ઠેકાણે થયાં. આ શોહરનો ઈન્તેકાલ થયો અને બેવા થયા પછી હાજી સાહેબ રહ. સાથે નિકાહ થયા હતા. ડો. બસીર અહમદ લખે છે :

અલ્લાહ તઆલાની કુદરત જુઓ ! વૃદ્ધાવસ્થામાં હાજી સાહેબ રહ.ના એમના સાથે નિકાહ થાય છે. બીબી ખૈરિન્નુસા ઘણા જ કમઝોર હોવા છતાં મક્કાની સફર કરે છે. નિકાહ વેળા હાજી સાહેબ રહ.ની ઉમર ૭૫ વરસ હતી. હાજી સાહેબ ઘણા જ કમઝોર થઈ ગયા હતા. નજીકના માણસને પણ ઓળખવું અઘરું હતું. આ જ હાલત બીબી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખૈરુન્નિસાની હતી. આવી સ્થિતિમાં આ નિકાહ થવાનો મતલબ આ જ છે કે આ કોઈ રૂહાની સિલસિલો હતો, અને આ બે નેક હસ્તીઓનું મિલન અલ્લાહ તઆલાની મરજી હતી.

હાજી સાહેબ રહ.ના આ અહલિયહ મુફ્તી ઈલાહી બખ્શ રહ.ના નવાસી અને મવલાના અબ્દુર્રઝાક રહ.ના માસીના દીકરી હતાં. એમણે પણ મવલાના અબ્દુર્રઝાક સાહેબ રહ. પાસે મખ્નવી પઢી હતી અને મખ્નવી સાથે ઘણો જ લગાવ ધરાવતાં હતાં. હઝરત હાજી સાહેબ રહ. પાસે મખ્નવીના સબક દરમિયાન ઉલમાએ કિરામ ઈલ્મી સવાલો કરતા હતા, જેને બીબી ખયરુન્નિસા રહ. પરદા પાછળથી સાંભળતાં હતાં, કોઈક વાર ઉલમાના સવાલો સાંભળીને એમને એટલો બધો ઉત્સાહ આવી જતો કે મારા માટે શકય હોત તો પરદામાંથી બહાર આવીને આ બધી બાબતો તુરંત સમજાવી દેત.(અલફુરકાન.માર્ચ–૧૯૮૧. પેજ ૨૨)

બીબી સાહેબા ઘણા જ નેક સાલેહ હતાં. અલબત્ત ઘણા જ કમઝોર હતાં અને આંખે દેખાતું પણ ન હતું. હાજી સાહેબ રહ. પણ ઘણા કમઝોર હતા, ઉઠવા બેસવામાં પણ સહારાની જરૂરત પડતી હતી. એક ખાતૂન મુળ રામપૂર મન્હીયારાનની રહેવાસી હાજી સાહેબ અને એમના અહલિયહની ખિદમત કરતાં હતાં. પણ હાજી સાહેબને આ બાબત પસંદ ન હતી કે આવી કમઝોરીમાં ફકત ઉઠવા બેસવા માટે પણ કોઈ નામહરમનો હાથ એમને અડે. એટલે પછી આ ખાતૂન સાથે પણ નિકાહ કરવામાં આવ્યા. જેથી તેઓ હાજી સાહેબની બધી જ ખિદમત કોઈ પણ રુકાવટ વગર કરી શકે. હયાતે ઈમ્દાદમાં છે કે આ ખાતૂન આપ રહ.ના મુરીદ પણ હતાં, બીબી અમતુલ્લાહ એમનું નામ હતું અને એમણે પોતે જ ખિદમતના આશયે નિકાહની દરખાસ્ત કરી હતી.

આમ હાજી સાહેબ રહ.ના ત્રણ નિકાહ થયા. પણ અવલાદ થઈ નહીં. હાજી સાહેબ રહ. માટે અલ્લાહ તઆલાએ રૂહાની અવલાદનો સદકએ જારિયહ નસીબમાં લખ્યો હતો. આ સદકએ જારિયહ એટલે કે રૂહાની અવલાદમાં અલ્લાહ તઆલાએ એટલી બધી બરકત આપી કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સિલસિલએ ઈમ્દાદીયહના મશાઈખો અને મુરીદો આજે વિશ્વભરમાં પથરાયેલા છે અને દીનની દરેક પ્રકારની ખિદમત તેઓ બજાવી રહયા છે. (તઝકિરહ હાજી ઈમ્દાદુલ્લાહ : ૫૭)

વફાત

હિજરી સન ૧૩૧૭ (૧૮૯૯ ઈ.) માં હાજી સાહેબ રહ.ને પેચીસનો રોગ લાગ્યો. એમાં કમઝોરી ઘણી જ વધી ગઈ. પછી પેચીસ તો સારી થઈ ગઈ પણ કમઝોરી અને બીમારીઓ ચાલતી રહી. કમઝોરીના કારણે હરમ શરીફમાં આવવાનું બંધ થઈ ગયું હતું. મદરસા સવલતિયહ સામેની મસ્જિદમાં જ નમાઝ પઢી લેતા હતા. છેલ્લે તો જુમ્અહમાં પણ હરમ શરીફમાં કદી કદી જ આવતા હતા. (નવાદિરે ઈમ્દાદીયહ : ૨૬)

છેલ્લી ઘડીઓની કંઈક વિગત હઝરત હાજી સાહેબ રહ.ના ખાદિમ મીયાં અબ્દુર્રહીમ રહ.એ આ પ્રમાણે લખી છે.

૧૨, જમાદિયુલ આખર ૧૩૧૭ હિજરી ઝુહર પછી હઝરત રહ.એ કુરઆનની તિલાવત શરૂ ફરમાવી અને સૌપ્રથમ સ્પષ્ટ રીતે કુરઆનની આ આયત પઢી :

فإذاجاء أجلهم لا يستأخرون ساعة و لا يستقدمون

ત્યાર પછી સૂરએ હશ્રની છેલ્લી આયત અને રાઝ વ નિયાઝની બીજી અમુક આયતો અલગ અલગ કરીને પઢયા. દિવસ આવો જ પસાર થયો. રાત આવી. ઈશા પછી બધા જ ભાઈબંધો એમની આદત મુજબ સમયસર હાજર થયા. થોડી વાર પછી કિબ્લએ આલમ રહ.એ સ્પષ્ટ રીતે વસીય્યત દોહરાવી અને પછી અલ્લાહની યાદમાં મશગૂલ થઈ ગયા. ઘણી બધી વાર પછી ફરમાવ્યું : અલ્લાહ એક છે. બધાને જ ખબર છે. પછી 'વહદહૂ લા શરીક લહૂ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દુહૂ વરસૂલુહ' પઢયા અને ફરી પાછા અલ્લાહની યાદમાં મશગૂલ થઈ ગયા.

જયારે વફાતનો સમય નજીક આવી ગયો તો ફરમાવ્યું : હુસ્ને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખાતિમહ કે વાસ્તે દુઆ કરો. મોલ્વી મુહિબ્બુદ્દીન રહ.એ દુઆ શરૂ કરી અને બીજા સાથીઓ દર્દભરી અવાજે આમીન કહેવા લાગ્યા. રાતના લગભગ બે વાગ્યે કરવટ બદલી, સીધા થયા અને અલ્લાહને પ્યારા થઈ ગયા. ૧૩, જમાદિયુલ આખર ૧૩૧૭ હિ. બુધવારે સવારે ૯ વાગ્યે જન્નતુલ મુઅલ્લામાં હઝરત ખદીજા રદિ.ની કબરથી થોડી દૂર હઝરત મવલાના રહમતુલ્લાહ કીરાનવી રહ.ની સાથે આપ રહ.ને દફન કરવામાં આવ્યા.

કમાલાતે ઈમ્દાદીયહમાં છે કે, મોતબર રિવાયતથી જાણવા મળ્યું કે હઝરત હાજી સાહેબ રહ.એ છેલ્લા દિવસોમાં મોલ્વી મુહમ્મદ ઈસ્માઈલ સાહેબ બિન મુલ્લા નવાબ સાહેબને વસીય્યત કરી હતી કે હું ચાહું છું કે મારા જનાઝહ સાથે જોરથી ઝિક્ર કરવામાં આવે. એમણે કહયું કે મુનાસિબ નથી. આપ રહ.એ ફરમાવ્યું કે, જેવી મરજી. પછી જયારે ઈન્તેકાલ થઈ ગયો અને જનાઝો લઈને બધા ચાલી રહયા હતા ત્યારે એક અરબ માણસ બોલ્યો કે અલ્લાહનો ઝિક્ર કરો. એટલે બધા લોકો ઝિક્ર કરવા લાગ્યા.

આપ રહ.ની કુલ ઉમર ઈસ્લામી વર્ષ મુજબ ૮૪ વરસ, ૩ માસ, ૨૩ દિવસ થાય છે. વારસામાં એક લાઠી, ત્રણ તકિયા, બે જોડ કપડાં સરદીના અને બે જોડ ગરમીના... બધુ મળીને ૭૦ રિયાલનો સામાન હતો.

હઝરત હાજી સાહેબના એક ખાદિમ વર્ણવતા હતા કે બીમારીના દિવસોમાં એકવાર હાજી સાહેબ રહ. એકલા હતા, એવામાં અંદરથી જોરથી હસવાનો અવાઝ આવ્યો. મને નવાઈ લાગી કે એકાંતમાં કઈ વાતે હસ્યા હશે ? પછી જયારે આપ રહ.નો સ્વભાવ ઠીક લાગ્યો તો મોકો જોઈને પૂછી લીધું તો ફરમાવ્યું કે, ત્યારે બીમારીમાં જ એટલી મજા આવી કે બેઇખ્તિયાર હસવું આવી ગયું. (કમાલાતે ઈમ્દાદિયહ : ૩૨)

હયાતે ઈમ્દાદમાં છે કે બીમારીના દિવસોમાં અનેક વાર હઝરત મવલાના અશરફ અલી સાહેબને પત્રો લખ્યા કે અહીંયા આવીને મારું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કુતુબખાનું લઈ જાઓ. ૧૮૫૭ માં બરબાદ થયા પછી હઝરત થાનવી રહ.એ થાનાભુવનની ખાનકાહને ફરી આબાદ કરી હતી. હઝરત અકદસ થાનવી રહ.એ મક્કા શરીફ જવાનો ઈરાદો પણ કરી લીધો હતો પણ એ પહેલાં જ હઝરત હાજી સાહેબ રહ.ના ઈન્તેકાલના સમાચાર આવી ગયા અને પછી આ કુતુબખાનું મદરસા સવલતિયહમાં વકફ તરીકે પહોંચી ગયું. (તઝકિરહ હાજી ઈમ્દાદુલ્લાહ : ૫૯/ નવાદિરાતે ઈમ્દાદીયહ : ૩૬/હયાતે ઈમ્દાદ : ૧૧૬)

હાજી ઇમ્દાદુલ્લાહ રહ. અને દારૂલ ઉલૂમ દેવબંદ

૧૮૫૭ ના બળવાની નિષ્ફળતા પછી હાજી સાહેબ રહ. મક્કા હિજરત કરી ગયા હતા. અલબત્ત હિંદુસ્તાનના મુસલમાનો અને એમની દીની હાલત વિશે હમેંશા ફિકરમંદ રહેતા હતા. દરેક રીતે વાકેફ રહીને પોતાના મુરીદો અને ખલીફાઓને એ બાબતે માર્ગદર્શન પણ આપતા રહેતા હતા. હાજી સાહેબ રહ. અને એમના ખલીફાઓને આ બાબતનો એહસાસ સારી રીતે હતો કે હવે દીની તાલીમ માટે કોઈ અલગ પ્રકારની વ્યવસ્થા કરવી જરૂરી છે. દેશ ઉપર અંગ્રેજોની સત્તા સ્થાપાય ચુકી હતી. તેઓ ઈસ્લામી તાલીમ માટે સહાય કરે એ અશકય હતું, બલકે તેઓ તો ઈસ્લામના વિરોધી હતા અને એમના વિરુદ્ધ બળવામાં ભાગ લેવાના કારણે ઉલમાએ કિરામના સખત વિરોધી પણ હતા. સેંકડો નહીં હઝારો ઉલમાને એમણે ફાંસીએ ચડાવીને કે તોપના ભડાકે દઈને શહીદ કરી દીધા હતા. હઝારો ઉલમાની શહાદત અને ઈસ્લામ વિરોધી સત્તા... બન્ને મોરચે સ્થિતિ એકદમ બદલાય ગઈ. એટલે ભારતમાં ઈસ્લામ અને મુસલમાનોના અસ્તિત્વનો પ્રશ્ન ખડો ગઈ ગયો હતો. આવી સ્થિતિમાં હિંદુસ્તાનના અમુક ઉલમાએ કિરામ દ્વારા એક એવો મદરસો શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો જેમાં કુરઆન અને હદીસની તાલીમની વ્યવસ્થા ઉપરાંત ઈસ્લામ અને મુસલમાનોના અસ્તિત્વ માટે અને એમની તરક્કી – ઉત્થાન માટે સ્વતંત્ર રીતે પ્રયત્નો કરવામાં આવે.

આ મદરસા એટલે કે દારૂલ ઉલૂમ દેવબંદના સ્થાપકોમાં હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હાજી આબિદ હુસૈન દેવબંદી રહ. મોલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી રહ. અને મવલાના ઝુલ્ફિકાર દેવબંદી રહ. હઝરત હાજી સાહેબ રહ.ના મુરીદ અને ખલીફા હતા. મદરસાના મોહતમિમ હઝરત મવલાના રફીઉદ્દીન રહ. અને સદર મુદર્રિસ મવલાના મુહમ્મદ યાકૂબ નાનોત્વી રહ. પણ હાજી સાહેબ રહ.ના ખલીફા હતા. એટલે કે આ મદરસો હઝરત હાજી સાહેબ રહ.ની બરકત અને તવજ્જોહનું જ ફળ હતું. હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. પણ આ મદરસાને પોતાનો જ મદરસો ગણતા હતા.

હયાતે ઈમ્દાદમાં છે કે, દારૂલ ઉલૂમની સ્થાપના પછી સ્થાપકોમાં એક બુઝુર્ગ હઝરત મવલાના રફીઉદ્દીન રહ. હજ માટે મક્કા મુકર્રમહ ગયા તો હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ની સેવામાં અરજ કરી કે અમે દેવબંદમાં એક મદરસો શરૂ ફરમાવ્યો છે. એના માટે દુઆ કરશોજી.

હાજી સાહેબે દિલચસ્પ જવાબ આપ્યો કે સુબ્હાનલ્લાહ ! તમે કહો છો કે 'અમે મદરસો શરૂ કર્યો છે.' તમને ખબર નથી કે કેટલા માથાઓ રાત્રિના છેલ્લા પહોરમાં સજદહમાં પડીને દુઆઓ કરતા હતા કે, હે અલ્લાહ ! હિંદુસ્તાનમાં ઈસ્લામ અને મુસલમાનોના અસ્તિત્વ માટે અને ઈસ્લામની હિફાજત ખાતર કોઈ સબબ પેદા ફરમાવો. આ મદરસો એ દુઆઓનું જ ફળ છે. દેવબંદનું નસીબ કે આવી મહામૂલી દોલત એની ધરતીના ખોળે શરૂ થયો છે.

શમાઈમે ઈમ્દાદીયહમાં હાજી સાહેબ રહ.નું કથન છે કે દીની મદરસાઓની સ્થાપનાની શરૂઆત મુજ ફકીરે કરી છે. (૧૦૩)

હઝરત હાજી સાહેબ રહ. મહીનાના એક રૂપિયા લેખે વરસના ૧૨ રૂપિયા ચંદો મક્કાથી મોકલાવતા હતા.

દારૂલ ઉલૂમ દેવબંદના સ્થાપકો અને મદરસાના મોહતમિમ સાહેબ વગેરેના નામે આપ રહ.ના જે પત્રો આવતા હતા એમાં પણ હાજી સાહેબ રહ. મદરસા વિશે તાકીદ અને નસીહતો લખતા હતા. અમાનતદારી અને તરબિયત બાબતે ધ્યાન રાખવાની અનેક બાબતો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પત્રોમાં લખતા હતા.

દારૂલ ઉલૂમના મોહતમિમ હઝરત મવલાના રફીઉદ્દીન રહ.ના નામે એક પત્રમાં લખ્યું કે,

> હું જાણું છું કે તમે બધા જ લોકો સાચા દિલથી મદરસાની તરક્કીમાં મશગૂલ છો, છતાં આ ફકીર પણ કંઈક લખીને સવાબમાં શામેલ થવા ચાહે છે.
>
> મારા પ્યારા ! તમે મદરસાના મોહતમિમ છો, એટલે તમારે અમુક બાબતોનો વિશેષ ખ્યાલ રાખવાનો છે. અમાનત અને દયાનતદારીનો ખ્યાલ રાખો. કોઈની સાથે કારણ વગર વહાલો વર્તાવ ન કરવો જોઈએ. આમ કરશો તો કાલે કયામતના દિવસે જવાબ આપવો પડશે. બીજી વાત આ છે કે મદરસાનો માલ બયતુલ માલ છે. એમાંથી કોઈને કરજ આપવું અથવા એડવાન્સ પગાર કે કીમતની ચુકવણી ન કરો. તમને આમ કરવાનો અધિકાર નથી. ત્રીજી વાત આ છે કે એમ તો આ મદરસાના બધા જ મુદર્રિસ મુજ ફકીરના પ્યારા અને અઝીઝ છે, પણ અઝીઝમ મોલ્વી મુહમ્મદ યાકૂબ સાહેબથી અમુક કારણે વિશેષ સંબંધ છે. માટે જો તેઓ મદરસાના કામો વધારે ન કરે તો એમનાથી કામ લ્યો. ઈન્શાઅલ્લાહ તેઓ નારાજ ન થશે કેમ કે સમજદાર છે.
>
> *(હયાતે ઈમ્દાદ : ૭૩/તઝકિરહ હાજી ઈમ્દાદુલ્લાહ : ૫૪ અને ૧૫૫.)*

હઝરત હાજી સાહેબ રહ.એ લખેલ કિતાબો

(૧) ઝિયાઉલ કુલૂબ.

હાજી સાહેબ રહ.એ આ કિતાબ પોતાના મુરીદ અને હઝરત હાફેઝ ઝામિન શહીદ રહ.ના પુત્ર મુહમ્મદ યૂસુફ ફારૂકી માટે લખી હતી. આ કિતાબ તસવ્વુફના વિષય ઉપર છે. મક્કા શરીફ હિજરત કર્યા પછી આ કિતાબ લખવામાં આવી હતી. કિતાબના આરંભે હઝરત હાજી સાહેબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ. લખે છે કે મુહમ્મદ યૂસુફ સાહેબે મને દરખાસ્ત કરી કે ચિશ્તીયા સાબરીયા કુદ્દૂસીયહ ખાનદાનના આમાલ (મુરાકબહ, અવરાદ, અઝકાર વગેરે) અમારા માટે લખી મોકલાવે, જેથી દૂર હિંદુસ્તાનમાં પડેલા અમારા જેવા મુરીદો એના દ્વારા માર્ગદર્શન મેળવે અને અમલ કરી શકે. કિતાબમાં ઝિક્ર કરવાના વિવિધ તરીકાઓ, મુરાકબહના પ્રકારો અને રીતો તેમજ તસવ્વુફના અમલોને લગતી ઘણી જ કીંમતી અને બુનિયાદી વાતો લખવામાં આવી છે. ચિશ્તીયા સિલસિલા ઉપરાંત કાદરીયા અને નકશબંદી સિલસિલાના અવરાદ અને અઝકાર વગેરે પણ એમાં લખવામાં આવ્યા છે.

હાજી સાહેબ રહ.એ પહેલાં પણ બીજી અમુક કિતાબો લખી હતી, અલબત્ત આપ રહ.ની બધી જ કિતાબોમાં ઝિયાઉલ કુલૂબને એના મહત્વના કારણે સહુથી ઊંચી સમજવામાં આવે છે. આ કિતાબ લગભગ ૧૨૮૨ હિ.માં લખવામાં આવી હતી.

કિતાબના અંતે હઝરત હાજી સાહેબ રહ.એ હઝ. મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. અને હઝ. મવલાના કાસિમ નાનોત્વી રહ.ની તારીફ વર્ણવી છે. હાજી સાહેબ રહ. ફરમાવે છે :

ہر کس کہ ازیں فقیر محبت وعقیدت وارادت دارد، مولوی رشید احمد صاحب سلمہ ومولوی محمد قاسم صاحب سلمہ را کہ جامع جمیع کمالات علوم ظاہری وباطنی اند بجائے من راقم اوراق، بلکہ بمدارج فوق از من شمارند، اگر چہ بظاہر معاملہ برعکس شد کہ اوشاں بجائے من ومن بمقام اوشاں شدم، و صحبت اوشاں راغنیمت دانند کہ ایں چنیں کساں دریں زمان نایاب اند واز خدمت بابرکت ایشاں فیضیاب بودہ باشند۔

જે કોઈ મુજ ફકીરથી મુહબ્બત અને અકીદત ધરાવતો હોય, એ જાહેરી બાતેની ઉલૂમના જાણકાર મોલ્વી રશીદ અહમદ સાહેબ અને મોલ્વી કાસિમ સાહેબને મારા સ્થાને સમજે. બલકે મારાથી પણ ઊંચા સમજે. ભલે જાહેરમાં મામલો ઉલટો છે. તેઓ મારા સ્થાને અને હું એમના સ્થાને નજર આવું છું. એ બન્નેવની સોહબત – મજલિસને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગનીમત સમજે, કારણ કે આવા લોકો આજના સમયમાં હવે મળતા નથી. અને એમની બરકતવંતી ખિદમતનો ફૈઝ હાસિલ કરે. (૧૦૧)

ઝિયાઉલ કુલૂબ મુળ ફારસીમાં લખવામાં આવી હતી. પછી અરબી અને ઉર્દૂમાં પણ એનો અનુવાદ થયો હતો.

ઈમ્દાદુલ મુશ્તાકમાં ઝિયાઉલ કુલૂબ વિશે હઝરત હાજી સાહેબ રહ.નું એક કથન (મલ્ફૂઝ) છે કે, ઝિયાઉલ કુલૂબને મેં ૯ વિભાગોમાં લખી હતી. ચાર વિભાગો બાબતે ઈજાઝત મળી એ જ છપાવાવમાં આવ્યા. બાકી પાંચ ભાગોને જાહેર કરવાની પરવાનગી આપવામાં આવી નહીં. (ઈમ્દાદુલ મુશ્તાક, પેજ ૫૮, મલ્ફૂઝ : ૬૧)

(૨) ગિઝાએ રૂહ (غذائے روح)

મુળ રીતે આ કિતાબ મવલાના રૂમી રહ.ની 'મષ્નવી'ની શૈલીમાં અશઆરનો સંગ્રહ છે. આ અશઆરમાં કિસ્સા કહાની કે વાર્તાની શૈલીમાં શયતાનના વસવસા, નફસના ધોકા, જહાલતના નુકસાનો વગેરે બાબતો વિવિધ કિસ્સાઓ દ્વારા વર્ણવવામાં આવ્યા છે. ૧૨૬૪ હિ.માં આ કિતાબ પૂરી થઈ હતી. શરૂમાં હમ્દ, નાત અને ચાર ખલીફાઓ અને પછી હઝરત મીયાંજી નૂર મુહમ્મદ રહ. વિશે પણ અશઆર છે. કુલ ૧૬૫૦ અશઆર છે. ભાષા ઉર્દૂ અને અત્યંત સરળ છે.

છેલ્લા બેચાર અશઆર આ મુજબ છે :

غیر سے ہے بیر اس کو اے جواں - غیر ہو جس گھر میں وہ اس کا کہاں
غیر سے تو خالی گھر کو جلد کر - نورِ دلبر تا ہو اس میں جلوہ گر
ہو کے تو خاموش قیل و قال سے - ہو خبردار اب تو اپنے حال سے
الغرض امداد تو اپنی کتاب - ختم کر واللہ اعلم بالصواب
سال ہجری بھی ہوئی جب ختم یار - یک ہزار و دو صد و شصت و چہار
جب ہوئی یہ مثنوی یارو تمام - رکھ دیا اس کا غذائے روح نام

(૩) જિહાદે અકબર.

આ પણ અશઆરનો સંગ્રહ છે અને ફારસીથી ઉર્દૂ અનુવાદ કરવામાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવ્યો છે. એમાં રૂહ (સુલતાન) અને અકલ (વઝીર) સાથે શયતાન અને નફસની લડાઈનું કાલ્પનિક વર્ણન છે. અને બુરા અખ્લાકના મુકાબલામાં હુસ્ને અખ્લાક અને નેકીઓની ફઝીલત – સર્વોપરિતા પુરવાર કરવામાં આવી છે.

મુળ ફારસી મષ્નવી કોની છે એ સ્પષ્ટ નથી. હાજી સાહેબ રહ. એના છેલ્લા અશઆરમાં કહે છે :

غرض جب ہوا یہ رسالہ تمام – جہادِ اکبر اس کا رکھا میں نے نام
یہ مضمون تھا فارسی میں لکھا – کسی مردِ حق نے بصد بر ضیا
کیا میں نے ہندی ملا کر کچھ اور – کہ تا خاص اور عام سمجھیں بغور
سن وسال ہجری خیر الأنام – تھے بارہ سو اڑسٹھ ہوا جب تمام
مؤلف و کاتب و خواننده پر – الٰہی تو کر رحم شام وسحر

(૪) મષ્નવી તોહફતુલ ઉશ્શાક.

હાજી સાહેબ રહ.એ એમાં હઝરત સિરી સકતી રહ. અને હઝરત તોહફા નામની એક કનીઝનો કિસ્સો વર્ણન કર્યો છે.

એક સોંદર્યવાન, ગીતકાર કનીઝ એના સોંદર્ય અને મધૂર અવાજને પડતો મુકીને ઈશ્કે ઈલાહીમાં ડૂબીને યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ જાય છે. લોકો એને દીવાની કહે છે અને તે છેવટે કાબાના દરવાજે અલ્લાહને પ્યારી થઈ જાય છે. આખી મષ્નવી દિલમાં દર્દ અને અંતરમાં ઈશ્કે ઈલાહીની આગ ભડકાવનારી છે. પઢવાથી અલ્લાહની ઈબાદત અને નિકટતાનો શોખ પેદા થાય છે. અકીદત અને મુહબ્બતથી પઢવામાં આવે તો દિલ ઉપર એની અસર થયા વગર ન રહે. પોતાના દોસ્ત હાફિઝ ઝામીન શહીદ રહ.ના આગ્રહ ઉપર આ મષ્નવી આપ રહ.એ સંપાદન ફરમાવી હતી અને ૧૨૮૧ હિ.માં એ પૂરી થઈ હતી. કનીઝ હઝરત તોહફા ઉપરાંત હઝરત મૂસા અલૈ. અને એક ગોવાળ, તેમજ હઝરત શેખ મન્સૂર રહ.ની હિકાયત પણ શાયરીમાં વર્ણવવામાં આવી છે. કુલ ૧૩૨૪ અશઆર એમાં છે. આરંભે હમ્દ, મુનાજાત, નઅત, પછી આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મષ્નવીના સંપાદન કરવાનો સબબ છે કે એકવાર હઝરત તોહફાના વર્ણનથી ઈશ્કે ઈલાહીની આગ લોકોમાં તાઝી થઈ ગઈ, ઘણા અહબાબે એને અશઆરમાં લખવાની દરખાસ્ત કરી, વિશેષ કરીને હાફિઝ ઝામિન શહીદ રહ.. એટલે આ મષ્નવી સંપાદન કરવામાં આવી.

(૫) દર્દનામએ ગમનાક.

નામ તેવા ગુણ મુજબ આ કિતાબમાં ઉર્દૂ શાયરીના માધ્યમથી હાજી સાહેબ રહ.એ પોતાના દિલનો ગમ, મનની મસ્તી અને ઈશ્કની ગરમી વર્ણવી છે. દરેક શેરમાં દર્દ અને એકએક શબ્દમાં ઈશ્કની આગની ગરમી મહસૂસ થાય છે. ઈશ્કની બેચેની અને દર્દની દીવાનગીને હાજી સાહેબ કંઈક આ રીતે વર્ણવે છે :

સુનો યારો અજબ કિસ્સા હમારા – બયાં કરતા હું મેં જો ગમ કા મારા
સુનાતા હું તુમ્હેં ઉસ કો સરાસર – ગુઝરતા હે જો કુછ અબ મેરી જાં પર
પડા સોતા થા મેં ખ્વાબે અદમ મેં – ન થા કુછ મુબ્તલા હસ્તી કે ગમ મેં
સો આ કર ઈશ્કને મુજ કો જગાયા – જગા કર સો મુસીબત મેં ફંસાયા
કુછ એસા ઉસને ફિર નકશા દિખાયા – કે જિસને મુજ કો સોદાઈ બનાયા
અજબ એક ઈશ્કને રંગત દિખાયી – કે જિસ મેં અકલ તક મેં ને ગંવાઈ

———————

ઉઠા છાતીમેં દર્દે ઈશ્ક જિસ કી–ઉસે ફિર નીંદ કિસ કી ભૂખ કિસ કી
તડપ કર ગમ મેં શબ કો સુબ્હ કરના – સુબ્હ સે શામ તક રો રો કે મરના
ગયા સબ ભૂલ ખાના ઓર પીના – બડા મુશ્કિલ મુજે અબ અપના જીના
લગી કેહને મુજે ખલ્કત દીવાના – કિસીને દર્દ કો મેરે ન જાના.

આ કાવ્યને હાજી સાહેબ રહ. પૂર્ણ કરતાં છેલ્લે હાજી સાહેબ કહે છે :

બસ અબ ખામોશ હો ગુફતાર કમ કર–તુ કેહ અલ્લાહ હી અલ્લાહ દિલસે હરદમ
બસ અબ અલ્લાહ બસ અલ્લાહ બસ હે – સિવા હક કે જો હે બાકી હવસ હે.

આ મષ્નવીમાં કુલ ૧૭૭ અશઆર છે.

આ મષ્નવી લગભગ ૧૨૭૪ – ૧૮૫૭ એટલે કે હાજી સાહેબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ની હિજરત પહેલાં જ લખાય ચુકી હતી અને છપાયને લોકોમાં મકબૂલ પણ થઈ ગઈ હતી. ઈમ્દાદુલ મુશ્તાકમાં છે કે, હાજી સાહેબ રહ.એ એકવાર ફરમાવ્યું કે, હું એકવાર દિલ્હીના બઝારમાંથી પસાર થતો હતો. એક આશિક સ્વભાવના માણસને જોયો કે એક દુકાને બેસીને મસ્તી અને મજામાં મગ્ન થઈને મારો લખેલ રિસાલો 'દર્દનામએ ગમનાક' વાંચી રહયો છે. રિસાલાના અશઆર પઢવાના કારણે એના ઉપર એક કેફિયત છવાયેલી હતી. મેં આ જોઈને કહયું કે મારા ઉપર કહેવાની હાલત (قـــال) છવાય ગઈ હતી અને આ માણસ ઉપર કૈફની હાલત છે. બીજા દિવસે પાનીપતના રસ્તામાં પણ એક માણસને આ જ સ્થિતિમાં જોઈને મેં પૂછયું કે, શું વાંચી રહયા છો ? તે ગુસ્સે થઈ ગયો, અને કહેવા લાગ્યો તમે રસ્તે પડો. તમને શું સમજ પડે ? મને હસવું આવ્યું અને આગળ ચાલી પડયો. પછી એને કોઈએ કહયું કે એ માણસ તો આ કિતાબનો લેખક છે તો મારા પાસે આવીને માફી માંગી અને સંબંધ પણ બાકી રાખ્યો. (ઈમ્દાદુલ મુશ્તાક : ૮૩)

(૬) વહદતુલ વુજૂદ.

અહલે તસવ્વુફ અને સુફિયાએ કિરામમાં 'વહદતુલવુજૂદ' એક મહત્વનો વિષય ગણાય છે. ઘણા સૂફિયાએ કિરામ અને ઉલમા વહદતુલ વુજૂદને ઈસ્લામી અકીદા મુજબ સમજે છે, સમજાવે અને સ્વીકારે પણ છે. સુફિયાએ કિરામની બીજી જમાઅત વહદતુલ વુજૂદને ઈસ્લામી અકીદા વિરુદ્ધ ગણે છે. આલમગીર રહ.ના ઝમાનામાં શેખ અહમદ સરહિંદી એટલે કે મુજદ્દિદ અલ્ફે ષાની રહ. અને ત્યાર પછી એમના મુરીદો વહદતુલ વુજૂદનો ઈન્કાર કરતા આવ્યા છે. અલબત્ત ચિશ્તી સુફિયાએ કિરામ વહદતુલ વુજૂદને ઈસ્લામી અકીદાથી સુસંગત હોય એવા અર્થ અને મતલબ સાથે સ્વીકારે છે. વહદતુલ વુજૂદનો મતલબ એવો નથી બતાવતા કે મંદિર અને મુર્તિમાં પણ અલ્લાહના અસ્તિત્વને માનીને એની ઈબાદતને યોગ્ય કહેવામાં આવે અથવા માણસ પોતાના વચ્ચે અને પોતાના સર્જનહાર અલ્લાહ તઆલા વચ્ચેનો ભેદ ભૂલાવી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દેવામાં આવે. આ એક ઊંડો અને ગુઢ ઈલ્મી વિષય છે. એની ચર્ચા કરવાનો આશય નથી.

હાજી સાહેબ રહ.ને અમરોહાના એક બુઝુર્ગ મોલ્વી અબ્દુલ અઝીઝ ચિશતી સાબરી સાહેબે આ વિષયે પ્રશ્ન કર્યો હતો એના જવાબમાં આ રિસાલો લખવામાં આવ્યો છે. હિજરી સન ૧૨૯૯ માં આ રિસાલો લખવામાં આવ્યો હતો. હાજી સાહેબ રહ.એ આ રિસાલહમાં એમને લખ્યું હતું કે જે લોકોને તસવ્વુફની જાણકારી ન હોય, અથવા તસવ્વુફ અને સુલૂકમાં જેમનો મરતબો હજુ નીચો હોય એવા લોકોએ આ વિષયની ચર્ચામાં પડવું જોઈએ નહીં. એનાથી એમને નુકસાન થશે. હા, તસવ્વુફના જાણકાર અને કામિલ વલીઓએ આ બાબતને દિલથી સ્વીકારીને સામાન્ય લોકો સામે એની ચર્ચા કરવાથી દૂર રહેવું જોઈએ.

(૭) ઈરશાદે મુરશિદ.

તસવ્વુફ અને સુલૂકની શરૂઆત કરનાર માટેનો એક યોગ્ય કોર્સ આ રિસાલામાં આપવામાં આવ્યો છે. એક રીતે આ રિસાલો હાજી સાહેબની બીજી કિતાબ 'ઝિયાઉલ કુલૂબ'નો ખુલાસો અને ટુંકસાર છે. એમાં ખાનકાહોના મામૂલાત, ઝિક્રની રીત, નસીહતો, મસ્નૂન દુઆઓ અને તસવ્વુફના સિલસિલાઓના શજરહનું વર્ણન છે. હિજરી સન ૧૨૯૩ માં આ રિસાલો લખવામાં આવ્યો હતો. ૧૬ પેજનો આ રિસાલો ઘણો જ ઉપયોગી છે.

(૮) ગુલઝારે મઅરિફત.

હાજી સાહેબ રહ.ના એવા અશઆર જે બીજી કોઈ કિતાબમાં શામેલ નથી એ આ કિતાબમાં ભેગા કરવામાં આવ્યા છે. એટલે કે આ હાજી સાહેબ રહ.ના અશઆરનો સંગ્રહ છે. આ અશઆર વિવિધ વિષયો ઉપર છે. હાજી સાહેબ રહ.ના એક મુરીદ નિયાઝ અહમદ દ્વારા આ અશઆર ભેગા કરવામાં આવ્યા છે.

(૯) નાલએ ઈમ્દાદે ગરીબ.

હાજી સાહેબ રહ.ની અમુક મુનાજાત અને દુઆઓ આ કિતાબમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભેગી કરવામાં આવી છે. તઝકિરહ હાજી ઈમ્દાદુલ્લાહ : ૧૪૧ માં છે કે એમાં અમુક અશઆર 'ગરીબ' સહારનપૂરીના પણ છે. પણ કયા અશઆર કોના છે એ સ્પષ્ટ થતું નથી.

(૧૦) મષ્નવીનો હાશિયહ.

હાજી સાહેબ રહ.ને મષ્નવી સાથે વિશેષ લગાવ હતો. જીવનભર હાજી સાહેબ રહ. એનું વાંચન કરતા રહયા. બલકે મરતાં સુધી એનો દર્સ પણ આપતા રહયા.

હાજી સાહેબ રહ.નું પોતાનું કથન છે કે મષ્નવીની રૂહાની તાલીમ હાજી સાહેબ રહ.ને મવલાના રૂમી મારફતે મળી હતી. (ઈમ્દાદુલ મુશ્તાક)

બીજા એક કથનમાં છે કે મેં મષ્નવી ત્રણ વાર મવલાના અબ્દુર્રઝાક સાહેબ સામે રજૂ કરી હતી અને અમુક બાબતોની સમજૂતી મવલાના અબૂલ હસન સાહેબ પાસેથી મેળવી. (ઈમ્દાદુલ મુશ્તાક) એનાથી માલૂમ પડે છે કે હાજી સાહેબ મવ. અ.રઝાક સાહેબ પાસે મષ્નવી પઢી ન હતી, બલકે પોતે જ સમજીને એનો મતલબ એમની સામે રજૂ કરતા હતા.

ઈમ્દાદુલ મુશ્તાકમાં છે કે, મુજ ફકીરની આદત છે કે સફરમાં પણ કુરઆન શરીફ, દલાઈલુલ ખયરાત, મષ્નવી જરૂર સાથે રાખું છું. હદીસ શરીફની કોઈ કિતાબ ચાહે મિશ્કાત હોય, અને ફિકહનો એક રિસાલો ચાહે 'માલાબુદ મિન્હુ' હોય અને ઈમામ ગિઝાલી રહ.ની કીમીયાએ સઆદત પણ સફરમાં સાથે રાખવાનો એહતેમામ કરું છું.

મષ્નવીના અશઆર સાંભળીને હાજી સાહેબ રહ.માં એક વિશેષ પ્રકારની શકિત અને સ્ફૂર્તિ આવી જતી હતી. મક્કા શરીફમાં મષ્નવીના દર્સ અને મુતાલઅહ દરમિયાન હાજી સાહેબ રહ. હાશિયહમાં ઘણી જ કીમતી વાતો અને અજીબો ગરીબ મતલબ નોંધતા હતા. હાજી સાહેબ રહ.ના જીવનમાં એના પહેલા બે ભાગ પ્રકાશિત થયા, બીજા ભાગો પછી પ્રકાશિત થયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હાજી સાહેબ રહ.ના મષ્નવીના હાશિયહ લખવા અને હિંદુસ્તાનમાં પ્રકાશિત થવા બાબતે વિસ્તારથી ચર્ચા 'હયાતે ઈમ્દાદ' (પ્રોફેસર અનવારુલ હસન)માં જોઈ શકાય છે. એમાં થોડી ચર્ચા આ હાશિયહની ઈલ્મી વાતો બાબતે પણ છે.

હાલ આ મષ્નવી અપ્રાપ્ય હોય એમ લાગે છે. મારા જોવામાં આવી નથી. અલબત્ત હઝરત અકદસ થાનવી રહ.ની 'કલીદે મષ્નવી' બાબતે હઝરત થાનવી રહ. પોતે લખે છે કે એમાં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના દર્શાવેલ નૂરાની મતલબ અને રૂહાની વાતો શામેલ કરી લેવામાં આવી છે. હઝરત થાનવી રહ.ની આ શર્હે મષ્નવી ૨૪ ભાગોમાં પ્રકાશિત થઈ છે.

મક્કા શરીફમાં પણ હાજી સાહેબ રહ.નો મષ્નવીનો દર્સ મશ્હૂર હતો. તુર્કીથી એક મોટા અધિકારી મક્કા હજ માટે આવ્યા. મવલાના રૂમી રહ.ના ખાનદાનમાં કોઈનાથી બયઅત હતા. વારંવાર આપ રહ.ના ફારિગ થવા અને મુલાકાતના સમયની તપાસ કરીને પછી હાજર થયા. મષ્નવીની અમુક વાતો સમજવા માટે પધાર્યા હતા. હાજી સાહેબ રહ.એ એમની સામે મષ્નવીના અશ્આરનો મતલબ વર્ણવ્યો તો ઘણા જ ખુશ થયા. હાજી સાહેબ રહ. ફરમાવતા હતા કે 'લિબાસે શાહી મેં ફકીરે કામિલ થે'.

(૧૧) ફેસલએ હફ્ત મસ્અલહ.

૧૨ પેજનો આ ટુંકો રિસાલો છે. હિંદુસ્તાની ઉલમામાં વિવાદનો સબબ બનતા હતા એવા સાત મસ્અલાઓ બાબતે હાજી સાહેબ રહ.નો મસ્લક વર્ણવવામાં આવ્યો છે. જેમ કે, મીલાદ શરીફ. ફાતેહા, ઉર્સ અને સિમાઅ (કવ્વાલી વગેરે). નિદાએ ગયરુલ્લાહ, જમાઅતે ષાનિયહ. ઈમ્કાને નઝીર. ઈમ્કાને કિઝબ.

મવ. અબ્દુસ્સમીઅ રામપૂરી સાહેબની કિતાબ અનવારે સાતેઆ અને જવાબમાં હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.ની કિતાબ બરાહીને કાતેઆ પછી આ વિવાદ ઓર વધી ગયો હતો અને દેશભરના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉલમા દરમિયાન આ બાબતે ભારે બેચેની હતી. (એની કંઈક વિગત આગળ હઝરત ગંગોહી રહ.ના હાલાતમાં આવશે.) એટલે ત્યાર પછી બંને પક્ષોને આ વિવાદિત મસ્અલાઓ બાબતે નરમ રાહ અપનાવવાની નસીહત કરવા અને બુનિયાદી મસ્અલાઓ અને જાઈઝ – નાજાઈઝ હુકમનો આધાર સમજાવવા ખાતર આ રિસાલો સંપાદન કરીને હાજી સાહેબે પ્રકાશિત કર્યો હતો.

હઝરત અકદસ થાનવી રહ. ફરમાવે છે કે હઝરત હાજી સાહેબે ઉપરોકત વિષયો બાબતે પોતે વિગતવાર વાતચીત કરીને એ મુજબ લખવાનો મને આદેશ આપ્યો હતો. જે મેં લખીને હાજી સાહેબ રહ.ને વંચાવ્યો તો હાજી સાહેબ રહ.એ અમુક ભૂલો સુધારીને એને પોતાના નામથી જ પ્રકાશિત કરવાનો આદેશ આપ્યો. (આપબીતી : ૨–૯૯૪/ નવાદિરાતે ઈમ્દાદીયહ : ૪૮)

હાજી સાહેબ રહ.થી બયઅત થનારા અને ખિલાફત મેળવનારા ઉલમાએ કિરામનું વર્તુળ ઘણું વિશાળ હતું. ભારતીય ઉપખંડમાં ઈલ્મો અમલમાં પોતાનો આગવો પ્રભાવ ધરાવતા અને અકીદતમંદોનું વિશાળ વર્ગ ધરાવનાર ઉલમાએ કિરામ હાજી સાહેબ રહ. સાથે જોડાયેલા હતા. ઉપર જણાવવામાં આવેલ સાત બાબતો ઉપરાંત બીજી પણ અમુક બાબતોમાં વિરોધાભાસી વિચારો ધરાવનાર ઉલમાએ કિરામના બન્ને પક્ષો હાજી સાહેબ રહ. સાથે જોડાયેલા હતા. આજની પરિભાષામાં કહીએ તો બરેલ્વી અને દેવબંદી બન્ને પ્રકારના ઉલમા હાજી સાહેબ રહ.થી જોડાયેલા હતા.

દેવબંદ અને બરેલ્વી, બે સ્પષ્ટ ફિરકા તે વખતે હજુ ન હતા. હાજી સાહેબ રહ. પછી એમના ખલીફાઓ બે અલગ અલગ વિચારધારાઓમાં વહેંચાયા. દેવબંદની સ્થાપના કરનારા વધુ પડતા ઉલમા હાજી સાહેબ રહ.ના ખલીફાઓ હતા એટલે ઉલમાનો એ સમુહ દેવબંદી કહેવાયો અને એમની વિચારધારાને દેવબંદી કહેવામાં આવી. જે ઉલમાએ કિરામ અલગ દષ્ટિબિંદુ રાખતા હતા એમાંથી પણ ઘણા હાજી સાહેબ રહ.ના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખલીફા હતા. તેઓ ઉપરોકત બાબતે જૂની પરંપરાઓ ઉપર કાયમ હતા અને એના દુરુસ્ત કે જાઈઝ હોવા વિશે પોતાની દલીલો આપતા હતા.

મુળ રીતે જોઈએ તો હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી રહ.ના ખાનદાન થકી કુરઆન અને હદીસથી સીધી તાલીમ શરૂ કરવામાં આવ્યા પછી ઈસ્લાહ અને સુધારણાની જે ચળવળ ચાલી એ શાહ ઈસ્માઈલ શહીદ રહ.એ આદરેલી સુધારણાની ચળવળ અને એમની 'તકવિયતુલ ઈમાન' સુધી જઈને આગળ વધે છે. સુધારણાની આ ચળવળમાં તવહીદ અને રિસાલતના અકીદામાં ખરાબીનું કારણ બનતા અનેક રિવાજી અમલો છોડવાને જરૂરી ઠેરવવામાં આવ્યું. આ જ બાબતો તે વેળા ઉલમાએ કિરામમાં વિવાદ અને વિરોધનો સબબ બની ગઈ. હાજી સાહેબ રહ.ને અલ્લાહ તઆલાએ એવા ઉચ્ચ સ્થાને બિરાજમાન ફરમાવ્યા હતા કે બન્ને તરફના ઉલમા આપ રહ.ના હાથે બયઅત થયા અને હાજી સાહેબ રહ.ની રૂહાનિયતથી ફૈઝયાબ થયા. વધુ પડતા વિવાદી મસ્અલાઓ એવા હતા જેમાં મુળ અમલના જાઈઝ હોવા વિશે બધા એકમત હતા. જેમ કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વિલાદત મુબારકનું વર્ણન, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર દુરૂદ શરીફ પઢવું, ઈસાલે સવાબની નિય્યતે કોઈને ખાવા ખવડાવવું, અલ્લાહની મુહબ્બત વાળા અશઆર (એટલે કે કવ્વાલી) સાંભળવા વગેરે... પણ આ બધી બાબતો સાથે અનેક ખોટી બાબતો એવી રીતે જોડી દેવામાં આવી હતી કે એના લઈને બીજી અનેક સુન્નતો છુટી જતી હતી બલકે શરીઅતના અનેક હુકમોનું ઉલ્લઘંન થતું હતું. ઘણી બધી બાબતો તો એવી હતી કે તવહીદનો અકીદો જ ખતમ થઈ જાય. જેમ કે,

◆મીલાદની મજલિસમાં એમ સમજવું કે એમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે હાજર થાય છે. આવું સમજીને મજલિસમાં ઉભા રહેવું, ખુશ્બૂ લગાવવી, મજલિસગાહને ખૂબ શણગારવી, મીલાદ પઢનારના બેસવા માટે ઉંચું સ્થાન બનાવવું વગેરે..

◆બુઝુર્ગોની વફાતના દિવસે જ એમના ઈસાલે સવાબ માટે ખાવું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખવડાવવું અને પછી એમ સમજવું કે અમારા આ સદકાથી ખુશ થઈને એ બુઝુર્ગ અમારી ફલાણી જરૂરત પૂરી કરી દેશે અથવા અલ્લાહ તઆલા પાસે પૂરી કરાવશે, વગેરે..

◆ઇશ્કે ઇલાહીના અશ્આર સાથે સંગીત અને વાજાં વગાડવાં, ગાવા અને વગાડવા માટે ગમે તેવા ગુનેગારોને બોલાવવા, ઉર્સના નામે મઝારો અને દરગાહોને મસ્જિદો કરતાં પણ વધારે પવિત્ર સમજવી અને ત્યાં આવીને સજદા કરવા વગેરે...

◆ઉપરાંત આ બધા જ કામોને શરીઅતના ફરજ કામો કરતાં પણ વધારે મહત્વ આપવું, બલકે નમાઝ રોઝાના ફરજો કરતાં વધારે જરૂરી સમજવું અને જે કોઈ આ બધી બાબતો ન કરતો હોય એને ગુનેગાર સમજવો વગેરે..

હાજી સાહેબ રહ.નો આશય એ હતો કે આવા મસ્અલાઓમાં જેટલો અમલ જાઇઝ છે એ વર્ણવવામાં આવે, જેથી નાજાઇઝ કહેનારા સંપૂર્ણ અમલને નાજાઇઝ અને બિદઅત ન કહે. અને સાથે જ એમાં જે બાબતો નાજાઇઝ છે એને પણ સ્પષ્ટ કરી દેવામાં આવે જેથી આ બધા કામો કરનાર નિખાલસ લોકો પણ પોતાની મર્યાદામાં રહે અને બિદઅતમાં પડવાથી બચી શકે.

હાજી સાહેબે આ જ મકસદને સામે રાખીને હઝરત મવલાના અશ્રફ અલી સાહેબ થાનવી રહ.ને વિગતવાર લખવાનું માર્ગદર્શન આપ્યું. હઝરત અકદસ થાનવી રહ.એ એ મુજબ લખીને હઝરત હાજી સાહેબ રહ. સામે રજૂ કરી તો હાજી સાહેબે રહ.એ અમુક જગ્યાએથી સુધારીને કુબૂલ ફરમાવી. આ લખાણને પોતાનું જ સમજીને છેલ્લે પોતાની મુહર પણ લગાવી અને ફેસલએ હફ્ત મસ્અલહ નામ રાખ્યું અને પોતાના નામે જ છપાવીને પ્રસિદ્ધ કરી.

ઝિયાઉલ કુલૂબની જેમ આ રિસાલાના અંતે પણ હાજી સાહેબ રહ.એ હઝરત મવલાના રશીદ અહમદ સાહેબ રહ.ના વખાણ કરીને લોકોને એમની વાત માનવાનો અનુરોધ ફરમાવ્યો છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સામાન્ય પણે હઝરત હાજી સાહેબ રહ. પોતાને 'હનફી' અને 'સૂફી' લખતા હતા. ઈમ્દાદુલ મુશ્તાકમાં છે કે ફકીર વો હે કે હનફી મઝહબ ઓર સૂફી મસ્લક હો. જો કોઈ મેરે યારોં મેં સે ઉસ સે તજાવુઝ કરેગા મેરે રાબતા વ વાસ્તા સે ઉસ કો કુછ હિસ્સા ન મિલેગા ઓર જો કોઈ કે ફકીર સે ઈખ્લાસ રખતા હો ઉસ પર લાઝિમ હે કે સૂફી મશ્રબ વ હનફી મઝહબ હો. (ઈમ્દાદુલ મુશ્તાક : ૩૮)

એમ કહેવામાં આવે છે કે હાજી સાહેબ રહ. 'મીલાદ'ના હામી હતા. અને પછી એના આધારે મવલાના રશીદ અહમદ ગંગોહી વગેરે દેવબંદી ઉલમા જે મુજબ મીલાદને બિદઅત અથવા નાજાઈઝ કહે છે, એમના ઉપર ટીકા કરવામાં આવે છે કે આ ઉલમા એમના પોતાના પીર એટલે કે હાજી સાહેબ રહ.ની વાત પણ નથી માનતા.

આ વિષયે હઝરત મવલાના યૂસુફ લુધ્યાનવી રહ.એ એક સવાલના જવાબમાં 'હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ. અને મીલાદ' વિશે ટુંકી અને સુંદર સમજૂતી આપી છે. અત્રે એ રજૂ કરીએ છીએ.

(૧) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું વર્ણન મોટી બરકત અને ઉચ્ચ સવાબનું કામ છે, એમાં કોઈ શંકા નથી. અને આ બાબત પણ સ્પષ્ટ છે કે 'મીલાદ'ના નામે જે મજલિસો યોજવામાં આવે છે એમાં શરીઅતથી વિરુદ્ધ હોય એવી ઘણી બાબતો શામેલ કરી દેવામાં આવી છે. મતલબ એ થયો કે મીલાદની વર્તમાન મજલિસોમાં બે વસ્તુઓ હોય છે. એક નેકી અને સવાબનું મોટું મુસ્તહબ કામ એટલે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું મુબારક વર્ણન. અને બીજી વસ્તુ એમાં શામેલ કરી દેવામાં આવેલ ખુરાફાત, જેના વગર આજકાલ 'મીલાદ'ને મીલાદ જ સમજવામાં આવતી નથી.

(૨) જે બાબત મુળ રીતે જાઈઝ – મબાહ અથવા મુસ્તહબ હોય પણ એની સાથે નાજાઈઝ વસ્તુઓ શામેલ થઈ જ જતી હોય તો પછી એ મુળ જાઈઝ કામ વિશે શું વલણ અપનાવવું જોઈએ ? એમાં માણસની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રૂચિ – શોખ અને તબિયત – સ્વભાવ મહત્વનો ભાગ ભજવે છે. જે માણસની સામે ફકત મુળ જાઈઝ અથવા મુસ્તહબ કામ હશે એ વિચારશે છે જે બાબતો ખોટી છે, એનાથી બચવું જરૂરી છે પણ એક મોટા સવાબના મુસ્તહબ કામને શા માટે છોડી દઈએ. એનાથી વિપરીત જે માણસની નજર અવામ અને સામાન્ય લોકોના વલણ અને રીત – રસમ તરફ હશે એ વિચારશે કે જાણકાર કે આલિમ લોકો તો ખુરાફાત અને નાજાઈઝ બાબતોથી બચી જશે પણ અવામ અને વાકેફ ન હોય એવા સામાન્ય લોકોને ખુરાફાત અથવા ખોટા રિવાજોથી બચાવવા શકય નથી, એટલે એમને રોકવાની રીત આ જ છે કે લોકોને આવા કામો કરવા બાબતે જ મનાઈ કરવામાં આવે.

આ બંને રીતો અને વિચારો પોતાના સ્થાને બરાબર છે. એમાં કોઈ વિરાધાભાસ નથી. જાઈઝ કહેનારા લોકો મુળ બાબતને સવાબનું કામ સમજીને જાઈઝ કહે છે, શરીઅત વિરુદ્ધ બાબતોને તેઓ પણ નાજાઈઝ સમજે છે. અને નાજાઈઝ કહેનારા મુળ કામને નાજાઈઝ નથી કહેતા પણ ખુરાફાત અને ખોટા રિવાજોના કારણે નાજાઈઝ કહે છે.

(૩) તબિયત અને સ્વભાવના આ વિરોધાભાસ પછી લોકો ત્રણ ભાગોમાં વહેંચાય જાય છે. એક સમુહ એવો હોય છે જે આવા બુઝુર્ગોના કથન અને અમલને પોતાની ખુરાફાત, રિવાજો અથવા બિદઅતોના જાઈઝ હોવાની દલીલ અને બુનિયાદ બનાવે છે. બીજો સમુહ સમુળગા આ બુઝુર્ગોને જ બિદઅતી કહીને એમના વિશે બુરું ભલું કહે છે. ત્રીજા પ્રકારના લોકો કુરઆન, હદીસ અને મુજતહિદ ઈમામોના હુકમને જ આધાર માને છે. અને બુઝુર્ગોનું કોઈ કામ કે કથન જાહેરમાં ગલત માલુમ પડે તો એનો કોઈ એવો મતલબ કે ભાવાર્થ બતાવે છે કે એમને બુરું ભલું ન કહેવું પડે અથવા એમને ગુનેગાર ન ઠેરવવા પડે. અને શરીઅત વિરુદ્ધ લાગતું હોય એવા કામ કે કથન વિશે કોઈ મુનાસિબ તાવીલ કરે છે અને મતલબ સમજમાં ન આવે તો એમ સમજે કે આખર આ બુઝુર્ગો પણ માણસ હતા, એમનાથી ભૂલ થઈ શકે છે, માટે એમની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બુરાઈ કરવી કે એમના વિશે એલ ફેલ બોલવું જાઈઝ નથી. આ ત્રણ પ્રકારના લોકોમાં પ્રથમ બે પ્રકારમાં અતિશયોકિત અને મર્યાદાભંગ છે. ત્રીજી રીત યોગ્ય છે.

આટલી વાતો સમજયા પછી જણાવવાનું કે હાજી સાહેબ રહ.ના (મીલાદ) કરવાને આધાર બનાવીને વર્તમાન મીલાદની રસમને જાઈઝ કહેવું ગલત છે. કેમ કે મુળ ચર્ચા મીલાદની એવી રીત રસમો અને તમાશાઓ વિશે છે જે આપણે આસપાસ જોઈ રહયા છીએ. આવી મીલાદની મજલિસોને હાજી સાહેબ રહ. પણ નાજાઈઝ કહેતા હતા. અને જે મીલાદની મજલિસોને હાજી સાહેબ રહ. જાઈઝ કહેતા હતા એ આજના મીલાદ મનાવનારાઓ પાસે નથી. આ તો એવું જ થયું કે કુરઆન અને હદીસ અનુસાર હઝરત ઈસા અલૈ. કયામત પહેલાં આસમાનથી ઉતરશે એ સાચી બાબત છે અને માનવી જરૂરી છે. પણ એની સાથે મીરઝા કાદયાની એવું કહી દે કે હું જ ઈસા અલૈ. છું એટલે કુરઆન હદીસમાં હઝરત ઈસા અલૈ. વિશે જ કંઈ ફઝીલત અને મહાનતા છે એ મારા વિશે જ છે... તો આમાં પ્રમથ બાબત સાચી છે પણ એની સાથે જોડવામાં આવેલ બીજી બાબત ખોટી છે. આજ રીતે હાજી સાહેબ રહ. જેને જાઈઝ સમજતા હતા એ મીલાદને આધાર બનાવીને વર્તમાન મીલાદની મહેફિલોને જાઈઝ (બલકે હવે તો વાજિબ અને ફરજ) કહેવી ખોટું છે.

માટે અમે કહીએ છીએ કે ઉલમાએ દેવબંદ દ્વારા અપનાવવામાં આવેલ તરીકો જ સહી છે. અમે વર્તમાન મીલાદની મજલિસોને સહી નથી સમજતા, અને જે બુઝુર્ગો કરતા હતા એમને પણ બિદઅતી નથી કહેતા. (આપ કે મસાઈલ ઓર ઉન કા હલ : ભાગ ૧૦ – ૨૯૧/૨૯૨)

મલ્ફૂઝાત

❑ ફકીરની આદત છે કે સફરમાં અને મુકામે કુરઆન શરીફ, દલાઈલુલ ખયરાત અને મઝ્નવી જરૂર પાસે રાખું છું. મુકામે હોઉં ત્યારે કોઈ કિતાબ તફસીરની જે હાજર હોય, અને એક કિતાબ હદીસ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શરીફની, ચાહે 'મિશ્કાત શરીફ' હોય, અને એક રિસાલો ફિકહનો, ચાહે 'માલાબુદ્દ મિન્હૂ' હોય અને ઈમામ ગિઝાલી રહ.ની કિતાબ 'કીમીયાએ સઆદત' પણ પાસે રાખું છું.

❑ દરેક માણસ મને પોતાના રંગમાં જુએ છે. પણ મારો કોઈ રંગ નથી. હું તો પાણી જેવો છું. જે રંગની બોટલમાં ભરી દેવામાં આવે એ મુજબ દેખાય.

❑ ગુનાહો વગેરે બાબતે જે વસવસા અને વિચારો માણસને સતાવે છે એને દૂર કરવા કે ખતમ કરવા પાછળ પડવાની જરૂરત નથી. બલકે એમાં જ કુદરતનો કરિશ્મો જોવામાં આવે.

❑ એકવાર એક માણસે અરજ કરી કે જે કંઈ બાતેની ફાયદો થયો એ આપની જ બરકત છે. જવાબમાં હાજી સાહેબે ફરમાવ્યું કે જે કંઈ છે એ તમારા અંદર જ છે. જેમ કે ચાકર ખાણાનો થાળ માથા ઉપર મુકીને લાવે છે અને પછી એને એ થાળમાંથી જ એક રકાબી ખાવાનું આપવામાં આવે છે. એને જે કંઈ મળ્યું એ એની પાસે જ હતું. પછી ફરમાવ્યું કે, પણ તમે એમ જ સમજો કે શેખ મારફતે જ મળ્યું છે. નહીંતર તમને નુકસાન થશે.

❑ અલ્લાહ તઆલા એવા બંદાઓ જે કિતાબોના આલિમ નથી હોતા, એમને અલ્લાહ તઆલા એક ઝબાન (મહાન આલિમ) અતા ફરમાવે છે. જેમ કે હઝરત શમ્સ તબરેઝ રહ.ને મવલાના રૂમી સ્વરૂપે ઝબાન આપવામાં આવી હતી, જેમણે હઝરત શમ્સ તબરેઝનો ફૈઝ ઈલ્મી સ્વરૂપે લોકો સમક્ષ રજૂ કર્યો એવી જ રીતે મને મોલ્વી કાસિમ આપવામાં આવ્યા છે.

❑ શરીર મક્કા શરીફમાં હોય અને દિલ હિંદુસ્તાનમાં હોય એના કરતાં શરીર હિંદુસ્તાનમાં હોય અને દિલ મક્કા શરીફમાં હોય એ વધારે સારું છે.

❑ હું તો એ નિય્યતે લોકોને મુરીદ બનાવું છું કે આખિરતમાં પીર ઉપર રહમત થશે તો મુરીદોને જન્નતમાં લઈ જશે અથવા મુરીદ ઉપર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહમત થશે તો પીરને જન્નતમાં લઈ જશે.

❑ કોઈ ઊંચા દરવેશે આપ રહ.ની સેવામાં નમાઝ વિશે અરજ કરી કે હઝરત ! જો નમાઝમાં દિલ ન લાગે અને પરોવાય નહીં તો પછી ખાલી ઉઠક બેઠકનો શો ફાયદો ? આપ રહ.એ ફરમાવ્યું કે, આ ઉઠક બેઠકની કિમત આખિરતમાં ખબર પડશે કે એ કેવી મહામૂલી છે. એ જ અસલ છે. અલ્લાહ તઆલા એની તોફીક આપે અને દિલના ધ્યાન વગર પણ ઉઠક બેઠક થઈ જયા કરે તો મોટી દોલત છે. (તારીખે મશાઈખે ચિશ્ત)

❑ એક માણસે પૂછયું કે તસવ્વુફનો શું મતલબ છે ? આપ રહ.એ ફરમાવ્યું : પૂછનારની સ્થિતિ મુજબ આ સવાલના જવાબમાં મશાઈખ અલગ અલગ જવાબ આપે છે. અલબત્ત સૌથી યોગ્ય વાત આ છે કે તસવ્વુફની શરૂઆત ઈલ્મ છે. અમલ એનો વચ્ચેનો મરતબો છે. અને અલ્લાહની લગન એનું ઉચ્ચ સ્થાન છે. ઈલ્મ થકી મુરીદ પોતાની મુરાદ અને મકસદને ઓળખી શકે છે. અમલ મુરીદને મકસદ પૂરો કરવા માટે મદદ કરે છે. અને અલ્લાહની લગન થકી એને અલ્લાહ તઆલા સુધી પહોંચાડે છે. અને અહલે તસવ્વુફના ત્રણ દરજા છે. એક મુરીદ જે હજુ પોતાનો મકસદ પ્રાપ્ત કરવાની શરૂઆત કરે છે. બીજો મધ્યમ (મુતવસ્સિત) જે આખિરતની કામ્યાબી માટે મહેનત કરે છે. ત્રીજો ઉચ્ચ. જેમણે પોતાનો અસલ મકસદ (મઅરિફતે હક) મેળવી લીધો છે અને હવે એમને વિવિધ સ્થિતિઓથી કોઈ ફરક પડતો નથી.

❑ إنما الأعمال بالنيات ની હદીસ (એટલે કે અમલનો પૂરો આધાર કરનારની નિય્યત ઉપર છે) તસવ્વુફનું મુળ અને બુનિયાદ છે.

❑ મવલાના રહમતુલ્લાહ કીરાનવી રહ.નું તુર્કીના સુલતાને મોટું સન્માન કર્યું હતું. સુલતાન પાસેથી પાછા આવ્યા તો હાજી સાહેબને કહેવા લાગ્યા કે તમારી ઈજાઝત હોય તો સુલતાન પાસે તમારા ઉચ્ચ સ્થાનનું વર્ણન કરું. આપ રહ.એ જવાબ આપ્યો કે એનાથી શું મળશે ? એટલું જ કે મને પોતાના દરબારમાં બોલાવશે જેમ તમને બોલાવ્યા હતા,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને મને મક્કા છોડીને જવું પસંદ નથી. હા સુલતાનને લોકો ન્યાયી અને આદિલ કહે છે. અને હદીસ શરીફ મુજબ ન્યાયી સુલતાનની દુઆ કુબૂલ થાય છે. એટલે એમની દુઆની મારે જરૂરત છે. પણ એક બાદશાહને એમ કહેવું કે ફલાણા દરવેશ માટે દુઆ કરો, આદાબે સલતનતના વિરુદ્ધ છે. એટલે હું તમને સૌથી સારી વાત બતાવું છું. તમે એમને મારા સલામ કહેજો. તેઓ જવાબમાં સલામ કહેશે. એટલી દુઆ મારા માટે કાફી છે.

❑ સુફિયાએ કિરામ અને અવલિયાએ કિરામના મતે નમાઝમાં શરૂથી લઈને છેલ્લે સુધી નિય્યત હોવી જરૂરી છે. અલબત્ત ઉલમાએ કિરામે સહૂલત અને લોકોની આસાની ખાતર ફકત નમાઝ શરૂ કરતાં પહેલાં જ નિય્યત હોવાને જરૂરી ઠેરવ્યું છે. અલ્લાહ તઆલાના રહમ વ કરમથી ઉમ્મીદ છે કે આવી નમાઝ પણ કુબૂલ ફરમાવી લેશે.

❑ એક દિવસ બે તાલિબે ઈલ્મ ચર્ચા કરતા હતા. એકનું કહેવું હતું કે દિલના ધ્યાન વગર નમાઝ દુરુસ્ત નથી થતી. હદીસ શરીફમાં એવું જ કહેવામાં આવ્યું છે.

(لا صلوإ إلا بحضور القلب / لا صلوة لم لا يخشع)

બીજાએ કહયું કે હઝરત ઉમર રદિ.ની હદીસ છે કે કદી તો નમાઝમાં જ હું આખું લશ્કર તૈયાર કરી લઉં છું. એટલે કે નમાઝમાં આવા વિચારો આવે તો પણ નમાઝ દુરુસ્ત થઈ જશે. બન્નેએ ફેસલો આપ (હાજી સાહેબ) રહ. ઉપર છોડી દીધો. આપ રહ.એ ફરમાવ્યું કે બન્ને હદીસોમાં કોઈ વિરોધાભાસ નથી. અલ્લાહ તઆલાના વિશેષ બંદાઓ એટલે કે વલીઓ જયારે અલ્લાહ તઆલાના દરબારમાં હાજર થાય છે એ વેળા બીજી જરૂરી વાતો રજૂ કરે છે અને અલ્લાહ તઆલાના હુકમ ઉપર અમલ કરે છે. એટલે નમાઝમાં આવા ખ્યાલ આવવા એ તો સંપૂર્ણ રીતે નમાઝમાં અલ્લાહ તરફ ધ્યાન રાખવાનો જ એક પ્રકાર છે.

હઝરત અકદસ થાનવી રહ. ફરમાવે છે કે આવા વિચારો અલ્લાહ તઆલાની ઈજાઝત મુજબ હોય એટલે કે અલ્લાહ તઆલાની ફરમાબરદારી વિશેના હોય તો એ નમાઝના ખુશૂઅ – ખુઝૂઅના વિરુદ્ધ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નહીં ગણાય.

❑ ઈમામ મહદીના જાહેર થવાનો ઝમાનો ઘણો કપરો અને ખોફનાક હશે. તેઓ પોતે ઈમામ હશે એટલે હનફી – શાફેઈ તકલીદની કોઈ ગુંજાઈશ ન રહેશે. (એમની જ વાત માનવાની રહેશે.) વધુ પડતા ઉલમા આ કારણે જ એમનો વિરોધ કરશે. અલ્લાહ તઆલા ઈમાન સલામત રાખે. આમીન.

❑ બે માણસો વાતચીત કરતા હતા. વાતચીત દરમિયાન એક માણસ 'અજમેર શરીફ' બોલ્યો. બીજાએ કહયું કે અજમેર અજમેર છે. શરીફ હોવાનો શું મતલબ ? પહેલાએ જવાબ આપ્યો કે તમને કોઈ પૂછે છે કે 'મિજાઝ શરીફ કેસે હૈં ? ' એને તમે રોકતા નથી. તમારો મિજાઝ તો શરીફ હોય શકે છે અને બુઝુર્ગોના કારણે અજમેરના શરીફ હોવા વિશે તમને વાંધો છે ?

❑ દીદારની લઝઝત ઘણી દૂરની વાત છે. તાલિબ માટે તો નામની લઝઝત જ કાફી છે.

❑ એકવાર હું શહેરમાં પોતાના દોસ્તો સાથે મસ્જિદના સહેનમાં બેસેલો હતો. એક અજનબી માણસ ચહેરો છુપાવીને આવ્યા અને સલામ કરીને મસ્જિદમાં ચાલ્યા ગયા. ખાવાના સમયે મેં એમને બોલાવ્યા તો એમણે મસ્જિદમાં જ ખાણું મંગાવ્યું. બે ત્રણ દિવસ આમ જ થયું, એમને મસ્જિદમાં જ ખાણું મોકલી દેવામાં આવતું. ત્રીજા દિવસે હું મસ્જિદની બાજુમાં મેં બનાવેલી 'સેહદરી'માં રાત્રે સૂતા પહેલાં મખ્નવી જોઈ રહયો હતો, ત્યારે એમણે આવીને પરદો ઉઠાવ્યો. મેં પૂછયું કે કોણ છે ? એમણે કહયું કે ઈજાઝત હોય તો ચિરાગની રોશનીમાં કંઈક લખવા માંગું છુ. મેં એમને અંદર આવી જવાનું કહયું. એમણે કલમ અને ખડિયો કાઢયો. ઝાફરાનની શાહી અને અનારના કલમથી કોઈ તાવીઝ બનાવ્યું અને ફરમાવ્યું કે આ નકશ રોજ લખવામાં આવે તો એના થકી પાંચ રૂપિયાની બરકત થાય છે. જયારે પણ લખવામાં આવે એનાથી પાંચ રૂપિયાની બરકત થશે. મેં કહયું કે બેશક, બુઝુર્ગો પાસે આવા નકશ અને તાવીઝ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હોય જ છે. એમનો આશય એ હતો કે હું એ તાવીઝ એમની પાસે માંગુ, પણ હું મષ્નવીના વાંચનમાં પ્રવૃત હતો. મેં કોઈ ધ્યાન આપ્યું નહીં. તેઓ કહેવા લાગ્યા, આ તાવીઝ મુશ્કેલ પણ નથી. ફકત ઝાફરાનની શાહી અને અનારની કલમથી લખીને ફલાણી દુઆ પઢવાની છે. મેં આમ છતાં એમના તરફ કોઈ ધ્યાન આપ્યું નહીં. છેલ્લે તેઓ પોતે જ બોલ્યા કે તમારા લંગરખાના માટે આવો અમલ જરૂરી છે. મહેમાનો ઘણા હોય છે, આ અમલથી સુકૂન અને સંતોષ રહેશે. મેં જવાબ આપ્યો કે, જે ફૈઝ અને બરકત તમારા સીનામાં છે, એ આપો. મને આવા બધા અમલોની જરૂરત નથી. હમણા મારો ભરોસો અલ્લાહ તઆલા ઉપર છે. એ જ મને રોઝી આપનાર છે. આ અમલ લીધા પછી મારો ભરોસો અમલ ઉપર થઈ જશે. મને અલ્લાહ તઆલા સિવાય બીજા કોઈ ઉપર ભરોસો કરવો પસંદ નથી. એટલે જ તો સંપત્તિ છોડીને હું મસ્જિદમાં આવી ગયો છું. આ સાંભળીને એ બુઝુર્ગે મારી હિમ્મતને બિરદાવી અને ફરમાવ્યું કે, આ માણસ કદી મહરૂમ ન રહેશે.

/ મારા મોટા ભાઈ ઝુલ્ફિકાર અલી સાહેબ પંજાબની સફરેથી પાછા આવ્યા તો મને ઝિક્ર, દુઆ અને વઝીફામાં મશગૂલ જોયો. મને કહેવા લાગ્યા કે મને એક ફકીરે અમલ બતાવ્યો છે. તમે શીખી લ્યો. મેં એ અમલ શીખી લીધો. એકવાર દિલ્હી જવાનું થયું. ત્યાં હઝરત સાબિર બખ્શની દરગાહના મસ્નદ નશીન અબ્દુલ્લાહે મને ઉર્સમાં આવવાની દાવત દીધી. મારા માટે એમના કોઈ મુરીદનો હાથી મોકલ્યો. જયારે હું એમના મકાન ઉપર પહોંચ્યો તો જોયું કે મોટો દબદબો છે. હું તો ફકીરીના વેશમાં હતો. લોકો મને જોઈને જ ઉભા થઈ ગયા. હાથ ચુમ્યા અને ઉચ્ચ સ્થાને બેસાડયો. હું અંચબામાં હતો કે આ બધું શું છે ? પછી જયારે રાતે એ વઝીફો પઢવા લાગ્યો તો સમજમાં આવ્યું કે આ બધું વઝીફાની અસર છે. રાત્રે ખ્વાબમાં પીરો મુરશિદ સાહેબે ફરમાવ્યું કે આ સન્માનથી શું મળ્યું ? હું સમજી ગયો કે તેઓ નારાજ છે એટલે એ વઝીફો છોડી દીધો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

❑ મુજાહદહ વગર કંઈ મળતું નથી. અલ્લાહ તઆલા ફરમાવે છે કે જેઓ અમારા માટે મહેનત કરે છે અમે એમને અમારા રસ્તાનું માર્ગદર્શન આપીએ છીએ. પછી ફરમાવ્યું કે, તમારી તાલીમ માટે કહું છું કે, જવાનીના દિવસોમાં હું કદી સૂતો ન હતો. રમઝાનમાં તો બિલ્કુલ નહીં. મગરિબ પછી બે નાબાલિગ છોકરા હાફિઝ યૂસુફ બિન હાફિઝ ઝામિન શહીદ રહ. અને મારો ભત્રીજો હાફેજ અહમદ હુસૈન સવા સવા સીપારો ઈશા સુધી સંભળાવતા હતા. ઈશા પછી બીજા બે હાફિજ સંભળાવતા હતા. ત્યાર પછી એક હાફિજ સાહેબ અર્ધી રાત સુધી. પછી તહજ્જુદમાં બે હાફિજ સાહેબ સંભળાવતા હતા. આખી રાત આ જ પ્રમાણે પસાર થતી હતી. (ઈમ્દાદુલ મુશ્તાક)

❑ એક માણસે આપની સેવામાં અરજ કરી કે હઝરત ! ફલાણો માણસ તમારા વિશે એલફેલ બોલતો હતો. આપ રહ.એ ફરમાવ્યું કે, એ માણસ તારા કરતા વધારે સારો છે. એણે મારો એટલો તો ખ્યાલ રાખ્યો જે કંઈ કહેવું હતું એ પાછળ કહયું. તું તો મારી સામે જ બધું બોલી રહયો છે. આ ટકોર સાંભળીને એ માણસ ઘણો જ પસ્તાયો અને ચુગલખોરીથી તોબા કરી લીધી.

❑ મવલાના મુહમ્મદ મુઝફ્ફર હુસૈન કાંધલ્વી રહ. મક્કા શરીફમાં બીમાર પડયા ત્યારે હાજી સાહેબને કહેવા લાગ્યા કે મને તો મદીના શરીફની મોતની તમન્ના છે. અને મારી આ હાલત થઈ થઈ છે. હાજી સાહેબ રહ.એ થોડીવાર વિચાર્યું અને પછી ફરમાવ્યું કે તમારી વફાત અહીંયા નથી. હાજી સાહેબ રહ.ની વાત સાંભળીને એમને સંતોષ થઈ ગયો. પછી તેઓ મદીના શરીફ પહોંચ્યા અને ત્યાં જ ઈન્તેકાલ થયો.

❑ હાફિજ અબ્દુલકાદિર થાનવી રહ.વર્ણવે છે કે થાનાભુવનમાં હતા ત્યારે એકવાર રાતના સમયે આપની પાસે એક માણસ આવ્યો અને અરજ કરી કે હઝરત મારી દીકરી ઉપર જિન્નાતની અસર છે. આપ રહ. એ જ વેળા એની સાથે ઘરે ગયા. જિન્નાતે આપને સલામ કરી અને કહેવા લાગ્યો તમે શા માટે તકલીફ લીધી ? મને અફસોસ છે. તમે ફકત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તમારા નામનો કાગળનો એક ટુકડો મોકલી દેજો. ત્યાર પછી જયારે પણ કોઈ આવી ઘટના થતી તો આપ રહ. એક ટુકડા ઉપર પોતાનું નામ લખીને મોકલી દેતા, અને એનાથી જ અસર ખતમ થઈ જતી.

❑ જિન્નાતોનો આપ રહ. સાથે કરાર હતો કે જે કોઈ આપ રહ.નો મુરીદ હશે એને સતાવશે નહીં. પંજલાસામાં હાજી સાહેબ રહ. હતા એ દિવસોમાં અબ્દુલ્લાહ ખાનના એક રિશ્તેદાર ઈમામુદ્દીનના કાકી ઉપર જિન્નાતની અસર હતી. એક દિવસ તેઓ હાજી સાહેબ રહ.ને ઘરે લઈ ગયા અને તે ઓરતને હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત કરાવી દીધાં. જિન્નાત આવ્યો તો ઘણો પરેશાન થયો. કંઈ ખુશ્બુ વગેરે માંગી અને ચાલ્યો ગયો. પછી આવ્યો નહીં.

❑ મોલાના મુનીર નાનોત્વી રહ. ફરમાવે છે કે એકવાર મક્કા શરીફમાં કોઈ માણસે મોટી રકમ મુસ્તહીક લોકોમાં વહેંચવા ખાતર કોઈ અધિકારી પાસે મોકલી. હઝરત હાજી સાહેબે એમની પાસે આદમી મોકલ્યો કે મારો હિસ્સો આપી દયો. કદાચ ચાર પૈસા આપના હિસ્સામાં આવ્યા. પછી હઝરત હાજી સાહેબે ફરમાવ્યું કે ભલા તમે વિચારતા હશો કે હું એ પૈસાનો ભુખ્યો છું, પણ વાત એમ છે કે અહીંયા લોકો જે કોઈ માણસને સારી સ્થિતિમાં સમજે છે એનાથી હસદ કરે છે અને મારે અહીંયા રહેવું છે એટલે મારી જરૂરત અને ગરીબી જાહેર કરું છું, જેથી કોઈ હસદ ન કરે.

❑ નવાબ મહમૂદ અલી છતારી હઝરત હાજી સાહેબ રહ.થી ઘણી જ અકીદત રાખતા હતા. અમુક કામો ખાતર મક્કાથી હિંદુસ્તાન આવ્યા તો પોતાની એક રકમ હઝરત હાજી સાહેબ રહ.ના ભત્રીજા હાફિજ અહમદ હુસૈન રહ. પાસે અમાનત મુકીને આવ્યા. નવાબ સાહેબે હિંદુસ્તાનના એક પત્રમાં હાજી સાહેબ રહ.ને લખ્યું કે મારા બધા રૂપિયા તમારા જ છે. જરૂરત મુજબ એમાંથી ખર્ચ કરી લેજો. હાજી સાહેબ રહ.એ જવાબ લખ્યો કે આમ કરવું અમને પસંદ નથી. આ અમારી રીત નથી. કોઈ માણસ પોતે આવીને એક પૈસો પણ આપે તો અમે આંખો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પર મુકીને કુબૂલ કરીશું. પણ અમાનતમાંથી ખર્ચ કરવું અમને પસંદ નથી. ચાહે માલિકની પરવાનગીથી કેમ ન હોય.

❑ એકવાર હિંદુસ્તાનથી કોઈએ હઝરત હાજી સાહેબ રહ.ની સેવામાં થોડા રૂપિયા એક દુકાનદાર મારફતે મક્કા મોકલ્યા. મક્કાના એ દુકાનદારે હઝરત હાજી સાહેબને કહેવડાવ્યું કે તમારા રૂપિયા હિંદુસ્તાનથી આવ્યા છે. કોઈ ખાદિમને મોકલીને દુકાનેથી મંગાવી લેશો. હઝરત હાજી સાહેબે બેનિયાઝીનો જવાબ મોકલ્યો કે મેં હિંદુસ્તાનથી રૂપિયા મંગાવ્યા નથી અને દુકાનેથી પણ મંગાવવાનો નથી. જે અલ્લાહ તઆલાએ હિંદુસ્તાનથી મક્કા સુધી રૂપિયા મોકલ્યા છે એ દુકાનથી મારા ઘરે પણ મોકલી દેશે. અહીંયાથી કોઈ માણસ રૂપિયા લેવા આવશે નહીં. દુકાનદાર આ જવાબ સાંભળીને ઘણો પ્રભાવિત થયો અને તુરંત રૂપિયા હઝરત હાજી સાહેબ રહ.ની સેવામાં મોકલી દીધા.

❑ એક માણસ પીરોના ખાનદાનના વંશજ હઝરત હાજી સાહેબ રહ.ની ખિદમતમાં આવ્યા. તેઓ તકલીદ ન કરતા હતા. હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું કે તમે મશાઈખના ખાનદાનના માણસ છો. હિઝબુલ બહર તમારા ખાનદાનની વસ્તુ છે. ઘણી બરકત વાળી છે. એને અલ્લાહનો ઝિક્ર સમજીને પઢી લ્યો. એ માણસ કહેવા લાગ્યા કે એમાં તો બિદઅત છે. આપ રહ.એ ફરમાવ્યું કે, એમાં આયતો અને હદીસ શરીફની દુઆઓ છે. બીજી બધી દુઆઓ પણ શરીઅત વિરુદ્ધ નથી. તેઓએ કહયું કે એમાં અનેક જગ્યાએ નિશાનીઓ છે કે અહીંયા આંગળી બંધ કરવી, અહીંયા ખોલવી. આ બધું બનાવટી છે અને કુરઆન હદીસ સિવાયની દુઆઓ પણ વધારાની જ છે. આપ રહ.એ એમને ફરમાવ્યું કે આ બધું છોડીને પઢી લ્યો. એમણે આટલી વાત માની લીધી, એની બરકતથી થોડાક જ દિવસોમાં એમની તબિયતમાં નરમી આવી ગઈ. વિરોધ ખતમ થઈ ગયો. પછી જે કોઈ પણ હજમાં આવતો એને નસીહત કરતા કે હાજી સાહેબની મુલાકાત જરૂર કરજો.(કમાલાતે ઈમ્દાદીયહ)

❑ એક મોલ્વી સાહેબે એક દિવસ પૂછયું કે,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હદીસ શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : اليد العليا خير من اليد السفلى (ઉપર વાળો હાથ નીચેવાળા હાથ કરતાં બેહતર છે.) આ હદીસથી ફકીર કરતાં માલદારની ફઝીલત વધારે છે એમ માલૂમ પડે છે. આપ રહ.એ ફરમાવ્યું કે ઉપર વાળો હાથ એટલા માટે બેહતર છે કે માલ છોડીને ફકીરી અપનાવી રહયો છે અને નીચેવાળા હાથનું સ્થાન એટલા માટે ઓછું છે કે માલ લઈને ફકીરી છોડીને માલદારી અપનાવી રહયો છે.

❑ એક માણસે આપ રહ.ના નામે બનાવટી કાગળ લખીને કોઈ અમીર પાસેથી રૂપિયા મેળવી લીધા. બધાને આ બાબતની ખબર પડી તો કોઈએ સલાહ આપી કે આવા માણસને ચેતવણી આપવી જોઈએ. હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું કે ભાઈ ! મારાથી કોઈને દીનનો ફાયદો તો થયો નથી. હવે મારા નામથી કોઈને દુનિયાનો ફાયદો થયો હોય તો મને અલ્લાહ તઆલા સામે શરમ આવે છે કે એમાં પણ કંજૂસાઈ કરું.

❑ કમાલાતે ઈમ્દાદીયહમાં છે કે,

હઝરત હાજી સાહેબ ફરમાવતા કે એકવાર મારી પાસે એક કાદરી અને એક ચિશ્તી એમના વિવાદના ફેસલા માટે આવ્યા. કાદરી મુરીદ કહેતા હતા કે હઝરત સય્યિદના અબ્દુલ કાદિર જીલાની રહ. (મૃ. ૫૬૧ હિ.)નો દરજો હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી રહ.થી મોટો છે અને દલીલમાં પીરાને પીર શેખ જીલાની રહ.નું આ કથન વર્ણવતા કે : قدمى على رقاب كل أولياء الله અર્થાત : બધા અવલિયાની ગરદન મારા પગ નીચે છે. હઝરત હાજી સાહેબ રહ.એ આ સાંભળીને પોતાનું માથું નમાવી લીધું અને ફરમાવ્યું : بل على رأسى و عينى અર્થાત બલકે મારું માથું અને આંખો પણ એમના પગો તળે છે. એની સામે ચિશ્તી મુરીદ કહેતા હતા કે ખ્વાજા અજમેરી રહ.(મૃ. ૬૨૭ હિ.)નો દરજો ઊંચો છે. આમ બન્ને મુરીદો તુ તુ મેં મેં કરતા હતા અને આપસની ચર્ચામાં એટલા આગળ વધી ગયા હતા કે એકની વાતો થકી હઝરત ગોષ રહ.નું અપમાન થતું હતું તો બીજાની વાતોમાં હઝ. ખ્વાજા સાહેબ રહ.નું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અપમાન હતું.

હઝરત હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું કે આપણા માટે આ સારી વાત નથી કે બુઝુર્ગોના દરજાઓ નક્કી કરીએ અને એકને બીજા કરતાં ઊંચા કે નીચા બતાવીએ. એમાં અલ્લાહના વલીઓની શાનમાં ગુસ્તાખી અને બેઅદબી છે. અલ્લાહને જ ખબર છે કે કોણ મોટો અને કોણ નાનો છે ? આપણે તો બધા જ બુઝુર્ગો પ્રત્યે અકીદત રાખવાની છે. અલબત્ત આમ છતાં સ્વભાવિક છે કે માણસમાં એના બાપ પ્રત્યે એના કાકા કરતાં વધારે મુહબ્બત અને સન્માન હોય છે. પણ એનો મતલબ કાકાનું અપમાન નથી. કોઈ છોકરો કાકાનું અપમાન કરે તો બાપને પણ એ ગમતું નથી. આ રીતે ચિશ્તી લોકો માટે હઝરત ખ્વાજા સાહેબ બાપ સમાન છે અને હઝરત ગોષ રહ. કાકા સમાન. અને કાદરી મુરીદો માટે હઝરત ગોષ રહ. બાપ સમાન છે અને હઝ. ખ્વાજા સાહેબ રહ. કાકા સમાન. માટે દરેકને એના સિલસિલાના બુઝુર્ગ પ્રત્યે વધારે અકીદત – મુહબ્બત હોય એ સ્વભાવિક છે. પણ આ બુઝુર્ગોના ઊંચા – નીચા મરતબા વિશે ચર્ચા કરવી બન્નેની શાનમાં બેઅદબી છે.

રહી વાત હઝરત ગોષ રહ.ના આ કથનની કે અવલિયાની ગરદન મારા પગો તળે છે, તો આ કથન એમના દરજાના ઉચ્ચ હોવાની દલીલ નથી. સાચે જ આ કથન એમનું હોય તો શકય છે આ વેળા તેઓ 'મકામે ઉરૂજ'માં હશે, અને હઝરત ખ્વાજા સાહેબ 'મકામે નુઝૂલ'માં, અને બુઝુર્ગો આ બાબતે સહમત છે કે ઉરૂજ કરતાં નુઝૂલ અફઝલ છે. આ રીતે જોઈએ તો દરજાઓ બદલાય શકે છે, પણ આ તો ફકત દલીલનો જવાબ છે, અમે (ચિશ્તીઓ) આવું માનતા પણ નથી.

હઝરત હાજી સાહેબ રહ.નો આ ફેસલો સાંભળીને બંને ખામોશ થઈ ગયા અને રાજી પણ થઈ ગયા. (પેજ : ૧૭)

❑ હઝ. મવ. અશરફ અલી થાનવી રહ. ફરમાવે છે કે, એકવાર મને હઝરત હાજી સાહેબ રહ.એ એક તાવીઝ આપ્યું, એમાં એક વાકય : أجبْ يا جبرائيلُ હતું. (હે જિબ્રઈલ આ કામ પુરું ફરમાવો). પછી એક

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દિવસ મને ફરમાવ્યું કે, ભાઈ મેં એ તાવીઝમાં થોડો ફેરફાર કરી દીધો છે. અને જિબ્રઈલ શબ્દ પહેલાં 'રબ્બ' શબ્દ વધારીને આમ કરી દીધું છે : أجب يا رب جبرائيل (હે જિબ્રઈલના પરવરદિગાર, આ મુરાદ પૂરી ફરમાવો.) જેથી કોઈને શિર્ક જેવું ન લાગે.

આગળ હઝરત અકદસ થાનવી રહ. લખે છે : આનાથી પુરવાર થાય છે કે હઝરત હાજી સાહેબ રહ. ઘણું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. એવા કડક પણ ન હતા કે આખું તાવીઝ ખોટું કહીને ઉડાવી દે અને એવા ઢીલા પણ ન હતા કે શિર્કના અર્થ વાળું લાગતું હોય છતાં એમ જ રહેવા દે. આવો જ એક કિસ્સો હદીસ શરીફમાં છે કે, એક યહૂદીએ એક મુસલમાનને પ્રશ્ન કર્યો કે તમે મુસલમાન લોકો કસમમાં એમ કહો છો કે, و الـــكـــعبة કાબાની કસમ ! નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખબર પડી તો ફરમાવ્યું કે, હવેથી ورب الـــكـــعبة કહીશું. એટલે કે કાબાના રબની કસમ ! (નસઈ શરીફ)

❑ કમાલાતે ઈમ્દાદિયહમાં હઝરત થાનવી રહ. લખે છે :

એકવાર પરેશાની – બેચેની વધી જવાથી મેં એક બીજા દરવેશ સાથે સંપર્ક કર્યો, પણ એનાથી બીજી એક ઓર પરેશાની વધી ગઈ. મેં હઝરત હાજી સાહેબ રહ.ની સેવામાં આ બાબતની જાણ કરી અને એ બુઝુર્ગ સાથે સંબંધ રાખવા તેમજ કંઈ પૂછવા બતાવવાની ઈજાઝત માંગી. હાજી સાહેબ રહ.એ એક વિશ્વાસપાત્ર બુઝુર્ગ મારફત મને જવાબ મોકલાવ્યો કે, જયાં સુધી તમારો આ સેવક જીવતો છે, તમે કોઈ બીજા પાસે શા માટે જાઓ છો ? આ જવાબ સાંભળતાં જ મારી બધી પરેશાનીઓ દૂર થઈ ગઈ અને પેલા બુઝુર્ગ સાથે સંબંધ વધારવાનો મારો શોખ પણ ઠંડો પડી ગયો. (પેજ : ૫૨)

❑ કોઈ પરેશાની કે મહત્વનું કામ હોય તો સૂરએ યાસીન પઢવી લાભદાયક છે. અને દરેક 'મુબીન' ઉપર સાતવાર સૂરએ ફાતેહા બિસ્મિલ્લાહ સાથે પઢવી. અને શરૂમાં તેમજ છેલ્લે દુરૂદ શરીફ પઢવું. દુરૂદ શરીફ એક પેટી (પેકીંગ) છે. જેમાં લપેટાઈને વઝીફો અને દુઆ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આગળ જાય છે. અથવા સાત વાર સૂરએ મુઝમ્મિલ પઢવી. આ મશાઈખનો મુજર્રબ મામૂલ છે. અને મેં મારા મુરીદો અને અકીદતમંદો માટે સૂરએ ફાતેહા ૪૧ વાર પઢવી જરૂરી ઠેરવી છે. એનાથી બેહતર દીની – દુન્યવી કામો માટે બીજો કોઈ વઝીફો નથી. (શમાઈમે ઈમ્દાદીયહ : ૧૪૧)

❑ સલૂકના તરીકાઓ બેશુમાર થઈ ગયા છે. એમાં ત્રણ તરીકાઓ ઘણા જ નજીકના છે.

(૧) પ્રથમ તરીકો સુલહા અને નેક લોકોનો છે. આ તરીકામાં બધી શરઈ ફરજો, ઈબાદતો, રોઝહ, નમાઝ, તિલાવત, જિહાદ, હજ વગેરે પૂરી કરવી પડે છે, આ તરીકામાં મંઝિલે મકસૂદ સુધી પહોંચવામાં વાર લાગે છે.

(૨) બીજો તરીકો મુજાહદહ અને રિયાઝત – મહેનત કરનાર લોકોનો છે. એમાં (ઉપરોકત બધી ફરજો ઉપરાંત) બુરી આદતો – અખ્લાકને સુધારીને સારી આદતો અને અખ્લાક શીખવાડવામાં આવે છે અને બુરાઈઓને ખૂબીઓથી બદલવામાં આવે છે. આ રસ્તે ચાલનારા લોકો વધુ પડતા મંઝિલે પહોંચી જાય છે.

(૩) ત્રીજો તરીકો શત્તારી લોકોનો છે. આ લોકો બધી જ રીતે દુનિયા સાથેનો એમનો સંબંધ તોડી નાંખે છે. પરસ્પરનો સહવાસ અને સંબંધ પણ ખતમ કરી નાંખે છે. ફકત દુરૂદ અને ઝિકના શોખમાં પરોવાયેલા રહે છે. હદીસમાં આવ્યું છે એ મુજબ મૃત્યુ પહેલાં જ મૃત્યુને સામે જોઈને ફકત ઈબાદતો ઉપર જમ્યા રહે છે. (કુલ્લિયાતે ઈમ્દાદીયહ, ઝિયાઉલ કુલૂબ : ૧૦)

હાજી સાહેબ રહ.ની ઇલ્મદોસ્તી.

હાજી સાહેબ રહ. વિશે પ્રથમ દષ્ટિએ એવું લાગે છે કે આપ રહ.ની તબિયત ઈલ્મી ખિદમાત કરતાં તસવ્વુફ અને સુલૂક તરફ વધારે ઢળેલી હતી, પરંતુ વાસ્તવિકતા એવી નથી. હાજી સાહેબ રહ. તસવ્વુફની સાથે જ ઈલ્મી ખિદમાતને પણ એટલું જ મહત્વ આપતા હતા. ફકત એટલું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કહી શકાય કે આપ રહ.એ પૂર્ણ રીતે દર્સ – તદરીસનું કામ અપનાવ્યું ન હતું અને ફકત મખ્નવીનો દર્સ આપતા હતા. ઈલ્મી સેવાઓ પ્રતિ હાજી સાહેબે પોતાના મુરીદો, ખલીફાઓ અને સમકાલીન વિદ્વાનો મારફતે જે કામ લીધું છે, એની વિગત જોઈએ છીએ ત્યારે એની વિશાળતા સમજમાં આવે છે.

નવાદિરાતે ઈમ્દાદીયહમાં છે કે સર સય્યિદ અહમદ ખાન મરહૂમ સાહેબે હાજી સાહેબ રહ.ની ફરમાઈશ ઉપર એક રિસાલાનો ઉર્દૂ અનુવાદ કર્યો હતો.

શેખ મુહયુદ્દીન ઈબ્ને અરબી રહ.ની એક કિતાબ ફુસૂસુલ હિકમનો તરજમહ દેવબંદમાં હાજી સાહેબ રહ.ના આદેશ મુજબ કરવામાં આવ્યો હતો. હાજી સાહેબ રહ.એ જ મવલાના રહમતુલ્લાહ કીરાનવી રહ.ને ફરમાઈશ કરીને શેખ નજીબુદ્દીન સુહરવર્દીની કિતાબ આદાબુલ મુરીદીનનો ઉર્દૂ અનુવાદ કરાવ્યો હતો.

હઝ. મવ. અશરફ અલી થાનવી રહ.ને મક્કા મુકર્રમહના રોકાણ દરમિયાન અહમદ બિન અતાઉલ્લાહ ઈસ્કન્દરી રહ.ની કિતાબ 'અત્તન્વીર'નો ઉર્દૂ અનુવાદ 'અકસીર ફી ઈબ્બાતીત્તકદીર' કરવાનો આદેશ આપ્યો હતો. મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. પાસે કુત્બુદ્દીન દમિશ્કી રહ.ની કિતાબ 'રિસાલા મક્કીયહ'નો અનુવાદ કરાવ્યો જે 'ઈમ્દાદુસ્સુલૂક'નામે પ્રકાશિત થયો.

શેખ અતાઉલ્લાહ ઈસ્કન્દરી રહ.ની એક બીજી કિતાબ 'અલ હિકમુલ અતાઈય્યહ'નો અનુવાદ 'ઈત્મામુન્નિઅમ' મવલાના ખલીલ અહમદ સહારનપૂરી રહ. પાસે કરાવ્યો. જેને પાછળથી મવલાના અબ્દુલ્લાહ ગંગોહી રહ. દ્વારા ભાષાની સરળતા કરીને 'ઈકમાલુશ્શિયમ' નામથી છાપવામાં આવ્યો.

મવલાના અનવારુલ્લાહ ફઝીલતજંગની કિતાબ 'અનવારે અહમદી'નું નામ આપ રહ.એ જ સુચવ્યું હતું અને એમને મશ્વેરો આપ્યો હતો કે એનો એક ભાગ 'લુમ્અતુલ અનવાર'ના નામે અલગથી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પ્રકાશિત કરવામાં આવે. (નવાદિરાતે ઈમ્દાદીયહ : ૫૪)

આ બધા ઉપરાંત દીની મદરસાઓ પ્રત્યે ઘણો જ લગાવ રાખતા હતા. મદરસા સવલતિયહ મક્કા મુકર્રમહ અને દેવબંદ સાથે આપ રહ.ના લગાવની વિગત આગળ આવી ચુકી છે.

ભારતીય મુસલમાનોના ઇતિહાસમાં હાજી સાહેબ રહ.નું સ્થાન

પ્રો. ખલીક અહમદ નિઝામી તારીખે મશાઈખે ચિશ્તમાં લખે છે :

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ (રહ.) ઓગણીસમી સદીની ત્રણ મહાન ચળવળોના મુળસ્ત્રોત હતા :

(૧) મુસલમાનોમાં દીની તા'લીમના પ્રસાર માટે જે ચળવળ શરૂ થઈ અને અંતે દારુલ ઉલૂમ દેવબંદનું રૂપ ધારણ કર્યું, એ હાજી સાહેબના ખલીફાઓની મહેનતોનું પરિણામ છે. મવ.રશીદ અહમદ ગંગોહી (રહ.), મવ.મુહંમદ કાસિમ નાનોતવી (રહ.), મવ. મુ. યાકૂબ નાનોતવી (રહ.) અને હાજી આબિદ હુસૈન (રહ.) હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના જ ખલીફા હતા.

(૨) તસવ્વુફ અને સુલૂક (આધ્યામિકતા)તથા દઅવતો તબ્લીગ મારફત મુસલમાનોની ઈસ્લાહ અને સુધારણાનું જે કામ શરૂ કરવામાં આવ્યું, એમાં સૌથી મહાન ફાળો આપનારા હકીમુલ ઉમ્મત હઝરત મવલાના અશરફ અલી થાનવી (રહ.) અને મવ. મુહંમદ ઈલ્યાસ (રહ.) છે. મવ. થાનવી (રહ.) હઝરત હાજી સા.ના ખલીફા હતા, જયારે મવ. મવ. ઈલ્યાસ (રહ.)એ મવ.ગંગોહી (રહ.) પાસે તરબિયત મેળવી હતી.

(૩) ત્રીજી અગત્યની ચળવળ દેશની આઝાદીની ચળવળ હતી.

એમાં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ સા.પોતે શામિલ હતા. એમના મુરીદો એમની સાથે હતા. એ લોકોએ જે અગત્યના કામો કર્યા છે, તે ભારતનાં ઈતિહાસમાં સોનેરી અક્ષરોએ લખવાપાત્ર છે. હાજી સા.(રહ.)ના દિલમાં દેશની આઝાદીની જે ચિંગારી હતી, તે હઝરત શૈખુલ હિન્દ (રહ.)ના રૂપમાં ભડકો બની ફેલાઈ ગઈ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતી. તેમણે અને તેમના બાહોશ શાગિર્દોએ દેશની આઝાદી માટે જે તકલીફો વેઠી છે, તેની ભારતનો કોઈપણ પ્રામાણિક ઈતિહાસકાર નોંધ લીધા વગર રહેશે નહીં.

(તારીખે મશાઈખે ચિશ્ત : ૨૩૪)

હાજી સાહેબ રહ.ની સર્વગ્રાહી અને બહુમુખી સેવાઓનો નિચોડ વર્ણવતા પ્રસિદ્ધ મુસ્લિમ ઈતિહાસકાર શેખ મુહમ્મદ ઈકરામ સાહેબ લખે છે :

મવલાના શાહ મુહમ્મદ ઈસ્હાક રહ.ના શાગિર્દોમાં અનેક કાબેલ ઉલમા હતા, પણ અલ્લાહની દેન છે કે એમની ખાનદાની ઈલ્મી – રૂહાની પરંપરા એક એવા બુઝુર્ગ મારફતે લોકો સુધી પહોંચી જે આલિમ ઓછા અને સૂફી વધારે હતા.....હાજી સાહેબ રહ.નું વ્યકિતત્વ અનેક ખુબીઓનું કેન્દ્ર હતું. પણ કોમના ધાર્મિક અને ઈલ્મી ઈતિહાસમાં એમનું નામ ફકત એના પોતાના કામોના કારણે નથી આવતું, બલકે એટલા માટે એમનું નામ આવે છે કે ઉલમા અને વિદ્વાનોનો એટલો મોટો સમુહ એમની આસપાસ એમની સાથે જોડાયેલો હતો કે એણે આપણા ભારતીય મુસલમાનોના જીવનમાં જ્ઞાન – ઈલ્મનો એક નવો દરવાજો ખોલી દીધો. મવલાના કાસિમ સાહેબ રહ.ને કોઈએ પૂછયું કે હઝરત હાજી સાહેબ રહ. આલિમ હતા ? આપ રહ.એ જવાબ આપ્યો કે આલિમ હોવાનો શો અર્થ ? અલ્લાહ તઆલાએ એમને આલિમોના ઘડવૈયા બનાવ્યા હતા. હાજી સાહેબ રહ. જેવું આ રૂહાની આકર્ષણ અને પ્રભાવ ઘણા મોટા મહાન ઉલમા પાસે પણ નથી હોતું. હાજી સાહેબ રહ.ને પોતાના મહાન મુરીદો સાથે ઊંડો લાગણીનો સંબંધ હતો. અને મુરીદો પણ હાજી સાહેબ રહ.ના દીવાના હતા. હાજી સાહેબ રહ. એ પોતાની એક કિતાબના અંતે લખ્યું છે કે, "જે કોઈ મુજ ફકીરથી મુહબ્બત અને અકીદત ધરાવતો હોય, એ મોલ્વી રશીદ અહમદ સાહેબ અને મોલ્વી કાસિમ સાહેબને, જે બન્ને જાહેરી બાતેની ઉલૂમના જાણકાર છે, એમને મારા સ્થાને સમજે. બલકે મારાથી પણ ઊંચા સમજે." અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મવલાના કાસિમ રહ. પોતાની કિતાબ આબે હયાતના અંતે લખે છે, જે કંઈ મારી પાસે છે એ બધું આરિફીનના સરદાર હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના નૂરની જ રોશની છે. હાજી સાહેબ રહ. ઉપર સૂફી પરંપરાનો એવો રંગ ચડેલો હતો કે મવલાના કાસિમ અને મવલાના રશીદ અહમદ જેવા ઉલમા એમની સાથે અનેક બાબતે વિરોધ કરે એ સ્પષ્ટ હતું..... પરંતુ આમ છતાં એમના (પીર મુરીદ)ના ઊંડા અને નિખાલસ સંબંધો અને પરસ્પરના વિશ્વાસ – અકીદત ઉપર એની કોઈ અસર પડી નહીં.

અનુમાન આ છે કે આપ રહ.ના કારણે અમુક દેવબંદી ઉલમામાં શાહ વલીયુલ્લાહ રહ.ના મસ્લકમાં ઘરબાયેલ અને શાહ ઈસ્માઈલ શહીદ રહ.જેવા બુઝુર્ગોના જીવનમાં બહાર આવેલ ઈસ્લાહ અને સુધારણાનો જુસ્સો અને ઉત્સાહ કંઈક કમઝોર અને ઠંડો પડી ગયો. અલબત્ત વિરોધ અને વિવાદને ખતમ કરવાના પ્રયાસો એમના થકી વધારે મજબૂત બન્યા. હાજી સાહેબ રહ. આ બાબતે વિશેષ ધ્યાન આપતા હતા.....આ હેતુએ હાજી સાહેબ રહ.એ સાત વિષયો (જેની કંઈક ચર્ચા અમે કરી ચુકયા છે. સંપાદક) બાબતે મવલાના રશીદ અહમદ ગંગોહી (મવ. અશરફ અલી થાનવી)ની મદદથી એક ટુંકો રિસાલહ પણ લખ્યો, જેમાં બન્ને પક્ષોના દષ્ટિબિંદુને સામે રાખીને અત્યંત મધ્યમમાર્ગી કથન લખવામાં આવ્યું હતું. અમુક ઉલમાને એના ઉપર પણ સંતોષ ન હતો, પણ હાજી સાહેબ રહ.એ આ બધી બાબતોમાં સમાધાન ચાહતા હતા એ સ્પષ્ટ જણાય છે. (મોજે કવષર : ૧૯૮)

હાજી સાહેબ રહ.ના સિલસિલાની બરકતો

હઝરત ફકીહુલ ઉમ્મત મવલાના મુફતી મહમૂદ હસન ગંગોહી રહ. ફરમાવે છે :

અલ્લાહ તઆલાએ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રહ.ના સિલસિલામાં ઘણી બરકતો રાખી છે. અને આ સિલસિલાથી ઉલમા અને અવામ, દરેકને એટલો ફૈઝ પહોંચ્યો છે કે અલ્લાહુ અકબર! હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ., હઝરત મવલાના કાસિમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નાનોત્વી રહ., હઝરત મવલાના અશરફ અલી થાનવી રહ., આ બધા હઝરત હાજી સાહેબ રહ.ના ખલીફા છે. અને બધાએ દીનની મહાન સેવાઓ કરી છે. અંગ્રેજો વિરુદ્ધ જિહાદમાં પણ ઘણી બહાદુરીથી લડયા. દીની ઈલ્મ અને સાહિત્યના લેખન – સંપાદન વડે પણ દીનનો પ્રચાર કર્યો છે. હઝરત મવલાના અશરફ અલી થાનવી રહ.એ કુરઆને પાકની તફસીર 'બયાનુલ કુરઆન' લખી છે. ઈલ્મે હદીસમાં 'એઅલાઉસ્સુનન' લખવા માર્ગદર્શન આપ્યું. ફિકહે હનફીના પ્રચાર માટે અનેક કિતાબો લખી. ઈલ્મે તસવ્વુફની પણ ખૂબ ખિદમત ફરમાવી છે. આ વિષયે પણ કિતાબો લખી છે. 'અત્તકશ્શુફ અન મુહિમ્માતિત્તસવ્વુફ' અને બવાદિરુન્નવાદિર. હઝરત ગંગોહી રહ. મારફતે પણ અલ્લાહ તઆલાએ લોકોને ઘણો ફૈઝ પહોંચાડયો છે. એમણે પોતે દીનની ઘણી ખિદમત ફરમાવી છે. એમના ખલીફા હઝરત મવલાના ખલીલ અહમદ રહ.ની પણ ઘણી ખિદમતો છે. બઝલુલ મજહૂદ નામે હદીસ શરીફની મશ્હૂર કિતાબ સંપાદન ફરમાવી છે. મુનાઝરા માટે વિવિધ સ્થળોએ તશ્રીફ લઈ જતા હતા. મિતરકતુલ કરામહ અને બરાહીને કાતેઆ જેવી કિતાબો સંપાદન ફરમાવી છે. લાંબા સમય સુધી દવરહની બધી કિતાબો આપ રહ. એકલા પઢાવતા હતા. એમના જ બીજા ખલીફા હઝરત મવલાના ઈલ્યાસ રહ.ને જોઈ લો, કેટલું મોટું દીનનું કામ એમણે શરૂ ફરમાવ્યું છે, તબ્લીગી જમાઅતની આવન જાવન મવલાના ઈલ્યાસ રહ.નો જ ફૈઝ છે. હઝરત અકદસ સહારનપૂરી રહ.ના ખલીફા હઝરત મવલાના ઝકરિયા કાંધલવી રહ. (મુહાજિરે મદની, શૈખુલ હદીસ મઝાહિર સહારનપૂર)ને જોઈ લો. દીનની કેટલી બધી સેવાઓ કરી છે ! અવજઝુલ મસાલિક નામે હદીસ શરીફનું દળદાળ પુસ્તક લખ્યું છે. અલકવકબુદુર્રી અને લામેઉદુરારી નામી કિતાબો લખી છે. તબ્લીગી નિસાબ અને ફઝાઈલની કિતાબો પણ એમણે જ લખી છે, જે આખી દુનિયામાં વાંચવા – સાંભળવામાં આવે છે અને દુનિયાની અનેક ભાષાઓમાં એનો અનુવાદ થયો છે. (મલ્ફૂઝાતે ફકીહુલ ઉમ્મત :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૯૧–૯૨)

હાજી સાહેબ રહ.ના ખલીફાઓ

હાજી સાહેબ રહ. ફરમાવતા હતા કે મારા ખલીફાઓ બે પ્રકારના છે. અમુકને મેં પોતે એમની તલબ વગર ખિલાફત આપી છે, તેઓ જ મારા અસલ ખલીફા છે. અને બીજા અમુક લોકોએ દરખાસ્ત કરીને ઈજાઝત માંગી કે અલ્લાહનું નામ બતાવું ? તો મેં કહયું કે કોઈ આવે તો એને બતાવી દયો. આ ઈજાઝત પહેલા જેવા દરજાની નથી. (ઈમ્દાદુલ મુશ્તાક/આપબીતી : ૬૮૩) હાજી સાહેબે અલબત્ત આ બન્ને પ્રકારના ખલીફાઓમાં કોઈનું સ્પષ્ટ નામ લીધું નથી.

અગાઉ અમે જણાવી ચુકયા છીએ કે હાજી સાહેબના ખલીફાઓમાં બે ગ્રુપો છે. એક ગ્રુપ જેઓ મીલાદ, ફાતેહા, ઉર્સ, કવ્વાલી વગેરે બાબતોને નાજાઈઝ અથવા બિદઅત કહે છે, આ દેવબંદી વિચારસરણી વાળી જમાઅત છે, જેમ કે હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ., હઝરત મવલાના યાકૂબ રહ. હઝરત મવલાના અશરફ અલી રહ. બીજી જમાઅત તે લોકોની છે જેઓ ઉપરોકત બાબતોને જાઈઝ કહે છે, બલકે આ બાબતોને ઘણું જ મહત્વ આપે છે અને એના માટે વિશેષ એહતેમામ કરે છે. વર્તમાનમાં તેઓ બરેલ્વી વિચારસરણી વાળા ઉલમા કહેવાય છે. જેમ કે મવલાના અબ્દુસ્સમીઅ બેદીલ રામપૂરી રહ. (અનવારે સાતેઅહના લેખક) વગેરે.

અમુક લેખકો હાજી સાહેબ રહ.નું ઉપરોકત કથન વર્ણવીને પછી મીલાદ વગેરે કરનાર ખલીફાઓને સાચા ખલીફા અને દેવબંદી ખલીફાઓને બીજા પ્રકારના ખલીફાઓમાં એવી રીતે વર્ણવે છે, જાણે હાજી સાહેબ રહ.એ જ આ પ્રમાણે નામોની પણ સ્પષ્ટતા કરી હોય. (જેમ કે અનવારે સાતેઅહના મુકદ્દમહમાં લખવામાં આવ્યું છે અને વહીદ અહમદ મસઉદ સાહેબ 'અલાઉદ્દીન સાબિર કલ્યરી'નામી કિતાબમાં : ૧૬૫ ઉપર વર્ણન કર્યું છે.) આ રીત ખોટી છે, બલકે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વાસ્તવિકતા એનાથી વિપરીત હોય એમ લાગે છે. હાજી સાહેબ રહ.એ પોતાની અનેક કિતાબોમાં હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. અને મવલાના કાસિમ નાનોત્વી રહ.ના નામ લઈને એમના વખાણ ફરમાવ્યા છે અને એમના રસ્તે ચાલવાની લોકોને તાકીદ કરી છે. ફેસલએ હફત મસ્અલહ નામના રિસાલહમાં પણ (જેને મીલાદ મનાવનારા ઉલમા પોતાના મસ્લક મુજબ માને છે) છેલ્લે મવલાના ગંગોહી રહ.ના વખાણ કરવામાં આવ્યા છે અને એમની વાત માનવાની તાકીદ છે.

હયાતે ઈમ્દાદમાં છે કે હાજી સાહેબ રહ.ના મુરીદોમાં લગભગ ૫૦૦ ઉલમાના નામ છે. અને સામાન્ય લોકોની સંખ્યા તો બેશુમાર છે. એમાંથી હઝરત હાજી સાહેબના લગભગ ૬૮ ખલીફાઓના નામો કિતાબોમાં લખાયા છે, એમાંનો દરેક પોતપોતાની જગ્યા પર ઈલ્મ – ઇરફાનના રોશન મિનારા હતા, અને એ બુઝુર્ગોનો જ ફૈઝ આજે પણ ભારત, પાકિસ્તાન, બંગલાદેશ, આફ્રિકા, યુ. કે., અમેરીકા વિગેરે દેશોમાં ફેલાયેલો છે.

તઝકિરહ હાજી ઈમ્દાદુલ્લાહમાં છે કે હાજી સાહેબ રહ.એ જે બુઝુર્ગોને ઈજાઝત અને ખિલાફત આપી છે એમની વિસ્તૃત યાદી અને સમીક્ષા હજુ સુધી તૈયાર નથી કરવામાં આવી. સૈયદ નફીસ અલહુસૈની રહ.એ તૈયાર કરેલ યાદી સૌથી વિસ્તૃત કહી શકાય. એમાં કંઈક વધારો ડો. નિસાર અહમદ ફારૂકી રહ. અમરોહીએ કર્યો છે, જેનાથી અંદાઝો થાય છે કે એમાં હજુ સુધારા વધારાની શકયતા છે..... હાજી સાહેબ રહ.ના ખલીફાઓની જે યાદી આપવામાં આવે છે એમાં હાજી સાહેબ રહ.ના ખલીફાઓની સાથે હાજી સાહેબથી વિશેષ લાભ ઉઠાવનાર બુઝુર્ગોના નામ પણ શામેલ છે. (પેજ :૧૮૪/૧૮૭)

ફતાવા મહમૂદિયહમાં હઝરત અકદસ મુફતી મહમૂદ હસન ગંગોહી રહ. એક સવાલના જવાબમાં ફરમાવે છે કે,

હાજી સાહેબના અમુક મોટા મુરીદો અને ખલીફાઓ હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. હઝરત મવલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી રહ. હઝ.મવ. યાકૂબ નાનોત્વી રહ. હઝ. મવ. અશરફ અલી થાનવી રહ. હઝરત મવલાના મહમૂદ હસન દેવબંદી રહ. હઝ. મવ. ખલીલ અહમદ સહારનપૂરી રહ. હઝરત મવલાના હુસૈન અહમદ મદની રહ. છે. આમાંથી અમુક લોકો હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બઅયત થયા અને એમનાથી જ ખિલાફત મેળવી. અમુક હાજી સાહેબ રહ.ના હાથે બયઅત થયા અને ખિલાફત હાજી સાહેબ રહ.ના કોઈ ખલીફા દ્વારા મળી. અમુક લોકો હાજી સાહેબ રહ.ના કોઈ ખલીફાના હાથે બયઅત થયા અને ખિલાફત હઝ. હાજી સાહેબથી મેળવી. વધુ વિગત ડો. ફુયૂઝુર્રહમાનની કિતાબ 'હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી ઓર ઉન કે ખુલફા'માં જોઈ શકાય છે. (ફતાવા મહમૂદિયહ : ૪–૪૧૧)

હઝરત હાજી સાહેબ રહ.ના ખલીફાઓના નામો જોતાં સ્પષ્ટ થાય છે કે ૧૮૫૭ પછી ભારતમાં મુસલમાનોના અસ્તિત્વને સહારો આપનાર અને ભારતમાં ઈસ્લામ અને મુસલમાનોને દઢતા આપનાર ઉલમાએ કિરામમાં આપના ખલીફાઓનું યોગદાન ઘણું વધારે છે. આ જ આશયે અમુક વિશેષ ખલીફાઓના ટુંકા હાલાત પણ અમે અત્રે લખીએ છીએ. જેનાથી સ્પષ્ટ થાય છે કે હાજી સાહેબ રહ.નું ભારતના મુસલમાનો ઉપર કેટલું મહાન એહસાન છે.

(૧) હઝ. મવ.રશીદ અહમદ ગંગોહી (રહ.)

જન્મ : ૬ ઝિલ્કદ ૧૨૪૪ હિ.

વફાત : ૮ જમા–૨ ૧૩૨૩ હિ. જુમ્અહ.

આપણા સિલસિલામાં હવે પછી હઝરત ગંગોહી રહ.નું સ્થાન છે. એટલે એમના હાલાત વિસ્તારપુર્વક આગળ વર્ણવવામાં આવશે.

(૨)મવ. મોહંમદ કાસિમ નાનૌતવી (રહ.)

આપને હઝરત હાજી સાહેબ રહ. પોતાની ઝબાન ગણતા હતા. એટલે કે હાજી સાહેબ રહ.ના ફૈઝને લોકો સમક્ષ રજૂ કરવા માટે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહ તઆલાએ આપ રહ.ને પસંદ ફરમાવ્યા હતા.

જન્મ ૧૨૪૮ હિ. મુતાબિક ૧૮૩૨ – ૩૩ ઈ. નાનૌતા (જી.સહરાનપુર)

વફાત : ૪ જમાદીયુલ અવ્વલ ૧૨૯૭ હિ. ૧૮૮૦ ઈ.

૧૨૮૩ હિ.માં દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપનામાં શરીક રહયા હતા તથા જિંદગીની છેલ્લી ઘડી સુધી તેની સરપરસ્તી ફરમાવી હતી. ઈસાઈ પાદરીઓ અને હિંદુ પંડિતો વિશેષ કરીને સ્વામી દયાનંદ સરસ્વતી સાથે મુનાઝરહ અને જાહેર ચર્ચા કરીને એમને ઈસ્લામની સચ્ચાઈની દલીલો વડે પરાસ્ત કરવાનું મહાન કામ આપ રહ.ના હાથે લેવામાં આવ્યું.

(૩) મવ. ખલીલ અહમદ સહારનપુરી (રહ.)

વાલિદ સાહેબ તરફથી હઝરત અબૂ ઐયૂબ અન્સારી (રદિ.) અને અને વાલિદહ તરફથી હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) સુધી આપનું નસબ પહોંચે છે.

જન્મઃ માહે સફર ૧૨૬૯ હિ./ડિસેમ્બર ૧૮૫૨ ઈ. નાનૌતા મુકામે થયો. વફાત : ૧૫ રબીઉસ્સાની ૧૩૪૬ હિ.

આપનાં વાલિદહ હઝરત મવલાના મમ્લૂક અલી રહ.ના પુત્રી હતાં અને મવલાના યાકૂબ નાનોત્વી રહ. આપના મામા હતા. ૧૨૮૩ માં આપની ઉંમર ૧૩–૧૪ વર્ષની હતી ત્યારે દારુલ ઉલૂમ દેવબંદની શરૂઆત થઈ અને મામા મવ. યાકૂબ સા. સદર મુદર્રિસ બન્યા તો એમને દેવબંદ બોલાવ્યા, ત્યાં આપે છ માસ રહી તા'લીમ હાસિલ કરી. પછી શૈખ સઆદત અલી (રહ.)એ સહરાનપુરમાં બીજો મદ્રસો સ્થાપ્યો અને ત્યાં આપના મામા શૈખ મઝહર નાનૌતવી (રહ.) સદર મુદર્રિસ બન્યા તો આપ (ખલીલ અહમદ) દેવબંદથી આવી મદ્રસા મઝાહિરુલ ઉલૂમમાં દાખલ થઈ ગયા. અહીં એમણે સઘળા ઈલ્મોની તકમીલ ફરમાવી.

૧૯ વર્ષની વયે હઝરત ગંગોહી (રહ.)ના હાથ ઉપર બયઅત થયા પછી ૧૨૯૪ હિ.માં હજ્જ માટે ગયા તો હઝ. હાજી ઈમદાદુલ્લાહ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(રહ.)ની ઝિયારત કરી. હાજી સાહેબે આપના ઉપર ખાસ ધ્યાન આપ્યું અને ઈજાઝત આપીને ખલીફા બનાવ્યા. પ્રથમ દારૂલ ઉલૂમ દેવબંદમાં અને પછી મઝાહિરલ ઉલૂમ સહારનપૂરમાં ખિદમત બજાવી. ૧૩૩૩ હિ. ના હજ વેળા શૈખુલ હિન્દ રહ. સાથે મદીનામાં અનવરપાશાથી મુલાકાત કરી હતી. હજથી પાછા ફર્યા તો મુંબઈમાં ધરપકડ પણ થઈ હતી.

(૪) મવલાના અશરફ અલી થાનવી (રહ.)

જન્મ : ૫,જમાદીલ ઉખરા ૧૨૮૦ હિ. થાનાભુવન જી. મુઝફ્ફરનગર.

વફાત : ૧૬ રજબ ૧૩૬૩ હિ.

૧૨૯૫ માં દારુલ ઉલૂમ દેવબંદમાં દાખલ થયા અને ૧૩૦૧ હિ.માં ૧૯ – ૨૦ વર્ષની ઉંમરમાં ફારિગ થયા.

તસવ્વુફ અને સુલૂકમાં તો નિઃશંક આપ પોતાના સમયના મુજદ્દિદ હતા. હઝારો ઈન્સાનોનો રૂહાની ઈલાજ ફરમાવી તેમની જિંદગી શરીઅતના પ્રમાણે બનાવી આપી હતી. દર્સ–તદરીસ, ઈસ્લાહી વઅઝો, ઈસ્લાહી મજલિસો, દરરોજ ના ૫૦–૬૦ કાગળોના જવાબો, ખાનગી કામોની સાથોસાથ ૯૫૦ કિતાબો લખી ઉમ્મતને ભેટ ધરી. મોટી મોટી સાધન સામગ્રી તથા મોટા સ્ટાફ વાળી એકેડમી જે કામ કરી શકતી નથી તે કામ થાનાભુવનની ખાનકાહના નાનકડા રૂમમાં બેસી કરી ગયા છે.

આપ રહ.ના ફતાવાનો સંગ્રહ 'ઈમ્દાદુલ ફતાવા'ના નામથી છપાયેલ છે. અત્યંત આધારભુત અને દલીલબદ્ધ ફતવાઓનો આ સંગ્રહ આજે પણ દેશ વિદેશના મુફતીઓ માટે ફતવાનો મુખ્ય સ્ત્રોત છે. પોતાના પીર હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. સાથે નિસ્બત કરવા હેતુ જ એનું નામ 'ઈમ્દાદુલ ફતાવા' રાખ્યું હતું.

એક દળદાળ, બેનમૂન અને આધારભૂત તફસીર 'બયાનુલ કુરઆન' નામે સંપાદન ફરમાવી છે.

હઝરત થાનવી (રહ.) પોતાના મુરીદોને અખ્લાક, મામલાત તથા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહેન–સહેનમાં ઈસ્લામી તરીકા અપનાવવા ઉપર વિશેષ ભાર આપતા હતા.

હઝ. મવ. મુફ્તી શફીઅ સાહેબ રહ. / હઝ. મવ. કારી તય્યિબ રહ. / હઝ. મવ. ખૈર મુહમ્મદ સાહેબ રહ. / હઝ. મવ. અબ્દુર્રહમાન કામિલપૂરી રહ. / હઝ. મવ. અલ્લામહ સય્યિદ સુલેમાન નદવી રહ. / હઝ. મવ. પ્રોફેસર અબ્દુલબારી નદવી રહ. / હઝ. મવ. મસીહુલ્લાહ ખાન સાહેબ રહ./ હઝ. મવ. વસીયુલ્લાહ રહ. (હઝ.મવ. કમરુઝઝમાન ઈલાહાબાદી દા.બ.ના પીર) વગેરે આપના ખલીફાઓ છે.

(૫) મવ.અહમદ હસન અમરોહી (રહ.)

જન્મ : અમરોહા (યુ.પી.) ૧૨૬૭ હિ.

વફાત : ૨૮ રબીઉલ અવ્વલ ૧૩૩૦ હિ.

આપ હઝરત હાજી સા. (રહ.) થી બયઅત થયા હતા અને હાજી સા. તથા મવ. કાસિમ નાનૌતવી (રહ.) બન્નેવથી ઈજાઝત મળી હતી.

(૬) મવ. હાજી આબિદહુસૈન દેવબંદી (રહ.)

જન્મ : ૧૨૫૦ હિ. મુતાબિક ૧૮૨૪ ઈ.

વફાત : જુમેરાત, ૨૭ જિલહજ્જ ૧૨૩૧ હિ. મુતાબિક ૧૯૧૨ ઈ.

લગભગ ૬૦ વર્ષ છત્તાની મસ્જિદમાં રહયા હતા. મશહૂર છે કે ૩૦ વર્ષ સુધી એમની પહેલી તકબીર છૂટી ન હતી. ૬૦ વર્ષમાં તહજ્જુદની કઝા પણ થઈ નથી. દારુલ ઉલૂમ દેવબંદની સ્થાપના અને તેની ઉન્નતિમાં એમનો ઘણો મોટો ફાળો છે. દેવબંદની જુમ્આ મસ્જિદ બાંધવામાં પણ એમની ઘણી મહેનત હતી. દારુલ ઉલૂમ દેવબંદના સૌપ્રથમ મોહતમિમ પણ હતા.

મિયાંજી કરીમ બખ્શ રામપુરી (રહ.) અને હાજી ઈમદાદુલ્લાહ (રહ.)થી ખિલાફત મેળવી હતી.

(૭) મવ. મો.યાકૂબ નાનૌતવી (રહ.)

જન્મ : ૧૩ સફર, ૧૨૪૯ હિ. મુતાબિક ૧૮૩૪ ઈ.

વફાત : ૧૩૦૨ હિ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મવ. મમલૂક અલી સા.(રહ.)ના નેક ફરજઝંદ હતા. અજમેરમાં ડિપ્ટી ઈન્સપેકટર હતા. ૧૫૦ રૂા. પગાર હતો. પરંતુ દારુલ ઉલૂમ દેવબંદમાં ફકત ૨૫/૦૦ પચ્ચીસ રૂપિયામાં કામ કરવાનું પસંદ કર્યું અને દારુલ ઉલૂમમાં હદીષ શરીફના દર્સમાં મશગૂલ થઈ ગયા. આપ દારુલ ઉલૂમ ના સૌ પ્રથમ શૈખુલ હદીષ તરીકે નીમાયા હતા. ફતાવા લખવાનું કામ પણ આપ રહ.ના જ શિરે હતું.

(૮) મવ. મહમૂદ હસન દેવબંદી (રહ.)

જન્મ : બરેલી મુકામે ૧૨૬૮ હિ.

વફાત : ૧૮ રબીઉલ અવ્વલ ૧૩૩૯ હિ.

૧૨૯૨માં દારુલ ઉલૂમમાં મુદર્રિસ તરીકે નિમણૂક થઈ, ૪૦ વર્ષ સુધી એકધારી હદીષ શરીફની તા'લીમ આપી.

હિન્દુસ્તાનને વિદેશી સત્તામાંથી છોડાવી આઝાદ કરવા એક ક્રાંતિકારી ચળવળ શરૂ કરી, જેને ''રેશમી રૂમાલ તહરીક'' તરીકે ઓળખવામાં આવે છે.

૧૩૩૩ હિ.માં હિજાઝ (મક્કા મદીના) તશરીફ લઈ ગયા. મકકા શરીફમાં તુર્કી ગવર્નર ગાલિબ પાશા સાથે મુલાકાત કરીને મદીના શરીફ ગયા. ત્યાં તુર્કી વઝીરે જંગ અનવર પાશા અને કમાન્ડર જમાલ પાશાને પણ મળ્યા, હિન્દના લોકો માટે તેમનો એક પત્ર પણ મેળવ્યો, જેમાં તેમણે આ આઝાદીની ચળવળમાં મદદ આપવાનું વચન આપ્યું હતું. આ કાગળોની નકલો હિન્દુસ્તાન તથા અફઘાનિસ્તાન મોકલવાનો પ્રોગ્રામ તૈયાર થયો. હિન્દુસ્તાન આ નકલ પહોંચી ગઈ હતી, હવે ઈરાનના માર્ગે ઉત્તરમાં અને અફઘાનિસ્તાનમાં મોકલવાની હતી. પણ ૧૩૩૪ હિ.માં અંગ્રેજોને આ પ્રોગ્રામની બાતમી મળી ગઈ, જે રેશમી રૂમાલમાં કાગળો લખેલા હતા તે પકડાયા. એટલે અંગ્રજોએ ચળવળના લીડરની શોધખોળ કરીને ધરપકડ કરવાનું નકકી કર્યું. એ જ સમયમાં મકકા શરીફનો ગર્વનર શરીફ હુસૈન બળવો કરી ઉસ્માની ખિલાફતથી નીકળી ગયો હતો, એટલે તેણે હઝ. શૈખુલ હિન્દને અંગ્રેજોના હવાલે કરવા માહે સફર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૩૩૫ હિ.માં ગિરફતાર કર્યા. એમની સાથે મવ. હુસૈન અહમદ સા. મદની (રહ.), હકીમ નુસરત હુસૈન કોળવી (રહ.), મવ. ઉઝૈર ગુલ (રહ.), મવ. વહીદ અહમદ (રહ.) પણ હતા. માલ્ટામાં વરસો સુધી કેદ રાખવા પછી જમાદીયુલ ઉખરા ૧૩૩૮ હિ.ના છોડી મૂકવામાં આવ્યા અને ૨૦ રમઝાનુલ મુબારક ૧૩૩૮ હિ.ના હિન્દુસ્તાન પાછા ફર્યા.

આપનો ફૈઝ હિન્દની સરહદો વટાવી અફઘાનિસ્તાન અને અરબ દેશો સુધી પહોંચ્યો. ઘણી ઈલ્મી કિતાબો વારસામાં મૂકી ગયા. વિશેષ કરીને કુરઆને કરીમનો તરજમહ ઘણો જ મકબૂલ અને પ્રસિદ્ધ થયો.

છેલ્લા દિવસોમાં બેહદ કમઝોરી અને બીમારીની હાલતમાં પણ હિન્દના મોટા શહેરોની સફર ખેડી. અલીગઢ ગયા અને જામિઅહ મિલ્લિયહનો પાયો નાખ્યો. ત્યાં પ્રવચન કર્યું અને અંગ્રેજ સરકારના બાયકોટનો ફતવો આપ્યો. દિલ્હી આવ્યા ત્યાં બીમારી ઘણી વધી ગઈ અને અંતે ૧૮ રબીઉલ અવ્વલ ૧૩૩૯ હિ.ના આ મહાન મુજાહિદ અલ્લાહને પ્યારા થઈ ગયા.

(૯) મવ. અબ્દુસ્સમીઅ રામપુરી (રહ.)

જન્મ :

વફાત : ૧૩૧૮ હિ.

મવલાના રહમતુલ્લાહના મદરસામાં કીરાનામાં તાલીમ લીધી હતી. બરાહીને કાતેઆથી માલૂમ પડે છે કે મવ. અહમદ અલી સહારનપૂરી રહ. શેખ મુહમ્મદ થાનવી રહ. મવલાના કાસિમ નાનોત્વી રહ. વગેરે પાસેથી પણ તાલીમ મેળવી હતી.

શાયરીમાં મશહૂર શાયર 'મીરઝા ગાલિબ'ના શાગિર્દ હતા. વિદ્વાન લેખક માલિક રામે 'તલામિઝએ ગાલિબ'માં આપનું નામ – પરિચય વર્ણવ્યો છે.

'હમ્દે બારી' નામની આપની એક મશહૂર કિતાબ છે, જે આજે પણ દેવબંદી મદરસાઓની પ્રારંભિક કલાસોમાં ઉર્દૂ શીખવાડવા હેતુ પઢાવવામાં આવે છે. પ્રથમવાર મવલૂદ અને ફાતેહાના બિદઅત હોવા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વિશેનો ફતવો ઉલમાએ દેવબંદ (હઝરત ગંગોહી રહ. વગેરે)ની સહી સાથે છપાયો તો એમણે 'અનવારે સાતેઆ' નામની કિતાબ એના જવાબમાં લખી હતી. અનવારે સાતેઆના જવાબમાં મવલાના ખલીલ અહમદ રહ.એ 'બરાહીને કાતેઆ' લખી હતી.

(૧૦) મવ. અહમદ હસન કાનપુરી (રહ.)

વફાત : ૧૩૨૨ હિ.ના કાનપૂરમાં વફાત થઈ.

પટયાલા જી. ગુરદાસપુરના રહેવાસી હતા.

એમનો કમાલ એ હતો કે મૂશ્કેલ કિતાબોના લગભગ ૧૫ સબકો જ પઢાવતા. ૧૨૯૭ હિ. થી તેઓ કાનપુર ફૈઝે આમ માં પઢાવવા લાગ્યા અને છેલ્લી ઘડી સુધી ત્યાં રહયા. એટલે કાનપૂરીથી મશહૂર થયા. હઝરત હાજી સા. (રહ.)એ એમને મસ્નવી શરીફ છાપવાનું કામ સોંપ્યું હતું. એમણે જયારે તેનો એક ભાગ છાપ્યો અને નમૂના રૂપે હાજી સા. (રહ.) ને મોકલ્યો તયારે હઝરત હાજી સાહબ ઘણા જ ખુશ થયા હતા.

જામિઅહ ડાભેલના સ્થાપક હઝ. મવ. અહમદ હસન ભામ સીમલકી (રહ.) એમના શાગિર્દ હતા.

(૧૧) મવ. હાફિઝ અ.રહમાન અમરોહી (રહ.)

જન્મ : મુંબઈ મુકામે ૧૨૭૭ હિ.

વફાત : ૨૩ જમાદિયુલ આખર ૧૩૬૭ હિ.

૧૨૯૨ થી ૧૨૯૭ સુધી દારુલ ઉલૂમ દેવબંદમાં તા'લીમ હાસિલ કરી.

અમુક વર્ષો મદ્રસા શાહી મુરાદાબાદમાં પછી મદ્રસા ઈસ્લામિય્યહ જુમ્આ મસ્જિદ અમરોહામાં પછી જામિઅહ ડાભેલ (ગુજરાત) અને ત્યાંથી દારુલ ઉલૂમ દેવબંદમાં હદીષ શરીફનો સબક પઢાવતા રહયા. છેલ્લે પુનઃ અમરોહામાં કુર્આને પાક અને હદીષ શરીફનો સબક પઢાવતા રહયા.

એમના ઉપર હઝ. નાનૌતવીનો રંગ ચઢેલો હતો, એટલે તેમના તરીકા પ્રમાણે દર્સ આપતા હતા. ઘણીવાર હઝરત નાનૌતવી (રહ.)ની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વાતોનો હવાલો આપતા હતા અને તેમની વાતોને સ્પષ્ટ રીતે બયાન ફરમાવતા હતા.

મુફ્તી કિફાયતુલ્લાહ (રહ.) પણ આપના શાગિર્દ હતા. છેલ્લે સુધી પોતાનું ઘર પણ બનાવ્યું નહીં. પૂરી જિંદગી મદ્રસાના રૂમમાં પસાર કરી.

(૧૨) મવ. હૈદર હસન ટોંકી (રહ.)

જન્મ : ૧૨૮૧ હિ.માં ટોંક મુકામે.

વફાત : ૧૫ જમાદિલ ઉલા ૧૩૬૧ હિ. ૧ જુન ૧૯૪૨ ઈ.

મવ. અબુલ હસન અલી મિયાં નદવી (દા.બ.)ના ઉસ્તાદ હતા. હિજરી ૧૩૩૯થી સને હિ. ૧૩૫૮ સુધી નદવા (લખનૌ) માં રહયા. ત્યારબાદ પોતાના વતન ટોંકમાં પાછા આવી ગયા અને છેલ્લે સુધી તા'લીમ આપતા રહયા. મવ. નદવી સા. લખે છે કે એમના જેવી સાદગી અને તલબા સાથે શફકત મેં આજ સુધી બીજા કોઈ આલિમમાં જોઈ નથી. અમુક હોશિયાર તલબાને પોતાની અવલાદ કરતાં વધારે ચાહતા હતા.

(૧૩) મવ. સૈયદ પીર મહેરઅલી શાહ ગોલળવી (રહ.)

જનમ : ૧૨૭૫ હિ. /૧૮૫૮ ઈ.માં ગોલળા શરીફ જી. રાવલપિંડી.

વફાત : ૨૯ સફર ૧૩૫૬ હિ. મુતાબિક ૧૧ મે ૧૯૩૭ ઈ.

હસની સાદાતમાંથી હતા.

૧૨૯૦ હિ.માં વધુ તા'લીમ માટે મવ. લુત્ફુલ્લાહ (રહ.) પાસે અલીગઢ આવ્યા. અઢી વર્ષ તેમનાથી તા'લીમ લઈ સનદ મેળવી. પછી સહરાનપુર આવી મવ. અહમદ અલી સહરાનપૂરી (રહ.) પાસે હદીષ શરીફ પઢવા લાગ્યા. ૧૨૯૫ હિ.માં સનદ મેળવી હતી.

૧૩૦૭ હિ.માં હિજાઝ ની સફર થઈ અને ત્યાં હઝ. હાજી સાહેબ (રહ.) થી મુલાકાત કરી તેમના સબકોમાં હાજરી આપવા લાગ્યા. હાજી સાહેબે એમને ચિશ્તી સાબેરી સિલસિલામાં ઈજાઝત આપી. આપ હિજાઝમાં જ રહેવાનો વિચાર કરતા હતા, પરંતુ હાજી સાહેબે (રહ.) ફરમાવ્યું કે "ટૂંકમાં જ પંજાબમાં એક ફિત્નો ઊભો થનાર છે, જેને રોકવું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તમારા સિરે જ છે. માટે તમે પાછા જાવ." પાછળ થી હકીકત માલૂમ પડી કે આ ફિતનો કાદિયાનિય્યતનો હતો. એક લાખ માણસો જનાઝામાં શામિલ થયા હતા.

(૧૪) મવલાના ઝુલફિકાર અલી બરેલ્વી દેવબંદી રહ.

જન્મ : ૧૨૩૭ હિ.

વફાત : ૧૩૨૨ હિ. ૧૯૦૪ ઈ.

આપ શૈખુલ હિન્દ મવલાના મહમૂદ હસન રહ.ના વાલિદ હતા. મવલાના મમ્લૂક અલી રહ. અને મવલાના સદરુદ્દીન આઝુરદહ રહ.થી તાલીમ મેળવી હતી. દારૂલ ઉલૂમ દેવબંદના સ્થાપકોમાં હતા. અરબી સાહિત્યમાં કાબેલ હતા. અરબી સાહિત્યમાં મશહૂર કિતાબો જેમ કે દીવાને હમાસહ, સબ્અહ મુઅલ્લકહ, કસીદહ બુરદહ, બાનતસુઆદ વગેરેની શરહ લખી હતી.

પહેલા બરેલી કોલેજમાં અરબીના ટીચર હતા. પછી સ્કૂલોના ઈન્સ્પેકટર બનાવવામાં આવ્યા. છેલ્લે સહારનપૂર જિલ્લાની સ્કૂલોના ઈન્સ્પેકટર હતા.

(૧૫) મવ. ફતેહ મુહંમદ મો. થાનવી (રહ.)

જન્મ : થાનાભુવન જી. સહરાનપુર .

વફાત : ૧૩૨૨ હિ.થાનાભુવન. ઉમર ૭૦.

હઝરત મવ. અહમદઅલી સહરાનપુરી (રહ.)પાસે હદીસની તાલીમ લીધી હતી.

હઝ. હાજી ઈમદાદુલ્લાહની પાસે રહી સુલૂકની તકમીલ કરી. જલ્સામાં કુર્આન મજીદ પઢતા તો લોકોના દિલો મોહી લેતા. એમની એક ખુસૂસિય્યત એ હતી કે, આખી ઝિંદગી તેમણે પગે ચાલી સફરો કરી, કદી પણ કોઈ સવારી ઉપર બેસી સફર કરી નહી. કાનપુરમાં પઢાવતા હતા ત્યારે મવ. અલી મીયાં રહ.ના વાલિદ હકીમ મવ. સૈયદ અબ્દુલહય (રહ.)એ 'શર્હે જામી' તથા 'ઉસૂલુશ્શાશી'નો અમુક ભાગ એમની પાસે પઢયો હતો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૧૬) મવ. મુફ્તી અઝીઝુર્રહમાન દેવબંદી (રહ.)

જન્મ : ૧૨૭૫ હિ. દેવબંદ .

વફાત : ૮ જમાદીસ્સાની ૧૩૪૭ હિ.

આપના વાલિદ મવ. ફઝલુર્રહમાન સા. પણ સારા આલિમ હતા. આપ મોટા ફરઝંદ હતા અને અલ્લામહ શબ્બીર ઉસ્માની રહ. નાના ફરઝંદ હતા.

ફારિગ થયા બાદ દારુલ ઉલૂમમાં વગર પગારે સેવા આપવાનું શરૂ કર્યું. ૧૨૯૮ હિ.થી ૧૩૦૯ હિ. સુધી મુદર્રિસ તથા ૧૩૧૦ હિ.થી ૧૩૪૬ હિ. સુધી મુફ્તી તરીકે સેવા કરતા રહયા. પેહલાં દારુલ ઉલૂમમાં ફતાવાનો રેકોર્ડ રાખવામાં આવતો ન હતો. ૧૩૨૯ હિ.થી ફતાવાનો રેકોર્ડ રાખવાનો શરૂ થયો. એમના ૧૫ વર્ષના ફતાવાની સંખ્યા લગભગ ૪૨૫૧૯ છે.

મુફ્તી અતીકુર્રહમાન સા. તથા કારી જલીલ અહમદ સા. આપના ફરઝંદો છે.

(૧૭) હઝ.મવ. રફીઉદ્દીન દેવબંદી રહ.

જન્મ : ૧૯ રમઝાનુલ મુબારક, સન હિજરી ૧૨૫૨મ. દેવબંદ.

વફાતઃ જમાદિયુસ્સાની ૧૩૦૮ હિ. મદીનહ મુનવ્વરહ.

દારુલ ઉલૂમ દેવબંદના બીજા મુહતમિમ હતા. મક્કા મુકર્રમહમાં હઝરત હાજી સાહેબ રહ. સાથે આપની મુલાકાત અને દેવબંદની સ્થાપનાનો ઉલ્લેખ અને હાજી સાહેબ રહ.ના આપના નામે મદરસાની વ્યવસ્થાને લગતા પત્રનું વર્ણન અગાઉ આવી ચુકયું છે.

(૧૮)મવ. સૈયદ અસગર હુસૈન સા. દેવબંદી (રહ.)

જન્મ : દેવબંદ.

વફાત : ૨૨ મુહર્રમ ૧૩૬૪ હિ.મુતાબિક ૮/૧/૧૯૪૫. રાંદેર.

૧૩૧૦ હિ.માં અરબી દરજામાં દાખલ થયા અને ૧૩૨૦ હિ.માં શૈખુલ હિન્દ (રહ.) પાસે દવરએ હદીસ શરીફ પઢી સનદ મેળવી.

૧૩૩૦ હિ.માં દારુલ ઉલૂમ દેવબંદમાં મુદર્રિસ નિમાયા અને વર્ષો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સુધી ઊંચી કિતાબોની તા'લીમ આપતા રહયા.

પહેલાં એમણે જનાબ શાહ અબ્દુલ્લાહ (જેઓ મિયાંજી શાહ મુન્નાથી ઓળખાતા હતા)ના હાથ ઉપર બયઅત થયા અને તેમનાથી ઈજાઝત મળી. તયાર બાદ હઝ. હાજી સાહેબથી બયઅત થયા અને ખિલાફત મેળવી.

તેઓ માદરઝાદ વલી તરીકે ઓળખાતા હતા. ૨૨ મુહર્રમ ૧૩૬૪ હિ.મુતાબિક ૮/૧/૧૯૪૫ ના ઈન્તિકાલ થયો અને રાંદેર (જી. સુરત)માં દફન કરવામાં આવ્યા.

(૧૯) મવ. સૈયદ અબ્દુલ હય હસની (રહ.) (નાઝિમ નદવતુલ ઉલમા)

જન્મ :૧૮ રમઝાન ૧૨૮૬ હિ. મુતાબિક ૨૨ ડિસેમ્બર ૧૮૬૯ ઈ. વફાત :૧૬ જમા–૨ ૧૩૪૧ હિ./૩ ફેબ્રુઆરી ૧૯૨૩, ઉમર:૫૫ વર્ષ.

લાંબી મુદત સુધી તેઓ નદવતુલ ઉલમા લખનૌના નાઝિમ રહયા હતા. ૩ એપ્રિલ ૧૯૧૫થી જીવનની છેલ્લી ઘડી સુધી નદવાનું કામ કરતા રહ્યા. એમણે ઘણી સુધારણા કરી અને કામને આગળ વધાર્યું હતું.

મવ. અબ્દુલહય સા. રહ.એ એમના સસરા હઝ. શાહ ઝિયાઉન્નબી અને વાલિદ સા. હકીમ સૈયદ ફખરુદ્દીન તથા હકીમ અમીનુદ્દીન (ખલીફા હઝ. મવ. અ.સલામ સા.)થી ચારેવ સિલસિલામાં ખિલાફત મેળવી હતી. આપને મવ. ફઝલે રહમાન ગંજ મુરાદાબાદી (રહ.), મવ. સૈયદ નઝીર અહમદ દેહલ્વી (રહ.) તથા કારી અબ્દુર્રહમાન મોહદ્દિસ (રહ.) તરફથી પણ ઈજાઝત મળી હતી.

હઝ. હાજી સા.(રહ.)ની સેવામાં કાગળ લખી બયઅતે ઉસ્માની કરી ઈજાઝત મેળવી હતી. હાજી સાહેબે એમને પોતાના પત્રમાં ઘણા ઉંચા શબ્દોમાં સંબોધ્યા છે.

(૨૦) મવ. શાહ અબ્દુર્રહીમ રાયપૂરી (રહ.)

જન્મ : ૧૨૬૯/૧૮૫૩ ઈ.

વફાત : ૨૫ રબીઉસ્સાની ૧૩૩૭ હિ./૧૯૧૯ ઈ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૮૫૭ ની આઝાદીની ચળવળ સમયે હાજી સાહબ (રહ.)ની રૂપોશીના જમાનામાં જયારે ઈમામે રબ્બાની મવ. રશીદ અહમદ ગંગોહી (રહ.) પંજલાસા જતાં 'તગરી' ગામે આવ્યા ત્યારે એમના વાલિદ સા.ના ઘરમાં જ મહેમાન રહયા હતા. એમના વાલિદ અશરફ અલી સા. હિંમતવાન મર્દે મુજાહિદ હતા.

રાયપૂરમાં ખાનકાહ શરૂ કરીને સુલૂક અને ઈસ્લાહની મહાન સેવાઓ આપી. હઝરત શૈખુલ હિન્દ રહ.ની રેશમી રૂમાલની ચળવળમાં પણ આપનું મોટું યોગદાન હતું.

(૨૧) હઝ. મવ. સય્યિદ હુસૈન અહમદ મદની (રહ.)

જન્મ : ૧૯ શવ્વાલ ૧૨૯૬ હિ./૧૬ ઓકટો. ૧૮૭૯ ઈ.

વફાત : ૧૨ જમા–૧. ૧૩૭૭ હિ. /૫ ડિસમ્બર ૧૯૫૭ ઈ.

૧૩ વરસની ઉમરે સફર ૧૩૦૯ હિ.માં આપ દારુલ ઉલૂમ દેવબંદમાં તાલીમ માટે દાખલ થયા હતા. શાબાન ૧૩૧૬ હિ.માં આપના વાલિદ સાહેબે મદીનહ મુનવ્વરા હિજરત કરવાનો ઈરાદો કર્યો એટલે ત્રણેવ ભાઈઓ શાબાનમાં દારુલ ઉલૂમથી રજા લઈ ઘરે આવી ગયા. અને હઝરત ગંગોહી રહ.ની સેવામાં મોટાભાઈ મોલાના સિદ્દીક અહમદ સાથે હાજર થયા અને બયઅત થયા. હઝરત ગંગોહી રહ.ને ખબર પડી કે ખાનદાન મદીના હિજરત કરી રહયું છે તો ફરમાવ્યું કે, અવરાદ – વઝાઈફ અને બીજું બધું હઝરત હાજી સાહેબ રહ. પાસેથી મેળવી લેશો.

હઝ. શૈખુલ હિન્દ (રહ.) જયારે બીજી હજ્જથી ફારિગ થયા અને આપની ધરપકડ કરવામાં આવી ત્યારે આપની સાથે મવ. હુસૈન અહમદ સાહેબે પોતે ધરપકડ વહોરી લીધી હતી અને કેદની પૂરી મુદ્દત ઉસ્તાદે મુકર્રમની સાથે માલટાની જેલમાં રહયા હતા. ૨૦ રમઝાનુલ મુબારક ૧૩૩૮ હિ. મુતાબિક ૮ જુન ૧૯૨૦માં અંગ્રેજોએ આ ઉલમાને મુંબઈ લાવી છોડી મૂકયા.

અલ્લામા અનવર શાહ કાશ્મીરી જયારે ડાભેલ ચાલ્યા આવ્યા ત્યાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પછી આપને દારુલ ઉલૂમ દેવબંદના સદર મુદર્રિસ તરીકે બોલાવવામાં આવ્યા. ૧૩૪૫ હિ. થી ૧૩૭૭ હિ. સુધી (બત્રીસ વર્ષ) દારુલ ઉલૂમ દેવબંદના સદર મુદર્રિસ તથા નાઝિમે તા'લીમાત રહયા. લગભગ ૪૪૮૩ તલબાઓએ આપનાથી બુખારી શરીફનો સબક પઢયો છે.

એકવાર મવ. ઈલ્યાસ સા. રહ.(તબ્લીગી જમાઅતના બાની)એ મવ. ઝહીરુલ હસન (એમ. એ.)ને જઝબની હાલતમાં કહ્યું ''મિયાં ઝહીર, મવ. હુસૈન અહમદ કો પહેચાના નહીં, ખુદાકી કસમ ઉન્કી રૂહાની તાકત ઈસ કદર બળહી હૂઈ હૈ કે અગર વહ ઈસ તાકત સે કામ લે કર અંગ્રેઝ કો હિન્દુસ્તાન સે બાહર નિકાલના ચાહેં તો નિકાલ સકતે હૈં. લેકિન ચૂં કે યહ આલમે અસ્બાબ હૈ ઈસ લિયે ઉન્કો ઐસા કરને સે મના કર દિયા હૈ.''

હઝરત હાજી સાહેબ રહ.ની વફાત (૧૩૧૭ હિ.) પછી ૧૩૧૮ હિ. હઝરત ગંગોહી રહ.એ આપને લખ્યું કે તમે એક મહીનો ગંગોહ આવી જાઓ તો સારું. એટલે આપ રહ.મદીના શરીફથી હિંદુસ્તાન આવવા નીકળ્યા. સફરની દિલચસ્પ દાસ્તાન 'નકશે હયાત'માં જોવામાં આવે. રસ્તામાં મસ્કત પાસે સમંદરી જહાઝમાં આપ રહ. એ ખ્વાબ જોયું કે, ''કુત્બે આલમ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ની સેવામાં મક્કા મુકર્રમહમાં પહોંચ્યા છે. હાજી સાહેબે ફરમાવ્યું કે તું જે ખજૂરો મદીના મુનવ્વરહની આપી ગયો છે, એને વહેંચી દે. મેં અરજ કરી કે હઝરત હું તો તમારા માટે લાવ્યો છું. મારે ત્યાં તો એની દુકાન છે. આપ રહ.એ ફરમાવ્યું કે તું એને વહેંચી દે. હું જાણું છું કે હિંદુસ્તાનમાં ખજૂરો મળવી કેટલી મુશ્કેલ છે.''

ગંગોહ પહોંચીને આ ખ્વાબ હઝરત મદની રહ.એ હઝરત ગંગોહી રહ.ને સંભળાવ્યું તો ફરમાવ્યું કે તમને હઝરત હાજી સાહેબ રહ.થી ઈજાઝત મળી ગઈ, મારે ત્યાંથી પણ મળી જશે. (નકશે હયાત : ૧૦૧) આ લખાણથી માલૂમ પડે છે કે હઝરત શૈખુલ ઈસ્લામ રહ.ને સીધી ખિલાફત તો હઝરત ગંગોહી રહ.થી મળી હતી. અલબત્ત ખ્વાબમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપરોકત તાબીર મુજબ હઝરત હાજી રહ.થી પણ ખિલાફત મળી હતી.

ઉપરોકત નામો સિવાય અનેક મહાન ઉલમાએ કિરામ હઝરત હાજી સાહેબ રહ.ના મુરીદ અને ખલીફા છે. વધુ પડતા જે ઉલમા અને બુઝુર્ગોના નામો સાંભળવા મળે છે એમાંથી અમુકનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે. હાજી સાહેબના બીજા ખલીફાઓની યાદી નીચે મુજબ છે.

મવ.ફૈઝુલ હસન અદીબ સહરાનપુરી (રહ.)
મવ. કાજી મો. ઈસ્માઈલ મેંગલોરી (રહ.)
મવ. કાદિર બખ્શ સેહસરાઝી (રહ.)
મવ. શફીઉદ્દીન નગીનવી (રહ.)
મવ. હાફિઝ મો. યૂસુફ થાનવી (રહ.)
મવ. મો. ઈબ્રાહીમ અજળાળવી (રહ.)
મવ. અનવારુલ્લાહ હૈદરાબાદી (રહ.)
હાફિઝ સઅદુલ્લાહ હઝારવી (રહ.)
મવ. શાહ સુલયમાન ફુલવારી (રહ.)
મવ. હકીમ મો.સિદ્દીક મુરાદાબાદી (રહ.)
મવ. મુન્શી મો. કાસિમ નયાનગરી (રહ.)
મવ. બદરુદ્દીન ફુલવારી શરીફ (રહ.)
મવ. હકીમ ઝિયાઉદ્દીન સહરાનપુરી (રહ.)
મવ. ખલીલુર્રહમાન મુહાજિર મકકી (રહ.)
મવ. હાફિઝ મોહંમદ અહમદ કાસેઝી (રહ.)
મવ. મોહંમદ શફીઅ ઓરંગાબાદી (રહ.)
મવ. ઈનાયતુલ્લાહ માલવી (રહ.)
મવ. સિફાત અહમદ ગાઝીપૂરી (રહ.)
મવ. શાહ વારિસ હસન સા. (રહ.)
મવ. સૈયદ અ.રહમાન કાંધલવી (રહ.)
મવ. શાહ શર્ફુદ્દીન અહમદ (રહ.)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મવ. મો. હસન પાનીપતી (રહ.)
મવ. મહયદ્દીન મૈસુરી (રહ.)
મવ. નૂર અહમદ (રહ.)
મવ. હકીમ ઝાહિદ હસન અમરોહી (રહ.)
શૈખ અબ્દુલ ફત્તાહ હાઝિકીય્યહ (રહ.)
મવ. નિયાઝ અહમદ (રહ.)
મવ. મુનવ્વર અલી દરભંગા (રહ.)
શેખ અસઅદ આફંદી (રહ.)
મવ. કાજી મુર્તઝાહુસૈન હૈદરાબાદી (રહ.)
મવ. મુહંમદ અલી મુંગેરી (રહ.)
મવ.કરામત અલી અંબાલવી (રહ.)
મવ. સખાવત અલી અંભેટવી (રહ.)
મવ. અબ્દુલ હય ચારગામી (રહ.)
મવ. શાહ અબ્દુલ્લાહ જલાલાબાદી (રહ.)
મવ. મુહયુદ્દીન ખાતિર (રહ.)
મવ. જલીલ અહમદ (રહ.)
મવ. મન્ઝૂર અહમદ સા. (રહ.)
મવ. નૂર મોહંમદ (રહ.)
મવ. અ.વાહિદ બંગાલી (રહ.)
મવ. મો.અફઝલ બુખારી (રહ.)
મવ. કરામતુલ્લાહ દેહલવી (રહ.)
મવ. શરફૂલહકક દેહલવી (રહ.)
મવ. સૈયદ અમીર હમઝા (રહ.)
મવ. મુહિબ્બુદ્દીન મકકી (રહ.)
મવ. શાહ મો. હુસૈન ઈલાહાબાદી (રહ.)
મવ. અબ્દુલ્લાહ અન્સારી (રહ.)
મવ. ફિદા હુસૈન દરભંગવી (રહ.)

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સંદર્ભ ગ્રંથો :

શમાઈમે ઈમ્દાદીયહ.
તારીખે મશાઈખે ચિશ્ત.
ઈમ્દાદુલ મુશ્તાક.
સવાનેહ ઉલમાએ દેવબંદ.
નવાદિરાતે ઈમ્દાદીયહ.
હયાતે ઈમ્દાદ.
ઉલમાએ હિન્દ કા શાનદાર માજી.
આપબીતી હઝરત શૈખુલ હદીસ રહ.
મશાઈખે ચિશ્તીયહ સાબરીયહ.
ફતાવા મહમૂદીયહ.
આપ કે મસાઈલ ઓર ઉન કા હલ.
કમાલાતે ઈમ્દાદીયહ.
મોજે કવષર
નકશે હયાત
હાજી ઈમ્દાદુલ્લાહ રહ. કે સય્યિદ અહમદ શહીદ સે રૂહાની રિશ્તે..
તારીખે મશાઈખે ચિશ્ત : પ્રો. ખલીક અહમદ.
મીયાંજી નૂર મુહમ્મદ સાહેબ રહ. : કારી અઝીઝુરહ્મમાન
તઝકિરહ હાજી ઈમ્દાદુલલાહ(ડો. બસીર અહમદ)
હઝ. હાજી ઈમ્દાદુલ્લાહ : હાફિઝ મુહમ્મદ ઈકબાલ રંગૂની સાહેબ રહ.
સરગુઝશ્તે મુજાહિદીન (તહરીકે સય્યિદ અહમદ શહીદ).
હઝ. હાજી ઈમદાદુલ્લાહ (રહ.) અને તેમના નામાંકિત ખલીફાઓ :
મવ. અબ્દુલ્લાહ કાપોદ્રવી દા.બ.
તારીખે જંગે આઝાદીએ હિંદ :સય્યિદ ખુરશીદ મુસ્તફા રિઝવી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૩૮.

હઝરત અકદસ મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અય્યૂબી – અન્સારી ખાનદાન :
જન્મ અને બાળપણ :
તાલીમ :
તદરીસ :
નિકાહ :
બયઅત :
હાજી સાહેબ રહ.ની ઓળખાણ અને અકીદત :
હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત :
બયઅત પછી :
રોજગાર :
જમીન – જાયદાદ અને મુઆમલાતની સફાઈ :
એકાંત :
તબીબી સેવા :
૧૮૫૭ ની બગાવત અને જિહાદ. :
ધરપકડ અને જેલ. :
જેલમાંથી છુટયા પછી. :
પહેલી હજ :
હરમૈનમાં બુઝુર્ગોની મુલાકાત :
બીમારી :
હજ પછીના દસ વરસ :
બીજી હજ :
હાજી સાહેબ રહ. તરફથી આવકાર :
શાહ અ.ગની રહ.ની સેવામાં હાજરી :
હઝ. મવ. શાહ રફીઉદ્દીન રહ. વિશે મશ્વેરો :
હજ પછી બે સદમા :
ત્રીજી હજ :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ત્રીજી હજ પછી :
દારૂલ ઉલૂમ દેવબંદ અને મઝાહિરે ઉલૂમ સહારનપૂરની સરપરસ્તી
હઝરત ગંગોહી રહ.ની સરપરસ્તીમાં દસ્તારબંદી :
સરપરસ્તીના કરિશ્મા :
દારૂલ ઉલૂમ દેવબંદના વિવાદનું સમાધાન :
મઝાહિર ઉલૂમમાં ફિત્નો :
તાલીમ – તદરીસનો બીજો દોર :
દર્સે હદીસનો અંદાઝ :
ટાઈમ ટેબલ :
તલબા માટેની વ્યવસ્થા :
છેલ્લો દવરહ :
બયઅત અને તરબિયત :
ઓરતોને બયઅત :
બયઅતના શબ્દો :
બયઅતની બરકત :
ભોપાલની નવાબ સુલતાન જહાં બેગમની બયઅતનો કિસ્સો :
અફગાનિસ્તાનના હાકેમ જનરલ નાદિરની અકીદત :
તરબિયતની રીત :
બિદઅતો વિરૂદ્ધ ચળવળ અને ફતવાઓ :
મહેફિલે મીલાદ :
ઉર્સ :
શિયાઓ દ્વારા પ્રચિલત બિદઅતો :
લેખન કાર્ય : આપ રહ.ની કિતાબો :
બરાહીને કાતેઆ અને અનવારે સાતેઆ. :
આપ રહ.ના અમુક મશહૂર ખલીફાઓ :
હઝરત અકદસ ગંગોહી રહ. અન્ય બુઝુર્ગોની નજરે :
હઝરત અકદસ હાજી ઈમ્દાદુલ્લાહ રહ. :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત મવલાના ફઝલુર્રહમાન ગંજમુરાદાબાદી રહ. :
હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. :
હઝ. મવલાના શાહ મુહમ્મદ હુસૈન ઈલાહાબાદી :
હઝરત મવલાના દીદાર અલી અલવરી રહ. :
મવલાના નકી અલી બરેલ્વી સાહેબ :
હઝરત મવલાના અ.હય હસની રહ. :
હઝરત અલ્લામહ અનવરશાહ કશ્મીરી રહ. :
પૂરો તવક્કુલ અને દુનિયા ત્યાગ :
મલ્ફૂઝાત અને કિસ્સાઓ :
આપ રહ.ની અવલાદ :
અવલાદ :
સફિય્યહ ખાતૂન રહ. :
હકીમ મસ્ઉદ અહમદ સાહેબ રહ.:
ઉમ્મે હાની :
હઝરત મવલાના મહમૂદ અહમદ સાહેબ રહ. :
સંદર્ભ ગ્રંથો :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત અકદસ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી રહ.ના ખલીફાઓમાં જે અમુક હસ્તીઓ વિશેષ સ્થાન અને મરતબો ધરાવે છે એમાં હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.નું નામ સૌથી ઉપર છે. હાજી સાહેબ રહ.એ અનેક પત્રોમાં અને પોતાની અનેક કિતાબોમાં હઝરત ગંગોહી રહ. પ્રતિ પોતાનો વિશ્વાસ જાહેર કરીને લોકોને પણ એમની વાત માનવા અને અનુસરણ કરવાની તાકીદ ફરમાવી હતી.

હઝરત હાજી સાહેબ રહ. પોતાની કિતાબ ઝિયાઉલ કુલૂબના અંતમાં હઝ. મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. અને હઝ. મવલાના કાસિમ નાનોત્વી રહ.ના વખાણ કરતાં ફરમાવે છે કે,

ہر کس کہ ازیں فقیر محبت وعقیدت وارادت دارد، مولوی رشید احمد صاحب سلمہ ومولوی محمد قاسم صاحب سلمہ را کہ جامع جمیع کمالات علوم ظاہری وباطنی اند بجائے من راقم اوراق، بلکہ بمدارج فوق از من شمارند، اگر چہ بظاہر معاملہ برعکس شد کہ اوشاں بجائے من ومن بمقام اوشاں شدم، وصحبت اوشاں راغنیمت دانند کہ ایں چنیں کساں دریں زمان نایاب اند واز خدمت بابرکت ایشاں فیضیاب بودہ باشند۔

જે કોઈ મુજ ફકીરથી મુહબ્બત અને અકીદત ધરાવતો હોય, એના માટે જરૂરી છે કે જાહેરી બાતેની ઉલૂમના જાણકાર એવા મોલ્વી રશીદ અહમદ સાહેબ અને મોલ્વી કાસિમ સાહેબને મારા સ્થાને સમજે, બલકે મારાથી પણ ઊંચા સમજે, ભલે જાહેરમાં મામલો ઉલટો છે કે તેઓ મારા સ્થાને અને હું એમના સ્થાને થઈ ગયો છું. આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બંનેવની સોહબત–મજલિસને ગનીમત સમજે, કારણ કે આવા લોકો આજના સમયમાં હવે મળતા નથી અને એમની બરકતવંતી ખિદમતનો ફૈઝ હાસિલ કરે. (૧૦૧)

એકપત્રના જવાબમાં હઝરત હાજી સાહેબ રહ.એ આપ રહ.ને સંબોધીને એક શે'ર આ મુજબ લખ્યો છે :

سلام علیکم چوں در خاطری--گراز چشم دوری بدل حاضری

તમને મારા સલામ, તમે તો મારા દિલમાં જ છો. ભલે તમે આંખોથી દૂર છો, પણ દિલમાં મોજૂદ છો.

જે સિલસિલાના બુઝુર્ગોનું વર્ણન અમે કરી રહયા છીએ એમાં હઝરત હાજી સાહેબ રહ. પછી આપ રહ.નું જ સ્થાન છે, એટલે વિસ્તારથી એમનું જીવન ચરિત્ર અત્રે આલેખવામાં આવે છે.

અય્યૂબી – અન્સારી ખાનદાન

આપ રહ. મહાન સહાબી હઝરત અબૂઅય્યૂબ અન્સારી રહ.ના વંશજ હતા. જેની કંઈક વિગત અત્રે લખવામાં આવે છે.

હિજરી સન ૫૨ (૬૭૪ ઈસ.)માં હઝરત અમીર મુઆવિયહ રદિ.એ કોસ્ટિન્ટીનોપલ (Constantinopolis) ઉપર ચઢાઈ કરી તો હઝરત અબૂઅય્યૂબ અન્સારી રદિ. આ લશ્કરમાં શામેલ થયા, અલબત્ત રસ્તામાં જ એમની વફાત થઈ ગઈ. મુસલમાનો એમની મય્યિતને સાથે લઈને આગળ વધતા રહયા, અને છેલ્લે કોસ્ટિન્ટીનોપલ (વર્તમાન ઈસ્તાંબુલ) શહેરની બહાર એમને દફન કર્યા. હઝરત અબૂઅય્યૂબ અન્સારી રદિ.ના પુત્ર અથવા પપોત્ર હઝરત અબૂમન્સૂર રહ. જિહાદ કરતાં કરતાં 'હિરાત' અફગાનિસ્તાન આવ્યા અને અહીંયાં જ વસવાટ કરી લીધો. મશહૂર મુહદ્દિષ હઝરત શેખ અબૂઈસ્માઈલ હરવી રહ. એમની પેઢીના છઠ્ઠા વંશજ છે.

તબકાતે ઈબ્ને સઅદમાં છે કે હઝરત અબૂઅય્યૂબ અન્સારી રદિ.ના એક પુત્ર અબ્દુરર્હમાન નામે હતા. અને એમની વફાત પછી આ ખાનદાનનું કોઈ બાકી રહયું હોય એની મને ખબર નથી. અલબત્ત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મશહૂર મુહદ્દિષ અને બુઝુર્ગ શેખ અબૂ ઈસ્માઈલ અબ્દુલ્લાહ હરવી રહ. વિશે લગભગ બધા જ સીરતકારો (અઅલામ : ઝકરલી, સિયરુ અઅલામિન્નુબલા : ઝહબી, તઝકિરતુલ હુફ્ફાઝ વગેરે)એ લખ્યું છે કે તેઓ હઝરત અબૂઅય્યૂબ અન્સારી રદિ.ના વંશજ હતા. અને એમનું જ ખાનદાન પાછળથી હિંદુસ્તાન આવીને વસ્યું હતું, જેમાં હઝરત ગંગોહી રહ.નો જન્મ થયો.

અન્સારી – અય્યૂબી ખાનદાનની એક પેઢી સહારનપૂર અને આસપાસના વિસ્તારમાં વસતી હતી. હઝરત રહ.નું ખાનદાન મુળ રામપૂર જિ.સહારનપૂર ખાતે વસવાટ કરતું હતું. ત્યાંથી આપના દાદા કાજી પીર બખ્શ રહ. ગંગોહ આવીને વસ્યા, ગંગોહમાં જ શાદી કરી અને ત્યાં એમના ઘરે મવલાના હિદાયત અહમદ સાહેબ રહ.નો જન્મ થયો. મવલાના હિદાયત અહમદ સાહેબ રહ. વિદ્વાન આલિમ હોવા ઉપરાંત શાહ ગુલામ અલી મુજદ્દિદી રહ.ના ખલીફા હતા. ગંગોહના જ અન્સારી ખાનદાનમાં મવલાના નકી રહ. અને મવલાના શફીઅ રહ.ના બહેન સાથે શાદી થઈ. તેઓ પોતે ગોરખપૂર મુકામે રહેતા હતા અને વરસમાં અમુકવાર ગંગોહ ઘરે આવતા હતા. ફકત ૩૫ વરસની ઉમરે હિજરી સન ૧૨૫૨ એટલે કે ૧૮૩૬ ઈ.માં ગોરખપૂર મુકામે એમની વફાત થઈ.

આપનાં વાલિદહની વંશાવળી પણ હઝરત અબૂઅય્યૂબ રદિ. સુધી પહોંચે છે, એટલે આપ રહ. વાલિદ અને વાલિદહ બન્ને તરફથી અન્સારી અય્યૂબી નિસ્બત ધરાવે છે. તઝકિરતુર્રશીદમાં છે કે, હઝરત મવ. રશીદ અહમદ ગંગોહી રહ.ના દાદાની વાલિદહ હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ.ના ખાનદાનમાંથી હતાં.

જન્મ અને બાળપણ :

ગંગોહ ખાતે ૬ ઝિલકદ ૧૨૪૪હિ. ૧૧ મે. ૧૮૨૯ ઈ. સોમવારના રોજ આપનો જન્મ થયો. ચિશ્તીયા સિલસિલાના મહાન બુઝુર્ગ શેખ અબ્દુલ કુદ્દુસ ગંગોહી રહ.ની ખાનકાહને અડીને આપ રહ.નું મકાન હતું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને ત્યાં જ આપ રહ.નો જન્મ થયો. સાત વરસની ઉમરે જ આપના વાલિદ મવલાના હિદાયત અહમદ રહ.ની વફાત થઈ ગઈ તો મામા અને દાદાએ આપની તાલીમ અને કેળવણીની જવાબદારીઓ નિભાવી.

ઘરના માહોલ અને તાલીમની અસર મુજબ આપ રહ.નો સ્વભાવ સંપૂર્ણ રીતે નેક અને શરીઅત મુજબનો બની ગયો હતો. નમાઝની પાબંદી કરતા હતા. બાળકો સાથે ગમે તેવી રમત – ગમતમાં મશગૂલ હોતા, પણ નમાઝના સમયે બધું છોડીને નમાઝ માટે દોડી આવતા હતા. લગભગ સાડા છ વરસની ઉમર હતી. જંગલમાં ફરવા ગયા હતા, એમાં મોડું થયું અને મગરિબની નમાઝનો સમય થઈ ગયો. દોડતા દોડતા આવ્યા, ફૂલોની ડાળીઓ વાલિદહને આપી અને મસ્જિદે જઈને વુઝૂનું પાણી કાઢવા કૂવામાં ડોલ લટકાવી તો દોરડું પગોમાં ફસાય પડયું અને આપ રહ. ડોલ, દોરડા સાથે કુવામાં પડી ગયા. કોઈના કુવામાં પડવાનો ધમાકો લોકોએ ચાલુ નમાઝે સાંભળ્યો તો નમાઝ પૂરી કરીને બધા કૂવા ઉપર ભેગા થઈ ગયા. એટલામાં આપ રહ.એ અંદરથી બુમ પાડીને કહયું કે ગભરાઓ નહીં, હું સલામત છું. લોકોએ આપને કુવામાંથી બહાર કાઢયા તો પગમાં થોડા ઉઝરડા થયા હતા. બીજું કોઈ નુકસાન થયું ન હતું. વાત એમ થઈ હતી કે કુવામાં ડોલ ઊંધી વળી ગઈ હતી અને આપ રહ. એના ઉપર બેસી ગયા હતા અને લોકો કુવા પાસે આવે એની રાહ જોતા હતા. અલ્લાહ તઆલાની ગેબી હિફાજત અને આપ રહ.ની હિમ્મત તેમજ મજબૂત મનોબળ જોઈને લોકોને ઘણી નવાઈ લાગી.

બાળપણથી જ આપ રહ.ની અવાજ મધૂર અને સુંદર હતી. નાત, હમ્દ અને અશઆર ઘણી સરસ રીતે પઢતા – ગાતા હતા. પરંતુ આવારા છોકરાઓની જેમ ગમે ત્યાં અશઆર કે નાત પઢવા ઉભા ન થઈ જતા હતા. કોઈક વાર આગ્રહ કરવામાં આવતો તો નાત – નઝમ પઢી લેતા હતા. વધુ પડતા લોકો હઝરત ઈબ્રાહીમ અદહમ રહ.ના કિસ્સાના અશઆર આપના મુખે સાંભળવા ઈચ્છતા હતા. આપ રહ. એવા મધૂર અવાજે પઢતા હતા કે લોકો મુગ્ધ થઈ જતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એક વઅઝમાં આપ રહ.એ પોતે ફરમાવ્યું કે, હું મારા વિશે કહું છું કે મને અલ્લાહ તઆલાએ બાળપણમાં જ મજબૂત યકીન અતા ફરમાવ્યું હતું. હું છોકરાઓ સાથે રમતો હોઉ અને જુમ્અહનો સમય થઈ જતો તો રમત – ગમત છોડીને જુમ્અહ પઢવા આવી જતો અને છોકરાઓને કહેતો કે મને મારા મામાએ કહયું હતું કે ત્રણ જુમ્અહ છોડનાર માણસ મુનાફિક ગણાય છે.

બાળપણમાં જ સાત વરસની ઉમરે આપ રહ.ના વાલિદ સા.નો ઈન્તેકાલ થઈ ગયો. અને અમુક વરસો પછી મોટા ભાઈ સઈદ અહમદનો પણ ઈન્તેકાલ થઈ ગયો. આમ બાળપણમાં જ લગાતાર બે મોટા આઘાત આપ રહ.એ ઝીલવા પડયા. અલબત્ત આપ રહ. વાલિદહ અને મામાઓના કહયાગરા બનીને રહયા અને એમના તરફથી આપવામાં આવતી તાલીમ – કેળવણી ઉપરાંત પોતાની લગન અને હિમ્મત થકી પણ પોતાના વ્યકિતત્વનું ઘડતર કરતા રહયા.

તઝકિરતુર્રશીદમાં છે કે આપ રહ.ના બાળપણના એક સાથી મુહમ્મદ ઈબ્રાહીમ ફરમાવતા હતા કે મવલાના રશીદ અહમદ સાહેબના વર્તમાન સ્થાનથી પરિચિત થવા માટે તો બસીરતની નજર જરૂરી છે. આપ રહ. બાળપણથી જ દરેક કામ સમજી વિચારીને કરતા હતા અને દરેક વાત સમજી વિચારીને બોલતા હતા. કોઈ પણ પ્રકારના બેકાર ખેલ – તમાશામાં ભાગ લેતા ન હતા. કદી મોટેથી હસતા ન હતા. અમારા દોસ્તોમાં આપનું સ્થાન એક વડીલ જેવું હતું. છોકરાઓ કદી બેકાર તમાશો કરતા હોય અને આપ રહ. આવી જતા તો બધા છોકરાઓ પણ સીધા થઈ જતા હતા.

વાલિદ સાહેબની વફાત પછી દાદા કાઝી પીર બખ્શ રહ.ની કેળવણી અને તરબિયત આપને પ્રાપ્ત થઈ. ઉપરાંત આપ રહ.ના મામાઓ પણ આપના પ્રત્યે ઘણી જ મુહબ્બત રાખતા હતા અને એમણે પણ આપની તાલીમ – તરબિયત ઉપર ઘણું જ ધ્યાન આપ્યું. આપ રહ.ના ચાર મામાઓ હતા. મોલ્વી મુહમ્મદ નકી, મોલ્વી મુહમ્મદ તકી, મોલ્વી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અબ્દુલ ગની અને મોલ્વી મુહમ્મદ શફીઅ સા. રહ. આ બધામાં મોલ્વી અબ્દુલ ગનીને આપ રહ. પ્રત્યે ઘણી જ મુહબ્બત હતી અને પોતાના દીકરા અબૂન્નસરની જેમ જ સમજતા હતા.

તાલીમ.

તાલીમ માટે પ્રથમ મહોલ્લાના મકતબમાં મીયાંજી કુતુબ બખ્શ રહ. પાસે મોકલવામાં આવ્યા. તેઓ આપ રહ.ના નિકટના સગા હતા. પ્યાર મોહબ્બત સાથે જરૂરત મુજબ કડકાઈ પણ વર્તતા હતા. થોડાક જ દિવસોમાં તેઓ નાનકડા રશીદ અહમદની હોશિયારી અને યાદશકિતના વખાણ કરવા લાગ્યા.

વાલિદ સાહેબની વફાત પછી મામાઓ આપ રહ.ની તાલીમ તરબિયતની દેખભાળ કરી રહયા હતા. એટલે આપના મામા મોલ્વી મુહમ્મદ તકી સાહેબ આપને કરનાલ પોતાની સાથે લઈ ગયા. અને પોતે જ ફારસીની તાલીમ આપવા લાગ્યા. તઝકિરતુર્રશીદમાં છે કે મોલ્વી મુહમ્મદ તકી સાહેબ ફારસી ભાષાના વિદ્વાન હતા. મામા મોલ્વી મુહમ્મદ તકી સાહેબ પણ આપ રહ.ની હોશિયારી અને કાબેલિયતના ખૂબ વખાણ કરતા હતા. આ જ પ્રમાણે કરનાલમાં મોલ્વી મુહમ્મદ ગોષ સાહેબ પાસે પણ ફારસીની તાલીમ પ્રાપ્ત ફરમાવી.

ફારસીની આરંભિક તાલીમ પછી દાદા કાઝી પીરબખ્શ રહ.એ પોતાના મુળ વતન રામપૂર ખાતે કાબેલ ઉસ્તાદ મોલાના મુહમ્મદ બખ્શ રહ. પાસે મોકલી દીધા. (મવ. નૂરુલ હસન દા.બ. લખવા મુજબ એમનું નામ મુહમ્મદ હસન રહ. છે.) અહીંયા રહીને અરબીની આરંભિક કિતાબો પઢી અને હિદાયતુન્નહવ સુધીની તાલીમ પૂરી ફરમાવી. રામપૂર ખાતે આગળ તાલીમની કોઈ વ્યવસ્થા ન હતી એટલે મોલ્વી મુહમ્મદ બખ્શ સાહેબે આપના દાદાને સલાહ આપી કે વધારે તાલીમ માટે એમને દિલ્હી મોકલવામાં આવે. દાદા સાહેબે આ મશ્વેરો સ્વીકારી લીધો અને આપ રહ.ને દિલ્હી મોકલવામાં આવ્યા. અત્રેના ખર્ચ માટે ત્રણ રૂપિયા મહીને મોકલવામાં આવતા હતા. જેના થકી ખાવા – પીવા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપરાંત બીજી બધી જરૂરતો પૂરી કરતા હતા.

લગભગ ૧૭ વરસની ઉમરે આપ રહ. દિલ્હી પહોંચ્યા હતા. એના એક વરસ પહેલાં ૧૨૬૦ હિ./૧૮૪૪ ઈ.માં નાનોતાના મોલ્વી કાસિમ રહ. પણ દિલ્હી પહોંચીને એમના ખાનદાના એક વિદ્વાન મોલાના મમ્લૂકઅલી રહ. પાસે તાલીમ શરૂ કરી ચુકયા હતા અને કાફિયહની તાલીમ ચાલુ હતી. હઝરત ગંગોહી રહ. એક વરસ પછી એટલે કે ૧૨૬૧ હિ./૧૮૪૯ માં પહોંચ્યા અને દિલ્હીમાં મોલાના અહમદુદ્દીન જહલમી રહ. અને બીજા અમુક ઉસ્તાદો પાસે આવવા જવા લાગ્યા, કે જેમની તાલીમ તરબિયતથી દિલને સંતોષ થાય એમની પાસે તાલીમ શરૂ કરે, પણ કુદરતને કંઈક ઓર જ મંજૂર હતું, કુદરત ઈલ્મી દુનિયાના ચાંદ – સૂરજને એક સાથે જોવા ચાહતી હતી. કોઈ જગ્યાએ દિલ લાગ્યું નહી એટલે આપ રહ. મોલાના મમ્લૂક અલી રહ. પાસે આવ્યા અને એમની તાલીમ, તાલીમની રીત અને પદ્ધતિ જોયી તો એમના પાસે રહેવાનું નક્કી કરી લીધું, રામપૂરની અને દિલ્હીની તાલીમ એટલી હતી કે આપ રહ.ને પણ કાફિયહમાં શામેલ કરી લેવામાં આવ્યા. આમ એક કલાસમાં બન્ને તાલીમ મેળવવા લાગ્યા. બન્ને બુઝુર્ગો તાલીમમાં ઘણા જ હોશિયાર હતા. બીજા વિદ્યાર્થીઓ એમને એક પછી એક કિતાબ પૂરી કરીને આગળ વધતા જોઈને એમ સમજતા કે આ યુવાનો ફકત કિતાબ પૂરી કરવાને જ તાલીમ સમજે છે, નથી કોઈ મતલબ સમજતા કે ઊંડી સમજ કેળવતા. પણ મવલાના મમ્લૂક અલી રહ. ફરમાવતા કે મારી પાસે સમજયા વગર આગળ વધવું મુશ્કેલ છે. આ બન્ને છોકરાઓ હોશિયાર છે. મવલાના મમ્લૂક અલી રહ. ઉપરાંત મવલાના સદરુદ્દીન રહ. પાસે પણ કંઈક તાલીમ લીધી અને પછી હદીસ શરીફની તાલીમ માટે શાહ અબ્દુલ ગની મુજદ્દિદી રહ.ની સેવામાં હાજર થયા. 'સિહાહે સિત્તહ' (હદીસની છ મશહૂર કિતાબો : બુખારી, મુસ્લિમ, તિરમિઝી, અબૂદાવૂદ, ઈબ્નેમાજહ, નસઈ) એમના પાસે જ પઢીને સનદ પ્રાપ્ત ફરમાવી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મવ. નૂરુલ હસન દા.બ. લખે છે કે, હઝ. મવલાના મમ્લૂક અલી રહ. ઉપરાંત મવલાના શાહ અહમદ સઈદ મુજદ્દિદી રહ. (શાહ. અ. ગની રહ.ના વાલિદ) મવલાના મુફ્તી સદરુદ્દીન આઝુરદહ અને હઝ. શાહ અ.ગની મુજદ્દિદી રહ. હઝરત ગંગોહી રહ.ના મોટા ઉસ્તાદો ગણાય છે. અલબત્ત શાહ અ. ગની રહ. સિવાયના ઉપરોકત કયા ઉસ્તાદોથી કેટલો સમય અને કયા કયા વિષયની કેટલી તાલીમ મેળવી, અને આ દરમિયાન હઝરત ગંગોહી રહ.ના અન્ય સાથીઓ કોણ કોણ હતા ? એની વિગતો મળી શકતી નથી એનો અફસોસ છે. પણ હઝરત ગંગોહી રહ.ના કથનો, મલ્ફૂઝાત, લખણા અને ફતાવાથી આ બાબત પૂરવાર છે કે ઉપરોકત ઉસ્તાદો પાસે એમણે તાલીમ મેળવી છે. (ફતાવા બાકિયાત રશીદીયહ : ૭૧)

તાલીમ દરમિયાન આપ રહ. પ્રત્યે ઉસ્તાદો ઘણી જ મુહબ્બત અને શફકત ફરમાવતા હતા. પાબંદી અને લગન સાથે તાલીમમાં પ્રવૃત રહેવાના કારણે ઉસ્તાદો આપ રહ. પ્રત્યે વિશેષ ધ્યાન આપતા હતા.

એકવાર આપ રહ. બીમાર હોવાના કારણે દર્સમાં હાજર રહી શકયા નહીં. શાહ અબ્દુલ ગની રહ.એ પૂછયું તો ખબર પડી કે બીમાર છે, તો શાહ અબ્દુલ ગની રહ. પોતે મવલાના ગંગોહીના રહેઠાણ ઉપર આવ્યા, આપ રહ.ની હાલત જોઈને રડવા લાગ્યા અને આપ રહ.ને દુઆઓ આપી.

હઝરત નાનોત્વી રહ. અને હઝરત ગંગોહી રહ. વચ્ચે અનેક વિષયે લાંબી ચર્ચા અને વાદ વિવાદ થતા. બન્ને તરફથી એક પછી એક દલીલો આપવામાં આવતી. બીજા બધા વિદ્યાર્થીઓ પણ સાંભળવા ભેગા થઈ જતા. ઉસ્તાદોને ખબર પડતી તો તેઓ પણ ચર્ચાના વિષય બાબતે પોતાનો મત વ્યકત કરતા. આવી ચર્ચા એકવાર એક ઉસ્તાદે સાંભળી તો કહેવા લાગ્યા કે કાસિમ નાનોત્વી એમની હોશિયારી, હાજર જવાબી અને વાકચાતુર્યના કારણે ચર્ચામાં ગાલિબ હોય છે, પણ સચ્ચાઈ રશીદ ગંગોહી તરફે છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દિલ્હીમાં મોલાના કરીમ બખ્શ પંજાબી પાસે પઢતા હતા, એવામાં એક વિલાયતી તાલિબે ઈલ્મ દિલ્હીમાં આવ્યો. હોશિયારીના કારણે એનો દાવો હતો કે મને કોઈ ઉસ્તાદ પઢાવી શકતા નથી. તે શાફિયા નામી કિતાબ પઢવા ચાહતો હતો. મવલાના કરીમ બખ્શ સાહેબે હઝરત ગંગોહી રહ.ને ફરમાવ્યું કે, આ 'જારબરદી' નામી કિતાબ લઈને પેલા વિલાયતીને સબક પઢાવી બતાવો. અને યાદ રાખજો, નીચા જોણું કરીને આવ્યા તો માથું મુંડાવી નાખીશ. હઝરત ગંગોહી રહ. કિતાબ લઈને ગયા અને એની પાસે પહોંચીને વાતો વાતોમાં કિતાબ ખોલીને સબક અને સબકની ચર્ચા શરૂ કરી દીધી. વિલાયતી તાલિબે ઈલ્મ અચંબામાં પડી ગયો અને કહેવા લાગ્યો કે મને આખી શાફિયહ પઢાવી દયો. આપ રહ.એ જવાબ આપ્યો કે તને પઢાવવા નથી આવ્યો. તારું નાક કાપવા આવ્યો હતો. જે ઉલમા અને વિદ્વાનો વિશે તું એમ કહેતો હતો કે તેઓ મને પઢાવવાને કાબેલ નથી, એમના એક નાનકડા વિદ્યાર્થીએ તારી બોલતી બંધ કરી દીધી. પછી ઉસ્તાદને આવીને બતાવ્યું કે, એને હરાવીને આવ્યો છું.

દિલ્હીમાં આપ રહ. સઘળો સમય તાલીમમાં જ વ્યસ્ત રહેતા હતા. રાત દિવસના મળીને સાત – આઠ કલાક સૂવા અને ખાવા – પીવામાં લાગતા હતા. બીજો બધો જ સમય કિતાબો પઢવામાં લાગ્યા રહેતા હતા. ઘણીવાર એવું થતું રાત્રે કિતાબ પઢતા પઢતા સૂઈ જતા અને સવારે યાદ આવતું કે રાતનું ખાણું એમ જ પડયું રહયું છે.

દિલ્હીના તાલીમના દિવસોમાં આપના મામાઓ તરફથી મહીને ત્રણ રૂપિયા મોકલવામાં આવતા હતા. એમાંથી સઘળી જરૂરતો પૂરી કરવાની રહેતી હતી. એટલે ઘણીવાર તંગી આવી જતી હતી. આવી સ્થિતિમાં આપ રહ. સબજી મંડીમાં જઈને તરકારીના જે પાંદડાઓ વેપારીઓ ફેંકી દેતા એને ઉઠાવી લાવતા હતા અને એના થકી પોતાનું ગુઝરાન ચલાવતા હતા. અલબત્ત કદી કોઈના સામે સવાલ કરતા ન હતા.

મોલાના મમ્લૂક અલી રહ. પાસે પઢતા હતા, એ દિવસોમાં એકવાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શરીરે ખુજલી નીકળી, ઘણા જ પરેશાન થઈ ગયા, પણ કલાસમાં પાબંદીથી હાજરી આપતા હતા. હાથોમાં મોજા પહેરવા પડતા હતા. આપ રહ.ની આ સ્થિતિ જોઈને એક દિવસ મવલાના મમ્લૂક અલી રહ.એ ફરમાવ્યું કે, મીયાં રશીદ અહમદ ! તમારો હાલ તો જુઓ, પેલા શે'ર જેવી સ્થિતિ છે :

تن ہمہ داغ داغ شد پنبہ کجا کجا نہم

આખા શરીરે ઝખમના ઘા છે, કયાં કયાં પુમડું મુકું !

આ જ દિવસોમાં દિલ્હીમાં આપ રહ.ને અમુક કીમીયાગરો પણ મળ્યા, જેમણે જડીબુટ્ટીઓ દ્વારા સોનું બનાવવાનો કીમીયો આપ રહ.ને શીખવાડવાની ઈચ્છા વ્યકત કરી પણ આપ રહ.એ એમના પ્રતિ ધ્યાન આપ્યું નહીં. એક કીમીયાગરે તો આપને સામે બેસાડીને સોનું બનાવીને બતાવ્યું અને આખી રીત લખીને આપી, છતાં આપ રહ.એ એના તરફ ધ્યાન આપ્યું નહીં. ગંગોહ આવ્યા પછી કોઈ કિતાબમાંથી કીમીયાની રીત લખેલો કાગળ મળ્યો તો કોઈના માંગવાથી એક નકલ એને આપી પણ પછી અસલ લખાણ ફાડી નાંખ્યું. જેથી સોનાની લાલચ જ ન થાય. આ બધું દર્શાવે છે કે આપ રહ. શરૂથી જ માલને પસંદ કરતા ન હતા. બેનિયાઝ અને ગરીબ રહેવાને જ વધારે પસંદ કરતા હતા.

આપ રહ.ચાર વરસ દિલ્હીમાં રહયા. ૨૧ વરસની ઉમરે અન્ય વિષયો અને હદીસ શરીફની તાલીમ પૂરી કરીને ગંગોહ પાછા આવ્યા.

તદરીસ.

તાલીમના છેલ્લા દિવસોમાં સામાન્ય પણે એવું થાય છે કે હોશિયાર વિદ્યાર્થી આરંભિક તાલીમ આપવાને કાબેલ બની જાય છે અને આરંભિક કિતાબો – પુસ્તકો સરળતાથી ભણાવી – પઢાવી શકે છે. આપ રહ. પણ તાલીમના છેલ્લા દિવસોમાં દિલ્હી ખાતે અમુક તલબાને એમના આગ્રહને વશ થઈને પઢાવતા હતા. આ તલબામાં મુલ્લા મહમૂદ દેવબંદી પણ હતા, જેઓ પાછળથી દારૂલ ઉલૂમ દેવબંદના પ્રથમ મુદર્રિસ બન્યા. આપ રહ.ના મામાના છોકરા મોલ્વી અબુન્નસ્ર અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મોલ્વી અબૂલકાસિમને પણ આ દિવસોમાં અમુક કિતાબો પઢાવી હતી. ત્યાર પછી ૨૧ વરસની ઉમરે વતન ગંગોહમાં પાછા આવી ગયા. ઘરે આવીને ઘરમાં જ અમુક તલબાને તાલીમ આપવી શરૂ કરી અને સાથે જ પોતાની રીતે એકલા કોઈ ઉસ્તાદ વગર કુરઆન શરીફ હિફ્જ કરવાનું શરૂ કરી દીધું. પોતાના શોખ અને લગનથી હિફ્જ શરૂ ફરમાવ્યું હતું, એટલે જે કંઈ ખાલી સમય મળતો, એ બધો સમય હિફ્જમાં જ મશગૂલ રહેતા. ઘરના એક છાપરા નીચે બેસીને કુરઆન યાદ કરતા રહેતા હતા. નમાઝનો સમય થતો તો કુરઆન ઉપર રૂમાલ નાંખીને મસ્જિદે જતા અને પાછા આવીને હિફ્જમાં મશગૂલ થઈ જતા. આમ અમુક જ દિવસોમાં હિફ્જે કુરઆન પુરું કરી લીધું, અને ગંગોહ આવ્યા પછી પહેલી જ રમઝાનમાં પોતાની મસ્જિદમાં તરાવીહ પણ પઢાવી.

નિકાહ

આપ રહ.ના ચાર મામાઓમાં સૌથી મોટા મોલ્વી મુહમ્મદ નકી સાહેબ રહ. આલિમે દીન, પરહેઝગાર બુઝુર્ગ અને વલી માણસ હતા. કાદરી સિલસિલામાં શાહ સયફુલ્લાહ નારનોલી રહ. દ્વારા ખિલાફત પણ આપને આપવામાં આવી હતી. સુન્નતે નબવીના આશિક હતા અને જે કોઈ બાબતે એવી ખબર પડતી કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ કામ કર્યું છે કે આ કે તે વસ્તુ ખાધી છે, તો એ મુજબ અમલ કરવાની કોશિશ કરતા હતા. ભલેને એમાં આપને તકલીફ થાય કે નુકસાન પહોંચે. ઝજ્જર (હરિયાણા) રિયાસતની ફોજમાં સિપાહી હતા.

આવા નેક અને બુઝુર્ગ મામાની એક સાહબઝાદી નેક ખાતૂન ખદીજા હતાં, જેમની સાથે પહેલેથી જ સગાઈ નક્કી થઈ ચૂકી હતી. દિલ્હીથી તાલીમ પૂરી કરીને ગંગોહ આવ્યા તો આપના દાદા અને વાલિદહ સામે મામાઓ દ્વારા નિકાહનો આગ્રહ કરવામાં આવ્યો એટલે ખદીજા ખાતૂન સાથે એમના નિકાહ કરાવી દેવામાં આવ્યા. નિકાહ વેળા આપ રહ.ની ઉમર ૨૧ વરસ અને આપના અહલિયહ ખદીજા ખાતૂનની ઉમર ૧૫

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વરસ હતી. પાંચહઝાર શાહી મુહર વાળા સિક્કા મહેર નક્કી કરવામાં આવી. આપ રહ.એ આટલી મોટી મહેર બાબતે અશકિત દર્શાવી પણ છેવટે ખાનદાનના વડીલોના કહેવા ઉપર સમંતિ દર્શાવી. આ મહેરની અદાયગીનો બોજ અને ફિકર આપ રહ.ના દિમાગમાં હશે એ સ્પષ્ટ છે, એટલે આપ રહ. આ બાબતે ચિંતિત હતા. અલબત્ત નેક બીવીએ નિકાહ પછી એ મહેર માફ કરીને જતી કરી ત્યારે જ આપ રહ.ને સંતોષ થયો.

આપ રહ.ના અહલિયહ પણ ઘણા જ નેક, ઈબાદતગુઝાર અને પાકદામન ઓરત હતાં. દુનિયાની કોઈ લાલચ કે ઝવેરાત અને ઘરેણાની કોઈ તમા રાખતાં ન હતાં. હઝરત રહ. પોતે જ ફરમાતા હતા કે, જયાં સુધી મસ્ઉદ અહમદ (આપ રહ.ના પુત્ર)ના વાલિદહ હયાત હતાં, મને કોઈ પણ પ્રકારની ફિકર ન હતી. ઘરેલુ બાબતોમાં ઘણા જ સમજદાર હોવા ઉપરાંત મહેમાન નવાઝ હતાં. ગમે તેવા સમયે ઘરમાં કોઈ મહેમાન આવે, તેઓ જરૂર ખાવાનું તૈયાર કરીને હાજર કરી દેતા હતાં. કદી કદી તેઓ પોતે જ એમ કહેતાં હતાં કે મારા મરવા પછી તમે મને યાદ કરશો. અને આજે એવું જ છે.

બયઅત

ગંગોહમાં આપ રહ. અમુક તલબાને પઢાવતા હતા. કોઈ મોટો મદરસો ન હતો. આપ રહ. હજુ યુવાન હતા. તાલીમ પૂરી કર્યાને હજુ અમુક વરસો જ થયા હતા. છતાં લોકોમાં એક મોટા આલિમ અને વિદ્વાન તરીકે આપ રહ.ની ગણના થવા લાગી. લોકો નાના મોટા મસ્અલાઓ અને ચર્ચાઓમાં આપ રહ.ના ફતવા અને મંતવ્ય જાણવા ઉત્સુક રહેતા હતા. અલબત્ત આપ રહ.એ હજુ સુધી કોઈના હાથ ઉપર બયઅત કરી ન હતી. પ્રથમ ઈરાદો શાહ અબ્દુલ ગની સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત થવાનો હતો. આપ રહ.એ એમની પાસે હદીસ શરીફ પઢી હતી અને એમના તકવા, પરહેઝગારી અને ઈત્તેબાએ સુન્નતથી પ્રભાવિત હતા. પણ દિલની વાત દિલમાં જ રહી ગઈ અને આપ રહ. તાલીમ પૂરી કરીને ગંગોહ આવી ગયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત હાજી સાહેબ રહ. પ્રત્યે આપ રહ.ને દિલ્હીના તાલીમના દિવસોથી જ અકીદત હતી. અને અનેક વાર મળવાનું થયા કરતું હતું.

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ની પહેલી ઝિયારત અને ઓળખાણનો કિસ્સો આપ રહ. પોતે વર્ણવતા હતા કે આપ રહ. અને હઝરત નાનોત્વી રહ.એ ઉસ્તાદ મવલાના મમ્લૂક અલી રહ.ને દરખાસ્ત કરી કે એમને બીજી કિતાબો ઉપરાંત સુલ્લમ પણ પઢાવવામાં આવે. મવલાના મમ્લૂક અલી રહ.એ ફરમાવ્યું કે મારી પાસે કોઈ વધારે સમય નથી. આ બન્ને તલબાએ ઘણું બધું વિચારીને અરજ કરી કે સોમવાર અને ગુરૂવાર, એમ અઠવાડિયામાં બે દિવસે થોડો સમય આપો તો અમે આ કિતાબ પઢી લઈશું. એટલે આ બે દિવસ સબક માટે નક્કી થયા. આવા એક સબક દરમિયાન એક માણસ લુંગી પહેરેલા, દૂરથી સામાન્ય લિબાસમાં આવતા નજરે પડયા. એમને જોઈને મવલાના મમ્લૂક અલી રહ. ફરમાવ્યું : હાજી સાહેબ આવી ગયા. મીયાં રશીદ ! જાઓ હવે તમારો સબક પછી. મવલાના મમ્લૂક અલી સાહેબે આવનાર હાજી સાહેબને ભારે આવકાર આપ્યો અને ખુબ એહતેરામ ફરમાવ્યો. આ કોઈ હાજી સાહેબના કારણે સબક રહી જવાનો આપ રહ.ને અફસોસ થયો અને પોતાના સાથીદાર મવલાના કાસિમ નાનોત્વી રહ.ને કહેવા લાગ્યા કે આ જબરા હાજી સાહેબ છે ! એમના કારણે તો આપણો સબક જ રહી ગયો. મવલાના કાસિમ રહ. હઝરત હાજી સાહેબ રહ.ને પહેલેથી જ ઓળખતા હતા. એમણે હઝરત ગંગોહીને કહયું કે આવું ન બોલો, આ હાજી સાહેબ મોટા બુઝુર્ગ છે અને પછી હઝરત હાજી સાહેબ રહ. વિશે બધી વિગત દર્શાવી. આ કિસ્સો વર્ણવીને આપ રહ. પોતે જ ફરમાવતા મને શી ખબર કે આ જ હાજી સાહેબ મારું મુંડન કરી નાંખશે !

ત્યાર પછી પણ મવલાના નાનોત્વીને રહ. જયારે પણ મોકો મળતો, હઝરત હાજી સાહેબ રહ.ની બુઝુર્ગી અને મહાનતા આપની સામે વર્ણવતા રહેતા. આમ આપ રહ. પણ મનોમન હઝરત હાજી સાહેબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.નો એહતેરામ કરતા થઈ ગયા હતા. પછી ગંગોહમાં અને થાનાભુવન ખાતે અનેકવાર મુલાકાતો થઈ અને સંબંધોમાં અકીદત વધતી રહી.

હઝરત હાજી સાહેબ રહ. પણ આ બન્ને વિદ્યાર્થીઓ (મોલ્વી કાસિમ અને મોલ્વી રશીદ અહમદ)ના ખબર અંતર પૂછતા રહેતા હતા અને ફરમાવતા કે બધા તલબામાં આ બન્ને તલબા હોશિયાર લાગે છે.

હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત

હઝરત હાજી સાહેબ રહ. કોઈકવાર ગંગોહ પણ આવતા હતા અને પોતાના એક સંબંધી મોલ્વી સિરાજુદ્દીનના ઘરે રોકાતા હતા. તેઓ હઝરત ગંગોહી રહ.ના રિશ્તેદાર હતા. એમના ઘરે એકવાર મુલાકાત થઈ તો હાજી સાહેબ રહ.એ પૂછયું :

= મીયાં રશીદ અહમદ ! અલ્લાહનું નામ શીખવા માટે કોઈના મુરીદ થવાની ઈચ્છા છે કે નહીં ?

– મવલાના ગંગોહી રહ.એ જવાબમાં ફરમાવ્યું કે, જી ! હઝરત દિલ તો ઘણું ચાહે છે.

= કયાં અને કોના તરફ આપનું દિલ ચાહે છે ?

– મવલાના ગંગોહી રહ.એ ફરમાવ્યું કે, હજુ સુધી જેટલો વિચાર કર્યો છે, એ મુજબ બે બુઝુર્ગોમાંથી કોઈ એકનો ગુલામ બનીશ. એક હઝરત શાહ અબ્દુલ ગની રહ. અથવા આપ સાહેબનો ગુલામ બનીશ.

= હાજી સાહેબ રહ.એ મુસ્કુરાયને ફરમાવ્યું : હા, ભાઈ, શાહ અબ્દુલ ગની રહ. મોટા આલિમ છે. ખ્યાતનામ બુઝુર્ગ છે. મુહદ્દિષ છે. અને ઉલમા તો ઉલમા તરફ જ વધુ આકર્ષાય છે. કંઈ પઢવા લખવા વગર મને બિચારાને શા માટે શામેલ કરે ?

હઝરત મવલાના ગંગોહી રહ. પછી ફરમાવતા કે, એક રીતે હઝરત હાજી સાહેબ રહ.એ પોતાને અલગ કરીને એમના તરફથી મારું દિલ વાળવા પ્રયત્ન કર્યો હતો, પણ વાત એવી રીતે ફરમાવી કે મારું મન એમણે મોહી લીધું. આ મુલાકાત પછી હઝરત હાજી સાહેબ રહ.ના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હાથો ઉપર જ બયઅત થવાનો પાકો ઈરાદો કરી લીધો.

બાકીયાત ફતાવા રશીદીયહમાં હઝરત મવલાના નૂરુલ હસન રાશિદ કાંધલવી સાહેબ લખે છે કે પહેલાં આપ રહ. મવ. શાહ અ. ગની રહ. અથવા હઝ. મવ. શાહ સુલેમાન તોંસવી રહ.ના હાથ ઉપર બયઅત થવાનો ઈરાદો રાખતા હતા. અલબત્ત હઝ. મવ. શાહ સુલેમાન તોંસવી રહ.ની સેવામાં તો હાજર થવાનો મોકો જ મળ્યો નહીં, અને તાલીમ પૂરી થયા પછી એક દમ હઝરત હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત થવાની નોબત આવી ગઈ. (પેજ : ૮૩)

આ દિવસોમાં એક બીજી ઘટના બની ગઈ. હઝરત હાજી સાહેબ રહ.ના પીરભાઈ એટલે કે મીયાંજી નૂર મુહમ્મદ રહ.ના બીજા એક ખલીફા શેખ મુહમ્મદ થાનવી રહ.એ એક મસ્અલા વિશે કોઈ લખાણ છપાવીને પ્રસિદ્ધ કર્યું, હઝરત ગંગોહી રહ. એમાં લખવામાં આવેલ બાબતથી સંતૃષ્ટ ન હતા. કોઈએ આપ રહ.ને આ વિશે પૂછયું તો પોતાની વાત દલીલ સાથે જણાવી દીધી. સામેથી આ બાબતે બીજું લખાણ છાપવામાં આવ્યું. એટલે હઝરત ગંગોહી રહ.એ નક્કી કર્યું કે કોઈવાર પોતે થાનાભુવન ખાતે હાજર થઈને શેખ મુહમ્મદ સાથે સીધી ચર્ચા કરી લઈશું. એવામાં રામપૂર ખાતે કોઈ પ્રસંગે જવાનું થયું તો આપ રહ. ત્યાંથી પાછા ફરતી વેળા શેખ મુહમ્મદ થાનવી રહ.ને મળવા થાનાભુવન પહોંચ્યા. અહીંયા પહોંચીને જૂની ઓળખાણને કારણે પહેલાં હઝરત હાજી સાહેબને મળવા ગયા. હાજી સાહેબે આપને આવકાર્યા અને આવવાનો મકસદ પૂછયો તો આપ રહ.એ ફરમાવ્યું કે શેખ મુહમ્મદ રહ. સાથે ફલાણા મસ્અલામાં ચર્ચા કરવા આવ્યો છું. હાજી સાહેબ રહ.એ આ સાંભળીને ફરમાવ્યું : ના, ભઈ ના. શેખ મુહમ્મદ તો આપણા વડીલ અને બુઝુર્ગ છે. એમનો તો એહતેરામ કરવાનો હોય.

હાજી સાહેબ રહ.એ એવા ઈખ્લાસ અને મુહબ્બતથી આ વાત ફરમાવી કે હઝરત ગંગોહી રહ.ના દિલમાં ઉતરી ગઈ, એમને થયું કે શેખ મુહમ્મદ જો હાજી સાહેબના પણ વડીલ અને બુઝુર્ગ થતા હોય અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કાબિલે એહતેરામ છે, તો પછી મારે પણ એમનો એહતેરામ કરવો જ રહયો. એટલે ચર્ચા કરવાનો ઈરાદો છોડી દીધો.

અમુક લેખકોએ હઝરત ગંગોહી રહ.ના થાનાભુવન જવાનો મકસદ શેખ મુહમ્મદ થાનવી રહ. સાથે 'મુનાઝરહ' કરવાનો દર્શાવ્યો છે. પરંતુ હઝરત ગંગોહી રહ. અને હઝ. શેખ મુહમ્મદ થાનવી રહ.વચ્ચેના સંબંધો અને ઈલ્મી તફાવત જોતાં આ સામાન્ય ચર્ચાને 'મુનાઝરહ'નું નામ આપવું મુનાસિબ નથી. હઝરત અકદસ ગંગોહી રહ. પોતે હઝરત શેખ મુહમ્મદ થાનવી રહ.ને પોતાના ઉસ્તાદ સમાન ગણતા અને લખતા હતા. એટલે એમની સાથે મુનાઝરહ કરવાનો વિચાર પણ ન કરે, હા, મસ્અલામાં મતભેદ હતો એટલે ફકત ઈલ્મી ચર્ચા કરવાના આશયે જ ગયા હતા.

આપ રહ.ના દિલમાં હઝરત હાજી સાહેબ રહ. પ્રત્યે અકીદત હતી, દિલના એક ખુણામાં બયઅત થવાની ખ્વાહિશ પણ હતી. અલબત્ત હાજી સાહેબ રહ.ની સેવામાં આ વેળાની હાજરી બયઅત માટે ન હતી. પણ આ આ મુલાકાતમાં હાજી સાહેબ રહ.ની વાતોથી આપ રહ. એટલા પ્રભાવિત થયા કે દિલની દુનિયા બદલાય ગઈ અને આપ રહ.એ બયઅત થવાની દરખાસ્ત કરી દીધી.

હઝરત હાજી સાહેબ રહ. ઉલમાને બઅયત કરવામાં ઉતાવળ ન કરતા હતા, એટલે ફરમાવ્યું કે, ઝરા વિચારી લ્યો પછી કહેજો. મતલબ કે આમ કહીને બઅયતની દરખાસ્ત ટાળી દીધી. પણ આપ રહ. બઅયતનો પાકો ઈરાદો કરી ચુકયા હતા. ત્રીજા દિવસે હાજી સાહેબ રહ.ના બીજા એક પીરભાઈ એટલે હઝરત મીયાંજી નૂર મુહમ્મદ રહ.ના એક ઓર ખલીફા હઝરત હાફિઝ ઝામિન શહીદ રહ. આવ્યા તો એમના સાથે મુલાકાત થઈ. આપ રહ.એ એમની સામે હઝરત હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત થવાની તમન્ના બતાવી તો એમણે ફરમાવ્યું કે હું મોકો જોઈને એમને વાત કરીશ. એટલે પછી એમના કહેવાથી હઝરત હાજી સાહેબ રહ.એ આપને બયઅત કરી લીધા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ સા. રહ.ના હાથ ઉપર બયઅત થનાર સૌપ્રથમ આલિમ હઝરત મવલાના ગંગોહી રહ. હતા. તારીખે મશાઈખે ચિશ્તમાં છે કે હઝરત ગંગોહી રહ.ના બયઅત થવાના અમુક દિવસ પછી હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. બયઅત થયા. અને નવાઈની વાત કે હઝરત નાનોત્વી રહ.નો સંબંધ હાજી સાહેબ રહ. સાથે હઝરત ગંગોહી રહ. કરતાં પણ જૂનો હતો પણ બયઅત થવા અને ખિલાફત મળવાની સઆદત હઝરત ગંગોહી રહ. માટે પહેલી લખાયેલી હતી. ત્યાર પછી આપ રહ.ને અલ્લાહ તઆલાએ એવું સ્થાન આપ્યું કે તે સમયના અનેક મોટા ઉલમાએ કિરામ આપ રહ.ની સેવામાં એકપછી એક આવીને બયઅત થવા લાગ્યા.

હઝરત હાજી સાહેબ રહ. ના હાથ ઉપર મવલાના ગંગોહી રહ. અને મવલાના નાનોત્વી રહ. માં થી કોણ પહેલાં બયઅત થયું હતું એ બંને બુઝુર્ગોની સવાનેહ લખનાર લેખકોમાં ચર્ચાનો વિષય છે. ઘણા બધા લખાણોથી માલૂમ પડે છે કે તાલીમ દરમિયાન જ બંને બુઝુર્ગો એક સાથે અથવા આગળ પાછળ હઝરત હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત થયા હતા, અને થાનાભુવન ખાતે શેખ મુહમ્મદ થાનવી રહ. સાથે ચર્ચા કરવા જવાની ઘટના અને પછી ૪૦ દિવસ રોકાય જવાની ઘટના બયઅત થયા પછીની છે. (વધુ માટે જુઓ : ઈમામ કાસિમ નાનોત્વી, હયાત વ અફકાર : ૪૧૧ થી, હઝ. મુફ્તી અ.કુદ્દૂસ રૂમી રહ.નો લેખ.)

હઝરત મવલાના નૂરુલ હસન રાશિદ કાંધલવી રહ.એ તઝકિરતુર્રશીદ વગેરે કિતાબોના હવાલાથી લખ્યું છે કે હઝરત ગંગોહી રહ.થી પહેલાં હઝરત નાનોત્વી રહ. હાજી સાહેબ રહ.ના હાથે બયઅત થઈ ચુકયા હતા.

બયઅત પછી

બયઅત થતી વેળા હઝરત મવલાના ગંગોહી રહ.એ હાજી સાહેબની સેવામાં અરજ કરી કે, મારાથી તસવ્વુફના મુજાહદહ, લાંબા ઝિક્ર – શુગ્લ અને રાતે તહજ્જુદમાં ઉઠવા, જેવી મહેનતો થશે નહીં. હાજી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સાહેબ રહ.એ ફરમાવ્યું કે, કોઈ વાંધો નહીં. બયઅત વેળા હાજી સાહેબ રહ.એ આપને બાર તસ્બીહ ઝિક્ર કરવાનો મામૂલ આપી દીધો.

મવલાના ગંગોહી તો તુરંત પાછા જવાના ઈરાદે આવ્યા હતા, સાથે કપડાં કે બીજો કોઈ સામાન પણ ન હતો. બે ત્રણ દિવસ તો બયઅત થવામાં વીતી ગયા અને હવે હાજી સાહેબે એક બે દિવસ રોકી લીધા. પહેલી જ રાતે હઝરત હાજી સાહેબ રહ.ના હુકમથી મવલાના ગંગોહી રહ.નો ખાટલો પણ હાજી સાહેબ રહ.ના ખાટલાની પાસે જ પાથરવામાં આવ્યો. મોડી રાત્રે હઝરત હાજી સાહેબ રહ. ઉઠયા અને વુઝૂ કરીને તહજ્જુદ વગેરેમાં મશગૂલ થઈ ગયા અને શરત મુજબ મવલાના ગંગોહી રહ.ને ઉઠાડયા નહીં. પરંતુ એમના ઉઠવાના સમયે મવલાના ગંગોહી રહ.ની પણ આંખ ખુલી ગઈ. થોડી વાર સુધી ઊંઘ આવી નહીં એટલે મવલાના ગંગોહી રહ. પણ ઉઠયા અને વુઝૂથી ફારિગ થઈને તહજ્જુદ પઢીને ઝિક્ર કરવામાં લાગી ગયા. ફજરની નમાઝ પછી હાજી સાહેબ રહ. પાસે પહોંચ્યા તો હાજી સાહેબે ફરમાવ્યું કે, તમે તો એવી રીતે ઝિક્ર કર્યો જાણે તમને વરસોથી ઝિક્ર કરવાની આદત હોય. હઝરત ગંગોહી રહ. ફરમાવે છે કે ત્યારથી જ મને ઝિક્ર સાથે ભારે લગાવ થઈ ગયો અને કદી છોડવાનું મન થયું નથી.

બયઅત થઈને ઝિક્ર કરતાં કરતાં અઠવાડિયું વીતી ગયું, હજુ ગંગોહ જવાનું મન થતું ન હતું. એ જ કપડાં ફરીવાર ધોઈને પહેરી લેતા હતા. આઠમાં દિવસે હઝરત હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું : મીયાં મોલ્વી રશીદ અહમદ ! જો નેઅમત હક તઆલાને મુજે દી થી, વો આપ કો દે દી. આઈન્દહ ઉસ કો બઢાના આપ કા કામ હે. મવલાના ગંગોહી રહ. ફરમાવતા કે મને તે વેળા ઘણી નવાઈ લાગી કે તે કઈ વસ્તુ છે જે અલ્લાહ તઆલાએ હઝરત હાજી સાહેબ રહ.ને આપી હતી અને એમના તરફથી મને આપવામાં આવી. પંદર વરસ પછી ખબર પડી કે એ બધું શું હતું !

થાનાભુવન ખાતે આ દિવસોના રોકાણનો એક કિસ્સો હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગંગોહી રહ. પોતે વર્ણવતા હતા કે મને ત્યાં રહેવામાં એક ચિંતા ખાવા બાબતે હતી. મને આ પસંદ ન હતું કે હાજી સાહેબ રહ.ને મારા ખાવાની વ્યવસ્થા કરવાની તકલીફ પડે. એટલે અઠવાડિયા પછી મેં પાછા જવાની રજા માંગી. હાજી સાહેબે ફરમાવ્યું કે, પછી જજો, એટલે રહી ગયો પણ ખાવા બાબતે ચિંતા સતાવતી હતી. હાજી સાહેબે ફરમાવ્યું કે ખાવાની ફિકર ન કરશો, અમારી સાથે ખાય લેશો. પછી જયારે ખાવા આવ્યું તો કોફતાનું પ્યાલું પોતાની પાસે અને સામાન્ય શાકનું પ્યાલું મારી સામે મુકી દીધું. એટલામાં હઝ. હાફિજ ઝામિન શહીદ રહ. આવી ગયા. દસ્તરખાન ઉપર નજર કરીને કહેવા લાગ્યા કે આ કોફતાનું પ્યાલું આટલા દૂર શા માટે છે ? રશીદ અહમદને હાથ લંબાવવો અઘરો પડશે. જવાબમાં હઝરત હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું : એમને મારી સાથે બેસાડીને ખવડાવું છું એ જ ગનીમત છે. મારું મન કરે છે કે ચમાર – હારીની જેમ હાથમાં રોટી આપી દઉં. આમ ફરમાવીને હાજી સાહેબ મારા તરફ જોઈને મારો હાવ ભાવ જોવા લાગ્યા. પણ મારા દિલમાં આ વાતની કોઈ અસર ન હતી. હું પોતાને એનાથી પણ વધારે મામૂલી સમજતો હતો. આ દરબારમાંથી જે કંઈ જેવી રીતે મળે એ ગનીમત સમજતો હતો. ત્યાર પછી હાજી સાહેબે મારી કસોટી નથી કરી.

ફકત એક મુલાકાતના સમય પુરતું થાનાભુવનનું રોકાણ વધતું જ જતું હતું. આપ રહ.ને થાનાભુવન છોડવાનું મન થતું ન હતું. હાજી સાહેબ પૂછતા તો કહી દેતા કાલે ચાલ્યો જઈશ, અને કદી આપ રહ. જવાની રજા માંગતા તો હાજી સાહેબ કહેતા કે કાલે ચાલ્યા જશો. આમ કરતાં કરતાં બયઅત થવા અને ઝિક્ર શરૂ કરવાને ચાલીસ દિવસ થઈ ગયા. છેલ્લે હઝરત ગંગોહી રહ. તાવના કારણે બીમાર પડી ગયા અને વિચાર આવ્યો કે હવે અહીંયા રહેવામાં હાજી સાહેબને મારી બીમારીના કારણે વધારે તકલીફ થશે, અને ઘરવાળાઓ પણ પાછા આવવાનો આગ્રહ કરી રહયા હતા, એટલે હાજી સાહેબ રહ. પાસે ઘરે પાછા જવાની રજા માંગી. હાજી સાહેબ રહ.એ ખુશીથી રજા આપી અને પોતે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બીજા ઘણા બધા માણસોને સાથે લઈને આપને રૂખસત કરવા થોડે દૂર સુધી સાથે ચાલતા રહયા. છેલ્લે અલગ થવાની ઘડી આવી તો હાજી સાહેબ રહ. આપને એક તરફ અલગ લઈ ગયા અને ફરમાવ્યું :

જો કોઈ માણસ તમારાથી બયઅતથી દરખાસ્ત કરે તો બયઅત કરી લેજો.

આપ રહ.એ અરજ કરી કે મારી પાસે કોણ બયઅત થવા આવશે ? તો હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું કે એની ફિકર ન કરો. મેં તમને કહયું એવું જ કરજો.

ગંગોહ પરત આવ્યા પછી આપ રહ. ઉપર એક વિશેષ હાલત છવાયેલી રહેતી હતી. આપ રહ.ના મામાના દીકરા મોલ્વી અબુન્નસ્ર ફરમાવે છે કે થાનાભુવનથી પરત આવ્યા પછી આપ રહ. અમારા ઘરે રહેતા હતા. અડધી રાતે ઉઠીને આપ રહ. મસ્જિદે જતા તો હું પણ પાછળ પાછળ મસ્જિદે આવી જતો હતો. આપ રહ. જયારે ઝિક્ર કરતા તો એવું લાગતું કે આખી મસ્જિદ ધ્રુજી રહી છે. એનાથી અંદાજો કરી શકાય છે કે એમના દિલની શી હાલત હશે ?

રોજગાર

તાલીમ પૂરી કરીને ગંગોહ આવ્યા પછી અને નિકાહ થયા પછી તો આપને પોતાની અને ઘરવાળાઓની રોઝી – રોટીની ચિંતા વધારે સતાવતી હતી. થાનાભુવનથી બયઅત અને ખિલાફત મેળવીને આવ્યા પછી એક જગ્યાએથી સાત રૂપિયા માસિક કુરઆનની તાલીમ માટે બોલાવવામાં આવ્યા. આપ રહ.એ હઝરત હાજી સાહેબ રહ. પાસે આ ખિદમત માટે રજા માંગી તો હઝરત હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું કે એને સ્વીકારશો નહીં, હજુ વધારે રકમની ઓફર આવશે. એટલે આપ રહ.એ ઈન્કાર કરી દીધો. ત્યાર પછી સહારનપૂરના રઈસ નવાબ શાઈસ્તા ખાન સાહેબે એમના બાળકોની તાલીમ માટે આપને મહીને દસ રૂપિયાના પગારે બોલાવ્યા. આપ રહ.ને થયું કે આટલી રકમ મારા ગુઝરાન માટે કાફી છે, એટલે ત્યાં ચાલ્યા ગયા. હઝરત હાજી સાહેબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.ને ખબર પડી તો ફરમાવ્યું કે, હજુ સબ્ર કરત તો વધારે સારી સેવાની ઓફર આવી શકતી હતી. હઝરત ગંગોહી રહ. પોતાની સ્થિતિ મુજબ આ જ ખિદમતને મુનાસિબ સમજતા હતા એટલે નવાબ સાહેબને ત્યાં તાલીમ માટે ચાલ્યા ગયા. અહિંયા છ માસ તાલીમ આપી, પછી એ નોકરી છોડીને પાછા આવી ગયા.

જમીન – જાયદાદ અને મુઆમલાતની સફાઈ

ગંગોહ પરત આવ્યા તો લગભગ ૨૫ વરસની ઉમર હતી. આપ રહ. બાપદાદાની મિલ્કતના વારસદાર બન્યા તો આ મિલ્કતમાં જે લોકોનો હક હતો એની સાફ – સફાઈ કરવાની ફિકર કરી. આપ રહ.ના વાલિદ લશ્કરમાં સિપાહી હતા. એટલે પગારમાંથી જે કંઈ બચત થતી હતી એ દાદાને મોકલાવીને લખી દેતા હતા કે એનાથી કોઈ મકાન – કે દુકાન ખરીદી લેશો, પણ દાદા સાહેબ વધારે દીનદાર ન હતા. આ રકમ કરજ આપીને લોકોની ઝમીનો ગીરો રાખતા હતા. આવી ઘણી જમીનો એમની પાસે હતી અને એની ખેતી પણ તેઓ લણતા હતા. આપ રહ.એ એ બધી જમીનોના કાગળો અને ખેતીના હિસાબો કાઢયા અને દરેકને એની જમીન પરત આપી દીધી. અત્યાર સુધી જમીનની ખેતી દ્વારા જે આવક થઈ હતી એ બધી કરજ વસૂલીમાં ગણી લીધી. જે જમીનની ખેતીની આવક હજુ કરજ કરતાં ઓછી હતી, એ કરજ માફ કરીને જમીન પાછી આપી દીધી અને જે જમીનની ખેતીની આવક વધારે થઈ ગઈ હતી એ જમીન માલિકને વધારાની રકમ પરત કરી દીધી. આમ કરવામાં પોતીકી મિલ્કત ઉપરાંત આપના બીવીના ઘરેણાં પણ બધા વેચી દેવા પડયાં. પણ આમ કરીને આપ રહ.એ બધા જમીન માલિકોને એમની જમીન પરત કરીને ખુશ કરી દીધા અને આખા ગામ – પ્રદેશમાં એક બેહતરીન મિસાલ રજૂ કરી દીધી. લોકોને મસ્અલાની પણ ખબર પડી ગઈ અને અમલ કરવાની હિમ્મત દેખાડીને આપ રહ.એ બીજા લોકોને પણ એની પ્રેરણા આપી.

આપ રહ.ના ખાનદાનની એક રિશ્તેદારી હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગંગોહી રહ. સાથે પણ હતી. એટલે આપના ખાનદાનના લોકોને પીરઝાદા કહેવામાં આવતા હતા. શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ના નામે ઉર્સ, મહેફિલે સિમાઅ વગેરે થતું તો એના ચઢાવાનો એક ભાગ આપ રહ.ના એક કાકા પાસે પણ આવતો હતો. આપ રહ. આ બધી બિદઅતો અને કુરિવાજોને ખોટા સમજતા હતા એટલે જયારે પણ કંઈક ચઢાવો આવતો તો એને તોડી ફોડીને નષ્ટ કરી દેતા હતા. આ બધું જોઈને આપ રહ.ના સગાઓ અને ગંગોહના લોકો સમજી ગયા કે આ યુવાન મોલ્વી આપણાથી અલગ રસ્તે ચાલે છે. સામે તો કોઈએ આપ રહ.નો વિરોધ કર્યો નહીં, પણ આપ રહ.થી રાજી પણ ન હતા એટલે અંદરોઅંદર આપ રહ.ના વિરોધી બની ગયા. આમ છતાં આપ રહ. કોઈનાથી ગભરાયા વગર ખાનદાનમાં અને ગંગોહના લોકોમાં જે કંઈ કુરિવાજો અને રસમો હતી, એની બુરાઈ બયાન કરીને લોકોને હિમ્મત પૂર્વક સાચી વાત બતાવતા રહયા.

એકાંત

નોકરી છોડીને અને જમીનો પરત કરીને બધી દુનિયાદારીથી ફારિગ થયા પછી આપ રહ. ફકત ઈબાદત, રિયાઝત અને મુજાહદહ કરવામાં લાગી ગયા. ખાવું – પીવું, વાતચીત – આરામ બધું નામ પુરતું રહી ગયું અને સંપૂર્ણ રીતે અલ્લાહના જ બની ગયા. ઘણીવાર તબિયત ખરાબ થઈ જતી. લોકો આપને કોઈ ખતરનાક બીમારીના બીમાર સમજતા. ઘણા લોકો આ હાલત જોઈને ટોણો મારતા કે કંઈ કમાતા આવડતું નથી એટલે હવે બીજું શું કરે ? કોઈ કહેતું કે બેચાર ટંક ખાવા ન દયો, આપોઆપ સારો થઈ જશે. વગેરે... અલબત્ત આપ રહ. આ બધાથી બેખબર અલ્લાહને રાજી કરવામાં જ પોતાનું ધ્યાન પરોવતા હતા. કોઈની વાત ઉપર ધ્યાન આપતા ન હતા. એકચિત્તે ઈબાદત – રિયાઝતમાં મશગૂલ થવાથી અમુક લોકો સાચી હમદર્દીના કારણે પણ નારાજ હતા. એવા કોઈ માણસે હાજી સાહેબ રહ.ને શિકાયત કરી દીધી કે આલિમ હોવા છતાં મોલ્વી રશીદ અહમદનો સ્વભાવ અને વર્તન ખરાબ છે. હાજી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સાહેબ રહ.એ ફરમાવ્યું કે, મારો રશીદ અહમદ તો ઘણા ઉચ્ચ સ્થાને પહોંચી ગયો હતો. અલ્લાહ તઆલાએ એના થકી લોકોની દીની સુધારણાનું કામ લેવાનું હતું એટલે કમર પકડીને નીચે ઉતારવામાં આવ્યો છે.

ગંગોહની મસ્જિદમાં કે આસપાસ કોઈ એકાંત સ્થળે આપ રહ. મુજાહદહમાં મશગૂલ રહેતા હતા, સવારે મસ્જિદમાંથી ઝિક્રની અવાજ આવતી હતી, એટલે લોકો એટલું તો સમજી ગયા હતા કે મોલ્વી રશીદ અહમદ કોઈ પીરના મુરીદ બનીને આવ્યા છે. ધીરે ધીરે આ વાત આખા ગામમાં પ્રસરી ગઈ. અને એક નેકખાતૂને આપ રહ.ના હાથ ઉપર બયઅત થવાની દરખાસ્ત કરી. આપ રહ.એ ફરમાવ્યું કે, હું આ કામને કાબેલ નથી એટલે બયઅત નથી કરી શકતો. નેક ખાતૂને ઘણો આગ્રહ કર્યો પણ આપ રહ. અડગ રહયા. એવામાં એક દિવસ હાજી સાહેબ રહ. ગંગોહ આવ્યા અને આપ રહ.ના મહેમાન બન્યા. પેલાં નેક ખાતૂનને ખબર પડી તો હાજી સાહેબ રહ.ની સેવામાં શિકાયત કરી દીધી. હઝરત હાજી સાહેબ રહ.એ બયઅતની તાકીદ કરી અને પોતે જ આપ રહ.ને લઈને ખાતૂનના ઘરે એને બયઅત કરવા ગયા. આમ આપ રહ.ની ઈસ્લાહી ખિદમાતનો સિલસિલો શરૂ થયો.

ગંગોહમાં આપ રહ.ની હાલત એકદમ એકાંતપ્રિય બની ગઈ હતી. લોકોથી દૂર રહેવામાં જ સારું લાગતું હતું. લોકો પાસે બેસવામાં અકળામણ અનુભવવા લાગ્યા. દિવસ – રાતનો વધારે સમય ઈબાદત અને એકાંતમાં જ પસાર કરવા લાગ્યા. આ સ્થિતિમાં આપ રહ.ને એકાંત વાળી કોઈ જગ્યાની તલાશ હતી. એવામાં આપના ખાનદાની બુઝુર્ગ અને ચિશ્તીયા સિલસિલાના મહાન વલી શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ.ની ખાનકાહની મસ્જિદના પાછળના ભાગે એક વેરાન કમરો આપ રહ.એ જોયો કે હવે ઘોડા – ગધેડાઓનો તબેલો બનાવી દેવામાં આવ્યો છે તો આપ રહ.ને આંખોમાં આંસુ આવી ગયા. અલ્લાહના એક મહાન વલીની વરસોની ઈબાદતગાહની આ હાલત ?

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મસ્જિદના પાછળના ભાગે આ કોટડી હતી અને જાનવરો બાંધવામાં આવતા હતા એટલે ખાનકાહના દુનિયાદાર મુતવલ્લીઓ એના તરફ કોઈ ધ્યાન આપતા ન હતા. આપ રહ.આ જગ્યાને આબાદ કરવાનો ઇરાદો કર્યો. જાનવરોની હગાર અને નાપાકી તગારા ભરીને બહાર ફેંકી. નવી માટી લાવીને નીચે પુરાણ અને દીવારો ઉપર લીપણ કર્યું અને ફરીવાર એ કમરામાં અલ્લાહની ઇબાદતનો સિલસિલો શરૂ ફરમાવ્યો.

અમુક લખાણોથી એવું માલૂમ પડે છે કે આપ રહ.એ આ કમરાને જેલમાંથી છુટયા પછી તલબાની તાલીમ શરૂ ફરમાવી ત્યારે આબાદ કર્યો હતો, જેમ કે આગળ આવી રહયું છે.

અલ્લાહની કુદરત કે ત્રણસો વરસ પછી આ જગ્યા ફરીવાર એના સાચા વારસદારના હાથમાં આવી અને આપ રહ.એ એને પોતાના એકાંતવાસ માટે નક્કી ફરમાવી. કહી શકાય કે જેમ ચિશતીયા સિલસિલામાં હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ.ની રૂહાની વરાસત આપ રહ.ને પ્રાપ્ત થઈ એ જ પ્રમાણે ખાનદાનના આ મહાન બુઝુર્ગની જાહેરી વરાસત પણ અલ્લાહ તઆલાએ આપ રહ.ના હાથોમાં આપી દીધી.

તબીબી સેવા

લગભગ નવાબ શાઈસ્તા ખાન પાસેથી પરત આવ્યા પછી અચાનક બે ત્રણ એવા કિસ્સા બની ગયા કે આપ રહ. એક મોટા તબીબ તરીકે લોકોમાં મશહૂર થઈ ગયા. આપ રહ.એ પણ લોકસેવાની આ મુબારક તક ઝડપી લીધી. આપ રહ.એ આ વિદ્યા કોઈ કાબેલ તબીબ પાસે શીખી ન હતી. આપ રહ.નો કોઈ ઇરાદો અને શોખ પણ ન હતો. પણ આપ રહ.ની વાલિદહના વૃદ્ધ માસીને એકવાર પેટમાં ઘણો દુખાવો ઉપડયો. આપ રહ.ના મામા મોલ્વી મુહમ્મદ શફીઅ રહ. તબીબ હતા. અને દવા – દારૂનું કામ પહેલેથી જ કરતા હતા. એમની સારવારથી પણ કંઈ ફરક ન પડયો તો આ વૃદ્ધ ખાતૂને આપ રહ.ને ફરમાવ્યું કે, બેટા રશીદ અહમદ ! તું પણ મોટો આલિમ છે, મને કોઈ દવા બતાવ જેનાથી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મારું દર્દ મટી જાય. આપ રહ.એ આ વિષયની કિતાબોનું વાંચન શરૂ ફરમાવ્યું અને મામા પાસેથી જરૂરી માહિતી મેળવીને પછી ઈલાજ બતાવ્યો. અલ્લાહના કરમથી એમને સારું થઈ ગયું. આ ઘટના પછી લોકોમાં આપ રહ. એક તબીબ તરીકે મશહૂર થઈ ગયા. લોકો આપના પાસે પણ આવવા લાગ્યા અને આપ રહ. આ વિષયના પુસ્તકો વાંચીને, વિચારીને અને દર્દીની સ્થિતિ જોઈને સરળ દવા લખી આપતા, જેનાથી લોકો તંદુરસ્ત થઈ જતા. મામા મોલ્વી મુહમ્મદ શફીઅ સાહેબે આ જોયું તો લોકોની સેવા કરવા માટે આ વિષયમાં વધારે આગળ વધવાનું પ્રોત્સાહન આપ્યું.

એક તરફ આપ રહ.ને એકાંત અને ઈબાદતનો શોખ લાગ્યો હતો, તો બીજી તરફ અલ્લાહ તઆલાએ આપને લોકસંપર્કમાં પરોવી દીધા. કુદરતના કરિશ્મા અજીબ હોય છે. અલ્લાહ તઆલાએ આપના થકી તાલીમ, સુધારણા અને તબ્લીગનું કામ લેવાનું હતું અને એ માટે લોકસંપર્ક જરૂરી હતો. એટલે કુદરત એના આયોજન મુજબ બધા અસબાબ બનાવતી રહી અને આપ રહ. કુદરતના હાથમાં આગળ વધતા રહયા.

તબીબી સારવારમાં અલ્લાહ તઆલાએ આપ રહ.ના હાથોમાં એવી શિફા મુકી હતી કે ખતરનાક અને જૂની બીમારીઓ પણ એક સાદા અને સસ્તા નુસ્ખાની બરકતથી સારી થઈ જતી હતી. લોકોની લાઈન લાગતી હતી અને એક રૂહાની તબીબ શારિરીક ઈલાજ થકી ભવિષ્યના રૂહાની ઈલાજ અને સુધારણાની ચળવળ માટે સમાજમાં પોતાનું સ્થાન બનાવી રહયા હતા.

૧૮૫૭ ની બગાવત અને જિહાદ.

૧૨૬૧ હિ.માં આપ રહ. દિલ્હી તાલીમ માટે ગયા. ચાર વરસ પછી લગભગ ૧૨૬૪ કે ૬૫ માં આપ રહ. પરત આવ્યા. આ સમયે આપ રહ.ની ઉમર ૨૧ વરસની હતી. પછી શાદી થઈ, બયઅત થયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નવાબ શાઈસ્તા ખાનની અવલાદને તાલીમ આપવા ગયા. ત્યાંથી આવ્યા તો ઉમર ૨૫ વરસની હતી, એટલે લગભગ ૧૨૬૮ કે ૧૨૬૯ હિ.નો સમય ગાળો હતો. ત્યાર પછી લોકોની જમીનો પરત કરીને ઈબાદત – એકાંતમાં લાગી ગયા. અને શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.ના એક કમરાને સાફ કરીને એમાં એકાંત ગાળવા લાગ્યા. અને ૧૨૭૩ હિ.માં જયારે કે આપની ઉમર ૨૯ – ૩૦ વરસની હતી, ૧૮૫૭માં અંગ્રેજો વિરુદ્ધ દેશભરમાં બગાવતની આગ ભડકી ઉઠી.

મવલાના અસીર અદરવી રહ. લખે છે કે બગાવત પહેલાં જે ફતવા બગાવતની હિમાયત અને એમાં ભાગ લેવા બાબતે પ્રસિદ્ધ થઈ રહયા હતા એમાં તો કોઈ ફતવામાં હઝરત ગંગોહી રહ.નું નામ નથી મળતું, અલબત્ત ત્યાર પછી ભારતના દારુલ હર્બ હોવા બાબતે જે ફતવો મવલાના સઅદુદ્દીન અને મવલાના અમાનુલ્લાહ કાશ્મીરી દ્વારા ભારતીય ઉલમાને પૂછવામાં આવ્યો હતો એના જવાબમાં આપ રહ.એ સાત પૃષ્ઠોનો વિગતવાર ફતવો આપ્યો હતો જેમાં ભારત ઉપર અંગ્રેજોની સત્તાને ઈસ્લામ અને દેશ વિરોધી કહેવામાં આવી હતી અને અંગ્રેજોને આધીન ભારતને દારૂલ હર્બ એટલે કે એક એવી સત્તા કરાર દેવામાં આવી હતી જે મુસલમાનોની દુશ્મન છે, અને જે સત્તા મુસલમાનોની દુશ્મન હોય એના વિરુદ્ધ લડાઈ કરવી – જિહાદ ફરજ બની જાય છે.

હઝરત મવલાના રશીદ અહમદ રહ. બુઝુર્ગોના જે સિલસિલાથી સંબંધ ધરાવતા હતા, એ બધા જ બુઝુર્ગો અંગ્રેજોના દુશ્મન હતા. શાહ અબ્દુર્રહીમ વિલાયતી રહ. પછી મીયાંજી નૂર મુહમ્મદ રહ. અને હવે હાજી ઈમ્દાદુલ્લાહ રહ. અંગ્રેજો વિરુદ્ધ મેદાનમાં હતા. આ જ પ્રમાણે જે ઉસ્તાદો અને મુરબ્બીઓ પાસે આપ રહ.એ તાલીમ પ્રાપ્ત કરી હતી એ બધા જ ઉસ્તાદો અને એમના પેશવાઓ 'જિહાદે આઝાદી' માટે અંગ્રેજો વિરુદ્ધ બગાવતનો ફતવો આપી ચુકયા હતા. ૧૮૫૭ ની બગાવત અને એમાં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. મવલાના રશીદ અહમદ ગંગોહી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ. તેમજ મવલાના કાસિમ નાનોત્વી રહ. વગેરે બુઝુર્ગોએ જે ભાગ લીધો હતો એની વિગત અગાઉ હઝરત હાજી સાહેબ રહ.ના જીવન ચરિત્રમાં આવી ચુકી છે.

હઝરત મવલાના રશીદ અહમદ રહ.એ હાજી સાહેબ સાથે રહીને શામલી અને થાનાભુવનના આસપાસના વિસ્તારોમાં અંગ્રેજોને મારવા અને ભગાડવામાં સક્રિય ભાગ લીધો હતો. શામલી જઈ રહેલા તોપખાનાને લુટવા અને પછી શામલીમાં રહેતા અંગ્રેજ અફસરોને મારવામાં પણ ભાગ લીધો હતો.

હઝરત હાજી સાહેબ રહ. મવ. કાસિમ નાનોત્વી રહ., મવ. રશીદ અહમદ રહ. હાફેજ ઝામીન શહીદ રહ. વગેરે લોકોએ શામલીને ઘેરો ઘાલ્યો હતો એ વેળા મેદાનમાં જ હાફેજ ઝામિન શહીદ રહ.એ મવલાના ગંગોહી રહ.ને વસીય્યત કરી કે મારી રૂહ નીકળે ત્યારે તમારે મારી પાસે જ રહેવાનું છે. શામલીના કિલ્લામાંથી એક ગોળી આવી અને સીધી હાફેજ ઝામીન શહીદ રહ.ને વાગી. મવલાના ગંગોહી રહ.એ આ જોયું તો તુરંત એમના તરફ દોડયા અને ખભે ઉચકીને પાસેની એક મસ્જિદમાં લઈ આવ્યા. હાફેજ ઝામિન રહ.ની સ્થિતિ નાઝુક હતી એટલે એમનું માથું પોતાના ખોળામાં મુકીને કુરઆનની તિલાવત કરવા લાગ્યા અને આ જ સ્થિતિમાં હાફેજ ઝામીન રહ.નો ઈન્તેકાલ થયો.

ધરપકડ અને જેલ.

અંગ્રેજો વિરુદ્ધ બગાવત અસફળ થઈ તો અંગ્રેજોએ બગાવતમાં શામેલ હોય અથવા સહાય કે મદદ કરતા હોય એવા લોકોની ધરપકડ કરીને ફાંસી આપવાની, ગોળીએ ઉડાડી દેવાની અથવા કાળાપાણીની સજાઓ આપવાનું શરૂ કર્યું. હાજી સાહેબ રહ. મવલાના નાનોત્વી રહ. અને મવલાના ગંગોહી રહ. વિરુદ્ધ ધરપકડનું વોરંટ જારી થયું. હઝરત હાજી સાહેબ રહ. તો ગમે તેમ કરીને કરાચી થઈને મક્કા હિજરત કરી ગયા. હઝરત ગંગોહી રહ. આ દિવસોમાં અમુક સગાઓને ત્યાં સંતાયને રહેતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ દરમિયાન એકવાર સિત્તેર સિપાહીઓનો કાફલો ગંગોહ પહોંચ્યો અને ગંગોહમાં ચારે તરફ છાપામારી શરૂ કરવામાં આવી. તપાસ કરતાં કરતાં સિપાહીઓ મસ્જિદમાં પહોંચ્યા તો મોલ્વી અબૂન્નસ્ર માથું નમાવીને ઝિક્ર – દુઆમાં પ્રવૃત હતા. પોલીસે એમને જ મોલ્વી રશીદ અહમદ ગંગોહી સમજીને ઉઠાવી લીધા.

તેઓ આપ રહ.ના મામાના છોકરા હતા અને આપના હમશકલ હતા. ઘણી યાતનાઓ આપી, માર – પિટાઈ કરી અને ગુનાનો એકરાર કરવા મજબૂર કર્યા, પણ એમણે કોઈ ગુનો કર્યો જ ન હતો. એટલે ગુનાનો એકરાર પણ ન કર્યો અને એવું પણ કહયું નહીં કે હું રશીદ અહમદ નથી. બધો ઝુલમ સહેતા રહયા. છેવટે કોઈકે બતાવ્યું કે તમારો ગુનેગાર આ માણસ નથી, એટલે એમને છોડી મુકયા અને ફરી પાછા હઝરત ગંગોહી રહ.ને શોધવા લાગ્યા.

પોલીસની નજરથી અને બાતમીદારોની બાતમીથી બચાવવા ખાનદાનના લોકોએ આપ રહ.ને રામપૂર પોતાના નજીકના સગાઓ પાસે મોકલી દીધા હતા. કોઈએ બાતમી આપી દીધી કે રશીદ અહમદ રામપૂરમાં છે, એટલે પોલીસ સીધી હકીમ ઝિયાઉદ્દીન રહ.(૧)ના મકાન ઉપર પહોંચી અને ત્યાંથી મવલાના ગંગોહી રહ.ને પકડી લેવામાં

(૧)હકીમ ઝિયાઉદ્દીન રહ. રામપૂર મનીહારાન, જિલ્લા સહારનપૂરના રહેવાસી હતા. હઝરત હાફિઝ ઝામિન શહીદ રહ.ના મુરીદ અને ખલીફા હતા. વફાત પછી હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.ના હાથ ઉપર બયઅત થયા હતા અને હઝરત ગંગોહી રહ.એ પણ એમને પોતાના ખલીફાઓમાં શામેલ કરી લીધા હતા. દારૂલ ઉલૂમ દેવબંદના હિમાયતી, મશહૂર અને આગળ પડતા માણસ હતા. હિ. ૧૩૦૫ તી ૧૩૧૨ સુધી લગભગ સાત વરસ દારૂલ ઉલૂમ દેવબંદની મજલિસે શૂરાના સભ્ય હતા. ૨૮ રમઝાનુલ મુબારક ૧૩૧૨, ૨૫ માર્ચ ૧૮૯૫ ના દિવસે ઈન્તેકાલ થયો. હઝરત હાફિજ ઝામિન શહીદ રહ.ની વફાત પછી એમની યાદમાં 'મુનિસે મહજૂરાં' નામી એક તઝકિરહ એમણે લખ્યો હતો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવ્યા. હાથોમાં હાથકડી પહેરાવીને તાત્કાલિક સહારનપૂર રવાના કરી દેવામાં આવ્યા. ત્રણ દિવસ પોલીસ હવાલાતમાં રાખીને મેજિસ્ટ્રેટ સામે રજૂ કરવામાં આવ્યા અને પછી સહારનપૂર જેલ મોકલી દેવામાં આવ્યા. આપ રહ.ની પાછળ પાછળ મોલ્વી અબૂન્નસ્ર અને એમના વાલિદ મોલ્વી અબ્દુલ ગની રહ. જેમ તેમ કરીને સહારનપૂર પહોંચ્યા, ત્યાં નાનોતાના કોઈ માણસ મારફત જેલમાં ખાણું મોકલાવ્યું તો અંદરથી અમુક કાંકરીઓ ઉપર કોયલાથી લખેલો સંદેશ આવ્યો કે, તમે ગભરાશો નહીં, હું આરામમાં છું. ૧૫ દિવસ આ જેલમાં રહયા. વારંવારની અદાલતની હાજરી અને તપાસના અંતે એવું ઠરાવવામાં આવ્યું કે ઘટના શામલી તાલુકાની હતી, અને શામલી મુઝફ્ફરનગર જિલ્લામાં છે, એટલે ત્યાંની અદાલતમાં કેસ ચાલશે. એટલે પછી પોલીસ જાપ્તા હેઠળ મુઝફ્ફરનગરની જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. આ જેલમાં છ મહીના સુધી કેદ રહયા અને પછી નિર્દોષ છોડી મુકવામાં આવ્યા.

૧૮૫૭ના કેસના બધા જ આરોપીઓ ઉપર બગાવતનો આરોપ હતો. કોઈના વિશે રિઆયત કરવામાં આવતી ન હતી. આરોપનો મામૂલી પુરાવો મળી જાય કે જજ ફાંસીની સજા સંભળાવતો કે ગોળીએ ઉડાવી દેવાની સજા આપતો અથવા કાળાપાણીની સજા સંભળાવીને આરોપીને આંદામાન ટાપૂઓમાં મોકલી દેવામાં આવતો. જયાંથી કદી કોઈ પાછું આવતું ન હતું. મે, ૧૮૫૭ પછી બગાવતના વધુ પડતા કેસોમાં ગુનેગારને છોડવામાં આવતા ન હતા. લગભગ ૫૦૦૦ પાંચ હઝાર લોકોને કાળાપાણીની સજા આપીને આંદામાન મોકલી દેવામાં આવ્યા હતા. અને હઝારો લોકોને ફાંસીએ પણ લટકાવી દેવામાં આવ્યા.

હઝરત ગંગોહી રહ.નો કેસ ચાલતો હતો એ દિવસોમાં મુઝફ્ફરનગર અને આસપાસના જિલ્લાઓમાં આવા અનેક કેસો ચાલતા હતા. અને રોજ રોજ કોઈને ફાંસીની સજા થતી હતી. કદી સમાચાર આવતા કે આજે ફલાણા જમીનદારને ગોળીએ દઈ દેવામાં આવ્યો. આવી સ્થિતિમાં જે દિવસે પણ હઝરત ગંગોહી રહ.ના કેસની તારીખ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હોતી, ત્યારે બીજા દિવસે અફવા ઉડતી કે રશીદ અહમદને ફાંસીની સજા થઈ છે, અથવા કાળાપાણીની સજા થઈ છે... અફવાઓથી આપ રહ.ના સગાઓ અને મુહબ્બત કરનારાઓ ઘણા પરેશાન થતા હતા. આખરે એક દિવસ અદાલતમાં પેશી હતી, બગાવત ઉપરાંત એક બીજો આરોપ આ પણ હતો કે સિપાહીઓ પાસેથી લુંટવામાં આવેલ રાયફલો પણ એમની પાસે છે.

સરકારી વકીલ આ બધા ગુના કુબૂલ કરાવવા માટે આપ રહ.ને સવાલ પૂછવા લાગ્યો :

શું તમે ફસાદીઓ સાથે શામેલ હતા ? એમને સાથ આપ્યો હતો ?

આપ રહ.એ તસ્બીહ કાઢીને જવાબ આપ્યો કે, આ જ અમારું કામ અને હથિયાર છે.

સિપાહીઓ પાસેથી છીનવામાં આવેલ રાયફલો કયાં છે ?

આપ રહ.એ જવાબ આપ્યો કે, મને રાયફલો સાથે શું લેવા દેવા ?

સવાલોના આડા અવળા જવાબોના કારણે જયારે કોઈ પણ રીતે આપ રહ.એ ગુનાનો એકરાર કર્યો નહીં અને પોલીસ દ્વારા કોઈ પુરાવા કે ગવાહ રજૂ કરી શકાયા નહીં તો હાકેમે સિપાહીઓને આદેશ કર્યો કે ખુલ્લી તલવાર લઈને એના માથા ઉપર ઉભા થઈ જાઓ. પછી આપ રહ.ને સવાલ પૂછવા લાગ્યો. આપ રહ.ના મામા મોલ્વી મુહમ્મદ શફીઅ પંજાબમાં સરકારી નોકરી કરી ચુકયા હતા. આપ રહ.ના હાથોમાં હાથકડીઓ અને સરકારની કડકાઈ જોઈને ગભરાય ગયા અને આપને એકાંતમાં લઈ જઈને કહેવા લાગ્યા કે, બેટા ! બંદૂક કયાં છે એ બતાવી દયો, બંદૂક મળી આવશે તો તમને છોડી દેવામાં આવશે. એમ પણ આ બંદૂક તમને શું કામ આવશે ?

આપ રહ.એ મામાને કહયું કે, એક નહીં, સેંકડો તલવારો પણ મારું કંઈ બગાડી શકતી નથી. બંદૂકની કોઈ જગ્યા બતાવી દઉં તો બધા જ આરોપો પુરવાર થઈ જાય. મામા આપ રહ.નો જવાબ સાંભળીને ચુપ થઈ ગયા. જયારે કોઈ પણ રીતે ગુનો પુરવાર ન થયો તો વધુ તપાસ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરવા અને પુરાવાઓ એકઠા કરવાના બહાને આપ રહ.ને જેલમાં મોકલી દેવામાં આવ્યા. આપ રહ.ના મામાએ જયારે જોયું કે આપ રહ. વિરુદ્ધ કોઈ પુરાવા સામે આવતા નથી, એટલે પછી ત્રણ વરસ માટે જમાનતની અરજી કરી. ત્રણ હઝારના ત્રણ અલગ અલગ જામીન આપવાની શરત કરવામાં આવી. જયારે ત્રણ જામીન રજૂ કરવામાં આવ્યા તો જજે આ જામીનદારો ગંગોહના નથી, એમ કહીને જમાનત રદ કરી દીધી.

અલબત્ત એના એક માસ પછી આપ રહ.ને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવામાં આવ્યા.

જેલમાં સઘળા દિવસો ઘણી જ દઢતા અને ધીરજ પૂર્વક વિતાવ્યા. બધી જ નમાઝો જમાઅત સાથે અદા ફરમાવતા હતા. જેલના મુસ્લિમ કેદીઓ માટે આપ રહ.નો જેલવાસ એક રીતે ઘણો જ મુબારક રહયો. કેદીઓને નસીહત ફરમાવતા હતા. કુરઆનનો તરજુમો કરીને પણ સમજાવતા હતા અને જાહેરી બાતિની તરબિયત પણ ફરમાવતા હતા. સેંકડો કેદીઓ આપ રહ.ના હાથ ઉપર બયઅત પણ થયા. અદાલતમાં હાજર થવાનું હોય ત્યારે વુઝૂ – ગુસલ કરીને આવતા હતા અને દઢતાથી સવાલોના જવાબ આપતા હતા.

જેલમાંથી છુટયા પછી.

જેલમાંથી છૂટવાનો સમય લગભગ ૧૨૭૬ હિ. છે. જેલમાંથી બહાર આવીને આપ રહ.એ તસવ્વુફ અને સુલૂકની સાથે તલબાને તાલીમ આપવાનો ઈરાદો ફરમાવ્યો, એના માટે એક અલાયદી અને એકાંત વાળી જગ્યાની આવશ્યકતા હતી. આપ રહ.ના ધ્યાને આવ્યું કે ગંગોહની ત્યારની વસતીથી બહાર હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ.ની ખાનકાહની આસપાસનો વિસ્તાર વેરાન છે. જયાં કદી હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ના ફૈઝના ઝરણા વહેતા હતાં, એ સ્થાને હવે કચરો ભેગો થઈ રહયો હતો. ખાનકાહના હુજરાઓમાં લોકો એમના ઘોડા – ગધેડા બાંધતા હતા, (ગંગોહ ગામના વિસ્તારને કસ્બા અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખાનકાહની આસપાસના વિસ્તારને 'સરાય' કહેવામાં આવતો હતો. આજકાલ તો આ બધો વિસ્તાર ગંગોહ શહેરમાં શામેલ છે અને આબાદ છે.) આપ રહ.એ પોતે આ જગ્યા સાફ કરી, પાસે એક ખાલી જગ્યા ઉપર યોગ્ય સ્થાન જોઈને ત્યાં એક દરવાજા વગરની છત અને કમાનો બનાવીને તલબાની તાલીમ – રહેઠાણ માટેની વ્યવસ્થા ફરમાવી. આ માટે પોતાની માલિકીની થોડી રકમ લગાવી અને બીજી થોડી રકમ અમુક સાહિબે ખૈર લોકોએ આપ રહ.ને ઉપલબ્ધ કરાવી હતી.

હવે આપ રહ.ની બરકતથી આ જગ્યા આબાદ થઈ ગઈ, આપના મુરીદો અને ઈલ્મના તલબગાર તલબાઓની આવન જાવન વધવા લાગી. ઝિકે ઈલાહી, અને ઈલ્મે દીનના નૂરથી ઝગમગવા લાગી. અત્રે સદીઓથી બંધ પડેલો રૂહાની વારસો ફરીવાર જીવંત થઈ ગયો.

આ સ્થિતિ હઝરત શેખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ.ના ખાનદાનના અમુક પીરઝાદાઓને ગમી નહીં, એમને થયું કે મવલાના રશીદ અહમદ આવી રીતે ખાનકાહની જમીન ઉપર કબજો કરવા માંગે છે. સીધી રીતે તો તેઓ કશું કહી શકે એમ ન હતા, એટલે અમુક વડીલ લોકોને આગળ કરીને આપ રહ.ની પાસે આવ્યા અને રજૂઆત કરી કે તમે અહિંયા પોતાનું બાંધકામ કરીને આ જગ્યા ઉપર કબજો કરવા ચાહો છો, જે ખોટું છે, તમે આ જગ્યા ખાલી કરી દયો, તમારા બાંધકામની રકમ તમને અમે પરત આપી દઈશું. આપ રહ.ને અંદાઝો આવી ગયો કે આ બાબતે આનાકાની કરવામાં ફિત્નો થઈ શકે છે, જે આગળ જતાં દીનની ખિદમતમાં મોટો અવરોધ પણ બનશે, એટલે તુરંત નરમાશ ભર્યા અવાજે જવાબ આપ્યો કે, તમે પહેલાં કહી દીધું હોત તો આટલું બાંધકામ પણ ન કરત. મેં તો આપણા વડવા અને ખાનદાની બુઝુર્ગની ખાનકાહને વેરાન જોઈએ અહિંયા ફરીવાર અલ્લાહ અને રસૂલના નામને જીવંત કરવાના ઈરાદે આ બધું શરૂ કર્યું હતું, ખેર, મને અહિંયા રહેવા બાબતે કોઈ આગ્રહ નથી, હું જગ્યા છોડી દઉ છું. આમ કહીને પોતાનો સામાન ઘરે મોકલાવી દીધો, ચટાઈ વગેરે પાસેની મસ્જિદમાં મોકલાવી દીધી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને તલબાને પણ મસ્જિદમાં જતા રહેવાનો હુકમ કર્યો. પીરઝાદા યુવાનોએ જે વળતરની રકમ આપી એ પણ સ્વીકારી લીધી. પીરઝાદાઓ તો એમની જીત થઈ એની ખુશીમાં પાછા જતા રહયા અને આપ રહ. મસ્જિદમાં જઈને મુરાકબહમાં બેસી ગયા.

ઉપરોકત ઘટનાની જાણ ગંગોહની આબાદીમાં થઈ તો આપ રહ.ના ખાનદાનના લોકો અને અન્ય હમદર્દોમાં બેચેની થઈ. કારણ કે શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ના ખાનદાન સાથે આપ રહ.ના ખાનદાનની પણ રિશ્તેદારી હતી. પણ આપ રહ.એ એમને કોઈ પણ પ્રકારનો હંગામો કરવાથી રોકી દીધા. આ બધા હમદર્દ લોકોએ અરજ કરી કે તમે કસ્બામાં ચાલો અને તમને જયાં યોગ્ય લાગે એ મુજબ મકાન કે જગ્યા પસંદ કરી લ્યો અને પોતાની દીની ઈલ્મી સેવા ચાલુ રાખો. આપ રહ.એ એમનો શુક્રિયહ અદા કર્યો અને આબાદીમાં જવા બાબતે એમની માફી માંગી અને મસ્જિદના એકાંતમાં રહેવાને જ પસંદ કર્યું.

બીજી તરફ પીરઝાદાઓના ખાનદાન અને વડીલોમાં આ ઘટનાના ઉલટા પ્રત્યાઘાત પડયા. લોકો કહેવા લાગ્યા કે અત્યાર સુધી આપણા મહાન વડવા અને પૂર્વજ બુઝુર્ગની મઝાર અને ખાનકાહ વેરાન હતી, ઘોડા ગધેડા બંધાતા હતા ત્યારે આપણે કંઈ ફિકર કરી નહીં, અને હવે જયારે આપણા જ એક માણસે એ જગ્યાને ખુદા અને રસૂલના ઝિક્ર અને દીની તાલીમ વડે આબાદ અને નૂરાની કરવાની કોશિશ કરી તો આપણે એમાં આડરૂપ બની ગયા ? આ તો ઘણું ખોટું કહેવાય. હવે ફરીવાર શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ના ખાનદાનના મોટેરાઓ અને વડીલોએ મીટીંગ કરી અને નક્કી કર્યું કે મવલાના રશીદ અહમદ રહ. પાસે માફી માંગવામાં આવે, ખાનકાહમાં રહેવા અને ત્યાં તાલીમ – ઝિક્ર કરવા માટે તૈયાર કરવામાં આવે, જેથી ખાનકાહ આબાદ થાય અને હઝરત શેખ અ.કુદ્દૂસ રહ.ની રૂહને પણ એનાથી શાંતિ – સવાબ મળે. આ મશ્વેરો કરીને બધા આપ રહ. પાસે આવ્યા. અંતે એમનો લગાતાર આગ્રહ અને લાગણી જોઈને આપ રહ. માની ગયા અને પાછા ખાનકાહમાં આવી ગયા અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ખાનકાહ ફરી આબાદ થઈ ગઈ.

પહેલી હજ.

જેલવાસ પછી લગભગ ચાર વરસ લગાતાર ગંગોહમાં રહયા. લોકો આપ રહ.ના હાથો ઉપર બઅયત થતા હતા, તલબા તાલીમ માટે પણ આવતા હતા. આમ તાલીમ સાથે ઈસ્લાહ અને સુલૂકની તરબિયત પણ ચાલતી હતી. આ દરમિયાન આપ રહ.ની આર્થિક સ્થિતિ તંગ હતી. બે વરસનો હંગામો અને લગભગ એક વરસ જેટલો સમય ગંગોહથી ગેરહાજરી રહી હતી, એટલે તબીબી સેવા અને ડિસ્પેન્સરીની વ્યવસ્થા પણ પડી ભાંગી હતી. આપ રહ. એ દીની કિતાબોનું એક કુતુબખાનું ખોલ્યું પણ ગંગોહ જેવા નાનકડા ગામમાં કિતાબોના વેચાણથી ઘર ચલાવવું મુશ્કેલ હતું.

આવી તંગીની સ્થિતિમાં હજનો તો વિચાર કરવો પણ શકય ન હતો. પણ દિલના અરમાનો ઉપર કોઈની લગામ નથી હોતી. જેલમાંથી છુટયા ત્યારથી જ આપ રહ. હરમૈન શરીફનો સફર કરવાની તમન્ના દિલમાં લઈને ફરતા હતા. દિલમાં ઈશ્કે ઈલાહી અને ઈશ્કે નબવીની આગ દિવસે દિવસે વધુ તેજ થઈ રહી હતી અને એમાં યે પીરો મુરશિદ હઝરત અકદસ હાજી સાહેબ રહ.ની મુલાકાત અને શોખના કારણે આ આગ વધારે તેજ થઈ જતી હતી. અસબાબ કોઈ હતા નહીં, પણ અસબાબના માલિક સાથે સંબંધ જરૂર હતો. દુઆઓ થતી હતી અને ઉમ્મીદ ઉપર દિવસો પસાર થતા હતા.

એવામાં એક દિવસ ઉમ્મીદના આસમાને કિસ્મતનો દરવાજો ખુલે છે, રામપૂરના મશહૂર રઈસ ડિપ્ટી અબ્દુલ હક સાહેબે હિ. ૧૨૮૦/ ૧૮૬૩ ઈ. માં હજનો ઈરાદો ફરમાવ્યો. રઈસ સાહેબ સઘળા ઘરવાળાઓ અને ચાકર – નોકર સાથે હજમાં જઈ રહયા હતા. હજામત બનાવનારે પણ ઈચ્છા વ્યકત કરી તો એને પણ સાથે લઈ લીધો. રઈસ સાહેબને વિચાર આવ્યો કે અમુક અલ્લાહ વાળાઓને પણ હજમાં સાથે લઈ જવામાં આવે, જેથી એમની બરકતથી અલ્લાહ તઆલા હજ કુબૂલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફરમાવે. તકવા અને પરહેઝગારી ધરાવતા બે માણસો ઉપર એમની નજર હતી. એક તો રામપૂરના જ હકીમ ઝિયાઉદ્દીન રહ., જેઓ હઝ. હાફિઝ ઝામિન શહીદ રહ.ના ખલીફા હતા. એમના જ ઘરેથી જ હઝરત ગંગોહીની ધરપકડ થઈ હતી. બીજા હઝરત ઈમામે રબ્બાની હઝરત અકદસ મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. રઈસ સાહેબે બન્ને બુઝુર્ગો સામે સફરમાં સાથે આવવાની દરખાસ્ત મૂકી અને સઘળો ખર્ચ પોતે ઉઠાવવાની તૈયારી દર્શાવી. બન્ને બુઝુર્ગોએ આ દરખાસ્તને અલ્લાહનું ઈનામ સમજીને કુબૂલ ફરમાવી લીધી. આપ રહ.ના મામાના દીકરા મોલ્વી અબૂન્નસ્ર આપ રહ.થી ઘણી જ મુહબ્બત રાખતા હતા. હમેંશા આપ રહ.ની આસપાસ જ રહેતા હતા. એમને આ સફરની ખબર પડી તો એમણે પોતાની રીતે તૈયારી શરૂ કરી દીધી. કંઈક જમીન અને જવેરાત વેચીને ખર્ચની વ્યવસ્થા કરી અને બીવી ઉપરાંત એક ખાદિમાને પણ સાથે લઈ લીધી અને આ બુઝુર્ગો સાથે હજમાં જવાનું નક્કી કરી લીધું.

આખો કાફલો પહેલાં કરાચી પહોંચ્યો અને ત્યાંથી જિદ્દહ જવા રવાના થયા. ત્યારે હજની સફર આજની જેમ સરળ ન હતી. મોટા શઢવાળા વહાણો મારફતે હજની સફર ખેડવામાં આવતી હતી. કરાચી સુધી પણ વિવિધ રીતે સવારીઓ બદલીને પહોંચવું પડતું હતું અને ત્યાંથી મોટા વહાણો માણસો સાથે માલ લાદીને એક પછી એક બંદરોએ રોકાયને માલ ઉતારી – લાદીને કેટલાયે દિવસો સુધી દરિયામાં પસાર કરીને મંઝિલે પહોંચાડતા હતા. દરિયાની આબોહવા માફક ન આવે એટલે વધુ પડતા લોકો ચક્કર, ઝાડા – ઉલટી વગેરે બીમારીઓમાં સપડાય જતા હતા. અવળી હવા ચાલે ત્યારે વહાણો પાછા પડે અથવા ધીમા ચાલે. તોફાનો આવે તો કયાંના કયાં પહોંચી જવાય.. એમ ઘણી ખતરનાક સફર હોતી. આ સફરમાં પણ એકવાર તોફાન આવી ગયું. બે – ત્રણ દિવસ લગાતાર વરસાદ અને જોરદાર પવન ફુંકાયો. વહાણના ખપેડીઓએ હાથ ઊંચા કરી દીધા. બધા જ મુસાફરો પરેશાન હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલબત્ત હઝરત ઈમામે રબ્બાની રહ. ઘણા જ શાંત હતા. લોકોને ફરમાવ્યું કે, કોઈ મરશે નહીં, આપણને બોલાવવામાં આવ્યા છે, એટલે જરૂર પહોંચીશું. પણ લોકોનું ઈમાન કયાં આપના જેવું હતું ? ત્રણ દિવસ પછી જયારે વાતાવરણ શાંત થયું અને વહાણ એની ઝડપ મુજબ ચાલવા લાગ્યું તો નાખુદાઓ એમનું યંત્ર કાઢીને વહાણનું સ્થાન જોવા લાગ્યા કે આપણે હવે કયાં છીએ, આગળ છીએ કે પાછળ કે પછી કોઈ બીજી દિશાએ જઈ રહયા છે ? યંત્ર દ્વારા એમણે સ્થાન નક્કી કરવાનો પ્રયત્ન કર્યો તો એમની નવાઈનો કોઈ પાર ન હતો. કારણ કે તોફાનના કારણે આટલા સમયમાં કેટલાયે દિવસોનું અંતર કાપી વહાણ મંઝિલ તરફ ઘણું આગળ આવી ગયું હતું. આમ સફર કપાય જવાની ખુશીમાં તોફાન ભુલાય ગયું. બધા હેમખેમ જિદ્દહ ઉતર્યા અને ત્યાંથી ઊંટો પર સવાર થઈને મક્કા પહોંચ્યા અને હજ કરીને મદીના શરીફ રવાના થયા.

સફરના અમીર અને સખીદાતા રઈસ ડીપ્ટી અબ્દુલ હક સાહેબ રહ.ની મુરાદ મદીના શરીફ પહોંચીને પૂરી થઈ. એમની હજની સફર અને બુઝુર્ગોની ખિદમત અલ્લાહ તઆલાએ કુબૂલ ફરમાવી હોય એમ મદીના શરીફમાં એમણે છેલ્લા શ્વાસ લીધા અને જન્નતુલ બકીઅમાં એમને દફન કરવામાં આવ્યા.

હરમૈનમાં બુઝુર્ગોની મુલાકાત

હઝરત ગંગોહી રહ.ના દિલમાં હજની આ સફર દરમિયાન બે બુઝુર્ગોને વિશેષ રૂપે મળવાનો શોખ હતો. એક તો મક્કામાં મુકીમ પીરો મુરશિદ હાજી સાહેબ રહ. અને બીજા મદીના શરીફમાં મુકીમ ઉસ્તાદે હદીસ હઝરત શાહ અબ્દુલ ગની મુજદ્દિદી રહ.

મક્કામાં આપ રહ. હાજી સાહેબ રહ.ને મળ્યા અને દિલની મુરાદ પૂરી થઈ. હાજી સાહેબ રહ.એ પણ આપના પ્રત્યે ઘણી જ મુહબ્બત અને ઈનાયતનો વર્તાવ ફરમાવ્યો. બલકે પોતાની પાસે રોકી લીધા અને પૂરી હજ સાથે રાખીને અદા કરાવી. અરફાત જતી વેળા હાજી સાહેબ રહ.એ આપનું ઊંટ પણ પોતાના ઊંટ સાથે જ ચલાવવાની તાકીદ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફરમાવી. મિના – મુઝદલિફહમાં પણ સાથે જ રાખ્યા.

મક્કામાં આપ રહ.એ ખ્વાબ જોયું કે મોટા વલીઓ અને અબદાલ જેવા લોકોનો કાફલો જઈ રહયો છે. અને એમને જોઈને ખ્વાબમાં જ દુઆ માંગી રહયા છે કે યા અલ્લાહ ! મને પણ એમની સાથે મેળવી દે. અને પછી દોડીને એમની સાથે થઈ ગયા. સવારે આ ખ્વાબ હઝરત હાજી સાહેબ રહ.ને સંભળાવ્યું તો હાજી સાહેબ રહ.એ મુસ્કુરાયને ફરમાવ્યું : એમની સાથે થઈ ગયા છો તો હવે પછી જોઈએ પણ શું ?

આખર મક્કામાં હજ પૂરી થઈ અને પીરો મુરશિદ હાજી સાહેબ રહ.ની નેક સોહબતની સઆદત પણ મેળવી લીધી તો પછી મદીના શરીફ તરફ રવાના થયા. અહિંયા રવઝએ અકદસની ઝિયારત અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના દરબારમાં સલામ પેશ કરવાની સઆદતની સાથે નિસ્બતે રસૂલ જેમના થકી મેળવી હતી એવા ઉસ્તાદે હદીસ શાહ અબ્દુલ ગની રહ.ની મુલાકાત અને સોહબતનો લાભ ઉઠાવ્યો.

બીમારી

મક્કામાં હતા ત્યારે જ શરીરે ખુજલી ઉભરવા લાગી હતી. મદીના શરીફમાં આ બીમારી વધવા લાગી અને જયારે વાપસીની સફર શરૂ થઈ તો ખુજલી ઘણી જ વધી ગઈ હતી. શરીર કમઝોર પડી રહયું હતું, એવામાં જ જિદ્દહ પહોંચીને વહાણ ઉપર સવાર થયા. વહાણમાં સવાર થતાં જ બીમારી ઓર વધી ગઈ. શરીર તાવમાં તપવા લાગ્યું. માથાનો તાવ (Meningitis) ચડી ગયો. ત્રણ દિવસ સુધી લગાતાર બેહોશ રહયા અને પછી ઝાડા શરૂ થઈ ગયા. સ્થિતિ એટલી નાઝુક હતી કે સફરના સાથીઓ આપ રહ.ના જીવનથી જ માયૂસ થઈ ગયા. જેટલા દિવસ વહાણમાં રહયા એટલી ખરાબ સ્થિતિ હતી કે વર્ણવી શકાય નહીં. હઝરત શૈખુલ હદીસ રહ. આપબીતીમાં લખે છે કે, મોલ્વી અબૂન્નસ્ર સાહેબના કપડાં હઝરત ગંગોહી રહ.ની ખુજલીના પરુ અને લોહીથી ભરાય જતાં હતાં. અને ઘણીવાર પેશાબ – પાખાનાથી નાપાક થઈ જતાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતાં. હઝરત ગંગોહી રહ. ફરમાવતા કે અબૂન્નસ્રના શરીરનો કોઈ ભાગ એવો ન હશે જયાં બીમારીના દિવસોમાં મારું પેશાબ – પાખાનું લાગ્યું ન હોય. આપ રહ. બેભાન હતા અને પછી એવા અશકત હતા કે કરવટ પણ ફેરવી શકતા ન હતા, ત્યારે નાના બાળકને જેમ એની માં પેશાબ પાખાનું કરાવે છે એમ મોલ્વી અબૂન્નસ્ર આપ રહ.ની તહારત અને સફાઈનો ખ્યાલ રાખતા હતા. આ સફર અને બીમારીની દાસ્તાન હઝરત શૈખ રહ.એ દિલચસ્પ અંદાઝમાં વર્ણવી છે.

જેમ તેમ કરીને મુંબઈ પહોંચ્યા અને આખા કાફલા સાથે એક રૂમ ભાડે લઈને આપ રહ.નો ઈલાજ શરૂ કરાવ્યો. હકીમ ઝિયાઉદ્દીન રહ.એ યૂનાની દવાઓથી ઈલાજ શરૂ કર્યો પણ કોઈ ફરક પડયો નહીં. અંતે કોઈના કહેવાથી મોલ્વી અબૂન્નસ્ર એક હિંદુ વૈદને બોલાવી લાવ્યા. એણે નાડી વગેરે તપાસીને કહયું કે ચિંતા કરવાની જરૂરત નથી. અને દવા આપી. આ દવાથી થોડો ફરક પડયો, પણ એવામાં બીજી તકલીફ ઉભી થઈ અને આપ રહ.ને ખેંચ આવવા લાગી. એટલે વધારે ફિકર ઉભી થઈ. અંતે નક્કી કરવામાં આવ્યું કે મુંબઈમાં રહેવું બેકાર છે. અને આખો કાફલો ઈન્દોર પહોંચ્યો. અહિંયા પહોંચીને મોલ્વી અબૂન્નસ્ર સાહેબે કાફલાના બીજા સાથીઓને કહયું કે મારે અહિંયા રહીને મોલાના ગંગોહીનો ઈલાજ કરાવવો છે, અને એમાં અમુક મહીના લાગી શકે છે એટલે તમે બધા રવાના થઈ જાઓ, એટલે કાફલાના બીજા સાથીઓ રામપૂર રવાના થઈ ગયા અને મોલ્વી અબૂન્નસ્ર સાહેબે એક રૂમ લઈને અહિંયા ઈલાજ શરૂ કરાવ્યો. અત્રે ભારતના મશહૂર તબીબ હકીમ મુહમ્મદ આઝમખાન સાહેબ શાહી તબીબ હતા. એમનો ઈલાજ શરૂ કર્યો તો ઘણો જ જલદી ફરક પડવા લાગ્યો. અલબત્ત ઈલાજ અને અન્ય ખર્ચાઓ માટે રકમ પૂરી થઈ રહી હતી. એવામાં અલ્લાહ તઆલાએ મદદ ફરમાવી.

આ જ દિવસોમાં ભોપાલના રાણી સિકંદરજહાં બેગમ હજની સફરે નીકળ્યા અને રસ્તામાં ઈંદોર પહોંચ્યા. મોલ્વી અબૂન્નસ્ર સાહેબના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સસરા ભોપાલમાં વઝીર અને કાકા કિલ્લેદાર હતા.સિકંદરજહાં બેગમની આ સફરમાં કાકા પણ સાથે હતા. એમને ખબર પડી તો તેઓ ભત્રીજીને મળવા આવ્યા. પછી સિકંદરજહાં બેગમને ખબર પડી તો એમણે પણ પોતાના વઝીરની દીકરીને મુલાકાત માટે બોલાવ્યાં, પણ તેઓએ પરેશાનીનો ઉલ્લેખ કરીને લખ્યું કે હાલ હું સન્માનજનક રીતે તમને મળીને તમારું સન્માન કરી શકું એમ નથી. એટલે મુલાકાત માટે આવી શકું નહીં. રાણી એમની વાત સમજી ગયાં અને પોતે ૨૦૦ રૂપિયા જેટલી માતબર રકમ મોકલાવી. આ એક મોટી રકમ હતી એટલે એનાથી બધા ખર્ચની વ્યવસ્થા થઈ ગઈ. હકીમ સાહેબનો ઈલાજ કારગર નીવડયો અને એક મહીનામાં જ હકીમ સાહેબે ઘરે જવાની રજા આપી દીધી. આપ રહ. દવાઓ સાથે લઈને ઘરે આવી ગયા. અને લગભગ છ સાત મહીના પછી આપ રહ. સંપૂર્ણ રીતે સાજા થયા. ૧૨૮૦ હિ.માં હજ માટે રવાના થયા હતા. અને જયારે ગંગોહ પહોંચ્યા તો ૧૨૮૨ હિ.ના બે મહીના વીતી ગયા હતા.

હજ પછીના દસ વરસ

પ્રથમ હજ પછી દસ વરસ ગંગોહમાં રહયા. આ દરમિયાન તાલીમ – તદરીસનો સિલસિલો જારી રાખ્યો. દીનની તાલીમ મેળવવા આવતા તલબાને વિવિધ કિતાબો પઢાવતા. સાથે બયઅત અને ઈસ્લાહ – ઈરશાદનું કામ પણ ધીરે ધીરે વધવા લાગ્યું. આ દસ વરસોમાં આપ રહ. પાસે બયઅત અને ઈસ્લાહે નફસના મકસદે આવનાર મુરીદોની સંખ્યા દિવસે દિવસે વધવા લાગી. આસપાસના લોકો ઉપરાંત દૂર દૂરથી ઉલમાએ કિરામ પણ આપ રહ.ની ખિદમતમાં રહીને તાલીમ સાથે સુલૂકની તરબિયત મેળવવાના હેતુએ આવવા લાગ્યા. આ દિવસોમાં જ હઝરત મવલાના ખલીલ અહમદ મુહદ્દિષ સહારનપૂરી રહ. બયઅત માટે હાજર થયા, ઘણા આગ્રહ પછી આપ રહ.એ એમને બયઅત ફરમાવ્યા. ત્યાર પછી બીજા અકાબિર બુઝુર્ગો જેમ કે હઝરત શૈખુલ હિંદ મવલાના મહમૂદ હસન રહ. વગેરે બયઅત થયા. આ જ બુઝુર્ગો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પાછળથી આપ રહ.ના મોટા ખલીફાઓ બન્યા અને ઈલ્મી – અમલી રીતે મુસલમાનોની રાહબરીની મોટી ખિદમતો અંજામ આપી.

આ ઝમાનામાં દારૂલ ઉલૂમ દેવબંદ શરૂ થઈ ચુકયો હતો. ૧૨૮૩ હિ./૧૮૬૬ ઈ.માં આપ રહ.ના નિખાલસ, હમદર્દ અને તાલીમના સાથી મવલાના કાસિમ નાનોત્વી રહ. એની શરૂઆત કરી ચુકયા હતા અને સઘળી દેખરેખની જવાબદારી પણ સારી રીતે નિભાવી રહયા હતા. આપ રહ. પણ આ જ ક્ષેત્રમાં કામ કરતા હતા. પોતે પણ ગંગોહમાં આગવી રીતે તાલીમ – તદરીસનો સિલસિલો અપનાવી રાખ્યો હતો. દારૂલ ઉલૂમ દેવબંદ અને સહારનપૂરમાં મઝાહિરુલ ઉલૂમની સેવાઓથી પણ પરિચિત અને ખુશ હતા. આ મદરસાઓની બનતી મદદ અને સલાહ – મશ્વેરા માટે સફર પણ ફરમાવતા હતા. અલબત્ત પોતાના એકાંતપ્રિય સ્વભાવના કારણે વધુ પડતા ગંગોહમાં જ રહેતા હતા અને જે કોઈ ગંગોહ આપની પાસે હાજર થતું એની તાલીમ – તરબિયતની બનતી ફિકર ફરમાવતા હતા.

૧૨૯૨ હિ.માં દારૂલ ઉલૂમ દેવબંદના દસ્તારબંદીના જલ્સામાં પણ આપ રહ. તશરીફ લઈ ગયા હતા. દારૂલ ઉલૂમ દેવબંદમાં દસ્તારબંદીના ફકત ચાર જલ્સાઓ થયા છે. અને તે પણ અત્યંત શરૂના વરસોમાં. ત્યાર પછી દસ્તાબંદીના જલ્સા કરવાની પરંપરા દારૂલ ઉલૂમ ખાતે સદંતર બંધ કરી દેવામાં આવી છે. તઝકિરતુર્રશીદમાં છે કે, મદરસા આલિયા દેવબંદમાં ફકત ચાર વાર દસ્તારબંદીના જલ્સા થયા છે. પહેલી વાર૧૨૯૦ હિ. (૧૮૭૩ ઈ.) માં, જેમાં પાંચ મોલ્વીઓના માથે દસ્તાર બાંધવામાં આવી હતી. બીજીવાર ૧૨૯૨ હિ. (૧૮૭૫ ઈ.)માં, એમાં પણ પાંચ મોલ્વીઓના માથે દસ્તાર બાંધવામાં આવી. ત્રીજીવાર ૧૨૯૮માં, જેમાં સાત મોલ્વીઓના માથે દસ્તાર બાંધવામાં આવી. ચોથીવાર ૨બીઉલ અવ્વલ ૧૩૦૧ હિ.માં, જેમાં ૧૧ મોલ્વીઓને દસ્તારે ફઝીલત આપવામાં આવી. ત્યાર પછી દારૂલ ઉલૂમમાં દસ્તારબંદીનો જલ્સો કરવાની પરંપરા બંધ કરી દેવામાં આવી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલબત્ત ૧૯૮૦ ઈ.માં દારૂલ ઉલૂમ દેવબંદની સ્થાપના અને ખિદમતના ૧૦૦ વરસ પૂરા થવાના અવસરે યોજવામાં આવેલ સદસાલા ઈજલાસ (શતાબ્દી મહોત્સવ)માં પાંચમીવાર દસ્તારબંદી કરવામાં આવી હતી.

બીજા દસ્તારબંદીના જલ્સામાં હઝરત મવલાના અહમદ અલી મુહદ્દિષ સહારનપૂરી રહ. અને ઈમામે રબ્બાની રહ.ને વિશેષ મહેમાન તરીકે બોલાવવામાં આવ્યા હતા અને આ બુઝુર્ગોએ પોતાના હાથે દારૂલ ઉલૂમથી તાલીમ પૂર્ણ કરનાર તલબાના માથે દસ્તાર બાંધી હતી.

આ જલ્સામાં અન્ય બુઝુર્ગો પણ મોટી સંખ્યામાં હાજર હતા. જલ્સાના અંતે હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.એ બધાને દરખાસ્ત કરી કે મદરસાએ એક જમીન ખરીદ કરી છે, જયાં દારૂલ ઉલૂમની એક ઈમારત તામીર કરવામાં આવનાર છે. આટલી મોટી સંખ્યામાં બુઝુર્ગો આજે ભેગા છે, ફરીવાર આટલા બધા નેક લોકોનું ભેગા થવું મુશ્કેલ છે, માટે આપ સૌ ત્યાં પધારો, જેથી આપના મુબારક હાથો વડે એની બુનિયાદનો પથ્થર મુકાય.

બધા ઉલમા જલ્સામાંથી આ મુકામે પહોંચ્યા, અહિંયા ખાડા ખોડાય ચુકયા હતા. એટલે બધા બુઝુર્ગોએ વારાફરતી ઈમારતની પાયાવિધિ તરીકે ઈંટો મુકીને આ નેક કાર્યને શરૂ ફરમાવ્યું. સહુપ્રથમ મવલાના અહમદ અલી મુહદ્દિષ રહ. એ બુનિયાદની ઈંટ મુકી. પછી હાજી આબિદ હુસૈન રહ.એ બીજી ઈંટ મુકી. પછી હઝરત નાનોત્વી રહ., હઝરત ગંગોહી રહ., મવલાના મઝહર નાનોત્વી રહ. એ એક એક ઈંટ મુકી.

આ પાયાવિધિ પછી આગળના બાંધકામની શરૂઆત આગલા વરસે ૧૨૯૩ હિ.માં થઈ, માટે સામાન્યપણે કિતાબોમાં બાંધકામની તારીખ ૧૨૯૩ હિ. લખવામાં આવે છે.

બીજી હજ

પ્રથમ હજના દસ વરસ પછી ૧૨૯૪ હિ.માં આપ રહ.એ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વાલિદૈનમાંથી કોઈ એકના તરફથી હજ્જે બદલનો ઈરાદો કર્યો. હવે સ્થિતિ પણ કંઈ સારી હતી. સફર પણ પહેલાં કરતાં સરળ થઈ ગયો હતો. સહારનપૂરથી મુંબઈ સુધી ટ્રેનની વ્યવસ્થા થઈ ગઈ હતી. મોટા વહાણોના સ્થાને હવે આગબોટો મારફતે દરિયાઈ સફરની સુવિધા હતી. પહેલાં હજની સફરમાં લગભગ એક વરસ લાગતું હતું તો હવે અમુક મહીનાઓમાં પાછા ફરી શકાય એમ હતું.

આ વરસે સંજોગો એવા બન્યા કે હિંદુસ્તાનના અનેક મશહૂર ઉલમા, મુહદ્દિષીન અને મશાઈખના દિલોમાં હજનો શોખ – તમન્ના જાગી અને બધાએ હજની તૈયારીઓ શરૂ ફરમાવી. બુઝુર્ગોના ઈરાદાની લોકોને ખબર પડી તો એમના અકીદતમંદો પણ ઘણા તૈયાર થઈ ગયા. એટલે અનેક ઉલમા અને બુઝુર્ગો ઉપર આધારિત એક મોટો કાફલો બની ગયો. આ કાફલામાં હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ., હઝરત મવલાના મુહમ્મદ યાકૂબ નાનોત્વી રહ., શાહ રફીઉદ્દીન રહ., હઝરત શૈખુલ હિન્દ મવલાના મહમૂદ હસન દેવબંદી રહ., હઝરત મવલાના મુહમ્મદ મઝહર નાનોત્વી રહ., મવલાના હકીમ મુહમ્મદ અહસન સાહેબ રહ., હકીમ ઝિયાઉદ્દીન રામપૂરી રહ. હઝરત મવલાના હાફિજ અબ્દુલ અદલ સાહેબ રહ., મવલાના મુહમ્મદ મુનીર નાનોત્વી રહ., મવલાના અહમદ હસન કાનપૂરી રહ. વગેરે શામેલ હતા. બધા મળીને લગભગ સો માણસોનો આ કાફલો હતો.

બુઝુર્ગોનો આ કાફલો જે શહેરમાંથી પસાર થતો, ત્યાં એમને મળવા માટે લોકોની મોટી ભીડ ભેગી થઈ જતી. દરેક સ્ટેશન ઉપર મોટી સંખ્યામાં લોકો હાજર રહેતા અને મુલાકાત માટે પડાપડી થતી હતી.

મુંબઈ સુધીની ટ્રેનની સફરમાં જમાઅત સાથે નમાઝ પઢવાની તકેદારી રાખવામાં આવતી હતી. નમાઝનો સમય હોય અને કોઈ એવું સ્ટેશન આવવાનું હોય જયાં નમાઝ પઢી શકાય એટલા સમયનો સ્ટોપ હોય તો સ્ટેશન ઉપર ઉતરીને નમાઝ પઢવામાં આવતી હતી, અને આવું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શકય ન હોય તો ડબ્બામાં જમાઅત સાથે નમાઝ પઢવામાં આવતી હતી. વધુ પડતા હઝરત ગંગોહી રહ. અથવા હઝરત મવલાના યાકૂબ નાનોત્વી રહ. ઈમામત કરાવતા હતા. ટ્રેનના સ્ટોપ અને મુસાફરોનો ખ્યાલ રાખીને નમાઝ ટુંકી પઢવામાં આવતી હતી. તઝકિરતુર્રશીદમાં છે કે એકવાર મવલાના સખાવત અંબેઠવી રહ.એ ઈમામત કરાવી અને નમાઝ લાંબી કરી દીધી, આવી સ્થિતિમાં અમુક લોકોના દિલોમાં ટ્રેન ચાલુ થઈ જવાનો ખ્યાલ આવે એ સ્વભાવિક છે, અને આ સ્થિતિમાં નમાઝની એકાગ્રતા (ખુશુઅ – ખુઝૂઅ) પણ ન રહે, એટલે નમાઝ પછી હઝરત ગંગોહી રહ.એ ફરમાવ્યું કે, ભલા, આવી સફરમાં પણ આવી નમાઝ હોય !

મુંબઈ પહોંચ્યા તો બંદરે કોઈ જહાઝ હાજર ન હતું. લભગભ વીસ – બાવીસ દિવસ થઈ ગયા. સફરની કોઈ વ્યવસ્થા ન થવાથી લોકો પરેશાન હતા, આ દિવસોમાં હઝરત નાનોત્વી રહ. ફરમાવતા રહેતા કે મારા અમુક સાથીઓ મુઝફ્ફરનગરથી આવશે ત્યાર પછી જ કોઈ જહાઝ આવશે. અને પછી એમ જ થયું. જે દિવસે મુઝફ્ફરનગરના સાથીઓ પહોંચ્યા એ જ દિવસે જર્મનીનું જહાઝ બંદરે લંગાર્યું. ઉપરની ટીકીટ ૪૫ રૂા. અને નીચેની ટીકીટ ૨૫ રૂા. હતી. દરેક સાથીએ પોતાની સ્થિતિ મુજબ ટીકીટ લીધી અને જહાઝ એક દિવસ રાત રોકાયને જિદ્દહ રવાના થયું.

જહાઝનો કેપ્ટન અંગ્રેજ ઈસાઈ હતો. સ્વભાવે વિનમ્ર અને સજ્જન હતો. મુસાફરોને કોઈ અગવડ પડવા ન દીધી. દરેકને જયાં જગ્યા મળે અને યોગ્ય લાગે ત્યાં બિસ્તર લગાવવાની છુટ હતી. નમાઝ અને બીજા દીની આમાલની પાબંદી જોઈને ખુશ થતો હતો. આઠ દિવસે જહાઝ 'અદન' બંદરગાહે પહોંચ્યું. એક દિવસ – રાત અહિંયા રોકાયને ચાર દિવસ પછી જિદ્દહ પહોંચ્યું.

સફરના અંતે કેપ્ટને વિનંતી કરી કે સફર દરમિયાન મારા તરફથી આપવામાં આવેલ સહૂલત અને સારી સેવાનું સર્ટીફિકેટ લખીને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપવામાં આવે, જેથી જહાઝનો માલિક ખુશ થાય અને મને પ્રગતિ મળે. કેપ્ટનની સેવા અને સ્વભાવના કારણે બધા આ બાબતે તૈયાર હતા, એક લખાણ અરબીમાં લખીને એના ઉપર હઝરત ગંગોહી રહ. અને અન્ય લોકોએ સહી કરી, પછી એનો અંગ્રેજી અનુવાદ પણ એને આપવામાં આવ્યો.

યલમલમ નજીક જહાઝ પહોંચ્યું તો કેપ્ટને એલાન કર્યું કે એહરામ બાંધવામાં આવે, તો હઝરત ગંગોહી રહ.એ તકરીર ફરમાવી, અને હજના અરકાન, જરૂરી કામો વગેરેની લોકોને માહિતી આપી અને પછી પોતે પણ એહરામ બાંધ્યો અને લોકોને પણ એહરામ બંધાવ્યો.

મોલ્વી મુહમ્મદ અહસન મેરઠી રહ.એ મુઅલ્લિમનો પરવાનો મેળવ્યો હતો. એમને ખબર પડી કે હિંદુસ્તાનથી મોટા બુઝુર્ગો અને વલીઓનો કાફલો આવી રહયો છે તો હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ની ઈજાઝત લઈને આ કાફલાને લેવા માટે જિદ્દહ આવ્યા અને બંદરગાહ ઉપર બધાને આવકારવા પોતે હાજર રહયા.

તઝકિરતુર્રશીદમાં છે કે મોલાના અહસન કાનપૂરી રહ.ને પહેલી વખત જ મુઅલ્લિમનો પરવાનો મળ્યો હતો. અને આ કાફલાની સેવાથી જ એમની સર્વિસની શરૂઆત થઈ રહી હતી એટલે તેઓ પોતાને ઘણા ખુશનસીબ સમજતા હતા, પરંતુ બીજા મુઅલ્લિમોને આ પસંદ ન આવ્યું. તેઓ એમનાથી હસદ કરવા લાગ્યા, જિદ્દહથી મક્કા રવાના થવા માટેના ઊંટોની વ્યવસ્થા કરવામાં ઘણી અડચણો ઉભી કરી. જેમ તેમ કરીને ચોથા દિવસે વ્યવસ્થા થઈ શકી, ૨૦ ઝિલ્કઅદહના દિવસે આ કાફલો મક્કા શરીફ જવા રવાના થયો.

હાજી સાહેબ રહ. તરફથી આવકાર

કાફલાના અનેક સાથીઓ ભારતના વિદ્વાન ઉલમા અને મશહૂર મશાઈખ તો હતા જ, ઉપરાંત વધુ પડતા ઉલમા હઝ. હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ.ના મુરીદ હતા, અને હાજી સાહેબ રહ. વરસોથી મક્કામાં મુકીમ હતા. આપ રહ. ઘણી કમઝોરી – અશક્તિ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છતાં બધાને આવકારવા મક્કાની બહાર સુધી તશરીફ લાવ્યા. કાફલો પહોંચ્યો અને બધાએ જોયું કે હજરત હાજી સાહેબ આવકારવા ઉભા છે તો બધા સવારીઓ પરથી ઉતરી ઉતરીને હાજી સાહેબને મળવા – ભેટવા લાગ્યા.

હાજી સાહેબ રહ.એ દરેકને પોતાના મુસાફરખાનામાં જ રોકવાનો આગ્રહ કર્યો. અમુક લોકો સિવાય બધા જ હાજી સાહેબના મહેમાન બન્યા. અને સવારની દાવત પણ હાજી સાહેબ રહ.એ પહેલેથી જ કહી દીધી. હઝરત ગંગોહી રહ.એ અરજ કરી કે આટલા મોટા કાફલાની દાવતમાં આપને અગવડ પડશે, પણ હઝરત હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું કે, આ બધાને ખવડાવવામાં જ મારી ખુશી છે.

મક્કા શરીફમાં આપ રહ.નો વધુ પડતો સમય તવાફ કરવામાં પસાર થતો, અને બાકીનો સમય હઝરત હાજી સાહેબ રહ.ની ખિદમતમાં પસાર કરતા હતા.

સફરના સાથીઓમાંથી હકીમ ઝિયાઉદ્દીન રામપૂરી રહ. પહેલી સફરમાં પણ આપ રહ.ની સાથે હતા, આ સફરમાં પણ આપ રહ.ના સંગાથ અને હઝરત હાજી સાહેબ રહ.ને મળવાની ઈચ્છાએ સાથે આવ્યા હતા. આગલી સફરમાં મદીના શરીફ હાજરી આપી ચુકયા હતા એટલે આ વેળા હજ અદા કરીને તેઓ વતન પાછા આવવા રવાના થયા.

કાફલાના બીજા સાથીઓ અને આપ રહ. મદીના શરીફ જવા રવાના થયા. મદીના નજીક પહોંચ્યા તો રાત પડી ગઈ અને શહેરના દરવાજા બંધ થઈ ગયા. એટલે શહેર બહાર પડાવ કર્યો અને વહેલી સવારે મદીના શરીફમાં ફજર પઢવાના ઈરાદે રવાના થયા. ફજર પઢીને રવઝએ રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર હાજરી આપી. અને પછી સુરજ ચઢયે હઝ. શાહ અબ્દુલ ગની રહ.ની સેવામાં હાજર થયા.

શાહ અ.ગની રહ.ની સેવામાં હાજરી

ભારતથી હિજરત કરીને મક્કા – મદીનામાં સ્થાયી થયેલા બે બુઝુર્ગો એવા હતા, જેમના પ્રત્યે આ કાફલાના અનેક ઉલમા – બુઝુર્ગોને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દીલી અકીદતનો સંબંધ હતો. એક તો હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ., જે કાફલાના અનેક સાથીઓ અને ઉલમાના શેખ હતા. અને બીજી હસ્તી મદીના શરીફમાં મુકીમ હઝરત શાહ અબ્દુલ ગની મુજદ્દિદી મુહદ્દિષ દહેલ્વી રહ. હતા. આપ રહ. કાફલાના અનેક ઉલમાના ઉસ્તાદ હતા. હઝરત નાનોત્વી રહ. અને હઝરત ગંગોહી રહ.એ એમની પાસે જ હદીસ પઢી હતી. અને કાફલાના એક બુઝુર્ગ, તે વેળાના દારૂલ ઉલૂમ દેવબંદના મોહતમિમ હઝ. શાહ રફીઉદ્દીન રહ.ના ઉસ્તાદ અને પીરો મુરશિદ પણ હતા. શાહ રફીઉદ્દીન રહ.ને આપના તરફથી ખિલાફત પણ આપવામાં આવી હતી.

એટલે આપ રહ.ની સેવામાં હાજર થવાને બધા જ પોતાની સઆદત અને ફરજ સમજતા હતા. હઝરત શાહ અબ્દુલ ગની રહ.ને પણ આ બધા ઉલમા અને મુરીદો પ્રત્યે ઘણો લગાવ હતો. બધાને મળીને ઘણા જ ખુશ થયા. મોડે સુધી ભારત અને વતનના લોકોના ખબર અંતર પૂછતા રહયા.

શાહ અબ્દુલ ગની રહ.એ મદીના શરીફના એક વાકેફ માણસને રાહબર તરીકે આ લોકો સાથે કરી દીધા હતા. એમની રહબરીમાં કાફલાના લોકોએ મદીના શરીફ અને આસપાસના મહત્વના સ્થળોની ઝિયારત કરી અને બરકતો પ્રાપ્ત ફરમાવી. વિશેષ કરીને મસ્જિદે કુબા, મસ્જિદે કિબ્લતૈન, મદીના શરીફના સાત કુવાઓ, જબલે ઉહદ, અને અન્ય સ્થળો.

હઝ. મવ. શાહ રફીઉદ્દીન રહ. વિશે મશ્વેરો

કાફલાના મહત્વના સાથી અને દારૂલ ઉલૂમ દેવબંદના મોહતમિમ મવલાના શાહ રફીઉદ્દીન રહ.તો હવે પછી મદીના શરીફમાં જ રહી જવાના ઈરાદે આવ્યા હતા અને પોતાના પીરો મુરશિદ શાહ અબ્દુલ ગની રહ.ને અરજ કરીને ઈજાઝત પણ મેળવી લીધી હતી. પરંતુ કાફલાના અન્ય બુઝુર્ગો, વિશેષ કરીને મવલાના યાકૂબ નાનોત્વી રહ. અને હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.ને આ બાબતની ખબર પડી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તો ઘણા પરેશાન થઈ ગયા. શાહ રફીઉદ્દીન રહ. દારૂલ ઉલૂમની સઘળી વ્યવસ્થા સંભાળતા હતા, એમની વ્યવસ્થા અને સંચાલનના કારણે દારૂલ ઉલૂમની ઘણી પ્રગતિ થઈ રહી હતી. એમના જેવા બીજા માણસ મળવા મુશ્કેલ હતા, એટલે હઝરત શાહ અબ્દુલ ગની રહ.ની ખિદમતમાં અરજ કરી કે મવલાના રફીઉદ્દીન સાહેબ રહ.ના હિંદુસ્તાન પરત ન આવવાથી દારૂલ ઉલૂમને મોટું નુકસાન થશે. આપ એમને અહિંયા રોકાવાની ઈજાઝત ન આપો અને હિંદુસ્તાન અમારા સાથે પરત ફરવાનો હુકમ ફરમાવો. હઝ. શાહ રફીઉદ્દીન રહ.એ ઘણી કાકલૂદી કરી કે મને મદીના શરીફમાં આપની ખિદમતમાં રહેવા દયો, મદરસાની વ્યવસ્થા માટે કોઈ પણ મળી આવશે.

આ ખેંચતાણ જોઈને આખરે હઝરત શાહ અબ્દુલ ગની રહ.એ હઝ. ગંગોહીને રહ.ને પૂછયું કે, મોલ્વી રશીદ અહમદ ! તમે બતાવો, તમારું શું મંતવ્ય છે ? મોલ્વી રફીઉદ્દીન મારી પાસે મદીનતુર્રસૂલમાં રહેવા ઈચ્છે છે અને એમના સાથીઓ એમને પરત લઈ જવાના આગ્રહી છે.

હઝ. શાહ અબ્દુલ ગની રહ. મવલાના ગંગોહી રહ.ના ઉસ્તાદ હતા. એમના તરફથી આ બાબતે આપ રહ.નું મંતવ્ય પૂછવાનો મતલબ એ હતો કે ઉસ્તાદે મુહતરમ આ બાબતે પોતાના આ નિખાલસ અને દુરંદેશ શાગિર્દ ઉપર ઘણો વિશ્વાસ રાખે છે.

હઝરત ગંગોહી રહ.એ પૂરી નમ્રતા સાથે ઉસ્તાદ સાહેબની સેવામાં અરજ કરી કે, હઝરત ! દેવબંદનો મદરસો ઈસ્લામની મોટી ખિદમત છે. એના મોહતમિમ તરીકે મોલાના રફીઉદ્દીન જેવો દીનદાર – અમાનતદાર – કાબેલ માણસ મળવો મુશ્કેલ છે. આ જ કારણે આ લોકોનો આગ્રહ છે કે એમનું હિંદુસ્તાન આવવું જરૂરી છે.

હઝરત ગંગોહી રહ.ની વાત સાંભળીને હઝરત શાહ અબ્દુલ ગની રહ.એ ફરમાવ્યું કે, હા, આ જ સ્થિતિ હોય તો મવલાના રફીઉદ્દીન સાહેબે હિંદુસ્તાન જવું જ જોઈએ. દીનની ખિદમત મોટી વાત છે. શરીઅતે મુહમ્મદીયહની ખિદમત ખુશનસીબ લોકોને જ મળે છે. અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અલ્લાહ તઆલા તમારાથી દીનની એક મોટી ખિદમત લઈ રહયા છે તો એમાં રુકાવટ નાખવી ગુનો ગણાશે. હઝ. શાહ રફીઉદ્દીન રહ.એ ઘણી વિનંતી કરી પણ આખરે પીરો મુરશિદનો હુકમ માથે ચડાવીને તેઓ પાછા આવવા રાજી થયા.

મદીના શરીફમાં આ બુઝુર્ગો લગભગ ૨૦ દિવસ રહયા અને પાછા મક્કા શરીફ આવવા રવાના થયા. મક્કા શરીફ પહોંચીને શાંતિથી રહેવા લાગ્યા. આમ એક માસ વીતી ગયો પણ હઝરત ગંગોહી રહ. વતન વાપસીનું નામ લેતા ન હતા. કાફલાના અન્ય સાથીઓ પાસે ખર્ચના પૈસા ખુટી રહયા હતા. તેઓ અંદરોઅંદર મસલત કરતા હતા પણ કોઈને હાજી સાહેબ રહ. પાસે અરજ કરવાની હિમ્મત થતી ન હતી. અંતે અમુક લોકોએ હિમ્મત કરીને અરજ કરી કે અમારી પાસે પૈસા પૂરા થઈ રહયા છે, આપ રહ. હઝરત ગંગોહીને પાછા ફરવાનો હુકમ કરો તો સફરમાં અમને એમનો નેક સંગાથ મળે. એટલે હાજી સાહેબ રહ.એ હઝરત ગંગોહી રહ.ને સંબોધીને કહયું કે, મવલાના ! તમને પાછા મોકલવાનું મારું મન નથી થતું, પણ તમારા સાથીઓ પાસે ખર્ચની રકમ ખતમ થઈ રહી છે અને તમારા હિંદુસ્તાનમાં હોવાથી જે દીની – ઈલ્મી ફાયદો છે એ ઘણો મોટો છે. માટે બેહતર આ જ છે કે તમે હિંદુસ્તાન પરત થઈ જાઓ. હઝરત હાજી સાહેબ રહ.ના હુકમ પછી આપ રહ.એ વાપસીની તૈયારી શુરૂ ફરમાવી. હઝરત હાજી સાહેબ રહ.થી વિદાય લઈને બધા જિદ્દહ પહોંચ્યા. અહિંયા એક જહાઝ હિંદુસ્તાન જવા માટે તૈયાર જ હતું, બધાએ ટીકીટ લીધી અને સવાર થઈ ગયા. ૧૩ દિવસ પછી બધા સહી સલામત મુંબઈ બંદરે પહોંચ્યા અને ત્યાંથી ગંગોહ.

હજ પછી બે સદમા

હિજરી સન ૧૨૯૫ માં આપ રહ. ગંગોહ પહોંચ્યા અને તાલીમ – તદરીસ અને મુરીદોની તરબિયતમાં મશગૂલ થઈ ગયા. આ જ કાર્ય આપ રહ.ને પસંદ હતું અને અલ્લાહ તઆલાએ આ જ જવાબદારી આપ રહ.ને સોંપી હતી. આ દરમિયાન ૧૨૯૭માં બે વિશેષ સંબંધીઓની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વફાતના સદમા એક પછી એક આપ રહ.ને પહોંચ્યા. પ્રથમ આપ રહ.ના મામા મોલ્વી અબ્દુલ ગની રહ.ની વફાત થઈ. સાત વરસની ઉમરે આપ રહ. યતીમ થયા હતા, ત્યાર પછીથી આપ રહ.ની તાલીમ – તરબિયતની ફિકર અને દેખરેખ સગા બાપની જેમ તેઓ જ સંભાળી રહયા હતા, એટલે એમની વફાત આપ રહ. માટે મોટો સદમો હતો.

બીજો સદમો મવલાના કાસિમ નાનોત્વી રહ.ની વફાતનો હતો.

૪ જમાદિલ ઉલા ૧૨૯૭ હિ., /૧૫ એપ્રિલ ૧૮૮૦ ઈ. ઝુહર બાદ હઝ. મવલાના કાસિમ નાનોત્વી રહ.ની ૪૯ વરસની ઉમરે વફાત થઈ.

૧૭ – ૧૮ વરસની ઉમરે આપ રહ. દિલ્હી તાલીમ માટે ગયા ત્યારથી દીન અને દીનની તાલીમ – ઈશાઅતની બુનિયાદે આ નિખાલસ સંબંધ બંધાયો હતો, અને દિવસે દિવસે એમાં વધુ મજબૂતી અને નિખાલસતા આવતી ગઈ હતી. ચાર વરસ તાલીમ માટે સાથે રહયા. પરસ્પર તાલીમના વિષયોની ચર્ચા, પુનરાવર્તન અને આગલા સબકની તૈયારી સાથે કરતા અને દિલ્લીની ગલીઓમાં કિતાબો છાતીએ લગાવીને સાથે ફરતા હતા. તાલીમ પછી અમલના મેદાનમાં આવ્યા તો એકબીજાની મદદ, સમર્થન અને સહાય. બિદઅતો અને શિર્કના તોડ કે ખાતમા માટે મહેનત અને દોડભાગમાં એકબીજાનો સાથ આપતા હતા.

મવલાના અસીર અદરવી રહ. લખે છે કે, એવું લાગતું હતું કે આ બંને હસ્તીઓને અલ્લાહ તઆલાએ એકસાથે એક જ સમયે ભારતીય મુસલમાનોની સુધારણા, કેળવણી, તાલીમ અને ઈસ્લામના સાચા રસ્તે લાવવા માટે જ પેદા કરી હતી. બંને વચ્ચે સ્વભાવ અને વિચારોની ગજબની સમાનતા અને સમન્વય હતાં. હઝરત નાનોત્વી રહ.ની વફાત પછી આપ રહ. ફરમાવતા કે, મારા દોસ્તના પ્રાણ વગરના માટીના ખોળિયાને જોઈને પણ હું જીવતો રહી ગયો એ જ નવાઈની વાત છે. કુદરતને મંજૂર ન હતું, નહીતર એકના બદલે બે લાશો એક જ દિવસે ઉઠવાની હતી. (મવ.રશીદ અહમદ ગંગોહી રહ. : ૯૫)

તઝકિરતુર્રશીદમાં છે કે એકવાર ઈમામે રબ્બાની હઝરત ગંગોહી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.એ પોતે ફરમાવ્યું કે મોલ્વી કાસિમની જુદાઈનો મને એટલો બધો ગમ થયો કે જો એક ખાસ બાબત ન હોત તો મારો જીવ પણ નીકળી જાત. કોઈ ખાદિમે અરજ કરી કે એ ખાસ વાત શું છે ? તો આપ રહ.એ ફરમાવ્યું : એ જ વાત, જેના કારણે તમે મને પોતાનો વડીલ સમજો છો.

હઝરત ઈમામે રબ્બાની રહ. ઉપર આ સદમાઓ અને આઘાતોનો ઘણો અસર પડયો, અલબત્ત તકદીર ઉપર ઈમાન અને રઝા બર કઝા, દઢ સ્વભાવ, મજબૂત દિમાગી શકિતના કારણે આપ રહ. આ આઘાતોને જીરવી ગયા. અત્યાર સુધી આપ રહ. જાહેર જીવનમાં વધારે સમય આપતા ન હતા. સામાન્ય પણ ગંગોહથી બહાર પણ નીકળતા ન હતા. પણ હવે આપ રહ. દીનની તાલીમ અને સુધારણાની મહેનતના રસ્તે પોતે આગળ આવ્યા. દારૂલ ઉલૂમ દેવબંદની વ્યવસ્થાપક કમીટીએ હઝરત નાનોત્વી રહ.ની વફાત પછી સર્વાનુમતિએ આપ રહ.ને મદરસાના સરપરસ્ત નક્કી કર્યા અને આપ રહ. પણ હિમ્મત સાથે આ જવાબદારી નિભાવવા આગળ આવ્યા.

ત્રીજી હજ :

૧૨૯૯ હિ.માં આપ રહ.એ ત્રીજી હજની તૈયારી શરૂ કરી. આ પણ હજજે બદલ હતી. અચાનક જ આ સફરનો ઈરાદો ફરમાવ્યો હતો. છેલ્લા દિવસો હતા અને તે સમયની સફરની સવલતો જોતાં મક્કા પહોંચીને હજ મળવી પણ મુશ્કેલ લાગતું હતું. એમ લાગે છે કે એક પછી એક આવેલ સદમાઓ અને એકલતાના એકમાત્ર ઈલાજ તરીકે આપ રહ.એ વિચાર્યું કે હજની સફર એનો બેહતરીન ઈલાજ છે. આ સફરમાં ખાનએ ખુદાની હાજરી, પછી રવઝએરસૂલની હાજરી અને પોતાના મુરબ્બી, મુરશિદ હાજી સાહેબની સેવામાં હાજરી થકી દિલ અને રૂહને નવી ઉર્જા અને હિમ્મત મળશે, એ વિચારે આપ રહ. પાકો ઈરાદો કરીને નીકળી પડયા.

૪ ઝીલ્કઅદહના દિવસે આપ સફરે નીકળ્યા. મુંબઈ પહોંચ્યા, તો બધા હાજીઓ રવાના થઈ ગયા હતા, અમુક લોકો બાકી હતા. હજના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

૧૨ – ૧૪ દિવસ બાકી હતા. જહાઝ આવ્યું અને જિદ્દહની ટીકીટ પણ વેચાવા લાગી, હજ મળવી મુશ્કેલ હતી. કારણ કે તુર્કી સલતનત તરફથી નવો નિયમ આવ્યો હતો કે જિદ્દહ જતા દરેક જહાઝે જિદ્દહ પહેલાં કામરાન ટાપુ ઉપર દસ દિવસ કોરોન્ટાઈન તરીકે રોકાવું પડશે, જયાં એમની શારીરિક તંદુરસ્તીનું પરીક્ષણ કરવામાં આવશે અને પછી જ આગળ જવા દેવામાં આવશે. આ દસ દિવસ અને સફરના દસ બાર દિવસ ગણવામાં આવે તો હજ મળવી મુશ્કેલ જ હતી. લોકોએ આપને સફરથી રોકવાની ઘણી કોશિશ કરી પણ આપ રહ. માન્યા નહીં. આખરે જહાઝ રવાના થયું, સાતમાં દિવસે અદન પહોંચ્યું, અને થોડો સમય રોકાયને ત્યાંથી સીધું જિદ્દહના રસ્તે ચાલી નીકળ્યું. નવમા દિવસે જિદ્દહ પહોંચ્યું અને બધા બંદરગાહે ઉતરી ગયા. કોઈને ખબર પણ ન પડી કે કામરાન ટાપુ અને કોરોન્ટાઈનનો નિયમ શું છે ? સબબ અને બહાનું જે હોય તે, પણ અલ્લાહની કુદરતનો કરિશ્મો જરૂર કહી શકાય કે ઈમામે રબ્બાની રહ. જિદ્દહ પહોંચી ગયા. ચાર – પાંચ દિવસો બાકી હતા. જિદ્દહથી ઊંટો ભાડે કર્યા અને મક્કા પહોંચ્યા એના બીજા જ દિવસે હજના અરકાન શરૂ થઈ ગયા. સમયસર શાંતિથી આપ રહ. મીના પહોંચ્યા, પછી અરફાત, અને હજ પૂરી ફરમાવીને છેલ્લે મુરશિદે આલા હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ.ની ઝિયારત અને ખિદમતમાં હાજરી આપી.

ત્રીજી હજ પછી.

આ ત્રીજી હજ આપ રહ.ની છેલ્લી હજ હતી. અને આ હજ પછી નિરંતર તાલીમ – તદરીસમાં મશગૂલ થઈ ગયા. હવે પછી આપ રહ.એ હદીસ શરીફ સિવાયની બીજી કિતાબોની તદરીસ પણ ઓછી કરી દીધી. એક વરસમાં 'સિહાહે સિત્તા' (બુખારી, મુસ્લિમ, તિરમિઝી, નસઈ, અબૂદાવૂદ, ઈબ્ને માજહ) ખતમ કરાવી દેવાની આદત અને પરંપરા બનાવી લીધી અને આંખોની રોશની બાકી રહી ત્યાં સુધી આ પરંપરા ચાલુ રાખી. તાલીમ – તદરીસ સાથે બાતેની ઈસ્લાહ અને રૂહાની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તરબિયત – કેળવણીની મહેનત પણ ફરમાવતા હતા. કહી શકાય કે તે સમયે આપ રહ. ઝાહેરી અને બાતેની તાલીમના કેન્દ્ર હતા અને આપની સોહબત ઈસ્લામની સાચી અને પૂર્ણ તાલીમનું કેન્દ્ર હતી. અહિંયા 'કિતાબ'ની તાલીમ સાથે 'તઝકિયા'ની રોશની પણ મળતી હતી. વિશેષ કરીને હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.ની વફાત પછી એમના મુરીદોએ પણ આપ રહ. સાથે ઈસ્લાહનો સંબંધ જોડયો હતો, એટલે બાતેની તરબિયતનું વર્તૂળ વિશાળ થઈ રહયું હતું.

તઝકિરતુર્રશીદમાં છે કે, આપ રહ.એ એકવાર ખ્વાબ વર્ણવ્યું કે, હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.ને ખ્વાબમાં જોયા કે દુલ્હન બનીને આવ્યા છે. અને મારી (હઝરત ગંગોહી રહ.) સાથે એમના નિકાહ થયા. અને પછી તાબીર પણ પોતે બતાવતાં ફરમાવ્યું કે ખ્વાબનો મતલબ આ છે કે એમના બાળકો – મુરીદો અને તાલિબે ઈલ્મોની પરવરિશ હું કરી રહયો છું.

ત્રીજી હજ પછીની આપ રહ.ની વિવિધ પ્રવૃતિઓ, ખિદમતો, તઅલીમી, તરબિયતી અને જાહેરી – બાતેની ખિદમતોને લગતી કંઈક વિગત હવે રજૂ કરી રહયા છીએ.

દારૂલ ઉલૂમ દેવબંદ અને મઝાહિરે ઉલૂમ સહારનપૂરની સરપરસ્તી

દારૂલ ઉલૂમ દેવબંદ, પછી મઝાહિર ઉલૂમ અને અન્ય ઈસ્લામી મદરસાઓની સ્થાપનાની પરંપરા હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.ના મુબારક હાથોએ શરૂ થઈ હતી. મુહર્રમ ૧૨૮૩ હિ.માં દારૂલ ઉલૂમ દેવબંદ અને છ માસ પછી મઝાહિરુલ ઉલૂમ સહારનપૂરની શરૂઆત થઈ. આ બંને મદરસાઓ થકી કુરઆન અને હદીસ, ફિકહ અને શરીઅતની જે રોશની વિશ્વભરમાં પ્રસરી છે અને શરીઅત – તરીકત તેમજ તબ્લીગ અને તવહીદની જે તરબિયત ભારતના લોકોને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મળી, એમાં હઝરત ગંગોહી રહ.ની તવજ્જોહ, તરબિયત, નિગરાની અને માર્ગદર્શનનો મોટો ફાળો છે.

દારૂલ ઉલૂમ દેવબંદના સરપરસ્ત હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. હતા, તેઓ આપ રહ.ની યુવાની અને તાલીમના સમયના ગાઢ મિત્ર હતા. દારૂલ ઉલૂમ ખાતે સહુપ્રથમ નક્કી કરવામાં આવેલ ઉસ્તાદ મુલ્લા મહમૂદ દેવબંદી રહ.એ દિલ્હીમાં આપ રહ. પાસે શરૂની કિતાબો પણ પઢી હતી. મવલાના કાસિમ રહ. છાપખાનાઓમાં પ્રુફ રીડીંગનું કામ કરીને પોતાનું ગુઝરાન ચલાવતા હતા, એટલે દેવબંદમાં આપ રહ. વધારે સમય આપી શકતા ન હતા. ઉપરાંત દેવબંદનો મદરસો શરૂ થયો એના દસ વરસ પણ થયા ન હતા, મદરસો શરૂ કરવાના બધા ધ્યેય અને મકસદો પૂરા પણ થયા ન હતા અને હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.નો ઈન્તેકાલ થઈ ગયો. એટલે એમની વફાત પછી લોકોને એક એવા સરપરસ્ત, નિગરાન અને માર્ગદર્શકની જરૂરત હતી જે ઉમ્મતની દીની તાલીમ અને તરબિયત બાબતે હઝરત નાનોત્વી રહ.ના દિમાગથી વિચારતો હોય, એમના જેવી દીર્ઘદષ્ટિ ધરાવતો હોય અને વર્તમાનના નિર્ણયમાં ભવિષ્યનું આયોજન શામેલ હોય. દારૂલ ઉલૂમની સ્થાપનામાં શામેલ લોકો જાણતા હતા કે હઝરત નાનોત્વી રહ. અને હઝરત ગંગોહી રહ. એક સિક્કાની બે બાજુની જેમ હતા. દારૂલ ઉલૂમની સ્થાપના, અને પ્રગતિ બાબતે બંને સમાન રીતે વિચારતા હતા. સલાહ – મસલત અને મશ્વેરો કરતા રહેતા હતા. દારૂલ ઉલૂમના જલસાઓમાં પણ આપ રહ.ને વિશેષ મહેમાન તરીકે બોલાવવામાં આવતા હતા. એટલે સર્વસંમતિથી હઝરત નાનોત્વી રહ.ની વફાત પછી આપ રહ.ને દારૂલ ઉલૂમના સરપરસ્ત નક્કી કરવામાં આવ્યા. મદરસાની સ્થાપના અને બંધારણ મુજબ સરપરસ્તની કોઈ કાનૂની હેસિયત ન હતી, પણ દારૂલ ઉલૂમની પરંપરા મુજબ સરપરસ્તની સલાહ, વિશ્વાસ અને માર્ગદર્શનને હમેંશા આગળ રાખવામાં આવતાં હતાં.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દેવબંદ પછી મઝાહિર ઉલૂમ સહારનપૂરના પણ આપ રહ.ને સરપરસ્ત બનાવવામાં આવ્યા. બંને મદરસાઓની લગતી બાબતોમાં આપ રહ. પહેલેથી સલાહકાર અને કંઈક અંશે દખલ પણ ધરાવતા હતા, પણ દેવબંદમાં હઝ. નાનોત્વી રહ.ની વફાત (૧૨૯૭ હિ.) પછી તુરંત આપ રહ.ને સરપરસ્ત બનાવવામાં આવ્યા. મઝાહિરના સરપરસ્ત હઝરત મવલાના અહમદ અલી મુહદ્દિષ સહારનપૂરી રહ.ની વફાત પછી હઝ. મવ. મુહમ્મદ મઝહર સાહેબ રહ. (મૃ.૧૩૦૨ હિ.) હતા. એમના પછી હઝ. મવ. ફયઝુલ હસન સા. રહ.(મૃ.૧૩૦૪ હિ.) સરપરસ્ત હતા. અને એમની વફાત બાદ મઝાહિરના સરપરસ્ત તરીકે આપ રહ.ને નિયુકત કરવામાં આવ્યા. આમ હવે બંને મદરસાઓની દેખરેખ અને દરેક પ્રકારના ફેસલાઓની શકિત આપ રહ. પાસે જ હતી.

બંને મદરસાઓના ઝિમ્મેદારો અને ઉસ્તાદોની મોટી સંખ્યા આપ રહ. સાથે અકીદતનો સંબંધ ધરાવતી હતી. એટલે બંને મદરસાઓ મારફતે ઉલમા અને તલબાની તાલીમ અને તરબિયતનો લાંબો અને યોગ્ય સમયગાળો આપ રહ.ને મળ્યો અને આપ રહ.એ લગભગ એક તૃતીયાંશ સદી સુધી આ મદરસાઓની સરપરસ્તી ફરમાવી. પરિણામે બંને મદરસાઓ આપ રહ.ની તાલીમ – તરબિયત અને દીની – ઈસ્લામી વિચારસરણીના ઉચ્ચ નમૂના બની ગયા. આ જ કારણે આપ રહ.ને દેવબંદી વિચારધારાના સ્થાપક કહેવામાં આવે છે. દેવબંદિયતની રચના અને ઘડતરમાં જેટલું મહત્વનું અને પાયાનું યોગદાન આપ રહ.નું છે, એટલું કોઈ બીજી એક હસ્તીનું નથી.

તઝકિરતુર્રશીદ (૧/૨૪૭)ના લખાણથી માલૂમ પડે છે કે ૧૩૦૪ હિ.માં હઝરત મવલાના ફયઝુલ હસન સા. રહ.ના ઈન્તેકાલ પછી ઈમામે રબ્બાની રહ.ને મઝાહિર ઉલૂમના સરપરસ્ત બનાવવામાં આવ્યા હતા. પરંતુ 'તારીખે મઝાહિર'માં હઝરત શયખુલ હદીસ મવલાના ઝકરિયા રહ. લખે છે કે,

હઝરત મવલાના ફયઝૂલ હસન સા. રહ.ના ઈન્તેકાલ પછી ડીપ્ટી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સાહેબ રહ. મદરસાની વિશેષ દેખરેખ રાખતા હતા. કોઈ પણ પ્રકારની નાણાકીય કે વ્યવસ્થાકીય મદદ બાબતે પાછળ રહેતા ન હતા. ૧૮ ઝિલહજ ૧૩૧૩ હિ.ના રોજ એમનો ઈન્તેકાલ થયો તો એમના સ્થાને મદરસાની કમીટીના મેમ્બર ખ્વાજા અહમદ હસન સાહેબને મદરસાના વ્યવસ્થાપક નક્કી કરવામાં આવ્યા. મવલાના મઝહર સાહેબ રહ.ની વફાત પછી અત્યાર સુધી મદરસાને કોઈ રૂહાની મુરબ્બી અને સરપરસ્તની જરૂરત હતી, પણ અલ્લાહને ત્યાં દરેક કામનો એક સમય નક્કી છે, એટલે ડીપ્ટી સાહેબ રહ.ના ઈન્તેકાલ પછી જયારે લોકોને થયું કે મદરસા પ્રત્યે હવે વિશેષ ધ્યાન આપવાની જરૂરત છે, તો આ રૂહાની જરૂરત પૂરી કરવા હેતુ ઈમામે રબ્બાની હઝરત અકદસ ગંગોહીની સેવામાં મદરસાની સરપરસ્તી કુબૂલ કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી. મદરસાના કાગળોમાં ઈમામે રબ્બાની તરફથી આ સરપરસ્તી સ્વીકાર કરવાના લખાણ ઉપર ૯ રબી.આખર ૧૩૧૪ હિ.ની તારીખ લખાયેલી છે. (તારીખે મઝાહિર ૧/૬૫)

હઝરત મવ. નુરૂલ હસન સાહેબ દા.બ. લખે છે કે હઝરત નાનોત્વી રહ.ની વફાત પછી હઝરત ગંગોહી રહ.ને દારૂલ ઉલૂમના સરપરસ્ત અને પછી મઝાહિર ઉલૂમના સરપરસ્ત બનાવવામાં આવ્યા હતા. એમ તો હઝરત ગંગોહી રહ. બંને મદરસાઓની સ્થાપના દિવસથી જ સ્થાપકોના સલાહકાર, સહાયક અને બંને મદરસાઓમાં પોતાનો પ્રભાવ રાખતા હતા, પરંતુ દારૂલ ઉલૂમમાં હઝરત નાનોત્વી રહ.ની વફાત પછી મુખ્ય સરપરસ્ત બનાવવામાં આવ્યા હતા. આવું જ કંઈક મઝાહિરનું હતું. મઝાહિર ઉલૂમના સરપરસ્ત હઝરત મવલાના મુહમ્મદ મઝહર નાનોત્વી રહ. ઈલ્મ અને બુઝુર્ગીમાં આગળ હોવા છતાં હઝરત ગંગોહી રહ.ના નિયાઝમંદ હતા, એટલે એમનાથી મશ્વેરો કરતા રહેતા હતા, એટલે એમની વફાત પછી આપ રહ. જ મઝાહિરના સરપરસ્ત હતા. અલબત્ત મઝાહિર તરફથી સૈદ્ધાંતિક રીતે આપને સરપરસ્ત નિયુકત કરવાનો સમય પાછળનો છે એટલે મઝાહિરના સરપરસ્તોમાં આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.નું નામ ઘણા સમય પછી શામેલ કરવામાં આવ્યું.

આમ ખરી રીતે જોઈએ તો એક લાંબા સમય સુધી એટલે કે લગભગ ૨૫ વરસથી વધારે ઝમાનો આ બંને મદરસા આપ રહ.ની સરપરસ્તીમાં રહયા. આ બંને મદરસાઓના વધુ પડતા ઉસ્તાદો અને ઝિમ્મેદારો આપ રહ. સાથે જોડાયેલા હતા. એટલે એમના મારફત આપ રહ.ને આ મદરસાઓના ઉસ્તાદો અને તલબાની તરબિયતનો સોનેરી મોકો મળ્યો. અને એક તૃતીયાંશ સદી સુધી આપ રહ.ની તઅલીમ અને તરબિયત હેઠળ રહેવાને કારણે બંને મદરસાઓ આપ રહ.ની તઅલીમ તરબિયતનું કેન્દ્ર અને નમૂનો ગણાવા લાગ્યા.

હઝરત ગંગોહી રહ.ની તરબિયતના ફળસ્વરૂપ એમના અખ્લાક, કિરદાર, દષ્ટિકોણ અને વિચારોની અસર, ઈત્તેબાએ સુન્નતનું મહત્વ, બિદઅતથી દૂર રહીને નિખાલસ દીન – શરીઅત ઉપર અમલ, વગેરે બાબતોનું મહત્વ ઉસ્તાદો અને તલબામાં આવવા લાગ્યું. ઈલ્મ સાથે અમલ, અને ફિકહ સાથે હદીસ, રૂહાનિયત સાથે બિદઅતથી દૂર રહેવું, સામાજિક ખરાબીઓની સુધારણા માટે મહેનત કરવી અને દરેક પ્રકારના ફિત્નાઓ વિરુદ્ધ દઢતાથી ઉભા રહેવું...બંને મદરસાઓના ઝિમ્મેદારો અને ઉસ્તાદોમાં આ ગુણો આપ રહ.એ સીંચી દીધા હતાં. આ મદરસાઓના તાલિબ ઈલ્મોએ આ બધી ખૂબીઓ અને નેકીઓની પૂરતી કદર કરી અને આ ગુણો લઈને જ તેઓ ભારતભરમાં અને વિશ્વભરમાં ફેલાયા અને મુસલમાનોમાં એનો પ્રચાર કર્યો. આ તઅલીમ અને દીની સ્વભાવને જ દેવબંદીયત કહેવામાં આવે છે અને આ બાબત જ આ મદરસાઓથી સંલગ્ન વ્યકિતઓની ઓળખ છે. (બાકીયાત ફતાવા રશીદીયહ : ૯૫)

હઝરત ગંગોહી રહ.ની સરપરસ્તીમાં દસ્તારબંદી

૧૩૦૧ હિ.નો દસ્તારબંદીનો જલ્સો દારૂલ ઉલૂમના ઈતિહાસમાં ઘણો મહત્વનો મનાય છે. આ જલ્સામાં કુલ ૧૧ ઉલમાની દસ્તારબંદી થઈ હતી, જે આગલા જલસાઓ કરતાં લગભગ બમણી હતી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અત્યાર સુધીના જલ્સાઓ માટે કોઈ વિશેષ તૈયારી કરવામાં આવતી ન હતી, જાહેર એલાન પણ કરવામાં આવતું ન હતું. સાદગી સાથે દેવબંદના અમુક સજ્જનો, ઉલમા અને બહારના અમુક ઉલમાને બોલાવી લેવામાં આવતા હતા. સામાન્ય લોકો માટે કોઈ દાવતનામું કે જાહેર આમંત્રણ બહાર પાડવામાં આવતું ન હતું. અલબત્ત હઝરત નાનોત્વી રહ.ની વફાત પછીના આ પ્રથમ જલ્સા માટે પહેલી વાર ૨૫૦ પોસ્ટર છપાવવામાં આવ્યાં. બે હઝાર પત્રો પણ છપાવીને લોકોને મોકલવામાં આવ્યા. અનેક વિશેષ લોકોને હાથથી વ્યકિતગત પત્રો લખીને વિશેષ દાવત આપવામાં આવી. ઉપરાંત આ જલ્સામાં દેવબંદના એક રઈસ તરફથી બધા જ હાજરજનો માટે ખાવા પીવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને જલ્સાનું આયોજન છત્તા મસ્જિદના બદલે નવી ઈમારતમાં રાખવામાં આવ્યું હતું. ૧૨૯૨ ના જલ્સા વેળા અકાબિરના હાથોએ જે નવી ઈમારતની પાયા વિધિ કરવામાં આવી હતી, એ હવે તૈયાર થઈ ગઈ હતી. હઝરત ગંગોહી રહ. ગંગોહ ખાતે પોતાની પાસે પઢતા તલબા સાથે દેવબંદ રવાના થયા, આપ રહ. જ વિશેષ મહેમાન હતા અને આપ રહ.ના હાથે જ દસ્તારબંદી થવાની હતી. બીજા દિવસે સવારે ફજર પછી જલ્સો શરૂ થયો, ૮ વાગ્યા સુધીમાં જલસાના પ્રોગ્રામો પૂરા થયા અને પછી દારૂલ ઉલૂમના સદર મુદર્રિસ હઝરત મવલાના યાકૂબ સાહેબે તકરીર ફરમાવી જેમાં અંતે નવી ઈમારતના ખર્ચ અને આવનારી જરૂરતોનો હિસાબ રજૂ કરવામાં આવ્યો. આ તકરીર પછી એલાન કર્યું કે આ વરસે તાલીમ પૂર્ણ કરનાર ૧૧ તલબાની દસ્તારબંદી હઝરત અકદસ ગંગોહીના હાથે કરવામાં આવશે અને દસ્તારો હઝરત ગંગોહી રહ.ના સામે લાવીને મુકવામાં આવી. હઝરત ગંગોહી રહ.એ ફારિગ થનાર ઉલમાના માથે વારાફરતી દસ્તારો બાંધી. અને દરેકને વ્યકિતગત કંઈક કંઈક નસીહત પણ ફરમાવી.

આ ૧૧ વિદ્યાર્થીઓ નીચે મુજબ છે :

(૧) મવલાના અશરફ અલી થાનવી.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૨) મવલાના અલાઉદ્દીન નાનોત્વી.
(૩) મવલાના મુહમ્મદ ઈસ્હાક નહટોરી.
(૪) મવ. મુહમ્મદ યહયા કાંધલવી.
(૫) મવલાના અબ્દુલ મોમિન દેવબંદી.
(૬) મવલાના ઝફર હસન દેવબંદી.
(૭) મવલાના મુહમ્મદ સિદ્દીક દેવબંદી.
(૮) મવ. મુહમ્મદ યહયા દેવબંદી.
(૯) મવલાના કાઝી નુસ્રતુદ્દીન નગીનવી.
(૧૦) મવ મુહમ્મદ મુરતઝા દહેલ્વી.
(૧૧) મવલાના અબ્દુરર્હમાન મુરાદાબાદી.

અને પછી દસ્તારબંદી જલ્સો ખતમ થવાનું એલાન કરવામાં આવ્યું.

તઝકિરતુર્રશીદમાં લખવા મુજબ દરેકને મદરસા તરફથી જ ખાવાની દાવત પેશ કરવામાં આવી. અનેક હઝાર લોકોને વારા ફરતી કરીને ખાણું ખવડાવવામાં આવ્યું.

બીજા દિવસે જુમ્અહની સવારે બહારથી આવનાર અકીદતમંદો અને ઉલમાએ કિરામ તરફથી, વિશેષ કરીને દારૂલ ઉલૂમના મોહતમિમ હઝરત મવલાના રફીઉદ્દીન સાહેબ રહ. અને મવલાના મુહમ્મદ યાકૂબ રહ.એ આગ્રહપૂર્વક અરજ કરી કે કંઈક નસીહત અને વઅઝ સાંભળવાની તમન્ના પૂરી કરવામાં આવે તો આપ રહ.એ ફરમાવ્યું કે વઅઝ તો મવલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી રહ.નો હક અને કામ હતું. હું વઅઝ કહેતો જ નથી. અલબત્ત તમારા લોકોનો આગ્રહ છે તો જુમ્અહની નમાઝ પછી જે યોગ્ય લાગશે એ કહી દઈશ. આમ જુમ્અહની નમાઝ પછી આપ રહ.એ તકરીર ફરમાવી.

આ વઅઝ ઘણી જ અસરકારક હતી. વાર્ષિક રિપોર્ટમાં આ વઅઝનો ઉલ્લેખ કરતાં હઝરત મવલાના રફીઉદ્દીન સાહેબ રહ. લખે છે :

વઅઝ ઘણી જ અસરકારક હતી. લોકોને અલ્લાહની મુહબ્બતની શરાબના જામ પીવડાવી દીધા. ઈમારત પણ જાણે આ વઅઝથી મસ્ત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

થઈ ઝુમી રહી હતી. એવી અજીબ કેફિયત હતી જે કદી જોયી કે સાંભળી નથી. અલ્લાહ તઆલાએ એના વિશેષ બંદાઓના સીધા – સાદા શબ્દો, સાદા બયાન અને ધીમા – ધીરા શબ્દોમાં શું અસર મુકી છે કે માણસોની સાથે ઝાડ – પથ્થરોને પણ અસર કરી જાય છે. મવલાનાએ કોઈ ઊંડી અને ગાઢ વાતો વર્ણન નથી ફરમાવી, વુઝૂ અને નમાઝના મસ્અલાઓ જ વર્ણવ્યા હતા. ઈખ્લાસ વિશે વર્ણવતાં કોઈ અનુસંધાને એકવાર જોરથી 'અલ્લાહ' કહયું તો – શી ખબર કેવા દર્દે દિલથી અને કેવી અસરથી કહયું કે આખી મજલિસે વઅઝ રડી પડી, લોકોની આહ અને રુદનથી મસ્જિદ ગુંજી ગઈ. દરેક માણસ મસ્ત હતો. લોકોએ જોયું કે આ સ્થિતિમાં આપ રહ. શાંતિ અને વકારથી મિમ્બર ઉપર ખામોશ બેસેલા છે અને લોકો તરફ ધ્યાન આપી રહયા છે. અને જો આપ રહ. તવજ્જુહ ન આપત તો લાંબો સમય મજલિસમાં આ જ અસર બાકી રહેત. (તઝકિરતુર્રશીદ : ૧/૨૫૧)

જલ્સા પછી થોડા દિવસ દેવબંદમાં રોકાઈને ગંગોહ પરત આવવા રવાના થયા. દેવબંદથી ગંગોહ પરત ફરતાં સહારનપૂર રોકાયા. ત્યાંના ઉલમાએ થોડો સમય મદરસામાં રોકાવાની દરખાસ્ત કરી તો આપ રહ. ત્યાં રોકાય ગયા. મદરસાના જિમ્મેદારોએ આ મોકાને ગનીમત સમજીને અરજ કરી કે અમારા મદરસામાં હજુ સુધી દસ્તારબંદીનો કોઈ જલસો થયો નથી. આપ રહ. અમારે ત્યાંથી તાલીમ પૂરી કરનાર બે તલબાને માથે દસ્તારબંદી ફરમાવી આપો તો આ અમારા બધા માટે સઆદત અને ગૌરવની વાત બનશે. આપ રહ.એ મંજૂરી આપી તો તુરંત દસ્તારની વ્યવસ્થા કરવામાં આવી અને જુમ્અહની નમાઝ પછી જામેઅ મસ્જિદમાં મવલાના ફખ્રુદ્દીન ગંગોહી અને મવલાના મુહમ્મદ જાન પંજાબી સાહેબના માથે દરસ્તારબંદી કરવામાં આવી અને પછી ગંગોહ આવવા રવાના થયા.

સરપરસ્તીના કરિશ્મા

અગાઉ આ વાત આવી ગઈ છે કે, મદરસાની સ્થાપના અને બંધારણ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુજબ સરપરસ્તની કોઈ કાનૂની હેસિયત ન હતી, પણ દારૂલ ઉલૂમની પરંપરા મુજબ સરપરસ્તની સલાહ, વિશ્વાસ અને માર્ગદર્શનને હમેંશા આગળ રાખવામાં આવતાં હતાં. અને શકય હોય ત્યાં સુધી મજલિસે શૂરા એના ઉપર અમલ કરવા માટે પોતાને બાધ્ય સમજતી હતી.

હઝરત ગંગોહી રહ. સરપરસ્ત હોવાની પોતાની આ હેસિયત અને સ્થાન સારી રીતે સમજતા હતા. એટલે મદરસાનો ફાયદો સમજીને નિખાલસતાથી જ કોઈ મંતવ્ય મજલિસે શૂરા સમક્ષ રજૂ કરતા હતા, પણ એનો આગ્રહ રાખતા ન હતા અને મજલિસે શૂરા પણ આ બાબતે બધું જોઈ વિચારીને હઝરત રહ.ના મંતવ્યને અપનાવતી હતી કાં અપનાવતી ન હતી.

એકવાર આપ રહ.એ દારૂલ ઉલૂમના ઝિમ્મેદારોને મશ્વેરો આપ્યો કે તાલીમી કોર્સમાંથી યૂનાની ફિલોસોફી અને મન્તિક (લોજિક)ના વિષયોને બિલ્કુલ ખતમ કરી દેવામાં આવે. એનું પઢવું પઢાવવું બંને નુકસાનકારક છે. આપ રહ.ના મશ્વેરાને અનુસરીને ઝિમ્મેદારોએ પ્રથમ તો આ બંને વિષયોની કિતાબો તાલીમી કોર્સમાંથી હટાવી દીધી અને એક વરસ આ વિષયો વગર તાલીમ પૂર્ણ કરવામાં આવી. અલબત્ત બીજા વરસે ઝિમ્મેદારોએ કોઈ મસ્લેહત અને લાભ સામે રાખીને આ કિતાબો ફરીથી કોર્સમાં શામેલ કરી દીધી અને એની તાલીમ રાબેતા મુજબ દારૂલ ઉલૂમમાં થવા લાગી. આપ રહ.એ ઝિમ્મેદારોના આ નિર્ણય બાબતે કોઈ વિરોધ કર્યો નહીં. ઝિમ્મેદારો પણ એમ વિચારતા ન હતા કે અમે સરપરસ્તના મશ્વેરા વિરુદ્ધ કોઈ ખોટું કામ કરી રહયા છે.

એક બીજી ઘટનામાં પણ મજલિસે શૂરાએ આપ રહ.ના મંતવ્યને અસ્વીકાર કર્યું, છતાં આપ રહ.એ એના વિશે કોઈ અણગમો ન હતો.

વાત એમ હતી કે હઝરત શૈખુલ હિન્દ રહ.ના ભાઈ મવલાના હકીમ મુહમ્મદ હસન સાહેબને ઝિમ્મેદારો તરફથી દારૂલ ઉલૂમના તબીબ નીમવામાં આવ્યા. આપ રહ. આ નિર્ણયને યોગ્ય ગણતા ન હતા. છતાં મજલિસે શૂરાનો નિર્ણય જ લાગુ થયો અને આપ રહ.એ આ બાબતે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કોઈ અણગમો કે નારાજગી વ્યકત કરી નહીં. સંસ્થાઓ સલાહ મશ્વેરાથી અને પરસ્પર એકબીજાથી રાજી રહીને જ ચલાવી શકાય. પોતાના મંતવ્ય કે મશ્વેરા ઉપર આગ્રહ રાખવો નુકસાન કરે છે, બલકે ઘણી વાર બહુમત સામે પોતાના મંતવ્યને પાછું ખેંચી લેવામાં સંસ્થાનો ફાયદો હોય છે અને પોતાની તેમજ અન્યોની નિખાલસતાનું સન્માન થાય છે. (મવ. રશીદઅહમદ ગંગોહી, હયાત વ કારનામે : ૧૩૯)

સરપસ્તીના આ ઝમાનામાં આપ રહ. વરસ દરમિયાન કદી કદી ગંગોહથી દેવબંદ પધારતા હતા અને એક બે દિવસ રોકાણ કરતા, મદરસા અને અન્ય વ્યવસ્થાઓ વિશે જાણકારી મેળવતા, સમીક્ષા કરતા, યોગ્ય લાગે એ મુજબ મશ્વેરો આપતા અને પાછા જતા રહેતા. વધારે રોકાવું એટલા માટે શકય ન હતું કે આ ઝમાનામાં ગંગોહમાં આપ રહ.નો દર્સે હદીસ જારી હતો.

દારૂલ ઉલૂમ દેવબંદના વિવાદનું સમાધાન

દારૂલ ઉલૂમ દેવબંદની સ્થાપના થયાના ૨૭ વરસ પછી લગભગ ૧૩૦૯ હિ.ની આસપાસ એક મોટો વિવાદ અને ફિત્નો એવો ઉભો થયો કે દારૂલ ઉલૂમના મકસદ અને અસ્તિત્વને પણ હાનિ પહોંચે એવી શકયતા હતી. હઝરત નાનોત્વી રહ.ની વફાત પછી આપ રહ. દારૂલ ઉલૂમના સરપરસ્ત હતા અને મુન્શી ફઝલ હક સાહેબ દારૂલ ઉલૂમના મોહતમિમ હતા. મુન્શી સાહેબ હઝરત નાનોત્વી રહ.ના શાગિર્દ હતા. હઝરત ઈમામે રબ્બાની રહ.ના ખલીફા હઝરત શૈખુલ હિન્દ મવલાના મહમૂદ હસન રહ. દારૂલ ઉલૂમના સદર મુદર્રિસ અને બીજા ખલીફા હઝરત મવલાના ખલીલ અહમદ સહારનપૂરી રહ. નાયબ સદર મુદર્રિસ હતા.

સંજોગો એવા બન્યા હતા કે માલ – દોલત અને દુન્યાવી મોભો ધરાવતા દેવબંદના અમુક નેતા પ્રકારના લોકો આ બંને મોટા ઉલમા પ્રત્યે અદાવત રાખતા હતા. તેઓ આ બંને ઉલમાને દારૂલ ઉલૂમમાંથી બહાર કાઢવા ચાહતા હતા. ઉપરાંત વૈચારિક દષ્ટિએ હઝરત ગંગોહી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ. સાથે પણ સહમત ન હતા. આપ રહ.ની સરપરસ્તી એમને સ્વીકાર્ય ન હતી એટલે આપ રહ.ની સરપરસ્તી પણ ખતમ કરવા ચાહતા હતા. આ લોકો એમનો મકસદ પૂરો કરવા દારૂલ ઉલૂમના મોહતમિમ સાહેબ મારફત એમનું કામ કઢાવતા હતા. મોહતમિમ સાહેબ મારફતે એમણે માંગણી રજૂ કરાવી કે મજલિસે શૂરાના સભ્યો વધારવામાં આવે અને દેવબંદના અમુક વડીલ લોકોને કમીટીમાં શામેલ કરવામાં આવે. આ માટે મોહતમિમ સાહેબે કોશિશ શરૂ કરી અને બીજા લોકો આ મકસદે મીટીંગો કરીને પેંતરાઓ રચવા લાગ્યા. બંને મોટા ઉલમાએ કિરામ સુધી આ બધી વિગતો આવતી હતી પણ તેઓ મદરસાના ફકત મુદર્રિસ હતા અને વ્યવસ્થાકીય બાબતો એમનાથી સંલગ્ન હતી નહીં એટલે કોઈ દખલ દેતા ન હતા. ધીરે ધીરે આવા લોકોની દખલ વધી ગઈ અને માહોલ એટલો ખરાબ થઈ ગયો કે આ બંને ઉલમાએ કિરામ માટે દારૂલ ઉલૂમમાં રહીને તઅલીમ તદરીસની ફરજ પૂરી કરવી અઘરી થઈ પડી. અંતે એમણે પોતાના શેખ, મુરબ્બી અને દારૂલ ઉલૂમના સરપસ્ત હઝરત ગંગોહી રહ.ને એક પત્ર લખીને બધી વાતો વિગતવાર રજૂ કરી. એમનો મકસદ આ હતો કે દીની ઈખ્લાસની બુનિયાદો ઉપર શરૂ થયેલ આ મદરસો ગેર મુખ્લિસ લોકોના હાથોમાં ન ચાલ્યો જાય. દેવબંદના આ કહેવાતા વડીલોને મદરસાની ઈલ્મી – દીની પ્રગતિની ફિકર ન હતી, બલકે તેઓ પોતાના મોભા અને સન્માન ખાતર મદરસા ઉપર કાબૂ મેળવવા ચાહતા હતા. આ બધી વિગત હઝરત ગંગોહી રહ.ના નામે લખવામાં આવેલ પત્રમાં દર્શાવી દેવામાં આવી. હઝરત ગંગોહી રહ.એ વિગતવાર જવાબ લખીને આ સ્થિતિમાં શું કરવું એના વિશે માર્ગદર્શન આપ્યું. આ જવાબમાં આપ રહ.એ લખ્યું હતું કે,

મારા પ્યારા દોસ્તો ! તમે શા માટે પરેશાન થાઓ છો ? તમે અલ્લાહ તઆલાના ફરમાન : ومن يتوكل على الله فهو حسبه ઉપર ભરોસો રાખો. (જે અલ્લાહ ઉપર ભરોસો રાખશે, તો અલ્લાહ તઆલા એના માટે કાફી છે.) મદરસા સાથે તમારો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સંબંધ ફકત દર્સ આપવાનો છે. એ કરતા રહો. જો અલ્લાહ તઆલા મદરસો બંધ કરાવી દે તો તમે તમારા ઘરે બેસી રહેજો અને ચાલુ રહે તો દર્સ આપતા રહેજો. શહેરના લોકોને તમારાથી દર્સ નહીં કરાવવો હોય તો અલ્લાહ તઆલા તમારા માટે બીજો દરવાજો ખોલી દેશે. તમે પરેશાન ન થાઓ. ખબર – ચિંતા પણ ન કરો કે શું થઈ રહયું છે ? તમારા જેટલા હાથ પગ તો કોઈના નથી ચાલતા, છતાં તમે પોતાને હાથ પગ વગરના શા માટે સમજો છો ? હાલ તો તમારા કામ માટે કોઈ વિવાદ નથી. વિવાદ તો કમીટીના મેમ્બરોની સંખ્યા વધારવા માટેનો છે. હાજી સાહેબ મસ્લેહત મુજબ કામ કરી રહયા છે. શૂરાના સભ્યોએ મોહતમિમ સાહેબને બધી જવાબદારી સોંપી દીધી છે તો તમારે શો વાંધો ? માટે તમારા જેવા લોકોએ પરેશાન થવું બેકાર છે. તમારે કોઈ વાતે કંઈ બોલવાનું નથી. કોઈ પૂછે તો કહી દેજો કે દર્સ વિશે કંઈ પૂછવું હોય તો અમને પૂછો. મદરસાની વ્યવસ્થા અને સંચાલન અમારું કામ નથી. એટલે અમારે એમાં કોઈ દખલ દેવાની થતી નથી.

શૈખુલ મશાઈખનો આ શેર સામે રાખો :

قصدِ ظالم بسوئے کشتن ما -- دلِ مظلوم ما بسوئے خدا

اوردریں فکر تا بما چہ کند -- ما دریں فکر تا خدا چہ کند

(ઝાલિમનો ઈરાદો અમને કતલ કરવાનો છે, અને અમે મઝલૂમો દિલથી ખુદા તરફ ધ્યાન લગાવી બેઠા છે, ઝાલિમ વિચારી રહયો છે કે અમારા સાથે શું કરે ? અને અમે વિચારી રહયા છે કે અલ્લાહ એની સાથે શું કરશે ?)

અઝીઝો ! અઝલથી જ તકદીર લખાય ચુકી છે. મદરસા બાબતે પણ જે તકદીરમાં છે એ જ થશે. ચાહે કોઈ પહેલ કરે કે કોઈ બચાવ કરે.

આપણે કોણ છીએ ? આપણને ભલે એમ લાગે કે બધું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપણા હાથમાં છે, પણ આપણો કોઈ ઇખ્તીયાર નથી. આપણા ઉપર જે વીતશે એ અલ્લાહની મહેરબાની જ હશે અને દુનિયામાં જે કંઈ થશે એ બધું મસ્લેહત મુજબ જ થશે. મદરસો બરબાદ થાય કે બાકી રહે. આપણી ઇઝઝત હોય કે ઝિલ્લત ! આ બધું કોઈ બાજીગરના ખેલ સમજીને છોડી દયો અને તમારા દર્સમાં મશગૂલ રહો. બીજી બધી ચિંતાઓ લોકો ઉપર છોડો. દરેક માણસ પોતાના વિચારમાં મગ્ન છે. કોઈ ફસાદી પણ કંઈ કરી શકતો નથી અને કોઈ સુધારક પણ કંઈ સુધારી શકતો નથી. બધું અલ્લાહ તઆલા જ કરે છે.

وما تشاؤن الا أن يشاء الله

من از بیگانگاں ہرگز نہ نالم- کہ با من آنچہ کرد آن آشنا کرد

અલ્લાહ મોટો રહમ કરનાર છે. કિસ્સો પૂરો થાય છે. ત્યાંના સમાચારની રાહ જોઉ છું. માણસ છું, પોતાના દોસ્તો માટે દુઆ કરું છું અને ભલાઈ માંગું છું. તમને કોઈ તકલીફ નહીં થાય. સંતોષ રાખો. મદરસો પણ કયાંય નથી જવાનો. દરેકના કરતૂત એના માથે સમજીને શાંતિથી બધું જોયા કરો અને ઉફ પણ ન કરશો.

હઝરત અકદસ ગંગોહી રહ.ના આ જવાબ પછી બંને ઉલમાએ કિરામ ફિત્નાને લગતી ચિંતા છોડીને એકચિત્તે દર્સ – તદરીસમાં મશગૂલ થઈ ગયા. અલ્લાહની તકદીર ઉપર રાજી રહીને પછી આ બાબતે બોલવાનું અને વિચારવાનું પણ બંધ કરી દીધું.

બીજી તરફ હઝરત ગંગોહી રહ. ખામોશ અને બેફિકર ન હતા. એમણે આ ફિત્નાની અસર અને નુકસાનનો અંદાઝો કરીને દારૂલ ઉલૂમને એનાથી બચાવવાની કોશિશો શરૂ કરી દીધી. ફિત્નાનું મુળ દેવબંદના અમુક એવા આગેવાનો હતા જેમને મદરસા ઉપર પ્રભુત્વ મેળવવું હતું અને એમાં આડરૂપ હઝરત ગંગોહી રહ.ની સરપરસ્તી અને બે મુખ્ય મુદર્રિસોને હટાવવા જરૂરી હતા. આ મકસદ પાર પાડવા તેઓ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઇચ્છતા હતા કે પહેલાં મજલિસે શૂરાના સભ્યોની સંખ્યા વધારીને એમાં પોતાના ગ્રુપના સભ્યો વધારી દેવામાં આવે. આ બધા માટે તેઓ મદરસાના મોહતમિમ સાહેબને મોહરું બનાવતા હતા. આવી સ્થિતિમાં એકદમ મદરસાના મોહતમિમ જનાબ હાજી મુન્શી ફઝલ હક સાહેબને હટાવવાથી વધારે હંગામો થાય એ સ્પષ્ટ હતું, પણ હઝરત ગંગોહી રહ.એ અલ્લાહ ઉપર ભરોસો કરીને મખ્લૂકનો કોઈ ખોફ રાખ્યા વગર વહેલી તકે મુન્શી સાહેબને હુકમ કર્યો કે તેઓ તુરંત પોતાની જવાબદારીઓ છોડીને રાજીનામું આપી દે. મુન્શી સાહેબ માટે હઝરત અકદસ ગંગોહી રહ.નો હુકમ માનવા સિવાય કોઈ છુટકારો ન હતો. એમણે રાજીનામું આપવું પડયું અને હઝરત ગંગોહી રહ.એ કોઈને કંઈ સમજ પડે એ પહેલાં હઝરત નાનોત્વી રહ.ના ખાનદાનના એક બુઝુર્ગ આલિમ મવલાના મુહમ્મદ મુનીર સાહેબ રહ.ને મોહતમિમ બનાવી દીધા. મુન્શી ફઝલ હક સાહેબ ૧૩૧૦ હિ.માં મોહતમિમ બનાવવામાં આવ્યા હતા. અને એક દોઢ વરસમાં ૧૩૧૧ હિ.માં મવલાના મુનીર સાહેબને એમના સ્થાને બદલી દેવામાં આવ્યા. મવલાના મુનીર સાહેબ બે વરસ મોહતમિમ તરીકે રહયા અને આ બે વરસમાં એમણે ફિત્નો ખતમ કરી દીધો અને દારૂલ ઉલૂમ ફિત્નાઓથી દૂર રહીને ફરી તાલીમી – તરબિયતી રાહ ઉપર આગળ વધવા માંડયો.

દારૂલ ઉલૂમ ઉપર પ્રભુત્વ મેળવવાની આ લોકોની કોશિશો સફળ ન થઈ તો એમણે હઝરત ગંગોહી રહ. વિરુદ્ધ અફવાહો ફેલાવવાનું શરૂ કરી દીધું. પ્રથમ આસપાસના લોકોને પ્રત્રો લખીને અને પછી પોસ્ટરો છપાવીને પ્રોપેગન્ડા શરૂ કર્યો. હઝરત ગંગોહી રહ. ગંગોહમાં રહેતા હતા, એટલે અહિંયાની અફવાહો અને જાણકારીઓ એમને ઉપરોકત બંનેવ ઉલમાએ કિરામ કોઈક વાર જાણ કરી દેતા હતા. હઝરત ગંગોહી રહ. એમને જણાવતા કે તમે શાંતિથી તમારું તાલીમી કામ કરતા રહો, હવે કોઈના ધૂળ ઉડાવવાથી કંઈ થવાનું નથી.

દારૂલ ઉલૂમને પોતાના હાથમાં લેવા ઇચ્છતા લોકો જયારે કોઈ પણ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રીતે કામ્યાબ ન થયા તો છેલ્લે એમણે સરકારને અરજી કરી કે,

આ મદરસામાં ખોટા વિચારો અને માન્યતાઓની તાલીમ આપવામાં આવે છે, આ લોકોના વિચારો બગાવતી છે. મદરસામાં વિલાયતી તલબા વધારે રાખવામાં આવ્યા છે. અને એક ઝમાનામાં મવલાના રશીદ ગંગોહીએ થાનાભુવનની બગાવતમાં ભાગ લીધો હતો. તેઓ સદાના સરકારના બાગી છે, એમની પાછલી ફાઈલો ખોલવામાં આવે. આ મદરસાને સરકાર પોતાના કંટ્રોલમાં લઈ લે, એ જ સારું છે, અથવા તો હાજી મુહમ્મદ આબિદ સાહેબને એના સરપરસ્ત નક્કી કરવામાં આવે, જેમને સરકાર તરફથી શમ્સુલ ઉલમાનો ખિતાબ આપવામાં આવ્યો છે.

ફસાદી લોકોની આ ચાલ ઘણી ખતરનાક હતી. હઝરત ગંગોહી રહ. બગાવતના ગુનામાં જેલમાં જઈ આવ્યા હતા. મદરસાના સ્થાપક હઝરત નાનોત્વી રહ.ને તો બગાવતના ગુનામાં ફાંસીની સજા થઈ હતી, અલબત્ત રાણી વિકટોરયા તરફથી જાહેર માફીના એલાનમાં છુટી ગયા હતા.

હઝરત શૈખુલ હિન્દ રહ. અને મવલાના ખલીલ સાહેબ રહ.ને જયારે આ અરજીની જાણકારી થઈ તો એમને ખતરાનો એહસાસ થયો. અને તેઓ પોતે ગંગોહ હાજર થયા. હઝરત અકદસ ગંગોહી રહ.એ અલ્લાહ ઉપર ભરોસો રાખીને બેફિકર થઈને ફરમાવ્યું કે, એમની આ બધી હરકતોથી કંઈ વળવાનું નથી. એ વેળા બગાવતના ગુનામાં કોઈ કરી શકયું નહી તો હવે શું થવાનું છે !

આ તરફ નવા મોહતમિમ મવલાના મુનીર સાહેબ રહ. સારી રીતે મદરસાની જવાબદારી નિભાવી રહયા હતા, સ્થાનિક રીતે ફિત્નાઓ ખતમ થઈ ગયા હતા, પણ બે વરસમાં જ એમનો ઈન્તેકાલ થઈ ગયો. એટલે હવે કોઈ યોગ્ય માણસની જરૂરત હતી જે દરેકના મતે સ્વીકાર્ય પણ હોય અને ઈખ્લાસ સાથે દારૂલ ઉલૂમને આગળ વધારે. આ બાબતે હઝરત મવલાના ખલીલ અહમદ સા. રહ.નું મંતવ્ય હતું કે હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.ના સાહબઝાદા હઝરત મવલાના હાફેઝ અહમદ સાહેબને મોહતમિમ બનાવવામાં આવે. આ નામ એમણે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ગંગોહી રહ. સામે રજૂ કર્યું અને સમયાંતરે યાદ પણ અપાવતા રહયા. હઝરત ગંગોહી રહ. પણ આ બાબતે સકારાત્મક હતા, અલબત્ત બીજા અમુક માણસો એમના વિશે સહમત ન હતા અને અમુક નામુનાસિબ વાતો હઝરત ગંગોહી રહ.સુધી પહોંચાડી રહયા હતા, બલકે તેઓ મવલાના ખલીલ અહમદ સાહેબ રહ.ને પણ કહેતા હતા કે, તમે હાફેજ અહમદ સાહેબ માટે મહેનત કરી રહયા છો, પણ તેઓ મોહતમિમ બન્યા તો તમે મદરસામાં નહીં રહી શકો. તેઓ તમારા વિશે સારું નથી વિચારતા. આવા લોકોને મવલાના ખલીલ અહમદ સાહેબ રહ. સીધું સંભળાવી દેતા કે મારા રહેવા કે ન રહેવાથી કોઈ ફરક પડતો નથી. મદરસાની તરક્કી મહત્વની છે. મારા માટે કોઈ બીજો દરવાજો ખુલી જશે. હું ફકત મારા પગાર માટે મદરસાની તરક્કી અને ભલાઈને ભૂલી જાઉ એ શકય નથી.

અંતે હઝરત ગંગોહી રહ.એ મવલાના હાફેજ અહમદ સાહેબ રહ.ને દારૂલ ઉલૂમના મોહતમિમ બનાવી દીધા. આ ઘટના લગભગ ૧૩૧૪ હિ.ની છે. તેઓ લગભગ ૩૩ વરસ દારૂલ ઉલૂમના મોહતમિમ રહયા. ૨૪ વરસ હઝરત ગંગોહી રહ.ની વફાત પછી પણ તેઓએ આ જવાબદારી નિભાવી અને એમના સંચાલન – ઈન્તેઝામ થકી દારૂલ ઉલૂમ એક વૈશ્વિક ઈસ્લામી સંસ્થા બનીને આગળ આવ્યો.

મઝાહિર ઉલૂમમાં ફિત્નો

અગાઉ આવી ગયું એ મુજબ હઝરત ગંગોહી રહ.ને ૧૩૧૪ હિ.માં મઝાહિર ઉલૂમના આધિકારિક રીતે સરપરસ્ત નક્કી કરવામાં આવ્યા હતા. આપ રહ.એ મઝાહિરના સરપરસ્ત નક્કી થયા પછી તુરંત આ મદરસાની તઅલીમ – તરબિયતની ફિકર શરૂ કરી દીધી. આ માટે આપ રહ.એ મવલાના ખલીલ અહમદ સહારનપૂરી રહ.ને દેવબંદ પત્ર લખીને હુકમ ફરમાવ્યો કે તમે દેવબંદ છોડીને વહેલી તકે સહારનપૂર ખાતે મઝાહિરમાં આવી જાઓ. આપ રહ.એ પત્રમાં લખ્યું હતું કે,

મદરસા મઝાહિરની સરપરસ્તી મને સુપરદ કરવામાં આવી છે,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને મજબૂરીમાં આ નેક કામ માથે લેવું પડયું છે. મદરસાની દરેક પ્રકારની નિગરાની મારા ઝિમ્મે છે, એટલે આજની તારીખે મારી નજરમાં મદરસાની ભલાઈ એમાં છે કે તમે સહારનપૂરના આ દીની મદરસામાં સદર મુદર્રિસ બનીને આવી જાઓ. દેવંબદના લોકો તમને છોડવા રાજી નહીં હોય પણ સમયનો તકાઝો આ જ છે, માટે આ વાત માનવામાં મોડું ન કરશો. (ગંગોહથી.તા.૩,જમા.આખર.૧૩૧૪ હિ.)

આમ હઝરત ગંગોહી રહ.એ સરપરસ્તી કુબૂલ ફરમાવી એના પછી તુરંત મઝાહિર ઉલૂમ માટે તાલીમી – તરબિયતી તરક્કીના રસ્તા ખુલવા લાગ્યા. પછીના વરસોમાં દુકાળ છતાં મદરસા માટે ચંદો અને ફાળો વધુ આવ્યો. તલબાની સંખ્યા વધવા માંડી, એટલે નવા બાંધકામ પણ શરૂ થયા, વગેરે.

આપ રહ.ની સરપરસ્તીના ચાર પાંચ વરસ થયા હતા કે ૧૩૧૮ – ૧૩૧૯ હિ.માં મઝાહિરમાં પણ અમુક ટ્રસ્ટીઓના સ્વાર્થના કારણે પરિસ્થિતિ ખરાબ થવા માંડી. અમુક ટ્રસ્ટીઓ ફકત પોતાનો મોભો બરકરાર રાખવા અને અંગત હિત સાચવવાને વધારે મહત્વ આપતા હતા. મદરસાની તઅલીમ – તરબિયતને મહત્વ આપતા ન હતા. એટલે ઘણીવાર તેઓ વ્યકિતગત ફાયદાને મદરસાના ફાયદાથી ઉપરવટ રાખતા હતા. હઝરત મવલાના ખલીલ અહમદ સહારનપૂરી રહ. સદર મુદર્રિસ હતા, તઅલીમ અને તરબિયતને નુકસાન કરતી બાબતોમાં આપ રહ. કોઈની વાત માનવા તૈયાર થતા ન હતા. એટલે આ ટ્રસ્ટીઓ એમને છુટા કરવા માંગતા હતા. અંતે મવલાના ખલીલ અહમદ સાહેબ રહ.એ પરેશાન થઈને બધી વિગત હઝરત ગંગોહી રહ.ની સેવામાં રજૂ કરી. હઝરત ગંગોહી રહ.એ સ્થિતિ વિચારીને નક્કી કર્યું કે પોતે જ મદરસાની સરપરસ્તીમાંથી છુટા થઈ જાય, એટલે કમીટીને પોતાનું રાજીનામું આપીને સરપરસ્તીમાંથી છુટા થઈ ગયા. કમીટીમાં અમુક માણસો હઝરત ગંગોહી રહ.ના અકીદતમંદ હતા, તેઓ આ રાજીનામું સ્વીકારવાના પક્ષમાં ન હતા, પરંતુ બીજું ગ્રુપ પ્રભાવી થઈ ગયું અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મવલાના ગંગોહી રહ.નું રાજીનામું સ્વીકારી લીધું. કમીટીના સભ્યો હવે આઝાદ હતા, એમણે તુરંત મવલાના ખલીલ અહમદ રહ.ને છુટા કરી દીધા અને એક બીજા મવલાનાને એમના સ્થાને સદર મુદર્રિસ તરીકે બોલાવી પણ લીધા. આ તરફ હઝરત ગંગોહી રહ.એ મવલાના ખલીલ અહમદ રહ.ને હુકમ કર્યો કે મદરસો છોડશો નહીં, એટલે તેઓ મદરસામાં જ રહી ગયા. હવે મદરસાના ટ્રસ્ટીઓમાં સ્પષ્ટ રૂપે બે ગ્રુપ થઈ ગયા અને લડાઈ – ઝઘડાની સ્થિતિ ઉભી થઈ ગઈ.

આ સંજોગોમાં કોઈકે સરકારી ગુપ્તચર ખાતાને રિપોર્ટ કરી કે આ ઝઘડાના કારણે શહેરમાં ગરબડ થઈ શકે છે અને સ્થિતિ બગડી શકે છે, એટલે સરકારી ખાતાઓ તરફથી સ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો અને વાસ્તવિકતા જાણવાના પ્રયાસો કરવામાં આવ્યા. પછી એક દિવસ અચાનક મેજીસ્ટ્રેટ નસીમુલ્લાહ ખાનના હુકમથી ઈન્સ્પેકટર 'સાહેબ અલી' પોતાની ફોર્સ લઈને મદરસામાં આવી ચડયા. ઈન્સ્પેકટર કડક સ્વભાવના હતા. બધા એમનાથી ડરતા હતા. મદરસામાં આવીને એમણે જોયું કે એક બુઝુર્ગ તલબાને સબક પઢાવી રહયા છે. આ મવલાના ખલીલ અહમદ રહ. હતા. એણે સ્થિતિ ઉપર કાબુ મેળવીને ટ્રસ્ટીઓના બંને પક્ષોને બોલાવ્યા અને ધમકાવ્યા કે તમે પોતે જ પરસ્પર સુલહ કરી લ્યો એ બેહતર રહેશે, નહીતર નુકસાન થશે. અને એના માટે બેહતર આ જ છે કે કોઈ ત્રીજા પક્ષને તમારા વચ્ચે લવાદ નક્કી કરો અને બંને પક્ષો એની વાત માનવા સહમત થઈ જાઓ.

દુનિયાદાર ગ્રુપ પોતાની વગ અને ઓળખાણના કારણે એમ સમજતું હતું કે ઈન્સ્પેકટર અને મેજીસ્ટ્રેટ સાથેની ઓળખાણના કારણે આપણું કામ સરળ રહેશે એટલે એમણે ઈન્સ્પેકટર અને મેજીસ્ટ્રેટને જ લવાદ બનવાની અરજ કરી દીધી. સામા પક્ષે પણ લાચારીએ આ વાત સ્વીકારી લીધી. આ બંને અધિકારીઓએ પ્રથમ તો બંને પક્ષો પાસે કરારનામા ઉપર સહી કરાવી કે લવાદના નિર્ણયને માન્ય રાખશે. પછી મદરસામાં બધી તપાસ કરી. મદરસાના રજિસ્ટરો અને રિપોર્ટ મંગાવ્યા. અને છેલ્લે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઠરાવબુક મંગાવીને એમાં પોતાનો નિર્ણય લખ્યો કે,

આ મદરસાના પાંચ મેમ્બરોએ મુદર્રિસે અવ્વલ મોલ્વી ખલીલ અહમદ સાહેબને છુટા કરવાનો નિર્ણય કર્યો છે, પણ અલગ કરવાનું કોઈ કારણ લખ્યું નથી. મોલ્વી ખલીલ અહમદને એમની વાત રજૂ કરવાનો મોકો પણ નથી આપ્યો. પાછલા કાગળો જોતાં સ્પષ્ટ થાય છે કે મોલ્વી ખલીલ અહમદ સાહેબને છુટા કરવા જોઈએ નહીં. એમની કોઈ ભૂલ કે બેદરકારી હોય એવું પણ લાગતું નથી..... હવે મોલ્વી સાહેબને કોઈ વિશેષ કારણ વગર છુટા કરવામાં આવ્યા છે, એ કમીટીના સઘળા મેમ્બરોની સહમતી ન હોવાથી મુનાસિબ નથી. આજ પછી અમારા મત મુજબ મોલ્વી ઝુલ્ફિકાર સાહેબ દેવબંદી, મોલ્વી અબ્દુર્રહીમ સાહેબ રાયપૂરી અને મોલ્વી અશ્રફ અલી થાનવીને મદરસાના સરપરસ્ત નક્કી કરવામાં આવે. તઅલીમ, તરબિયત અને ઉસ્તાદોની નિયુકિત વગેરે બાબતો એમના મશ્વેરાથી કરવામાં આવે. શહેરના અન્ય અગ્રણીઓ મેમ્બર તરીકે કાર્યરત રહે અને ચંદો – ફાળો ભેગો કરવા અને મદરસાના સંચાલનમાં મદદ કરે. ૧, ફેબ્રુઆરી. ૧૯૦૩.

ત્યાર પછી આ ત્રણેવ સરપરસ્તો તા. ૨૬ ઝીલ્કદ ૧૩૨૦ હિ.ના રોજ મદરસામાં પધાર્યા અને તઅલીમ તરબિયત વિશે નવા નિર્ણયો લીધા અને ઠરાવબુકમાં એની નોંધ કરી.

આ ફિત્નાનો અંજામ પૂર્ણ રીતે મવલાના ખલીલ અહમદ સાહેબ રહ. અને હઝરત અકદસ ગંગોહી રહ.ની મરજી મુજબનો રહયો. મવલાના ખલીલ અહમદ સાહેબ રહ. સદર મુદર્રિસ તરીકે બરકરાર રહયા. અને સરપરસ્તીમાં હઝરત અકદસ ઈમામે રબ્બાની ગંગોહી રહ.ના સ્થાને જે ત્રણ નામો નક્કી કરવામાં આવ્યા, એ ત્રણેવ ઈમામે રબ્બાનીના અકીદતમંદો અને વિશ્વાસુ હતા. થોડા દિવસ પછી મવલાના ઝુલફિકાર સાહેબ રહ.નો ઈન્તેકાલ થઈ ગયો તો એમના સ્થાને એમના જ સાહબઝાદહ મવલાના મહમૂદ હસન (શૈખુલ હિન્દ) રહ.ને સરપરસ્ત બનાવવામાં આવ્યા, એટલે અંતે આ મદરસાની સરપરસ્તી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ગંગોહી રહ.ના ખલીફાઓ પાસે આવી ગઈ, બલકે કહી શકાય કે હઝરત ગંગોહી રહ.ની વફાત પછીની પરેશાનીનો હલ પણ એમાં આવી ગયો. કારણ કે આ વિવાદના ત્રણ ચાર વરસ પછી જ હઝરત ગંગોહી રહ.નો ઈન્તેકાલ થઈ ગયો. એટલે અલ્લાહ તઆલાએ હઝરત ગંગોહી રહ.ની હયાતીમાં જ એમના મુરીદોને મદરસાના સરપરસ્ત બનાવીને મદરસાને એમણે બતાવેલ રસ્તે આગળ વધવાની રાહ સરળ કરી દીધી.

બધું જોતાં આ એક ગેબી વ્યવસ્થા કહી શકાય કે ધીરે ધીરે બંને મદરસાની સરપરસ્તી, દેખરેખ હઝરત ગંગોહી રહ.ના હાથમાં આવી ગઈ, હઝરત ગંગોહી રહ.ના મુરીદો અને ખલીફાઓ જ બંને મદરસાઓના મોટા ઉલમા અને ઉસ્તાદો બન્યા કે બનાવવામાં આવ્યા, અને આમ હિંદુસ્તાનમાં હઝરત ગંગોહી રહ.એ નક્કી કરેલ બિદઅત અને રિવાજોથી પાક, કુરઆન વ હદીસના સહીહ રસ્તે ચાલનાર એક નવી જમાઅતની સ્થાપના થઈ અને આ જ તરીકાને પાછળથી 'અહલે સુન્નત વલ જમાઅત મસ્લકે દેવબંદ' તરીકે ઓળખવામાં આવ્યો.

તાલીમ – તદરીસનો બીજો દોર

આપ રહ.ની તદરીસ અને ઈલ્મી ખિદમાત દિલ્હીથી તાલીમ પૂરી કરીને આવ્યા પછી તુરંત જ શરૂ થઈ ગઈ હતી. ગંગોહમાં એ દિવસોમાં જ મોલ્વી સય્યિદ મોમિન અલી સાહેબને શર્હે જામી નામની કિતાબ પઢાવવાની શરૂ કરી દીધી હતી. ત્યારથી લઈને છેલ્લે આંખોની રોશની ખતમ થતાં સુધી (૧૨૬૫ હિ. થી ૧૩૧૪ હિ. સુધી) તઅલીમ અને તદરીસ ચાલુ જ રહી.

આ દરમિયાન અમુક મહીનાઓ સુધી નવાબ સાહેબને ત્યાં પઢાવવાનું કામ, પછી ૧૮૫૭નો બળવો અને એમાં આપ રહ.ની ધરપકડની ઘટનાઓ, ત્રણવાર હજની સફર, વગેરે બધો સમય આવી જાય છે.

અલબત્ત પ્રથમ હજ પછીના દસ વરસ અને ત્રીજી હજ પછીના ૧૪ વરસ આપ રહ.ની તાલીમના બે લાંબા દોર કહી શકાય. જેમાં એક ચિત્તે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપ રહ. ફકત તાલીમ – તદરીસની સેવા આપતા હતા, અને એના થકી જ આપ રહ.નો ઈલ્મી ફૈઝ લોકો સુધી પહોંચ્યો. આ દિવસોમાં તાલીમ સાથે રૂહાની તરબિયતની ખિદમત પણ જારી રહી. અગાઉ આવી ગયું છે કે પ્રથમ હજ પછીના તાલીમી દિવસોમાં હઝરત મવલાના સહારનપૂરી રહ., હઝ. શૈખુલ હિંદ રહ. વગેરે બુઝુર્ગો આપ રહ.ના હાથે બયઅત થયા અને ત્રીજી હજ પછીના તાલીમી દોરમાં હઝ. શૈખુલ ઈસ્લામ મવલાના મદની રહ. વગેરે આપ રહ.ના હાથે બયઅત થયા.

તાલીમી ખિદમતના આ બે દોરમાં આટલો ફરક છે કે પ્રથમ આપ રહ. હદીસ શરીફ ઉપરાતં ફિકહ અને અન્ય અરબી – દીની વિષયની લગતી કિતાબો પણ તલબાને એમની જરૂરત મુજબ પઢાવતા હતા. તઝકિરતુર્રશીદમાં મવલાના કાદિર અલી સાહેબના નામના એક મોટા આલિમનું કથન છે કે વરસો પહેલાં મેં હિદાયા ષાની હઝરત ગંગોહી રહ. પાસે પઢી હતી, અને ત્યારે હઝરત ગંગોહી રહ.એ દર્સ દરમિયાન ફરમાવ્યું હતું કે આ હું ૧૪ મી વાર તમને હિદાયા પઢાવી રહયો છું.

અલબત્ત ત્રીજી હજ પછી ફકત હદીસ શરીફનો જ દર્સ પઢાવતા હતા. આપ રહ.ને હદીસ શરીફ સાથે વધારે લગાવ હતો. દીની તાલીમના નામ ઉપર દીની વિષયો સિવાય ફલસફા, મન્તિક વગેરે વિષયો અને એના લગતી કિતાબોની તાલીમમાં સમય આપવાને આપ રહ. પસંદ કરતા ન હતા બલકે એક રીતે નુકસાનકારક સમજતા હતા.

આપ રહ.ને દારૂલ ઉલૂમના સરપરસ્ત બનાવવામાં આવ્યા ત્યાર પછી આપ રહ.એ આવી બધી કિતાબો કોર્સ – નિસાબમાંથી બાકાત કરી દેવાની સલાહ આપી હતી, અને થોડા સમય માટે આ કિતાબોની તાલીમ બંધ કરી દેવામાં આવી હતી, અલબત્ત પાછળથી ફરીવાર દારૂલ ઉલૂમમાં આ કિતાબોની તાલીમ શરૂ થઈ ગઈ અને આપ રહ.એ પણ એના ઉપર કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો. આમ છતાં આપ રહ. પોતે આ બધા વિષયોની તાલીમ પસંદ ફરમાવતા ન હતા એટલે છેવટે આ વિષયોની તાલીમ બંધ કરીને ફકત હદીસ શરીફનો દર્સ પઢાવતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આખું વરસ પાબંદી સાથે હદીસ શરીફનો દર્સ પઢાવતા હતા અને 'સિહાહે સિત્તા' (હદીસ શરીફની મોતબર અને મશહૂર છ કિતાબો) એક વરસમાં આપ રહ. એકલા જ પૂરી પઢાવતા હતા. વરસ દરમિયાન બધી કિતાબોની તાલીમ સારી રીતે પૂરી કરવામાં આવતી હતી. કોઈ કિતાબ અધૂરી રહેતી ન હતી અને જરૂરત પ્રમાણે દરેક વિષય અને મસ્અલાની પૂરતી ચર્ચા – વિગત પણ દર્શાવવામાં આવતી હતી.

આપના બે વિશેષ શાગિર્દો હઝરત મવલાના મુહમ્મદ યહયા કાંધલવી રહ. અને હઝરત મવલાના માજિદ જોનપૂરી રહ.એ આપ રહ.ના દર્સની તકરીર અને નોંધ લખી હતી. હઝ. મવ. મુહમ્મદ યહયા રહ.એ બુખારી શરીફ અને તિરમિઝી શરીફના દર્સની લખેલ આવી તકરીરો અને નોંધ 'લામેઉદુરારી', 'અલકવકબુદુર્રી' વગેરે નામે છપાય ચુકી છે, જેની વિગત પાછળથી આવશે. આ કિતાબોથી આપ રહ. દર્સનો અંદાઝો કરી શકાય છે કે આ દર્સ પૂરા સ્પષ્ટીકરણ અને સમજૂતી સાથે જ થતો હતો. તલબાને દરેક મસ્અલાનો સંતોષ થાય અને હદીસ શરીફનો મતલબ સારી રીતે સમજમાં આવી જાય એનો ખ્યાલ રાખવામાં આવતો હતો.

આપ રહ.ના દર્સમાં શરીક થનાર તલબાની સંખ્યા દિવસે દિવસે વધતી જ જતી હતી. છેલ્લા વરસોમાં તો દવરએ હદીસમાં દેશ વિદેશના મળીને ૫૦થી વધારે તલબા રહેતા હતા.

દર્સે હદીસનો અંદાઝ

દવરએ હદીસની તાલીમમાં આપ રહ.ની તરતીબ આ હતી કે સહુપ્રથમ તિરમિઝી શરીફનો દર્સ પઢાવતા હતા અને જે મસ્અલા કે વિષયને લગતી હદીસ શરીફ હોય એ બાબતે બધા જ પાસાઓની વિગતવાર છણાવટ અને ચર્ચા ફરમાવતા હતા. તિરમિઝી શરીફની બધી હદીસોનો સરળ ભાષામાં તરજુમો કરતા, અઘરા કે મોંઘમ શબ્દોની સમજૂતી આપતા, કુરઆન શરીફની આયતોને સામે રાખીને હદીસનો મતલબ વર્ણવતા. સનદ અને રાવીઓ વિશે પણ જરૂરી વાતો રજૂ કરતા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હતા. ફિકહી રીતે હદીસ શરીફથી જે મસ્અલો પૂરવાય થાય એની સમજૂતી આપતા, એના અનુસંધાનમાં હનફી ફિકહ અને બીજા મઝહબની દલીલો અને હદીસો બાબતે પણ ચર્ચા ફરમાવીને હનફી ફિકહ મુજબ જે હુકમ હોય એની દલીલો પણ વર્ણવતા હતા.

ત્યાર બાદ બીજી કિતાબોના દર્સમાં બધી બાબતો વર્ણવતા ન હતા. હા, જે હદીસ નવી હોય એનો તરજુમો ફરમાવતા અને કોઈ વાત તિરમિઝી શરીફના દર્સમાં ન આવી હોય એની સમજૂતી આપતા હતા.

દર્સના અંદાઝ બાબતે આપબીતીમાં છે કે એકવાર હદીસ શરીફના દર્સ દરમિયાન આપ રહ.એ હનફી મસ્લકના મસ્અલા અને દલીલ બાબતે વિગતવાર વર્ણન ફરમાવ્યું. તલબાને આ વિગત સાંભળીને હનફી મઝહબના હુકમ બાબતે હદીસ અનુસાર હોવાનો ઘણો સંતોષ થયો અને ઘણા જ ખુશ થયા. એમાં કોઈક જોશમાં બોલી ગયું કે જો હઝરત ઈમામ શાફેઈ રહ. જીવતા હોત તો આ તકરીર સાંભળીને પોતાનો હુકમ પાછો લઈને આપ રહ.ના બતાવવા મુજબ હુકમ બતાવત. હઝરત ગંગોહી રહ.એ આ સાંભળ્યું તો ફરમાવ્યું : તોબા, તોબા, અસ્તગ્ફિરુલ્લાહ. હઝ. ઈમામ શાફેઈ રહ. મોજૂદ હોત તો મારી આ તકરીર એમના સામે ઘણી હલકી હોત, તેઓ મુજતિહદ હતા, તુરંત જવાબ આપીને એને રદ કરી દેત. હવે એ બધા મુજતહિદ ઈમામો આજે મોજૂદ નથી, આપણી સામે ફકત એમના કથનો અને હુકમો છે, એમણે જે દલીલો સામે રાખી હશે એ આપણી સામે નથી. અને આપણે ઈમામ અબૂ હનીફહ રહ.ના કથન – હુકમને અન્ય ઈમામોના કથન કરતાં વધારે કુરઆન – હદીસ અનુસાર સમજીએ છીએ, એટલે એના સમર્થનમાં દલીલો આપીને એને યોગ્ય ગણાવીએ છીએ. બાકી આજે ઈમામ શાફેઈ રહ. મોજૂદ હોત તો એમનું અનુસરણ કરવું જ આપણા માટે જરૂરી હોત. (આપબીતી : ૨/૭૫૨)

ટાઇમ ટેબલ

સામાન્ય પણે સવારે ફજર પછી ઈશરાક સુધી બધા અવરાદ –

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

વઝાઈફ પૂરા ફરમાવીને આઠ – સાડા આઠ વાગ્યે સબક શરૂ ફરમાવતા હતા. ત્રણ કલાક લગાતાર સબક પઢાવતા હતા. પછી ખાવાનું, સુવાનું અને ઝુહર પછી તિલાવતનો મામૂલ પૂરો ફરમાવીને સબક શરૂ ફરમાવતા અને અસરની નમાઝ સુધી સબક ચાલતો રહેતો. જે કિતાબ સવારે પઢવામાં આવી હતી એનો જ સબક આગળ ચાલતો હતો. એક કિતાબ પૂરી થયા પછી બીજી કિતાબ શરૂ ફરમાવતા હતા. એક સાથે બધી કિતાબો પઢાવવાનો આપ રહ.નો મામૂલ ન હતો. અસર વેળા મુસલ્લીઓ પણ કદી આવીને સબકમાં શરીક થઈ જતા અને તલબાની જેમ કદી કોઈ જરૂરી વાત પૂછી લેતા હતા. આપ રહ. બધાને એમની સમજ મુજબ જવાબ આપીને સંતોષિત ફરમાવતા હતા.

સામાન્ય પણે આપ રહ. હસમુખ અને નિખાલસ સ્વભાવના માણસ હતા. દરેક સાથે હસતા મોઢે કોઈ સંકોચ વગર મળતા અને વાત કરતા હતા. અલબત્ત દર્સ દરમિયાન તલબા સાથે ઓર વધારે નિખાસલ અને દોસ્તાના સ્વભાવ અપનાવતા હતા, જેથી કરીને કોઈ તાલિબે ઈલ્મ કંઈ પૂછવા ચાહે તો સહજતાથી પૂછી શકે. તાલિબે ઈલ્મ કિતાબ પઢતાં પઢતાં કદી થાકી જતો તો કોઈ એવી રમુજ કરતા કે રમુજી કિસ્સો વર્ણવતા કે બધામાં ચુસ્તી ફુર્તી પાછી આવી જતી. કદી તો એવો કિસ્સો વર્ણવતા કે બધા પેટ પકડીને હસતા હસતા થાકી જતા હતા.

એકવાર સબક દરમિયાન કિસ્સો વર્ણવ્યો કે હું દિલ્હીમાં તઅલીમ માટે હતો એ દિવસોમાં એક ભિસ્તી કમરે મશક લટકાવીને લોકોને પાણી પીવડાવતો હતો. કટોરો ખખડાવીને જોરથી બુમ પાડતો કે સબીલ હે, સબીલ હે. લોકો આવતા અને ઠંડુ પાણી પી ને તૃપ્ત થતા હતા. એક ગામડિયો આ બધું જોતો હતો, પણ એને સબીલનો મતલબ ખબર ન હતો. આખર એ પણ આવ્યો કે હું પણ સબીલ પીને જોઉં તો ખરો કે કેવી હોય છે ? ભિસ્તી સામે આવીને એણે હથેળીઓ ધરી તો ભિસ્તીએ એમાં મશકનું મોઢું ખોલી દીધું. એ ગટ ગટ પીવા લાગ્યો. સંયોગથી પાણીમાં બકરીની એક લીંડી આવી ગઈ, ગામડિયો એને જ સબીલ સમજીને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચાવી ગયો. અને પેટ ભરાય ગયા પછી કહેવા લાગ્યો કે આ ભિસ્તી સબીલના નામે આખું બજાર ગજવી નાંખે છે અને પછી આપે તો ફકત એક જ સબીલ !

આપ રહ. પાસે તાલીમ મેળવનાર તલબાની વિશેષતા આ હતી કે આપ રહ.ની તાલીમ અને સોહબતની બરકતથી બિદઅત, શિર્કીયા આમાલ, સામાજિક કે ધાર્મિક કુરિવાજો જેવી બુરાઈઓથી તોબા કરી લેતા હતા અને પોતે પણ પોતાના વર્તૂળમાં આ બધી બુરાઈઓ ખતમ કરીને સમાજ સુધારાની આગેવાની લેતા હતા.

તલબા માટેની વ્યવસ્થા

હઝરત ગંગોહી રહ. પોતાની ખાનકાહમાં જ દર્સ આપતા હતા. જે વરસે તલબા થોડા હોય તો ખાનકાહના હુજરામાં દર્સ આપતા હતા અને જયારે તલબા વધારે હોય તો મસ્જિદમાં દર્સ આપતા હતા. અહિંયા કોઈ વ્યવસ્થિત મદરસો ન હતો. વર્તમાન મદરસાઓની જેમ રહેવાના કમરા કે ખાવાની વ્યવસ્થા જેવું કંઈ ન હતું. હઝરત રહ. પણ અલ્લાહ ખાતર જ દર્સ તાલીમ આપતા હતા. આ તાલીમ – તદરીસનો કોઈ પગાર કે વઝીફો આપ રહ.ને મળતો ન હતો. ગંગોહ પણ ત્યારે ઘણો નાનો કસ્બો હતો. કોઈ હોટલ કે મુસાફરખાના ત્યાં ન હતા એટલે આપ રહ.ની સેવામાં આવતા તલબા સાચા અર્થમાં જ 'મહેમાને રસૂલ' હતા. રહેવાની વ્યવસ્થા તો ખાનકાહ અને મસ્જિદમાં થઈ જતી હતી, અલબત્ત ખાવા પીવા માટે આયોજનબદ્ધ કોઈ વ્યવસ્થા ન હતી. અમુક તલબાનું ખાણું આપ રહ.ના ઘરેથી આવતું હતું અને બીજા તલબાના ખાણા માટે ગંગોહના અમુક લોકોની મદદથી વ્યવસ્થા થઈ જતી હતી. વિશેષ કરીને આપ રહ.ના રિશ્તેદારો અલગ અલગ તલબાને પોતાને ત્યાં ખાણું ખવડાવતા હતા. અહિંયા તાલીમ કે ઈસ્લાહ માટે આવનાર ઉલમા – તલબા પણ ફકત ઈલ્મ અને ફૈઝ માટે જ આવતા હતા. જે કંઈ મળી જતું એના ઉપર સબ્ર – શુક્ર કરીને ખુશીથી રહેતા હતા.

આ તલબા અને ઉલમા દેશ – વિદેશના હોતા. અલગ અલગ બોલી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને રહેણી – કરણી ધરાવતા હોવા છતાં આપ રહ. દરેક સાથે એના સ્વભાવ અને સ્થાન મુજબ વર્તાવ કરવાની કોશિશ ફરમાવતા હતા. તલબાની ઈસ્લામી રહેણી – કરણી વિશે પણ દેખરેખ રાખતા હતા અને અન્ય બાબતોની તકેદારી પણ રાખતા હતા. એમની જરૂરતો વિશે પણ પૂછપરછ ફરમાવતા. જરૂરતમંદની મદદ ફરમાવતા, પરેશાની દૂર ફરમાવતા અને કોઈ ચિંતાની બાબત હોય તો એ વિશે પણ જરૂરી ઉપાય દર્શાવતા હતા.

એકવાર એક તાલિબે ઈલ્મના હાથમાં ખુલ્લી રોટી જોઈ, જે તેઓ કોઈના ઘરેથી લઈને આવી રહયા હતા. આપ રહ.એ એમને બોલાવીને પૂછયું કે તમારું ખાણું કોના ઘરે નક્કી છે ? એણે આપ રહ.ના કોઈ નજીકના સગાનું નામ લીધું. આપ રહ.એ ફરમાવ્યું : હવે ત્યાંથી ખાણું ન લાવશો, અમારા ઘરેથી આવી જશે અને બીજી તરફ રિશ્તેદારના ઘરે નારાજગીના સમાચાર પહોંચાડયા કે આ બિચારા પરદેશી લોકો ઈલ્મે દીન મેળવવા ખાતર તમારી રોટીનો સહારો લે છે તો તમે એમને દરવાજે આવતા ફકીરની જેમ સમજીને વર્તાવ કરો છો ? હવેથી તમારા ખાણાની જરૂરત નથી. એનો પણ ખુદા છે, કોઈ બીજી વ્યવસ્થા કરી દેશે. રિશ્તેદાર ખાતૂનને ખબર પડી તો ઘણા પછતાયાં અને આપ રહ.ની સેવામાં આવીને માફી માંગી, અને ઘણી આજિઝી સાથે અરજ કરી કે ફરીવાર આમ નહીં થાય અને હવે દસ્તરખાનમાં ઢાંકીને સન્માન સાથે ખાણું આપવામાં આવશે. તો પછી આપ રહ. રાજી થયા અને તાલિબે ઈલ્મને કહયું કે પહેલાં જયાંથી ખાણું લાવતા હતા ત્યાંથી લાવશો.

એમ તો આ નાનકડી ઘટના છે, પણ એમાં સબક છે કે ઉલમાની ઈઝઝત અને સન્માન બાકી રહેવું જોઈએ. ભલે એમનું ભરણપોષણ લોકોના જિમ્મે હોય, પણ એમાં સન્માન જળવાવું જોઈએ. અને લોકો માટે શિખામણ છે કે જે ઉલમા લોકોની દીની રાહબરી અને દીની – ઈલ્મી જવાબદારીઓ પૂરી કરે છે એમની ઈઝઝત અને સન્માન દિલોમાં હોવું જોઈએ. લોકોની દીની ખિદમત ખાતર તો બીજા ધંધા રોજગાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છોડીને તેઓ આ કામમાં લાગ્યા છે, જો એમની નાકદરી કરવામાં આવશે તો લોકો દીની ઈલ્મ અને ઈમાનની બરકતોથી મહરૂમ રહી જશે.

તઝકિરહ અકાબિરે ગંગોહ (૧/૩૩૪)માં છે કે, જે તાલિબે ઈલ્મ પણ આપ રહ. પાસે તાલીમ માટે આવતો એને પ્રથમ ત્રણ દિવસ પોતાનો વિશેષ મહેમાન સમજતા હતા અને દસ્તરખાન ઉપર પાસે બેસાડીને અથવા કમથી કમ ઘરેથી ખાવા મંગાવીને પોતાની મોજૂદગીમાં ખવડાવતા હતા. અલબત્ત પાછળથી જયારે તલબા વધારે આવવા લાગ્યા અને કામ – મશગૂલી વધી ગઈ તો તલબાને સાથે અથવા સામે બેસાડીને ખવડાવવાનો એહતેમામ થઈ શકતો ન હતો. છતાં ત્રણ દિવસની મહેમાની કરવાની પરંપરા બાકી હતી. એકવાર એવું થયું કે એક પંજાબી તાલિબે ઈલ્મ આપ રહ.ની સેવામાં આવ્યો. કોઈ કારણસર એમના માટે ઘરેથી ખાણું આવ્યું નહીં. આ તાલિબે ઈલ્મ મોલ્વી નૂર મુહમ્મદનો ઓળખીતો હતો. એમને આ બાબતની ખબર પડી તો નારાજ થયા અને હઝરત રહ.ની સેવામાં આવીને કહેવા લાગ્યા કે, શું તલબા મહેમાન નથી હોતા ? બીજા લોકો મહેમાન બનીને આવે છે તો એમને તો પોતે ખવડાવો છો અને આ તલબાને બીજાના હવાલે કરો છો, પછી એટલી તપાસ પણ નથી કરતા કે ઘરેથી ખાણું આવ્યું છે કે નહીં ? મોલ્વી નૂર મુહમ્મદ સાહેબ લખે છે કે તે વખતે ઘણું બધું બોલાય ગયું હતું, અને મને પોતાની આ ગુસ્તાખી ઉપર પાછળથી ઘણો અફસોસ થયો, પણ આપ રહ. ગરદન ઝુકાવીને મારી વાતો ધ્યાનથી સાંભળતા રહયા, હું આપ રહ.નો અદના શાગિર્દ હતો. છેલ્લે અફસોસ વ્યકત કરીને ફરમાવ્યું : બેશક મારી ભૂલ છે. હવેથી આવું નહીં થાય. અને ત્યાર પછી તલબાની મહેમાની કોઈ બીજા વિશ્વાસુને હવાલે કરતા ન હતા, ત્રણ દિવસની મહેમાનીનો ખ્યાલ પોતે જ રાખતા હતા.

૧૩૧૪ હિ. (૧૮૯૫ ઈ.) સુધી આ સિલસિલો જારી રહયો. આ દરમિયાન તઝકિરતુર્રશીદમાં લખવા મુજબ લગભગ ૩૦૦થી વધારે ઉલમાએ કિરામે આપ રહ. પાસે દવરહ પૂરું ફરમાવ્યું.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ દરમિયાન હિજરી સન ૧૩૦૯ હિ.માં એક સાથે અનેક એવી ઘટનાઓ ઘટી જેના કારણે ત્રણ વરસ સુધી સબક બંધ કરવો પડયો.

આ વરસે આપ રહ. લગાતાર કેટલાયે મહીનાઓ સુધી બીમાર રહયા, પરિણામે ઘણા કમઝોર થઈ ગયા. પછી આ જ વરસે આપ રહ.ના નવાસા હાફેજ મુહમ્મદ ઈસ્હાકની વફાત થઈ. પછી જમાદિલ ઉલા ૧૩૧૦ હિ.માં આપ રહ.ના સાહબઝાદહ મહમૂદ રહ. યુવાન વયે વફાત પામ્યા. પછી ૭ જમાલિદ ઉલા ૧૩૧૧ હિ.માં આપ રહ.ના અહલિયહ મોહતરમહનો ઈન્તેકાલ થયો. આ લગાતાર સદમાઓની આપ રહ.ની તબિયત ઉપર ઘણી અસર હતી. ઉપરથી ખાનકાહમાં ઈસ્લાહી તરબિયત માટે આવનાર લોકોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી હતી. દીની સવાલોની ટપાલ પણ ઘણી આવતી હતી એટલે ફતવાઓ લખવા માટે પણ ઘણો સમય આપવો પડતો હતો. એટલે ત્રણ વરસ દવરહની તઅલીમ બંધ રહી. ઉલમા અને તલબાનો આગ્રહ હતો, આપ રહ.ના ખાસ ખાદિમો પણ દર્સ શરૂ કરવા બાબતે લગાતાર આગ્રહ કરતા હતા, અલબત્ત આપ રહ.ને આ બાબતે કોઈ ઉત્સાહ જાગતો ન હતો. અંતે હઝરત શૈખુલ હદીસ રહ.ના દાદા અને હઝરત મવલાના ખલીલ અહમદ સહારનપૂરી રહ.એ મવલાના યહયા સાહેબ રહ. માટે વિશેષ આગ્રહ કર્યો કે એમને એકવાર દવરહ પઢાવી દેવામાં આવે તો ઘણા બધા આગ્રહ પછી રાજી થયા. એની ઘણી બધી વિગત હઝરત શૈખુલ હદીસ રહ. આપબીતીમાં, લામેઉદુરારી અને અલકવકબુદુર્રીના મુકદ્દમહમાં લખી છે. એનાથી આપ રહ.ના છેલ્લા દવરહના સબકની વિસ્તૃત જાણકારી પણ સામે આવે છે એટલે અત્રે એને રજૂ કરીએ છીએ.

છેલ્લો દવરહ

હઝરત શૈખુલ હદીસ રહ. લખે છે કે, મારા વાલિદ મવલાના યહયા સાહેબે બધી તઅલીમ મદરસા હુસૈન બખ્શ દિલ્હીમાં મેળવી હતી. અલબત્ત તેઓ હદીસ શરીફ અહિંયા પઢવા રાજી ન હતા, તેઓ ફરમાવતા કે, દિલ્હીના મદરસાઓમાં હદીસ પઢવાથી માણસ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગેરમુકલ્લિદ બની જાય છે. મારા ભાઈ મોલ્વી મુહમ્મદ સાહેબે હદીસ શરીફ ગંગોહમાં પઢી હતી એટલે હું હઝરત ગંગોહી રહ.નો ઘણો અકીદતમંદ બની ગયો હતો અને નક્કી કરી લીધું હતું કે હદીસ શરીફ તો ગંગોહમાં જ પઢીશ, નહીતર બાકી રાખીશ.

અહિંયા એક તરફ હઝરત ગંગોહી રહ.એ બીમારીઓ અને અશકિતના કારણે સબક બંધ કરી રાખ્યો હતો તો બીજી તરફ મદરસા હુસૈન બખ્શના ઝિમ્મેદારોનો આગ્રહ હતો કે મોલ્વી યહયા કમથી કમ મદરસાના બુખારી શરીફના ઈમ્તેહાનમાં શરીક થાય. એમ થાય તો અમારા દાદાના કારણે મદરસાની ખ્યાતિ અને વિશ્વસનિયતા વધે એમ હતું. મારા વાલિદ સાહેબે બુખારી શરીફના ઈમ્તેહાનમાં શરીક થવાનું સ્વીકારી લીધું અને નિઝામુદ્દીનના એક કમરામાં રહીને તૈયારી શરૂ કરી દીધી. મવલાના યહયા સાહેબ રહ. ફરમાવતા કે, મેં પાંચ – છ મહીનામાં બુખારી શરીફ, સીરતે ઈબ્ને હિશામ, તહાવી શરીફ, હિદાયહ, ફત્હુલ કદીર, વગેરે.. કિતાબોનો શરૂથી છેલ્લે સુધી પૂરા ધ્યાન પૂવર્ક મુતાલઅહ – અભ્યાસ કરી લીધો. મવલાના ખલીલ અહમદ સાહેબ રહ. પાસે બુખારી શરીફ, હઝરત શૈખુલ હિન્દ રહ. પાસે તિરમિઝી શરીફ અને અન્ય બુઝુર્ગો પાસે બીજી કિતાબોનું ઈમ્તેહાન હતું. પછી ખાવાની મજલિસમાં આ બુઝુર્ગો સાથે મારા દાદા પણ શરીક હતા, એમણે મારા દાદાને જણાવ્યું તે તમારા દીકરાએ એવા જવાબો લખ્યા છે કે હદીસના મોટા મુદર્રિસ પણ એટલું સારું નથી લખી શકતા.

આ ઈમ્તેહાન પછી મવલાના ખલીલ અહમદ સાહેબ રહ.એ હઝરત ગંગોહી રહ. સમક્ષ મવલાના યહયા સાહેબ રહ.નું નામ લઈને આગ્રહ કર્યો કે તેઓ ઘણા હોશિયાર છે, આવા હોશિયાર તાલિબે ઈલ્મ ભાગ્યે જ કોઈ કોઈ આવે છે, હઝરત ગંગોહી રહ. સાથે અમારા દાદાની જુની ઓળખાણ હતી. મારા વાલિદ મવલાના યહયાએ હદીસ તો ફકત ગંગોહમાં જ પઢવાની જે શરત કરી હતી, એ પણ જાણતા હતા, અંતે ૧ ઝિલકદ ૧૩૧૧ના રોજ તિરમિઝી શરીફ શરૂ કરીને ફરી દવરએ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હદીસનો સબક શરૂ ફરમાવ્યો. ગમ, સદમો અને અશકિત વગેરેના કારણે આ સબક ઘણો જ ઓછો અને ધીરે ધીરે થતો હતો. અને એક વરસ દોઢ મહીનામાં એટલે કે ૧૮ ઝિલહજ ૧૩૧૨ હિ.ના રોજ તિરમિઝી શરીફ પૂરી ફરમાવી. પછી ૨૨ ઝિલ્હજ, સોમવારના દિવસથી અબૂદાવૂદ શરીફનો સબક શરૂ થયો. આ દરમિયાન આંખોમાં મોતિયાના કારણે પાણી ઉતરવાનું શરૂ થયું તો આપ રહ.એ જલદી જલદી સવાર સાંજ કિતાબો પઢાવવાનું શરૂ કર્યું, અને ૭, રબીઉલ અવ્વલ ૧૩૧૩ હિ. ગુરૂવારના રોજ એટલે કે ત્રણ માસથી પણ ઓછા સમયમાં અબૂ દાવૂદ શરીફ પૂરી કરાવી દીધી. પછી ૯ રબીઉલ અવ્વલ, શનિવારે બુખારી શરીફનો પહેલો ભાગ શરૂ ફરમાવ્યો અને ૧, જમાદિલ અવ્વલના રોજ એને ખતમ કરીને બીજો હિસ્સો શરૂ ફરમાવ્યો. અને ૧૭ જમાદિલ આખરના રોજ બીજો હિસ્સો પણ પૂરો ફરમાવ્યો. પછી મુસ્લિમ શરીફ, નસઈ શરીફ, ઈબ્ને માજહ શરીફને પૂરી ફરમાવી. અને શાબાન ૧૩૧૩ના અંતે લગભગ બે વરસમાં દવરહની આ તઅલીમ પૂરી ફરમાવી.

હઝરત શૈખુલ હદીસ મવ ઝકરિયા સાહેબ રહ. અલકવકબમાં લખે છે કે જે ઉત્સાહથી હઝરત ગંગોહી રહ. દવરહ પઢાવી રહયા હતા, અને જે વિસ્તારથી હદીસના વિષયો બાબતે સમજૂતી આપતા હતા, એ જોતાં દવરહની આ તઅલીમ ચાર – પાંચ વરસ સુધી ચાલે એમ હતી, પરંતુ મોતિયા ઉતરી આવ્યાં અને આંખો કયાંક સંપૂર્ણ જતી ન રહે, એ બીકે જલદી જલદી કિતાબો પૂરી કરવામાં આવી.

મવલાના યહયા રહ.ને આપ રહ. પાસે દવરહ પઢવાનો ખાસ શોખ હતો અને વિશેષ એમના કારણે જ દવરહ ફરીથી શરૂ થયું હતું, અને વડીલોની તાકીદ પણ હતી, એટલે તેઓ દવરહની તઅલીમમાં ઘણી મહેનત અને પાબંદી કરતા હતા. હદીસની છ એ કિતાબોમાંથી એક હદીસનો સબક પણ છુટયો ન હતો. રોજ સબક પૂરો થયા પછી સબક દરમિયાન હઝરત રહ.એ ફરમાવેલ વાતોને અરબીમાં લખી લેતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને જયાં સુધી સબકની વાતોની નોંધ ન થઈ જાય, બીજું કોઈ પણ કામ કરતા ન હતા. આ દર્સી તકરીરો અને નોંધ પાછળથી લામેઉદુરારી, અલકવકબુદુર્રી, અલફયઝુસ્સમાઈ, અને અલ હલ્લુલ મુફહમના નામથી હઝરત શૈખુલ હદીસ રહ.ના હાશિયહ સાથે પ્રકાશિત થઈ છે. (મુકદ્દમહ અલકવકબ, મુકદ્દમહ લામેઉદુરારી, આપબીતી, તઝકિરતુર્રશીદ)

આપબીતીમાં છે કે હઝરત થાનવી રહ. ફરમાવતા હતા કે હઝરત ગંગોહી રહ.એ ગંગોહમાં પોતાની મસ્જિદમાં દર્સે હદીસ ફકત અલ્લાહના ભરોસે જ ચાલુ કર્યો હતો. એટલે પછી જયારે આંખોની રોશની ખતમ થવાથી દર્સ બંધ કરવો પડયો તો જે રકમ મદરસા – તલબાના નિભાવ ખર્ચ માટે આવતી હતી, એ પાછી કરી દેતા હતા. કોઈકે અરજ કરી કે હઝરત આ રકમો પાછી મોકલવા કરતાં એના આપનારની પરવાનગી લઈને કોઈ બીજા યોગ્ય સ્થળે વાપરવામાં આવે તો ? આપ રહ.એ જવાબ આપ્યો કે હું શીદને એમનાથી ઈજાઝત લેતો ફરું ? (૮૮૮)

મતલબ કે કોઈ નેક કામ માટે પણ આપ રહ. પોતે સામે ચાલીને કોઈની પાસે રકમ કે ખર્ચની માંગણી કરતા ન હતા.

અંધાપો :

હિજરી સન ૧૩૧૪ થી આપ રહ.ની આંખોની રોશની બિલકુલ ખતમ થઈ ગઈ હતી. આ વેળા લોકોએ અરજ કરી કે આંખોનો ઈલાજ કરાવી લેવામાં આવે. પણ આપ રહ. માન્યા નહીં.

એમ તો અન્ય બીમારીઓમાં પણ આપ રહ. તવક્કુલ કરીને ઈલાજ પ્રતિ વધારે ધ્યાન આપતા ન હતા. દવા બનાવી તૈયાર કરીને કોઈએ આપી તો સુન્નત સમજીને એને પી લેતા કે ખાતા હતા. એમાં સંકોચ કરતા ન હતા. અલબત્ત પોતે દવા – સારવાર માટે વધારે કોશિશ પણ કરતા ન હતા.

પરંતુ આંખોની રોશની ખતમ થઈ ગઈ તો એના ઈલાજ માટે બિલકુલ તૈયાર ન થયા. કેટલાયે દિવસો સુધી અનેક લોકો અનેક રીતે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈલાજ માટે અરજ અને આગ્રહ કરતા રહયા પણ દરેકને અલગ અલગ જવાબ આપીને ખામોશ કરી દેતા હતા. કદી કહેતા કે માણસે હવે બીજા અવયવો સાચવવાની જરૂરત છે. આંખ સાજી થઈને પણ શું કરશે ? જુઓ કારી અબ્દુર્રહમાન સાહેબે આંખો તો બનાવી લીધી પણ છ મહીનામાં જ એમનો ઈન્તેકાલ થઈ ગયો.

કોઈને જવાબ આપતા કે આંખો બનાવવામાં ઘણી તકલીફ થાય છે, નમાઝમાં પણ મુશ્કેલી પડે છે. આટલી બધી તકલીફ કોણ ઉઠાવે ?

કદીક આમ કહીને ટાળી દેતા કે, ભાઈ હું આંખો બનાવીશ નહીં. સાંભળ્યું છે કે આંખો બનાવ્યા પછી અમુક દિવસ સુધી તબીબ લોકો હલન ચલનથી મનાઈ કરે છે અને હું આ બુઢાપામાં નમાઝ છોડી શકું એમ નથી.

ડો. સુબ્હાન અલી સિવિલ સર્જન હતા. આ વિષયના નિષ્ણાંત તબીબ હતા. એમણે પોતે હાજર થઈને ખાતરી આપી કે હઝરત ! તમારી એક પણ નમાઝ કઝા નહીં થાય. ફકત અમુક કલાક હલન ચલનથી બચવાનું છે અને ફજરથી ઝુહર સુધીમાં બધો ઈલાજ થઈ જશે. તમે કોઈ પણ વાંધા વગર રુકૂઅ – સજદહ કરીને નમાઝ પઢી શકશો. તો એમને ટાળવા માટે કહેવા લાગ્યા કે, મારાથી તકલીફ સહન નથી થતી. અને આંખો વગર મારું કોઈ કામ કયાં અટકયું છે ? પછી વગર કામની આ તકલીફ શીદને વેઠું ?

ઉપરોકત ડો. સાહેબની દરખાસ્ત વિશે આપબીતીમાં છે કે ડો. સાહેબે એમ કહયું હતું કે કોઈ નમાઝ કઝા નહીં થશે. ફજર અવ્વલ સમયમાં અને ઝુહર આખિરી સમયમાં પઢી લેજો. અલબત્ત અમુક દિવસો સુધી સજદહ જમીન ઉપર કરવાથી બચવાનું છે. ઊંચો તકિયો મુકીને એના ઉપર સજદહ કરી લેશો. આપ રહ.એ જવાબ આપ્યો કે અમુક દિવસની નમાઝો આવી રીતે પઢવાની વાત તો દૂર. મને તો એક સજદહ પણ આવી રીતે કરવો કબૂલ નથી.

મોલ્વી અબ્દુલ્લાહ સાહેબે ઈલાજની અરજ કરી તો ફરમાવ્યું :

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હદીસે કુદસીમાં આવે છે કે અલ્લાહ તઆલા જે માણસની આંખો લઈ લે, અને તે એના ઉપર સબર કરે તો એનો બદલો જન્નત છે. શકય છે કે જન્નત માટે આ એક સબબ બની જાય, એટલે મને તો આંધળા રહેવું જ વધારે પસંદ છે.

અમુક ખાસ લોકોને એમ પણ કહયું કે, પહેલાં તો આંખો બંધ કરવી પડતી હતી, અલ્હમ્દુલિલ્લાહ ! હવે પોતે જ બંધ થઈ ગઈ છે તો એને ખોલવાની તમન્ના શા માટે કરું ?

એક ખાદિમે અરજ કરી કે હઝરત ! આપ હદીસનો દર્સ આપતા હતા. હવે આ ફૈઝ બંધ થઈ ગયો છે. આપ આંખો બનાવી લેશો તો ફરીથી હદીસનો નૂરાની ફૈઝ જારી થઈ જશે. આપ રહ.એ જવાબ આપ્યો કે આમાં મારા કોઈ અમલનો શું દખલ ? કુદરતને મંજૂર હતું ત્યાં સુધી હદીસનો દર્સ ચાલતો રહયો અને કુદરતે ચાહયું ત્યારથી બંધ થઈ ગયો.

૯ જમાદિલ આખર ૧૩૨૩ હિ.ના રોજ વફાત થઈ ત્યાં સુધી લગભગ દસેક વરસનો આ સમયગાળો અંધાપાનો છે. આ ઝમાનામાં હદીસનો સબક પણ બંધ કરી દીધો હતો. હવે પોતાના ઝિક્ર – અવરાદના મામૂલાતમાં અને મુરીદોની તરબિયત પ્રતિ વધારે સમય આપતા હતા.

હદીસની સનદ અને ઈજાઝત આપતા હતા, અને એ માટે જરૂરી હદીસો પઢતા કે પઢાવતા હતા અને આ સિલસિલો દિવસે દિવસે વધતો જતો હતો.

અન્ય દીની કામો પણ કોઈ અવરોધ વિના ચાલતા હતા. સમાજ સુધારણા, બિદઅતોનો ખાતમો, તસવ્વુફ અને સુલૂક માટે આવનાર મુરીદોની તરબિયતના કામો પણ જારી હતાં. બલકે હદીસનો સબક બંધ થઈ જવાથી હવે આ બધા કામો માટે વધારે સમય ફાળવતા હતા.

અગાઉ આવી ગયું છે કે લગભગ આ જ દિવસોમાં મઝાહિર ઉલૂમ સહારનપૂરની સરપરસ્તી આપ રહ.એ કુબૂલ ફરમાવી હતી એટલે દારૂલ ઉલૂમ દેવબંદની જેમ મઝાહિર ઉલૂમ વિશે પણ પૂરતી ફિકર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફરમાવતા હતા. અંધાપાના આ જ દિવસોમાં જ મઝાહિર ઉલૂમમાં પણ એક ફિત્નાએ માથું ઉચકયું હતું અને આપ રહ.ની હિકમત અને તબદીરથી એનો સુખદ અંત આવ્યો હતો. જેનું વર્ણન અગાઉ આવી ચુકયું છે.

આ ઝમાનામાં હિજરી સન ૧૩૧૭ માં મક્કા ખાતે આપ રહ.ના શેખ અને મુરશિદ હઝરત અકદસ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર રહ.નો ઈન્તેકાલ થયો. આપ રહ. ઉપર આ ઘટનાની ઘણી અસર થઈ. બલકે ત્યાર પછી આપ રહ.ના જીવનમાં એકાંત અને ઈબાદત પ્રત્યેનો લગાવ ઓર વધી ગયો. ખાવા – પીવા અને સુવા ઉઠવાનો ક્રમ પણ બદલાય ગયો. પોતાના મહબૂબ મુરબ્બી અને રૂહાની માર્ગદર્શકના અવસાનની એક સાચા મુરીદ અને અકીદતમંદ ઉપર શી અસર પડે છે ? એ શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી. સાચા મુરીદ માટે એના પીર અને મુરશિદનું સ્થાન માં – બાપ જેવું જ, બલકે અમુક અન્ય રીતે એમના કરતાં પણ વધારે હોય છે. તઝકિરતુર્રશીદમાં છે કે આલા હઝરત હાજી સાહેબ રહ.ની વફાતની ખબર હિંદુસ્તાનમાં ઈમામે રબ્બાની હઝરત ગંગોહી રહ. સુધી પહોંચી તો સદમા અને ગમના કારણે આપ રહ. કેટલાયે દિવસ સુધી ખાવું ખાય શકયા નહીં. કોઈની સાથે વાત કરવી, લોકો સાથે બેસવું પણ આપને મુશ્કેલ લાગતું હતું. ગમના કારણે વારંવાર આંખોમાંથી આંસુ નીકળી આવતા હતા. દિલને કાબુમાં રાખવાની ઘણી કોશિશ કરતા, છતાં આકુળ વ્યાકુળ થઈ જતા હતા.

મજલિસમાં જયારે પણ હઝરત હાજી સાહેબ રહ.ની વાત નીકળતી અથવા કોઈ આવનાર માણસ હાજી સાહેબ રહ.ની વફાત બાબતે તઅઝિયત કરતો તો આપ રહ.ની આંખોમાં આંસુ આવી જતાં. બેચેની વધી જતી. અંતે આપ રહ.ના ખાદિમો અને હાજર રહેનાર મુરીદો – ઉલમાએ નક્કી કર્યું કે શકય હોય ત્યાં સુધી આપ રહ. સમક્ષ હઝરત હાજી સાહેબ રહ.નો ઉલ્લેખ જ કરવામાં ન આવે. અને નવા આવનાર મહેમાનને પહેલેથી જ કહી દેવામાં આવતું કે ઈમામે રબ્બાની સામે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત હાજી સાહેબ રહ.ની વફાત કે હાજી સાહેબ રહ.ને લગતી કોઈ વાત કરવાનું ટાળવામાં આવે.

તઝકિરતુર્રશીદમાં છે કે આ ઝમાનામાં ધીરે ધીરે આપ રહ.ના જીવનમાં, આદત અને કાર્યક્રમમાં એવા ફેરફારો આવી રહયા હતા કે સમજદાર માણસને સમજમાં આવી જાય કે હવે આખિરતની સફરનો સમય નજીક આવી રહયો છે. દિવસે દિવસે આપ રહ.ની સેવામાં આવનાર લોકો વધી રહયા હતા. આપ રહ. પણ આવનાર દરેકને આવવાની અને ખાનકાહમાં રોકાણ કરવાની ઈજાઝત આપી દેતા હતા. કોઈને મના કરતા ન હતા. ઈબાદતનો સમય રોજ બરોજ વધી રહયો હતો. નઝર અને હદિયા સ્વીકારવાનું ઓછું કરી દીધું હતું. વારંવાર દુનિયાનો મોહ છોડવાની વઅઝ ફરમાવતા હતા. હવે સામાન્ય સંબંધી તરફ પણ વિશેષ ખાદિમ જેવું ધ્યાન આપતા હતા, બલકે એમ ચાહતા હતા કે કોઈ પણ રીતે લોકો ખાનકાહમાં આવે અને અલ્લાહનો ઝિક્ર કરતા થઈ જાય.. વગેરે...

જે વરસે વફાત થઈ એ છેલ્લા મહીનાઓમાં ભોપાલના નવાબ અને સુલતાન જહાં બેગમ તરફથી બયઅતની દરખાસ્ત આવી હતી, અને ઈમામે રબ્બાની રહ.એ અમુક શરતો સાથે એમની બયઅતની દરખાસ્ત કુબૂલ ફરમાવી હતી. આખો કિસ્સો આગળ આવી રહયો છે. ઈન્શાઅલ્લાહ.

વફાત :

આંખોની રોશની ખતમ થઈ ત્યારથી છેલ્લે સુધી બધા મામૂલાત અને કામો આપ રહ. પહેલાંની જેમ પૂરા કરતા હતા. અંધાપા સિવાય કોઈ માઝૂરી ન હતી, ઘડપણની કમઝોરી હતી. લાકડીના સહારે ઘરેથી ખાનકાહ આવતા અને ઘરે પરત જતા હતા. ખાનકાહમાં ખાદિમો અને મુરીદો મોજૂદ રહેતા એટલે જરૂરી કામકાજ પૂરા કરવામાં કોઈ વાંધો આવતો ન હતો. ઈમામત પણ પોતે જ કરાવતા હતા. આ જ ક્રમ મુજબ ૧૩૨૩ હિજરી, ઈદગાહમાં બકરઈદની નમાઝ પણ આપ રહ.એ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પઢાવી હતી.

તઝકિરતુર્રશીદમાં છે કે આ છેલ્લી ઈદ વેળા આપ રહ.ની સેવામાં ઉલમા અને મશાઈખની મોટી સંખ્યા હાજર હતી. જયારે આપ રહ. ઘરેથી ઈદગાહ જવા માટે પાલકી ઉપર સવાર થયા તો અનેક પવિત્ર હસ્તીઓ – બુઝુર્ગો આપ રહ.ની પાલકી ઉઠાવવા કે ફકત એક હાથ લગાવી દેવા પડાપડી કરી રહયા હતા. એક એવી શાન દેખાય રહી હતી કે કોઈ શહેનશાહને પણ નસીબ નહીં હોય.

ઈદની નમાઝ પઢાવ્યા પછી મિમ્બર ઉપર ચઢીને ખુત્બહ સંભળાવ્યો. પછી જરૂરી મસાઈલ ઉર્દૂમાં બયાન કર્યા. આ દરમિયાન વઅઝમાં ફરમાવ્યું કે,

હદીસ શરીફમાં છે કે અલ્લાહ તઆલા પાસે દુનિયાની હકીકત તુચ્છ મચ્છરની એક પાંખ જેટલી પણ હોત તો ખુદાના દુશ્મનોને એક ઘુંટડો પાણી પણ ન મળત. પછી શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.નો કિસ્સો વર્ણવ્યો કે આપ રહ. દુનિયાથી એટલા બધા બેનિયાઝ હતા કે એક જ કુર્તામાં પૂરી ઉમર પસાર કરી દીધી. કયાંકથી ફાટી જતો તો રસ્તે પડેલા કપડાનો કોઈ ટુકડો લઈ લેતા. ધોઈને સાફ કરતા અને એનાથી જ થીગડું મારી લેતા હતા.

ખુત્બહ પછી થોડીવાર ઈદગાહમાં રોકાયા અને પછી ઉલમા, મશાઈખ અને નેક મુરીદોના ખભે પાલકીમાં સવાર થઈ પાછા ખાનકાહમાં આવી ગયા.

જેમ જેમ દિવસો પસાર થતા હતા એમ એવા સંજોગો સામે આવતા હતા કે હવે વફાતના દિવસો નજીક આવી રહયા છે. ઘણા નેક લોકોને એવા ખ્વાબ આવ્યાં જેમાં આપ રહ.ની વફાત નજીક હોવાના ઈશારા મળતા હતા. હઝરત મવલાના અહમદ બુઝુર્ગ સુરતી (ડાભેલ–સીમલક) આ દિવસોમાં ગંગોહમાં હાજર રહતા. એમણે ખ્વાબમાં જોયું કે હઝરત ઈમામે રબ્બાની પાસે સાફ પાણીના અનેક માટલાંઓ ભર્યાં પડયાં છે. અને હાજર લોકો એમાંથી પાણી પી રહયા છે. જયારે બધા પી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચુકયા તો હું ઉઠયો અને છેલ્લે મેં પાણી પીધું અને મારા પછી પાણી પીનાર કોઈ વ્યકિત બાકી ન હતો.

એમણે બીજું એક ખ્વાબ જોયું કે ઘણા લોકો લાઈનબંધ બેસેલા છે. અને કોઈ માણસ આ બધા માણસો ઉપર પાક પાણી છાંટી રહયો છે. હું પણ છેલ્લી લાઈનમાં બેસેલો હતો. અને મારા ઉપર પણ પાણી છાંટવામાં આવ્યું.

એક ખ્વાબમાં એમણે જોયું કે તેઓ ઘરે જઈ રહયા છે. હઝ. ઈમામે રબ્બાની રહ. એમને વળાવવા થોડા દૂર સુધી આવ્યા અને મુસાફહો કરીને ફરમાવ્યું કે, જાઓ ! અલ્લાહ તમારી હિફાઝત કરનાર છે.

એક ખ્વાબમાં એમણે જોયું કે એક રેલગાડીમાં ઘણા લોકો સવાર છે, હું પણ એમાં સવાર છું. હઝરત ઈમામે રબ્બાની એને ચલાવી રહયા છે. એક સ્થળે રેલ રોકાયી અને બધાને ઉતારીને આગળ નીકળી ગઈ. હું રડતો રડતો પાછળ દોડયો કે મને સાથે લઈ જાઓ, રેલ રોકાયી નહીં, અને મવલાના રહ.એ મને ફરમાવ્યું કે, અહમદ ગભરાઓ નહીં, પોતાની શકિત મુજબ ચાલતા રહો, પગપાળા ચાલો. અમને પકડી લેશો, એટલે હું પગપાળા ચાલવા લાગ્યો અને ટ્રેન આગળ નીકળી ગઈ.

હઝરત મવલાના અહમદ બુઝુર્ગ સુરતી રહ.(જામિઅહ ડાભેલના ભુતપૂર્વ મોહતમિમ) ની ગંગોહ હાજરી અને ઉપરોકત ખ્વાબો વગેરેની પૂરી વિગત તઝકિરતુર્રશીદમાં અનેક સ્થળોએ લખવામાં આવી છે. આ બધી વિગત 'નુકૂશે બુઝુર્ગાં' (نقوش بزرگاں) પેજ નં : ૨૫૧ થી ૨૫૭ ઉપર પણ જોઈ શકાય છે.

એક માણસે ખ્વાબ જોયું કે હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. દેવબંદ તશરીફ લાવ્યા છે. ચહેરો સુરજની જેમ ચમકી રહયો હતો. અને લોકોને કહી રહયા છે કે મારો તો ઈન્તેકાલ થઈ ગયો છે, હું તો મોલ્વી રશીદ અહમદને લેવા આવ્યો છું. ૨૦ ઝિલહજ સુધીમાં લઈ જઈશ.

આ ખ્વાબ હઝરત ઈમામે રબ્બાની રહ. સામે વર્ણવવામાં આવ્યું તો આપ રહ.એ એની કોઈ તાબીર વર્ણવીને ખ્વાબ જોનારની બેચેની દૂર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરી દીધી. પણ પછી પોતે જ વારંવાર એમ કહેતા કે તાબીર તો તાબીર જ કહેવાય. આટલા દિવસોમાં તો માણસ કેટલીયે વાર મરી પરવારે. અને કદીક ફરમાવતા કે જો હાજી સાહેબ રહ. જ લેવા આવવાના હોય તો ઉમ્મીદ છે કે સારી રીતે જ લઈ જશે.

આ દિવસોમાં રોજિંદા ક્રમ મુજબ ખાનકાહમાં આપ રહ. મુકીમ હતા. ૧૨ કે ૧૩ જમાદિલ અવ્વલના સવારે ફજરની નમાઝ પછી આપ રહ. પાછા ફર્યા, પગરખામાંથી પગ કાઢીને બિસ્તર ઉપર મુકયો તો ખાદિમને દેખાયું કે પગની આંગળીઓ ઉપર લોહી છે. કપડાં ઉપર લોહી લાગેલું હતું. મસ્જિદમાં જઈને જોયું તો મુસલ્લા ઉપર પણ લોહી જામેલું હતું, બલકે મુસલ્લાથી નીચે ઉતરીને મસ્જિદની સફ પણ લોહીથી ભીની થઈ થઈ હતી. આપ રહ.ને પૂછવામાં આવ્યું તો ફરમાવ્યું કે મને તો એવો કોઈ એહસાસ જ નથી થયો કે કંઈ વાગ્યું હોય કે કોઈ જાનવરે ડંક માર્યો હોય, બલકે આપ રહ.એ આ બાબતને કંઈ વધારે મહત્વ ન આપીને કાગળનો એક ટુકડો લઈને થૂંક લગાવીને ઝખમની જગ્યાએ લગાવી દીધો.

લોકોએ અંદાઝો લગાવ્યો કે ખાનકાહના જે કમરામાં આપ રહ. એકાંતમાં ઈબાદત, નવાફિલ વગેરે અદા કરે છે ત્યાં તહજજુદમાં કે ફજરની સુન્નત વેળા કોઈ જાનવરે પગની છેલ્લી બે આંગળીઓમાં ડંક માર્યો હશે પણ નમાઝમાં ધ્યાન હોવાના કારણે આપ રહ.ને એનો એહસાસ નહીં થયો હોય.

આ વેળા તુરંત સાંપ કે અન્ય ઝેરી જાનવરના કરડવાથી થતી કોઈ અસર દેખાયી નહીં, અને આપ રહ. પણ આ બાબતને વધારે મહત્વ આપવા માંગતા ન હતા, એટલે લોકોએ પણ વધારે ધ્યાન આપ્યું નહીં. અલબત્ત લોહી ઘણું વહી ગયું હતું એટલે બીજા દિવસથી એની અસર દેખાવા માંડી. બીજા દિવસે કમઝોરી વધી થઈ. ઝેરની અસર હોય એમ ઊંઘ વધારે આવવા લાગી. વઝીફો પઢતાં જ તુરંત ઘસઘસાટ ગાઢ ઊંઘમાં પહોંચી જતા. આ બધું વધી ગયું તો ખાદિમોએ આપ રહ.ને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તબિયત વિશે પૂછયું. આપ રહ.એ જવાબ આપ્યો કે શરીરમાં કફ વધી ગયો છે, એના કારણે ઊંઘ વધારે આવી રહી છે. ચિંતાની કોઈ વાત નથી.

હવે દિવસે ને દિવસે કમઝોરી વધી રહી હતી અને ઊંઘ વધારે આવતી હતી. નમાઝોના સમયે આપ રહ. જાગી જતા અને પૂરી જાગૃકતા અને સભાનતાથી નમાઝ પઢાવતા હતા. પણ બીજા સમયમાં વઝીફા – દુઆઓ પઢતાં પઢતાં જ પોઢી જતા હતા.

આ સ્થિતિ ચિંતાજનક હતી. પણ પગના ઝખમ વિશે આપ રહ.એ એટલી અનદેખી કરી હતી કે માંખીઓથી બચવા ખાતર ફકત એક કાગળનો ટુકડો થુંક વડે ચોંટાડી દીધો હતો એટલે કોઈને પગ તરફ ધ્યાન જ ગયું નહીં કે આ ઝખમની અસરથી આ બધું થતું હોય શકે છે ! બધા જ આ સ્થિતિને સામાન્ય બીમારી કે કમઝોરી સમજી રહયા હતા. નમાઝના સમયે આપ રહ.ની આંખ ખુલી જતી, અઝાન વિશે પૂછતા અને વુઝૂ ફરમાવતા, સુન્નતો અદા કરીને ખાદિમોના સહારે મસ્જિદમાં આવીને ઈમામત ફરમાવતા હતા.

એવામાં અચાનક તા. ૨૭ જમાદિલ અવ્વલ સોમવારે ઈશા પછી રાત્રે સુવા માટે બિસ્તર ઉપર આવ્યા અને ખાદિમો પગ દબાવવા લાગ્યા ત્યારે અચાનક ટાઢ ચડી ગઈ અને શરીર ધ્રુજવા લાગ્યું. તુરંત શરીર ગરમ થઈ ગયું અને ભારે તાવ આવી ગયો. મંગળવારનો આખો દિવસ પણ આ જ સ્થિતિ રહી. સામાન્ય તાવ – ટાઢની સારવાર કરવામાં આવી રહી હતી. પરંતુ બુધવારે પણ આ જ સ્થિતિ રહી તો લોકોની ચિંતા વધી ગઈ. આપ રહ.ના સાહબઝાદા હકીમ મસ્ઉદ સાહેબે પોતાની દેખરેખ હેઠળ સારવાર શરૂ ફરમાવી. પછી જુમ્અહના દિવસે મુંબઈમાં રહેતા જનાબ હકીમ મુહમ્મદ ઈસ્માઈલ સાહેબ તશરીફ લાવ્યા. તેઓ ઈમામે રબ્બાની રહ.ના મુરીદ અને શાગિર્દ હતા. અનુભવી તબીબ અને હકીમ પણ હતા. તેઓ પણ ઈલાજમાં જોડાયા. પગની આંગળીઓ ઉપર જયાં ઝખમ થયું હતું વાદળી ચામઠાં દેખાય રહયાં હતા, એટલે ઝેરી જનાવરની અસરની શકયતાએ એનો પણ ઉપચાર શરૂ કરવામાં આવ્યો.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ પહેલાં કોઈકે એકવાર જાદુ કર્યું હતું અને ઈલાજ થકી એને દૂર કરવામાં આવ્યું હતું, એટલે એ શકયતાએ એની તદબીર પણ કરવામાં આવી. પરંતુ કોઈ ફરક પડતો ન હતો. તકદીરનો સમય આવી પહોંચ્યો હતો. કુદરતે ખુદાવંદીએ ઈમામે રબ્બાનીથી જે ખિદમત લેવાની હતી, એ પૂરી થઈ ચુકી હતી. અને આ બધું સફરે આખિરતની તૈયારી સ્વરૂપે થઈ રહયું હતું.

દસ દિવસ સુધી આ બધું ચાલતું રહયું. પગો ઉપર સોજો વધવા લાગ્યો, બીમારી અને દર્દ પણ વધી રહયું હતું, તઝકિરતુર્રશીદમાં છે કે ઈમામે રબ્બાની રહ. શનિવારથી જ રોજ પૂછતા હતા આજે શું વાર છે ? છેલ્લે જુમ્અહના દિવસે સવારે પણ પૂછયું કે આજે શું વાર છે ? ખાદિમોએ જણાવ્યું કે આજે જુમ્અહ છે તો ફરમાવ્યું : ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજીઉન. આ ૯ જમાદિલ આખર ૧૩૨૩ હિ.(૧૧ ઓગ. ૧૯૦૫)નો દિવસ હતો. જુમ્અહની અઝાન પૂરી થઈ અને પછી લગભગ સાડા બાર વાગ્યે મોતનો ફરિશ્તો આવી પહોંચ્યો અને આપ રહ. આખિરતની સફરે રવાના થયા. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજીઉન. આ જ દિવસે સાંજે મગરિબ પછી શૈખુલ હિંદ હઝરત મવલાના મહમૂદ હસન રહ.એ જનાઝહની નમાઝ પઢાવી અને મોહલ્લા સરાય પાસે આપ રહ.ને દફન કરવામાં આવ્યા.

વફાત વેળા આપ રહ.ની ઉમર ૭૮ વરસ ૭ મહીના ૩ દિવસ હતી.

ફતાવા બાકીયાતે રશીદીયહમાં મવલાના નૂરુલ હસન દા.બ. લખે છે કે વફાતના દિવસોમાં મવલાના મરગૂબ અહમદ લાજપૂરી રહ. આપ રહ.ની ખિદમતમાં ગંગોહ ખાતે હાજર હતા. વફાત પછી મવલાના મરગૂબ સાહેબ રહ.એ ખ્વામાં જોયું કે હઝરત ઈબ્રાહીમ અલૈ. તશરીફ લાવ્યા છે. મવલાના મરગૂબ સાહેબે હઝરત ઈબ્રાહીમ અલૈ.ની સેવામાં અત્રે આવવાનો સબબ જાણવાની અરજ કરી તો આપ અલૈ.એ ફરમાવ્યું : મોલ્વી રશીદ અહમદને લેવા આવ્યો છું. (૯૭)

તારીખે મશાઈખે ચિશ્તમાં હઝરત શૈખુલ હદીસ રહ. લખે છે કે,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સૂરત પાસે એક ગામમાં સુલેમાન મિયાં નામના એક માણસ હતા. એમણે ખ્વાબમાં જોયું કે એક તખ્ત ઉપર બે માણસો ઘણા જ નૂરાની ચહેરા વાળા બેસેલા છે. અને એક માણસ નીચે ઉભો છે. સુલેમાન મિયાંએ એનાથી પૂછયું કે આ મોટી હસ્તી કોણ કોણ છે ? અને સાથે તખ્ત ઉપર બેસેલા બીજા માણસ કોણ છે ? એણે જણાવ્યું કે આ મોટી હસ્તી તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ છે એ બીજા માણસ ડાભેલ મદરસાના મોહતમિમ મોલવી અહમદ બુઝુર્ગના પીર મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. છે. સુલેમાન મીયાંએ આ ખ્વાબ મવલાના અહમદ બુઝુર્ગ રહ. સમક્ષ વર્ણવ્યું તો એમણે પૂછયું કે તમે આ ખ્વાબ કયારે જોયું હતું ? એમણે વિચારીને જવાબ આપ્યો કે જમાદિયુલ આખરની આઠ કે નવ તારીખે જોયું હતું. આ જ તારીખ ઈમામે રબ્બાની હઝરત ગંગોહી રહ.ની વફાતની હતી.

હઝરત ગંગોહી રહ. પાસે તઅલીમ મેળવનાર અમુક તલબા

હઝ. મવલાના નુરુલ હસન રાશિદ સા. દા.બ. લખે છે કે હઝરત ગંગોહી રહ.ના ઝમાનામાં પરંપરા એ હતી કે ઉસ્તાદો પાસે પઢતાં પઢતાં જે તલબા થોડા આગળ વધી જતા તો હોશિયાર તલબા નવા આવનાર તલબાને આરંભિક નાની કિતાબો પોતે જ પઢાવવાનું શરૂ કરી દેતા. ઘણું કરીને આવા તાલિબે ઈલ્મ રિશ્તેદાર કે વતનથી આવનાર ઓળખીતા હોતા. હઝરત ગંગોહી રહ.એ આ જ રીત અપનાવી. અને આ આધારે આપ રહ. દિલ્હીમાં તઅલીમ મેળવતા હતા એ ઝમાનામાં મવલાના મુલ્લા મહમૂદ દેવબંદી રહ.ને આપ રહ. દિલ્હીમાં આરંભિક કિતાબો પઢાવતા હતા. આમ હઝરત મવલાના મુલ્લા મહમૂદ દેવબંદી રહ. આપના પ્રથમ શાગિર્દ હતા. પાછળથી તેઓ જ દારૂલ ઉલૂમ દેવબંદના પ્રથમ મુદર્રિસ બન્યા. એમના પછી હઝરત ગંગોહી રહ.ના મામાના બે દીકરાઓ : મવલાના અબુ ન્નસ્ર અને મવલાના અબુલકાસિમ સાહેબ રહ.ને આપના શાગિર્દ બનવાની સઆદત મળી.

મવલાના નુરુલ હસન સાહેબે આગળ ચાલીને મવલાના મુલ્લા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મહમૂદ દેવબંદી રહ. સાથે મવલાના મુનવ્વર અલી નકુડ, જિ. સહારનપૂરનું નામ પણ લખ્યું છે.

એમના લખવા મુજબ હઝરત મવ. મુફ્તી કિફાયતુલ્લાહ સાહેબ દહેલ્વી રહ. સીધી રીતે તો આપ રહ.ના શાગિર્દ નથી, અલબત્ત તેઓ દારૂલ ઉલૂમમાં પઢતા હતા એ દિવસોમાં હઝરત ગંગોહી રહ. પાસે આવન જાવન કરતા અને ઈલ્મી રાહબરી મેળવતા હતા.

ઉપરાંત મવલાના નુરુલ હસન સાહેબ દા.બ.એ હઝરત ગંગોહી રહ.ના ફતાવાના વિવિધ સંગ્રહો – મજમૂઆ વિશે અને હઝરત રહ.ની દર્સી તકરીરો વિશે જે માહિતી આપી છે એના અનુસંધાનમાં પણ અમુક શાગિર્દોનો ઉલ્લેખ કર્યો છે.

વિવિધ સ્ત્રોતોથી આપ રહ.ના જેટલા શાગિર્દોના નામ ઉપલબ્ધ થયા છે એ અત્રે લખવામાં આવે છે. આ એક અછડતી ઝલક જ કહેવાશે, કારણ કે હઝારો તલબામાંથી એક સો નામ પણ હજુ ભેગા થયા નથી.

હઝરત મવલાના મુલ્લા મહમૂદ દેવબંદી રહ.
હકીમુલ ઉમ્મત હઝરત મવલાના અશરફ અલી થાનવી રહ.
હઝરત અલ્લામહ અનવર શાહ કશ્મીરી રહ.
હઝરત મવલાના ખલીલ અહમદ સહારનપૂરી રહ.
હઝરત મવલાના મુફ્તી અબ્દુલ કરીમ પંજાબી રહ.
હઝરત મવલાના મુફ્તી અઝીઝુરર્હમાન દેવબંદી રહ.
હઝ. મવ. હાફેજ મુહમ્મદ અહમદ સા. રહ.(મોહતમિમ દા.ઉ.દેવબંદ)
હઝ. મવ. અબુલ અન્વાર અબ્દુલ ગફ્ફાર રહ. મઉનાથ ભંજન.
હકીમ મવલાના જમીલુદ્દીન સાહેબ નગીનવી રહ.
હઝરત મવલાના અમાનુલ્લાહ કશ્મીરી રહ.
હઝરત હકીમ અબ્દુલ વહાબ સાહેબ રહ.
હઝરત મવલાના હામિદ હસન દેવબંદી રહ.
હઝરત મવલાના મુહમ્મદ સિફાત સાહેબ ગાઝીપૂરી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત મવલાના હસન મુહમ્મદ મુરાદાબાદી રહ.
હઝરત મવલાના રોશન ખાન સાહેબ મુરાદાબાદી રહ.
હઝરત મવલાના ફખ્રુલ હસન સાહેબ ગંગોહી રહ.
હઝરત મવલાના અ.રહમાન સાહેબ કરનાલ્વી રહ.
હઝરત મવલાના ફતહ મુહમ્મદ સાહેબ થાનવી રહ.
હઝરત મવલાના હકીમ મસ્ઉદ અહમદ સાહેબ રહ. (સાહબઝાદા)
હઝરત મવલાના હાફેજ મુહમ્મદ ઈબ્રાહીમ સાહેબ રહ.(દામાદ)
હઝરત મવલાના હકીમ મુહમ્મદ ઈસ્માઈલ ગંગોહી રહ.
હઝરત મવલાના અ.રઝાક સાહેબ કાબૂલ
હઝરત મવલાના રઝીયુલ હસન સાહેબ કાંધલવી રહ.
હઝરત મવલાના હબીબુર્રહમાન સાહેબ દેવબંદી રહ.
હઝરત મવલાના યહયા કાંધલવી રહ.
હઝરત મવલાના અબુન્નસ્ર સાહેબ રહ. (મામાના છોકરા)
હઝરત મવલાના અબુલકાસિમ સાહેબ રહ. (મામાના છોકરા)
હઝરત મવલાના મુનવ્વર અલી રહ.
હઝરત મવલાના શર્ફુલ હક દહેલ્વી પંજાબી રહ.
હઝરત મવલાના નૂરમુહમ્મદ પંજાબી રહ.
હઝરત મવલાના માજિદ અલી જોનપૂરી રહ.
હઝરત મવલાના અબ્દુલ ગફૂર ચંદયાનવી રહ.
હઝરત મવલાના અબ્દુલ મજીદ સાહેબ હઝારવી રહ.

હઝરત અકદસ મવલાના ગંગોહી રહ. પાસે કેટલા તલબાએ તઅલીમ હાસિલ કરી અને દેશ વિદેશના કેટલા ઉલમાએ કિરામે હદીસની સનદ – ઈજાઝત મેળવી એની કોઈ યાદી મોજૂદ નથી અને નક્કી સંખ્યા પણ કહી શકાય એમ નથી. ફકત એટલું કહી શકાય કે આ સંખ્યા કેટલાયે હઝારની હશે એ નક્કી છે. હઝરત ગંગોહી રહ.એ ૧૩૦૬ હિ.માં હઝરત હાજી સાહેબ રહ.ની ખિદમતમાં એક પત્રમાં પોતાની વિગત દર્શાવતાં લખ્યું હતું કે,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત મુરશિદે મન !

ઈલ્મે ઝાહેરી કા તો યે હાલ હે કે આપ કી ખિદમત સે દૂર હુએ ગાલિબન સાત સાલ સે કુછ ઝયાદા અરસા હુવા હે, ઉસ સાલ (૧૩૦૦ હિ.)સે અબ તક દો સો સે ચંદ અદદ ઝયાદહ આદમી સનદે હદીસ હાસિલ કર કે ગએ ઓર અકસર ઉન મેં સે વો હૈં કે ઉન્હોંને દર્સ જારી કિયા ઓર સુન્નત કે ઈહયા મેં સરગર્મ હુએ ઓર ઈશાઅતે દીન ઉન સે હુઈ. ઓર ઈસ શર્ફ સે ઝયાદહ કોઈ શર્ફ નહીં, અગર કુબૂલ હો જાએ.

આ પત્રમાં ૧૩૦૦ હિ.થી ૧૩૦૦૬ હિ. છ – સાત વરસના તલબા અને હદીસની ઈજાઝત મેળવનાર ઉલમાનું વર્ણન છે. ૧૩૦૬ થી આગળ આપ રહ.નો દર્સ બંધ થયો એટલે કે ૧૩૧૪ હિ. સુધીના તલબએ કિરામ અને ત્યાર પછીથી વફાત સુધી હદીસની ઈજાઝત અને સનદ મેળવનાર ઉલમા અને તલબાની સંખ્યા કેટલી હોય શકે છે ? એનો કોઈ ઉલ્લેખ કે સંખ્યા ઉપલબ્ધ નથી. અલબત્ત આટલું નક્કી છે કે આ સંખ્યા અઢી હઝાર જેટલી તો હશે જ.

(બાકીયાતે ફતાવા રશીદીયહ/તઝકિરતુર્રશીદ /તઝકિરએ અકાબિરે ગંગોહ)

બયઅત અને તરબિયત

નફસની ઈસ્લાહ, કેળવણી અને એના થકી માણસોને ગુનાહોથી તોબા કરાવીને અલ્લાહ તઆલાના દરબારમાં ઊંચા મરતબા મેળવવાને કાબેલ બનાવવાની મહેનતનું નામ જ તસવ્વુફ છે, અને આપ રહ.ને આ વિષયમાં પોતાના પીર અને બુઝુર્ગો તરફથી આ પવિત્ર કામ કરવાની જવાબદારી પણ સોંપવામાં આવી હતી. લોકો આપ રહ.ની ખાનકાહની કાર્ય પદ્ધતિ અને તરબિયતી અંદાઝ વિશે સાંભળીને ખાનકાહમાં આવતા અને બયઅત થવા માટે દરખાસ્ત કરતા હતા. અલબત્ત આપ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બયઅત માટે આવનાર દરેક માણસને તુરંત બયઅત કરતા ન હતા. બલકે એમની પરીક્ષા – સમીક્ષા કરીને મકસદ અને નિયત વિશે પૂરતી ભાળ કાઢતા હતા. જે કોઈ વિશે એમ લાગતું કે નિયત બરાબર નથી એને મના કરી દેતા હતા. કોઈના વિશે લાગતું કે નિખાલસ છે, સાચી તલબ છે તો એને ઈસ્તેખારહ કરવાનો હુકમ ફરમાવતા. ઈસ્તેખારહ પછી પણ એ માણસ આપ રહ.ના હાથે બયઅત થવા બાબતે આગ્રહી રહેતો તો એને પોતાનો મુરીદ બનાવી લેતા હતા.

હઝ. મવ. ખલીલ અહમદ સહારનપૂરી રહ. આપના મુરીદ હતા. એમના મુરીદ થવાના કિસ્સાથી આ બધી હકીકત સામે આવી જાય છે.

મવલાના ખલીલ સાહેબ રહ. કોઈ મદરસામાં મુદર્રિસ હતા. એકવાર એમના મદરસામાં હઝ. મવ. કાસિમ નાનોત્વી રહ. આવ્યા હતા. મવલાના ખલીલ સાહેબ રહ.એ બયઅત થવા બાબતે એમનાથી મશ્વેરો કર્યો તો એમણે હઝરત ગંગોહી રહ.નું નામ લઈને જણાવ્યું કે આ ઝમાનામાં એમનાથી સારા કોઈ શૈખે તરીકત નથી. તમે એમના મુરીદ બની જાઓ. હઝરત મવ. ખલીલ સાહેબ અરજ કરી કે એમના હાથે બયઅત થવું અઘરું છે, તેઓ સરળતાથી કોઈને બયઅત નથી કરતા અને મના કરી દે છે. તમે મારા વિશે ભલામણ કરી દયો તો તમારી મહેરબાની રહેશે. હઝરત નાનોત્વી રહ.એ ફરમાવ્યું કે હું જયારે ગંગોહ આવું ત્યારે તમે પણ ત્યાં આવી જશો, હું તમારા વિશે ભલામણ કરી દઈશ.

થોડા દિવસ પછી મવલાના ખલીલ સાહેબ રહ.ને સમાચાર મળ્યા કે મવલાના નાનોત્વી રહ. ગંગોહ પધાર્યા છે, એટલે તેઓ ગંગોહ આવી ગયા અને એમને વાયદો યાદ અપાવ્યો. હઝરત નાનોત્વી રહ.એ વાયદા મુજબ એમને બયઅત કરવાની ભલામણ કરી ત્યારે મજલિસમાં આ ત્રણેવ બુઝુર્ગો હાજર હતા. હઝરત ગંગોહી રહ.એ ફરમાવ્યું કે, તમે પોતે પીરઝાદા અને શેખઝાદા છો, તમારે મારા હાથે બયઅત થવાની શી જરૂરત ? મારી પાસે સામાન્ય લોકો બયઅત થવા આવે છે, જેમને દીન કે દીનના હુકમોની કોઈ જાણકારી નથી હોતી. હું આવા અણપઢ અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જાહેલ લોકોને બયઅતના નામે તોબા કરાવી દઉં છું. હઝરત મવલાના ખલીલ સાહેબે અરજ કરી કે હઝરત ! હું તો આ બધા લોકો કરતાં પણ વધારે બદતર અને ગુનેગાર છું. માટે મને બયઅત કરી જ લ્યો. પણ હઝરત ગંગોહી રહ. એમને બયઅત કરવા હજુ તૈયાર ન હતા. એટલે ફરમાવ્યું કે જો તમે બયઅત થવા બાબતે પાકો ઈરાદો ધરાવો છો તો આજે રાત્રે ઈસ્તેખારહ કરી લો, પછી મને જણાવશો.

બીજા દિવસે ઈસ્તેખારહ પછી હઝરત ગંગોહી રહ.એ પૂછયું તો મવલાના સહારનપૂરી રહ.એ જણાવ્યું કે મારો ઈરાદો એવો જ પાકો છે, એમાં કોઈ કચાશ નથી. મારી નિયત સાચી અને પાકી જ છે. આપ રહ.એ જયારે એમની આ નિખાલસતા અને દઢતા જોયી તો એમને બયઅત કરી લીધા. મવલાના ખલીલ સાહેબ રહ.ને પછી આપ રહ.એ ખિલાફત આપી અને એમના ઈલ્મ – બુઝુર્ગીથી એક મોટી દુનિયાને ફાયદો પહોંચ્યો.

કોઈક વાર એવું થતું કે કોઈ માણસ આવીને બયઅત બાબતે ઘણી કાકલૂદી અને વિનંતી કરતો પણ આપ રહ. ઈન્કાર કરી દેતા. બલકે એના વિશે કોઈ ભલામણ કરતું તો ભલામણ પણ રદ કરી દેતા હતા. આપ રહ. જાણે આવા લોકોના દિલમાં ડોકિયું કરી લેતા હતા કે એની નિયત સાફ નથી અને મકસદ સારો નથી. આપ રહ.ના ઈન્કારના કારણે ઘણીવાર મજલિસમાં હાજર લોકોને પણ દુખ થતું કારણ કે મુરીદ થવા આવનાર માણસ ઘણી વિનમ્રતા અને આજિઝીથી દરખાસ્ત કરતો હતો. પણ પાછળથી લોકોને ખબર પડતી કે આપ રહ.નો નિર્ણય યોગ્ય હતો અને મુરીદ બનવા આવનાર માણસની નિયત સાફ ન હતી.

● એકવાર એક દીનદાર લાગતો માણસ આવ્યો અને બયઅત થઈને મુરીદ બનવાની દરખાસ્ત કરી. આપ રહ.એ ફરમાવ્યું કે તમે કોઈ અન્ય શેખના મુરીદ બની જાઓ, હું તમને બયઅત કરવા અસમર્થ છું. એણે આગ્રહ અને કાકલૂદી કરીને પોતાની દરખાસ્ત રજૂ કરી. પણ આપ રહ.એ ઈન્કાર કરી દીધો. એણે આપ રહ.ના ખાસ ખાદિમ હઝ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મવલાના યહયા કાંધલ્વી રહ. પાસે ભલામણ કરાવી. છતાં આપ રહ.એ ઈન્કાર કરી દીધો. અંતે માયૂસ થઈને એ માણસ પાછો ચાલ્યો ગયો અને લોકો આ ઘટનાને ભૂલી ગયા. અમુક દિવસો પછી આપ રહ.ની પાસે એક પત્ર આવ્યો, જેમાં ઘણી બધી ગાળો અને અપશબ્દો લખ્યા હતા. મવલાના યહયા સાહેબ રહ. પત્ર વાંચીને સંભળાવતા હતા, બે ચાર લીટીઓ વાંચીને તેઓ ચુપ થઈ ગયા, આપ રહ. પૂછયું તો જણાવ્યું કે આખા પત્રમાં આવી બકવાસ છે. આપ રહ.એ પૂછયું કે આ પેલો માણસ તો નથી જેને બયઅત કરવા વિશે તમે ભલામણ કરી હતી ? મવલાના યહયા રહ.એ જણાવ્યું કે, હા જી, છેલ્લે એનું જ નામ લખ્યું છે.

● એક તાલિબે ઈલ્મ પાનીપતથી ગંગોહ બયઅત થવાના ઈરાદે આવ્યો. એણે બયઅતની દરખાસ્ત કરી તો આપ રહ.એ નિયમ મુજબ એને જણાવી દીધું કે પહેલાં તઅલીમ પૂરી કરો. તઅલીમ દરમિયાન હું બયઅત કરતો નથી કારણ કે એનાથી કંઈ ફાયદો નથી થતો. તાલિબે ઈલ્મોની આદત મુજબ એણે સવાલ જવાબ અને દલીલ બાઝી શરૂ કરી દીધી. કહેવા લાગ્યો કે, તાલીમ પૂરી કર્યા પછી કોણ કયાં હશે એની શી ખબર ? હઝરતની મુલાકાત થાય કે ન થાય ? આપ રહ.એ ફરમાવ્યું કે દીનનું કામ બંધ નહીં થાય. મારા હાથે નહીં તો કોઈ બીજાના હાથ ઉપર તોબા કરી લેશો. એણે કહયું કે શકય છે કે હું જ દુનિયાથી ચાલ્યો જાઉ અને બઅયતથી મહરૂમ રહી જાઉ ! આપ રહ.એ એને જવાબ આપ્યો કે તમારી નિયત અને લગન સાચી હશે તો તમને એનો સવાબ આખિરતમાં મળી જશે. તાલિબે ઈલ્મ આટલેથી અટકયો નહીં, કહેવા લાગ્યો કે હું તો પાકો ઈરાદો કરીને આવ્યો છું કે બયઅત થઈને જ અહિંયાથી પાછો જઈશ. એના આવા ખોટા આગ્રહ અને જિદના કારણે આપ રહ.ને ગુસ્સો આવી ગયો. સૂતા હતા તો બેસી ગયા અને ફરમાવ્યું :

'મુરીદ' શબ્દનો અર્થ તો ખબર નથી અને બઅયત થવા ચાલ્યા આવ્યા છો, બતાવો મુરીદનો શો અર્થ થાય છે ? એણે કહયું કે ઈરાદો કરનાર. આપ રહ.એ ફરમાવ્યું કે એટલે જ હું કહું છું કે તમને આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શબ્દનો અર્થ પણ ખબર નથી, આ શબ્દ અરબી વ્યાકરણ મુજબ بـــاب افعال થી બન્યો છે. અને નિયમ મુજબ ماده سـلب હોય છે. એટલે આ શબ્દનો અર્થ થાય છે : એવો માણસ જેણે પોતાનો ઈરાદો ખતમ કરી દીધો હોય. એટલે કે પોતાના શેખ જે કહે તે જ માની લ્યે અને પોતાનો ઈરાદો વ્યકત ન કરે.

આ જવાબ સાંભળીને એ તાલિબે ઈલ્મ ચુપ થઈ ગયો અને ચુપચાપ ચાલ્યો ગયો.

● એકવાર એક માણસે હાજર થઈને ઘણી જ અકીદત અને ઈખ્લાસ હોય એમ બયઅતની દરખાસ્ત કરી. એવું લાગતું હતું કે તે આપ રહ.નો ઘણો જ અકીદતમંદ અને દીવાનો છે. એવી રીતે પોતાની વાત રજૂ કરી કે મજલિસમાં હાજર લોકો પણ પ્રભાવિત થઈ ગયા. પણ આપ રહ.એ ઈન્કાર કરી દીધો અને ફરમાવ્યું કે તમને મારાથી કોઈ ફાયદો નહીં થાય, માટે હું તમને બયઅત નહીં કરું. આ જવાબ સાંભળીને એણે એવી માયૂસી અને નિરાશા દેખાડી કે ત્યાં મોજૂદ લોકોને પણ અફસોસ થવા લાગ્યો. પણ આપ રહ. એક ના બે ન થાય અને ફરમાવ્યું કે એને અહિંયાથી રવાના કરી દયો. હકીમ યૂસુફ સાહેબને એની દયા આવી ગઈ, એને પોતાના ઘરે લઈ ગયા અને કહયું કે કોઈ યોગ્ય સમયે હું તમારી ભલામણ કરીને બયઅત કરાવી દઈશ. કેટલાયે દિવસો સુધી હકીમ સાહેબને ભલામણ કરવાની હિમ્મત ન થઈ, એવામાં એક દિવસ હકીમ સાહેબે જોયું કે એક નોટમાં કંઈ લખે છે અને નોટબુક ગળામાં જ લટકાવી રાખે છે, એટલે હકીમ સાહેબે એક દિવસ વાતો કરીને એને મોડી રાત સુધી જગાડયો, પછી જયારે ઉંઘી ગયો તો એ ગળામાં લટકેલ થેલીમાંથી નોટબુક કાઢીને જોઈ તો ખબર પડી કે અંગ્રેજનો જાસૂસ છે અને ડાયરીમાં જાસૂસીની વિગતો લખી છે. હકીમ સાહેબે નોટબુક પાછી મુકી અને સવાર પડતાં જ એને રવાના કરી દીધો.

એને રવાના કરીને હકીમ સાહેબ જેવા હઝ. ગંગોહી રહ.ની સેવામાં આવ્યા તો આપ રહ.એ ફરમાવ્યું : મહેમાનને રવાના કરી દીધો ? હકીમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સાહેબે ફરમાવ્યું કે હા, એને રવાના કરીને જ આવી રહયો છું. આપ રહ. મુસ્કારાયા અને ફરમાવ્યું : મેં તમને પહેલા દિવસે જ કહી દીધું હતું કે એને અહિંયાથી કાઢી મુકો, પણ તમે માન્યા નહીં.

ઔરતોને બયઅત

આપ રહ. પાસે ઘણી ઔરતો પણ બયઅત થવાની દરખાસ્ત કરતી હતી અને આપ રહ. સુન્નત તરીકા મુજબ એમને બયઅત કરી લેતા હતા. અલબત્ત બયઅત થનાર ઔરતોના હાથ પકડતા કે અડાડતા ન હતા, બલકે નજરોથી દૂર રહે એનો વિશેષ ખ્યાલ રાખતા હતા.

હઝરત આઈશહ રદિ. રિવાયત ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કદી બયઅત થનાર ઔરતોના હાથ પકડયા કે અડયા નથી. ઔરતોને બયઅત કરવામાં આપ રહ. આનાકાની કરતા ન હતા. દરેકની દરખાસ્ત કુબૂલ કરીને તોબા કરાવી દેતા હતા. અલબત ઔરતોને કદી સામે આવવાની ઈજાઝત ન હતી. પરદા પાછળ બેસવાનો હુકમ ફરમાવતા અને તોબાના શબ્દો કહેવડાવીને બયઅત કરી લેતા હતા. કદી રૂમાલને પરદા પાછળ સુધી લંબાવીને ઔરતોને પકડાવતા અને બયઅત – તોબાના શબ્દો કહેવડાવતા હતા.

● મવલાના નઝર મુહમ્મદ સાહેબ રહ. ફરમાવે છે કે એકવાર આપ રહ. 'આભા' મુકામે તશરીફ લાવ્યા. અહિંયા હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. પણ આવતા રહેતા હતા એટલે ગામના લોકોમાં દીનદારી હતી. આપ રહ. તશરીફ લાવ્યા તો ગામના લોકોને ઘણી ખુશી થઈ, સાંજે પહોંચ્યા હતા. રાતે આરામ ફરમાવ્યો. અને સવારે જોયું તો પરદાનશીન અનેક ઔરતોએ બયઅત થવા માટે દરખાસ્ત મોકલાવી છે. આપ રહ. દરેક ઔરતના ઘરે જતા અને એમને બયઅત કરતા રહયા. કેટલાક ઘરોએ તો બે વાર જવાનું થયું. એમાં જ સાંજ પડી ગઈ, અને આપ રહ.ની કમરમાં દર્દ થઈ ગયું. મને આ બાબતનો ઘણો અફસોસ થયો તો કહેવા લાગ્યા કે નજર મુહમ્મદ ખાન ! મને કોઈને ના કહેવાની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઘણી બીક લાગે છે. જેટલી વાર બોલાવવામાં આવશે, હું જરૂર જઈશ. પછી આપ રહ.એ એક કિસ્સો સંભળાવ્યો કે, એક બુઝુર્ગ પાસે એક વૃદ્ધ ઓરત કોઈ જરૂરત રજૂ કરવા માટે આવી. બુઝુર્ગે એના તરફ ધ્યાન આપ્યું નહીં. તે ઓરત બહાર જઈને કહેવા લાગી : હે ખુદા ! તારા સુધી તો હું પહોંચી શકતી નથી અને જયાં પહોંચી છું તે મારી વાત સાંભળતો નથી. હવે હું શું કરું ? વૃદ્ધાની આ ફરિયાદ અલ્લાહ તઆલાએ સાંભળી લીધી. અને તે બુઝુર્ગની નિસ્બત – રૂહાનિયત ખતમ થઈ ગઈ. તેઓને તુરંત એહસાસ થઈ ગયો, પરેશાન થઈને બહાર નીકળ્યા, વૃદ્ધાને શોધી, માફી માંગી અને એની જરૂરત પૂરી કરી ત્યારે નિસ્બત પાછી મળી.

મવ. નઝર મુહમ્મદ ખાન રહ. ફરમાવે છે કે મારી અહલિયહ આપ રહ.ના હાથે બયઅત થવાની હતી, મારા સ્વભાવ મુજબ મારા દિલમાં આ વેળા ઓરતોના બહાર નીકળવા કે એમની અવાજ કોઈના કાને પડવા બાબતનો વસવસો આવ્યો. આપ રહ. ઘરે આવ્યા અને મને ફરમાવ્યું કે તમારા અહલિયહને બીજા રૂમમાં બેસાડો અને રૂમનો દરવાજો બંધ કરી દયો. પછી દરવાજા તરફ પીઠ કરીને બેસી ગયા અને ફરમાવ્યું : હું જે શબ્દો બોલાવું એ પ્રમાણે તમે બોલતા રહેજો, અને એટલા ધીરે બોલજો કે અવાજ મારા કાનો સુધી ન આવે.

ઓરતોને બયઅત કરવા વિશે આપ રહ.ને કોઈ સંકોચ ન હતો. અલબત્ત ઓરતો જરૂરત વગર ઘર બહાર નીકળે અને સફર કરે, એ આપ રહ.ને પસંદ ન હતું. એટલે આ મકસદે કોઈ ઓરતને કદી ગંગોહ આવવાનું કહેતા ન હતા. કોઈ ઓરત પોતાની તલબ અને શોખથી ગંગોહ આવી જાય તો એનાથી નારાજ થયા વગર બયઅત કરી લેતા હતા. અને પત્ર દ્વારા કોઈ ઓરત બયઅત માટે હાજર થવાની અરજ કરતી તો એને લખી દેતા હતા કે "અહિંયા આવવાની અને સફર કરવાની કોઈ જરૂરત નથી. મેં તમને બઅયત કરી લીધાં છે." આને બઅયતે ઉસ્માની કહે છે અને ખાનદાની લોકોની મસ્તૂરાતમાં આ રીત વધારે જોવા મળે છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બાળકોને બયઅત કરતા ન હતા. કોઈ મુરીદ કે ખાદિમ પોતાના દીકરાને ખિદમતમાં રજૂ કરીને બયઅતની દરખાસ્ત કરતા તો બાળકના માથે હાથ મુકીને બરકત અને સલાહિયતની દુઆ ફરમાવતા અને કદીક કંઈ પઢીને દમ પણ કરી દેતા હતા અને ફરમાવતા કે જયારે સમય આવશે ત્યારે જોઈશું. હમણાં એને શું ખબર કે પીરી – મુરીદી શું છે ?

બયઅતના શબ્દો :

તઝકિરતુર્રશીદમાં છે કે આપ રહ. જયારે કોઈને બયઅત ફરમાવતા તો ગરદન ઝુકાવીને બયઅત થનારને સંબોધીને ફરમાવતા કે, કહો :

ઈમાન લાવ્યો હું અલ્લાહ પર.

એના ફરિશ્તાઓ પર.

એની કિતાબો પર.

એના નબીઓ પર.

અને તકદીર ઉપર, ભલું કે બુરું બધું અલ્લાહ તરફથી જ હોય છે.

અને મરવા પછી જીવતા થવા ઉપર.

તોબા કરું છું હું કુફ્રથી, શિર્કથી, બિદઅતથી, અને બધા જ ગુનાહોથી.

હું વચન લઉ છું કે જૂઠ નહીં બોલું. ચોરી નહીં કરું. કોઈના ઉપર જૂઠો આરોપ નહીં લગાવું.

પાંચ સમયની નમાઝ પઢીશ. રમઝાનના રોઝા રાખીશ. અગર માલ હશે તો હજ કરીશ. ઝકાત વાજિબ થશે તો ઝકાત આપીશ.

અને કોઈ ગુનાહ થઈ જશે તો તુરંત તોબા કરીશ.

બયઅત થયો હું રશીદ અહમદના હાથ ઉપર. ચિશ્તીયા, નકશબંદિયા, કાદરિયા, સુહવર્દીયા સિલસિલામાં...

ઉપરોકત વાકયો બોલાવીને હાથ છોડી દેતા હતા, અને પછી ટુંકી પણ અર્થસભર નસીહત કરતા હતા. જે વધુ પડતી આ મુજબ હોતી :

બયઅત અલ્લાહ તઆલા સાથે કરવામાં આવતા કરાર અને વાયદાનું નામ છે. માટે ખાસ ધ્યાન રાખવું જોઈએ કે એ તૂટે નહીં. સાચી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બયઅત આ જ છે કે માણસ વાયદાનો પાકો રહે અને અલ્લાહની રઝામંદીના કામો કરતો રહે. દરેક કામમાં સુન્નત ઉપર અમલ કરવાનું ધ્યાન રાખે. સુન્નતના રસ્તેથી હટવું ન જોઈએ. બુઝુર્ગોએ ઝિક્ર – તસ્બીહની જે રીત બતાવી હોય એ બધું ઉપરોકત બાબતોની મજબૂતી માટે છે. જે હિંમતવાળો હોય એ એના ઉપર અમલ કરે અને ન થઈ શકે તો નમાઝ–રોઝાના પોતાના આમાલ દુરુસ્ત રાખે. જે કંઈ છે તે એ જ છે.

વધુ પડતા આ જ શબ્દો દ્વારા આપ રહ. લોકોને બયઅત કરતા હતા, કોઈ માણસમાં કોઈ વિશેષ બાબત ઈસ્લાહ કરવાની હોય અથવા કોક માણસ કોઈ ગુનાનું કામ કરતો હોય તો બયઅતના શબ્દોમાં એટલું વધારે ઉમેરી લેતા હતા. અને બયઅત પછીની નસીહતમાં પણ એ વિશેષ બાબતનો ઉલ્લેખ કરી દેતા હતા. જેમ કે કોઈ મુરીદ થનાર માણસ અમીર હોય અને હજ ન કરી હોય કે ઝકાત ન આપતો હોય તો આ વિશે અલગથી નસીહત કરતા હતા. કોઈ મુરીદ ખોટી રસમોની પાબંદી કરનાર કે એવા ખાનદાનનો હોય તો એને રસમો – બિદઅત વિશે વઅઝ – નસીહત કરતા હતા. (૨/૯૮)

બયઅત વેળા બાવુઝૂ હોવાને આપ રહ. પસંદ કરતા હતા. આપ રહ. પોતે બાવુઝૂ રહેવાનો એહતેમામ ફરમાવતા હતા, એટલે બયઅતનો કોઈ સમય નક્કી ન હતો. આપ રહ.ને જયારે મુનાસિબ લાગતું બયઅત માટે આવનારને વુઝૂનો હુકમ આપીને બયઅત કરીને તોબા કરાવી દેતા હતા. આમ છતાં પાંચ ટાઈમની નમાઝો પછી, વિશેષ કરીને અસર પછી અને જુમ્અહ પછી બયઅત કરવાને પસંદ કરતા હતા.

બઅયત થનાર મુરીદનો પરિયચ પણ મેળવતા હતા. કમથી કમ એનું નામ – ઠામ જરૂર પૂછતા હતા.

કોઈ મુરીદ પઢવા માટે કોઈ વઝીફા વગેરેનું માર્ગદર્શન ઈચ્છતો તો હદીસ શરીફની દુઆઓ પઢવાની તાકીદ કરીને ફરમાવતા કે પોતાની શકિત મુજબ પઢવાનું નક્કી કરજો. ભલે થોડું પઢો પણ હમેંશા પઢતા રહેશો. પાબંદી મહત્વની બાબત છે. એક દિવસ પઢો અને બીજા દિવસે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છોડી દયો, એ સારું નથી. આમ કરવાથી કંઈ થતું નથી. વિશેષ કરીને દીનના કામોમાં તો પાબંદી ઘણી જ મહત્વની છે. પીરની મુટ્ઠીમાં એવી કોઈ વસ્તુ નથી હોતી કે મુરીદોને પકડાવી દે. પીરનું કામ તો કરવાના કામોનું માર્ગદર્શન આપવાનું છે. કરવું કે ન કરવું મુરીદના હાથમાં છે. માણસથી જે થાય એટલું કરે, કોતાહી થાય તો તોબા કરે.

બયઅતની બરકત

આપ રહ.ની બયઅત ઘણી નૂરાની અને અસરકારક ગણાતી હતી. આપબીતીમાં હઝરત અકદસ શૈખુલ હદીસ રહ. ફરમાવે છે કે હઝરત ગંગોહી રહ.ના હાથ ઉપર બયઅત કરેલા કેટલાયે સામાન્ય અને દીનની જાણકારી ન હોય એવા લોકો મેં જોયા છે કે બયઅત થયા પછી કદી એમની તહજ્જુદ છુટી ન હતી. અને અમુક જાહિલો તો એવા પણ જોયા કે કોઈ નવો મોલ્વી વઅઝ કે તકરીરમાં આમ – તેમ કોઈ ભૂલ ભરેલી વાત કહી દે તો એમને એહસાસ થઈ જતો કે કંઈક ગરબડ છે, અને તેઓ પછી આવીને પૂછતા કે ફલાણા મોલ્વી સાહેબ વઅઝમાં આવું કહે છે ? એ સહીહ છે ? (૧૨૮૨)

ભોપાલની નવાબ સુલતાન જહાં બેગમની બયઅતનો કિસ્સો

જે વરસે આપ રહ.ની વફાત થઈ એ છેલ્લા વરસની ઘટના છે કે ભોપાલની નવાબ સુલતાન જહાં બેગમ તરફથી બયઅતની દરખાસ્ત આપની ખિદમતમાં આવી.

સુલતાન જહાં બેગમ પહેલેથી જ દીની સ્વભાવ ધરાવતાં હતાં. એમના ખાનદાનના નવાબો પણ હમેંશા દીની સ્વભાવ વાળા અને દીનના પાબંદ હતા. સુલતાન બન્યા પહેલાં પણ જહાં બેગમ દીન અને શરીઅતના હુકમોના પાબંદ હતાં. જયારે તેઓ રિયાસતના સુલતાન બનીને રાજગાદીએ બિરાજમાન થયાં તો કોઈ બુઝુર્ગના હાથે બયઅત થવા અને તઝકિયએ નફસની તલબ ઓર વધી ગઈ. પોતાના માટે યોગ્ય મુરશિદ અને પીર તરીકે તેઓ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના હાથે બયઅત થવા ઈચ્છતાં હતાં, પરંતુ હાજી સાહેબ હિજરત કરીને મક્કા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ચાલ્યા ગયા હતા અને ૧૩૧૭ હિ.માં હાજી સાહેબ રહ.નો ઈન્તેકાલ થઈ ગયો. ત્રણ ચાર વરસ પછી ૧૩૨૨ હિ.માં સુલતાન જહાં બેગમ હજમાં માટે ગયાં અને હજથી પાછા ફર્યાં તો ફરીવાર બયઅતની આરઝૂ અને તલબ તાજી થઈ. એક રીતે આ આરઝૂ હજની બરકત હતી અને હજના મકબૂલ હોવાની નિશાની પણ. કારણ કે મકબૂલ હજ પછી માણસમાં નેકીની તલબ વધી જાય છે.

વતન પહોંચીને એમણે દરબારના ઉલમાએ કિરામને પૂછયું કે ભારતમાં હોય એવા કોઈ બુઝુર્ગનું નામ બતાવવામાં આવે, જેમના હાથ ઉપર બયઅત થઈને દિલનું સુકૂન મેળવી શકાય. ભોપાલના વડા કાજી મુહયુદ્દીન મુરાદાબાદીએ મશ્વેરો આપ્યો કે ભારતમાં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના મોટા ખલીફા હઝરત મવ. રશીદ ગંગોહી રહ. મોજૂદ છે અને હઝરત હાજી સાહેબ રહ. પણ આપના વિશે ઘણા ઉચ્ચ વિચારો વ્યકત કરતા હતા અને ફરમાવતા હતા કે એમને મારા સ્થાને સમજવામાં આવે. એટલે પછી સુલતાન જહાં બેગમે રિયાસતના મુન્શી જનાબ મન્સબ અલી સાહેબને આદેશ કર્યો કે હઝરત ગંગોહી રહ.ની સેવામાં પત્ર લખીને બયઅતની દરખાસ્ત લખી મોકલો અને ત્યાં હાજર થવાની ઈજાઝત તલબ કરો.

આ પત્ર હઝરત ગંગોહી રહ.ની સેવામાં પહોંચ્યો પણ કોઈ કારણસર આપ રહ.ને જવાબ આપવામાં મોડું થયું. એટલે જહાં બેગમ તરફથી બીજો પત્ર લખવામાં આવ્યો. એટલે હઝરત ગંગોહી રહ. એ વિગતવાર જે જવાબ લખ્યો એ નીચે મુજબ છે :

આ બંદા ઉપર ઈનાયતની દષ્ટિ કરનાર !

સલામ મસ્નૂન પછી ..

તમને જાણ થાય કે, હું ખેરિયતથી છું અને તમારા માટે દુઆ કરી રહયો છું. નવાબ સુલતાન જહાં બેગમ તરફથી બયઅતની દરખાસ્ત બાબતનો તમારો પત્ર ઘણા દિવસ પહેલાં પહોંચી ગયો હતો. અલબત્ત અનેક કારણોસર મારી તબિયત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હાલમાં કમઝોર રહે છે. અને જવાબ લખવા વિશે હું અસમંજસમાં હતો એટલે હજુ જવાબ લખ્યો ન હતો, અને તમારા તરફથી જવાબ માંગતો બીજો પત્ર આવી ગયો, એટલે હવે જવાબ લખાવી રહયો છું કે,

બયઅત બે મકસદે કરવામાં આવે છે. (૧) રાહે તરીકતની બરકતો અને નિસ્બત મેળવવા માટે. આ મકસદ મેળવવા માટે તો લાંબી મુદ્દત સુધી મુરશિદની સેવામાં રહેવું પડે છે. અને સ્પષ્ટ છે કે હું ત્યાં આવી શકું એમ નથી અને બેગમ સાહેબા અહિંયા આવે એ પણ મુનાસિબ નથી. અને એના વગર બયઅત બેકાર છે. (૨) બુઝુર્ગો સાથે સંબંધ અને અકીદત. આવી બયઅત દ્વારા ફકત સિલસિલામાં જોડાવાનો મકસદ હોય છે. એક તો હું આવી બયઅતને લાભદાયી નથી સમજતો અને બીજું આ કે આ બયઅતના કારણે રઈસા સાહેબા મારા ઉપર જે વિશેષ મહેરબાની કરશે એનાથી મને ઘણી પરેશાની રહેશે. અને પછી એ જ કારણે જરૂરતમંદ લોકો રોજે રોજ મને પરેશાન કરશે, એ બધામાં કોઈના માટે સિફારીશ કરવી યોગ્ય હશે તો કોઈના માટે નામુનાસિબ. અને એમ પણ જો રઈસા સાહેબાને મારા પ્રત્યે મુહબ્બત અને ઈખ્લાસ છે તો પછી આ મકસદ પૂરો થઈ જાય છે.

અને આ બધું છતાં જો એમને બઅયત થવાનો આગ્રહ હોય તો બે શરતો અનુસાર મને મંજૂર છે. એક આ કે મારા સાથે પહેલાંની જેમ જ વર્તાવ કરવામાં આવે. બયઅત થયા પછી કોઈ ફરક ન આવે અને મારા ઉપર કોઈ એહસાન – ઉપકાર કરવામાં ન આવે. અને બીજી શરત આ કે આ બાબતને જાહેર કરવામાં ન આવે. આ બંને બાબતો સ્વીકાર હોય તો હું આ શરતે એમની બયઅત કુબૂલ કરું છું કે સુન્નત તરીકાની પાબંદી કરે અને બિદઅતોથી બચતાં રહે. સચ્ચાઈનો સાથ આપે, ન્યાય –

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઇન્સાફ કરીને પ્રજાની સેવામાં મશગૂલ રહે. વસ્સલામ.

આ જવાબ પછી સામાન્ય પણે એમ જ કહી શકાય કે ભોપાલના બેગમ સાહેબાએ બયઅત થવાનો વિચાર માંડી વાળ્યો હશે. પણ વાસ્તવિકતા એવી નથી. ભોપાલના આ નવાબી ખાનદાનના એહવાલથી વાકેફ લોકો જાણે છે કે આ ખાનદાન દીન – શરીઅતને પોતાની પૂંજી સમજે છે. આ ખાનદાનમાં હાફિજે કુરઆન હોવું જરૂરી છે. ઝિક્ર અને તસ્બીહાતની પાબંદી પણ જરૂરી છે. મુળ અફગાન વંશનું આ ખાનદાન અહલે સુન્નત વલ જમાઅતના મસ્લકને અનુસરતું હતું. એટલે નવાબ સુલતાન જહાં બેગમે આ પત્રનો જવાબ લખાવીને ભોપાલના વડા કાઝી મવલાના મુહયુદ્દીનને પોતાના એલચી તરીકે જવાબી પત્ર લઈને હઝરત ગંગોહી રહ.ની સેવામાં મોકલ્યા. એક બાદશાહે એક ફકીરના નામે લખેલા આ પત્રમાં લખ્યું હતું કે,

આપના પત્રના જવાબમાં મુન્શી મન્સબ અલી દ્વારા લખવામાં આવેલ લેખિત જવાબ લઈને રિયાસતના કાઝી સાહેબ આપની સેવામાં હાજર થઈ રહયા છે. મુન્શી મન્સબ અલી સાહેબના લખાણ અને મહેરબાન કાઝી સાહેબ જે કંઈ મોખિક રજુઆત કરશે એનાથી મારો મકસદ આપની સમક્ષ સ્પષ્ટ થઈ જશે. આશા છે કે આપના ફૈઝથી મને ફાયદો પહોંચશે. ઈન્શાઅલ્લાહ. વસ્સલામ. ૨, રબીઉલ આખર. ૧૩૨૩ હિ.

સુલતાન જહાં બેગમની બયઅતના આ કિસ્સાને જોતાં કહી શકાય છે કે હજમાંથી આવીને બયઅત થવા માટેની તલબ વધી જવી અને એક પછી એક પત્ર લખવા અને જવાબ માટેની એમની આતુરતામાં આ ભેદ છુપાયેલો હતો કે હઝરત ગંગોહી રહ.ની વફાતનો સમય નજીક હતો અને તકદીર મુજબ એમના બઅયત થવાનું નક્કી હતું એટલે એમની બેચેનીએ જોર કર્યું, એક પછી બીજો પત્ર લખ્યો અને જવાબ મળતાં જ એક સન્માનીય એલચી સાથે જવાબ મોકલ્યો. ૬ રબીઉલ આખરના રોજ હઝરત ગંગોહી રહ.એ બયઅત મંજૂર ફરમાવી, ભોપાલના વડા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કાજી આ ખુશખબર લઈને ભોપાલ પરત ફર્યા અને બે મહીના પછી જ ૯ જમાદિલ આખર ૧૩૨૩ હિ.ના રોજ આપ રહ.ની વફાત થઈ.

આ કિસ્સામાં બીજી મહત્વની બાબત બુઝુર્ગોની બેનિયાઝી છે. વિશેષ કરીને ચિશ્તીયા મશાઈખની આદત રહી છે કે તેઓ સત્તાધારીઓ, અફસરો, અને અમીરોથી દૂર રહે છે. સુલતાન, વઝીર કે અમીરોના બયઅત થવાથી માલ દોલતના ફાયદો થવાની લાલચ દિલમાં આવે છે. અને એમાં જ નેક માણસની કસોટી છે. હઝરત ગંગોહી રહ.એ માલ – એહસાનનો આ દરવાજો પહેલેથી જ બંધ કરીને શરત કરી દીધી હતી કે મારા ઉપર કોઈ એહસાન કરવામાં ન આવે.

નોટ : બેગમ સુલતાન જહાંની બયઅત વિશેની આ બધી વિગત તઝકિરતુર્રશીદના હવાલાથી અત્રે વર્ણન કરવામાં આવી છે. હઝરત મવલાના નૂરુલ હસન રાશિદ કાંધલ્વી દા.બ.ના લખવા મુજબ આ વર્ણનમાં ઘણી બધી વાતો શામેલ નથી, અને અધૂરી છે. પૂરી વિગત એમણે પોતાના મેગેઝિન અહવાલ વ આષાર, ત્રિમાસિક, ઓકટોબર ૨૦૧૫ના અંકમાં આપી છે.

અફગાનિસ્તાનના હાકેમ જનરલ નાદિરની અકીદત

મવલાના નૂરુલ હસન રાશિદ કાંધલ્વી સાહેબ દા.બ. એમના ત્રિમાસિક મેગેઝિન 'અહવાલ વ આષાર'માં લખે છે કે,

હઝરત મવલાના ગંગોહી રહ.ની પ્રત્યે અકીદત વ્યકત કરવામાં અને એમની સમક્ષ પોતાના સ્થાન અને મોભાને તુચ્છ સમજનારા લોકોમાં ઉલમા, મશાઈખ, મોટા મુફ્તીઓ, વિદ્વાનો, તઅલીમ અને તદરીસમાં કાબેલ ઉલમા ઉપરાંત દોલતમંદ, માલેતુજાર રઈસો, અફસરો, અધિકારીઓ અને મોટા સરકારી હોદ્દેદારો પણ શામેલ હતા. ઉલમાએ કિરામ, સાલેહીન અને તસવ્વુફના મુરીદોની જેમ દોલતમંદો અને સરકારી હોદ્દેદારો – હાકેમો પણ હઝરત ગંગોહી રહ.ના મુરીદ બનવામાં પોતાની સઆદત સમજતા હતા. હઝરત ગંગોહી રહ.ની સેવામાં હાજર થવાને અને હઝરત રહ.ના મુખે નસીહત સાંભળવા –

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ભલાઈની દુઆ મેળવવાને દુનિયા – આખિરતની સઆદત સમજતા હતા. આવા લોકોમાં પણ વિશેષ કહી શકાય એવા અમુક નામોમાં અફગાનિસ્તાનના હાકેમ જનરલ નાદિર, એમના વાલિદ અને દાદાનું નામ પણ શામેલ છે. ઉપરાંત ભોપાલની નવાબ બેગમ સુલતાન જહાં પણ આવા લોકોમાં શામેલ છે.

મવલાના નૂરુલ હસન સાહેબ દા.બ.એ લખ્યું છે કે હઝરત ગંગોહી રહ.ના સાહબઝાદા હઝ. હકીમ મસ્ઉદ અહમદ રહ.ના નામે જનરલ નાદિર સાહેબે પોતે પત્ર લખ્યો હતો, જેમાં એમણે હઝરત ગંગોહી રહ. સાથે પોતાના, તેમજ વાલિદ અને દાદાના ઈસ્લાહી સંબંધ અને અકીદતનું વર્ણન કર્યું હતું. *(અહવાલ વ આષાર, ઓકટો.૨૦૧૫.પેજ:૧૩૩)*

તરબિયતની રીત :

મુરીદને બયઅત થયા પછી સામાન્ય પણે આપ રહ. તાકીદ ફરમાવતા કે ફજર અને મગરિબ પછી :

سبحان الله و الحمد لله و لا إله إلا لله و الله أكبر

સો સો વાર પઢવામાં આવે. અને એક તસ્બીહ ઈસ્તેગ્ફારની સમય મળે એ મુજબ પઢવામાં આવે. અને સુતી વેળા બધા કામો પતાવ્યા પછી પઢવામાં આવે તો વધારે બેહતર છે. ઈસ્તેગ્ફારના કોઈ નક્કી શબ્દો બતાવતા ન હતા. કોઈકને તો દસ વખત જ પઢવાનું પણ કહેતા હતા. કોઈકને કહેતા કે 'હે અલ્લાહ હું તોબા કરું છું' એટલું કહેશો તો પણ ચાલશે. આમ છતાં હદીસ શરીફમાં ફરમાવ્યા મુજબ સય્યિદુલ ઈસ્તેગ્ફારના શબ્દો વધારે પસંદ હતા :

أستغفر الله الذى لا إله إلا هو القيوم و أتوب إليه

આ ઉપરાંત દુરૂદ શરીફ પઢવાની નસીહત પણ કરતા હતા. રોજ ત્રણસો વાર નહીતર ૧૦૦ વાર જરૂર પઢવાની તાકીદ ફરમાવતા હતા.

હદીસ શરીફમાં આવેલ વિવિધ સમયે પઢવાની દુઆઓ પઢવાની તાકીદ પણ ફરમાવતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુરીદોને ઝિક્ર – દુઆ બાબતે બે કામોની તાકીદ કરતા હતા.

(૧) દરેક કામ પાબંદીથી કરવામાં આવે. આપનો નિયમ હતો કે જે ઓછું કામ પાબંદીથી કરવામાં આવે, એ કદી કદી વધારે કરવામાં આવતા કામથી વધારે બેહતર છે. (૨) મામૂલાત માટે કોઈ સમય નક્કી કરવામાં આવે. સમય નક્કી ન કરવાથી મામૂલાત ભૂલી જવાય છે.

મુરીદને 'દવાઝદહ તસ્બીહ' પઢવા માટે આપતા હતા. અને આ બાબતે એટલી બધી તાકીદ કરતા હતા કે રાત્રે ન પઢી શકો તો દિવસે પઢો, અને આજે ન પઢી શકાય તો કાલે કઝા કરવી. જહર (જોર)થી ન પઢાય તો આહિસ્તાથી. બેસીને ન પઢાય તો સૂતા સૂતા, વુઝૂ ન રહે તો વુઝૂ વગર... પણ એની પાબંદી કરવાની પૂરી કોશિશ કરવામાં આવે. પછી જયારે મુરીદમાં ઝિક્રનો શોખ – તલબ આવી જાય તો ઈસ્મે ઝાત (અલ્લાહ – અલ્લાહ) અથવા નફી ઈષ્બાત (લા ઈલાહ ઈલ્લલ્લાહ)ના ઝિક્રની સંખ્યા વધારતા જતા હતા. એક હઝારથી બાર હઝાર બલકે ચોવીસ હઝાર સુધી ઝિક્ર બિલજહર પઢવાની પરવાનગી આપતા હતા. કોઈ મુરીદને પાસે અન્ફાસના બદલે ઝિક્રે કલ્બી કરવાની તઅલીમ આપતા હતા.

ખુલાસો આ છે કે અઝકાર અને મામૂલાતમાં આપ રહ. કોઈ વિશેષ તરીકાને અનુસરતા ન હતા. મુરીદના સ્વભાવ અને જરૂરત મુજબ એની તરબિયત ફરમાવતા હતા. કોઈને ચિશતીયા તરીકા મુજબ તો કોઈને નકશબંદી તરીકા મુજબ અને કોઈને બંનેવ તરીકા મુજબ તરબિયત ફરમાવતા હતા.

હઝરત મવલાના નૂરુલ હસન રાશિદ કાંધલવી દા.બ. લખે છે કે,

હઝરત ઈમામે રબ્બાની રહ.એ પોતાના મુરીદોની તઅલીમ અને બાતેની તરબિયતમાં નકશબંદી સિલસિલામાંથી હઝરત મુજદ્દિદ અલ્ફે ષાની રહ.ના તરબિયતી અંદાઝ અને રાહે શરીઅત વ સુન્નતને મુખ્ય સિદ્ધાંત અને બુનિયાદ બનાવ્યો હતો. અને છેલ્લે સુધી બધા મુરીદોને આ જ રસ્તે લઈને ચાલ્યા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નકશબંદી મુજદ્દિદી સિલસિલા પ્રત્યે આપને લગાવ અને પોતાના કાર્યોમાં એને અનુસરવાની બાબત અનેક મોકા ઉપર લખવામાં આવી છે.

તઝકિરતુર્રશીદમાં શામેલ ઈમામે રબ્બાની રહ.ના 'તરીકએ તઅલીમે સુલૂક' વિશે મુફ્તી અઝીઝુર્રહમાન દેવબંદી રહ.ના લખાણમાં પણ આ તરફ ઈશારો કરવામાં આવ્યો છે. અને હઝરત ઈમામે રબ્બાની રહ.ના એક ગુમનામ ખલીફા, મુરીદ અને આપની સવાનેહ લખનાર મોલવી અલ્લાહ બખ્શ કાબિલ બિજનોરી રહ.નો આંખે દેખ્યો હાલ અને જાણકારી પણ આ જ છે કે 'મવલાના ગંગોહી રહ.ને હઝરત હાજી સાહેબ તરફથી ચારેવ સિલસિલામાં ઈજાઝત હતી, પણ બાતેની નિસ્બત અને તવજ્જુહ વધુ પડતી નકશબંદી જ હતી.'

હઝરત મવલાના હુસૈન અહમદ મદની રહ.એ પણ ઈમામે રબ્બાની રહ.ના સ્વભાવ અને આદતનું વર્ણન ફરમાવ્યું છે, તેઓ લખે છે :

> હઝરત ગંગોહી રહ.ને સય્યિદ આદમ બિનોરી રહ. પ્રત્યે ઘણો વધારે લગાવ હતો અને સુલૂકમાં એમના તરીકાને વધારે પસંદ કરતા હતા. હા, શરૂઆત કરનાર માટે ચિશ્તીયા સિલસિલાના અઝકાર અને આમાલને વધારે પસંદ કરતા હતા, પણ અંતે તો હઝરત સય્યિદ સાહેબની રીત જ એમને વધારે પસંદ હતી.
>
> *(બાકીયાતે ફતાવા રશીદીયહ: ૮૭)*

મુળ વાત આ હતી કે ચિશ્તીયા સિલસિલા વિશે તે ઝમાનામાં મશહૂર હતું કે એમાં શરીઅતની પાબંદી કરવી જરૂરી નથી. અને ઉલમાએ કિરામ દરમિયાન આ સિલસિલાને પસંદ કરવામાં આવતો ન હતો. પરંતુ વાસ્તવિકતા આ છે ચિશ્તીયા સિલસિલાના નિયમો અને તાલીમમાં આવી કોઈ બાબત હતી નહીં. સિલસિલાના મહાન બુઝુર્ગો પહેલેથી જ શરીઅતના પાબંદ અને શરઈ અહકામને જરૂરી સમજતા હતા. તરીકત – તસવ્વુફને દીન અને શરીઅતથી કોઈ અલગ રાહ સમજતા ન હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પણ અમુક કહેવાતા પીરો અને એમની હરકતોથી લોકો દરમિયાન આ ગલત ફહમી ફેલાયેલી હતી. એટલે જ આપ રહ.એ પોતાના થકી આ બાબતે એટલી બધી મહેનત કરી કે આપ રહ.ની મહેનત અને કોશિશોના પ્રતાપે લોકો હવે શરીઅત અને સુન્નતની પાબંદીને જ પીરી – મુરીદીનો મકસદ સમજવા લાગ્યા.

એકવાર જુમ્અહના દિવસે મેરઠના એક ભાઈ બયઅત થવા માટે આવ્યા હતા, આપ રહ.એ એમને ચિશ્તી સિલસિલામાં બયઅત કર્યા અને પછી ફરમાવ્યું કે, આ ઝમાનામાં ચિશ્તી સિલસિલો બદનામ છે કે એમાં શરીઅતના હુકમોની પાબંદી કરવી જરૂરી નથી. આ વાત ખોટી છે. હઝરત જલાલુદ્દીન થાનેસરી રહ. પણ ચિશ્તી બુઝુર્ગ હતા. પણ શરીઅત અને સુન્નતના ઘણા જ પાબંદ હતા. મોતની બીમારીના દિવસોમાં ઉઠવા – બેસવાની શકિત પણ ન હતી. લોકો દવા લઈને આવ્યા અને પીવાનો આગ્રહ કર્યો તો ફરમાવ્યું કે મને ખાટલા પરથી નીચે ઉતારો. પછી દવા પીધી અને ફરમાવ્યું કે, ખાટલા ઉપર સૂતા સૂતા દવા પીવી સુન્નતથી પૂરવાર નથી.

બિદઅતો વિરુદ્ધ ચળવળ અને ફતવાઓ

આ વાત અગાઉ વિવિધ શબ્દોમાં આવી ચુકી છે કે હઝરત ગંગોહી રહ.નો સમયકાળ મુસ્લિમ સમાજ માટે રાજકીય અને ધાર્મિક, બંને રીતે ભારે ઉથલપાથલનો હતો. વલીયુલ્લાહી ખાનદાનની તઅલીમી સેવાઓના કારણે કુરઆન અને હદીસનું સહીહ ઈલ્મે દીન મેળવનાર ઉલમા ધીરે ધીરે વધી રહયા હતા, પણ એની જ બીજી અસર એ થઈ હતી કે અમુક લોકો ઈલ્મે દીનના સહારે શરીઅતને પોતાની મરજી મુજબ ઢાળવા માંગતા હતા, તો અમુક લોકો ઈલ્મે દીન થકી આવતી જાગૃતિને પોતાના પરંપરાગત વર્ચસ્વ માટે નુકસાનકારક સમજતા હતા. પરિણામે આ દિવસોમાં જ ભારતમાં એક તરફ ગેર મુકલ્લિદ જમાઅત સામે આવી તો બીજી તરફ ગેર ઈસ્લામી બિદઅતો અને કુરિવાજોના સમર્થક ઉલમા પણ મેદાનમાં આવી ગયા. આવા ઉલમા શરીઅતનો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સહીહ હુકમ સમજાવવાના બદલે પ્રચલિત બિદઅતોને ઈસ્લામી પરંપરા કહીને લોકો એમાં જ પ્રવૃત રહે એવી પેરવી કરવા લાગ્યા.

એમના મુકાબલામાં દારૂલ ઉલૂમ દેવબંદ અને મઝાહિર ઉલૂમના મદરસા તેમજ ઉલમા થકી અહલે સુન્નતનો સહીહ મસ્લક લોકો સુધી પહોંચાડવાના પ્રયત્નો કરવામાં આવી રહયા હતા. અને આ બંને મદરસાની સરપરસ્તી હઝરત ગંગોહી રહ. કરી રહયા હતા, એટલે આ બધી મહેનતોનું કેન્દ્ર પણ આપ જ હતા.

આવા સંજોગોમાં હઝરત ગંગોહી રહ. પોતાના વતન ગંગોહમાં જ રહીને સ્વતંત્ર રીતે દીની તઅલીમ અને ઈસ્લાહનું કામ સંભાળવાની સાથે દરેક ક્ષેત્રે કામ કરતા ઉલમાને સમર્થન અને પીઠબળ પુરું પાડી રહયા હતા અને પોતે પણ બિદઅત અને ગુમરાહીના વિરુદ્ધ બનતી મહેનત કરી રહયા હતા.

આપ રહ. પાસે દર વરસે ૩૦ – ૪૦ ઉલમા વિશેષ ઈલ્મી કેળવણી મેળવીને ભારતના વિવિધ પ્રદેશોમાં પહોંચતા હતા તો બીજી તરફ દેશભરમાંથી પૂછવામાં આવતા સવાલોના જવાબો – ફતવાઓ લખીને આપ રહ. કલમી જિહાદની ફરજ અદા કરી રહયા હતા.

મવ. અસીર અદરવી રહ. લખે છે કે કોઈ દેશના કોઈ વિશેષ સમયકાળની સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિનો કયાસ લગાવવો હોય તો એ સમયકાળની ફતવાઓની કિતાબોનું વાંચન કરવું જોઈએ. એનાથી અંદાઝો આવી શકે છે કે એ સમયકાળના મુસલમાનોના રિવાજો, કાર્યો શું હતા ? એમની સમસ્યાઓ શું હતી ? એમના અકીદાઓ અને માન્યતાઓ કેવી હતી ? વગેરે. બધી બાબતોની તાગ આ કિતાબો થકી મળી શકે છે.

આ માપદંડના આધારે હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.ના ફતાવા રશીદીયહ ઉપર નજર કરવામાં આવે તો આપણને સમજાય છે કે મુસલમાનો ઈસ્લામના સાદા અને સરળ રસ્તાને છોડીને બિદઅતો અને કોઈ શરઈ આધાર વગર ઘડી કાઢવામાં આવેલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઈબાદતોને અપનાવીને ગુમરાહ થઈ રહયા હતા. આવા ખોટા કામોને જ અસલ શરીઅત અને દીન સમજી રહયા હતા. અને હઝરત ગંગોહી રહ.એ અત્યંત હિંમત અને ઈમાની જોશ જુસ્સાથી મેદાને પડીને સમાજને આ બધા ખોટા તરીકાઓથી પાક કરવાની મહેનત શરૂ ફરમાવી હતી.

મહેફિલે મીલાદ

આમાં સહુથી મોટી બિદઅત 'મહેફિલે મીલાદ' હતી. જે હવે 'ઈદે મીલાદુન્નબી' બની ગઈ છે. આવી મહેફિલમાં પોતાના ઘરે અમુક યુવાનો કે છોકરાઓને મીલાદ પઢવા માટે બોલાવવામાં આવતા હતા. તેઓ મીલાદના વિષયે સાચી – જૂઠી બધી રિવાયતો અને કહાનીઓ આધારિત લખવામાં આવેલ કોઈ કિતાબ લઈને આવતા. આ કિતાબ પઢવામાં આવતી, અંતે અમુક અશઆર પઢવામાં આવતા અને છેલ્લે મહેફિલમાં શરીક બધા જ લોકો લહેજાથી (એક તાલ અને એક સૂરમાં) મીલાદ પઢતા હતા. છેલ્લે મીલાદ પઢનારા અને હાજર બધા જ લોકો ઉભા થઈ જતા અને બધા એક સાથે 'યા નબી સલામ અલયક –– યા હબીબ સલામ અલયક... એકી અવાજે પઢતા. આ બાબતે લોકોને એવી માન્યતા રાખવાને કહેવામાં આવતું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મહેફિલમાં તશરીફ લાવ્યા છે. મહેફિલ ખતમ થાય ત્યારે લોકો વચ્ચે વહેંચવાની મીઠાઈ મીલાદ પઢનાર યુવાનો સામે લાવીને મુકવામાં આવતી. તેઓ ચાર કુલ અને બીજી અમુક આયતો પઢીને એના ઉપર ફૂંક મારતા અને લોકોમાં આ મીઠાઈ વહેંચી દેવામાં આવતી. આવી મહેફિલ યોજવાને મોટું સવાબનું કામ અને આશિકે રસૂલ હોવાનો પુરાવો સમજવામાં આવતો હતો.

આજે તો આપણે જોઈએ છીએ કે મહેફિલે મીલાદ, ઈદે મીલાદ અને જુલૂસે ઈદે મીલાદના આયોજનો ઘણા આગળ વધી ગયા છે. હવે બંને ઈદની નમાઝોની જેમ ઈદે મીલાદની પણ નમાઝ પઢવામાં આવે છે. અન્ય કોમની જેમ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બર્થ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ડે ઉજવવાના નામે કેક કાપવાનું પણ શરૂ થયું છે. લાખો – કરોડોના ખર્ચાઓ કરવામાં આવે છે. ઘરો, દુકાનો, બજારો અને જાહેર સ્થળોએ લાઈટીંગ કરવામાં આવે છે, ધજા – પતાકા અને ઝંડાઓ ફરકાવવામાં આવે છે. વગેરે. ઈસ્લામની સામાન્ય જાણકારી રાખનાર એક સામાન્ય માણસ પણ કહી શકે કે આ બધું ઈસ્લામી પરંપરા કે સુન્નતે રસૂલ નથી હોય શકતું.

હઝરત ગંગોહી રહ.ના ફતવાઓમાં સૌથી વધારે સવાલ – જવાબ આ વિષયના જ છે. એનો સ્પષ્ટ મતલબ એ જ છે કે એ ઝમાનામાં ઘેર ઘેર મોટા સવાબનું કામ સમજીને આવી મહેફિલો યોજવામાં આવતી હતી. અને જયારે ઉલમાએ કિરામે આ ખોટી પરંપરાનો વિરોધ કરીને લોકોને એને છોડવા સમજાવ્યું તો ચારે તરફથી આ વિષે સવાલો આવવા લાગ્યા. શરૂમાં તો આપ રહ. દલીલ સાથે આ બધા કામો બિદઅત હોવા અને ઈસ્લામી રીતે બેબુનિયાદ હોવાનું સમજાવતા હતા. પછી જયારે આવા ઘણા ફતવાઓ લોકોમાં પહોંચી ગયા, અલગ ચોપાનિયા અને રિસાલા સ્વરૂપે પણ વહેંચાવા લાગ્યા તો ટુંકમાં જવાબ લખી દેતા કે આ બધા કામો બિદઅત છે, એટલે છોડી દેવા જોઈએ. ફતાવા રશીદીયહમાં આ વિષયના અનેક સવાલ – જવાબ મોજૂદ છે. છતારી રિયાસતના નવાબ કુવંર મુહમ્મદ અબ્દુસ્સમદ ખાને આ વિષયે એક સવાલ પૂછયો તો આપ રહ.એ થોડા વિસ્તારથી જવાબ આપ્યો છે. અને જવાબના દુરુસ્ત હોવા બાબતે અન્ય અનેક ઉલમાની સહી અને સમર્થનના સિક્કા પણ શામેલ કર્યા હતા.

આ ફતવામાં મીલાદના રિવાજ વિશે લખવામાં આવ્યું કે એ છઠ્ઠી સદી હિજરીની બિદઅત છે. એટલે ત્યાર સુધી આવી કોઈ બાબતનું અસ્તિત્વ ન હતું અને આ સદીમાં એને અમુક લોકો તરફથી શરૂ કરવામાં આવ્યું. એની વધુ વિગત કિતાબના હાશિયહમાં દર્શાવવામાં આવી છે.

મહેફિલે મીલાદના નાજાઈઝ હોવાનું એક મોટું કારણ અકીદાની આ ખરાબી પણ હતી કે એમાં બધા એમ સમજીને ઉભા થાય છે કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મહેફિલમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તશરીફ લાવ્યા છે. એટલે કોઈકે પૂછયું કે, જો કોઈ માણસ આવો અકીદો ન રાખતો હોય અને ઉભા થવાને પણ જરૂરી ન સમજે અને જે મહેફિલમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વિલાદત વિશે ફકત સહી રિવાયતો જ પઢવામાં આવે તો એનો શું હુકમ છે ? તો આપ રહ.એ જવાબ આપ્યો કે : મોલૂદની મહેફિલ યોજવી ગમે તે પ્રકારે હોય, જાઈઝ નથી. કારણ કે શરીઅતનો કાયદો છે કે કોઈ મુસ્તહબ કામ માટે પણ લોકોને ભેગા કરીને એને અંજામ આપવું દુરુસ્ત નથી.

મહેફિલે મીલાદમાં બુનિયાદી કામ ફકત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વિલાદત બા સઆદત વિશેની સહી રિવાયતો અને કિસ્સા પઢવાનું જ હોય છે. અને આટલી વાત ગુનાહનું કામ નથી. અલબત્ત સમય જતાં અવામમાં અને પછી એ જ અવામમાંથી આવતી નવી પેઢીના ઉલમામાં પણ મહેફિલે મીલાદ વિશે અકીદાની ખરાબીઓ ઉપરાંત અમલ બાબતે પણ ઘણા રિવાજો અને માન્યતાઓ શામેલ થઈ ગઈ હતી. એટલે હઝરત મવલાના ગંગોહી રહ. એની બુનિયાદી હેસિયતના આધારે શરઈ હુકમને સામે રાખવાના બદલે પ્રચલિત રીત – તરીકાને સામે રાખીને એને નાજાઈઝ કહેતા હતા. શરીઅતનો હુકમ બતાવનાર સાચો મુફતી આવો જ હોય છે, જે લોકોના આમાલને સામે રાખીને એનો હુકમ દર્શાવે. મીલાદના હુકમ બાબતે આપ રહ. ઘણા જ કડક અને સ્પષ્ટ હતા. અને આ જ કારણે પોતે પણ દરેક પ્રકારની મહેફિલે મીલાદથી દૂર રહેતા હતા. એવી કોઈ મજલિસે મીલાદ હોય જેમાં કોઈ પણ પ્રકારની ખરાબી ન હોય છતાં એમાં શરીક થતા ન હતા. મલફૂઝાતે ફકીહુલ ઉમ્મતમાં હઝરત અકદસ ફકીહુલ ઉમ્મત સાહેબ રહ. ફરમાવે છે કે,

હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. એકવાર મક્કામાં હઝરત હાજી સાહેબ રહ.ની સેવામાં મોજૂદ હતા. આ જ દિવસોમાં ત્યાં કોઈકે મહેફિલે મીલાદનું આયોજન કર્યું. હઝરત હાજી સાહેબ રહ. એમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શરીક થવા જઈ રહયા હતા અને આપ રહ.ને પણ કહયું કે ફલાણી જગ્યાએ મહેફિલે મીલાદ છે, આપ આવવા ચાહો છો ? હઝરત ગંગોહી રહ. જવાબ આપ્યો કે, હું હિંદુસ્તાનમાં લોકોને મેહફિલે મીલાદ બાબતે મના કરું છું. એ લોકોને ખબર પડશે કે હું પોતે એમાં શરીક થાઉ છું તો તેઓ શું કહેશે ? હાજી સાહેબે ફરમાવ્યું કે, જઝાકલ્લાહ. મને તમારા શરીક થવાથી એટલી ખુશી ન થાત, જેટલી હવે તમારા શરીક ન થવા વિશે છે. એટલા માટે કે તમે જે વસ્તુને હક સમજો છો, એના ઉપર અડગ રહો છો.

હઝરત ફકીહુલ ઉમ્મત રહ. ફરમાવે છે કે હઝરત ગંગોહી રહ.ના એક ખાદિમ હઝરત ગંગોહી રહ.ની જાણ બહાર આ મહેફિલે મીલાદમાં ગયા હતા. તેઓ કહેતા હતા કે જો હઝરત ગંગોહી રહ. આ મજલિસમાં શરીક થાત તો એને ખોટી કે નાજાઈઝ ન ઠરાવત, કારણ કે એમાં કોઈ ખુરાફાત ન હતી.

ઉર્સ :

બીજી સૌથી ખરાબ બિદઅત 'ઉર્સ'ની હતી. દેશભરમાં વિવિધ મઝારો ઉપર બુઝુર્ગોના નામે ભારે ધૂમધામથી ઉર્સ મનાવવામાં આવતા હતા. ઉર્સમાં ભાગ લેવા માટે સામાન્ય લોકો અને કહેવાતા સૂફીઓ દેશના ખુણે ખુણેથી મઝાર ઉપર ભેગા થતા હતા. અજમેર, કલ્યર, દિલ્હી અને બીજા અનેક સ્થળોને લોકોએ પોતાની આસ્થાનું કેન્દ્ર બનાવી લીધાં હતાં. સામાન્ય રીતે મઝારના બુઝુર્ગની વફાતના દિવસને નક્કી કરીને ઉર્સનું આયોજન કરવામાં આવતું હોય છે. ભાગ લેવા માટે દૂર દૂરથી અકીદતમંદો આવે છે. દરગાહની આસપાસ ભારે ભીડ ભેગી થાય છે. મોટો મેળો લાગે છે. દુકાનો અને બજાર બનાવવામાં આવે છે. કવ્વાલીની મહેફિલો યોજવામાં આવે છે, જેમાં સાહિબે મઝારને આસમાની – ગેબી શકિતઓ હાસિલ હોય એવા અશ્આર હોય છે. આવી મહેફિલોમાં પુરૂષો અને ઓરતો ભેગા શરીક થાય છે. પરદાનો કોઈ એહતેમામ નથી હોતો. બલકે કવ્વાલી ગાનારી ટીમમાં પણ મરદો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને ઓરતો સાથે હોય છે. મ્યુઝીક, સંગીત, ઢોલ, વાંજા સાથે કવ્વાલીઓ ગાવામાં આવે છે, એમાં કોઈને વજદ આવે છે, કોઈ નાચે છે તો કોઈ બેહોશ થઈ જાય છે. આ બધું જ દીન અને ઈસ્લામના નામે કરવામાં આવે છે. આ બધું તો મઝાર કે દરગાહ બહારના તમાશાની વિગત છે. અંદર મઝારે જઈને લોકો પોતાની જરૂરતો – હાજતો માંગે છે. કબરમાં દફન બુઝુર્ગ વિશે એમ સમજવામાં આવે છે કે તેઓ અમારી હાજતો પૂરી કરે છે અથવા અલ્લાહે એમને એટલો અધિકાર આપ્યો છે. આજે પણ આપણે જોઈએ છીએ આ બધી હરકતો પહેલાં કરતાં વધારે ખરાબ શકલમાં મોજૂદ છે, અને એમાંયે અન્ય કોમોની દેખાદેખી શિર્કવાળા કામો અને માન્યતાઓ દિવસે ને દિવસે ઉમેરાય છે.

ઉલમાએ કિરામ દ્વારા જયારે આ બધી ખુરાફાત અને બિદઅતોનો વિરોધ કરવામાં આવ્યો તો લોકો એના વિશે પણ મોતબર ઉલમાને ફતવા પૂછવા લાગ્યા. સામાન્ય માનવી પોતાની અકીદત હોય એવા આલિમને ફતવો પૂછતો હોય છે. જે લોકો આવી બિદઅતોના હિમાયતી ઉલમાને સવાલ પૂછતા એમને જવાબમાં આ બધી હરકતો સહી હોવાનું કહેવામાં આવતું, એના માટે કોઈક બુઝુર્ગના કિસ્સા કે મનઘડત રિવાયતોનો સહારો લેવામાં આવતો હતો. વિશેષ કરીને કવ્વાલી બાબતે સૂફિયાએ કિરામની 'સિમાઅ'ની પરંપરાને આધાર બનાવવામાં આવતી હતી. અને જે લોકો ઉલમાએ દેવબંદ અથવા વલીયુલ્લાહી તઅલીમી સિલસિલાના મોતબર ઉલમાને આ વિશે પૂછતા તો એમને આ બધી હરકતો બિદઅત હોવાનું જણાવવામાં આવતું. એના માટે કુરઆન – હદીસની દલીલો અને નાજાઈઝ હોવાના અન્ય કારણો પણ સમજાવવામાં આવતા હતા. આવા અનેક ફતવાઓ ફતાવા રશીદીયહમાં શામેલ છે. અમુક ફતવાઓ ટુંકા તો અમુકમાં વિસ્તાર પૂર્વક જવાબો આપવામાં આવ્યા છે. અમુક ફતવાઓમાં શાહ મુહમ્મદ ઈસ્હાક દહેલ્વી રહ.ની કિતાબો 'અરબઈન મસાઈલ' અને 'મિઅહ મસાઈલ'ના હવાલાથી જવાબ આપ્યો છે કે કબરોને પાકી બનાવવી પણ જાઈઝ નથી અને કબર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપર રોશની કરવી, ભેગા થઈને ઉર્સ મનાવવું, કબરને સજદો કરવો કે એની આસપાસ ફેરા ફરવા.. વગેરે કામો જાઈઝ નથી.

અવલિયાએ કિરામના મઝારો ઉપર જવા વિશે એક સવાલના જવાબમાં ફતાવા રશીદીયહમાં છે : બુઝુર્ગોની કબરની ઝિયારત માટે સફર કરીને જવા બાબતે ઉલમાએ કિરામમાં મતભેદ છે. અમુક ઉલમા જાઈઝ કહે છે અને અમુક ઉલમા મના કરે છે. એટલે આ વિષયે કોઈ વિવાદ કરવો જોઈએ નહીં. પણ આટલું નક્કી છે કે ઉર્સના દિવસે ઝિયારત માટે જવું હરામ છે. (ફતાવા રશીદીયહ)

અગાઉ આવી ગયું છે કે આપના પરદાદા હઝરત શૈખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.ની ખાનકાહને જ આબાદ કરીને આપ રહ.એ તઅલીમી સિલસિલો અને ખાનકાહી નિઝામ શરૂ ફરમાવ્યો હતો. અલબત્ત શેખ અ.કુદ્દૂસ રહ.ના જે વારસદારો આ ખાનકાહ અને મઝારી વ્યવસ્થા સંભાળતા આવતા હતા, તેઓ એમની પરંપરા મુજબ દર વરસે ઉર્સનું આયોજન કરતા આવતા હતા અને આપ રહ.એ ખાનકાહી – તઅલીમી ખિદમત માટે આ ખાનકાહને પોતાનું મરકઝ બનાવ્યું ત્યાર પછી પણ તેઓ દર વરસે અત્રે ઉર્સનું આયોજન કરતા હતા. આપ રહ. આ આયોજન અને ઉર્સથી બિલકુલ સહમત ન હતા, અને એને બંધ કરાવવાની પણ શકિત ન હતી. એટલે ઉર્સના દિવસોમાં આપ રહ. ઘણા પરેશાન થતા હતા. પહેલાં અમુક વરસો તો આપ રહ. ઉર્સના દિવસોમાં ગંગોહ છોડીને રામપૂર ચાલ્યા જતા હતા.

પાછળથી અમુક કારણસર ગંગોહમાં જ રહેવું જરૂરી થઈ પડયું તો ઉર્સના દિવસોમાં પણ ખાનકાહમાં જ રહેતા હતા. અલબત્ત આ દિવસોમાં કોઈ અકીદતમંદ આપ રહ.ને મળવા આવે એ આપ રહ. બિલકુલ પસંદ કરતા ન હતા. દરેકને આવવાથી મના કરી દેતા હતા અને કોઈ આવી ચડે તો એનાથી નારાજ થઈ જતા હતા.

એકવાર મોલ્વી મુહમ્મદ સાલેહ જાલંધરી રહ. (જેઓ આપ રહ.ના ખલીફા હતા)ને મળવાનો શોખ થયો તો ઘરે ગંગોહ આવવા નીકળી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પડયા. આ દિવસોમાં ગંગોહમાં ઉર્સ થતું હતું. એમને ઉર્સ વિશે કંઈ ખબર કે અંદાઝો ન હતો, એટલે આવી ગયા, પણ હઝરત ગંગોહી રહ.ના દિલમાં સુન્નતની મહોબ્બત અને બિદઅત વિશે જે નારાજગી હતી, એની અસરે એટલા નારાજ થયા કે સલામનો જવાબ આપ્યા પછી મોલ્વી સાલેહ સાહેબની ખેર ખેરિયત, કયારે આવ્યા કે ખાવા પીવા વિશે પૂછવાની પણ તસદી લીધી નહીં. બે દિવસ આમ જ રહયું. હઝરત રહ.ની નારાજગીથી મોલ્વી સાલેહ રહ. ઘણા જ બેચેન થઈ ગયા. ઘણું વિચાર્યું પણ એમને કંઈ સમજમાં આવ્યું નહીં. આપ રહ. પાસે જતા, ખામોશ બેસીને પાછા આવી જતા.

અંતે એકવાર હાજર થયા અને રડી રડીને અરજ કરી કે હઝરત મારાથી શું કોતાહી થઈ છે, જેની મને આ સજા મળી રહી છે ? મારાથી તો આ બધું સહન નથી થતું. અલ્લાહ વાસ્તે માફ કરી દયો. હઝરત રહ. એમનો હાથ પકડયો અને ફરમાવ્યું : મારા હકમાં કોઈ કોતાહી નથી થઈ કે હું માફ કરું. અલ્લાહની નાફરમાની થઈ છે. અલ્લાહ પાસે માફી માંગો. આ બધું થયું ત્યારે મને ખ્યાલ આવ્યો કે ઉર્સના દિવસોમાં ગંગોહ આવવાથી હઝરત રહ.ને નારાજગી થઈ છે. અંતે મેં જણાવ્યું કે ખુદા ગવાહ છે કે મને ઉર્સમાં ભાગ લેવાનો કોઈ શોખ નથી. ઉર્સના બહાને હું ગંગોહ હરગિઝ નથી આવ્યો અને અહિંયા આજકાલ ઉર્સ છે, એની પણ મને ખબર ન હતી.

હઝરત ગંગોહી રહ.એ ફરમાવ્યું કે, તમારી નિયત ભલે ઉર્સમાં શરીક થવાની ન હતી, પણ ઉર્સમાં આવનાર બે માણસો જે રસ્તે આવતા હતા, એ રસ્તે ત્રીજા માણસ તમે હતા. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : من كثر سواد قوم فهو منهم . માણસ જે સમુહનું સંખ્યા બળ વધારે, (તો એમના કાર્યોમાં ભાગીદાર ન હોય છતાં) એ સમુહમાંથી જ ગણાશે. (તઝકિરતુર્રશીદ : ૨/૯)

ઉર્સના આયોજકો હઝરત શૈખ અબ્દુલ કુદ્દૂસ ગંગોહી રહ.ના વંશજો હતા. આપ રહ. પણ આ જ ખાનદાનના હતા. અગાઉ આવી ગયું છે કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જયારે આપ રહ.એ આ બંધ પડેલ ખાનકાહને આબાદ કરીને એમાં ખાનકાહી અને તઅલીમી સિલસિલો શરૂ કર્યો તો શરૂમાં વિરોધ અને વિવાદ થયો હતો, અને પાછળથી બધા આપ રહ.ને સન્માનપૂર્વક ખાનકાહમાં લઈ આવ્યા હતા. ઉર્સનું આયોજન કરનાર આપના ખાનદાનના આ લોકો આપ રહ.ના અકીદતમંદ હતા, અલબત્ત ઉર્સ બાબતે આપ રહ.ની વાત માનતા ન હતા. ઉર્સના દિવસોમાં પણ આ બાબતનો એહતેમામ કરતા હતા કે અઝાન થયા પછી ફરજ અને સુન્નતો પઢાય ત્યાં સુધી કવ્વાલી બંધ રાખતા હતા. એકવાર આપ રહ. મસ્જિદે આવ્યા તો કવ્વાલી ચાલુ હતી. અઝાન થઈ ચુકી હતી. આપ રહ.એ પૂછયું કે હજુ કવ્વાલી ચાલુ છે ? અઝાન નથી થઈ ? લોકોએ જણાવ્યું કે અઝાન થઈ ચુકી છે, પણ ફલાણા સાહેબ ફલાણા મુકામેથી આવ્યા છે અને તેઓ 'હાલ'માં મસ્ત છે. આપ રહ.એ ફરમાવ્યું કે અઝાન થઈ ગઈ છે, એટલે કવ્વાલી બંધ કરો અને એમને તળાવના કિનારે મુકી આવો.

કબરનો તવાફ કે ફેરા ફરવાની બિદઅત પણ ઉર્સનો જ એક ભાગ હતો. ઉર્સમાં ભેગા થનારા જાહિલ અને દીનથી બે ખબર લોકોને લેભાગુ પીરો અને મોલ્વીઓ આવી બધી બિદઅતોમાં મશગૂલ કરીને પોતાના આંધળા મુરીદ બનાવી રાખતા હતા. ફતાવા રશીદીયહમાં આ બાબતે પણ અનેક ફતાવાઓ છે. જેમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે આ હરામ કામ છે. કાબા શરીફ સિવાય બીજી કોઈ પણ વસ્તુનો તવાફ કે ફેરા ફરવા જાઈઝ નથી.

ઉર્સ, દરગાહ અને મઝારો ઉપર થતી બિદઅતોમાં દીની અને અકીદાની રીતે સૌથી ખતરનાક બિદઅત કબરમાં દફન બુઝુર્ગો પાસે પોતાની હાજત માંગવાની હતી. દીનથી બેખબર જાહિલ મુસલમાનો લેભાગુ મોલ્વીઓ – પીરોની વાતોથી એમ જ સમજતા હતા કે દરગાહ વાળા બુઝુર્ગ જે ચાહે તે કરી શકે છે. તેઓ અમારી જરૂરતો પૂરી કરી શકે છે. એટલે લોકો મઝારે આવીને સીધા બુઝુર્ગો પાસે એવી રીતે પોતાની હાજતો માંગતા હતા કે તેઓ જ અમારી જરૂરત પૂરી કરી શકે છે. આ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બાબતે સમજદાર ઉલમા તરફથી કંઈ કહેવામાં આવે છે તો બિદઅતના હિમાયતી ઉલમા કહે છે કે આ તો વસીલો છે. બુઝુર્ગોના વસીલાથી અલ્લાહ તઆલા પાસે દુઆ માંગવામાં આવે છે, વગેરે.. પણ હકીકત આ છે કે સામાન્ય મુસલમાનોના અકીદામાં આવું બધું હોતું નથી. તેઓ સીધા કબર વાળા બુઝુર્ગને જ સર્વશકિતમાન સમજે છે. યા ગોષ મદદે ! યા ખ્વાજા ગરીબ નવાઝ મદદે ! વગેરે વાકયો આવી માન્યતાઓના કારણે જ પ્રચલિત થયા છે. એક ફતવાના જવાબમાં આપ રહ. એ આ બાબતે ટુંકી પણ સરસ સ્પષ્ટતા કરી છે :

> ઈસ્તેઆનત – મદદ માંગવાનો એક મતલબ આ છે કે અલ્લાહ તઆલા પાસે દુઆ કરવામાં આવે કે ફલાં બુઝુર્ગની હુરમત – બરકત અને વસીલાથી મારું કામ કરી દે. આમ દુઆ કરવી બધા જ ઉલમાના મતે જાઈઝ છે. ચાહે કબર પાસે જઈને આવી દુઆ કરવામાં આવે કે કબરથી દૂર રહીને આ દુઆ કરવામાં આવે.
>
> બીજો મતલબ આ છે કે કબરમાં દફન બુઝુર્ગને સંબોધીને દુઆ કરે કે તમે મારું કામ કરી દયો. આ શિર્ક છે. ચાહે કબર પાસે કહે કે કબરથી દૂર રહીને કહે. (ફતાવા રશીદીયહ)

ફાતેહા, ચાલીસમું, ત્રીજું, અગિયારમી વગેરે બિદઅતો વિશે પણ આપ રહ. સ્પષ્ટ રૂપે નાજાઈઝ હોવાનો હુકમ બતાવતા હતા. આ બધા કામો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબાથી પ્રચલિત તરીકા પ્રમાણે પુરવાર અને સાબિત ન હોવાથી એને દીન અને સુન્નત સમજીને કરવા ગુનાહનું કામ છે. હિંદુઓમાં આવી બધી રસમો અને પરંપરાઓ છે, એમનાથી જ આ રિવાજો મુસલમાનોમાં આવ્યા હોવાના કારણે એમાં વિધર્મીઓ સાથે મુશાબહત – એકરૂપતા પણ છે. ગરીબોને કંઈ ખવડાવવું કે કુરઆન શરીફ પઢીને ઈસાલે સવાબ કરવો, જાઈઝ કામ છે, પણ એના માટે દિવસ નક્કી કરવો અને એવો તરીકો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અપનાવવો જે બીજા ધર્મનો હોય, ઈસ્લામી રીતે જાઈઝ નથી હોય શકતું. આપ રહ.એ અનેક ફતવાઓમાં આ બાબતની પણ સ્પષ્ટતા કરી છે.

આ વિષયના ફતાવા જોતાં એક બીજી વાત પણ સામે આવે છે કે આવા ફતાવા લખીને આપ રહ. અન્ય ઉલમા પાસે તસ્દીક અને સમર્થન માટે મોકલતા હતા, એટલે આવા ઘણા ફતવાઓ ઉપર દસ – વીસ માણસોની સહી અને સિક્કા પણ છે. ઘણા ઉલમા હઝરત ગંગોહી રહ.એ લખેલ જવાબ અને જરૂરી દલીલો ઉપરાંત પોતાના તરફથી પણ અન્ય દલીલો આવા કામોના નાજાઈઝ હોવાની લખતા હતા. આવા ફતવા સામાન્ય રીતે પરચા કે ચોપાનિયાની શકલમાં છપાયને વહેંચાતા હતા. એટલે ઘણા બધા લોકો સુધી આ ફતવાઓ પહોંચતા અને લોકો આવી બિદઅતો છોડીને સહી રીત અપનાવવા લાગ્યા.

શિયાઓ દ્વારા પ્રચિલત બિદઅતો

મુગલ સલતનતના છેલ્લા દિવસોમાં શીયા લોકોની પહોંચ વધી જવાના કારણે અને ત્યાર પછી અમુક રિયાસતોના શિયા નવાબોના કારણે અહલે સુન્નત મુસલમાનોમાં ઘણી એવી પ્રથાઓ પણ આવી ગઈ જેના મુળ શિયા લોકોની બિદઅતોમાં હતા. જેમ કે હઝરત હુસૈન રદિ.ના નામની સબીલ લગાવવી, ઈમામ જઅફરનું કુંડું, મોહર્રમનો ખીચડો, તાઝિયા વગેરે..અને ઘણા સ્થળોએ નવાબો અને અફસરો દ્વારા સરકારી રીતે એનું આયોજન થવાથી શિયા – સુન્ની બધા જ લોકો એને અપનાવવા લાગ્યા હતા. હઝરત અકદસ મવલાના કાસિમ નાનોત્વી રહ. અને હઝરત અકદસ ગંગોહી રહ.એ આવી રસમો અને પ્રથાઓ વિરુદ્ધ પણ ચળવળ ચલાવી અને મુસ્લિમોને એવી રસમો બાબતો જાગૃત કરવાની મહેનત આરંભી હતી.

આવી રસમો અને બિદઅતો વિશે હઝરત ગંગોહી રહ. સ્પષ્ટ અને કડક શબ્દોમાં બિદઅત અને હરામ હોવાનો ફતવો આપતા હતા, અલબત્ત એના આધારે કોઈને કાફિર ઠેરવતા ન હતા. કારણ કે શકય હોય ત્યાં સુધી એક મુસલમાનના કામને એવી નજરે જોવું જરૂરી છે,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જેનાથી એ કાફિર ન ઠરતો હોય. ઘણા લોકો આવા રિવાજો અને કામો અકીદાની ખરાબીના કારણે ન કરતા હતા, બલકે ખાનદાની રિવાજ કે લોકોની દેખાદેખી કે સરકારી દબાણના કારણે કરવા મજબૂર હતા.

આ બધી બિદઅતો ઉપરાંત અન્ય ઘણા બધા કામો વિશે બિદઅત હોવાનું એલાન કરીને એના વિરુદ્ધ ચળવળ ચલાવવી અને લોકોને એનાથી બચવાની તાકીદ અને શરઈ હુકમ બતાવવાની મહેનત આપ રહ.ની રાહબરી હેઠળ ચાલતી હતી.

લેખન કાર્ય : આપ રહ.ની કિતાબો

ઈમામે રબ્બાની હઝરત અકદસ મવલાના ગંગોહી રહ.ની ખિદમત સર્વગ્રાહી હતી. આપ રહ. પોતે કુરઆન – હદીસની તઅલીમ આપતા હતા અને સેંકડો ઉલમા – તલબા આપ રહ. પાસે પઢતા હતા. બલકે લોકો અન્ય જગ્યાએ તઅલીમ પૂરી કરીને પછી આપ રહ. પાસે દવરહ પઢવા આવતા હતા. આ સાથે જ સુલૂક અને તસવ્વુફની તરબિયત આપ રહ. ફરમાવતા હતા. આ આશયે પણ મોટી સંખ્યામાં ઉલમાએ કિરામ આપ રહ.ની સેવામાં આવતા જતા રહેતા હતા, અને ખાનકાહ આવા લોકોથી ભરેલી રહેતી હતી. ઉપરાંત સમાજ સુધારણા અને બિદઅતો તેમજ ખોટા રિવાજોને ખતમ કરવા માટે આપ રહ. વિશેષ મહેનત અને કોશિશો ફરમાવતા હતા. દેવબંદ અને સહારનપૂરના મદરસાઓની સરપરસ્તી આપ રહ.ના માથે હતી, અને આ બંને મદરસાઓના ઘણા ઉસ્તાદો આપ રહ.ના મુરીદ કે ખલીફા હતા, એટલે આ બંને મદરસાઓ થકી કુરઆન, હદીસની તઅલીમ અને એના થકી ઈસ્લામી અહકામને સહીહ સ્વરૂપે લોકોમાં સ્થાપિત કરવા આપ રહ.નું વિશેષ મિશન હતું. શાહ વલીયુલ્લાહ રહ.ના ઝમાનાથી ચાલતી આવતી કુરઆન – હદીસની ઈસ્લામી તઅલીમ અત્યાર સુધી વિશેષ વ્યકિતઓ અને ઉલમા પુરતી સિમિત હતી, એને હવે સમાજમાં પ્રસરાવીને સામાન્યજન સુધી પહોંચાડવાની મહેનત આપ રહ. કરી રહયા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આવા સંજોગોમાં આપ રહ.ને ઈલ્મી વિષયો ઉપર કંઈ લખવા માટે વિશેષ સમય ન મળે એ સ્પષ્ટ છે. અને આપ રહ. પણ કિતાબો – પુસ્તકો લખવા કે સંપાદન કરવા તરફ વધારે ધ્યાન આપતા ન હતા, એક ટુંકા જીવનમાં એક નવી રાહની સ્થાપના કરીને એને મજબૂત કરી જવાની મહેનત આપ રહ.એ કરવાની હતી. એટલે આપ રહ.નું લેખન કાર્ય ઘણું સિમિત છે. બલકે એક છોડીને આપ રહ.ની સઘળી કિતાબો કે પુસ્તિકાઓ સમયની જરૂરત મુજબ લખવામાં આવેલ ફતવાઓ કે રિસાલાઓ જ છે.

મવલાના નુરુલ હસન રાશિદ સા. લખે છે :

હઝરત ગંગોહી રહ.ના સંપાદિત પુસ્તકો અને પાનાંઓની સંખ્યા બહુ વધારે અને દળદાળ નથી.

મવલાના અ. હય હસની રહ. લખે છે કે, હઝરત ગંગોહી રહ. લેખન – સંપાદનમાં વધારે પ્રવૃત નથી. અને અમુક નાની કિતાબો આપ રહ.એ સંપાદિત ફરમાવી છે. જેમ કે તસ્ફિયતુલ કુલૂબ, ઈમ્દાદુસ્સુલૂક, હિદાયતુશ્શીયહ. અલબત્ત આપ રહ.નું લખાણ ઘણું જ ગુઢ, અર્થસભર અને સર્વગ્રાહી હોતું.

હઝરત મવલાના થાનવી રહ. આપના લખાણ વિશે ફરમાવે છે કે, મવલાના ગંગોહી રહ. દરિયાને કૂજામાં ભરી દેતા હતા અને મવલાના નાનોત્વી રહ. કૂજામાંથી દરિયા વહાવતા હતા. (બાકીયાત ફતાવા રશીદીયહઃ૧૦૪)

અત્રે હઝરત ગંગોહી રહ.ની કિતાબોનો ટુંક પરિચય આપવામાં આવે છે :

(૧) ઈમ્દાદુસ્સુલૂક.

આઠમી સદી હિજરીના મશહૂર બુઝુર્ગ શેખ કુત્બુદ્દીન રહ.ની એક કિતાબ 'રિસાલહ મક્કીયહ'નો આ ભાવાનુવાદ છે. મુળ કિતાબ અરબીમાં છે, આપ રહ.એ એનો ખુલાસો અને અર્થ – મતલબ ફારસીમાં લખ્યો છે. જરૂરત હોય એ મુજબ ઘણી બાબતોની સમજૂતી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પોતાના તરફથી પણ વર્ણવી છે. આમ આ કિતાબમાં મુળ કિતાબમાં ન હોય એવી પણ ઘણી વાતો શામેલ થઈ ગઈ છે, એટલે જ અમુક લોકો આ કિતાબને રિસાલહ મક્કીયહનો તરજુમો કહેવાને બદલે હઝરત ગંગોહી રહ.ની જ કિતાબ ગણે છે.

હઝરત ગંગોહી રહ.ના ફારસી તરજુમહનું નામ 'ઈમ્દાદુસ્સુલૂક' છે. એનો ઉર્દૂ અનુવાદ હઝરત મવલાના આશિક ઈલાહી મેરઠી રહ.એ કર્યો છે, જેનું નામ એમણે 'ઈરશાદુલ મુલૂક' રાખ્યું છે. હઝરત ગંગોહી રહ. એ અન્ય એક બુઝુર્ગ હઝરત હાફેઝ ઝામીન શહીદ રહ.ના અનુરોધ ઉપર આ અરબી કિતાબનો ફારસી અનુવાદ ફરમાવ્યો હતો.

હઝરત શેખુલ હદીસ મવલાના ઝકરિયા રહ. ઉર્દૂ અનુવાદના આમુખમાં લખે છે કે મુળ કિતાબના લેખક શેખ કુત્બુદ્દીન રહ. વિશે ઈતિહાસમાં વધારે જાણકારી ઉપલબ્ધ નથી. કિતાબના લખાણથી એટલું સ્પષ્ટ થાય છે કે મક્કા મુકર્રમહમાં આ કિતાબ સંપાદન કરવામાં આવી હતી એટલે એનું નામ રિસાલહ મક્કીયહ છે. હઝરત શૈખુલ હદીસ સાહેબ રહ. લખે છે કે અલીગઢ યુનિ.માં આ રિસાલહની બે અલગ અલગ હસ્તપ્રતો મોજૂદ છે. અને શેખ કુત્બુદ્દીન રહ.ના ઝમાનાના એક મશહૂર બુઝુર્ગ હઝરત જલાલુદ્દીન મખ્દૂમ જહાંનીયાં જહાંગશ્ત રહ. આ કિતાબ એમના મુરીદોને પઢાવતા હતા. એમના મલ્ફૂઝાતમાં પણ વારંવાર આ કિતાબનો ઉલ્લેખ આવે છે. શેખ કુત્બુદ્દીન રહ.ની વફાત ૭૮૦ હિ.માં થઈ છે.

મવલાના અસીર અદરવી રહ.ના લખવા મુજબ અહલે તરીકતના દરમિયાન આ કિતાબ પરિચિત અને પ્રચલિત રહી હોય એમ લાગે છે. કારણ કે પાછળથી ખૈરાબાદના એક બુઝુર્ગ શેખ સઅદ બિન બુદ્ધન બિન શેખ મુહમ્મદ રહ.એ પણ રિસાલહ મક્કીયહની એક શરહ લખી છે, અને ૮૨૪ પેજની શરહની હસ્તપ્રત મઝાહિરના કુતુબખાનામાં આજે પણ મોજૂદ છે.

કિતાબના આરંભે મુકદ્દમહમાં લખવામાં આવ્યું છે કે શરીઅત અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

તરીકત, અલગ અલગ બાબતો નથી. બલકે શરીઅતના હુકમોને એના પૂરા અર્થ – મતલબ સહિત સમજીને શ્રેષ્ઠ રીતે અનુસરવાનું નામ જ તરીકત છે. હઝરત ગંગોહી રહ.ના શબ્દો આ મુજબ છે :

> ખુલાસા યે હે કે શરીઅત કે તાબેઅ બન કર હક તઆલા કી ઈબાદત મેં લગના ઓર પુખ્તગી વ ઈસ્તેકામત કે સાથ રઝાએ હક કા મુતલાશી રેહના તરીકત કેહલાતા હે.

અન્ય એક સ્થળે હઝરત ગંગોહી રહ. મુળ કિતાબની સમજૂતી આપતાં લખે છે :

> સાલિક કે લિયે લાઝિમ હે કે અકાઈદ કી તસ્હીહ કે બાદ સબ સે પેહલે જિસ કદર મુમ્કિન હો, મસાઈલે ફિકહીયહ માલૂમ કરે, ચુનાંચે બાઝ સૂફિયા કા કેહના હે કે અમલ બગૈર ઈલ્મ કે સકીમ વ બીમાર હે. ઓર ઈલ્મ બગેર અમલ કે બાંજ વ બેકાર હે. ઓર ઈલ્મ કે સાથ અમલ સિરાતે મુસ્તકીમ વ રાહે ઉસ્તુવાર હે.

બીજા પ્રકરણમાં શેખે કામિલની તલાશ જરૂરી હોવાનું વર્ણન છે. આ બાબતને કુરઆન – હદીસથી પુરવાર કરવામાં આવી છે. અને હદીસ શરીફની દલીલથી આ આ પણ પુરવાર કર્યું છે કે શેખે કામિલની સોહબત – તરબિયતમાં રહેવું માણસની કામ્યાબી માટે જરૂરી છે.

હઝરત ગંગોહી રહ.એ કેવા માણસને 'શેખ' (મુરબ્બી) બનાવી શકાય એની શરતો પણ વર્ણવી છે, ફરમાવે છે : શેખ એવો બુઝુર્ગ હોય જે કુરઆન – હદીસનો આલિમ હોય, આલિમ હોવા ઉપરાંત અખ્લાક અને આમાલમાં ઉચ્ચ સ્થાને હોય. માલ અને મોભાની લાલચથી દૂર હોય. એણે પોતે કોઈ એવા સાચા પીર પાસે રહીને તરબિયત મેળવી હોય, જેનો સિલસિલો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સુધી પહોંચતો હોય. પોતાના શેખના હુકમ મુજબ મુજાહદહ – રિયાઝત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરી ચુકયો હોય. વાતચીત, ખાવા – પીવા અને મખ્લૂક સાથેનો સંબંધ જેવી બાબતો એમાં ઓછી હોય. સદકો, ખામોશી, નમાઝ, રોઝા વગેરે વધારે પાળતો હોય. સારા અખ્લાક, અદબ, સબ્ર, તવાઝુઅ, શુક્ર, તવક્કુલ, યકીન, સખાવત, કનાઅત, અમાનત, આખિરતની ફિક્ર, સચ્ચાઈ, ઈખ્લાસ, સજ્જનતા, વગેરે સદગુણો એમાં મોજૂદ હોય.

ત્રીજા પ્રકરણમાં સાલિક એટલે કે મુરીદ અને સૂફી માટે જરૂરી હિદાયતોનું વર્ણન છે. વિશેષ કરીને શેખના માર્ગદર્શન મુજબ પાબંદીથી મામૂલાત પૂરા કરવાની તાકીદ છે. અને ઝિક્ર – તસ્બીહાતની પાબંદી કરવાથી જે કેફિયત વગેરે મહસૂસ કરે, એમાં મસ્ત થવાના બદલે પોતાના કામો તરફ વધારે ધ્યાન આપતો રહે.

પછીના વિવિધ પ્રકરણોમાં સાલિક માટે કરવાના જરૂરી કામોનું વર્ણન છે. જેમ કે (૧) હમેંશા વુઝૂથી રહેવાની તાકીદ. (૨) વરસ દરમિયાન શકય એટલા વધારે રોઝા રાખવા, બલકે ઈદ વગેરેના પાંચ દિવસ છોડીને આખું વરસ રોઝા રાખવાની તાકીદ છે. (૩) ઝિક્ર, તિલાવત, ઈબાદત અને નેક જરૂરત વગર મોંઢું ન ખોલે. ખામોશ જ રહે. (૪) એકાંતમાં રહે. એકાંત અને 'ખલ્વત'નો મતલબ આ પ્રમાણે વર્ણવ્યો છે કે દિલના બાહય દરવાજા બંધ કરવા અને બાતેની દરવાજા ખોલવાનું નામ 'ખલ્વત' છે. આ બાબતે ગારે હિરામાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના એકાંતવાસનું વર્ણન કરીને પછી સ્પષ્ટતા કરી છે કે ઈસ્લામમાં સન્યાસ સારી બાબત નથી સમજવામાં આવતી. બલકે માણસે સમાજ અને સંસાર મુજબ એના સંબંધીઓના હકો અદા કરવા પણ જરૂરી છે. આવા એકાંત – ખલ્વતનો સમયગાળો અમુક બુઝુર્ગોના મતે ૪૦ દિવસ અને અમુકના મતે ૩૦ દિવસ હોવાની બાબત પણ વિસ્તૃતથી વર્ણન ફરમાવી છે.

આગળના પ્રકરણોમાં ઝિક્રને લગતી વિવિધ બાબતોનું માર્ગદર્શન છે. ઝિક્રના પ્રકાર, વિવિધ ઝિક્ર અને તસ્બીહના ફાયદાઓ, કરવાની રીતો, દરજાઓનું વર્ણન છે. પ્રકરણ નવમાં સાલિકના દિલમાં આવતા સારા –

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બુરા અને નેકી – બદીના વિચારો વિશેનું વર્ણન છે.

દસમા પ્રકરણમાં પોતાના પીર અને શેખ સાથે પોતાને અને વિશેષ કરીને પોતાના દિલને જોડવા અને એમની સાથે એકરૂપ થવાનું માર્ગદર્શન છે. અગિયારમાં પ્રકરણમાં એતેરાઝ એટલે કે અલ્લાહ તઆલા અને દીનની જરૂરી બાબતો વિશે દિલમાં નકારાત્મક વિચારો ન રાખવાનું વર્ણન છે. બારમાં પ્રકરણમાં સુલૂકના વિવિધ મરતબાઓનું વર્ણન છે. જેમ કે તોબા, ઈનાબત, ઈફ્ફત, વરઅ, ઈરાદહ, ફક્ર, સિદક, સબ્ર, વગેરે.. તેરમાં પ્રકરણમાં કલામે નાફેઅ એટલે સારી વાતો જ બોલવાની તાકીદ છે. જે વાત પૂછવામાં આવે એનો જ જવાબ આપે, અને પૂછનારને ઉપયોગી હોય એવો જવાબ આપે.

છેલ્લા પ્રકરણોમાં અવલિયાએ કિરામની કરામતો. સૂફીઓના લિબાસનો અદબ, તસવ્વુફના દસ અરકાન, ઉસૂલે દીન એટલે ઈમાન, તવહીદ, યકીન વગેરે. અને ખલ્વત, મુકાશફાત, તલ્બીસે ઈબ્લીસ, વલીઓની વિલાયત અને એના પ્રકારો.. અને અંતે તરીકતનો ખુલાસો વર્ણવવામાં આવ્યો છે.

(૨) સબીલુર્રશાદ.

હઝરત ગંગોહી રહ.નો ઝમાનો એક રીતે હિંદુસ્તાનમાં અફરાતફરીનો ઝમાનો હતો. ૧૮૫૭ની બગાવત નાકામ થયા પછી અંગ્રેજો દેશભરમાં રાજ કરી રહયા હતા. પાછલા ઝમાનાના રીત – રિવાજ અને લોકોના વિચારો, રહેણી – કરણી પણ બદલાય રહી હતી. દીન અને શરીઅત બાબતે પણ પોતાની મરજી મુજબના વિચારો વ્યકત કરવામાં કોઈને કોઈ ખોફ કે ડર ન હતો. પોતાના સ્વાર્થ ખાતર લોકો ઈસ્લામ અને મુસલમાનોને નુકસાન કરે એવા કાર્યો કરતા પણ ખચકાતા ન હતા. લોકમાનસનો સ્વભાવ આવો જ હોય છે, સત્તાઓ બદલાય ત્યારે વિચારો અને વફાદારીઓ પણ બદલાતી જ હોય છે. આ દિવસોમાં એક તરફ મિરઝા કાદયાની નબી હોવાનો દાવો કરીને અંગ્રેજો પ્રત્યે વફાદારી વ્યકત કરી રહયો હતો, તો બીજી તરફ ઘણા ઉલમા દીન –

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શરીઅતના નામે લોકોમાં ઘર કરી ગયેલા રિવાજો અને બિદઅતોને ખતમ કરવાના બદલે એને શરીઅત મુજબ પુરવાર કરવા બલકે એને જ સહી દીન કરાર દેવાનો આગ્રહ કરીને પોતાની શક્તિ એના ઉપર વેડફી રહયા હતા. આ જ દિવસોમાં દિલ્હીમાં મિયાં નઝીર હુસૈન સાહેબે ગેર મુકલ્લિદીયતની રાહ અપનાવીને ભારતમાં પોતાની આગવી જમાઅત ઉભી કરવા માટે મહેનત કરવાની શરૂ કરી.

દીન અને શરીઅતના નામે જયારે આવી રીતે વાડાબંધી થાય અને દરેક વાડાનો અમીર, નેતા, વડીલ કે બુઝુર્ગ એવું સમજે અને લોકોને સમજાવવા માંડે કે આપણે જ હક ઉપર છીએ તો ... સામા પક્ષને ખોટા પુરવાર કરવા જે કંઈ કરવું હોય એ કરી છુટે છે. આ જ માનસિકતામાં માણસ દીનના દુશ્મનોને પણ દોસ્ત બનાવી લે છે. એટલે આ દિવસોમાં આ એક વાસ્તવિકતા હતી કે આવા ફિરકાઓ અંગ્રેજોની હિમાયત અને સમર્થન મેળવીને પણ પોતાની જમાઅત અને ફિરકાને મજબૂત કરવા તનતોડ મહેનત કરી રહયા હતા. રાજકીય અફરાતફરીનો માહોલ આવા લોકો માટે ઘણો ઉપયોગી બને છે, જેઓ પોતાની નવી 'ઈમારત' ઉભી કરવા માંગતા હોય છે.

બિદઅતો અને ખોટા રિવાજોના વિરુદ્ધ તો મવલાના ગંગોહી રહ.ની સુધારણાની ચળવળ એમના ફતવાઓ, વઅઝ અને દેવબંદ, મઝાહિરના મદરસાઓ મારફતે ચાલુ જ હતી, એવામાં દિલ્હી ખાતે મિયાં નઝીર હુસૈન સાહેબ ઈમામ અબૂ હનીફા કે ઈમામ શાફેઈની 'તકલીદ' કરવાને ખોટું કહીને લોકોમાં તકલીદ છોડવાનો પ્રચાર કરવા લાગ્યા.

મિયા નઝીર હુસૈન મુળ બિહારના વતની હતા. ૧૨૪૨ હિ.માં દિલ્હી આવ્યા હતા. શાહ અબ્દુલ કાદિર દહેલ્વી રહ., શાહ રફીઉદ્દીન રહ. અને શાહ મુહમ્મદ ઈસ્હાક દહેલ્વી રહ. પાસે હદીસ – તફસીરની કિતાબો પઢી અને પછી દિલ્હીમાં જ એક મસ્જિદમાં તલબાને તઅલીમ આપવાની શરૂ કરી. હિંદુસ્તાનમાં હદીસના મોટા વિદ્વાન ગણાતા શાહ મુહમ્મદ ઈસ્હાક રહ. આ દિવસોમાં હરમૈન હિજરત કરી ગયા હતા

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એટલે લોકો મિયાં નઝીર હુસૈન પાસે દર્સે હદીસ માટે આવવા માંડયા.

મિયાં સાહેબે પોતાની પાસે ઈલ્મે હદીસ મેળવીને જતા તલબા થકી પોતાના વિચારો ફેલાવવાનું શરૂ કર્યું અને તકલીદ બાબતે, વિશેષ કરીને ઈમામ અબૂ હનીફહ રહ.ના મસ્લકને અનુસરવાને ગુમરાહી કહેવાનું શરૂ કર્યું. એમના તલબા અને ઉલમા જોશ અને ઉત્સાહભેર લોકો સમક્ષ આ વાત કહેતા અને તકલીદ એટલે ઈમામ અબૂ હનીફહ રહ. વગેરે ઈમામોને અનુસરવાને શરીઅત વિરુદ્ધ કહેવા લાગ્યા. તેઓ ઈમામ અબૂ હનીફહ વિશે કહેતા કે એમને અમુક જ હદીસો યાદ હતી, એના આધારે તેઓ કેવી રીતે ઈમામ કહેવાય ? હનફી લોકો હદીસ શરીફ છોડીને પોતાના ઈમામની વાત વધારે માને છે, વગેરે..

આ વિષયે ગામડાઓ અને શહેરોમાં ચર્ચાઓ અને મુનાઝરા પણ થવા લાગ્યા. આ અનુસંધાને તકલીદ, કિરાઅત, રફએ યદૈન, આમીન વગેરેને લગતા અમુક સવાલો એક માણસ થકી હઝરત ગંગોહી રહ.ને પૂછવામાં આવ્યા તો આપ રહ.એ વિસ્તારથી એનો જવાબ આપ્યો. આ સવાલ – જવાબના સંગ્રહને પાછળથી સબીલુર્રશાદના નામથી પ્રકાશિત કરવામાં આવ્યો.

(૩) અરર્રાયુલ નજીહ. الرأى النجيح فى عدد ركعات التراويح

જે અમુક મસ્અલાઓ બાબતે ગેર મુકલ્લિદ લોકો અને મવલાના નઝીર હુસૈન સાહેબે પોતાની અલગ રાહ અપનાવી હતી, એમાંથી એક બાબત આ હતી કે તરાવીહની વીસ રકાત ખોટી છે. તરાવીહની આઠ રકાત જ સુન્નત છે.

તરાવીહની વીસ રકાતોની હકીકત હદીસ શરીફ મુજબ આ છે કે તરાવીહ અને તહજ્જુદ બે અલગ નમાઝો છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પણ બંને નમાઝો અલગ રીતે અદા કરતા હતા. તરાવીહની વીસ રકાતો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફકત અમુક જ દિવસ સહાબાની જમાઅત સાથે અદા ફરમાવી હતી. અને પછી એમ વિચારીને કે મારા આમ કરવાથી કયાંક આ નમાઝ લોકો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉપર ફરજ બની જશે, એટલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જમાઅત સાથે પઢવાની છોડી દીધી. સહાબા પોતાની રીતે એને પઢતા હતા. પછી હઝરત ઉમર રદિ.એ એમના ખિલાફતકાળમાં જયારે જોયું કે મસ્જિદમાં લોકો પોત પોતાની રીતે આ નમાઝ અલગ અલગ પઢે છે તો એક ઈમામ નક્કી કરીને બધાને ભેગા પઢવાનો મામૂલ જારી ફરમાવ્યો અને આમ હઝરત ઉમર રદિ.ના ઝમાનાથી જમાઅત સાથે વીસ રકાત તરાવીહની સુન્નત શરૂ થઈ. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પહેલેથી જ ફરમાવી ગયા હતા કે લોકોએ મારી અને મારા ખુલફાએ રાશેદીનની સુન્નત ઉપર અમલ કરવો જરૂરી છે.

ખુલાસો આ છે કે તરાવીહની વીસ રકાત હોવું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી પૂરવાર છે, પાછળથી સહાબએ કિરામ પણ સર્વાનુમતે વીસ રકાત તરાવીહ પઢતા રહયા અને એમાં કોઈના તરફથી વિરોધ અને ઈન્કાર ન હોવો પણ દલીલ છે કે તેઓ વીસ રકાતોને સુન્નતે નબવી સમજતા હતા. અલબત્ત જમાઅત સાથે ઈમામ પાછળ વીસ રકાતો આખો મહીનો પઢવાનો મામૂલ હઝરત ઉમર રદિ.ના ઝમાનાથી શરૂ થયો છે.

આ બાબતને હદીસ શરીફમાં મોજૂદ અલગ અલગ રિવાયતોને ભેગી કરીને સર્વગ્રાહી રીતે વાસ્તવિકતા સમજવાને બદલે અમુક વિશેષ હદીસો સામે રાખીને એમ કહેવું કે તરાવીહ ફકત આઠ રકાતો છે, ખોટી હકીકત છે.

મવલાના અસીર અદરવી રહ. લખે છે કે આ રિસાલામાં તરાવીહના હુકમ બાબતે ચર્ચા કરતી વેળા હઝરત ગંગોહી રહ.ની શૈલી એવી નથી કે તેઓ હનફી મસ્લક પૂરવાર કરવા માંગતા હોય. બલકે એક કાબેલ અને વિદ્વાન મુહદ્દિષ તરીકે હદીસો રજૂ કરીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબાનો અમલ સમજાવતા હોય એ મુજબની નિષ્પક્ષ શૈલી છે.

(૪) અવષકુલ ઉરા. أوثق العرى فى تحقيق الجمعة فى القرى

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નાના ગામડાઓમાં જુમ્અહની નમાઝ પઢવા બાબતે પણ ગેર મુકલ્લિદ લોકોએ વિવાદ ઉભો કર્યો હતો. એમના મતે જુમ્અહની નમાઝ દરેક મુસલમાન ઉપર ફરજ છે, એટલે કોઈ નાના ગામડામાં બે માણસો હોય અને તેઓ જમાઅત કરી શકે તો એમના ઉપર જુમ્અહની નમાઝ ફરજ છે. આ રિસાલહમાં હદીસ શરીફની રોશનીમાં પુરવાર કરવામાં આવ્યું છે કે જુમ્અહની નમાઝ અને ખુત્બહ એવા સ્થળે ફરજ હોય છે, જયાં મોટી સંખ્યામાં મુસલમાનો રહેતા હોય અને તે સ્થળ શહેર અથવા શહેરની જેમ લોકોની જરૂરતો પૂરી કરવા સક્ષમ હોય.

(૫) તસ્ફીયતુલ કુલૂબ تصفية القلوب

લગભગ ૬૦ પેજની આ કિતાબ મુળ તો હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ.ની ફારસી કિતાબ ઝિયાઉલ કુલૂબનો ઉર્દૂ અનુવાદ છે. હાજી સાહેબ રહ.એ આ કિતાબના અંતે પોતાના અકીદતમંદો અને મુરીદોને સંબોધીને નસીહત ફરમાવી છે કે તેઓ મોલાના રશીદ અહમદ ગંગોહીને મારા નાયબ સમજીને એમની પાસેથી તલઅીમ વ તરબિયત મેળવે. અલ્લાહ તઆલાએ એમને ઈલ્મથી નવાઝયા છે.

આ કિતાબમાં હાજી સાહેબે શરૂમાં સુલુકના ત્રણ તરીકાઓ વર્ણવ્યા છે. (૧) તરીકે અખ્યાર. (૨) તરીકે અસ્હાબે મુજાહદાત વ રિયાઝાત (૩) તરીકે અસ્હાબે શત્તારીયહ. કિતાબના પહેલા અને બીજા પ્રકરણમાં બયઅતની રીત અને આદાબ વગેરેનું વર્ણન છે. અને પછી ચિશ્તીયહ, કાદરીયહ અને નકશબંદીયહ સિલસિલાના અવરાદ, ઝિક્ર, મુરાકબહ અને એના તરીકાઓ ઉપરાંત દરેક સિલસિલાના ખત્મે ખ્વાજગાનની રીતો વગેરેનું વર્ણન છે.

(૬) હિદાયતુશ્શીયહ. هداية الشيعة

હિજરી સન ૧૨૮૮ માં આ રિસાલો આપ રહ.એ સંપાદન ફરમાવ્યો હતો. એની જરૂરત એટલા માટે પડી હતી કે એ દિવસોમાં એક શીયા આલિમ હાદી અલી લખનવીએ અમુક સવાલો લખીને એક ચોપાનિયું પ્રકાશિત કર્યું હતું કે અહલે સુન્નત ઉલમા મારા આ સવાલોના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જવાબો આપી દે તો હું શીયા મઝહબ છોડીને અહલે સુન્નત મઝહબ અપનાવી લઈશ.

આ સવાલો વધુ પડતા તે જ હતા, જે સદીઓથી સુન્ની – શીયા વચ્ચે વિવાદિત રહેતા આવ્યા છે. જેમ કે શીયા ઈમામોનું સ્થાન નબીઓ જેવું છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી તુરંત હઝરત અલી રદિ. ખિલાફતના હકદાર હતા. હઝરત ફાતિમહ દીકરી હોવાને લઈ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે છોડેલ માલના વારસદાર હતાં. વગેરે. હઝરત ગંગોહી રહ.એ આ બધા સવાલોના વિસ્તૃત અને આધારભુત જવાબો વર્ણવીને શીયા લોકોના ખોટા દાવા અને આરોપોનું ખંડન કર્યું છે. કુલ દસ સવાલો – આરોપોના જવાબો અને દલીલો આ રિસાલહમાં વર્ણવવામાં આવ્યા છે.

(૭) હિદાયતુલ મુઅતદી هداية المعتدى فى قراءة المقتدى

નમાઝ બા જમાઅતમાં ઈમામ પાછળ મુકતદીએ ખામોશ રહેવું કે કુરઆન પઢવું ? બેમાંથી શું જરૂરી છે, એ બાબતે હનફી મસ્લક આ છે કે મુકતદીએ ખામોશ રહેવું જરૂરી છે. ગેર મુકલ્લિદ લોકો મુકતદી માટે પણ કુરઆન પઢવાને જરૂરી કહે છે. આ રિસાલહમાં એમની દલીલો, વિશેષ કરીને તે હદીસો જેના આધારે મુકતદી માટે કુરઆન પઢવાને જરૂરી ઠેરવવામાં આવે છે એની સમીક્ષા કરવામાં આવી છે કે શું આ બધી હદીસો દ્વારા એમની વાત પુરવાર થાય છે ? કે પછી એ હદીસોનો મતલબ કંઈક બીજો છે ?

(૮) ઝુબ્દતુલ મનાસિક.

હિજરી સન ૧૨૯૯ એટલે કે ત્રીજી હજની સફર પહેલાં આ કિતાબ આપ રહ.એ સંપાદન ફરમાવી હતી. હજના નાના મોટા લગભગ બધા જ મસ્અલાઓ એમાં આવી જાય એવી રીતે આ કિતાબ સંપાદન ફરમાવી છે. એ દિવસોમાં સફર મુશ્કેલ હતી. આલિમો અને જાણકારો પણ ઓછા હતા, આપ રહ. બે વાર હજ કરી ચુકયા હતા, એટલે સામાન્ય માણસો અને ઉલમાને પણ જરૂરત પડે એવી બાબતો એમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બારીકાઈથી આવરી લેવાયી છે.

(૯) ફતાવા રશીદીયહ.

હઝરત ગંગોહી રહ.ના ઝમાનામાં અનેક પ્રકારના દુષણો, કુરિવાજો અને શરીઅત વિરુદ્ધ કામો મુસ્લિમ સમાજમાં ઘર કરી ગયા હતા. ખોટી માન્યતાઓ અને અકીદતો મુસલમાનોમાં ફેલાય રહી હતી. બદાયું અને બરેલીના ઉલમાની હિમાયત અને સમર્થનના કારણે મુસલમાનોમાં અજાણતા જ શિર્ક જેવા કામો અને માન્યતાઓ પ્રસરી રહી હતી. હઝરત ગંગોહી રહ. એ જયારે આ બાબતે લોકોને જાગૃત કરવાનું શરૂ ફરમાવ્યું તો દેશના વિવિધ પ્રદેશોમાંથી આપ રહ. પાસે આવી બાબતો વિશે શરીઅતનું માર્ગદર્શન અને હુકમ જાણવા માટેના સવાલો આવવા લાગ્યા. શીયા લોકો સાથેના સહવાસના કારણે અને પરંપરાગત ચાલતી આવતી બિદઅતો અને રસમો વિશે વધારે સવાલો પૂછવામાં આવતા હતા. તાઝિયા, સબીલ, અલમ, મરષિયા, દાસ્તાને કરબલા, કબરો ઉપર ફૂલ – ચાદર ચઢાવવી, ચિરાગ કે અગરબત્તી સળગાવવી, ચાલીસમું, કવ્વાલી, ઉર્સ, મઝારોએ સજદો કરવો, મુરાદો માંગવી, વગેરે બાબતોનું એટલું બધું મહત્વ હતું કે નમાઝ – રોઝા જેવા શરીઅતના હુકમો કરતાં પણ વધારે પાબંદી કરવામાં આવતી હતી.

હઝરત ગંગોહી રહ. પૂછનારની જરૂરત અને સવાલોની હેસિયત પ્રમાણે લાંબા કે ટુંકા જવાબો આપતા હતા. નમાઝ – રોઝાને લગતા સામાન્ય મસ્અલાઓના જવાબ ટુંકા હોતા. અલબત્ત પૂછનાર અમલ કરવા બાબતે કોઈ અસમંજસમાં ન રહે એવો સ્પષ્ટ હુકમ લખતા હતા. તવહીદ, અકાઈદ, બિદઅતને લગતા સવાલો અથવા ગેર મુકલ્લિદ લોકો સાથેના વિવાદિત મસ્અલાઓ બાબતે જે સવાલો આવતા એના જવાબ વિસ્તારથી દલીલબદ્ધ રીતે લખતા હતા.

મવલાના નુરુલ હસન રાશિદ સાહેબ લખે છે કે હઝરત ગંગોહી રહ.એ લગભગ ૪૦ – ૪૫ વરસ સુધી ફતાવા લખ્યા છે. લગભગ ૧૨૬૫ હિ.માં ૨૧ વરસની ઉમરે આપ રહ. તઅલીમ પૂરી કરીને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ગંગોહ આવ્યા અને ત્યાર પછી બે સ્થળોએ થોડો થોડો સમય તઅલીમની સેવા આપ્યા પછી જિંદગીનો વધુ પડતો સમય ગંગોહમાં જ વીતાવ્યો છે. અને અંદાઝાથી કહી શકાય છે કે આપ રહ. તે ઝમાનાથી જ સવાલોના જવાબ (ફતવાઓ) લખવાનું શરૂ કરી દીધું હતું. આ ઝમાનામાં લખાયેલ ફતવાઓનો કોઈ રેકોર્ડ તો નથી, પણ તે ઝમાનામાં અને પછીના દિવસોમાં આપ રહ. ઉપર દીની – શરઈ બાબતોમાં લોકો અને ઉલમાએ જે વિશ્વાસ જતાવ્યો એ બધું જોતાં આટલું સ્પષ્ટ છે કે એ ફતાવાની જ બરકત છે. ગંગોહની આસપાસ ઉપરાંત પંજાબ, સરહદ પ્રાંત જેવા દૂરના પ્રદેશોના ઉલમા પણ આપ રહ. પાસે તસ્દીક અને સમર્થન મેળવી એમના ફતવાઓ કે રિસાલાઓ પ્રકાશિત કરતા હતા.

મુફ્તી અને ફકીહ તરીકે આપ રહ.ની સહી – સિક્કો હોય એવો સૌથી જૂનો રિસાલો ૧૨૭૫ હિ.નો છે, જેમાં એના લેખકે પોતાના લખાણને આપ રહ.ના સહી સિક્કા સાથે પ્રકાશિત કર્યું હતું. બલકે ૧૨૭૦ હિ.માં હઝરત શેખ મુહમ્મદ થાનવી રહ.ની કિતાબ દલાઈલુલ અઝકાર ઉપર આપ રહ.ની તકરીઝ શામેલ છે. એનાથી સ્પષ્ટ થાય છે કે આ દિવસોમાં લોકો માંહે આપ રહ.ને ફિકહ અને ઈસ્લામી વિષયોના મોટા વિદ્વાન તરીકે જોવામાં આવતા હતા.

ફતાવા અને વિવિધ લખાણોમાં આપ રહ.ના સ્પષ્ટ, દલીલબદ્ધ અને આધારભૂત જવાબો ઉપર વિશ્વાસ કરીને દિવસે ને દિવસે આપ રહ. પાસે સવાલોની સંખ્યા વધતી રહી અને આપ રહ. એના જવાબો આપતા રહયા.

એ સમયે આપ રહ.ના લખેલ જવાબોની નકલ રાખવાનો કે એને ભેગા કરવાનો કોઈ પ્રબંધ કે એહતેમામ કરવામાં આવતો ન હતો. મવલાના નુરુલ હસન સા. દા.બ. ફરમાવે છે કે મારા અંદાઝા મુજબ આપ રહ.ના ફતાવા નકલ કરવા અને ભેગા કરવાનું કામ આપ રહ.ની બીજી હજ પછી લગભગ મુહર્રમ ૧૨૮૨ હિ. પછી શરૂ કરવામાં આવ્યું. એના અસબાબ એવી રીતે બન્યા કે હજથી પરત આવ્યા પછી આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.એ હદીસ શરીફનો દર્સ આપવાનું એલાન કર્યું. આ એલાન પછી દૂર સુદૂરથી ઉલમા, તલબા અને કાબેલ લોકો આપ રહ. પાસે હદીસ શરીફ પઢવા આવવા માંડયા. આપ રહ.ના દર્સમાં શરીક થઈને આ ઉલમા – તલબાને શરઈ અહકામ બાબતે આપ રહ.ની વાકેફિયત, બારીક નજર અને ઊંડા ઈલ્મનો અંદાઝો થયો તો એમણે આપ રહ.ના દર્સની જરૂરી વાતોને લખવા અને નોંધવાનો એહતેમામ શરૂ કર્યો અને આ જ અનુસંધાનમાં આ દિવસોમાં જે કોઈ ફતવો આપ રહ. લખતા એની નકલ કરવાનો એહતેમામ શરૂ કરવામાં આવ્યો. આવી રીતે આપ રહ. પાસે તઅલીમ માટે આવતા અનેક ઉલમા દર્સની મહત્વની બાબતો ઉપરાંત આપ રહ.ના ફતાવા પણ પોતાના કાગળોમાં ભેગા કરતા રહયા, અને જેમ જેમ નવા ફતવા – જવાબો મળતા એને પોતાના સંગ્રહમાં ઉમેરતા રહેતા હતા.

કેટલાક ઉલમાએ કિરામે આવી રીતે પોતાના આગવા સંગ્રહોમાં આપ રહ.ના ફતાવા ભેગા કર્યા હતા, એ બધી વિગત મવલાના નુરુલ હસન સાહેબે ફતાવા બાકીયાતે રશીદીયહના આરંભે ઘણા વિસ્તારથી વર્ણવી છે. એ બધી વિગત છોડીને વર્તમાનમાં પ્રકાશિત થનાર 'ફતાવા રશીદીયહ' વિશે ટુંકી જાણકારી અહિંયા રજૂ કરવામાં આવે છે.

અત્યારે 'ફતાવા રશીદીયહ'ના નામે આપ રહ.ના જે ફતાવા પ્રકાશિત થયા છે, એને ભેગા કરવા અને સંપાદન કરવાની સઆદત મવલાના અઝીઝુદ્દીન મુરાદાબાદી સાહેબ રહ.ને પ્રાપ્ત છે. એને સંપાદન કરીને છપાવવાની કાર્યવાહી હઝરત ગંગોહી રહ.ની જિંદગીમાં જ શરૂ કરી દેવામાં આવી હતી. આ ફતાવા પહેલાં કુલ ત્રણ ભાગોમાં છપાતા હતા, અને પ્રથમ ભાગ હઝરત રહ.ની હયાતમાં છપાવા માટે તૈયાર થઈ ચુકયો હતો અને આપ રહ.ની વફાત પછી પાંચ મહીના બાદ છપામણી પૂરી થઈ. છપામણીની તારીખ ૧૫ ઝીકઅદહ ૧૩૨૩ હિ./૧૧ જાન્યુઆરી ૧૯૦૬ છે. અને વફાતની તારીખ ૯ જમાદીલ અવ્વલ ૧૩૨૩ હિ. /૫ ઓગસ્ટ ૧૯૦૫ છે. પ્રથમ હિસ્સાના આ પ્રથમ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એડીશનના ૧૬૧ પેજ હતા. પછી ૩૦ ઝીલ્હજ ૧૩૨૪ હિ.ના રોજ બીજો હિસ્સો છપાયને આવ્યો અને ત્રીજો હિસ્સો ૨૦ રબીઉલ અવ્વલ ૧૩૨૬ હિ.ના રોજ છપાયને આવ્યો. મવલાના નુરુલ હસન રાશિદ સાહેબ લખે છે કે આ ત્રણ હિસ્સાઓ માટેની પ્રકાશિત જાહેરાતો અને અન્ય લખાણોથી માલૂમ પડે છે કે ચોથો હિસ્સો પણ છપામણી માટે પ્રેસમાં પહોંચી ચુકયો હતો અને પાંચમા હિસ્સાની કિતાબત ચાલુ હતી. પણ આ બંને હિસ્સાઓનું શું થયું એની આજ સુધી કોઈ ખબર નથી.

આ ત્રણેવ હિસ્સાઓમાં શામેલ ફતાવામાં કોઈ વિષયવાર સંપાદન કરવાનો એહતેમામ કરવામાં આવ્યો ન હતો. ફતાવા જેમ જેમ ભેગા થતા ગયા એમ એને કિતાબત – લેખનમાં શામેલ કરીને પ્રેસ કોપી તૈયાર કરવામાં આવી અને છાપી દેવામાં આવ્યા. દરેક સવાલ જવાબનું અલગ અલગ મથાળું પણ નથી લખવામાં આવ્યું. પાછલા ઝમાનામાં લખાયેલ ફતાવા પહેલાં અને પહેલાં ઝમાનાના ફતાવા પાછળથી શામેલ થયા હોય એવું પણ છે. અલબત્ત એમાં મવલાના અઝીઝુદ્દીન સાહેબે સવાલ પૂછનારનું નામ, હઝરત રહ.એ જવાબમાં તારીખ, મહીનાનો ઉલ્લેખ કર્યો હોય તો એને સાવચેતી પૂર્વક લખવાની કોશિશ કરી છે. આ ફતવાઓ જે અન્ય લોકોએ એમને ઉપલબ્ધ કરાવ્યા હોય તો એમનું નામ પણ એમણે લખી દીધું છે. પ્રકાશિત ફતાવામાં જેટલા ફતાવા શામેલ કરવામાં આવ્યા હતા, એ બધાની અસલ કોપી મવલાના અઝીઝુદ્દીન સાહેબે મરતાં સુધી પોતાની પાસે મહફૂઝ રાખી હતી. અને દરેક એડીશન વેળા તેઓ જાહેરાત પણ કરતા હતા કે કોઈ માણસ અસલ ફતાવા અને છપાયેલ ફતવાની સરખામણી કરવા ચાહે તો કરી શકે છે. અને મવલાના નુરુલ હસન સાહેબ રહ. લખે છે કે લગભગ ૫૦ વરસ સુધી આ અસલ ફતાવા સાચવીને રાખવામાં આવ્યા, પણ કોઈ એક માણસ પણ એને જોવા આવ્યો નહીં.

ફતાવા રશીદીયહના ત્રણેવ હિસ્સા આ જ સ્થિતિમાં કોઈ વિષયવાર સંપાદન વગર દિલ્હી, દેવબંદ, મુરાદાબાદ વગેરે સ્થળોએથી અનેકવાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છપાતા રહયા.

પછી હઝરત મુફતી કિફાયતુલ્લાહ રહ.ની નિગરાની હેઠળ છપામણીની ભૂલો સુધારવા ઉપરાંત વિષયવાર સંપાદન કરીને નવેસરથી કુતુબખાના રહીમીયહ દિલ્હીથી ૧૩૪૮ માં છાપવામાં આવ્યા. અને ત્યાર પછીથી અત્યાર સુધીના બધા જ એડીશનો લગભગ આ એડીશનની જ નકલ છે.

(૧૦) બાકીયાતે ફતાવા રશીદીયહ :

ઉપરોકત વિગતથી આ બાબત સ્પષ્ટ થાય છે કે ફતાવા રશીદીયહના નામે છપાતો ફતાવાનો ઝખીરો મવલાના અઝીઝુદ્દીન સાહેબે ભેગા કરેલા ફતાવા છે. હઝરત ગંગોહી રહ.ના ફતાવા અન્ય ઘણા લોકોએ પણ ભેગા કર્યા હતા. અને આવા ઝખીરાઓની અનેક હસ્તપ્રતો વિવિધ લોકો પાસે કે ઈદારાઓમાં મહફૂજ હતી. મવલાના નુરુલ હસન સાહેબના લખવા મુજબ આ ફતાવામાં વધુ પડતા ફતાવા મુરાદાબાદ અને બિજનોરના લોકોએ પૂછેલા સવાલોના જવાબો છે. જયારે કે આપ રહ.ના ફૈઝથી ફૈઝયાબ થનાર ગંગોહના આસપાસના વિસ્તારો અને પંજાબ, સરહદ પ્રાંતના લોકો પાસે આ ફતાવા કરતાં દસ ગણા જવાબો આપ રહ.એ લખેલા હશે, પણ આ લોકોએ એમની પાસે મોજૂદ ફતાવા મવલાના અઝીઝુદ્દીન રહ. તરફથી વારંવારની જાહેરાત છતાં એમને ઉપલબ્ધ કરાવ્યા નહીં.

આમ વિવિધ લોકોએ ભેગા કરેલા અન્ય ફતાવાઓનો ઝખીરો અનેક સ્થળોએથી ભેગો કરીને, પાછલા ફતાવામાં આવી ગયા હોય એવા ફતાવા તારવીને નવા ફતાવાઓને સંપાદન કરીને મવલાના નુરુલ હસન સાહેબે 'બાકીયાતે ફતાવા રશીદયહ' એક નવો સંગ્રહ સંપાદન કરીને છાપ્યો છે. જેમાં એક હઝાર નવા ફતાવા શામેલ કરવામાં આવ્યા છે.

મવલાના નુરુલ હસન સાહેબે એમ પણ લખ્યું છે કે અન્ય અમુક લોકોએ ભેગા કરેલા કે પૂછેલા સવાલ – જવાબના ઝખીરાઓ એવા પણ છે, જે પાછળથી ગુમ થઈ ગયા કે નષ્ટ થઈ ગયા. જેમ કે હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મવલાના અબ્દુલ હય ફિરંગી મહલ્લી રહ.એ હદીસ શરીફને લગતી અનેક બાબતો વિશે સવાલો પૂછયા હતા અને આપ રહ.એ એના જવાબો આપ્યા હતા. સવાલના વિષય અને પૂછનાર હસ્તીને જોતાં કહી શકાય કે અત્યંત કીમતી અને ગુઢ બાબતોને લગતા સવાલો હશે અને જવાબો પણ એવા જ હશે, આ ઝખીરો મહફૂઝ હતો, પણ આજે છે કે નહીં એની કોઈ જાણકારી નથી.

હઝ. મવલાના અશરફ અલી થાનવી રહ.એ હઝરત ગંગોહી રહ.ને પૂછેલા સવાલો અને જવાબો અને ઉપરાંત હઝરત ગંગોહી રહ.ના અન્ય કીમતી લખાણો આપ રહ. પાસે મહફૂઝ હતા. આ બધા કીમતી કાગળો એમણે મવલાના યહયા કાંધલવી રહ.ને આપી દીધા હતા.

હઝરત ગંગોહી રહ.ના ઘરે મોજૂદ ફતાવા અને અન્ય લખાણો – કાગળો એમના પુત્ર હકીમ મસ્ઉદ અહમદ સાહેબ અને પોત્ર મવલાના હકીમ અ. રશીદ મહમૂદ (નન્નૂ મિયાં) રહ. સમયાંતરે હઝરત મવલાના યહયા સાહેબ રહ. અને શૈખુલ હદીસ હઝ. મવલાના ઝકરિયા સાહેબ રહ.ને આપતા રહયા. અલબત્ત આજની તારીખે મવલાના નુરુલ હસન સાહેબના લખવા મુજબ હઝ. મવલાના યહયા સાહેબ રહ. અને શૈખુલ હદીસ સાહેબ રહ.ના કુતુબખાનામાં આ વિષયનો એક પણ કાગળ મહફૂજ નથી. સમજમાં નથી આવતું કે આ કીમતી ખઝાનાનું શું થયું ?

આ ઉપરાંત અમુક વિષયોએ આપ રહ.એ લખેલા વિસ્તૃત ફતવાઓ અલગથી રિસાલહ સ્વરૂપે પણ છપાયા હતા. મુળ એ ફતાવા હતા એટલે અત્રે એનો ઉલ્લેખ ટાળીએ છીએ.

(૧૧) દર્સે હદીસની તકરીરો – નોંધો.

વલીયુલ્લાહી ખાનદાનના મશહૂર મુહદ્દિષ અને હદીસના વિદ્વાન શાહ ઈસ્હાક મુહદ્દિષ દહેલ્વી રહ.ના શાગિર્દ અને મશહૂર મુહદ્દિષ હઝરત મવલાના શાહ અબ્દુલગની મુજદ્દિદી દહેલ્વી રહ. પાસે હઝરત ગંગોહી રહ.એ હદીસનું ઈલ્મ મેળવ્યું હતું. એટલે આ ખાનદાનના બુઝુર્ગોની જેમ આપ રહ. પણ હદીસ વિષયના એક કાબેલ નિષ્ણાંતની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

જેમ સર્વગ્રાહી, અર્થસભર, અભ્યાસપૂર્ણ અને સમીક્ષાત્મક દર્સ આપતા હતા. આપ રહ.ની કાબેલિયત અને આપ રહ.ના દર્સે હદીસના અર્થસભર હોવાનું એક વિશેષ કારણ આ પણ હતું કે આપ રહ. દર વરસે એક સાથે હદીસની છ મશહૂર સહીહ કિતાબોનો દર્સ આપતા હતા, એટલે લગભગ બધી જ હદીસો ઉપર આપ રહ.ની નજર પહોંચતી હતી, અને એ આધારે બુખારી શરીફ અને તિરમિઝી શરીફના દર્સમાં જરૂરત મુજબ એવી વિસ્તૃત ચર્ચા કરતા કે સમજૂતી આપતા કે એક વિષયની બધી જ હદીસોનો ખુલાસો આવી જાય. વિરોધાભાસી લાગતી હદીસોનો સહી મતલબ અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાર્ય કે કથનના પૂર્વાધ – ઉત્તરાર્ધ અનુસાર એવી રીતે વર્ણવતા કે કોઈ અસમંજસ કે વિરોધાભાસ લાગે જ નહીં.

આપ રહ.ને હદીસ શરીફની કોઈ કિતાબની શર્હ કે હાશિયહ લખવાનો મોકો મળ્યો નથી. આપ રહ.નો સમયગાળો રાજકીય અને સામાજિક રીતે મુસ્લિમ સમાજની નવરચનાનો હતો. રાજકીય ઉથલ પાથલ થકી મુસ્લિમ સત્તા ખતમ થઈ ગઈ હતી, નવાબો રજવાડા હતાં પણ ધીરે ધીરે એ પણ ખતમ કે કમઝોર થઈ રહયાં હતાં. મુસલમાનોમાં ઈલ્મે હદીસ, ઈલ્મે ફિકહ, વગેરેની તઅલીમ વધી રહી હતી, એટલે અસલ દીનની જાણકારી વધવાથી એક તરફ બિદઅતો ખતમ થઈ રહી હતી તો અત્યાર સુધી સમાજને દીનના નામે અંધારામાં રાખનાર કહેવાતા ઉલમા તરફથી પોતાનું અસ્તિત્વ ટકાવવા ભારે વિરોધ અને ફિત્નાઓ ફેલાવવામાં આવતા હતા. શીયા, ગેર મુકલ્લિદ, બિદઅતી સામે અહલે સુન્નત દેવબંદી ઉલમા કોશિશો કરીને દીનના પ્રચાર – પ્રસારની કોશિશો કરી રહયા હતા અને આ બધી કોશિશોનું કેન્દ્ર એક રીતે હઝરત ગંગોહી રહ. અથવા આપના નિખાલસ સાથીઓ હતા. આવી સ્થિતિમાં હદીસ શરીફ જેવા મહત્વના વિષયે કંઈક લખવા માટે સમય મળવો શકય જ ન હતું. અલબત્ત ૧૩ – ૧૪ વરસ સુધી દર વરસે હદીસ શરીફની છ સહીહ કિતાબોનો દર્સ પૂરો કરી લેતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

બુખારી શરીફ અને તિરમિઝી શરીફનો દર્સ વિસ્તૃત આપતા હતા. અન્ય કિતાબોમાં જરૂરત મુજબ અમુક અમુક વિષયે જરૂરત મુજબ સમજૂતી આપતા હતા.

અત્રે યાદ રહે કે અન્ય સ્થળોએ બીજા બધા વિષયોની તઅલીમ પૂર્ણ કરીને કાબેલ ઉલમા જ આપ રહ. પાસે હદીસની તઅલીમ માટે આવતા હતા. એટલે આ ઉલમા આપ રહ.ના દર્સના મહત્વને સમજતા હતા અને નોંધપાત્ર વાતો લખવાનો એહતેમામ કરતા હતા.

આવી દર્સી તકરીરો અને નોંધો અનેક ઉલમાએ લખી હતી. એમાંથી હઝરત મવલાના મુહમ્મદ યહયા કાંધલવી રહ. અને મવલાના રઝી હસન કાંધલવી રહ.એ લખેલ તકરીરો હઝરત મવ. મુહમ્મદ યહયા સાહેબ રહ.ના પુત્ર શૈખુલ હદીસ મવલાના મુહમ્મદ ઝકરિયા રહ. પાસે મોજૂદ હતી. મવલાના મુહમ્મદ ઝકરિયા સાહેબ રહ. પોતે પણ મુહદ્દિષ અને હદીસ શરીફના કાબેલ વિદ્વાન હતા. એટલે આ દર્સી તકરીરોને સંપાદન કરવાનો સંકલ્પ કર્યો. બંને બુઝુર્ગોએ લખેલ તકરીરો દ્વારા અધૂરી કે રહી ગયેલ વાતો પૂર્ણ કરીને પછી પોતાના તરફથી વિસ્તૃત હાશિયહ લખીને પ્રકાશિત ફરમાવી. તિરમિઝી શરીફની દર્સી તકરીરનું નામ : الكوكب الدرى على جامع الترمذى અને બુખારી શરીફની તકરીરનું નામ اللامع الدرارى على صحيح البخارى છે. આ બંને કિતાબો છપાયા પછી પાછળના ઉલમાને અંદાઝો આવ્યો કે હઝરત ગંગોહી રહ.નો દર્સે હદીસ કેવો હતો અને હદીસ શરીફમાં આપ રહ.નું સ્થાન કેટલું ઉચું હતું. આજકાલ હિંદુસ્તાન ઉપરાંત અરબ વિશ્વમાં પણ અનેક જગ્યાએથી આ કિતાબો પ્રકાશિત થઈ રહી છે.

નસઈ શરીફની આવી દર્સી તકરીરને પણ હઝરત શૈખુલ હદીસ રહ.એ સંપાદન કરીને الفيض السمائى على سنن النسائى ના નામે પ્રકાશિત ફરમાવી છે. આ જ પ્રમાણે મુસ્લિમ શરીફની દર્સી તકરીરને الحل المفهم لمشكلات صحيح مسلم ના નામથી પ્રકાશિત કરી છે.

હઝરત મવલાના નુરુલ હસન રાશિદ સાહેબના લખવા મુજબ અન્ય

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉલમાએ કિરામ દ્વારા પણ હઝરત ગંગોહી રહ.ની દર્સી તકરીર લખવામાં આવી હતી, પણ આવી વધુ પડતી તકરીરો પાછળથી સંપાદિત થઈને પ્રકાશિત થઈ નથી. આપ રહ.ના એક શાગિર્દ મવ. નુર મુહમ્મદ પંજાબી રહ.એ ૧૩૦૯ હિ.માં જે તકરીર લખી હતી એ પાછળથી ૧૩૪૮ હિ.માં દિલ્હીથી نفح الشذى على جامع الترمذى ના નામે પ્રકાશિત થઈ હતી.

લતાઈફે રશીદીયહ :

આ નામનો એક રિસાલહ – પુસ્તિકા આપ રહ.ની હયાતમાં જ હઝરત મવલાના મુહમ્મદ મઝહર હસન સાહેબ રહ.એ સંપાદિત કરીને પ્રકાશિત કર્યો હતો. સંપાદકે હઝરત ગંગોહી રહ.ના પત્રોમાંથી કુરઆનની અમુક એવી આયતોની તફસીર ભેગી કરી છે જેમાં મહત્વના હુકમો અથવા શરીઅતને લગતી વિશેષ બાબતની તાલીમ આપવામાં આવી છે. એટલે કે આપ રહ.ના પત્રોમાંથી વિશેષ આયતોની તફસીર તારવીને અલગ રીતે આ રિસાલહમાં ભેગી કરવામાં આવી છે. પ્રથમ આ રિસાલહ ૧૩૦૪ હિ.માં પ્રકાશિત થયો હતો. પછી મુફતી અઝીઝુરહમાન સાહેબ બીજનોરી રહ.એ હઝરત ગંગોહી રહ.ની અન્ય કિતાબોમાંથી આયતોની તફસીર કે મતલબને લગતી વાતો પણ આ રિસાલહમાં શામેલ કરીને નવેસરથી સંપાદિત ફરમાવ્યો છે. અને 'તફસીરે રશીદી' ના નામથી ૧૩૯૦ હિ.માં પ્રકાશિત કર્યો હતો.

બરાહીને કાતેઆ અને અનવારે સાતેઆ.

તેરમી સદી હિજરીના અંતે દિલ્હી અને દેશના વિવિધ પ્રદેશોના ઉલમા પાસે એક ફતવો પૂછવામાં આવ્યો હતો કે વર્તમાનમાં પ્રચલિત તરીકા મુજબ મીલાદ, ફાતેહા અને અન્ય રિવાજોની ઉજવણી અને એમાં શામેલ થવા વગેરેનો શું હુકમ છે ? આ વિશે હઝરત અકદસ ગંગોહી રહ.ની સહી સાથેનો એક ફતવો ચાર પેજમાં ૧૩૦૨ હિ.માં મેરઠના એક પ્રેસમાં છપાયને લોકોમાં વહેંચાયો. એમાં ચાર મોટા દેવબંદી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ઉલમાની સહમતીની સહી હતી. હઝરત મવલાના યાકૂબ સાહેબ રહ. હઝરત મવલાના મહમૂદ હસન રહ. હઝરત મવલાના અબ્દુલ ખાલિક દેવબંદી રહ. અને હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.

આ ફતવામાં આ બધા કામોને બિદઅત – નાજાઈઝ કહેવામાં આવ્યા હતાં અને એમાં ભાગ લેવાને ગુનાહનું કામ ગણાવવામાં આવ્યું હતું. પછી હઝરત મવલાના રશીદ અહમદ રહ.એ એક વિગતવાર ફતવો અન્ય ઉલમાના ફતાવા શામેલ કરીને ફરીવાર છાપ્યો. આ ફતવાઓમાં કુરઆન અને હદીસ અનુસાર બિદઅતને એક મોટો – સખત ગુનો કરાર દેવાની સાથે પૂછવામાં આવેલ વિશેષ કામો વિશે બિદઅત અને ગુનાહ હોવાનો હુકમ સ્પષ્ટ રીતે લખવામાં આવ્યો હતો. આ ફતવાઓના કારણે આવી બિદઅતો અને રિવાજો પાળનાર લોકોમાં ઉહાપોહ થયો અને એમના તરફથી મવલાના અબ્દુસ્સમીઅ રામપૂરી, 'બેદિલ' સાહેબે એક દળદાળ કિતાબ 'અનવારે સાતેઆ' નામની લખીને પ્રકાશિત કરી.

મવલાના અબ્દુસ્સમીઅ સાહેબ વિદ્વાન હતા. કાબિલ ઉસ્તાદોના શાગિર્દ હતા અને હઝરત અકદસ હાજી ઈમ્દાદુલ્લાહ રહ.ના ખલીફા પણ હતા. આ કિતાબમાં એમણે પ્રચલિત ફાતેહા અને મહેફિલે મીલાદ વગેરે બાબતે વિસ્તૃત લખાણ લખીને ઉલમા – મશાઈખના લખાણો, પરંપરાઓ અને અન્ય દલીલો દ્વારા આ બધા રિવાજી – બિદઅતી કાર્યોને સુન્નત અનુસાર હોવા ઉપર ભાર મુકયો. અલબત્ત એના લખાણની શૈલી ઘણી આક્રમક, અશોભનીય અને પીડાદાયક હતી. વિરોધી વિચારસરણી ધરાવતા ઉલમાની નામજોગ એમાં ટીકાઓ કરીને એમના ઉપર લાંછન લગાડવામાં આવ્યું હતું. આ કિતાબ છપાયને આવી તો લોકોમાં ભારે ઉશ્કેરાટ વ્યાપી ગયો.

કિતાબ હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ. પાસે પણ પહોંચી. બંને તરફના ઉલમા હઝરત હાજી સાહેબ રહ.ના ખલીફાઓ અને અકીદતમંદ હતા. હાજી સાહેબ રહ. બંને પક્ષોને એમની પોતાની દલીલો મુજબ સહી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સમજતા હતા. અને પોતાની હદ સુધી ખોટા અકીદા કે લોકોમાં પ્રચલિત કુરિવાજોથી પાક હોય તો ફકત મહેફિલે મીલાદને સહી સમજતા હતા, છતાં એમણે 'અનવારે સાતેઆ'ની લખાણશૈલી નાપસંદ કરી અને મવલાના અબ્દુસ્સમીઅ રામપૂરી સાહેબને હુકમ ફરમાવ્યો કે મનના મેલ અને કલમની તીખાશના કારણે લોકોને તકલીફ પહોંચે એવું જે કંઈ લખાયું છે એ બધું અને 'બિરાદરાને તરીકત'ના જે નામોનો ઉલ્લખ છે, એ કાઢી નાંખવામાં આવે.

હાજી સાહેબ રહ.નો આ પત્ર ૨૪ શવ્વાલ ૧૩૦૪ હિ.નો છે, ત્યાં સુધી અનવારે સાતેઆ દૂર સુધી લોકોના હાથમાં પહોંચી ગઈ હતી. અને હાજી સાહેબ રહ.ના ખલીફાઓ, મુરીદો અને અકીદતમંદોના બે ભાગ પડી ચુકયા હતા. હઝરત હાજી સાહેબ જેમને પોતાના નાયબ ગણતા હતા એવા હઝરત ગંગોહી રહ. જેવા ખલીફા વિરુદ્ધ નારાજગી ફેલાવવાનું આ કૃત્ય હતું. અંતે હઝરત ગંગોહી રહ.ના કહેવાથી મવલાના ખલીલ અહમદ સાહેબે 'અનવારે સાતેઆ'ના લખાણોની સમીક્ષા કરીને વિસ્તૃત રીતે એનું ખંડન કર્યું. અને 'બરાહીને કાતેઆ' નામની એક કિતાબ પ્રકાશિત કરવામાં આવી.

આ કિતાબમાં અનવારે સાતેઆના લખાણોની સમીક્ષા, ખંડન અને ખોટી દલીલોના જવાબો પણ આપવામાં આવ્યા હતા. અનવારે સાતેઆમાં જે પ્રમાણેની ભાષા વાપરવામાં આવી હતી, એના જવાબ સ્વરૂપે આ કિતાબમાં પણ એવી તીખી ભાષા અને આકરી શૈલી અપનાવવામાં આવી હતી.

હવે ઉલમાએ કિરામ દરમિયાન લગભગ બે ગ્રુપો પડી ગયા હતા. અને બંને જમાતોમાં આ બાબતે જોશ, ગુસ્સો અને ઉશ્કેરાટ હતો. એટલે હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ. અને મવલાના રહમતુલ્લાહ કીરાનવી રહ.એ આ બંને ગ્રુપોને આ બાબતે વધારે આગળ ન વધવાની તાકીદ ફરમાવી. હઝરત મવલાના કીરાનવી રહ. પણ હાજી સાહેબ રહ.ની જેમ મક્કામાં જ મુકીમ હતા અને બધા જ ઉલમાએ કિરામ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દરમિયાન મકબૂલ અને માન્ય હતા.

બરાહીને કાતેઆ પ્રકાશિત થવાથી સામે પક્ષે જવાબ લખવાની માંગ ઉઠી અને લોકો મવલાના અ.સમીઅ બેદિલને જવાબ લખવા માટે આગ્રહ કરવા લાગ્યા. આ સ્થિતિમાં મવલાના રહમતુલ્લાહ કીરાનવી રહ.એ એમને આગ્રહ કર્યો કે હવે કોઈ જવાબી કિતાબ લખવામાં ન આવે અને આ વિરોધ – વિવાદને વધારે આગળ વધારવામાં ન આવે એ જરૂરી છે. મવલાના રામપૂરી સાહેબે જવાબ ન લખવાની વાત સ્વીકારી નહીં, અલબત્ત હાજી સાહેબના હુકમ અનુસાર પ્રથમવાર અનવારે સાતેઆમાં જે શૈલી અપનાવી હતી, એ સુધારી લીધી અને નામજોગ જેમના વિશે અપશબ્દો લખવામાં આવ્યા હતા એ નામો પણ કાઢી નાખ્યા, અને ફરીવાર અનવારે સાતેઆને પ્રકાશિત કરી, જેમાં 'બરાહીને કાતેઆ'માં આપવામાં આવેલ દલીલોનો જવાબ આપવાનો પ્રયત્ન કર્યો. આમ ૧૩૦૬માં ફરીવાર અનવારે સાતેઆ પ્રકાશિત કરવામાં આવી.

'બરાહીને કાતેઆ' પ્રકાશિત થયા પછી મવલાના ખલીલ અહમદ સાહેબ રહ. અને બીજા પક્ષના ઉલમા વચ્ચે અનેક મુનાઝરા અને વિવાદ પણ થયા, એની વિગત હઝરત મવલાના ખલીલ અહમદ સાહેબ રહ.ના હાલાતમાં આવશે. ઈન્શાઅલ્લાહ.

આપ રહ.ના અમુક મશ્હૂર ખલીફાઓ

હઝરત અકદસ ગંગોહી રહ.નું વ્યકિતત્વ બહુમુખી હતું. સેવાઓ પણ દીનના દરેક પાસાઓને આવરી લેતી સર્વગ્રાહી અને વિશાળ હતી. એક તરફ આપ રહ. શેખે તરીકત હતા તો બીજી તરફ દીની વિદ્યાઓના વિદ્વાન હતા. ફકીહ, મુહદ્દિષ અને મુફસ્સિર પણ હતા. મોટા સમાજ સુધારક અને કેળવણીકાર હતા. એટલે કોઈ મુરીદ કે શાગિર્દને કાબેલ ગણીને એને આપ રહ. તરફથી ખિલાફત આપવાનો મતલબ આ જ ગણાય કે આપ રહ. એ મુરીદને દીનની મજબૂત અને વિશાળ ખિદમત કરવાને કાબેલ સમજતા હોય. બિદઅતો અને રિવાજોનો ખાતમો આપ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.નું વિશેષ મિશન હતું એટલે આ બાબતે દઢતા અને અડગતા ધરાવતા હોય એવા માણસોને જ આપ રહ.એ ખિલાફત આપી છે. ઈલ્મ – અમલમાં દઢ અને અડગ હોય, દીન માટે પોતાનું સર્વસ્વ કુરબાન કરવા તત્પર હોય, બાતિલ અને બેદીની સામે હક અને દીનની મહેનતને ઉજાગર કરનાર હોય એવા જ માણસો પસંદ કરીને આપ રહ.એ એમને ખિલાફતથી નવાઝયા છે. આવા કેટલા માણસોને આપ રહ.એ ખિલાફત આપી છે, એની કોઈ ચોક્કસ સંખ્યા કહી શકાય એમ નથી.

તઝકિરતુર્રશીદમાં છે કે હઝરત રહ.ના ખલીફાઓ ભારતભરમાં ફેલાયેલા છે અને દરેક પોતાને એકાંતમાં રાખવા ચાહે છે, કોઈ હઝરત ગંગોહીના ખલીફા હોવાના બહાને મશહૂર થવા માંગતા નથી, એટલે આપ રહ.ના ખલીફાઓની સાચી સંખ્યા સામે આવવી મુશ્કેલ છે. અલબત્ત ત્રીસેક ખલીફાઓ મશહૂર છે. જેમનું અત્રે ટુંકમાં વર્ણન કરીએ છીએ.

(૧) હઝરત મવલાના ખલીલ અહમદ સહારનપૂરી રહ.

આપ રહ.ના હાથ ઉપર સહુપ્રથમ આપ રહ. બયઅત થયા હતા. જાહેરી અને બાતેની રીતે હઝરત ગંગોહી રહ. સાથે આપ રહ. સહુથી વધારે સમાનતા ધરાવતા હતા. આપણા સિલસિલામાં હવે પછી એમનું સ્થાન છે, એટલે સવિસ્તાર એમનું જીવનચરિત્ર લખીશું. ઈન્શાઅલ્લાહ.

(૨) શૈખુલ હિન્દ હઝરત મવલાના મહમૂદ હસન દેવબંદી રહ.

(૩) હઝરત મવલાના શાહ અ. રહીમ રાયપૂરી રહ.

(૪) શૈખુલ ઈસ્લામ હઝરત મવલાના હુસૈન અહમદ મદની રહ.

આ ત્રણેવ બુઝુર્ગોને હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ રહ. તરફથી પણ ખિલાફત અને ઈજાઝત હતી. અને હાજી સાહેબ રહ.ના ખલીફાઓમાં એમનું ટુંકું વર્ણન આવી ગયું છે.

(૫) હઝરત મવલાના સિદ્દીક અહમદ અંબેઠવી રહ.

અંબેઠા, જિ. સહારનપૂરના રહેવાસી હતા. હઝરત મવલાના ખલીલ અહમદ સહારનપૂરી રહ.ના પિત્રાઈ ભાઈ હતા. આપના મારફત જ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત ગંગોહી રહ.ના હાથે બયઅત થયા હતા. કાબેલ અને વિદ્વાન માણસ હતા. મદરસા ફતેહપૂરી દિલ્હીમાં સદર મુદર્રિસ હતા. એટલે ઘણી જલદી હઝરત ગંગોહી રહ.ની વિશેષ નજર અને શફકત મેળવીને આગળ વધતા રહયા.

હઝરત ગંગોહી રહ. ઘણી મહોબ્બત કરતા હતા. એમના ઉપર પૂરો વિશ્વાસ કરતા હતા. હઝરત ગંગોહી રહ.ની સેવામાં એમણે લખેલા પત્રોને હઝરત ગંગોહી રહ. પોતે મહફૂઝ રાખતા હતા કે રાહે સુલૂકમાં ચાલતા અન્ય લોકોને પણ એના થકી રાહબરી મળે. પછી જયારે હઝરત ગંગોહી રહ.ની આંખો જતી રહી તો હઝરત રહ.એ પોતે જ એ પત્રો એમને પાછા આપ્યા. મકાતિબે રશીદીયહમાં આપ રહ.ના ૨૫ પત્રો શામેલ છે. અન્યો કરતાં એમના પત્રોમાં તસવ્વુફ અને સુલૂકની વાતો વધારે પૂછવામાં આવી છે અને હઝરત ગંગોહી રહ.એ વધારે ઉંડાણ પૂર્વક અને વિસ્તારથી વર્ણવી છે.

હઝરત ગંગોહી રહ.ને હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ.એ ખિલાફત આપી ત્યારે જે દસ્તાર અર્પણ કરી હતી, એને હઝરત ગંગોહી રહ.એ પોતાની પાસે બરકત સ્વરૂપે સાચવી રાખી હતી. પણ હઝરત મવલાના સિદ્દિક રહ. પ્રત્યે એટલો વિશ્વાસ અને મુહબ્બત હતી કે ખિલાફત આપતી વેળા એ દસ્તાર એમને ઈનાયત કરી દીધી.

(૬) હઝરત મવલાના સિદ્દીક અહમદ મદની રહ.

આપ રહ. શૈખુલ ઈસ્લામ હઝરત મવલાના હુસૈન અહમદ મદની રહ. મોટા ભાઈ હતા. ઈલાહદાદપૂર આપનું જન્મ સ્થળ છે. હુસૈની સય્યિદ હતા. બાળવયે જ ૧૩૦૯ હિ.માં દારૂલ ઉલૂમમાં પહોંચીને શૈખુલ હિંદ રહ. પાસે તઅલીમ શરૂ કરી દીધી હતી.

મદીના છોડનાર પૂર્વજોની ૧૮ કે ૧૯ પેઢીઓ પછી ૧૩૧૬માં એમના વાલિદ મવલાના હબીબુલ્લાહ રહ. એ મદીના શરીફ પાછા જવાનો ઈરાદો કર્યો તો દેવબંદથી ઘરે આવ્યા અને બંને ભાઈઓ : હઝરત મવલાના સિદ્દિક સાહેબ રહ. અને હઝરત મવલાના હુસૈન

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અહમદ સાહેબ રહ. ગંગોહ ખાતે હઝરત ઈમામે રબ્બાની રહ.ની ખિદમતમાં બયઅત થવા હાજર થયા, આપ રહ.એ એમને બઅયત ફરમાવીને મક્કા ખાતે હઝરત હાજી સાહેબ રહ. પાસેથી રાહબરી અને હિદાયત મેળવતા રહેવાનો હુકમ ફરમાવ્યો. ૧૩૧૮ માં બંને ભાઈ ફરી હઝરત ગંગોહી રહ.ની ખિદમતમાં તશરીફ લાવ્યા અને અહિંયા રહીને મઅરિફત વ સુલૂકના ઉચ્ચ મરતબાઓ હાસિલ કર્યા અને ફરી પાછા મદીના શરીફ સિધાવી ગયા. હઝરત ગંગોહી રહ.એ બંનેવ ભાઈઓને એક સાથે ખિલાફતની દસ્તાર પહેરાવી હતી. મસ્જિદે નબવીમાં દર્સ આપતા હતા. ૧૩૩૧ હિ.માં એમની વફાત થઈ અને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા.

(૭) હઝરત મવલાના સિદ્દિક મુરાદાબાદી રહ.

મુરાદાબાદના રહેવાસી હતા. હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.ના શાગિર્દ હતા, એમના હાથે જ બયઅત હતા અને ખિલાફત પણ મેળવી હતી. હઝરત નાનોત્વી રહ.ના વિશ્વાસુ હતા. તબીબી વિદ્યામાં કાબેલ હતા અને મુરાદાબાદના નિષ્ણાંત તબીબ ગણાતા હતા. ઝિક્ર – તસ્બીહમાં જ મશગૂલ રહેતા હતા. મુરાદાબાદ મદરસા શાહીના મોહતમિમ બનાવવામાં આવ્યા હતા પણ એમની મશગૂલીઓ એટલી બધી હતી કે આ જવાબદારી એમનાથી નિભાવી શકાય એમ ન હતી, એટલે પોતે જ એનાથી અલગ થઈ ગયા. ૮૪ વરસની ઉમરે ૩ શવ્વાલ ૧૩૪૭– માર્ચ ૧૯૨૯ ના રોજ આપની વફાત થઈ. હઝરત નાનોત્વી રહ.ના ખિલાફત આપ્યા પછી હઝરત અકદસ હાજી ઈમ્દાદુલ્લાહ રહ.એ અને હઝરત ગંગોહી રહ.એ પણ એમને ખિલાફત અર્પણ ફરમાવી હતી.

(૮) હઝરત મવલાના મઝહર નાનોત્વી રહ.

નાનોતાના રહેવાસી હતા. ૧૨૩૭ હિ.માં પેદા થયા. બાળપણ અને શરૂની તાલીમ સુધી નાનોતામાં જ રહયા. પછી દિલ્હી આવ્યા અને હઝરત મવલાના મમ્લૂક અલી રહ., મુફતી સદરુદ્દીન રહ. પાસે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આગળની તઅલીમ મેળવી. મુઅત્તા માલિક અને હદીસની બીજી અમુક કિતાબો શાહ અબ્દુલ ગની દહેલ્વી રહ. પાસે અને બુખારી શરીફ શાહ ઈસ્હાક મુહદ્દિષ દહેલ્વી રહ. પાસે પઢી. તઅલીમ પૂરી કરીને વિવિધ સ્થળોએ તઅલીમી ખિદમત અંજામ આપતા રહયા. ૧૮૫૭માં અંગ્રેજો વિરુદ્ધ બગાવતમાં ભાગ લીધો હતો. પગમાં ગોળી વાગવાથી ઝખ્મી પણ થયા હતા. પછી લાંબા સમય સુધી ભુર્ગભમાં રહયા અને વિકટોરીયા રાણી તરફથી જાહેર માફીનું એલાન થયું ત્યારે બહાર આવ્યા. ૧૨૮૩ હિ.માં મઝાહિર ઉલૂમ સહારનપૂરના સદર મુદર્રિસ બનાવવામાં આવ્યા.

૧૮૫૭ પહેલાં તઅલીમ પૂરી થયા પછી પ્રાચ્યાવાદી વિદ્વાન અલોયેસ સ્પીંગર દ્વારા આપને બનારસ ગર્વમેન્ટ કોલેજના અરબી વિભાગના મુખ્ય શિક્ષક તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા. પછી ગર્વમેન્ટ કોલેજ અજમેરના મુખ્ય શિક્ષક તરીકે સેવા આપી. આગ્રા કોલેજમાં પણ શિક્ષકની સેવાઓ આપી હતી. ૧૮૫૭ પછી સરકારી સંસ્થાઓમાં કામ કરવા વિશે આપના વિચારો બદલાય ગયા અને પછી નવલકિશોર પ્રેસમાં લગભગ સાત વરસ કામ કર્યું.

પછી ૧૨૮૩ હિ. ૧૮૬૭ ઈ.માં મઝાહિર ઉલૂમ સહારનપૂરમાં આવી ગયા. તે સમયે મદરસો હજુ નાનો હતો અને નામ મદરસા અરબિયહ હતું. આપ રહ.ના આવ્યા પછી એની સંપૂર્ણ જવાબદારી આપ રહ.ને સુપરદ કરી દેવામાં આવી. ૧૯ વરસ સુધી આપ રહ. મદરસામાં રહયા. મદરસાના સંચાલન અને તઅલીમ બાબતે આપ રહ.એ પૂરતા લગનથી પ્રયત્નો કર્યા, જેના ફળ સ્વરૂપ મદરસાની ખુબ તરક્કી થઈ અને આપ રહ.ની ખિદમતોની કદર સ્વરૂપે બુઝુર્ગોએ પાછળથી મદરસાનું નામ મઝાહિર ઉલૂમ તરીકે બદલી નાંખ્યું. અહિંયા આપ રહ.એ તફસીર, હદીસ, ફિકહ વગેરે વિષયોની મોટી કિતાબો પઢાવી. આપ રહ. પાસે પઢનાર અનેક તલબા પાછળથી મહાન ઉલમા બનીને સામે આવ્યા. મવલાના યાકૂબ નાનોત્વી રહ., મવલાના ખલીલ અહમદ સહારનપૂરી રહ. મવલાના ફખ્રુદ્દીન રહ. વગેરે બુઝુર્ગો આપના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

શાગિર્દો છે.

ઉમરમાં હઝરત ગંગોહી રહ. કરતાં મોટા હતા. છતાં હઝરત ગંગોહી રહ.ની ઘણી ઈઝઝત કરતા હતા. એમની સાથે બુઝુર્ગો જેવો વર્તાવ કરતા હતા. પછી હઝરત ગંગોહી રહ.ના હાથ ઉપર બયઅત થઈ ગયા હતા અને ખિલાફત મેળવી હતી. વારંવાર ગંગોહ આવતા હતા. ઘણીવાર રમઝાન પણ ગંગોહમાં ગુઝારતા હતા. જયારે પણ ગંગોહ આવતા તો હઝરત ગંગોહી રહ.ના હાથ ચુમતા અને આંખોમાં આંસુ હોતા. તેઓ ઉમરમાં મોટા હતા એટલે હઝરત ગંગોહી રહ. ખચકાટ અનુભવતા અને ફરમાવતા કે તમે આમ શીદને કરો છો ? મને શરમ આવે છે. હઝરત ગંગોહી રહ.એ હઝ. અકદસ હાજી સાહેબ રહ.ના નામે લખેલા અમુક પત્રોમાં આપ રહ.નો ઉલ્લેખ છે. ઈસ્લામી વરસ મુજબ ૬૬ વરસની ઉમરે ઝિલહજ ૧૩૦૩ હિ./૧૮૮૫માં આપ રહ.ની વફાત થઈ. અને સહારનપૂરમાં દફન કરવામાં આવ્યા.

(૯) મવલાના હકીમ મુહમ્મદ ઈસ્હાક નહટોરી.

હઝરત ગંગોહી રહ.ના શાગિર્દ, મુરીદ અને ખલીફા પણ..ઉલમાએ દેવબંદમાં એમનું મોટું સ્થાન છે. એકાંતમાં અને લોકોની નજરોથી દૂર રહેવાને પસંદ કરતા હતા. દિલ્હીના સદર બજારમાં તેલીવાડાની ઊંચી મસ્જિદમાં રહેતા હતા અને તલબાને પઢાવતા હતા. એક નેકદિલ વેપારી જનાબ હાજી મુહમ્મદ ઈસ્માઈલ સોદાગર પોતાના તરફથી એમને દર મહીને વીસ રૂપીયા આપતા હતા. એના ઉપર જ પોતાનું ગુઝરાન ચલાવી લેતા હતા. હઝરત ગંગોહી રહ. પ્રત્યે ભારે અકીદત અને મુહબ્બત હતી. જયારે પણ હઝ. ગંગોહી રહ.નું નામ આવતું તો આંખોમાં આંસુ આવી જતા. હઝરત ગંગોહી રહ.ની ખાનકાહ અને આપ રહ.ની દિનચર્યાને લગતી વાતો એમના હવાલાથી તઝકિરતુર્રશીદ અને આપબીતીમાં મોજૂદ છે એનાથી સ્પષ્ટ થાય છે કે આપ હઝરત ગંગોહીના લાંબા સમય સુધી ખાદિમ રહયા છે.

(૧૦) મવલાના સાદિકુલ યકીન કુરસી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લખનઉ પાસેના એક ગામ કુરસીના રહેવાસી હતા. પ્રથમ આસપાસના ઉલમા પાસે તઅલીમ મેળવી અને પછી દેવબંદ પહોંચ્યા. હઝરત શૈખુલ હિન્દ રહ. અને અન્ય ઉસ્તાદો પાસે તઅલીમ પૂર્ણ કરીને ગંગોહ હઝરત રહ.ની ખિદમતમાં આવ્યા. થોડા દિવસ દવરએ હદીસના દર્સમાં જોડાયા પછી આપ રહ.ના હાથ ઉપર બયઅત થઈને વતન પરત આવ્યા. વતન પહોંચીને ઝિક્ર, તસ્બીહ, અવરાદ અને તહજ્જુદની પાબંદીની બરકતથી ઘણા જલદી ઊંચા સ્થાને પહોંચી ગયા એટલે પછી ગંગોહ આવ્યા તો હઝરત રહ.એ એમને ખિલાફતથી નવાઝયા. પછી હજનો શોખ થયો. એમના વાલિદ સાહેબ હયાત હતા, એમનાથી ઈજાઝત માંગી તો એમણે પણ હજની ઈચ્છા દર્શાવી એટલે એમને સાથે લઈને હજ માટે રવાના થયા. હજ અને ઝિયારતે મદીનાથી ફારિગ થયા અને પાછા ફરતાં પહેલાં ૩ મુહર્રમ ૧૩૨૪ હિ.ના રોજ મક્કા મુકર્રમહમાં જ આખિરતની સફરે સિધાવી ગયા અને ત્યાં જ દફન થયા.

(૧૧) હઝરત મવલાના મુહમ્મદ રોશનખાન મુરાદાબાદી રહ.

શરૂમાં આપ હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.ના હાથે બયઅત હતા. પરંતુ હઝરત નાનોત્વી રહ.એ હુકમ આપ્યો કે ગંગોહ જઈને તઅલીમ પણ પૂરી કરો અને ઈસ્લાહે બાતિન માટે પણ હઝરત ગંગોહી રહ. સાથે જ સંબંધ રાખો. એટલે ગંગોહ આવ્યા, હદીસ શરીફ પઢીને તઅલીમ પૂર્ણ કરી અને હઝરત ગંગોહી રહ.ના હાથ ઉપર બયઅત થઈને સુલૂક વ મઅરિફતની મંઝિલો પણ પૂર્ણ ફરમાવી. હઝરત ગંગોહી રહ.એ ખિલાફત આપી પછી ગ્વાલિયર નોકરી માટે આવ્યા. હઝરત ગંગોહી રહ.ની ઈજાઝત મુજબ લોકોને બયઅત કરતા હતા અને ઝિક્ર, તસ્બીહ, અવરાદની રાહબરી પણ ફરમાવતા હતા. આપ રહ.ની તરબિયત અને રાહબરી થકી ઘણા લોકોને મઅરિફતની દોલત પ્રાપ્ત થઈ. આવા લોકોને ગંગોહ પણ મોકલતા હતા. હઝરત ગંગોહી રહ. આવા લોકોના ઝાહેરી અને બાતેની હાલાત જોઈને ઘણા ખુશ થતા હતા અને કોઈ કોઈને પોતાના તરફથી પણ ખિલાફતથી નવાઝતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આપને લખેલ એક પત્રમાં હઝરત ગંગોહી રહ. લખે છે : જો હઝરત (હાજી સાહેબ રહ.) તમારી હાલતને જુએ તો હું કસમ ખાયને કહું છું કે તમને ઈજાઝત આપી દેત. ખુલાસો આ કે નિયમ મુજબ તમે અમારા હઝરતના મુજાઝ છો. માટે ખુશી અને શોખથી બયઅતની આમ ઈજાઝત આપું છું. પોતાના નામથી બયઅત કરી લ્યો. જેનાથી થઈ શકે એને તોબા કરાવી દયો અને લાયકાત મુજબ વઝીફો બતાવી દયો. ફકત.

(૧૨) મવલાના હાફેઝ કમરુદ્દીન સહારનપૂરી રહ.
(૧૩) હઝરત મવલાના કારી મુગીષુદ્દીન સાધોરવી રહ.
(૧૪) હઝરત મવલાના કાદિર અલી દહેલ્વી રહ.
(૧૫) હઝરત મવલાના મુહમ્મદ સાલેહ સાહેબ રહ.
(૧૬) હઝરત મવલાના કુદરતુલ્લાહ સાહેબ મુરાદાબાદી રહ.
(૧૭) હઝરત મવલાના અબ્દુસ્સમદ સાહેબ સોનીપતી રહ.
(૧૮) હઝ. મવ. હકીમ મુહમ્મદ સિદ્દીક સાહેબ મુરાદાબાદી રહ.
(૧૯) હાફેજ મુહમ્મદ યાસીન સાહેબ નગીનવી રહ.
(૨૦) હઝરત મવલાના સિદ્દીક અહમદ સાહેબ કાંધલવી રહ.
(૨૧) હાજી નસીરુલ હક કાંધલવી રહ.
(૨૨) મવલાના મુહમ્મદ ઈકરામ સાહેબ રહ.
(૨૩) શેખ અબ્દુલ ગફૂર સાહેબ જયપૂરી રહ.
(૨૪) મવલાના મુખ્લિસુર્રહમાન સાહેબ બંગાળી રહ.
(૨૫) મવલાના રમીઝ અહમદ સાહેબ બંગાળી રહ.
(૨૬) મવલાના ઝમીરુદ્દીન સાહેબ બંગાળી રહ.
(૨૭) કારી મુહમ્મદ ઈબ્રાહીમ સાહેબ બંગાળી રહ.
(૨૮) મવલાના અબ્દુલ બારી સાહેબ બંગાળી રહ.
(૨૯) મવલાના અબ્દુલ્લતીફ સાહેબ બંગાળી રહ.
(૩૦) મવલાના દાવૂદ અહમદ સાહેબ ગંગોહી રહ.
(૩૧) મવલાના કાદિર અલી સાહેબ દહેલ્વી રહ.
(૩૨) મવલાના હાફેઝ અ.રહમાન સાહેબ પૂરબી રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૩૩) મવલાના બહાઉદ્દીન સાહેબ કાબુલી રહ.

ખલીફાઓની આ યાદી તઝકિરતુર્રશીદ ભાગ ૨/૧૫૪–૧૬૦ ના આધારે લખવામાં આવી છે.

હઝરત અકદસ ગંગોહી રહ. અન્ય બુઝુર્ગોની નજરે

હઝરત અકદસ હાજી ઇમ્દાદુલ્લાહ રહ.

હઝરત હાજી સાહેબ રહ. આપના શેખ, મુરશિદ અને મુરબ્બી હતા. હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત થનાર ઉલમામાં હઝરત ગંગોહી રહ. જ પ્રથમ નંબરે છે. હઝરત હાજી સાહેબ રહ.ને આપ રહ. પ્રત્યે ભારોભાર વિશ્વાસ અને નાઝ હતો. પોતાની અનેક કિતાબો અને પત્રોમાં આપ રહ.ના વખાણ કરતા હતા. અનેક લખાણોમાં સ્પષ્ટ લખ્યું છે કે મોલ્વી રશીદ અહમદને મારા સ્થાને જ સમજો. વગેરે.

અત્રે એવા અમુક લખાણોના મહત્વના અંશ લખવામાં આવે છે.

ઝિયાઉલ કુલૂબ હઝરત હાજી સાહેબ રહ.ની એક મહત્વની કિતાબ છે. એમાં તસવ્વુફને લગતી ઘણી ઊંચી વાતો હઝરત હાજી સાહેબ રહ.એ લખી છે. છેલ્લે મુરીદ – સાલિક માટે ઘણી જ કીમતી નસીહતો અને તાકીદો વર્ણવી છે. એના અંતે હાજી સાહેબ રહ. લખે છે :

ہر کس کہ ازیں فقیر محبت وعقیدت وارادت دارد، مولوی رشید احمد صاحب سلمہ ومولوی محمد قاسم صاحب سلمہ را کہ جامع جمیع کمالات علوم ظاہری وباطنی اند بجائے من راقم اوراق، بلکہ بمدارج فوق از من شمارند، اگر چہ بظاہر معاملہ برعکس شد کہ اوشاں بجائے من و من بمقام اوشاں شدم، وصحبت اوشاں راغنیمت دانند کہ ایں چنیں کساں دریں زمان نایاب اند واز خدمت بابرکت ایشاں فیضیاب بودہ باشند۔ وطریق سلوک کہ دریں رسالہ نوشتہ شد درنظر شاں تحصیل نمایند، انشاء اللہ تعالی بے بہرہ نخواہند ماند، اللہ تعالہ درعمر شاں برکت دہادو از تمامی نعماء عرفانی وکمالات قربیت خود مشرف گرداناد و بمرتبات عالیات رساناد واز نور ہدایت شان عالم را منور گرداناد وتا قیامت فیض اوشاں جاری دارد، بحرمۃ النبی وآلہ الامجاد۔ (ضیاء القلوب فارسی:٦٠)

જે કોઈ મુજ ફકીરથી મુહબ્બત અને અકીદત ધરાવતો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હોય, એ મોલ્વી રશીદ અહમદ સાહેબ અને મોલ્વી કાસિમ સાહેબને, જે બન્ને જાહેરી બાતેની ઉલૂમના જાણકાર છે, એમને મારા સ્થાને સમજે. બલકે મારાથી પણ ઊંચા સમજે. ભલે જાહેરમાં મામલો ઉલટો છે. તેઓ મારા સ્થાને અને હું એમના સ્થાને નજર આવું છું. એ બન્નેની સોહબત – મજલિસને ગનીમત સમજે, કારણ કે આવા લોકો આજના સમયમાં હવે મળતા નથી. અને એમની બરકતવંતી ખિદમતનો ફૈઝ હાસિલ કરે. અને સુલૂકના જે તરીકાઓ આ કિતાબમાં વર્ણવવામાં આવ્યા છે, એ એમના માર્ગદર્શન મુજબ હાસિલ કરે. ઈન્શાઅલ્લાહ ખાલી હાથ નહીં રહે. અલ્લાહ તઆલા એ બંનેની ઉમરમાં બરકત આપે. અને મઅરિફતની બધી નેઅમતો અને પોતાની કુરબત – નઝદીકીના કમાલથી ભાગ્યવાન બનાવે. ઊંચા મરતબાઓ સુધી પહોંચાડે અને એમના નૂરે હિદાયતથી દુનિયા રોશન ફરમાવે અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સદકામાં કયામત સુધી એમનો ફૈઝ જારી રાખે.

અન્ય એક પત્રમાં હઝરત હાજી સાહેબ રહ. આપના પ્રત્યે પોતાનો વિશ્વાસ દર્શાવીને દીન વ શરીઅતની દરેક બાબતે આપના હક ઉપર હોવાની ગવાહી આપતાં લખે છે :

از فقیر امداد الله چشتی بخدمت محبان !

આજકાલ વધુ પડતા જે પત્રો હિંદુસ્તાનથી આ ફકીરના નામે આવ્યા, એમાં લખવામાં આવ્યું હતું કે મોલ્વી રશીદ અહમદ વિશે અમુક લોકો ખરાબ ગુમાન રાખે છે (ખોટા સમજે છે), તો અમે મોલ્વી રશીદ અહમદને કેવા સમજીએ ? માટે હવે મુજ ફકીર તરફથી જાહેર કરી દયો અને છપાવીને ફેલાવી દયો કે મોલ્વી રશીદ અહમદ સાહેબ આલિમે રબ્બાની (અલ્લાહ વાલા આલિમ) અને ફાઝિલે હક્કાની (હકપરસ્ત બુઝુર્ગ) છે.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પાછલા નેક બુઝુર્ગોના નમૂના છે. શરીઅત અને તરીકતને સાથે લઈને ચાલનાર છે. રાત દિવસ ખુદા અને રસૂલને ખુશ રાખવાની મહેનત કરે છે. હદીસ શરીફ પઢાવવામાં મશગૂલ છે. મવલાના મોલ્વી મુહમ્મદ ઈસ્હાક રહ. પછી ઈલ્મનો આવો ફૈઝ મોલ્વી રશીદ સાહેબ મારફતે જારી છે. હિંદુસ્તાનમાં મોલ્વી સાહેબ એકલા જ એવી હસ્તી છે. મુશ્કેલ મસ્અલાઓનો મોલ્વી સાહેબ પાસે ઉકેલ નીકળે છે. દર વરસે પચાસેક માણસો એમની પાસે હદીસ પઢીને સનદ મેળવે છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સુન્નતોની ઈત્તેબાઅમાં મશગૂલ છે. મુહબ્બતે રસૂલ અને ઈશ્કે ઈલાહીમાં ડૂબેલા છે. હક બોલનાર છે. અને لا يخافون لومة لائم નો નમૂનો છે એટલે કે હક વાત કહેવામાં કોઈની પરવા નથી કરતા. અલ્લાહ તઆલા ઉપર પૂરો ભરોસો રાખે છે. બિદઅતોથી સદંતર દૂર રહે છે. સુન્નતે નબવીનો પ્રચાર જ એમનું કામ છે. ખરાબ અકીદાવાળા લોકોના અકીદા સુધારવાની મહેનત કરે છે. એમની સોહબત મુસલમાનો માટે કીમીયા અને અકસીર છે. એમની પાસે બેસવાથી અલ્લાહ યાદ આવે છે અને અલ્લાહ વાળાઓની આ જ નિશાની છે. મુત્તકી છે. દુનિયાથી દૂર રહેનાર અને આખિરતનો શોખ રાખનાર છે. તસવ્વુફ અને સુલૂકમાં માહેર છે. અમીર અને ગરીબ એમની પાસે બરાબર છે. બધાની તરફ સમાન રીતે ધ્યાન – તવજ્જોહ આપે છે. કોઈનાથી લાલચ નથી રાખતા. આ ફકીરે જે કંઈ ઝિયાઉલ કુલૂબમાં એમના વિશે લખ્યું છે તે સાચું છે અને હવે તો આ ફકીરનું નેક ગુમાન અને મુહબ્બત એમના વિશે પહેલાં કરતાં વધારે છે. ફકીર પોતાના માટે એમને નજાતનો ઝરીયો સમજે છે.

હું સાફ કહું છું કે જે માણસ મોલવી સાહેબ વિશે બુરું બોલે છે તે મારું દિલ દુખાવે છે. મારા બે હાથ છે. એક મોલવી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મુહમ્મદ કાસિમ સાહેબ મરહૂમ અને બીજા મોલવી રશીદ અહમદ સાહેબ. આ એક હજુ મોજૂદ છે એના ઉપર પણ લોકો નજર લગાવે છે ! મારો અને મોલવી રશીદ અહમદનો અકીદો એક જ છે. હું પણ બિદઅતોને ખરાબ જ સમજું છું. જે માણસ પણ દીનની વાતોમાં મોલવી સાહેબનો વિરોધી હોય એ મારો વિરોધી છે અને ખુદા વ રસૂલનો વિરોધી છે. અને અમુક જાહિલો જે એમ કહે છે કે શરીઅત અલગ છે અને તરીકત અલગ છે, એ એમની નાદાની છે. શરીઅત વગરની તરીકત અલ્લાહ તઆલાના દરબારમાં કુબૂલ નથી. દિલની સફાઈ તો કાફિરની પણ થાય, દિલનો હાલ આઈના જેવો છે. આઈનાને કાટ ચડી જાય તો પેશાબથી પણ સાફ કરી શકાય છે અને ગુલાબજળથી પણ. પણ પાકી – નાપાકીનો ફરક રહેશે.

અલ્લાહના વલી હોવાની કસોટી ઈત્તેબાએ સુન્નત છે. જે સુન્નતને અનુસરતો હોય એ અલ્લાહનો દોસ્ત છે. અને જો બિદઅતી હોય તો બેકાર છે. ચમત્કારો (કરામત) તો દજ્જાલના પણ ઘણા છે. અલ્લાહ તઆલાએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હુકમ ફરમાવ્યો કે, તમે લોકોને કહી દયો કે જો તમે અલ્લાહ સાથે મહોબ્બત રાખતા હોવ તો મારું અનુસરણ કરો. જે રસૂલે ખુદાનો તાબેદાર ન હોય અને બિદઅતો ફેલાવતો હોય તે ખુદાનો દોસ્ત નથી હોય શકતો. જે ઉલમા આ ફકીર સાથે મુહબ્બત રાખે છે એ ઈત્તેબાએ સુન્નતના કારણે જ છે. કોઈના વિરોધથી મોલવી સાહેબનું કોઈ નુકસાન નથી.

آپ بے بہرہ ہیں جو معتقد میر نہیں ۔

મોલવી સાહેબ એવી હસ્તી છે કે ખાસ લોકોએ પણ એમની મજલિસોથી ફાયદો ઉઠાવવો જોઈએ. એમની સોબત – મજલિસને મોટી ભલાઈની વસ્તુ સમજે. અને હું ચાહું છું કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મોલવી સાહેબ વિશે મારી બેઅદબીની કોઈ વાત કહેવામાં કે લખવામાં ન આવે. મને આવી વાતોથી ઘણી તકલીફ થાય છે. લોકો મારા દિલના ટુકડાને તકલીફ પહોંચાડે છે અને પોતાને મારા દોસ્ત સમજે છે, અજીબ વાત છે, આ બિલકુલ દુરુસ્ત નથી. મોલવી પાકા હનફી સૂફી મઝહબને અનુસરનાર છે. અલ્લાહના કામિલ વલી છે. એમની ઝિયારતને ગનીમત સમજો.

વસ્સલામ. ઈમ્દાદુલ્લાહ ફારૂકી.૨૫, ઝીકઅદહ ૧૩૧૦ હિ.

હઝરત ગંગોહી રહ.ના નામે લખવામાં આવેલ અન્ય એક પત્રમાં હઝરત હાજી સાહેબ રહ. લખે છે :

તમારા આ પત્રના એક એક શબ્દ અને ફકરાથી હું મુગ્ધ અને મસ્ત થઈ ગયો, 'એ ! વકતે તુ ખુશ કે વકતે મા ખુશ કર દી' (તમે અમને ખુશીઓ આપી છે, ખુદા કરે કે તમને પણ ખુશીઓ નસીબ થાય).

મવલાના ! ઝિયાઉલ કુલૂબમાં જે કંઈ આપના વિશે લખવામાં આવ્યું છે, એ મેં પોતે નથી લખ્યું. જેવું ઉપરથી (અલ્લાહ તરફથી દિલમાં) નાંખવામાં આવ્યું, એ જ લોકો સામે જાહેર કર્યું છે. આવી ખુલ્લી વાતોને ન માનવી અને પોતાની આખિરતની નજાત અને ફલાહે દારૈનના ઝરીયાથી અલગ થઈ જવું મોટી જહાલત અને મહરૂમી છે. કોઈને સિલસિલામાંથી કાઢવાનો શું ફાયદો ? ફકીર તો તમારા જેવા ઉલમા અને સાલેહીનની જમાઅતમાં પોતે જ શામેલ થવાને દુનિયા – આખિરત માટે ગર્વની વાત, નજાતનો ઝરીયો અને કામ્યાબીનો વસીલો સમજે છે. અને અલ્લાહ તઆલા પાસે પણ આ જ દુઆ છે કે તમારા જેવા નેક લોકોની મુહબ્બતમાં જ જીવાડે અને મારે. મોટો બદનસીબ છે તે માણસ જે તમારા જેવા પવિત્ર અને આખા ઝમાનાના રાહબર વિશે દિલમાં કીનો, અદાવત,

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નારાજગી કે બુરું ગુમાન રાખતો હોય. આ ફકીર તો તમારા બધા કાર્યો, કથનો, હરકતો અને પ્રવૃતિઓને સારા પરિણામ અને બરકતો આપનારી તેમજ શરીઅત અનુસાર જ સમજે છે. અને બધા જ કામોમાં આપને નિખાલસ અને સાચા સમજે છે. ... માટે આ ફકીરે તો વિવાદી મસાઈલ વિશે તમારું કોઈ લખાણ ન વાંચ્યું છે ન એના વિશે કોઈ તપાસ કરી છે. એની જરૂરત પણ શું છે ? આ ફકીર તો તમારી બધી જ વાતોને શરીઅત અનુસાર ગણે છે. અને અમુક મસાઈલમાં સહમત ન હોય, પણ એને સહાબાના ઈખ્તેલાફની જેમ સમજે છે. અને તમારા દરેક કાર્ય કે કથનનો યોગ્ય મતલબ વિચારીને મારા દિલને સંતોષ અને શાંત્વના મળે છે. (તઝકિરતુર્રશીદ : ૨/૧૮૬)

નોંધ : તઝકિરતુર્રશીદમાં છે કે અમુક લોકોએ હિંદુસ્તાનમાં એવું મશહૂર કરી દીધું હતું કે હઝરત હાજી સાહેબ રહ.એ મવલાના ગંગોહી રહ.ની બઅયત તોડી દીધી છે અને ખિલાફત પાછી લઈ લીધી છે વગેરે.

આ બાબતે હઝરત ગંગોહી રહ.એ હઝરત હાજી સાહેબ રહ.ની ખિદમતમાં સાચી હકીકત જાણવા હેતુ પત્ર લખ્યો હતો. એનો ઉપરોકત જવાબ હઝરત અકદસ હાજી સાહેબ રહ. તરફથી આપવામાં આવ્યો છે.

નોટ : હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ. અને હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. એ ભારતમાં ઈસ્લામના નામે પ્રચલિત થઈ રહેલી બિદઅતો – કુરિવાજોનો વિરોધ કરીને એને ખતમ કરવાની ચળવળ શરૂ કરી હતી, અને જેમ કે અગાઉ આવી ગયું છે આ બાબતે એમણે ભારે વિરોધનો સામનો કરવો પડી રહયો હતો, વિરોધ કરનાર ઘણા ઉલમા પણ હઝરત હાજી સાહેબ રહ.ના હાથ ઉપર બયઅત હતા અને ઘણા ખલીફા પણ હતા. એટલે એમના તરફથી હઝરત ગંગોહી રહ. વિશે મક્કા શરીફ ખાતે હઝરત હાજી સાહેબ રહ.ની ખિદમતમાં વિવિધ પ્રકારની શિકાયતો અને ભળતી કે ખોટી વાતો પહોંચાડવામાં આવતી હતી. પરિણામે ઘણીવાર હઝરત ગંગોહી રહ. પણ પરેશાન થઈ જતા કે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કયાંક પોતાના શેખ અને મુરબ્બી હઝરત હાજી સાહેબ લોકોની વાતોમાં આવીને નારાજ ન થઈ ગયા હોય, એટલે અહિંયાથી જતા લોકો સાથે પત્ર મારફતે પોતાની બેચેની અને હાલાત લખી મોકલાવતા હતા. મવલાના ગંગોહી રહ.ના નામે હઝરત હાજી સાહેબ રહ.ના પત્રો બાબતે આ વાત ધ્યાને રાખવી જરૂરી છે.

હઝરત મવલાના ફઝલુર્રહમાન ગંજમુરાદાબાદી રહ.

હઝરત મવલાના ફઝલુર્રહમાન ગંજમુરાદાબાદી રહ. ઉલમાએ અહલે સુન્નતના સરતાજ છે. શાહ અ. અઝીઝ રહ.ના શાગિર્દ અને શાહ મુહમ્મદ આફાક રહ.ના ખલીફા હતા. દેશભરમાં મુરીદો, અકીદતમંદોની મોટી સંખ્યા ધરાવતા હતા. તે સમયના બધા જ ઉલમા એમની મુલાકાત અને નિસ્બતને પોતાના માટે સઆદતની વાત સમજતા હતા. આપ રહ. પોતાના સમયમાં બે હસ્તીઓ એટલે કે હઝરત અકદસ ગંગોહી રહ. અને હઝરત મવલાના અ.હય્ય ફિરંગી મહલ્લી રહ.ની કાબેલિયતનો એકરાર ફરમાવતા હતા. એકવાર આપ રહ.ની મજલિસમાં બુઝુર્ગો – ઉલમાની વાત નીકળી તો કોઈકે હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.નો ઉલ્લેખ કર્યો. આપ રહ.એ ફરમાવ્યું :

મવલાના રશીદ અહમદ કા કયા હાલ પૂછતે હો ? વો તો દરિયા પી ગએ ઓર ડકાર તક નહીં લિયા.

બીજી એક મજલિસમાં આપ રહ.એ ફરમાવ્યું હતું :

એક મેં હું ઓર દૂસરે મવલાના રશીદ અહમદ. તીસરે ઐસા કોઈ મિલ જાએ તો ઝુલમતે ફલસફા દૂર હો જાએ. *(બાકીયાતે ફતાવા : ૯૭)*

તઝકિરતુર્રશીદમાં છે : મવ. અ. મજીદ હઝારવી રહ. ફરમાવે છે કે, હું દિલ્હીમાં મવ. નઝીર હુસૈન દહેલ્વી રહ. પાસે હદીસ પઢતો હતો એ દિવસોમાં બેચેન અને ગભરાયેલો જ રહેતો હતો. ખ્વાબમાં ચારે તરફ સુવ્વર ફરતા દેખાતા હતા. આખરે હું ત્યાંથી રવાના થઈને હઝરત મવલાના ફઝલુર્રહમાન ગંજ મુરાદાબાદી રહ.ની ખિદમતમાં આવ્યો અને મારી કેફિયત અને ખ્વાબો બતાવ્યાં. એમણે મારી તાલીમ વગેરે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પૂછીને જણાવ્યું કે ગંગોહ ખાતે મવલાના રશીદ અહમદ ગંગોહી રહ.ની ખિદમતમાં રહીને પઢો. ત્યાં હદીસનું ઈલ્મ વહેંચાય છે. હઝરત ગંજ મુરાદાબાદી રહ. ઘણીવાર સુધી મવલાના ગંગોહી રહ.ના વખાણ કરતા રહયા અને પછી ફરમાવ્યું કે તમે ગંગોહ જાઓ, મારા સલામ કહેજો અને બતાવી દેજો કે મને ફઝલુર્રહમાને આપની ખિદમતમાં મોકલ્યો છે. હું ગંગોહ પહોંચ્યો તો હઝરત ગંગોહી રહ. વુઝૂ માટે પાટલી ઉપર બેસીને મિસ્વાક કરી રહયા હતા. હું સલામ કરીને નજીક ગયો અને હઝ. ગંજ રહ.ના સલામ પહોંચાડીને અરજ કરી કે તેઓ આપના વિશે ઘણી તારીફ કરતા હતા અને એમના હુકમથી જ અહિંયા આવ્યો છું. હઝરત ગંગોહી રહ. કહેવા લાગ્યા કે, તેઓ પોતે કાબિલે તારીફ હસ્તી છે, એટલે અન્યોની પણ તારીફ કરે છે. બાકી મારો હાલ હું જ જાણું છું. મવ. અ. માજિદ ફરમાવતા કે મેં અહિંયા રહીને હદીસ શરીફ પઢવાનું શરૂ કર્યું તો બેચેની ખતમ થઈ ગઈ અને દિલનો સંતોષ વધતો રહયો. (૨/૩૨૦)

હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.

હઝરત નાનોત્વી રહ. આપના બાળપણના દોસ્ત હતા. બંને એક શેખના મુરીદ અને પરસ્પર નિખાલસ અને સહજ હતા. છતાં હઝરત નાનોત્વી રહ.ની નજરે હઝરત ગંગોહી રહ.નો મરતબો ઘણો ઊંચો હતો. હઝરત નાનોત્વી રહ. પોતાની કિતાબ 'હિદાયતુશ્શીઅહ'ની પ્રસ્તાવનામાં હઝરત ગંગોહી રહ.નો ઉલ્લેખ કરતાં લખે છે :

بندہ ہیچ مداں گمنام محمد قاسم نام، متخلص بخاکپائے علماء، ناظران اوراق کی خدمت میں عرض پرداز ہے کہ اواخر رجب ۱۲۸۳ھ بارہ سوتراسی ہجری میں، مخدوم العلماء، مطاع الفضلاء، مجمع الکمالات، منبع الحسنات، زیب طریقت، حامی شریعت، فخر احباب، افتخار اصحاب، ملجاء انام، معجز خاص و عام، معلم قوانین اطاعت و انقیاد، محرک سلسلہ رشد وارشاد، جامع کمالات ظاہری و باطنی، مخدمنا ومولانا مولوی رشید احمد گنگوہی دام رشدہ وارشادہ نے ایک خط متضمن بعضے خرافاتے شیعہ جو مولوی عمار علی صاحب کی طرف سے بنام میر

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

نادر علی صاحب ساکن کرتھل نواح الور تھا، اس ہیچ مداں کے پاس بایں غرض بھیجا کہ ان خرافات کے جوابات لکھ کر روانہ خدمت مولانا ممدوح کروں۔

હઝરત નાનોત્વી રહ.ના આ શબ્દો ૧૨૮૩ હિ. ૧૮૬૬ ઈ.ના છે. એના દસ વરસ પછીના એક પત્રમાં આપ રહ. હઝરત ગંગોહી રહ. વિશે લખે છે : અઝીઝે મન ! ન મેં ઈસ કાબિલ કે ખુદ કીસી કી રાહબરી કરું ઓર ન ઈસ કાબિલ કે કિસી રેહબર કો પેહચાનું ઓર દૂસરોં કો બતલાઉં. અલબત્તા દો ચાર બુઝુર્ગોં સે અકીદત હે. એક તો જનાબ હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ. દૂસરે શાહ અબ્દુલ ગની સાહબ, ઈન કે બાદ જનાબ મોલ્વી રશીદ અહમદ સાહબ ગંગોહી. ઈન બુઝુર્ગોં મેં સે જિસ કી મુહબ્બત મયસ્સર આ જાએ, ગનીમત જાનો ઓર અપને હિસ્સે કી તફ્તીશ મેં ન રહો.(૬,સફર ૧૨૯ હિ. નાનોતહ)

હઝ. મવલાના શાહ મુહમ્મદ હુસૈન ઇલાહાબાદી (૧૨૬૯ હિ.૧૩૨૨)

આપ હઝરત અકદસ હાજી સાહેબ રહ.ના ખાસ ખલીફા હતા. શરૂમાં મજલિસે નદવતુલ ઉલમાના સ્થાપકોમાં હતા. પાછળથી અલગ થઈને બરેલી શરીફ ચાલ્યા ગયા હતા. ઈલાહાબાદમાં ઉર્સ, મીલાદ, મેહફિલે મેઅરાજ વગેરે ધૂમધામથી મનાવતા હતા. 'સિમાઅ'ના હિમાયતી હતા. હજમાં ગયા તો કવ્વાલોને એમના અસબાબ સહિત સાથે લઈ ગયા હતા. આમ આ બધી બાબતોમાં તેઓ અને હઝરત ગંગોહી રહ. એકબીજાના વિરોધી હતા અને લોકોમાં પણ આ વિરોધ મશહૂર હતો. છતાં તેઓ હઝરત ગંગોહી રહ.ની મહાનતા અને ઉચ્ચતાને માનતા હતા. એમની સવાનેહમાં સંપાદકે એક કિસ્સો લખ્યો છે કે,

એક માણસ મોલ્વી સાહેબની ખિદમતમાં હાજર થયો અને તવહીદના મસ્અલા બાબતે ચર્ચા કરી. મવલાનાએ એને સંતોષજનક જવાબો આપ્યા તો એ ઘણો ખુશ થયો અને કહેવા લાગ્યો કે મવલાના ગંગોહી પાસે મને આ વાતો જાણવા ન મળી. આપ રહ.એ ફરમાવ્યું : મવલાના ગંગોહી રહ. ઘણા મોટા માણસ છે. એમના અંદર સહાબાની શાન છે. આ માણસ પછી હઝરત ગંગોહી રહ. પાસે પહોંચ્યો અને પૂરો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કિસ્સો સંભળાવ્યો. મવલાના ગંગોહી રહ.એ ફરમાવ્યું : મવલાના ઈલાહાબાદી રહ.ની વિનમ્રતા કહેવાય કે તેઓ આમ કહે છે. એમણે એમ કહેવું જોઈએ કે રશીદ અહમદ હજુ આ સ્થાને પહોંચ્યો નથી.

મવલાના ઈલાહાબાદી રહ. એ એક પત્ર હઝરત મવલાના અશરફ અલી થાનવી રહ.ને લખ્યો હતો. એમાં તેઓ લખે છે :

આપ લોગ (હઝરત ગંગોહી વ થાનવી) બડે આલી હિંમત બુલંદ હોસલા હૈં. દોલતે દારૈન કે સરમાયાદાર. જો કામ કરના ચાહતે હૈં તાઈદે એઝદી રફીક હોતી હે. હર કામ બખૈર વ ખૂબી અંજામ પાતે હૈં. હમ નિકમ્મે, હમારે કામ નિકમ્મે, જિસ કામ કા ઈરાદહ કિયા કભી અંજામ કો ન પહોંચા. અગર કુછ સરમાયા હે ભી તો નાકામી. કમાઈ હે તો મઅસિયત. બકાએ અસર કે લિયે કુછ ઝરીયા હે તો રૂસિયાહી ઓર શામતે આમાલ. (બાકીયાતે ફતાવાઃ ૧૦૦)

તઝકિરતુર્રશીદમાં એમનો બીજો કિસ્સો પણ છે કે,

મુન્શી મુહમ્મદ ખુસરો સાહેબ ભાગલપૂરી રહ. ફરમાવે છે કે હું જયારે મક્કા શરીફ ગયો હતો તો એ દિવસોમાં મોલ્વી મુહમ્મદ હુસૈન સાહેબ મરહૂમ ઈલાહાબાદી પણ ત્યાં હતા. એક દિવસ હઝરત ગંગોહી રહ.નો ઉલ્લેખ થયો તો મેં કહયું કે 'ઈમ્કાને કિઝબ'ના મસ્અલામાં અમુક મોલ્વીઓએ હઝરત રહ.ને કાફિર કરાર દીધા છે. તમે આ બાબતે શું કહો છો ? મોલ્વી મુહમ્મદ હુસૈન સાહેબે જવાબ આપ્યો કે મોટી ભૂલ છે. જયારે આવા મોટા બુઝુર્ગોને જ કાફિર કહેવામાં આવશે તો પછી મુસલમાન કોણ રહેશે ? (૨/૩૨૩)

હઝરત મવલાના દીદાર અલી અલવરી રહ. ૧૨૭૩-૧૩૫૪)

મવલાના દીદાર અલી રહ. મશહૂર આલિમ અને ફકીહ હતા. હઝ મવલાના અહમદ અલી સહારનપૂરી રહ. અને હઝરત મવલાના ફઝલુર્રહમાન ગંજ મુરાદાબાદી રહ. પાસે હદીસ પઢી હતી અને નકશબંદી સિલસિલામાં હઝ. ગંજ મુરાદાબાદી રહ.ના ખલીફા પણ હતા. બરેલ્વી મસ્લકના ઉલમામાં આપનું મોટું સ્થાન હતું. મવલાના

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અહમદ રઝાખાન બરેલ્વી સાહેબ પણ એમને હિંદુસ્તાનના મોટા ફકીહ અને ફિકહમાં પોતાના મુરબ્બી માનતા હતા.

હઝરત ગંગોહી રહ. પ્રત્યે મવલાના અલ્વરી રહ.ને ભારે અકીદત હતી. હઝરત ગંગોહી રહ.ના નામે એમના અનેક પત્રો છે અને એ પત્રોની શરૂઆતમાં હઝરત ગંગોહી રહ. પ્રત્યે ભારોભાર અકીદત દર્શાવતા શબ્દોનું સંબોધન છે. જેમ કે,

◆ عالی خدمت، فیض موہبت، مولانا معظمنا، رافع السنۃ قامع البدعۃ، مولوی رشید احمد صاحب ادام اللہ رشدہ

◆ عالی خدمت فیض موہبت، حضور مجمع النور، رافع السنۃ، قامع البدعۃ، مصدر خیر و برکت، مولانا و مرشدنا مولوی رشید احمد صاحب گنگوہی ادام اللہ رشدہ

◆ عالی خدمت قدوۃ العلماء، زبدۃ الاصفیاء، مولانا مرشدنا، مولانا رشید احمد صاحب سلمہ اللہ

મવલાના નકી અલી બરેલ્વી સાહેબ

બાકીયાતે ફતાવા રશીદીયહમાં છે કે એક સમયે તો ફાઝિલે બરેલ્વી અલ્લામહ અહમદ રઝા ખાન સાહેબના વાલિદ મોલ્વી નકી અલી સાહેબ પણ હઝરત મવલાના ગંગોહી રહ. અને હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ.ના નિયાઝમંદ, અકીદતમંદ અને પ્રસંશક હતા અને આ બંને બુઝુર્ગોને મોટા આલિમ અને સાચા મોમિન કહેતા હતા.

નોંધ : પાછળથી આ સ્થિતિ રહી ન હતી. અને અલ્લામહ અહમદ રઝા કે એમના સંબંધી બધા જ લોકો ઉલમાએ દેવબંદ બાબતે નકારાત્મક વાતો કરવા લાગ્યા હતા. મવ. નકી અલી સાહેબનું ઉપરોકત કથન એમની કિતાબ તોહફતુલ મુકલ્લિદીનમાં એમણે લખ્યું છે. આ કિતાબ હવે મળતી નથી અને બરેલ્વી ઉલમા બલકે અલ્લામા અહમદ રઝા સાહેબ પણ એમના વાલિદની આવી કોઈ કિતાબ હોવાનો ઘરાર ઈન્કાર કરે છે.

હઝરત મવલાના અ.હય હસની રહ.

હઝ. મવ. હસની રહ. મશહૂર વિદ્વાન, આલિમ અને ઈતિહાસકાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

છે. હઝરત મવલાના અબુલ હસન અલી મીયાં રહ.ના વાલિદ અને નદવતુલ ઉલમાના પૂર્વ નાઝિમ છે. ભારતીય ઉપખંડના મુસ્લિમ વિદ્વાનોના સૌથી મોટા જાણકાર એમને કહી શકાય. હઝારો પેજના એમના દળદાર પુસ્તક 'નુઝહતુલ ખવાતિર'માં પાંચ હઝાર ઉલમાનો પરિચય આપવામાં આવ્યો છે. એમણે નુઝહતુલ ખવાતિરમાં વિસ્તાર પૂર્વક હઝરત ગંગોહી રહ. વિશે લખ્યું છે, દિલ્હી અને આસપાસના વિસ્તારોની એક સફર પછી એમણે લખેલ સફરનામામાં તેમણે હઝરત ગંગોહી રહ.ની મજલિસ અને સોબતનું વર્ણન, દર્સ અને તકરીરની વિગત, વ્યકિતગત કાબેલિયતો અને ઉચ્ચતાઓનો ઉલ્લેખ, તકવા, પરહેઝગારી, દઢતા, સુન્નતે નબવીનું અનુસરણ, વગેરે બધી જ બાબતો વિશે વિસ્તારથી લખ્યું છે, અને છેલ્લે તેઓ લખે છે :

ઈસ મેં શક નહીં કે, મોલ્વી સાહબ બકીય્યતુસ્સલફ હે. ઉન કા વજૂદ મુગ્તનમાત મેં સે (ગનીમત કી ચીઝ) હે. ઈસ તવર્રુઅ ઓર ઈસ્તેકામત કા દૂસરા શેખ, ઉન કે સિવા ઈસ ઝમાનએ આલમ આશોબ મેં નજર નહીં આતા. ઈલ્મે ઈલાહી મેં જો કોઈ હો, ઉસ કી ખબર નહીં. મોલ્વી સાહબ કે અવસાફ મેં સબ સે બડા વસ્ફ તવર્રુઅ (તકવા) હે, જો તમામ અવસાફ કો શામિલ હે. કફ્ફે લિસાન ઓર સિદકે ગુફતાર મેં મોલ્વી સાહબ ઝર્બુલ મષલ હૈં.

અને નુઝહતુલ ખવાતિરમાં એમણે લખ્યું છે કે,

એમને અલ્લાહ તઆલાએ એવા શાગિર્દો આપ્યા છે કે આ ઝમાનામાં દીન ઉપર અડગતા, શરીઅતની રોશન રાહના અનુસરણ, ઈલ્મે નાફેઅના પ્રચાર – પ્રસાર, નબવી સુન્નતોને જીવંત કરવા અને મુસલમાનોની સુધારણા માટે મહેનત કરવા... બાબતે આ શાગિર્દો જેવું બીજું કોઈ નથી. આ શાગિર્દોથી એટલા બધા લોકોએ ફાયદો ઉઠાવ્યો છે કે એની ગણતરી પણ શકય નથી. (બાકીયાત : ૭૯)

હઝરત અલ્લામહ અનવરશાહ કશ્મીરી રહ.

હઝરત ગંગોહી રહ.ની ફિકહ અને હદીસમાં કાબેલિયત તેમજ ગાઢ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

– ઊંડા ઈલ્મની ગવાહી આપતાં હઝરત અલ્લામહ કશ્મીરી રહ.એ કાદીયાનીઓ વિશેના એક કેસમાં બહાવલપૂર ખાતે ગવાહી આપતાં અદાલતમાં કહયું હતું :

અમારા મતે શાહ અબ્દુલ અઝીઝ રહ.નું સ્થાન અલ્લામ શામી કરતાં વધારે મોટા ફકીહ હોવાનું છે. અને હઝરત ગંગોહી રહ. પણ અમારા મતે અલ્લામહ શામી કરતાં વધારે ફકીહુન્નફસ છે.

પછી આ જ વાત અલ્લામહ કશ્મીરી રહ.એ હઝરત ગંગોહી રહ. વિશે લખેલા અશ્આરમાં પણ વર્ણવી છે. (બાકીયાત : ૮૧)

હઝરત ફકીહુલ ઉમ્મત મુફતી મહમૂદ હસન રહ. ફરમાવતા કે હઝરત નાનોત્વી રહ. તો હઝરત ગંગોહી રહ.ને પોતાના દોરના ઈમામ અબૂહનીફહ કહેતા હતા. અને હઝરત અલ્લામહ અનવર શાહ કશ્મીરી રહ. ફરમાવતા કે આજથી એક સદી પૂર્વે સુધી હઝરત ગંગોહી રહ. જેવી કોઈ ફકીહુન્નફસ હસ્તી ઉલમાની જમાઅતમાં દેખાતી નથી. હઝરત અલ્લામહ કશ્મીરી રહ.ના મુખે ફકીહુન્નફસનો લકબ કાં તો ઈબ્ને નુજૈમ રહ. વિશે સાંભળ્યો છે કાં હઝરત ગંગોહી રહ. વિશે. અને હઝરત કશ્મીરી રહ. ઈબ્ને આબેદીન શામી રહ.ના સમુદ્ર જેવા ઊંડા ઈલ્મનો એકરાર કરતા હતા પણ એમને ફકીહુન્નફસ ગણતા ન હતા. (હયાતે રશીદ. સંપાદક : હઝ. મવ. મુફતી ફારૂક મેરઠી રહ.)

પૂરો તવક્કુલ અને દુનિયા ત્યાગ

તઝકિરતુર્રશીદમાં છે કે તાલીમ પૂરી થયા પછી શરૂમાં આપ રહ.એ અમુક મહીના છોકરાઓને પઢાવવાની ખિદમત – નોકરી કરી હતી. જેનો અસલ મકસદ રોજીની ફિકર હતી. અને એમાં પણ એક રીતે ઈત્તેબાએ સુન્નત એ રીતે હતી કે અંબિયાએ કિરામ રહ.એ એમના શરૂ જીવનમાં બકરીઓ ચરાવી હતી એનું કંઈક અનુસરણ થઈ જાય અને પાછળથી આવનાર જવાબદારી એટલે કે અલ્લાહની મખ્લૂકની સુધારણા અને તઅલીમની નિગરાની માટે જરૂરી સબ્ર – ધીરજ વગેરેની આદત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

પડી જાય. અને પછી જયારે આપ રહ.એ લોકોને બયઅત કરીને સુલૂક વ ઈસ્લાહે નફસના મકસદે ખાનકાહ શરૂ કરી તો રોજી કે કમાણીના બધા જ અસબાબ સદંતર છોડી દીધા. હવે આપને આ પસંદ ન હતું કે ખુદા અને રસૂલના દીનની ખિદમત છોડીને એક ઘડી માટે પણ કોઈ બીજું કામ કરવામાં આવે. આપ રહ.ને યકીન હતું કે જે માણસ ખુદાને તાબે થઈને એના દીનની ખિદમતમાં મશગૂલ થશે તો અલ્લાહ તઆલા એની જરૂરતો જરૂર પૂરી કરશે. આપ રહ.નું આ તવક્કુલ અને યકીન એટલું મજબૂત હતું કે ત્યાર પછી આપ રહ. ઉપર તંગી – ગરીબીના ભારે દિવસો આવ્યા. ફાકા અને ભૂખ્યા રહેવાના દિવસો આવ્યા, પણ આપ રહ. અડગ રહયા અને પોતાની જરૂરત માટે ખુદાના દરવાજા સિવાય કોઈ બીજા દરવાજે હાથ ફેલાવ્યા નહીં. આપ રહ.ને એ પણ પસંદ ન હતું કે કોઈને આપ રહ.ની ગરીબી કે તંગીની ખબર પડે એટલે કોઈનાથી કરજ લેતા ન હતા. (૧૯૦)

એકવાર અમુક વિરોધીઓએ સરકારને આપ રહ. વિશે ખોટી શિકાયતો કરી. પરિણામે એક સરકારી અફસર આપ રહ. વિશે તપાસ કરવા ગંગોહ આપ રહ.ની ખાનકાહમાં આવ્યો. જયારે આપ રહ.એ દર્સ પૂરો કર્યો તો આપ રહ.ને આવક વિશે પૂછપરછ કરવા લાગ્યો. આપ રહ.એ ફરમાવ્યું કે મારી આવકનું સાધન તવક્કુલ છે. એને કંઈ ખબર ન પડી કે તવક્કુલ શું છે અને એનાથી કેવી રીતે આવક થાય છે ? એ આવક – કમાણીની રીતો બતાવવા માંડયો કે ખેતી કરો છો ? વેપાર કરો છો ? જમીનદાર છો ? કોઈની નોકરી કરો છો ? કોઈ પગાર મોકલે છે ? કોઈ ધંધો કે હુનર જાણો છો ? બધા જ સવાલો પર આપ રહ. નકારમાં જવાબ આપતા હતા. આખરે એણે પૂછયું કે પછી ખાવા કયાંથી ખાવ છો અને એના માટે શું કરો છો ? તો આપ રહ.એ ફરમાવ્યું કે બધું ગૈબના ખઝાનાથી આવે છે અને હું તવક્કુલ કરું છું. અંતે એ માથું નમાવીને કેટલીયે વાર સુધી વિચારતો રહયો પછી ગજવામાંથી ૨૦ની નોટ કાઢીને આપની સેવામાં ધરી દીધી અને પરત ફરવા ઉઠયો. આપ રહ.એ એ રૂપિયા લઈ લીધા અને ફરમાવ્યું કે આનું નામ જ તવક્કુલ છે અને આ જ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

મારી આવકનું સાધન છે.

એકવાર અફગાનિસ્તાનના બાદશાહ હબીબુલ્લાહ ખાને પેશાવર ખાતેના એમના વ્યાપાર એલચી મારફત પાંચ હઝાર રૂપિયા આપની સેવામાં હદિયો મોકલ્યા. આ એલચી સહારનપૂરથી ગંગોહ સુધી કાચા રસ્તે આવવાની મુસીબત વેઠીને પોતે ગંગોહ આવ્યા. બાદશાહનો તોહફો લઈને આપ રહ.ની ખિદમતમાં હાજર થયા તો આપ રહ.એ બાદશાહની આ નઝર – હદિયો સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો. બલકે એલચીને ખાનકાહમાં રોકાવાની પરવાનગી પણ આપી નહીં. હા, એ જે શાહી ફરમાન લઈને આવ્યા હતા, એ પઢાવ્યું અને શાંતિથી સાંભળ્યું. એમાં લખ્યું હતું કે પાંચ હઝાર રૂપિયા આપની ખિદમતમાં મોકલી રહયો છું. હવેથી આટલી રકમ દર વરસે આસ્તાના પર મોકલતો રહીશ. એને કુબૂલ ફરમાવશો અને બદલો એનો ફકત દુઆ છે.

હદિયો સ્વીકારવાનો ઈન્કાર કરવો તો આ લોકો માટે કોઈ મોટી વાત ન હતી, હઝરત ગંગોહી રહ.ના તવક્કુલ મુજબ લોકોને એમાં કોઈ નવાઈ ઉપજી નહીં, પણ શાહી એલચીને ખાનકાહમાં રોકાવાની પણ આપ રહ.એ પરવાનગી આપી નહીં, એ બાબતે ઘણા ખાદિમોને રંજ અને તાજજુબ થયો પણ હઝરત રહ.ના ફેસલાઓના ભેદ – ભરમ હઝરત જ વધારે જાણતા હશે, અલબત્ત એટલું સમજમાં આવે છે કે હદિયો કુબૂલ કરવાથી કે એલચીને ખાનકાહમાં મુકામ આપવામાં આ શકયતા હતી કે કોઈ અંગ્રેજ સરકારને ઉશ્કેરીને બગાવતનો આરોપ લગાવે. એકવાર આવો આરોપ કોઈ લગાવી દે તો પછી કોઈ એવું નહીં વિચારે કે દુનિયાના એક બાદશાહ તરફથી દીની બાદશાહ સાથેનો આ નિખાલસ સંબંધ છે. આમ આ જાહેરી સંબંધ પરેશાની પેદા કરી દે અને ખાનકાહી તરબિયત અને દીની તઅલીમના કામોમાં કંઈ રુકાવટ જરૂર આવી જાત. પાછળથી આપ રહ.એ અમુક ખાદિમો સમક્ષ ફરમાવ્યું કે, ઈસ્લામ અને ઈસ્લામી હાકેમ હોવાથી શાહે અફગાનિસ્તાન સાથે જે દિલી સંબંધ હોવો જોઈએ એ તો છે જ, પણ બાદશાહની નઝર કુબૂલ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કરવામાં મોટું નુકસાન થવાનો ભય હતો. હું તો મુસીબતો ભોગવી ચુકયો છું, પણ મારી આસપાસના લોકો બાબતે શંકાઓ કરવામાં આવત અને તેઓ મુસીબતમાં પડત. એલચી બીજા દિવસે પાછા ફરતી વેળા ફરીવાર ખાનકાહમાં રૂખસતી સલામ કરવા આવ્યા તો દરખાસ્ત કરી કે અમીર મારી આ વાત ઉપર યકીન નહીં કરે કે આપ સાહેબે બાદશાહની નઝર સ્વીકારી નથી. તે તો એમ જ સમજશે કે ઘરે બેઠા આ બહાનું ઉપજાવી કાઢયું છે, માટે આપ સાહેબ મને લખી આપો કે હું આપની ખિદમતમાં નઝર લઈને હાજર થયો હતો. નહીંતર મારી નોકરી જતી રહેવાની પણ શકયતા છે. આ દરખાસ્ત પછી આપ રહ.એ બાદશાહના ફરમાનનો જવાબ ફારસી ભાષામાં લખાવીને આપ્યો. એમાં લખ્યું હતું કે ઈસ્લામી હેસિયતથી મને તમારાથી લગાવ છે. અને મારું દિલ હમેંશા તમને દુઆ આપે છે. વિશેષ કરીને આજના સંજોગોમાં આપના તરફથી ઈસ્લામ પ્રત્યેનો લગાવ અને ઈલ્મની કદર વિશેના સમાચારો જાણી હું ઘણો ખુશ છું. અલ્લાહ તઆલા બરકત અતા ફરમાવે. તમારી નઝર – ભેટ પહોંચી હતી પણ હું હવે ઘરડો થઈ ગયો છું અને અલ્લાહ તઆલાએ મને ઘણું આપ્યું છે, વધારે ભેગું કરીને હું શું કરીશ ? એટલે પાછી મોકલાવું છું. બીજી કોઈ યોગ્ય જગ્યાએ વાપરશો અને વિશ્વાસ રાખજો કે હું તમારા માટે દુઆ કરું છું. (તઝકિરતુર્રશીદ : ૨–૧૭૨)

તઝકિરતુર્રશીદમાં છે કે આપ રહ.એ ફરમાવ્યું કે,

એકવાર હું મક્ક શરીફ ગયો હતો. ત્યાં એક દરવેશ હતા, સય્યિદ કાસિમ નકશબંદી રહ. મક્કાવાસીઓ એમના ઘણા અકીદતમંદ હતા. એક માણસ એમની સામે નકશબંદી બુઝુર્ગોનું અપમાન કરતા રહેતા હતા. તેઓ સબ્ર – સહન કરી લેતા હતા. એક દિવસ એમણે ગુસ્સામાં આવીને એ માણસ ઉપર તવજ્જોહ નાંખી તો એ માણસ તરફડવા લાગ્યો. કાબા શરીફના ખાદિમોએ એને તડપતો જોયો તો એમને થયું કે આ માણસ હવે મરી જશે એટલે એને લારી ઉપર મુકીને એના ઘરે મુકી આવ્યા. આઠ દિવસ સુધી એ માણસ તડપતો રહયો. આખર એની માં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એ આવીને સય્યિદ સાહેબને કાલાવાલા કરીને રાજી કર્યા તો આપ રહ.એ પાણી પઢીને આપ્યું અને ફરમાવ્યું કે તારા ઘડપણની દયા આવે છે, નહીંતર મરતાં સુધી હું કદી ન હટાવત. પછી હઝરત ગંગોહી રહ.એ ફરમાવ્યું કે હાજી સાહેબ રહ.એ પણ મારી સામે એ સય્યિદ સાહેબના વખાણ કર્યા. એટલે હું પણ એમને મળવા ગયો. ઘણા જ ખુશ થયા અને ફરમાવ્યું કે માણસને હલાલ રોઝીની મોટી જરૂરત રહે છે, પણ આ ઝમાનામાં હલાલ રોઝી મળવી હવે અઘરું થઈ ગયું છે. હું તો કોઈનાથી કંઈ લેતો નથી. પોતે જ સોનું બનાવી લઉં છું. તમે પણ મારાથી શીખી લ્યો. મેં ઘણો ઈન્કાર કર્યો પણ તેઓ આગ્રહ કરતા રહયા. અંતે મેં એમને કહયું કે હઝરત ! હમણાં તો એટલો સમય નથી કે તમે મારી સામે સોનું બનાવો અને હું જોઈને શીખું. અને આ પણ સારું નથી લાગતું કે હજના ઈરાદે આવું અને પછી સોનું બનાવું. તમને આગ્રહ છે તો નુસ્ખો લખી આપો, એટલે પછી એમણે નુસ્ખો લખી દીધો અને ફરમાવ્યું કે કંઈક ભૂલી જાઓ તો મને ફરીથી પૂછી લેશો. મેં આવીને હઝરત હાજી સાહેબ રહ.ને બધી વિગત દર્શાવી તો ફરમાવ્યું : તમે હરગિઝ સોનું બનાવશો નહીં. બલકે એ નુસ્ખો પણ ભૂલી જાઓ કેમ કે એનાથી તવક્કુલ નહીં રહે. મેં એમ જ કર્યું. એ વેળા તો નુસ્ખો બેગમાં મૂકી દીધો અને એમ વિચાર્યું કે અમારા દોસ્ત હકીમજીએ કહયું હતું કે અમારા માટે કંઈ લેતા આવજો. બસ આ તોહફો એમના માટે સારો રહેશે. પછી જયારે વતન આવ્યો અને હકીમ સાહેબ મળવા આવ્યા તો કાગળનો એક ટુકડો એમને આપી દીધો અને હું પોતે એને બિલ્કુલ ભૂલી ગયો. પછી ફરમાવ્યું કે, ભાઈ, અલ્હમ્દુલિલ્લાહ.. મારી કોઈ જરૂરત બાકી નથી રહેતી.

એકવાર ફરમાવ્યું કે અમારા મુરશિદ હઝરત અકદસ હાજી સાહેબ રહ. એકવાર ગંગોહ આવ્યા હતા. મારી દીકરીની ઉમર લગભગ ત્રણેક વરસની હતી. હઝરત રહ.એ એના હાથમાં પાંચ રૂપિયા મીઠાઈ માટે આપ્યા. દીકરીએ રૂપિયા લઈને હાજી સાહેબ રહ.ના કદમોમાં મૂકી દીધા. હાજી સાહેબ રહ.એ ફરીવાર આપ્યા તો ફરી એમ જ કર્યું. હઝરત

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ.એ ઘણી જ સમજાવી – પટાવી કે તું મારી દીકરી છે, લઈ લે. પણ એ માની નહીં. છેલ્લે હઝરતે ફરમાવ્યું કે, આખર ફકીરની છોકરી ફકીર જ હોય ને. પછી એના માટે દુઆ ફરમાવી કે, આ દીકરીના નસીબ સારાં છે. એણે તંગી નહીં જોવી પડે. અને નેક – પરહેઝગાર અવલાદ થશે.

મલ્ફૂઝાત અને કિસ્સાઓ

• એકવાર કોઈકે પૂછયું કે હઝરત ! આપ ફરમાવો છો કે કોઈ માણસ હરપળ અલ્લાહને યાદ કરતો રહે તો કાફી છે. શું એના માટે બીજું કંઈ જરૂરી નથી ? આપ રહ.એ જવાબ આપ્યો : શરીઅતની ફરજો અને સુન્નતે મુઅક્કદહ કામો કરવા જરૂરી છે. કેમ કે, અલ્લાહ તઆલાનો ઝિક્ર કરવો જ જિંદગીમાં ફાયદાની વસ્તુ છે. એ સિવાય બધું નુકસાન જ નુકસાન છે. કોઈનું ઝિક્રમાં દિલ ન લાગે તો ભલે, ઝબાનથી જ કરતો રહે. એ પણ ફાયદાથી ખાલી નથી.

• ભાઈ ! આપણે તો અલ્લાહ તઆલાએ આપેલ એક કટોરા પાણીનો પણ શુક્ર અદા નથી કરી શકતા. હઝારો વરસની ઈબાદત પણ એની સામે સસ્તી છે. હઝારો ઈનામ અને લાખો એહસાનોનો બદલો કેવી રીતે આપી શકીએ ? અલ્લાહ તઆલાએ પહેલેથી આપેલ નેઅમતોનો હિસાબ કોઈ માણસ આપી દે, તો પછી વધારે નેઅમતોનો હક માંગી શકે !

• મદરસો આપણો મકસદ નથી. અલ્લાહની રઝામંદી આપણો મકસદ છે. અને કાબેલ ન હોય એવા માણસને મદરસાનો મેમ્બર બનાવવો ગુનાનું કામ છે. એ અલ્લાહની મરજી વિરુદ્ધ છે. માટે આપણે પોતાના મરજીથી આવું કામ ન કરી શકીએ.

• કોઈ માણસ ચંદા કરવા માટે જરૂરતની વસ્તુઓની લાંબી યાદી લઈને આવતો તો આપ ફરમાવતા : ભાઈ ! શા માટે લોકોની પાછળ પડયા છો ? મસ્જિદ – મદરસો જ બનાવવો છે ને. કાચી દીવારોનો જ બનાવી લ્યો ને. એ માણસ જવાબમાં એમ કહેતો કે હઝરત ! કાચી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

દીવારો પડી જશે. તો ફરમાવતા કે પાકી દીવારો પણ આખર એક દિવસ પડી જશે. જયારે દીવારો પડી જશે તો બીજો કોઈ બનાવી દેશે. તમે કયામત સુધીનો બંદોબસ્ત કરવાની ફિકરમાં શા માટે છો ?

• જે માણસ શરીઅતને તાબે રહીને ચાલતો હોય, ચાહે એના દિલમાં નૂર ન હોય, તો આ માણસ એવા માણસ કરતાં બેહતર છે જેના દિલમાં નૂર લાગતું હોય પણ એ શરીઅત વિરુદ્ધ કામો કરતો હોય.

• અલ્લાહ તઆલા જેટલી તોફીક આપે એટલું કરતા રહો. હિમ્મત ન હારો. દિલમાં અસર ન થાય તો ભલે. ઝબાનથી ઝિક્ર થવો પણ ઓછો નફો નથી. ઝબાન અલ્લાહની યાદના કારણે દોઝખના અઝાબથી બચી જશે તો દિલ પણ બચી જશે.

• એકવાર કોઈકે અરજ કરી કે ઝિક્રમાં ઊંઘ આવી જાય છે. આપ રહ.એ ફરમાવ્યું : તો તકિયો માથા નીચે મુકીને સૂઈ જાઓ. મશાઈખની શાન નિરાલી હોય છે. પછી જયારે ઊંઘ પૂરી થઈ જાય ત્યારે ઝિક્ર શરૂ કરી દેવો.

• માણસ ગમે તેવો પરહેઝગાર કેમ ન હોય, કેટલાયે કશ્ફ અને કરામતો એનાથી જાહેર થતી હોય, લોકોના દિલોની વાત જાણી લેતો હોય, પણ જો એના દિલમાં અભિમાન–તકબ્બુર હોય તો સમજો કે એને કંઈ નથી આવડતું.

• એકવાર કોઈ ખાદિમે 'તસવ્વુરે શેખ' વિશે પૂછયું તો ફરમાવ્યું કે, ખ્યાલ – તસવ્વુર બે પ્રકારના હોય છે. પોતે જ કોઈ વસ્તુનો ખ્યાલ આવે, જેમ કે અવલાદનો ખ્યાલ માણસને આવતો જ રહે છે. આવી જ રીતે મુહબ્બતના કારણે પીરનો ખ્યાલ આવતો રહે તો કોઈ વાંધો નથી. બીજો પ્રકાર આ છે કે કોઈ વસ્તુની કલ્પના કરીને એમાં ખોવાય, એની કોઈ જરૂરત નથી.

• એકવાર એક કિસ્સો વર્ણવતા ફરમાવ્યું કે, એક માણસે કોઈ બીજાને પૂછયું કે, તારો કોઈ પીર છે ? એણે કહયું કે હા, મારા પીર તો ઘણા છે. પણ એ બધામાં બે પીર અસલી છે. એક પોપટ અને બીજો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સિપાહી. આમ એટલા માટે કહું છું કે, મારા મહોલ્લામાં એક સિપાહી રહેતો હતો. રોજ સવારે વહેલો ઉઠતો, હાથ મોં ધોઈને વર્દી પહેરતો અને બાદશાહને ત્યાં નોકરીએ ચાલ્યો જતો રહેતો. હું એને રોજ આમ જ જોતો હતો. આખર એક દિવસ મને ખ્યાલ આવ્યો કે જો એક દિવસ આ નોકરીએ ન જાય તો બાદશાહ એને નોકરીએથી છુટો કરી દેશે. આ જ રીતે તું પણ જો એક દિવસ પણ પોતાના માલિક એક અલ્લાહની યાદથી ગાફેલ રહીશ તો એ માલિક તને સિપાઈની જેમ છુટો કરી દેશે. બસ એ દિવસથી હું અલ્લાહના ઝિક્રમાં મશ્ગૂલ છું. કોઈ દિવસ છોડતો નથી.

અને પોપટ એવી રીતે પીર બન્યો છે કે મારા મહોલ્લામાં એક પાડોશીએ પોપટ પાળ્યો હતો. મીઠી મીઠી વાતો કરતો હતો. એની મીઠી બોલી ઉપર લોકો ફિદા થઈ જતા હતા. એક દિવસ એવું થયું કે એક બિલાડીએ એને પકડી લીધો. જેવો બિલાડીનો પંજો એના ઉપર પડયો કે એ ટેં ટેં કરવા માંડયો. એના સિવાય એને કંઈ યાદ ન રહયું. બધી બોલીઓ અને લોકોને ખુશ કરતી વાતો એ ભૂલી ગયો. હું આ બધું જોઈ રહયો હતો એવામાં મને વિચાર આવ્યો કે માણસ જયારે મોતના પંજાનો શિકાર થાય છે તો આવી જ રીતે બધું ભૂલી જશે. ફકત પોતાની અસલી હાલત અને અસલી બોલી જ એને યાદ રહેશે. એટલે ત્યારથી હું બધું છોડીને અલ્લાહની યાદમાં મશ્ગૂલ થઈ ગયો છું. જેથી મરતી વેળા અલ્લાહ અલ્લાહ સિવાય બીજું કંઈ યાદ ન આવે. પછી હઝરત રહ.એ ફરમાવ્યું : અલ્લાહનો ઝિક્ર એટલા માટે જ કરતા રહેવાનો છે કે મરતી વેળા મોંઢેથી અલ્લાહનું જ નામ નીકળે.

• એક દિવસ મવલાના સય્યિદ હુસૈન અહમદ મદની સાહેબ રહ.ને સંબોધીને ફરમાવ્યું કે મોલ્વી સય્યિદ ! તમે મદીના શરીફ છોડીને ચાય પીવડાવવા અહિંયા નથી આવ્યા. જે કામ માટે આવ્યા છો એ કરો. બેકારના ઝઘડાઓમાં પોતાનો સમય બગાડવો સારું નથી. પછી હઝરત રહ.એ એક કિસ્સો સંભળાવ્યો : એક દિવસ બાબા ફરીદ રહ. વાળ કપાવી રહયા હતા. અચાનક અલ્લાહ અલ્લાહ કરવા માંડયા. હજામે

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કહયું કે હઝરત ! થોડી વાર અલ્લાહ અલ્લાહ કરવાનું બંધ રાખો. કયાંક હોંટ કપાય જશે. બાબા ફરીદ રહ.એ જવાબ આપ્યો કે હું હોંટ કપાય જવા ઉપર સબ્ર કરી શકું છું પણ ઝિક્ર છોડીને ચુપ રહેવા ઉપર સબ્ર નથી કરી શકતો.

• એકવાર મુન્શી સાહેબે પૂછયું કે, હઝરત ! બયઅત કયા ગુનાહોથી તૂટી જાય છે ? આપ રહ.એ જવાબ આપ્યો કે હદીસ શરીફમાં આવે છે કે માણસને જેનાથી મહોબ્બત હોય એની સાથે ગણાય છે. માટે જયાં સુધી પોતાના મહબૂબને તાબે રહે એટલે કે એની વાતો માનતો રહે, બયઅત બાકી રહેશે અને જયારે મહબૂબના વિરુદ્ધ કરશે, બયઅત તૂટી જશે.

બીજી જે વસ્તુથી બયઅત તૂટી જાય છે, એ કબીરહ ગુનાહોની આદત છે. માણસ એક ગુનો કરે અને રોકવા છતાં વારંવાર એ ગુનો કરતો રહે તો એનાથી બયઅત તૂટી જાય છે. આ પણ એક રીતે પહેલી વાતનો જ એક ભાગ છે. આજકાલ જે પીરી મુરીદી હોય છે, એમાં તો પીર કે મુરીદ ગમે તેવા કામો કરે, બલકે બંને વચ્ચે ખાસડાં ઉછળે તો પણ બયઅત બાકી રહે છે, આ માનવામાં આવે એવી વાત નથી.

• એકવાર ફરમાવ્યું કે, અમુક લોકો આવીને કહે છે કે અમારા ઉપર એક નજર નાંખીને અમને ઊંચા મરતબાએ પહોંચાડી દયો. અમારાથી મહેનત થશે નહીં. અને પછી આ વિશે બુઝુર્ગોના અમુક કિસ્સા પણ વર્ણવે છે. આવા લોકોનું ઉદાહરણ આ છે કે એક માણસ જંગલમાં જતો હતો, અચાનક એને ઠોકર વાગી અને પડી ગયો. ઉઠીને ત્યાં જોયું તો સોનામહોર ભરેલો એક ઘડો એને મળી આવ્યો. આ ઘટના સાંભળીને કોઈ માણસ જંગલમાં જઈને ઠોકરો ખાઈને પડતો ઉઠતો રહે અને વિચારે કે મને ખઝાનો મળી આવશે, તો શું એને ખઝાનો મળશે ?

• એકવાર મુન્શી સાહેબે પૂછયું કે કુરઆન શરીફ વુઝૂ વગર પઢવામાં ખચકાટ થાય છે. અને આખો સમય વુઝૂ સાથે રહેવાતું નથી. હઝરત રહ.એ જવાબ આપ્યો કે હાથના બદલે કોઈ બીજી વસ્તુથી પાના ફેરવવાનું રાખો. અને મોટું કુરઆન રાખો. નાનું કુરઆન રાખવું તો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એમેય મકરૂહ છે. પછી ફરમાવ્યું કે, હિંદન નામની એક નદી છે. શાહ અ.રહીમ દહેલ્વી રહ.ના મદરસા પાસેથી વહેતી હતી. એકવાર એ નદીનો કિનારો ધોવાયને પાણીમાં પડી ગયો. એમાંથી એક લાશ બિલકુલ સલામત નીકળી, પણ એનું કફન મેલું હતું. લાશ ત્યાંથી વહીને પાણીમાં જઈને અટકી ગઈ. થોડીવારે વધારે જમીન ધોવાયને પડી ગઈ. એમાંથી બીજી લાશ નીકળી. એનું કફન બિલકુલ સાફ હતું. કોઈ ઘબ્બો પણ ન હતો. આ લાશ પહેલી લાશ પાસે પાણીમાં પહોંચી તો બંને લાશો આગળ વહેવા માંડી. જેમ એક માણસ બીજાની રાહ જોતો હોય અને પછી બંને સાથે રવાના થઈ જાય. લોકોએ આ લાશો વિશે તપાસ કરી તો એક ઘરડી ઓરતે બતાવ્યું કે આ બંને માણસો કુરઆનના હાફેજ હતા. પછી હઝરત ગંગોહી રહ. કહેવા લાગ્યા કે મારું ગુમાન છે કે જેનું કફન સાફ હતું એ વુઝૂ સાથે તિલાવત કરતો હશે અને બીજો વુઝૂ વગર તિલાવત કરતો હશે.

• એકવાર ફરમાવ્યું કે, હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ રહ. જયારે મોતની બીમારીમાં હતા, અને જીવનથી માયૂસ થઈ ગયા તો માનવીય લાગણીઓના કારણે બાળકો નાના હોવાથી થોડા પરેશાન હતા. એ જ વેળા દેખાયું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તશરીફ લાવ્યા છે અને ફરમાવે છે કે તું શીદને ચિંતા કરે છે, અવલાદ જેમ તારી છે એમ મારી પણ છે. આપ રહ.ને એનાથી સંતોષ થઈ ગયો. પાછળથી બધાએ જોયું કે શાહ સાહેબ રહ.ની બધી અવલાદે ઈલ્મે દીન મેળવ્યું અને ઊંચા મરતબાઓ મેળવ્યા.

• એકવાર ફરમાવ્યું કે, જયારે હઝરત મવલાના ઈસ્હાક સાહેબ દહેલ્વી રહ.ની ખિદમતમાં કોઈ માણસ બયઅત થવા માટે જતો તો કહેતા કે અમને કંઈ આવડતું નથી. મોલવી યાકૂબ સાહેબ પાસે જાઓ. એમણે નાના પાસેથી બધું શીખ્યું છે. એટલે કે શાહ અબ્દુલ અઝીઝ રહ. પાસે એમણે તાલીમ મેળવી છે. શાહ ઈસ્હાક સાહેબ રહ. ભલે આ બધાથી ઈન્કાર કરતા હોય, પણ લોકોએ જોયું જ છે કે મવલાના યાકૂબ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રહ. કરતાં મવલાના ઈસ્હાક રહ.નો મરતબો ઊંચો હતો. અને એનું કારણ ઈલ્મે દીનની ઈશાઅત છે.

• એકવાર ફરમાવ્યું કે, તવક્કુલ આ છે કે માણસ પાસે ગમે તેટલું હોય, પણ એના ઉપર એવો ભરોસો ન હોય જેમ અલ્લાહ તઆલા ઉપર ભરોસો હોય છે. કમાણી છોડી દેવાનું નામ તવક્કુલ નથી. કમાણી કરે અને ભરોસો કમાણી ઉપર બિલકુલ ન હોય, બલકે અલ્લાહ તઆલા ઉપર હોય.

• એકવાર ફરમાવ્યું કે શાહ અહમદ સઈદ સાહેબ ઘણા જ પરહેઝગાર હતા. છતાં એમ કહેતા રહેતા કે મારાથી પરહેઝગારી નથી થતી. પછી કહેતા કે ઘણા લોકો જે પહાડો ઉપર ચાલ્યા ગયા છે એ પરહેઝગારી માટે જ ગયા છે, પણ અમે કયાં જઈએ ? અમારાથી તો બિલકુલ પરહેઝગારી નથી થતી.

• એકવાર ફરમાવ્યું કે, શાહ ઈસ્હાક દહેલ્વી રહ.ને કોઈકે પૂછયું કે હઝરત ! અવલાદની મહોબ્બત માં–બાપને વધારે હોય છે, પણ અવલાદના દિલમાં માં–બાપની એટલી વધારે મહોબ્બત નથી હોતી. એનું શું કારણ હોય શકે છે ? આપ રહ.એ જવાબ આપ્યો કે શરીરથી ગોશ્ત કાપીને દૂર નાંખી દેવામાં આવે તો ગોશ્તને તો કંઈ પણ તકલીફ નહીં થાય, પણ શરીરને જરૂર તકલીફ થાય છે કારણ કે એમાંથી ગોશ્ત કાપવામાં આવ્યો છે.

• એકવાર કરનાલના એક આલિમ સાહેબે અરજ કરી કે અમુક બુઝુર્ગોના એવા કિસ્સા સાંભળીએ છીએ કે લોકો એમના હાથ, પગ, માથું વગેરે અલગ અલગ જોતા હતા. આપ રહ.એ ફરમાવ્યું કે મારા મામા કહેતા હતા કે એકવાર તેઓ મીયાજી નૂર મુહમ્મદ ઝિન્ઝાન્વી રહ.ની સેવામાં બપોરના સમયે ગયા. કમરો બંધ હતો પણ કમાડ બરાબર વાસેલા ન હતા. મેં દરવાજો ખોલ્યો તો જોયું કે હઝરત રહ.નું ધડ અલગ પડેલું હતું. મને જોતાં જ બધા અવયવો ભેગા થઈ ગયા અને મીયાંજી રહ. ઉઠીને બેસી ગયા અને ફરમાવ્યું કે કોઈનાથી કહેશો નહીં.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ કિસ્સો વર્ણવ્યા પછી હઝરત ગંગોહી રહ.એ ફરમાવ્યું કે આ બધામાં કોઈ કમાલ નથી.

• મવલાના વિલાયત હુસૈન સાહેબ ફરમાવે છે કે મેં એકવાર પૂછયું કે એવું મશહૂર છે કે શયતાન પીરની શકલમાં નથી આવી શકતો, શું આ સાચું છે ? હઝરત રહ.એ ફરમાવ્યું કે હા. પણ શરત આ છે કે મુરીદને 'તવહીદે મતલબ'નો દરજો પ્રાપ્ત હોય. અને એનો મતલબ આ છે કે મુરીદ પાકી રીતે દુનિયામાં આ પીર સિવાય કોઈને પણ હિદાયતનો ઝરીયો ન સમજતો હોય.

• આપ રહ.ના એક મુરીદ અને શાગિર્દ મોલ્વી સહૂલ હતા. એકવાર કોઈ મસ્અલામાં આપ રહ. સાથે ચર્ચા કરવા લાગ્યા. હઝરત રહ. જે વાત કહેતા એના ઉપર કોઈ સવાલ કરી દેતા. સવાલ જવાબનો સિલસિલો લાંબો ચાલ્યો તો હઝરત રહ.એ ફરમાવ્યું : તમારું નામ સહૂલ કોણે પાડયું છે ? તમારા સ્વભાવમાં સહૂલત બિલ્કુલ નથી. તમારું નામ તો 'સઊલ' હોવું જોઈએ. (અરબી મુજબ સહૂલનો અર્થ સહૂલત વાળો અને સઉલનો અર્થ વારંવાર સવાલ કરનાર થાય છે.

• એકવાર આપ રહ. ઈશા પછી પલંગ ઉપર આરામ માટે લાંબા થયા તો મોલ્વી મુહમ્મદ યહયા સાહેબ રહ. પગ દબાવવા લાગ્યા. આપ રહ.એ ફરમાવ્યું : ભાઈ શીદને મને શરમિંદા કરો છો. તમે આવું કામ કરો છો તો મને શરમ આવે છે. મોલ્વી મુહમ્મદ યહયા સાહેબે જવાબમાં અરજ કરી કે મોલ્વી મુહમ્મદ ઈસ્માઈલ સાહેબ રહ.નો એક ખાદિમ હતો. ખાદિમના મર્યા પછી કોઈએ એને ખ્વાબમાં જોયો કે આખા શરીરે આગ ભડકી રહી છે, પણ બંને હથેળીઓ સલામત છે. જોનારે એ ખાદિમને કારણ પૂછયું તો જણાવ્યું કે શું બતાવું ? મારા આમાલની સજા છે. આ બંને હથેળીઓ વડે મવલાના રહ. પગ દબાવતો હતો એટલે કહેવામાં આવ્યું કે એને અઝાબ આપવામાં અમને શરમ આવે છે. આ કિસ્સો સાંભળીને આપ રહ.એ તુરંત મોલ્વી મુહમ્મદ યહયાને જવાબ આપ્યો કે, ઘણું સરસ. એનો મતલબ તો એ થયો કે તમે સૂઈ જાઓ અને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હું તમારું શરીર દબાવું. અચ્છા મીયાં, યે ભી સહી.

• એકવાર મોલાના વિલાયત હુસૈન સાહેબ ખિદમતમાં હાજર થયા. મુસાફહા વેળા આપ રહ.એ આદત મુજબ પૂછયું કે કોણ ? તો એમણે જવાબ આપ્યો : વિલાયત. આપ રહ.એ ફરમાવ્યું કે સીધું જ કહોને કે હું વલી છું ?

• તઝકિરતુર્રશીદમાં છે કે અલ્લાહ તઆલાની હલાલ નેઅમતોથી આપ રહ.ને કોઈ વાંધો – નફરત ન હતી. મામૂલી ખાણું પણ ખાધું અને કીંમતી પકવાન પણ ખાતા હતા. કદી કોઈ વિશેષ ખાણાની પાબંદી ન હતી. અલબત્ત ઠંડું પાણી આપ રહ.ને ઘણું જ પસંદ હતું. ખાનકાહમાં પણ ઠંડા પાણી માટે વિશેષ એહતેમામ કરવામાં આવતો હતો. આ જ હેતુએ ગરમીના દિવસોમાં પાણીની મશક ગુલરના ઝાડ નીચે લટકાવામાં આવતી હતી. અને બીજી પણ જે તદબીર યોગ્ય હોતી અપનાવવામાં આવતી હતી. ઠંડુ પાણી પી ને ઘણા ખુશ થતા અને ફરમાવતા : આ મોટી નેઅમત છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પણ ઠંડુ પાણી પસંદ હતું. એટલે જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની દુઆમાં આ શબ્દો પણ આવતા હતા કે,

أللهم اجعل حبك و حب من يحبك أحب إلى من مالى و أهلى ومن الماء البارد

ખમીરી રોટી અને શોરબા વાળું શાક પસંદ કરતા હતા. આવું ખાણું જલદી હજમ થઈ જાય છે, એનાથી પેટમાં બોજ નથી રહેતો અને ઈબાદતમાં સુસ્તી નથી આવતી.

• પોતાના ખાસ અહબાબ – દોસ્તો સાથે ઘણા જ સહજ અને નિખાલસ સ્વભાવમાં રહેતા હતા. વિશેષ કરીને હઝ. મવ.કાસિમ નાનોત્વી રહ. અને હકીમ ઝિયાઉદ્દીન સાહેબ રહ. સાથે હોય તો મર્યાદા મુજબની યોગ્ય મઝાક – મસ્તી અને ટીખળ પણ આપસમાં થતી રહેતી હતી. મોલ્વી નજર મુહમ્મદ ખાન આભા મુકામે રહેતા હતા. મવલાના નાનોત્વી રહ.ના અકીદતમંદ હતા અને એમના હાથે જ બઅયત થવા માંગતા હતા. પણ હઝરત નાનોત્વી રહ. એમને ટાળતા રહેતા હતા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

એકવાર વિગતથી લખીને બયઅત થવા વિશે પોતાની તમન્ના જણાવી, પણ હઝરત નાનોત્વી રહ.એ કોઈ જવાબ આપ્યો નહીં. થોડા સમય પછી હઝરત ગંગોહી રહ. નાનોતા આવ્યા તો મોલ્વી નજર મુહમ્મદ ખાન પણ આવી ગયા, ફરીવાર બયઅતની દરખાસ્ત કરવાનો ઈરાદો થયો તો એ જ વિગત ફરીવાર લખીને ચિટ્ઠીમાં લખીને હઝરત ગંગોહી રહ.ના હાથમાં આપી અને સાથે એવું પણ લખી દીધું કે અગાઉ પણ એક દરખાસ્ત લખીને હઝરત નાનોત્વી રહ.ને આપી ચુકયો છું. હઝરત ગંગોહીએ ચિટ્ઠી વાંચીને ગજવામાં મુકી દીધી. એટલામાં હઝરત નાનોત્વી રહ. પણ ત્યાં આવ્યા તો મોલ્વી નજર મુહમ્મદને સંબોધીને હઝરત ગંગોહી રહ. કહેવા લાગ્યા "એવા ગુંગા પીરને પત્ર જ શા માટે લખ્યો, જેણે તમને જવાબ પણ આપ્યો નહીં". હઝરત નાનોત્વી રહ. સમજી ગયા. મુસ્કુરાયને કહેવા લાગ્યા કે, હવે તો એ બોલતા પીર પાસે આવી ગયો છે, તમે જ જવાબ આપો.

આપ રહ.ની અવલાદ

આપ રહ.ના નિકાહ વિશે અગાઉ આવી ચુકયું છે કે મોટા મામા મોલ્વી મુહમ્મદ નકી સાહેબ રહ.ની દીકરી ખદીજા ખાતૂન રહ. સાથે આપના નિકાહ થયા હતા. નિકાહ વેળા આપ રહ.ની ઉમર ૨૧ વરસ અને અહલિયહની ઉમર ૧૫ વરસ હતી. પાંચ હઝાર શાહી સિક્કા મહેર નક્કી કરવામાં આવ્યા હતા.

આપ રહ.ના અહલિયહ પણ ઘણા જ નેક, ઈબાદતગુઝાર અને પાકદામન ઓરત હતાં. દુનિયાની કોઈ લાલચ કે ઝવેરાત અને ઘરેણાની કોઈ તમા રાખતાં ન હતાં. હઝરત રહ. પોતે જ ફરમાતા હતા કે, જયાં સુધી મસ્ઉદ અહમદ (આપ રહ.ના પુત્ર)ના વાલિદહ હયાત હતાં, મને કોઈ પણ પ્રકારની ફિકર ન હતી. ઘરેલુ બાબતોમાં ઘણા જ સમજદાર હોવા ઉપરાંત મહેમાન નવાઝ હતાં. ગમે તેવા સમયે ઘરમાં કોઈ મહેમાન આવે, તેઓ જરૂર ખાવાનું તૈયાર કરીને હાજર કરી દેતા હતાં. કદી કદી તેઓ પોતે જ એમ કહેતાં હતાં કે મારા મરવા પછી તમે મને

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

યાદ કરશો. અને આજે એવું જ છે.

અવલાદ :

સહુપ્રથમ આપના ઘરે એક દીકરાની પેદાઈશ થઈ હતી, જેનો અમુક જ દિવસ પછી કુમળી વયે ઈન્તેકાલ થઈ ગયો હતો. એટલે કે અલ્લાહ તઆલાએ શરૂમાં જ આપ રહ.ની આખિરત માટે ઝખીરો અને સિફારિશ બનાવીને કબૂલ કરી લીધો હતો.

સફિય્યહ ખાતૂન રહ.

પછી આપ રહ.ના ઘરે ૧૨૭૪ હિ.માં એટલે કે બગાવતના બીજા વરસે દીકરી સફિય્યહનો જન્મ થયો. એવા વાતાવણમાં દીકરીએ આંખો ખોલી હતી કે ચારે તરફ દુનિયાની ફકીરી અને દીનની અમીરી છવાયેલી હતી. એટલે નમાઝ, રોઝા, ઝિક્ર અને દીનની વાતોમાં રમતાં રમતાં દીકરી મોટી થઈ અને ઘણી નાની ઉમરમાં પોતાની વાલિદહ પાસે નાઝિરહ કુરઆન પુરું કરી લીધું.

કુરઆન શરીફ પુરું કર્યા પછી સાહબઝાદીએ તરજમહ પઢવાની ઈચ્છા વ્યકત કરી તો આપ રહ. તલબાના દર્સ પછી જયારે ખાવા માટે ઘરે પધારતા તો પહેલાં અહલિયહ મુહતરમહ કુરઆન સંભળાવીને સહીહ કરતાં હતાં. રોજ પા સીપારો સંભળાવતાં હતા. ત્યાર પછી સાહબઝાદીને તરજમએ કુરઆન પઢાવતા હતા. સાહબઝાદીનો તરજમહ શરૂ થયો તો રિશ્તેદારોની અમુક છોકરીઓ પણ આ નેઅમતમાં શામેલ થવા આવવા લાગી. આપ રહ. સરળ ભાષામાં બધા સમજી શકે એ મુજબ આયતોનો તરજમહ પઢાવતા અને એના અનુસંધાનમાં દીનની વાતો શીખવાડવતા હતા. અખ્લાક અને સદવર્તનની તાકીદ ફરમાવતા હતા. આ 'નારી શિક્ષણ' એક રીતે આપ રહ.નો અર્ધા કલાકનો વઅઝ બની જતો. જેમાં ઓરતો સંબંધિત સુધારણા અને ઈસ્લાહે નફસનો આપ રહ. હક અદા ફરમાવતા હતા.

આપબીતીમાં હઝરત શૈખુલ હદીસ રહ.એ તઝકિરતુર્રશીદના હવાલાથી લખ્યું છે કે, હઝરત ગંગોહી રહ. ફરમાવતા હતા કે એકવાર

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ રહ. ગંગોહ તશરીફ લાવ્યા હતા. મારી દીકરીની ઉમર લગભગ ત્રણ વરસ જેટલી હતી. હઝરત હાજી સાહેબ રહ.એ દીકરીને પાંચ રૂપિયા વાપરવા માટે આપ્યા. મારી દીકરીએ આ રૂપિયા લઈને હઝરત હાજી સાહેબ રહ.ના પગોમાં મૂકી દીધા. હાજી સાહેબ રહ.એ ફરીવાર આપ્યા તો ફરીવાર એણે એમ જ કર્યું. ત્રીજી વાર હઝરત હાજી સાહેબ રહ.એ લાડ – પ્યાર કરીને એને સમજાવતાં પટાવતાં ફરમાવ્યું કે તું તો મારી જ દીકરી કહેવાય, આ પૈસા લઈ લે. પણ એ માની જ નહીં. આખરે હઝરત હાજી સાહેબ રહ.એ ફરમાવ્યું : ફકીરની દીકરી છે તો ફકીરણ જ હોય ને. પછી એના માટે દુઆ ફરમાવી કે આ દીકરી નસીબદાર છે, દુનિયામાં એણે કોઈ તંગી જોવાની આવશે નહીં, અને ઘણી નેક અને ઝાહિદ (દુનિયાની મહોબ્બત ન રાખનાર) બનશે. પછી હઝરત ગંગોહી રહ.એ ફરમાવ્યું કે અલ્હમ્દુલિલ્લાહ મારી દીકરીમાં દુનિયાની મહોબ્બત બિલ્કુલ નથી.

તઝકિરતુર્રશીદમાં છે કે દીકરીઓની તાલીમ બાબતે જે કંઈ તાલીમ આપવાની હતી, એ બધી તાલીમ તરજમહના સબક દરમિયાન જ આપ રહ.એ શીખવાડી દીધી હતી. અને આમ કુરઆનનો તરજમહ પૂરો કર્યો તો આપ રહ.ના દીકરી દીનની જરૂરી વાતો – હુકમોની તાલીમ ઉપરાંત કુરઆને કરીમના એટલા જાણકાર થઈ ગયાં હતાં કે જરૂરત મુજબ ઓરતો માંહે નસીહત અને વઅઝ કરવાની લાયકાત કેળવી લીધી હતી.

આપ રહ. ફરમાવતા હતા જો ઓરતોને પણ પીર બનીને અન્યોને બયઅત (મુરીદ) કરવાની પરવાનગી હોત તો મારી દીકરી કરી શકવાને કાબેલ હોત.

મવલાના આશિક ઈલાહી રહ. તઝકિરતુર્રશીદમાં લખે છે કે આપ રહ.ના દીકરી ઘણાં નેક, પરહેઝગાર અને અલ્લાહના વલીય્યહ હોવા છતાં પોતાની સ્થિતિ છુપાવીને રાખતાં હતા. સામાન્ય અને ગુમનામ રહેવું જ પસંદ કરતાં હતા. આ કિતાબ (તઝકિરતુર્રશીદ)માં શામેલ કરવાના મકસદે મેં એમનાથી ઓરતોની તાલીમ બાબતે હઝરત રહ.ની

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રીત – અંદાઝ વગેરે બાબતે વિગતો પૂછી ત્યારે પણ એમણે કંઈ વિશેષ જાણકારી આપી નહીં, અલબત્ત પોતાની બઅયતનો કિસ્સો જણાવ્યો કે, હું ઘણા સમયથી વાલિદ સાહેબના હાથે બયઅત થવા ચાહતી હતી, પણ કહેવાની હિમ્મત થતી ન હતી. આખરે એક દિવસ અરજ કરી કે મને પણ બયઅત કરી લ્યો ! તો આપ રહ.એ જવાબ આપ્યો કે બેટી ! તારે આટલી બધી વિનંતી કરવાની જરૂરત ન હતી. તું તો મારી જ છે. અને તોબાનો ઈરાદો છે તો ખૈર .. અને અસર પછી ઘરે આવ્યા તો મને બોલાવી અને હુકમ કરીને પાસે બેસાડી. મારા બંને હાથ થામીને કુરઆનની આ આયત પઢી : إذا جاءك المؤمنات يبايعنك الخ અને પછી બયઅત કરતી વેળા જે શબ્દો બોલાવતા હતા એ બોલાવ્યા અને બયઅત કરી લીધી. પછી લતાઈફની તાલીમ આપી અને હદીસ શરીફની અમુક દુઆઓનો વિર્દ – ઝિક્ર પઢવા માટે આપ્યો.

સગાઈ અને નિકાહ : ગંગોહના જ રહેવાસી જનાબ મોલ્વી સિરાજુદ્દીન સાહેબ નહેર વિભાગમાં ડીપ્ટી મેજિસ્ટ્રેટની સરકારી નોકરી કરતા હતા. ઘણા પરહેઝગાર અને દીનદાર હતા. ઉપર જઈને ખાનદાન પણ એક જ થઈ જતું હતું. મોલ્વી સિરાજુદ્દીન સાહેબ રહ. અને એમના અહલિયહ પણ સય્યિદ અહમદ શહીદ રહ.ના હાથે બયઅત હતાં. એમણે પોતાના દીકરા હાફેઝ મોલ્વી ઈબ્રાહીમ માટે આપ રહ.ની દીકરીની દરખાસ્ત કરી હતી.

મોલ્વી ઈબ્રાહીમ હાફેજ હતા, અને હઝરત રહ. પાસે જ હદીસની તાલીમ મેળવી હતી. એટલે એમના વિશે તો કોઈ તપાસ કે જાણકારી મેળવવાની બાકી ન હતી, અલબત્ત અમુક રિશ્તેદારો અને હઝરત હાજી સાહેબ રહ.થી સલાહ મશ્વેરો કરવો જરૂરી સમજતા હતા એટલે જવાબ મોકલાવ્યો કે હું જરૂરી મશ્વેરો કરી લઉં, પછી જવાબ આપીશ. હમણાં હા કે ના, કંઈ કહી શકતો નથી. પછી સગાઓમાં જયાં આવશ્યક હતું ત્યાં ખબર કરીને મશ્વેરો કર્યો, પણ હઝરત હાજી સાહેબ રહ. મક્કામાં હતા, ત્યાંથી હજુ જવાબ આવ્યો ન હતો. મોલ્વી સિરાજુદ્દીન સાહેબે ફરી પૂછયું તો જણાવ્યું કે હાજી સાહેબ રહ.ના જવાબ ઉપર જ હા કે ના નો

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આધાર છે, એમનો જવાબ આવે પછી વાત. અંતે હાજી સાહેબ રહ.નો પત્ર આવ્યો જેમાં આ સગાઈ બાબતે ઈજાઝત આપવામાં આવી હતી, એટલે આપ રહ.એ જવાબ મોકલાવ્યો કે આવતા શુક્રવારે નિકાહ પઢાવી દઈશ.

અહલિયહ અને અન્ય રિશ્તેદારોએ તૈયારી માટે થોડો સમય મોડું કરવાનું કહયું પણ આપ રહ. માન્યા નહીં, જુમ્અહના દિવસે નિકટની રિશ્તેદાર ઓરતોને કહેવડાવ્યું કે આજે સફિય્યહના નિકાહ છે, જેમણે આવવું હોય તે ઘરે આવી જાય અને મોલ્વી સિરાજુદ્દીન રહ.ના ઘરે કહેવડાવ્યું કે મોલ્વી ઈબ્રાહીમને કહેજો કે આજે જુમ્અહની નમાઝ સરાયની મસ્જિદમાં પઢે. જે ઓરતો ઘરે આવી હતી એમના માટે ખાવું તૈયાર કરવામાં આવ્યું. દુલ્હા માટે બે જોડ કપડાં તૈયાર કરાવ્યા હતાં, પણ મોકલ્યા નહીં, જુમ્અહની નમાઝ પછી નિકાહનું એલાન થયું, આપ રહ.એ નિકાહ પઢાવ્યા, મહરે ફાતિમી મહેર હતી.

અને તે જ દિવસે સાદગી સાથે દીકરીને સુસરાલ મોકલી દીધી. દીકરી પ્રત્યે આપ રહ.ને, અહલિયહને અને અન્ય ઓરતોને ઘણી મહોબ્બત હતી. આવી સાદગી વાળી વિદાયથી બધાની આંખમાં આંસુ આવી ગયાં. અલબત્ત આપ રહ. સબ્ર કરીને મજબૂત રહયા અને બીજા દિવસે દીકરીને પાછી બોલાવી અને ઘરમાં કહયું કે મારો ઈરાદો પાંચમા દિવસે બોલાવવાનો હતો, અલબત્ત ઘરના લોકોની બેચેની જોઈને વહેલી પાછી બોલાવી છે. પછી રવિવારે દહેજ સ્વરૂપે જરૂરી સામાન અને દુલ્હા માટેના બે જોડ કપડાં સાથે ચુપચાપ સાસરે મોકલી દીધી.

આ દીકરીથી આપ રહ.ના નવાસા :

તઝકિરતુર્રશીદમાં છે કે,

(૧) બે વરસ બે મહીના પછી એટલે કે જમાદિલ અવ્વલ ૧૨૯૧માં અલ્લાહ તઆલાએ એમના ઘરે દીકરો આપ્યો. જેનું નામ મુહમ્મદ ઈસ્હાક રાખવામાં આવ્યું. તેઓ યુવાન થયા, હાફેજ પણ થયા. ઘણા નેક સાલેહ હતા, અલબત્ત ૧૮ વરસની ઉમરે રબીઉલ અવ્વલ ૧૩૦૯ હિ.ના રોજ યુવાનીમાં જ અલ્લાહને પ્યારા થઈ ગયા.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

(૨) હાફેજ મુહમ્મદ યાકૂબ સાહેબ રહ. ૨જબ ૧૨૯૫ હિ.માં આપ રહ.નો જન્મ થયો હતો.

(૩) હમીદહ ખાતૂન. ત્રણ વરસની ઉમરે ઈન્તેકાલ થઈ ગયો હતો.

(૪) હાફેજ મુહમ્મદ યૂસુફ સાહેબ રહ. ૨૮ મુહર્રમ ૧૩૦૦ હિ.માં આપ રહ.નો જન્મ થયો હતો.

(૫) મુહમ્મદ યૂનુસ. પાંચ વરસ પછી ઈન્તેકાલ થઈ ગયો હતો.

(૬) મુહમ્મદ ઝકરિયા રહ. ૨બીઉલ અવ્વલ ૧૩૦૪ હિ.માં આપ રહ.નો જન્મ થયો હતો.

હકીમ મસ્ઉદ અહમદ સાહેબ રહ.

દીકરી સફિય્યહ ખાતૂનની ઉમર બે વરસ બે મહીના હતી ત્યારે ૧૪ જમાદિલ અવ્વલ,૧૨૭૮ હિ., જુમ્અહના દિવસે દીકરા હકીમ મસ્ઉદ અહમદ રહ.નો જન્મ થયો.

તઝકિરતુર્રશીદમાં લખવા મુજબ સાહબઝાદા હકીમ સાહેબ પોતાના વાલિદ હઝરત ઈમામે રબ્બાની રહ. જેવી જ સૂરત અને સીરત ધરાવતા હતા. શકલ – સૂરત અને અવાજ પણ આપ રહ. જેવો જ હતો.

આપ રહ.ને પણ દીકરા મસ્ઉદ પ્રત્યે ઘણી જ મહોબ્બત હતી. અને બીજા દીકરા મહમૂદના ઈન્તેકાલ પછી ઓર વધી ગઈ હતી. આપ રહ. જયારે પહેલી બીમારીથી તંદુરસ્ત થયા તો આપ રહ.ના મુરીદો અને સંબંધીઓ દ્વારા અનેક મુકામે ખુશી અને શુક્ર સ્વરૂપે ખાવું પકાવીને લોકોની દાવત કરવામાં આવી. પીર જીયો અબ્દુલ મજીદ રહ.એ ગંગોહમાં ખાવું બનાવીને લોકોની દાવત કરી. અમુક લોકો હકીમ મસ્ઉદ સાહેબથી નારાજ હતા, તેઓ આ દાવતમાં શરીક થયા નહીં. હઝરત ઈમામે રબ્બાની રહ.ને ખબર પડી તો ઘણા નારાજ થયા અને ફરમાવ્યું : જેને મસ્ઉદ અહમદથી અદાવત છે, એને મારાથી અદાવત છે. અને જે એને દોસ્ત સમજે છે એ મારો પણ દોસ્ત છે.

હકીમ સાહેબ રહ. કારી, આલિમ અને પાકા હાફિજ હતા. દિલ્હીમાં દર્સે નિઝામી અને તબીબી વિદ્યાની તાલીમ મેળવી હતી. તરાવીહમાં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હઝરત રહ.ને કુરઆન શરીફ આપ રહ. જ સંભળાવતા હતા. અલબત્ત તબીબી વિદ્યામાં કાબેલિયતના કારણે 'હકીમ મસ્ઉદ અહમદ'ના નામે મશહૂર થયા.

તકવા, તહારત, ઈલ્મ, અમલમાં ઘણા જ મજબૂત – ચુસ્ત હતા. હઝરત ઈમામે રબ્બાની રહ.ના મુરીદો આપ રહ.નો ખાસ એહતેરામ ફરમાવતા હતા. અને વાલિદ રહ.ની વફાત પછી દારૂલ ઉલૂમ દેવબંદની મજલિસે શૂરાના સભ્ય પણ રહયા હતા.

તબીબી વિદ્યામાં ઘણા કાબેલ હતા. નાડી પારખવામાં અને નુસ્ખો નક્કી કરવામાં બેજોડ હતા. એકવાર એક અંગ્રેજ એમની ડિસ્પેન્સરીમાં સારવાર માટે આવ્યો અને કહયું કે બે વરસથી માથામાં દુખાવો રહે છે. હકીમ મસ્ઉદ સાહેબે એને કહયું કે અહિંયા બેસો, હું તમને છેલ્લે જોઈશ. પછી અન્ય બીમારોને જોઈ તપાસીને દવા આપતા રહયા, છેલ્લે ડિસ્પેન્સરી બંધ કરવાનો સમય આવ્યો તો અંગ્રેજને કહયું કે તમે કાલે આવજો, કાલે તમારી સારવાર કરીશું. તે નારાજ થઈને ચાલ્યો ગયો અને બીજા દિવસે વહેલી સવારે જ આવી ગયો. હકીમ સાહેબે આજે પણ એને બેસાડી રાખ્યો અને સાંજે કહયું કે કાલે આવજો. અંગ્રેજ વધારે નારાજ થયો અને કહેવા લાગ્યો કે કાલે પણ બેસાડી રાખ્યો, હવે આજે પણ કંઈ તપાસ કે સારવાર કરી નહીં, આવું કેમ ? હકીમ સાહેબે કહયું કે બેસો. બેસો, ચાલો તમારી સારવાર કરી લઈએ. પછી એક પાવડર સુંઘવા આપીને કહયું કે એને સુંઘીને રૂમાલમાં છીંક કરજો. એણે અચરજથી પાવડર લીધો અને સુંઘ્યો. તુરંત છીંક આવી તો એણે રૂમાલ આગળ કરી દીધો. હકીમ સાહેબે એને કહયું કે રૂમાલ ખોલીને જુઓ, એમાં શું છે ? એણે જોયું તો રૂમાલમાં મોટો કાનખજૂરો હતો. અંગ્રેજ તો આ જોઈને ડરી ગયો. હકીમ સાહેબે જણાવ્યું કે આ કાનખજૂરો ઘણો નાનો હતો ત્યારનો તમારા દિમાગમાં પેસી ગયો હતો અને તમારું દિમાગ ચાટીને મોટો થતો હતો, તમને એનો જ દુખાવો રહેતો હતો. હું તમને એટલા માટે ટાળતો હતો કે તમને ગુસ્સો આવે, એનાથી દિમાગ સંકોચાય છે, આમ થવાથી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

કાનખજૂરો એના પગ બહાર કાઢે છે, એટલે મેં તમને ગુસ્સે કરીને કાનખજૂરાને હલાવ્યો અને પછી છીંક વડે બહાર કાઢયો. અંગ્રેજ અફસરે માફી માંગી અને ઘણો શુક્રિયા અદા કર્યો. *(ઉમ્મત કે રોશન ચિરાગ : ૩/૧૦૯)*

હકીમ સાહેબ રહ.ના નિકાહ હઝરત ઈમામે રબ્બાની રહ.ના મોટા કાકા મીયાં હુસૈન અલી સાહેબ રહ.ના દીકરા એટલે કે હઝરત રહ.ના પિત્રાઈ ભાઈ મુન્શી અબ્દુલ્લાહની દીકરી મહમૂદુન્નિસા સાથે નક્કી કરવામાં આવ્યા હતા.

તઝકિરતુર્રશીદમાં લખવા મુજબ હઝરત રહ.ના કાકા એટલે કે મહમૂદુન્નિસાના દાદાને આ બાબતે પ્રથમ વાત કરવામાં આવી. મુન્શી અબ્દુલ્લાહ એ વેળા પંજાબમાં નોકરીએ હતા. જયારે વતન આવ્યા તો કાકા મીયાં હુસૈન અલીએ એમ કહીને વાત પાકી કરી દીધી કે મીયાં અબ્દુલ્લાહ ! સાંભળો, હું તમારો પણ બાપ છું અને રશીદ અહમદનો પણ બાપ છું. (બાપ ન હોય તો કાકા પણ બાપના દરજામાં ગણાય છે.) છોકરા – છોકરી બંને મારા છે. રશીદ અહમદ તરફથી માંગું છું અને તમારા તરફથી આપું છું. બસ મેં આ સગાઈ નક્કી કરી દીધી.

મુન્શી અબ્દુલ્લાહ દુનિયાવી રિવાજો પૂરા કરવા ચાહતા હતા, એટલે કહેવા લાગ્યા કે મને કોઈ વાંધો નથી, ફકત આટલું કહેવું છે કે મારાથી જે થઈ શકશે એ એમના ઘરે મોકલાવીશ, તેઓ કંઈ પાછું ન મોકલાવે. હઝરત ઈમામે રબ્બાની રહ.એ જવાબ આપ્યો કે, એમાં શું વાંધો છે ? જે કંઈ આપશો એ બધું લઈ લેશું, મારો ખર્ચ ઘણો વધારે છે, બધું વપરાય જશે. મુન્શી અબ્દુલ્લાહ ઈમામે રબ્બાની રહ.નો સ્વભાવ અને રિવાજો વિશે આપ રહ.નું વલણ જાણતા હતા, એટલે કહેવા લાગ્યા કે તમે કયાં ખર્ચ કરશો ? બિરાદરી જેવું તો તમારે ત્યાં કંઈ છે નહીં ? આપ રહ.એ ફરમાવ્યું કે, બિરાદરીને શી લેવા દેવા ? ગરીબો, મોહતાજો અને તાલિબે ઈલ્મો ઘણા બધા મારા મહેમાન હોય છે. મારે કંઈ પણ પાછું કરવું નહીં પડે. આમ આ નિકાહ નક્કી થઈ ગયા અને અમુક વરસો પછી એટલે કે દીકરી સફિય્યહના નિકાહના ચાર વરસ પછી ૨૦ સફર ૧૨૯૨ હિ.માં

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

આ નિકાહનો અવસર આવ્યો. હકીમ મસ્ઉદ સાહેબ રહ.ની ઉમર આ વેળા ૧૬ વરસની હતી.

નિકાહની તારીખના અમુક દિવસ પહેલાં હઝરત ગંગોહી રહ.એ પોતાના તરફથી હઝરત મવલાના કાસિમ નાનોત્વી રહ. અને જનાબ હકીમ ઝિયાઉદ્દીન સાહેબને નિકાહની જાણ કરી. આ દીની ભાઈઓ જ આપ રહ.ના સગાઓ સમાન હતા. બિરાદરી અને સગાઓને આપ રહ. સિલા રહમી વગેરે સંબંધોમાં તો યાદ રાખતા હતા, પણ રિવાજી કામોમાં એની ફિકર કરતા ન હતા. આપ રહ. તરફથી કોઈને દાવત આપવામાં આવી ન હતી, આમ છતાં અનેક સંબંધીઓ, અકીદતમંદો વગેરે ગંગોહ પહોંચી ગયા હતા.

આપ રહ. તરફથી કોઈ પણ પ્રકારના રિવાજને અનુસરવામાં આવ્યો નહીં, દુલ્હનના કપડાં અને ઝેવર વગેરે થોડું કંઈ જે હતું એ દીકરીના હાથે મોકલાવી દીધું. સાંજે નિકાહની મજલિસ થઈ, મવલાના યાકૂબ રહ.એ નિકાહ પઢાવીને બરકતની દુઆ માંગી. બીજા દિવસે છોકરીની વિદાય થઈ, રિવાજ મુજબ આપ રહ.એ વહુની ડોલી સાથે ચાલવાનું હતું પણ આપ રહ.એ રિવાજ તોડવા ખાતર આમ કર્યું નહીં.

મુન્શી અબ્દુલ્લાહ સાહેબે એમના તરફથી દરેક પ્રકારના રિવાજોની ખૂબ પાબંદી કરી. અલબત્ત સામસામે જે રિવાજો કરવાના હતા, એ રિવાજો હઝરત રહ. તરફથી અનુસરવામાં આવ્યા નહીં એટલે મુન્શી અબ્દુલ્લાહ તરફથી પણ જીદ અને જવાબમાં એ રિવાજ છોડી દેવામાં આવ્યો. મુન્શી સાહેબે જહેજનો સામાન રિવાજ મુજબ લોકોની સામે મુકયો અને દરેક વસ્તુ, દુલ્હનના કપડાં, વાસણો વગેરે કાઢીને લોકોને બતાવવા લાગ્યા. હઝરત રહ. આ વેળા મજલિસ છોડીને ખાવા ચાલ્યા ગયા અને ફરમાવ્યું કે, કપડાંની જોડ પણ ખોલીને બતાવવામાં આવી રહી છે, કેવા બેકાર કામો છે.

આમ એક નવા પ્રકારના નિકાહ જોવાનો અવસર ગંગોહ વાસીઓને મળ્યો. એક તરફ બધા જ રિવાજો અને બીજી તરફથી બિલ્કુલ સાદગી

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અને દીનદારી. એક પક્ષે રિવાજો તોડવા ખાતર સામા પક્ષના રિવાજો બરદાશ્ત કર્યા તો બીજા પક્ષે પોતાની વાત ઉપર અડગ રહીને હઝરત ગંગોહી રહ.ની દીનદારી અને સમાજ સુધારણાની સાચી નિયતનું સન્માન કર્યું. શાદી વિવાહમાં ચડસાચડસીમાં સંબંધો ખરાબ કરતા લોકો માટે આ નિકાહમાં ભારે બોધપાઠ છે. દીનદારો માટે પણ અને રિવાજના પાબંદ લોકો માટે પણ.

વફાત : ૧૩૫૦ હિ./ ૧૯૩૨ ઈ.માં આપ રહ.નો ઈન્તેકાલ થયો.

હઝરત હકીમ મસ્ઉદ અહમદ સાહેબ રહ.ના બે દીકરા હતા.

(૧) હઝરત હકીમ અ.રશીદ મહમૂદ ઉર્ફ નન્નુ મિયાં રહ. તેઓ પણ એમના વાલિદની જેમ કાબેલ હકીમ હતા. દારૂલ ઉલૂમ દેવબંદમાં બુઝુર્ગોની શફકત અને તરબિયત હેઠળ તાલીમ પૂર્ણ કરી હતી. દીની ઉલૂમમાં પણ ઘણા જ કાબેલ હતા. ૨૧, શવ્વાલ ૧૪૧૫ હિ./૨૩ માર્ચ ૧૯૯૫, ગુરૂવારના દિવસે આપ રહ.નો ઈન્તેકાલ થયો.

(૨) હાજી મુસ્તુફા કામિલ રશીદી રહ. શરૂમાં એક ફેશનેબલ યુવાન તરીકે જીવતા હતા, પછી હઝરત શૈખુલ ઈસ્લામ રહ.ના હાથે બયઅત થયા, હઝરતજી મવલાના યૂસુફ સાહેબ રહ. સાથે તબ્લીગની મહેનતમાં પણ શરીક થયા. શૈખુલ ઈસ્લામ હઝરત મદની રહ.એ ખિલાફત આપી હતી. અમુક વરસો ગંગોહમાં રહયા પછી પાકિસ્તાન ચાલ્યા ગયા હતા અને ત્યાં ખાનકાહી સિલસિલો શરૂ ફરમાવ્યો હતો અને અંતે ત્યાં જ ૧૧, એપ્રિલ ૨૦૦૩ના રોજ ઈન્તેકાલ થયો.

ઉમ્મે હાની

હકીમ મસ્ઉદ અહમદ સાહેબ રહ. પછી હઝરત ગંગોહી રહ.ના ઘરે બીજી દીકરી ઉમ્મે હાનીનો જન્મ થયો હતો. અલબત્ત આ દીકરીનો ત્રણ ચાર વરસની ઉમરે ઈન્તેકાલ થઈ ગયો. અને તેઓ પણ વાલિદૈન માટે આખિરતનો ઝખીરહ બની ગયાં.

હઝરત મવલાના મહમૂદ અહમદ સાહેબ રહ.

તઝકિરતુર્રશીદમાં છે કે હિજરી સન ૧૨૮૦ ના શરૂમાં આપ રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

હજ માટે મક્કા તશરીફ લઈ ગયા, ત્યાંથી મુહર્રમ ૧૨૮૨ હિ.માં પરત આવ્યા અને એના લગભગ છ વરસ પછી રજબ, ૧૨૮૭માં આપ રહ.ના ઘરે બીજા દીકરા પેદા થયા. મહમૂદ અહમદ એમનું નામ રાખવામાં આવ્યું. અલબત્ત ભરયુવાનીમાં ૧૬ જમાદિલ અવ્વલ ૧૩૧૦ હિ.માં હઝરત ગંગોહી રહ.ની હયાતમાં જ એમનો ઈન્તેકાલ થઈ ગયો.

તઝકિરતુર્રશીદમાં છે : અલ્લાહ તઆલા મોલ્વી મહમૂદ અહમદની મગફિરત ફરમાવે, યુવાનીના આરંભે તેઓ બુરી સોહબતના કારણે થોડા બગડી ગયા હતા. પહેલવાની અને કસરત વિદ્યામાં લાગી ગયા હતા. દીની તાલીમ અને શરીઅતની પાબંદી કરતા ન હતા. હઝરત ગંગોહી રહ.એ એમની આ સ્થિતિ જોયી તો સહન કરી શકયા નહીં, ખુદા અને શરીઅતની મહોબ્બત સામે દીકરાની મહોબ્બતની શી વિસાત ? આપ રહ.એ એમને ઘરેથી કાઢી મુકયા, અને કહેવડાવ્યું કે, મહમૂદે એની શકલ લઈને મારી સામે આવવું નહીં. પછી જયારે અલ્લાહ તઆલાની તોફીક થઈ અને એમની ઈસ્લાહનો સમય આવ્યો તો આપ રહ.એ એમને બોલાવ્યા અને ફરમાવ્યું : મહમૂદ ! હજુ સુધી તારા સુધરવાનો સમય આવ્યો નથી ? અલ્લાહના બંદા ! શરીરને મજબૂત કરીને કે કસીને શું કરશો ? કબરમાં જવાના સમયને યાદ કરો. ત્યારે આ શરીર કીડા – મકોડાની ખોરાક બની જવાનું છે. સુધરો અને બુરી આદતો છોડો.

દીકરા મહમૂદ અહમદ ઉપર આ નસીહતની ઘણી અસર થઈ, બલકે એમની કાયાપલટ થઈ ગઈ. પછી તેઓ એક ચિત્તે દીની તાલીમ અને શરીઅતના એવા પાબંદ બની ગયા કે થોડાક જ સમયમાં હાફિઝ, આલિમ બનવા ઉપરાંત ઝિક્ર અને ઈબાદતના ભારે આશિક બની ગયા. ત્યાર પછી તેઓ હઝરત રહ.ના એવા પ્યારા બની ગયા હતા કે વર્ણન ન કરી શકાય. એટલે જ એમની વફાતથી આપ રહ.ને ભારે સદમો અને આઘાત લાગ્યો હતો.

તઝકિરતુર્રશીદમાં છે, આપ રહ. ફરમાવતા કે, આજે બાર વરસ પછી કહું છું કે જયારથી મહમૂદ અહમદની વફાત થઈ છે, મને હસવું

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

નથી આવ્યું. એક પત્રમાં આપ રહ.એ લખ્યું કે ૧૬ જમાદિલ ઉલાના દિવસે મારા દીકરા હાફેજ મહમૂદ અહમદ લોહીના ઝાડાની બીમારીમાં ઈન્તેકાલ કરી ગયા. આ આઘાત એટલો કારમો છે કે શું લખું ? અલ્લાહ એમની મગફિરત ફરમાવે. એક દીકરો બે મહીનાનો છોડી ગયા છે. ખુદા તઆલા એની ઉમર લાંબી કરે તો એનાથી દિલને તસલ્લી આપીશ.

આ વિગત લગ્યા પછી મવલાના આશિક ઈલાહી રહ. લખે છે કે આ મહોબ્બત મહમૂદ અહમદ સાથે ન હતી, જયારે હઝરત રહ.ને મહમૂદ અહમદની શકલ પણ ગમતી ન હતી, ત્યારે પણ મહમૂદ અહમદ તો એ જ હતા ને. આ મહોબ્બત નેક આમાલ અને ઈત્તેબાએ સુન્નતના કારણે હતી. આ વસ્તુ એમનામાં ન હતી તો એમનાથી નફરત હતી અને જયારે આ બધું એમનામાં આવી ગયું તો એમનાથી ઈશ્ક થઈ ગયો. (૨/૫૨)

બીજી એક જગ્યાએ લખ્યું છે કે મોલ્વી મહમૂદ અહમદે મારી કમર ભાંગી નાંખી. મવ. ફતહ મુહમ્મદ સાહેબ હઝરત રહ.ના ખાદિમ રહયા હતા. પછી વતન ચાલ્યા ગયા હતા. એમને મહમૂદ અહમદની વફાતની ખબર ન હતી. જયારે પણ પત્ર લખતા તો મહમૂદ અહમદને સલામ લખતા હતા. આવું બે વરસ ચાલ્યું અને આપ રહ. સબ્ર કરતા રહયા. આખરે બે વરસ પછી આપ રહ.એ એક જવાબમાં એમને જણાવ્યું કે, તમે પત્રમાં ફકત મસ્ઉદ અહમદના સલામ લખ્યા કરો. હાફેજ મહમૂદ અહમદ તો બે વરસ થયા, મને હેરાન, પરેશાન મુકીને આ દુનિયાથી ચાલ્યા ગયા છે. તમે જયારે એમના નામે સલામ લખો છો તો દિલ બેચેન થઈ જાય છે, માટે હવે પછી એમનું નામ ન લખશો. (૨–૪૫)

વફાત પહેલાં એમના નિકાહ થઈ ગયા હતા અને ઈન્તેકાલ સમયે એમના દીકરા સઈદ અહમદની ઉમર એક મહીના વીસ દિવસની હતી. અગાઉ આવ્યું એ મુજબ હઝરત રહ.ના દીકરા મહમૂદ અહમદના કારણે સઈદ અહમદ પ્રત્યે પણ મુહબ્બત હતી અને એમની સાથે લાડ – પ્યાર કરતા હતા. એકવાર સઈદ અહમદ જાંબુડાં ખાય રહયા હતા. આપ રહ.એ એમને કહયું કે ઠળિયો બહાર ફેંકજો. ગળી ન જતા. સઈદ

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

અહમદ હજુ બાળક હતા, કહેવા લાગ્યા : કેમ ? હું તો ઠળિયો પણ ખાય જઈશ. આપ રહ.એ ફરમાવ્યું : ઠળિયાથી પેટમાં ઝાડ ઉગેશે. આ સાંભળીને તે ડરી ગયા અને ઠળિયો કાઢવા બહાર દોડયા. (૨/૭૪)

હઝરત ગંગોહી રહ.ના આ પોત્રએ દારૂલ ઉલૂમમાં તાલીમ મેળવીને પછી દારૂલ ઉલૂમમાં મુદર્રિસ તરીકે સેવાઓ પણ આપી હતી. ૨૮ રબીઉલ અવ્વલ ૧૪૦૬ / ૧૯૮૫માં એમની ની વફાત થઈ.

સંદર્ભ ગ્રંથો :

તઝકિરતુર્રશીદ : હઝરત મવ. આશિક ઈલાહી સાહેબ મેરઠી રહ.
બાકીયાતે ફતાવા રશીદીયહ : હઝ. મવ. નૂરુલ હસન રાશિદ કાંધલવી દા.બ.
હયાતે રશીદ : હઝ. મવ. મુફ્તી મુહમ્મદ ફારૂક મેરઠી સાહેબ રહ.
મવલાના રશીદ અહમદ ગંગોહી : હઝ. મવ. અસીર અદરવી રહ.
આપબીતી : હઝ. અકદસ શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ.
તારીખે મશાઈખ ચિશ્ત : હઝ. અકદસ શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ.
તારીખે મઝાહિર : હઝ. અકદસ શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ.
ઝિયાઉલ કુલૂબ : હઝ. અકદસ હાજી ઈમ્દાદુલ્લાહ રહ.
ફતાવા રશીદીયહ : હઝ. અકદસ મવ. રશીદ અહમદ ગંગોહી રહ.
મકાતીબે રશીદીયહ : હઝ. અકદસ મવ. રશીદ અહમદ ગંગોહી રહ.
ઈમ્દાદુસ્સુલૂક : હઝ. અકદસ મવ. રશીદ અહમદ ગંગોહી રહ.
હિદાયતુશ્શીઅહ : હઝરત અકદસ મવ. કાસિમ નાનોત્વી રહ.
તઝકિરહ અકાબિરે ગંગોહ : હઝ. મવ.મુફ્તી ખાલિદ સૈફુલ્લાહ ગંગોહી
ઉમ્મત કે રોશન ચિરાગ : કારી મુહમ્મદ અફઝલ મુમ્તાઝ રહીમી
ફૈઝાને ગંગોહી : હઝ.મવ.મુહમ્મદ ઈદરીસ હિબ્બાન રહીમી ચરથાવલી રહ.
હયાતે નન્નું મીયાં રહ. : હઝ. મવ. સલમાન ગંગોહી દા.બ.
નુકૂશે બુઝુર્ગાં. : સંપાદન મવલાના મુફ્તી અ. કય્યુમ રાજકોટી દા.બ.
મલફૂઝાતે ફકીહુલ ઉમ્મત : ફકીહુલ ઉમ્મત હઝરત અકદસ મુફ્તી
મહમૂદ હસન ગંગોહી રહ.

———————————————————

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

સંદર્ભ ગ્રંથો :

તારીખે મશાઈખે ચિશ્ત. પ્રોફેસર ખલીક અહમદ
તારીખે મશાઈખે ચિશ્ત. હઝ. શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ.
આપબીતી. હઝ. શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ.
ખઝીનતુલ અસ્ફિયા : મુફતી ગુલામ સરવર લાહોરી
ઈક્તિબાસુલ અનવાર : શેખ મુહમ્મદ અકરમ કુદુસી/કેપ્ટન વાહિદ બખ્શ સયાલ
તારીખે દાવત વ અઝીમત. હઝ. મવ. અબુલ હસન અલી મીયાં રહ.
પાનીપત ઓર બુઝુર્ગાને પાનીપત : મવ. મુહમ્મદ મીયાં રહ.
સવાનેહ હઝરત મખ્દૂમ અલાઉદ્દીન અલી અહમદ સાબરી રહ.
અસ્સુન્નતુલ જલીય્યહ ફીલ ચિશ્તીય્યતિલ અલીય્યહ.
મશાઈખે ચિશ્તીયા સાબરિય્યહ : ડો. રઝી અહમદ કમાલ
અવલિયાએ પાક વ હિન્દ : હઝ. મવ. મુફતી વલી હસન ટોંકી રહ.
બઝમે સૂફિયા : સય્યિદ સબાહુદ્દીન અબ્દુર્રહમાન
મિરાતુલ અસરાર : શેખ અબ્દુર્રહમાન ચિશ્તી.
નફહાતુલ ઉન્સ : મવલાના જામી રહ.
તસવ્વુફ ઓર સુફિયા કી તારીખ : પ્રોફેસર મુહંમદ હિફઝુર્રહમાન.
બાઈબલ સે કુરઆન તક. હઝ. મવ. તકી ઉસ્માની રહ.
તઝકિરહ કાઝી મુહમ્મદ ષનાઉલ્લાહ પાનીપતીઃડો.મહમૂદુલ હસન સા.
અખ્બારુલ અખ્યાર : શેખ અબ્દુલ હક મુહદ્દિષ દહેલ્વી રહ.
નુઝહતુલ ખવાતિર : અલ્લામહ અ. હય્ય લખનવી રહ.
તારીખે દાવત વ અઝીમત : હઝ. મવ. અલી મીયાં નદવી રહ.
હયાતે શયખુલ આલમ : શાહ મુબીન અહમદ ફારૂકી.
અનવારુલ ઉયૂન ફી અસરારિલ મકનૂનઃ શેખ અબ્દુલ કુદુસ ગંગોહી રહ.
બઝમે સૂફિયા : સય્યદ સબાહુદ્દીન.
બહરે ઝખ્ખાર (ફારસી) : વજીહુદ્દીન અશરફ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

લતાઈફે કુદુસિય્યહ : શેખ રુકનુદ્દીન રહ.
મકતૂબાતે કુદૂસિય્યહ : હઝ. શેખ અબ્દુલ કુદૂસ ગંગોહી રહ.
સિયરુલ અકતાબ. શેખ અલ્લાહ દીયા ચિશ્તી રહ.
હકીકતે ગુલઝારે સાબિરી. : શાહ મુહંમદ હસન સાબરી
તઝકિરએ જલીલ. : હાકિમ અલી પીરઝાદહ.
અલખબાની.
ગુલઝારે અબરાર : શેખ મુહમ્મદ ગોષી શત્તારી રહ.
અઅલામ (ઝરકલી)
તઝકિરહ અકાબિરે ગંગોહ. મુફ્તી ખાલિદ સયફુલ્લાહ ગંગોહી.
ગંગોહ શરીફ. મુહંમદ નસીર અનવર ઐયુબી
મુન્તખબુત્તવારીખ ઉર્દૂ. મુલ્લા અબ્દુલ કાદિર બદાયુની.
હાલાત વ ખિદમાત મશાઈખે ચિશ્તીય્યહ સાબરિય્યહ.
તઝકિરહ અવલિયાએ બર્રે સગીર.
ઈસ્લામ કા ઈકતેસાદી નિઝામ' : મવ. હિફઝુર્રહમાન સ્યોહારવી રહ.
રૂદે કવષર. શેખ ઈકરામ
મોજે કવષર. શેખ ઈકરામ
ઈરશાદુ ત્તાલિબીન : શેખ જલાલુદ્દીન થાનેશ્વરી રહ.
મકતૂબાતે ઈમામ રબ્બાની : હઝરત મુજદ્દિદ અલ્ફે ષાની રહ.
તફસીરે નિઝામી, બર્રે સગીર કી કદીમ સૂફીયાના તફસીર,
હસનાતુલ હરમૈન, (મુકદ્દમહ) મુહમ્મદ ઈકબાલ મુજદ્દિદી
તસ્ફીયા શર્હે તસ્વીયહ.
મઆષિરુલ કિરામ, (મુકદ્દમહ)
મિરાતે ખ્યાલ.
મુકદ્દમહ મકાસિદુલ આરિફીન
અકવાલે સલફ. મવ. કમરુઝઝમાન.
ઉલમાએ હિન્દ કા શાનદાર માઝી : હઝ. મવ. મુહમ્મદ મીયાં રહ.
તઝકિરતુલ કિરામ યાની તારીખે અમરોહા કી જિલ્દે ષાની.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

રવઝતુલ કય્યૂમિય્યહ, ઉર્દૂ, જદીદ.
તારીખે અમરોહા – જિલ્દ ૧. મહમૂદ અહમદ અબ્બાસી
તારીખે સાદાતે અમરોહા. મહમૂદ અહમદ અબ્બાસી
શોઅરાએ અમરોહા : મિસ્બાહ અહમદ સિદ્દીકી
ઝિયાઉલ કુલૂબ. હઝ. અકદસ હાજી ઈમ્દાદુલ્લાહ રહ.
ઇરશાદે મુરશિદ. હઝ. અકદસ હાજી ઈમ્દાદુલ્લાહ રહ.
તઅલીમુદ્દીન. હઝ. મવ. અશરફ અલી થાનવી રહ.
અસ્સુન્નતુલ જલિય્યહ. હઝ. મવ. અશરફ અલી થાનવી રહ.
ઇસ્લામ કા નિઝામે અરાઝી. (મુફ્તી મુહમ્મદ શફીઅ સા. રહ.)
હાજી ઈમ્દાદુલ્લાહ રહ. ઓર સય્યદ અહમદ શહીદ કે રૂહાની રિશ્તે.
શમાઇમે ઈમ્દાદીયહ. મવ. અ. ગની બિહારી/મવ.મુરતઝા કન્નોજી રહ.
સીરતે સય્યિદ અહમદ શહીદ : મવ. સય્યિદ અબૂલ હસન અલી નદવી.
સય્યિદ અહમદ શહીદ રહ. બે ભાગ.
જમાઅતે મુજાહીદીન. એક ભાગ. ગુલામ રસૂલ મહર
સરગુઝિશ્તે મુજાહિદીન. એક ભાગ. ગુલામ રસૂલ મહર
અરવાહે ષલાષહ : હઝરત અકદસ મવલાના અશરફ અલી થાનવી રહ.
તઆરુફ જમાઅતે મુજાહિદીન : પ્રોફેસર ચોધરી અબ્દુલ હમીદ
અનવારુલ આરિફીન : હાફિજ મુહમ્મદ હુસૈન મુરાદાબાદી
અલાઉદ્દીન અલી અહમદ સાબિર કલ્યરી : વહીદ અહમદ મસ્ઉદ સાબરી
બીસ બડે મુસલમાન : અ. રશીદ અરશદ
સવાનેહ ઉલમાએ હિન્દ : ડો.નવાઝ દેવબંદી
મીયાંજી નૂર મુહમ્મદ સાહેબ રહ. : કારી અઝીઝુરર્હમાન
અનવારે મુહમ્મદી : શેખ મુહમ્મદ થાનવી રહ.
કારવાને ઈમાન વ અઝીમત. હઝ. મવ. અબુલ હસન અલી મીયાં રહ.
ઈમ્દાદુલ મુશ્તાક. હઝ. મવ. અશરફ અલી થાનવી રહ.
નવાદિરાતે ઈમ્દાદીયહ. પ્રોફેસર નિસાર અહમદ ફારૂકી રહ.
હયાતે ઈમ્દાદ. હઝ. મવ. અનવારુલ હસન રહ.

Copyright © http://www.muftiahmedkhanpuri.com/

ફતાવા મહમૂદીયહ. હઝ. અકદસ મુફતી મહમૂદ હસન ગંગોહી રહ.
કમાલાતે ઈમ્દાદીયહ. હઝ. મવ. અશરફ અલી થાનવી રહ.
નકશે હયાત : શૈખુલ ઈસ્લામ હઝ. મવ. હુસૈન અહમદ મદની રહ.
મીયાંજી નૂર મુહમ્મદ સાહેબ રહ. : કારી અઝીઝુરહ્મમાન
તઝકિરહ હાજી ઈમ્દાદુલલાહ(ડો. બસીર અહમદ)
હઝ. હાજી ઈમ્દાદુલ્લાહ : હાફિઝ મુહમ્મદ ઈકબાલ રંગૂની સાહેબ રહ.
સરગુઝશ્તે મુજાહિદીન (તહરીકે સય્યિદ અહમદ શહીદ).
હઝ. હાજી ઈમદાદુલ્લાહ (રહ.) અને તેમના નામાંકિત ખલીફાઓ :
મવ. અબ્દુલ્લાહ કાપોદ્રવી દા.બ.
તારીખે જંગે આઝાદીએ હિંદ :સય્યિદ ખુરશીદ મુસ્તફા રિઝવી.
તઝકિરતુર્રશીદ : હઝરત મવ. આશિક ઈલાહી સાહેબ મેરઠી રહ.
બાકીયાતે ફતાવા રશીદીયહ : હઝ. મવ. નૂરુલ હસન રાશિદ કાંધલવી દા.બ.
હયાતે રશીદ : હઝ. મવ. મુફતી મુહમ્મદ ફારૂક મેરઠી સાહેબ રહ.
મવલાના રશીદ અહમદ ગંગોહી : હઝ. મવ. અસીર અદરવી રહ.
તારીખે મઝાહિર : હઝ. અકદસ શૈખુલ હદીસ મવ. ઝકરિયા રહ.
ઝિયાઉલ કુલૂબ : હઝ. અકદસ હાજી ઈમ્દાદુલ્લાહ રહ.
ફતાવા રશીદીયહ : હઝ. અકદસ મવ. રશીદ અહમદ ગંગોહી રહ.
મકાતીબે રશીદીયહ : હઝ. અકદસ મવ. રશીદ અહમદ ગંગોહી રહ.
ઈમ્દાદુસ્સુલૂક : હઝ. અકદસ મવ. રશીદ અહમદ ગંગોહી રહ.
હિદાયતુશ્શીઅહ : હઝરત અકદસ મવ. કાસિમ નાનોત્વી રહ.
ઉમ્મત કે રોશન ચિરાગ : કારી મુહમ્મદ અફઝલ મુમ્તાઝ રહીમી
ફૈઝાને ગંગોહી : હઝ.મવ.મુહમ્મદ ઈદરીસ હિબ્બાન રહીમી ચરથાવલી રહ.
હયાતે નન્નું મીયાં રહ. : હઝ. મવ. સલમાન ગંગોહી દા.બ.
નુકૂશે બુઝુર્ગાં. : મવલાના મુફતી અ. કય્યુમ રાજકોટી દા.બ.
મલફૂઝાતે ફકીહુલ ઉમ્મત : હઝ. અકદસ મુફતી મહમૂદ હસન ગંગોહી રહ.

———————————

Copyright © http://www.muftiahmedkhanpuri.com/